॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા

ISBN-13:- 978-81-909956-5-8

ગ્રંથમાલા - ૨૯

## નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા
## સ્નેહગીતા - વચનવિધિ - સારસિદ્ધિ
## ભાગ પહેલો (૧)

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી
મહારાજની આજ્ઞાથી

-: છપાવી પ્રસિદ્ધ કર્તા :-
મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

| | | |
|---|---|---|
| સંવત્ ૨૦૬૬ | કીમત રૂા. ૬૦ | સને ૨૦૧૦ |
| વૈશાખ સુદ ૫ | પ્રત. ૫૦૦૦ | ૧૮ મે, મંગળવાર |
| | આવૃત્તિ બીજી | |

-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ મંદિર,
ભુજ - કચ્છ. પીન. ૩૭૦૦૦૧

પ્રથમ આવૃત્તિ પ્રત. ૩૦૦૦, સંવત્ ૨૦૬૨
પ્રથમ આવૃત્તિ પ્રત. ૩૦૦૦, સંવત્ ૨૦૬૨
આવૃત્તિ બીજી પ્રત. ૫૦૦૦, સંવત્ ૨૦૬૬

-: મુદ્રણ :-
શ્રીનરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

# આજ્ઞાપત્ર

સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી
તથા સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર,
ભુજ - કચ્છ.

આપના પત્ર તા. ૦૫,૦૯,૨૦૦૬ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી ''(નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા) સ્નેહગીતા - વચનવિધિ - સારસિદ્ધિ ભાગ - ૩ જો'' પુસ્તક સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આપને શુભાશીર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.

આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભક્તિ સંવર્ધનનું અમૂલ્ય સાધન બની રહે તેવી શ્રીનરનારાયણદેવના શ્રીચરણોમાં પ્રાર્થના સહ.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી
શ્રીસ્વામિનારાયણ મંદિર
કાળુપુર, અમદાવાદ - ૧.

# -: નિવેદન :-

નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનના પાંચસો પરમહંસમાં વૈરાગ્યમૂર્તિ રૂપ અક્ષરધામના મુક્ત હતા. જેનો પુરાવો સ્વામીનું જીવન અને કવન છે, જેનાં પત્ની કહ્યાગરાં, આજ્ઞાંક્તિ અને રૂપાળાં હોય, જેને બે દીકરા ત્યાં રમતા હોય, કામ ધંધો જોરદાર ચાલતો હોય, સમાજમાં અને ગામમાં જેની પ્રતિષ્ઠા અને આબરૂ બહુ સારી હોય, પોતે ભર યુવાનીમાં હોય, અને સ્વામિનારાયણ ભગવાન ઓચિંતા એટલું જ કહે કે તમારા જેવા એક માણસની અમને જરૂર છે. એટલામાં જ સર્વસંસાર, કીર્તિ, સંપત્તિ છોડી સાધુ થઈ જાય, એ અક્ષરધામના મુક્ત હોય તો જ બને, લૌકિક જીવનું એમાં કામ નહિ.

સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સ્વામીની જીભે સરસ્વતીજીનો વાસ હતો, તેથી એ બહુ ભણેલા નહોતા છતાં પણ એમણે જે શાસ્ત્રો રચ્યાં છે તે અગાધ અને અજબ ગજબની રચનાથી રચ્યાં છે. કોઈ ભક્તજન હૃદય પૂર્વક વાંચે તો હૈયાં પુલકિત થઈ જાય.

નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં સ્નેહગીતા - વચનવિધિ - સારસિદ્ધિનું સ્વરૂપ વર્ણવ્યું છે. એવો એક મહાન અને અદ્‌ભુત આ ગ્રંથ છે. જેનું નામ છે ‘‘અમૃતધારા ભાગ–૧’’

# -: પ્રસ્તાવના :-

શ્રી સ્વામિનારાયણ ભગવાનાના સમકાલીન વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ નાના મોટા મળીને ૨૩ જેટલા ગ્રંથોની રચના કરેલી છે.

સત્સંગ છે તે જીવાત્માના મોક્ષને માટે ચાલવાનો એક સરળ માર્ગ છે. આપણે ભાગ્યશાળી છીએ, વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ અનેક ગ્રંથો બનાવ્યા છે, સ્વામીને આપણે યાદ કરવા જોઈએ.

ગુર્જર સુથાર જ્ઞાતિ, શેખપાટ ગામમાં એમનો જન્મ થયેલો. નામ હતું લાલજી સુથાર. જમાઈ આધોઈ ગામના હતા. આધોઈ કચ્છ દેશમાં આવેલું છે. ૪૨ વરસે એમણે દીક્ષા લીધેલી હતી, બે બાળકના બાપ હતા, કહ્યાગરાં મજાનાં પત્ની હતાં, કુટુંબ પરિવાર તજીને ૪૨ વર્ષ પછી સાધુ થયા.

ઘણાં એમ કહે છે કે મોટી ઉંમર થયા પછી સાધુ ન થવાય પણ જેની આપણે કથા કરીએ છીએ, તે મોટી ઉંમરે સાધુ થયેલા હતા. સુથારનું કામ શું હોય ?.. લાકડું આડું અવળું હોય એ છોલીને સરખું કરીને સુંદર ઘાટ ઘડે.

સંસારમાં હતા ત્યારે લાકડાંને સીધાં કર્યા અને સાધુ થયા પછી માણસોને સીધા કરવાનું કામ કર્યું છે. લાકડું છટકી જાય તો ઘાટ થાય નહિ. તેમ જો માણસ છટકી જાય સત્સંગમાંથી તો જોઈએ તેવો તેના જીવનમાં ઘાટ આવતો નથી.

નિષ્કુળાનંદ સ્વામી તો પાકા ઘડવૈયા છે, સોનાની લગડી હોય તેને સોની ઘાટ ઘડવા માટે તપાવીને હથોડીથી ઘાટ ઘડે, તો તે હાર બનીને ભગવાનના કંઠમાં શોભે, ઘાટ ઘડયા વિના લગડી કંઠમાં શોભે નહિ.

સ્વામિનારાયણ ભગવાનના વચનને લાલજી ભકતે તરત સ્વીકારી લીધાં. આ સંપ્રદાયને આ હીરો એવો પ્રાપ્ત થયો છે કે સત્સંગમાં સદાય પ્રકાશ કરતો રહેશે, એ મણિથી આપણે ભાગ્યશાળી બની ગયા છીએ, એના રચેલા શાસ્ત્રોની કથા આપણને વાંચવા અને સાંભળવા મળે છે.

નિષ્કુળાનંદ સ્વામીએ નિર્ભય પણે સચોટ કથા સમજાવી છે, તેવી બીજા કોઈ સંતોએ લગભગ કરેલી નહિ હોય. શ્રીજી મહારાજે સ્વમીને કહ્યું, તમે ગ્રંથની રચના કરો ! ત્યારે સ્વામીએ કહ્યું, હું ભણ્યો નથી, કાળા અક્ષરને કુહાડે મારું છું, તો ગ્રંથ રચનાની વાત કરો છો ! તો તે કેમ બનશે ?

શ્રીજી મહારાજે કહ્યું, ''સ્વામી તમે ચિંતા ન કરો! હું સરસ્વતી દેવીને આજ્ઞા કરીશ તે તમારી જીભ ઉપર આવીને બેસી જશે, તમે બોલશો તે કાવ્ય થશે, અને લખશો એ પંકિત બનશે,...... જાવ આશીર્વાદ આપીએ છીએ.'' ભગવાન અને સંતના આશીર્વાદ મળે પછી શું બાકી રહે ! ન ભણેલા હોય તો પણ વિદ્વાનને પણ વિચાર કરતા કરી દે.

નિષ્કુળાનંદ સ્વામી એવા મહાન કવિ છે કે એક વિષય ઉપર આખું શાસ્ત્ર રચી દીધેલ છે. ભગવાનમાં સ્નેહ કરવો, ભગવાનની આજ્ઞાનું પાલન કરવું, ભગવાનનાં વચનમાં વર્તવું. એક શબ્દ ઉપર આખું શાસ્ત્ર બનાવ્યું. સર્વ શાસ્ત્રનો સાર શું છે. આવા તો ૨૩ શાસ્ત્રોની રચના કરેલ છે, હજુ સુધી કોઈ સંત થયા નથી કે એક શબ્દ ઉપર શાસ્ત્ર બનાવી શકે.

નિષ્કુળાનંદ સ્વામીએ જે બુધ્ધિથી શાસ્ત્ર લખ્યાં છે, તેનો કોઈ માપ કાઢી શકે તેમ નથી પણ પ્રાર્થના કરીએ કે તમે અમારી સાથે રહેજો અને લખેલી ભાષામાં અમારી બુધ્ધિ પહોંચી શકે તેમ નથી, તમારી પાસે પ્રાર્થના કરીએ કે તમારી લખેલી વાણીને અમો  સ્વીકારીએ છીએ અને તે પ્રમાણે વર્તી શકીએ એવી સદ્બુધ્ધિ દેજો, વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીની સમજણ કયાં ! અને અમારા જેવા અલ્પ જીવાત્માની સમજણ કયાં !

**લેખકના જય શ્રીસ્વામિનારાયણ**

॥ શ્રીસ્વામિનારાયણો વિજ્યતેતરામ્ ॥

# સ્નેહગીતા અમૃતધારા

નિષ્કુળાનંદ સ્વામીએ ભવિષ્યનો વિચાર કરીને શાસ્ત્રનો વારસો આ સત્સંગ સમાજને આપ્યો છે, શાસ્ત્રોની સુવાસ કાયમ માટે લોકોમાં મહેકતી રહે એટલા માટે અનેક શાસ્ત્રો બનાવ્યા છે.

સંસારીઓને સંસાર ઉજ્જડ નહિ, પણ ઉજ્જવળ રહે તેના માટે અલિપ્ત રહેવાનો ઉપદેશ સ્વામીએ સરસ આપેલ છે, શ્રીજી મહારાજનો જીવન મંત્ર છે કે કોઈને કયારેય પણ દુભાવવો નહિ, ભગવાનનાં ગમતાંમાં રહેવું તે પહેલું પગથિયું છે. સંસ્કારી જીવન બનાવવું તે બીજું પગથિયું છે. વિવેકી બનો, વર્તનશીલ બનો એ આ સનાતન ધર્મનો પાયો છે.

શ્રીજી મહારાજ સાથે અનેક કવિઓ તેમજ સંગીતકારો, ચિત્રકારો, લેખક, બ્રહ્માનંદ સ્વામી જેવા સંસ્કૃતના વિદ્વાનો, ગોપાળાનંદ સ્વામી જેવા મહાન યોગીઓ, મુકતાનંદ સ્વામી જેવા વ્યાખ્યાકારો અને પ્રાગજીદવે જેવા પુરાણી, શુકાનંદ સ્વામી જેવા મત્રીઓ તેમજ હજુરમાં રહેનાર નૈષ્ઠિક બ્રહ્મચારી મુકુન્દાનંદજી સાથે પાર્ષદવૃંદ હથિયારી સેવકો વગેરે સાથે છે.

## શ્રીજી મહારાજે મોટી ધર્મ સેના ઊભી કરી

પરમેશ્વરના અવતારો પવિત્ર ભરતખંડમાં લાખો મનુષ્યના કલ્યાણ અર્થે થાય છે, શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આ પૃથ્વી ઉપર હજારો સંતો ભકતો સાથે પધારવું તે દૈવી જીવોના ચાર પ્રકારના પુરુષાર્થની સિધ્ધિને કારણે ભગવાનનું ભજન કરવાનું

બળ મળે, તેના અર્થે પવિત્ર ગ્રંથ સ્નેહગીતા નિષ્કુળાનંદ સ્વામીએ બનાવ્યો છે.

ભગવાનમાં પ્રેમ કેવો હોવો જોઈએ તેની નવલી ભાત સ્નેહગીતામાં નિષ્કુળાનંદ સ્વામીએ લખેલી છે.

## સ્નેહ ગીતા અદ્‌ભુત શાસ્ત્ર છે

ભગવાનમાં ગાઢ પ્રેમ થાય એ આ સ્નેહ ગીતાનું મૂળ છે. સમગ્ર વિશ્વમાં માનવતાને માટે વૈશ્વિક ગ્રંથ છે, સ્નેહગીતા પરબ છે, પરબ પર તો કોઈપણ વ્યકિત, કોઈ પણ સંપ્રદાયનો માણસો આવી શકે છે. પરંતુ ખરેખર સાચી પ્યાસ હોવી જોઈએ, તરસ્યા બનીને કથા સાંભળીએ તો જ પ્યાસ સાચી કહેવાય. સાચી પ્યાસ હોવી જરૂરી છે. જેને તરસ જ નથી, એવા જયારે પરબ પાસે આવશે તો પરબની અને પાણીની આલોચના કરશે.

પાણી ગરમ છે, ને ખારું છે ને મોળું છે, ચોખ્ખું નથી, વિગેરે વિગેરે ખામી કાઢશે, પણ જે ખરેખર તરસ્યા થયા હોય તો તરત પાણી પીને રાજી થાશે.

એક પ્લેટફોર્મ પર એક છોકરો પાણી વહેંચ તો હતો. એક શેઠ ટ્રેનની બારી પાસે બેઠા હતા. ટ્રેન ઊભી રહી, શેઠે છોકરાને બોલાવ્યો "એક ગ્લાસના કેટલા પૈસા ?" છોકરાએ કહ્યું "પચ્ચીસ પૈસાનો એક ગ્લાસ છે." શેઠે કહ્યું "પંદર પૈસામાં આપવો છે ? છોકરાએ કાંઈ જવાબ આપ્યો નહિ. હસતો હસતો ચાલતો થઈ ગયો !

છોકરાએ વિચાર્યું એમને તરસ લાગી હોત તો એ પાણીના ગ્લાસની કીંમત ન પૂછત, અને પૂછયા પછી પચ્ચીસ પૈસામાં નહિ પંદર પૈસામાં આપવો છે. આમ બોલત નહીં, એમને સાચી તરસ લાગી હોતતો એકદમ કહી દેત કે, લાવ ભાઈ લાવ ખૂબ તરસ લાગી છે. તરત ગ્લાસ લઈ લેત પણ એને ખરેખરી પાણીની તરસ નથી.

પહેલી સરત એ છે કે, આ સત્સંગ છે, તે પરબ છે. સાચી તરસ લાગે તો ગમે તેમ કરીને એ ભકત સત્સંગમાં લાભ લેવા, કથા સાંભળવા, કીર્તન ભજન ગાવા, દેવ દર્શન કરવા દોડતા પહોંચી આવશે. ગોપીઓને સખત પ્રભુ મિલનની પ્યાસ હતી તો તેઓ દોડતા પ્રભુને મળવા પહોંચી ગયાં, વચ્ચે કયાંય રોકાયા સિવાય. પ્રભુ મિલનની તરસ લાગવી જોઈએ.

પ્રેમભાવથી ભગવાનનું ગીત ગાવું તેનું નામ સ્નેહ ગીતા, સ્નેહ ગીતા, માત્ર ચોપડી નથી, પણ મારા અને તમારા જીવનની ઘટનાઓ છે, જીવન જીવવાની

પાઠશાળા છે, ભગવાનમાં પ્રેમ વધારનારી છે.

આઠે પહોર પરબ્રહ્મમાં લીન રહેનારા પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી સ્નેહ ગીતાની શરૂઆતમાં મંગલાચરણ કરે છે. ભગવાનને યાદ કરવાથી આપણું મંગળ થાય છે વરસોની સાધના પછી જે સ્વામીને અનુભવ થયો તેનો નીચોડ આ સ્નેહ ગીતા છે.

ભાગવતના દશમ સ્કંધની કથા સ્વામીએ પોતાની આગવી શૈલીમાં પોતાના હૃદયના પ્રેમને ગોપીઓને નિમિત્ત બનાવી આ કથા રજૂ કરેલ છે.

**મંગલ મૂર્તિ છે શ્રી મહારાજજી, વ્રજજન વલ્લભ શ્રી વ્રજરાજજી;**
**મહેર મુજ ઉપર કરો એવી આજજી,**
**અંતર ઈચ્છે છે ગાવા ગુણ કાજજી.**

પરમ કૃપાળુ ધર્મનંદન શ્રી સ્વામિનારાયણ ભગવાનના અતિ અનુગ્રહથી સ્નેહ ગીતાનો મંગળ પ્રારંભ થાય છે, શુભ સંકલ્પ જાગ્રત થાય છે. એ પણ ઈષ્ટદેવનો જ અનુગ્રહ છે, ભગવાનના માર્ગમાં પગ મૂકવો એ પણ હરિકૃપા વગર સંભવતું નથી.

જન્મજન્માંતરના પૂન્ય ભેગાં થાય ત્યારે આવા શાસ્ત્રો વાંચવાનો અને સાંભળવાનો લ્હાવો મળે છે. એમાં પણ આ તો સર્વોપરી સ્વામિનારાયણના પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ વૈરાગ્ય મૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીના મુખેથી ગવાયેલી સ્નેહ ગીતા છે. આ ગ્રંથ વ્યકિતને શાંતિ અને સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે કથાના પ્રારંભમાં શાસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે. શા માટે પૂજન કરીએ છીએ ? ભગવાનના ગુણ ચરિત્રથી ભરપુર છે તેથી.

સ્નેહ ગીતાની બે પાંખો છે, શ્રધ્ધા અને ભાવના એ બે પાંખો છે. પક્ષીને પાંખો હોય તો જ તે ઉડી શકે, શ્રધ્ધાથી બુધ્ધિમાં સાચું જ્ઞાન પ્રગટ થાય છે, શ્રધ્ધાથી મન શુધ્ધ થઈ સર્વે પાપનો નાશ કરે છે.

સાક્ષાત્ પરમાત્માની પ્રાપ્તિ પણ શ્રધ્ધા વડે જ થાય છે, ભગવાનને પામવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે છે. ઈષ્ટદેવ પ્રત્યે પ્રીતિ, વિશ્વાસ અને શ્રધ્ધા. જે વ્યકિત સાથે આપણને પ્રેમ ભાવ હોય, તો તેનું નામ સાંભળી આપણે તરત તેની પાસે જઈએ છીએ.

પોતાના ઈષ્ટદેવમાં કેવી પ્રીતિ કરવી જોઈએ એ શીખવાનો આ ગ્રંથ છે. સ્વામી કહે છે. હે પ્રભુ મને તમારા ગુણ ગાવાની ઈચ્છા છે. ભગવત કૃપા થયા વિના ભગવાનના ગુણ ગવાતા નથી.

**ગુણ ગાવા ગોવિંદ તમારા, ઈચ્છા તે મુને અતિ ઘણી;**
**ચવું ચરિત્ર સ્નેહ ગીતા, જેવી મતિ ગતિ છે મુજ તણી.**

જેણે ભગવાનને રાજી કરવા હોય, એને સવારે વહેલા ઉઠી જવું જોઈએ, વહેલા ઉઠવાથી ઘણા ફાયદા થાય છે, નીરાંતે માનસી પૂજા થાય, નીરાંતે ગુરુ મંત્રની માળા ફેરવાય, નીરાંતે શાંતિથી પ્રદક્ષિણા ને દંડવત્ થાય, મંગળા આરતીનાં દર્શન થાય, શાંતિથી પૂજા-પાઠ અને કથા સંભળાય.

માણસને બહાર ગામ જવું હોય અને એસ.ટી. સવારનાં પાંચ વાગે આવતી હોય તો જલદી જલદી તૈયાર થઈને પોણા પાંચ વાગે પહોંચી જાય, બહાર જવું છે, તેથી તાણ રાખીને વહેલા ઊઠીને, તૈયાર થવું જોઈએ. તો જેને અક્ષરધામમાં જવું છે, તેને વહેલા ઊઠીને, તાણ રાખીને નાહી ધોઈને દરરોજ પૂજા, પાઠ, માળા મંત્ર, શાંતિથી નીરાંતે કરવા જોઈએ.

**સ્નેહ કથા હવે સુણો સહુ બહુ પ્રકારે મેં પેખિયું;**
**જપ, તપ, તીરથ, જોગ યજ્ઞ, સ્નેહ સમાન નવ દેખીયું.**

જપ કરે, તપ કરે, તીરથ કરવા જાય, જગન કરે પણ જો ભગવાનમાં પ્રેમ ભાવ નથી, તો તે સર્વે સાધન વૃથા છે. શાકમાં ઘણો મસાલો હોય, પણ મીઠું (નીમક) ભૂલી ગયા હોઈએ, તો શાક ફિક્કું લાગે છે, તેમ પ્રભુ પ્રેમ વિનાની ભકિત અને ડહાપણ પણ ફિક્કું છે.

સ્ત્રીમાં રૂપ હોય, ઘણા ઘરેણાં પહેર્યાં હોય, ભભકદાર દેખાતી હોય તે જો નાક વિનાની હોય તો તે બિલકુલ શોભતી નથી.

## અખંડ હરિને હૈયામાં રાખવા

નિષ્કુળાનંદ સ્વામી દાખલો આપે છે, કોઈ દાન દે, કોઈ નવધા ભકિત કરે, પૂજા, પાઠ, સત્સંગ સમૈયા બધું જ કરે, પણ ભગવાનને વિશે ગાઢ પ્રીતિ ન હોય તો તેનો કોઈ અર્થ રહેતો નથી.

ભોજન સરસ બનાવ્યું હોય, પણ અંદર ઘી ન હોય, સાવ કોરું હોય, શીરો બનાવો પણ ઘી ન નાખો તો કેવો થાય ? સારો ન લાગે. ખાણ જેવા લાગે, તેમ પ્રભુ પ્રેમ વિનાનો સત્સંગ લૂખો ને સૂકો છે.

જેમ જીવ વિનાનો દેહ નકામો છે. તેમ પ્રભુ પ્રેમ વિના બધું નકામું છે. ખરાબ જમીનમાં વરસેલો વરસાદ જેમ ફોગટ જાય છે અને વરસાદ વિના ગમે તેવી સારી જમીનમાં પણ કાંઈ થઈ શકે નહિ, તેમ પ્રભુ પ્રેમ વિના ભકિત રૂપી ફળ થતું નથી, બળ આવતું નથી, માટે દિન પ્રીતિ દિન પ્રભુમાં પ્રેમ વધે તેમ કરવું.

**નીર વિના જેમ સુકું સરોવર, સુગંધ વિનાના ફુલ;**
**તેમ સ્નેહ વિના સુનું હ્રદય, શું થયું ચવે છે ચંડુલ.**

મોટું સરોવર હોય, અંદર પાણી ન હોય તો તેનાથી કોઈને ફાયદો થતો નથી. ફુલ સરસ હોય, તાજાું હોય પણ જો અંદર સુગંધ ન હોય તો શું કામના ! ખાલી દેખાવ પુરતાં, પ્લાસ્ટીકનાં હોય. તેમ સૂનું હ્રદય જેમનું હોય, કથા, કીર્તન સાંભળતાં આનંદ ન આવે, પ્રભુ ભકિત કરતાં હ્રદય ગદ્‌ગદિત ન થાય, અંતરમાંથી ઉત્સાહ ન જાગે, મહિમા સહિત ભકિત ન હોય તો તે ભકિત સુગંધ વિનાના ફુલ જેવી છે. ખાલી ખમ સરોવર જેવી કહેવાય. પ્રેમ વિનાની ભકિત લૂખી છે. લૂખી ભકિતથી કાંઈ ન વળે, માટે ભાવભીની ભકિત કરો.

શ્યામ તમે સાચું નાણું ગોખેલુ બોલી જઈએ, તો કદાચ એ કીર્તન ભકિત મંદિર સુધી પહોંચશે, પણ પરમાત્મા સુધી નહિ પહોંચે. પરમાત્મા સુધી ભકિત પહોંચાડવી હોય તો ભકિતથી સાથે હૈયું જોડાવું જોઈએ. ભકિતમાં ભાવ નહિ હોય તો વિદ્વાન હશે તો પણ અધોગતિને પામશે. આવું શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં બોલ્યા છે.

હૈયામાં ભગવાન તરફ ખેંચાણ નહિ હોય તો એ લૂખી ભકિતમાં મજા નહિ આવે, સારા ગુણ હશે, ઘણા ભણેલા હશો, અઢાર પુરાણ કંઠસ્થ હશે, બ્રહ્મચર્ય પાળતા હશો, પણ પ્રભુમાં પ્રેમ નહિ હોય, તો તેનું ફળ શું ? કાંઈ જ નહિ ! તમારી વાડીમાં ઘણા બધા આંબા હોય પણ તેમાં ફળ ન આવે તો ! આંબા શું કામના ? પાંદડા અને ડાળખીને બચકા ભરવાથી રસ ન મળે ! ફળ થાય તો જ કામના.

સવારના સમયમાં ધ્યાન કરતા. મળા ફેરવતાં, પૂજા કરતાં, ભગવાનના જ

સંકલ્પ થાય તો એ ઉત્તમ પૂજા કહેવાય અને જો વ્યવહારના સંકલ્પો થાય, જગતના સંકલ્પ થાય, પુત્ર પરિવારના સંકલ્પ થાય તો તે પૂજા ઉત્તમ નહિ ગણાય, કનિષ્ટ ગણાશે.

સવારનો સમય ભગવાનનું ધ્યાન પૂજન, માળા, પ્રાર્થના વિગેરે સત્કર્મમાં પસાર કરવો, સવાર સાંજ ૪ કલાક આપણે ભગવાનને યાદ કરીએ તો ભગવાન ૨૪ કલાક આપણને યાદ કરશે, અને રક્ષા પણ કરશે.

**સ્નેહ વિના લુખું લાગે કથતાં તો કોરું જો જ્ઞાન;**
**હેત વિનાનું હૃદય એવું, જેવી વર વીનાની જાન.**

## વરરાજા ભુલાય નહિ, ખ્યાલ રાખજો

એક ગામમાં પટેલના દીકરાનાં લગ્ન હતા, જાન તૈયાર થઈ ગઈ. ૩૦ ગાઉ છેટે પરણવા જવાનું હતું. સગાં સંબધી તૈયાર થઈ ગયા. હમણાનાં જેવા વાહન નહિ, પણ તે વખતે ગાડામાં બેસીને જવાનું, પંદર ગાડામાં જાનૈયા ને જાનડીયું બેઠા, એક શણગારેલા ગાડામાં વરરાજા બેઠા, બધા ગાડાં એક પછી એક ચાલવા માંડયા, જલદી પહોંચવાની બધાને તાણ છે, જલદી પહોંચી જઈએ તો બળદને ઘી પીવડાવીએ અને આપણે બધા મેવા મીષ્ટાન્ન જમીએ.

જૂનાં જમાનામાં બળદને ઘી પીવડાવવામાં આવતું. ગાડાં એક પછી એક દોડતાં જાય છે, તેમાં એવું બન્યું કે વરરાજાનાં ગાડાંના બળદો દેખાવમાં તો બરાબર હતા, રૂષ્ટ પુષ્ટ તંદુરસ્ત હતા, પણ ચાલવામાં ધીમા હતા.

ગાડું ધીરે ધીરે ચાલે છે, તેથી જાનૈયા બધા આગળ નીકળી ગયા, કોઈને ખ્યાલ ન રહ્યો, વરરાજા પાછળ છે. વરરાજાના ગાડાનાં બળદો થાકી ગયાં ગાડું ચલાવનારે કહ્યું, બળદ થાકી ગયા છે. હવે આપણે શું કરશું ? બધા આપણને મૂકીને આગળ જતા રહ્યા છે, લગ્નનું મુહૂર્ત પણ વીતી ગયું છે, આ રીતે ધીરે ધીરે ચાલતાં બે દિવસ લાગશે, ભૂખે ને તરસે કેટલો સમય કાઢવો.

માટે તમે કહેતા હો તો ગાડું પાછું વાળી લઈએ, ને ઘર ભેગા થઈએ તો જમવાની ત્રેવડ થાય. બાકી અધવચ્ચે કાંઈ જમવાનું નહીં મળે. બળદ નહિ ચાલી શકે ! વરરાજાનું ગાડું પાછું ઘરે આવ્યું. આ બાજુ શું થયું, જાનૈયા ઝપાટા બંધ સામે ગામ પહોંચી ગયા. ત્યાં કન્યાના પિતાને કહ્યું, “લાવો જલદી કરો, અમે બધા

ભૂખ્યા છીએ, પાણીની અને જમવાની જલદી તૈયારી કરો.''

કન્યાના પિતાએ કહ્યું, બધું બરાબર પણ વરરાજા કયાં ? બધા એક બીજા સામે મંડયા જોવા, કોઈને ખબર નથી, વરરાજા કયાં ગયા, આજુ બાજુ જોયું, રસ્તાપર ઝાડ ઉપર ચડીને જોયું, કયાંય વરરાજાનું ગાડું દેખાતું નથી. કન્યાના પિતાએ કહ્યું, ''વરરાજા હોય તો જ તમારું સન્માન થાય અને ભોજનની વ્યવસ્થા થાય, પણ જે મૂળ પાયો છે, તે તો છે જ નહિ ! માટે જાવ પાછા ! વરરાજાને લઈને આવજો, ત્યારે જ તમારું કામ થશે.

બધા ભૂખ્યા તરસ્યા પાછા આવ્યા. ઘર ભેગા થયા. ત્યારે ખાવા ભેગા થયા. જાનૈયા વરરાજાને મૂકીને ગયા તો ૩૦ ગાઉનો ફેરો નકામો ફરવો પડયો કામ ન થયું ને દુઃખી થયા. તેમ ધ્યાન રાખજો સમજવા જેવી કથા છે. જીવ પ્રાણી માત્રના ધણી ભગવાન છે. ભગવાન જીવ પ્રાણી માત્રના વરરાજા છે. ભગવાનને મૂકીને ગમે તેટલી દોડધામ કરશો, પૈસા કમાશો, ફેલ ફીતુર કરશો, અભિમાન કરશો એ બધું નકામું છે. ભગવાન રૂપી વરરાજાને ભૂલી જશો તો ચોર્યાસી લાખ જાતના ફેરા પડશે. માટે વરરાજને સાથે રાખજો, તમામ ક્રિયામાં ભગવાનને ભેગા રાખશું તો કાંઈ વાંધો નહિ આવે.

## સુખની ચાવી શ્રીજી મહારાજ બતાવે છે

શ્રીજી મહારાજ કહે છે, નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજયને વિષે પણ નથી.

**પ્રિતે ચિત ચરણે સોંપી અને સ્નેહ સાચો જે કરે;**
**નિષ્કુળાનંદના નાથ સાથે, સ્નેહી ને સદા સંગે ફરે.**

પ્રભુ પ્રેમ વગરનું જીવન નિર્થક છે, તમારી પાસે કાંઈ પણ ન હોય પણ પ્રભુ પ્રેમમાં અંતર ભરેલું હોય તો પછી બીજા કોઈ પણ ચીજની આપણે પરવા રહેતી નથી. બીજાું ઘણું હોય પણ પ્રભુ પ્રેમ અંતરમાં ન હોય તો તેના આત્માને કદી પણ શાંતિ હોતી નથી. પ્રભુ પ્રેમ વગરના માણસને કર્મયોગ અધિકાર, ધન, રૂપ, માન વિગેરે મળી જાય પણ તેથી શું ? પ્રભુ પ્રેમ વિના એ બધું ઊલટું બંધનકારક થઈ પડે છે.

રાત દિવસ માયાની જ વાતો કરશો તો હૃદયમાં માયા ભરાશે, તમે જાુઓ

આ જગતની અંદર નજર આગળ દેખાય છે, શેઠીયાના કારખાનાની તિજોરીની ચાવી તેના પગારદાર માણસ પાસે હોય છે, તેથી તે તિજોરીનો માલિક થઈ શકતો નથી, તેમ તમારી પાસે ખૂબ સંપત્તિ કે સંતતિ હશે તો પણ પ્રભુ પ્રેમ વિના કાંઈ તમને કામ લાગવાનું નથી.

પ્રભુ પ્રેમ વિના કોઈ આપણા આત્માનો ઉધ્ધાર થઈ શકતો નથી, માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે, “જેમ બને તેમ તમે ભગવદ્ સ્વરૂપનો પ્રેમ હૃદયમાં ભરાય તેમ કરવું, પણ માયાનો મેલ ભરાય તેમ ન કરવું, એજ આ કથાનો ભાવાર્થ છે. ભગવાનના ગુણ ગાવાથી હૃદયમાંથી વિકાર નીસરી જાય છે,

**કૃષ્ણ કૃષ્ણ કહેતાં મુખે વપુ વિકારને વિસરે.**

આ પ્રેમની પરાકાષ્ટા છે, ભગવાનનાં ગુણ ગાતાં ગાતાં રોમાવલી ખડી થઈ જાય ને નયણે નીર વરસવા લાગી જાય તે સાચી ભકિત છે.

માયામાં બહુ જ રચ્યા પચ્યા રહેશો, અને રાત દિવસ માયાની જ વાતો કરશો. તો મેલ ભરાશે અને માયા પતિ પુરુષોતમ નારાયણમાં રચ્યા પચ્યા રહેશો તો રાત દિવસ પુરુષોતમ નારાયણની ભકિતમાં લાગ્યા રહેશો, તો પ્રભુ પ્રેમથી હૃદય ભરાશે.

**સ્નેહની મૂર્તિ સુંદર શ્યામજી,**
**પ્રેમ કરી પ્રગટયા ગોકુળ ગામજી**

કૃષ્ણ અવતાર અદ્‌ભુત અવતાર છે, ભાગ્યશાળી છે ભરતખંડના ભકતો, દર વરસે રામનવમી આવે અને કૃષ્ણ જન્માષ્ટમી પણ આવે, શુકલ પક્ષમાં રામનવમી અને કૃષ્ણ પક્ષમાં જન્માષ્ટમી.

કથા કહેનારા તો તેથી પણ વિશેષ બળભાગી છે, બીજાને તો એક વરસે રામનવમી ને જન્માષ્ટમી આવે, કથા કહેનારાને દર મહિને જન્મોત્સવ આવે છે. ગાતા રહો આનંદથી પ્રભુના ગુણ, ક્રાંતિકાર છે બે તિથિઓ.

**રામનવમી અને જનમાષ્ટમી ક્રાંતિકારી તિથિઓ છે**

દેવકરાજાની દીકરી દેવકીજીનાં લગ્ન વસુદેવજી સાથે થયાં. દેવકીજીને તેનો ભાઈ કંસ સાસરે વળાવવા જાય છે, શંખ દુંદૂભી, નોબત, ઢોલ અને શરણાઈ આદિક

વાજીંત્રો વાગે છે, વસુદેવજી અને દેવકીજી રથમાં બેઠા છે. બહેનના સ્નેહને વશ થઈને કંસ, બહેન બનેવીનો રથ હાંકે છે, તે વખતે આકાશવાણીએ કહ્યું ! હે અબૂધ કંસ, જેને તું રથમાં બેસાડીને લઈ જાય છે તેનો જ આઠમો ગર્ભ તારો કાળ છે.

આવું સાંભળી અસૂર કંસના રગેરગમાં ક્રોધ વ્યાપી ગયો. દેવકીનો ચોટલો પકડીને રથથી નીચે ફેંકી દઈને તલવાર ઉગામી. હમણાં જ મારી નાખું ત્યારે વસુદેવજીએ બે હાથ જોડી કહ્યું, ‘‘હે કંસ, તારી બહેનથી તારું મોત નથી ને ! તેના બાળક થી મોત છે. તો હું તને વચન આપું છું કે અમારે ત્યાં જેટલા બાળકોનો જન્મ થશે, તે બધા બાળકો હું તને આપીશ. અત્યારે તું તારી બહેનને છોડી દે.

વસુદેવ અને દેવકીને ત્યાં સમય જતાં છ બાળકો થયાં તેને કંસે મારી નાખ્યાં સાતમાં ગર્ભની અદલા બદલી યોગમાયાના પ્રભાવથી કરી રોહીણીને ત્યાં બળરામ તરીકે પુત્રનો જન્મ થયો.

વખત જતાં દેવકીજીને કારાગ્રહમાં પૂરી દીધા, જેલમાં પણ બન્ને ભગવાનની ભકિત કરે છે, પરમાત્માએ બ્રહ્મતેજ દેવકીજીમાં મૂકયું છે. ભગવાન ઉદરમાં પધાર્યા, સમસ્ત લોકની અંદર સુખ સંપત્તી વધવા લાગી તમામ દેવતાઓ પ્રભુની દિવ્ય પ્રાર્થના કરે છે, મૈયા દેવકીજીનુ ડાબું અંગ ફરકે છે. તેથી ખ્યાલ આવી ગયો કે સમય પુરો થાય છે, સમસ્ત જગતના માલિક કારાગૃહમા પ્રવેશ કર્યો, પ્રકાશનાં પુંજ છવાયા, શ્રાવણ વદ અષ્ટમીની મધરાત્રે ભગવાન ચતૂર્ભૂજ સ્વરૂપે પ્રગટ થયા, ‘‘મૈયા દેવકીજી અને વસુદેવજીએ બે હાથ જોડી પ્રાર્થના કરી ‘‘હે પ્રભુ, હે અનંત, અમને તમારા દર્શનથી ખૂબ આનંદ થયો છે’’ પછી પ્રભુ બાળક બની ગયા, પરબ્રહ્મ પરમાત્મા બાળક રૂપે મૈયાની ગોદમાં પ્રગટ થયા.

## બોલો કૃષ્ણ કનૈયાલાલકી જય

ભગવાને કહ્યું, મને અત્યારે ગોકુળમાં નંદરાયને ઘેર લઈ જાઓ, ત્યાં દીકરી છે તે લઈ આવો. પ્રભુનો જન્મ મથુરાની જેલમાં થયો છે પણ ઉત્સવ ગોકુળમાં થશે.

વસુદેવને વિચાર થાય છે, અત્યારે મધરાત્રી છે, ઝરમર ઝરમર વરસાદ વરસે છે, ચારે બાજુ ચોકી વાળા ચોકી કરે છે, દરવાજાને તાળા દીધેલા છે. રસ્તામાં ભરપૂર યમુનાજી વહે છે, કઈ રીતે હું નંદરાજાને ત્યાં ગોકુળ જઈ શકીશ ? પછી

ટોપલામાં સુંદર વસ્ત્ર બિછાવીને બાળકૃષ્ણને પધરાવીને ટોપલો ઊંચકીને માથે મૂકયો, ત્યાં કારાગૃહના દરવાજા પોતાની મેળે ખુલી ગયા. હાથ પગની બેડીઓ તૂટી ગઈ અને ચોકીવાળા ઘસઘસાટ ઊંઘી ગયા.

શેષનારાયણે સેવાની તક ઝડપીને પોતાની ફણાઓનું છત્ર બાલકૃષ્ણ ઉપર ધારણ કર્યું. યમુનાજીને પ્રભુ ચરણ સ્પર્શની ઈચ્છા થઈ છે તેથી ખળખળાટ કરતાં પૂર જોરથી વહે છે, પ્રભુએ ટોપલામાંથી ચરણ બહાર કાઢયો, યમુનાજી ચરણ સ્પર્શથી શાંત થઈ ગયા.

વસુદેવજી કૃષ્ણને લઈને ગોકુળમાં આવ્યા, નંદરાણી ગાઢ નિંદ્રામાં સૂતા છે, પડખે દીકરી સૂતી છે, કોઈને ખબર નથી કે વસુદેવજી આવ્યા છે, વસુદેવજી દીકરીને લઈને બાલકૃષ્ણને પડખામાં સૂવડાવી દીધા. આંખ ભરાઈ આવી કે મારા લાડીલા કુંવરને મૂકીને જાઉં છું.

દીકરીને લઈ વસુદેવજી કારાગૃહમાં આવ્યા કે તરત દરવાજા બંધ થઈ ગયા. માયા આવે એટલે બંધન થાય છે. દેવકીજી દીકરીને રમાડતાં રમાડતાં કહે છે., દીકરી એવી ડાહી થાજે કે મામાને ખબર ન પડે તેમ તને જેલમાં જ મોટી કરી લઈશ જરાય રડજે નહિ હો ! ભલામણ દે છે, ત્યાં તો દીકરી માંડી ઊંચે સાદે રડવા.

દ્વારપાળ જાગી ગયા, દોડો દોડો, દેવકીને બાળક આવ્યું છે, કંસરાજાને જાણ કરી, તેથી દોડતો આવ્યો, “દેવકી... કયાં છે તારું બાળક બતાવ ! ભાઈ “આ રહી મારી દીકરી, કંસે વિચાર કર્યો, દીકરો હોવો જોઈએ, ને આ દીકરી કેમ !.... જે હોય તે ! કદાચ દીકરી મને મારી નાખે તો ? એમ ધારીને દેવકીજીના ખોળામાં લઈને એક શીલા પર પછાડવા જાય છે, ત્યાં યોગમાયા આકાશમાં અદશ્ય થઈ ગઈ અને કહ્યું, “મૂરખ, પાપી તું મને મારનાર કોણ ? તારો કાળતો ગોકુળમાં જન્મી ચૂકયો છે.

સવાર પડી યશોદાજીની ગોદમાં બાળકૃષ્ણના દર્શન થયા, યશોદાજીની સેવામા સુનંદાજી આવ્યા છે. કૃષ્ણની વધામણી આપતાં કહે છે, ભૈયા આપને ત્યાં લાલાનો જન્મ થયો છે, નંદરાજાએ બહેનને સોના રત્નનો હાર પહેરાવ્યો. નંદરાજાના અનંદનો આજે પાર નથી, બ્રાહ્મણોને છૂટે હાથે ખૂબ દાન આપ્યા, તેત્રીસ કરોડ દેવતાઓ, અપ્સરાઓ અને ગંધર્વોએ પુષ્પનો વરસાદ કર્યો.

**કૃષ્ણ કનૈયા લાલકી જય.**

**નંદઘેર આનંદ ભયો........ જય કનૈયા લાલકી.**

**હાથી ઘોડા પાલખી........ જય કનૈયા લાલકી.**

**નંદ બાવા દાન દીયો........ જય કનૈયા લાલકી.**

**નારદજીની વીણા બોલે........ જય કનૈયા લાલકી.**

**શિવજીનું ડમરૂ બોલ......... જય કનૈયા લાલકી.**

**હનુમાનજીની ગદા બોલે........ જય કનૈયા લાલકી.**

**મીરાંના મંજીરા બોલે........ જય કનૈયા લાલકી.**

ગોપ ગોપીઓને ખબર પડી તેથી નંદભુવને દોડતાં આવ્યા, સંતો મહાત્માની કતાર લાગી ગઈ. ગાયો પૂંછડા ઊંચા કરી હોભા, હોભા કરે છે. સંતોના આનંદની સીમા નથી, તેત્રીસ કરોડ દેવતાઓ ભાવ વિભોર બનીને ઉત્સવ કરે છે, સ્વર્ગલોકના ગંધર્વો નોબત વગાડતાં ગાય છે. સ્વામી બ્રહ્માનંદજી સરસ મઝાનું કીર્તન ગાય છે, ચાલો...... આપણે પણ ગાઈએ, અને આનંદ કરીએ.

**બાવા નંદ તણે દરબાર, નોબત વાજે રે,**

**હરિ પ્રગટયા સરજન હાર, નીજજન કાજે રે.. બાવા..**

**જન્મ થયો જગદીશનો રે, હરખ વધ્યો ત્રિલોક**

**કુબુધ્ધિ કંસ સરીખડા તેને અંતર પેઠો શોક.. નોબત..**

**દેવત્રીયા ટોળે મળી રે, સુંદર તેત્રીસ કરોડ**

**જશોમતિ આંગણે ગાવે, જય જય મુનિ કર જોડ.. નોબત..**

**તોરણ બાંધ્યા ટોડલે રે ચંદન લીપ્યા ધામ,**

**આનંદ કારી ઉપન્યા વાલો, બ્રહ્માનંદના શ્યામ .. નોબત..**

નંદબાબાએ ખુબ ગાયોનાં અને વસ્ત્રોના દાન દીધાં, ગોપાંગનાઓનું મન ભગવાને ખેંચી લીધું, ઘરનું કામ જલદી જલદી કરીને નંદરાયજીને ઘરે દોડી દોડી ને આવે છે અને જુદી જુદી ભેટ અર્પણ કરે છે. ત્યારે મૈયા યશોદાજી તેમને તેનાથી વધારે ભેટ આપે છે. આજે હું ગોપીયુંને ખાલી હાથે જવા નહિ દઉં ત્યારે ગોપીઓ કહે છે, ‘‘મૈયા અમને ચંદ્રહાર કે રત્ન હાર નહિ જોઈએ, પણ અમને બાલ કૃષ્ણ

રમાડવા દો.

મૈયા યશોદાજી બાલ કૃષ્ણને ગોપીના ખોળામાં પધરાવે ત્યારે ગોપીઓ તેને હૃદય સાથે ચાંપીને, ચુંબન કરીને રડી પડે, આજે અમને સુખનો સાગર મળ્યો હજારો જન્મોથી વાટ જોતાં હતા, કે આપણને ભગવાન કયારે મળશે, તે ઈચ્છા આજે પૂરી થઈ, આજે અમારૂં અંતર ટાઢું થયું.

**સુખના સાગર શ્રીહરિ, જેને દેખતાં દીલડું ઠરે;**
**મૂર્તિ જોતાં માવજીની, હેલામાં મન મુનિનું હરે.**

નંદબાબા સારી રીતે ગાયોને શણગારી, સોનાનું શીંગડીયું પહેરાવીયું, રૂપાની ખરલીયું પહેરાવીયું, સોનાની ઘુઘર માળા પહેરાવીયું, સુંદર મજાનું વસ્ત્ર ઓઢાડીને બે લાખ ગાયોનું દાન બ્રાહ્મણોને આપ્યું, ત્યારે બ્રાહ્મણો બાલ કૃષ્ણના ભાલમાં કુંકુમ તિલક કરીને, લાલાને આર્શીવાદ આપે છે.

ગોવળીયાઓ ગાયો અને બળદને સરસ મજાનાં શણગાર્યા, વાછરડાને તેલ હળદરથી શીંગડા રંગ્યા, સોનાની શીંગડીયું પહેરાવી, કંઠમાં સોનાની ઘૂઘરમાળા પહેરાવી, ગોવાળીયાઓ મસ્ત બનીને નાચે છે, તેને જોઈને વાછરડા પણ નાચવા લાગ્યાં જંગલના યોગી ધ્યાન કરતા હતા, તેના પણ મન પ્રભુ મળવા ખેંચવા લાગ્યા.

## મૂર્તિ જોતાં માવજીને હેલામાં મન મુનિનું હરે

સદા સમાધિષ્ટમાં રહેતા સદાશિવની સમાધિ છૂટી ગઈ, તેને ખબર પડી કે ભગવાન ગોકુળમાં લીલા કરે છે, તેથી સદાશિવ દર્શન કરવા પધાર્યા. શીર પર ભભૂતિ, હાથમાં અને ગળામમાં સર્પ વિંટેલા, માથા પર જટા......નંદરાયને આંગણે આવીને નાદ કરતા બોલ્યા નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો.. મૈયા યશોદાજી રત્નમુકતા ફળ ભરેલો થાળ લઈને આવ્યાં, લ્યો મહારાજ ભીક્ષા ગ્રહણ કરો.

ત્યારે સદાશિવે કહ્યું, “મૈયા આવી ભીક્ષા મને નથી જોઈતી, હું કોઈ પદાર્થની ઈચ્છાથી નથી આવ્યો, પરમાત્માની ઈચ્છાથી આવ્યો છું તમે તમારા લાલનાં દર્શન કરાવો..... મૈયા યશોદાજીએ કહ્યું, બીજું જે કાંઈ જોઈએ તે કહો, તે હું જરૂર આપીશ, પણ બાલકૃષ્ણને બહાર નહિ લાવું ! તમારો વેશ જોઈને મારો લાલો ડરી જાય તો ! બીમાર થઈ જાય તો ! માટે બહાર નહિ લાવું.

શિવજીએ કહ્યું, “મા તારો લાલો કોઈથી ડરે એવો નથી, એતો કાળના પણ કાળ છે. બીજાને ડરાવે એવા છે,” મા, તમે ડરતાં હો તો ભલે પણ લાલો ડરે એવો નથી. માટે મૈયા લાલાનાં દર્શન કરાવો.

મૈયા યશોદાજી બાલકૃષ્ણને બાર લાવ્યાં નહી, તેથી ભોળાશંભુ નિરાશ થઈને આંગણાંમા પલાઠી વાળને બેસી ગયા, મૈયા, બિના તેરે લાલકે દર્શનકો મે નહી જાઉંગા.

બાલકૃષ્ણને વિચાર થયો કે મારો ભકત ઠેઠ કૈલાસમાંથી, દર્શન કરવા ગોકુળમાં આવ્યા છે અને મૈયા મને બહાર લઈ જતાં નથી, તેથી બાળકૃષ્ણ જોર શોરથી રડવાનું શરૂ કર્યું. મૈયા યશોદાજી છાના રાખવા માટે, આમ તેમ ખૂબ રમાડે, ચુંબન કરે, હેતથી માથા ઉપર હાથ ફેરવે, પણ પ્રભુ છાના રહેતા નથી.

ત્યારે ગોપીએ કહ્યું, “મૈયા, બહાર યોગી બેઠા છે. તેની પાસે લઈ જાવ, તે યોગીનું તેજ અદ્‌ભૂત છે, તે બાલકૃષ્ણને રડતો છાનો રાખશે અને આર્શીવાદ આપશે, બાલ કૃષ્ણને લઈ મૈયા યશોદાજી બહાર આવ્યા શિવજીને જોતાં જ બાલકૃષ્ણ રડતા છાના રહી ગયા. ભોળાશંભુના આનંદનો પાર ન રહ્યો. તુરંત ઊઠીને સામા ગયા.

બાલકૃષ્ણનાં દર્શન કર્યાં, રૂંવાડા ઉભાં થઈ ગયા, હૃદય ગદગદિત બન્યું આંખમા આસું આવી ગયા, આજે મારી આશા પૂરી થઈ. ધન્ય હો મૈયા, તમારી ભકિતને, જંગલના જોગી જંગલમાં વાટ જોતા રહી ગયા, અને ત્રિભુવન પતિ પુરૂષોતમ નારાયણ તમારે ત્યાં પ્રગટ થયા..... કૃષ્ણ મિલનનો પૂર્ણાનંદ પામી શીવજી કૈલાસ પધાર્યા.

ગ.અ. પહેલા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, હેતના અંગવાળાતો ઝીણાભાઈ, દેવરામ અને પ્રભાશંકર છે. એમ જેને હેતનું અંગ હોય, તેને ભગવાન વિના ઘડી માત્ર રહેવાય નહી.

**ગાયો ગોપીને ગોવાળીયે, હરિ આત્માથી અધિક કર્યા;**
**સ્નેહ બાંધ્યો પ્રેમ વાધ્યો, પ્રીત રીત અતિ આચર્યા....**

ગાયો, ગોપીએ અને ગોવાળીયાને પ્રભુ પોતાના જીવનથી પણ ઘણા વહાલા છે. ગોપીઓ ભકિત માર્ગના આચાર્યો છે. ભકિત કેવી રીતે કરવી, તે ગોપીઓ બતાવે છે, ભગવાનમાં હેત વધારવું હોય તો પરમાત્માના એક એક અંગનું ચિંતવન કરવું.

ગોપીઓને કૃષ્ણના દર્શન વિના ચેન પડતું નથી, વહેલી સવારે પ્રભાતમાં ગોપીએ યશોદાજીને ઘેર આવે, ત્યારે યશોદાજી કહે છે ‘‘અરી બાવરી, ગોપી મારો લાલો તો સૂતો છે, તમે આટલી વહેલી કેમ આવી ?‘‘ ત્યારે ગોપીઓ કહે છે‘‘મૈયા, અમને બાલકૃષ્ણના દર્શન કર્યા વગર ચેન પડતું નથી, તેથી કૃષ્ણને રમાડવા માટે આવ્યાં છીએ, મૈયા, તમારા ઘરનું કામ અમે બધું કરી દેશું, પણ અમને થોડી વર બાલકૃષ્ણને ઝુલાવા આપોને ! સરસ મજાનં હાલરડા ગાતાં ગતાં ઝુલાવીએ.

બ્રહ્માનંદ સ્વામી ગાય છે.... આપણે પણ ગાઈએ.... મજા આવશે.

**હાલરડું અતિ વાલરડું હરિને ગાવે ગોપી હાલરડું**
**પારણીયે પુરુષોતમ પોઢયા, ભલકે છે સુંદર ભાલરડું.. હરિને..૧**
**વહાલે હસી વ્રજ વનિતાને, અંતરમાં સુખ આલરડું.. હરિને..૨**
**ઘી ગોળ માંડા કારણે, મુખડું ફાડે પ્યારો ઠાલરડું.. હરિને...૩**
**બ્રહ્માનંદ કહે ચાંદલીયો લેવા, કજીયો કરી બોલે હાલરડું.. હરિને.૪**

માછલાંનું જીવન જળ છે, ચકોરનું જીવન ચંદ્ર છે, તેમ વ્રજયુવતીનું જીવન શ્રી નંદજીનો નંદ છે, અગ્નિનો સંગ થતાં માખણ ઓગળી જાય છે, તેમ કૃષ્ણના દર્શન થતા ગોપીયુંનું મન ઓગળી જાય છે. હરિના એક એક અંગનું ગોપીઓ ચિંતવન કરે છે.

## ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ઉતારો

એક ગોપી કહે છે, ‘‘ બાલકૃષ્ણનાંવાળ કેટલા સુંદર ને ચળકતાં છે. બીજી બોલી કનૈયાની આંગળીયું કેવી મનોહર છે, ત્યારે ત્રીજી બોલી, લાલાનાં ચરણ કેવા કમળ જેવા ગુલાબી છે, પંપાળવાનું મન થાય છે, ત્યારે ચોથી ગોપી બોલી, લાલાના અધરોષ્ઠ કેવા સુંદર છે. આવું બુધં ગોપીઓ બોલતાં નથી એની ભકિત બોલે છે.

તમારે ભગવાનમાં હેત વધારવું હોય તો ! પરમાત્મના એક એક અંગન ચિંતવન કરો, ભગવાનનાં એક એક અંગમાં દૃષ્ટિ સ્થિર કરો, એજ સાચી ભકિત, સ્વરૂપા શકિત વગર ભકિત ફળતી નથી. સુતાં, બેસતાં, ખાતાં પીતાં ગોપીઓને કૃષ્ણ યાદ આવે છે, સ્વપ્નમાં પણ ભગવાન જ દેખાય છે.

**હરતાં ફરતાં કામ કરતા, કૃષ્ણ કૃષ્ણ કરે કામિની;**
**પ્રીત વશ થઈ પ્રમદા, જાતિ જાણે નહી દિન જામની.**
**ખાતા પીતા બોલતા, વળી સ્નેહમાં શુધ્ધ વિસરી;**
**સુતા સુતા જાગે ઝબકી, ઉઠે કૃષ્ણ કૃષ્ણ મુખે કરી.**

રાતનાં ઝબકીને જાગી જાય, ત્યારે પણ કૃષ્ણ કૃષ્ણ રટણ ચાલુ થઈ જાય, ભગવાન સિવાય કાંઈ યાદ ન આવે તેને નિરોધ કહેવાય. ગોપીઓ દેહભાન ભૂલી ગયા છે, રાત્રી દિવસની પણ ખબર રહેતી નથી. ગોપીયુંનું મન શ્રી કૃષ્ણના સ્વરૂપમાં તરબોળ થઈ ગયું છે. જયાં નજર જાય ત્યાં ભગવાનજ દેખાય છે. ઠાકોરજી સાથે એક થવા માટે, દરેક ક્રિયામાં ઠાકોરજીને નિહાળજો. પદાર્થમાં પણ પરમાત્મા જ દેખાય છે.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, ‘‘ભગવાનને વિષે જેને અતિશે પ્રીતિ એ ઘણી મોટી વાત છે, ગોપાળાનંદ સ્વામી આદિક ભગવાનને વિષે પ્રીતિ વાળા હરિભકત સાંભળી આવ્યા.

**વાટે ઘાટે વન જાતાં, મન તન મોહન શું મળ્યું;**
**લોક લાજ વેદ વિધિ વિસરી, વળી ભાન તનનું તે ટળ્યું.**

## ગોપીઓ પ્રભુ પ્રેમમાં ભાન ભૂલી જાય છે

એક વખત ગોપીના સસરાજી જમવા બેઠા, સસરાએ કહ્યું ‘‘વહુબેટા મુરબ્બો આપો ! વહુએ મુરબ્બાની બરણી શીકા ઉપરથી નીચે ઉતારીને સસરાજીને થાળીમાં મુરબ્બો આપ્યો, પછી ગોપીને યાદ આવ્યું, મારા કૃષ્ણને મુરબ્બો ઘણો ભાવે છે, અત્યારે જમવા પધારે તો કેવી મજા આવે, પ્રેમથી જમાડું, દરેક ક્રિયામાં ગોપીયોને ભગવાનનું સ્મરણ થાય છે. કૃષ્ણને યાદ કરતાં ભાન ભૂલી ગઈ, તેથી બરણીને શીકાઉપર મૂકવાને બદલે, પોતાના બાળકને શીકા ઉપર મૂકી દીધો, બાળક મંડયો ઊંચે સાદે રડવા, ઓ મૈયા, ઓ મૈયા મને નીચે ઉતાર.

ત્યારે સસરાએ કહ્યું, ‘‘વહુ બેટા જરાક ધ્યાન રાખો, બાળકને કયાં ઉપર ચડાવી દીધો, પડી જશે તો લાગી જશે, સસરા જમતા જમતા ઉઠીને બાળકને તેડી લીધો, પછી ગોપીને ભાન આવી કે આ મે શું કર્યું, આ રીતે પ્રેમમાં ને પ્રેમમાં ક્રિયા ઉલટી સુલટી થઈ જાય છે.

**શ્રવણમાં ભણાર શુણે, જાણે નેણે નીરખું છું નાથજી;**
**મુખે વાંણે એમ જાણે, વાત કરૂં છું વહાલા સાથજી.**

ગોપીઓની તન્મયતા અદ્દ્ભુત છે, કાનમાં ભણકાર થાય છે, જાણે નેણે નીરખું છું નાથને અને વાત કરૂં છું વહાલા સાથજી.

કઈ બીજાું બોલે, તો પણ ગોપીયુંને એમ થાય કે કનૈયા બોલે છે, એવા ભણકારા થાય છે, આપણે દીકરાની વાટ જોતો હોઈએ, અને બીજો બોલે તો ભણકારા થાય મારો દીકરો આવ્યો લાગે છે, બીજા સાથે બોલે ત્યારે ગોપીયું ને થાય છે કેમારા કનૈયા સાથે વાત કરૂં છું.

કૃષ્ણ તન્મયતાને કારણે ગોપીઓ સંસાર વ્યવહારનાં કાર્યો બરાબર કરી શકતા નથી. કૃષ્ણ પ્રેમમાં ભાન ભૂલી જાય છે. તેથી ન કરવાનું કરીબેસે છે, ભગવાનના સાચા ભકતોને આવી તન્મયતા હોવી જોઈએ, તેને જ સાચી ભકિત કહેવાય.

## ખરી મોટપ તો ભગવાન સંભારવા તેજ છે

એક વખત વડતાલમાં શ્રીજી મહારાજ ઢોલીયા ઉપર ગાદી તકીયા પર વિરાજમાન થયેલા છે. પોતાના મુખારવિંદની આગળ સંતો બેઠા છે. તે વખતે ગુણાતિતાનંદ સ્વામી આવ્યા. ત્યારે બીજા સંતોએ કહ્યું, "સ્વામી માટે સાદરી પાથરી દો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, એમની કાંઈ સાદરડીથી મોટપ નથી. એમની અક્ષરધામની મોટપ છે. કારણ કે સ્વામી અખંડ ભગવાનને સંભારીને હૃદયમાં ધારી રાખે છે.

મંદિરની મોટપ મળે, કે મંડળની મોટપ મળે, વિધ્યા આદિક ગુણની મોટપ મળે, તે સર્વે મોપટ આ લોકની છે, પણ ખરી મોટપ તો ભગવાનને અખંડ સંભાળવા તે જ છે. અક્ષરધામની મોટપથી ભગવાન રાજી થાય છે.

## હું તાર્યા વગર નહિ છોડું

કારીયાણી ગામમાં મંદિર પાછળ એક વૃધ્ધ ડોશીમાં રહેતા હતા, તે કોઈ દિવસ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા આવે નહિ, પૂજા-પાઠ કાંઈ કરે નહિ, ખાવું પીવું ને ઓટલે બેસવું, સારીયે જીંદગીમાં કોઈ દિવસ સત્સંગ કર્યોજ નથી, આખા ગામની ચોવટ કરે, પણ પ્રભુનું સ્મરણ કરે નહિ.

શ્રીજી મહારાજને આ વાતની ખબર પડી, તેથી મહરાજે સંકલ્પ કર્યો, કે ડોશીમાને કોઈ પણ રીતે સ્વામિનારાણનું નામ લેવડાવવું જ છે. પ્રભાતનો સમય છે. શ્રીજી મહારાજે ભગુજીને કહ્યું, “ડોશીમાના ઘર ઉપર છાપરા ઉપરથી રોકડા રૂપિયા નાખો, ભગુજીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી બે ચાર રૂપિયા છાપરા ઉપર નાખ્યા, કે તેના ખણણણ......ખણણણ..... અવાજ થયો

ડોશીમાં ખીજાઈએ બોલ્યા સ્વામિનારાયણ વાળા બહુ ફાવી ગયા છે, ઉપરથી કાંકરા ફેંકે છે, દોડીને જેવા ગયાં ત્યાં કકારા નથી પણ રૂપિયા જોયા, તરત લઈ લીધા, સ્વામિનારાયણે મને રૂપિયા દીધા. સ્વામિનારાયણે મને રૂપિયા દીધા, એમ કહીને લઈ લીધા

આવી રીતે ડોશીમા બોલ્યા, ત્યાં શ્રીજી મહારાજે ભગુજીને કહ્યું, હવે અમારો સંકલ્પ પૂરો થયો, અમારે ડોશીમાને સ્વામિનારાયણનું નામ લેવડાવવું હતું, હવે અમે એને અક્ષરધામમાં તેડી જઈશું.

આ સંસારમાં કોઈ માથાંભારે માણસ હોય તો તે એક બીજાથી વારંવાર ટસર લેતો હોય, તે વારંવાર એમ કહેતો હોય છે, મારૂં નામ લીધું છે તો માર્યા વગર નહિ છોડું, ત્યાર શ્રીજી મહારાજ કહે છે, જો મારૂં નામ જાણે કે અજાણે એકાદ વખત લઈશ તો હું તાર્યા વગર નહિ છોડું આવો અલૌકિક મહિમા છે, સ્વામિનારાયણ મંત્રમાં.

ભગવાનની સ્મૃતિએ સહિત, જો ભગવાન સ્વામિનારાયણનું નામ લેવાય તો જરૂર તે ભકત મહા સુખીયો થાય છે, અક્ષરધામને પામે છે. તેને વિષેજ પતિવ્રતાની પેઠે ટેક રાખીને ભજન કરવું, અને ધ્યાન પણ પોતાના ઈષ્ટદેવનું જ કરવું. સતિ પાર્વતિજીની જેવી અચળ ટેક રાખવી.

**કોટી જનમ લાગ રગડ હમારી, વરૂ શંભુ કાં રહુ કુંવારી.**

પતિવ્રતાની ટેકની જેમ સ્વરૂપ નિષ્ઠાપણ પરિપકવ રાખવી. આ જગતની અંદર ચાર પ્રકારના માણસો હોય છે. પામર, વિષયી, મુમુક્ષુ અને મુકત

૧) પામર જીવ કોને કહેવાય ?

અર્ધમથી કમાય અને અનિતીથી ભોગવે, કોઈ દિવસ દાન, પૂન્ય કરે નહિ,

પૂજાપાઠ કે દેવ દર્શન કરવા જાય નહિ, કેવળ પૈસા પાછળજ એની દૃષ્ટિ હોય, અને એમ બોલે કે મને મંદિરમાં સંતોમાં અને ધર્મમાં રસ નથી... તેવા પાપીને પામર કહેવાય.

૨) વિષયી જીવ કોને કહેવાય ?

ધર્મથી ધન કમાય, પણ પોતા માટે જ પૈસા વાપરે, ઈંદ્રિયોના સુખમાંજ ગુલતાન રહેતા હોય, દાન, પુન્ય, પુજા, પાઠ કાંઈ નહિ, સાધુ, સંતોને બ્રાહ્મણોને જમાડે નહિ, પોતે જ ખાઈપીને જલસા કરે, ગરીબને પણ કાંઈ આપે નહિ, કેવળ દેહના સુખના વિચાર કરે પણ જીવનું કાંઈ વિચારે નહિ, હું કયાંથી આવ્યો છું, કયાં જવાનો છું, કોણ મારો ધણી છે, આવા પ્રકારના લક્ષણો હોય તેને વિષયી જીવ કહેવાય છે.

૩) મુમુક્ષ જીવ કોને કહેવાય ?

સંસારના બંધનમાંથી છૂટવાની ઈચ્છા રાખનારને મુમુક્ષુ કહેવાય.

૪) મુકત જીવ કોને કહેવાય ?

કનક અને કાન્તારૂપ બંધનમાંથી છૂટીને પ્રભુમાં તન્મય થઈને ભજન કરે ને બીજાને પણ કરાવે, સ્ત્રી ધનના ત્યાગી સંતો છે, જેને કોઈ સંસારનું બંધન નથી, તેને મુકત કહેવાય.

**અર્ધક્ષણ રહી ન શકે, વણ દીઠે વદન વ્રજરાજનું**
**શેરીયે શેરીયે શોધે સુંદરી, લેશન લાવે વળી લાજનું**

જગતને ભુલવું બહુ સહેલું છે, ગાઢ નિદ્રામાં સૂઈ જઈએ છીએ, ત્યારે જગત ભૂલાઈ જાય છે, સંસાર ભૂલાઈ જાય છે, પણ જેવી નિદ્રા ઉડી જશે, ત્યારે તરત ભાન આવી જાય છે, અને સંસારના વિચારોના મોજાં ઉછળવા લાગે છે.

વિશ્વની વિસ્મૃતિ સાથે વિશ્વપતિ પુરુષોતમ નારાયણની સ્મૃતિ પ્રકટવી જોઈએ, વિશ્વ ભૂલાય અને ભગવાન યાદ આવે એવી સ્થિતિ સદાકાળ બન રહે તેનું નામ નિરોધ છે. અધક્ષણ પણ ગોપીઓ ભગવાનને ભૂલતી નથી, બ્રહ્માનંદ સ્વામીની પણ એવીજ સ્થિતિ છે, ભગવાન સ્વામિનારાયણમાં જ તેમની ગતિ-મતિ અને રતી હતી, ભગવાનનાં દર્શન વગર થોડો સમય પણ રહી શકતા નહિ, પોતાની કાવ્ય શકિતની ભકિત રજુ કરતાં ગાય છે.

**બુઝી સર્વે અંતરની બળગું, બંસી મે ચિત મારૂં વળગ્યું;**
**અધક્ષણ ન થાયે અવળું...... વાજો હરિ વાંસલડી વહાલા**
**નટવર નંદતણા લાલા..... વાજો હરિ વાંસલડી વહાલા**

સાચા ભકતો ભગવાનથી પળવાર પણ દૂર રહી શકતા નથી, જયાં સુધી મન સંસારમાં રહેશે, ત્યાં સુધી જીભથી ભલે ભગવાનનું નામ લેવતું હશે પણ અંતરમાં ભગવાનનો પ્રવેશ થવાનો નથી. અંતરથી નામ જપ કરવાથી મન પવિત્ર થાય છે.

## ભગવાનમાં અખંડ વૃતિ રાખવાનો પ્રતાપ

અગત્રાઈના પર્વતભાઈ શ્રીજી મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા તો તે જે સંકલ્પ કરે, તે તરત જ થતું, એકવાર વિચાર થયો કે નરસિંહ અવતાર ભગવાને ધાર્યો તે કેવો હશે ? ત્યાં તો એક નહિ, પણ ચોવીસ અવતારના દર્શન થયા અને ચોવીસે અવતાર પ્રગટ પુરુષોતમ સ્વામિનારાયણ ભગવાનમાં સમાઈ ગયા. પ્રગટ ભાવથી જે ભજન કરે છે, તેની સાથે ભગવાન સાક્ષાત હાજર રહે છે.

વડોદરાના નાથ ભકત પૂજા કરે ત્યારે પ્રભુ તેની સેવા પૂજા સાક્ષાત સ્વીકાર કરતા, વ્યાપકાનંદ સ્વામીએ ભગવાનની સ્મૃતિના બળે બોટાદમાં ઘોડી જીવતી કરી અને એક બ્રાહ્મણ બાળકને પણ જીવતો કર્યો, આ બધો ભગવાનમાં અખંડ વૃતિ રાખવાનો પ્રતાપ છે.

**વન ભુવન વાટ વથિનિ, વળી જુવે યમુનાં તીર;**
**અણ દીઠે અલબેલડો, કોઈ ધરી ન શકે ધીર.**

ગોપીયું માથે બેડું મુકી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જમુનાનાં જળ ભરવા જાય, ત્યારે અરસ પરસ બાલ કૃષ્ણને યાદ કરે, “અલી ગોપી બાલ કૃષ્ણના કેવા મજાના વાંકડિયા વાળ ને ચળકતા છે, વળી માથા પર મોર પીચ્છી કેવી મજાની શોભે, હોઠ પર મોરલી રાખીને વગાડે, કાનમાં મકરાકૃત કુંડલ જાણે જોયાજ કરીએ, નાનું પીળું પિતાંબર પહેરીને કેવો છુમ છુમ ઝાંઝર પહેરીને નંદરાણી સાથે ફરતો હોય, આપની સાથે આવે તો કેવો આનંદ થાય.

આવી રીતે સ્મરણ કરે છે, ત્યાં તો જમુનાં ના કિનારે બાળકૃષ્ણના દર્શન થયાં, દોડીને બાલકૃષ્ણ ને છાતી સરસો ચાંપીને બાથમાં લઈને ભેટી પડયાં, મૂર્તિ મનમાં વસી ગઈ, ચિત પ્રભુમાં ચોટી ગયું “અલી ગોપી જો તો ખરી બાલકૃષ્ણતો

આપણા થી પહેલા આવીને જમુનાને આરે ઉભો છે.

**આજ વહાલો ઉભો છે જમુનાને આરે, મૂર્તિ વસી છે મન મોરેરે હેલી.આજ.**
**કેશરની આડ રૂપી નલવટ કીધી આખ્યું વેચાંતી કરી લીધી રે હેલી. આજ.**
**વાંકડી ભ્રકુટી મને લાગે અતિ વહાલી સર્વે મેલીને જાઉં ચાલી રેહેલી. આજ.**

જો ગોપીઓને દર્શન ન થાય તો ગોપીઓનાં નેણમાંથી નીર વરસવા લાગે, ગોપીઓને પ્રેમ સન્યાસિની કહેલી છે, ગોપીઓ પાસે શું હતુ ? કેવળ નિઃસ્વાર્થ પ્રેમ હતો, પરમાત્માના પ્રેમમાં જે જીવે તે સન્યાસી, ગોપીઓ કૃષ્ણ પ્રેમમાં મસ્ત બનીને રહે છે.

## પ્રીતની રીત ન્યારી છે

**પ્રીત ની રીત છે જો ન્યારીરી, જેહની બંધાની તેણે રે જાણી;**
**બીજા ન જાણે લગારીરી..... પ્રીત.**
**ચકોર સ્નેહી ચંદ્ર વદનનો, વણ દીઠે દુઃખ ભારી**
**મીન સ્નેહી જાણે રે જળનો, પ્રાણ તજે વિન વારીરી......પ્રીત.**

પ્રીતની રીત ન્યારી છે, જેને બંધાણી તે જાણે, બીજાને ખબર પડતી નથી, સ્વામી દૃષ્ટાંત આપે છે, ચકોર ને ચંદ્ર ઉપર પ્રેમ છે. ચંદ્ર ન દેખાય તો ચકોરના દુઃખનો પાર ન રહે, માછલાંને પાણીમાં પ્રેમ છે, પાણી વિના એ તરફડીને મરી જાય છે, પતંગીયાને અગ્નિમા પ્રેમ છે, પ્રકાશ જોઈને એમાં પડીને પોતના પ્રાણ ઉડાડી દે છે, ચાતકને સ્વાતિ નક્ષત્રમાં બુંદમાં પ્રેમ છે, પીયુ પીયુ કરીને પોકારે છે, પણ બીજાું પાણી પીતો નથી, વરસાદ વરસે તો જ પાણી, પીવે, નહિંતર પીયું પીયું કરીને મરે જાય. ગોપીઓની આવી સ્થિતિ છે, ભગવાન સિવાય રહી શકતાં નથી. ભગવાનમાં મન રાખવું પડતું નથી, રહી જાય છે.

**સ્નેહને વશ સદાય છે શ્રીહરિજી, ભાવે આવે ભૂતળ ભૂધર દેહ ધરીજી;**
**તે તો પ્રેમી જનને પ્રેમે કરીજી, ધન્ય ધન્ય પ્રેમે વ્રજયુવતી ભરીજી.**

ભગવાનમાં હેત છે એ મોટી વાત છે, ભગવાન આ ભૂમિ ઉપર શા માટે પ્રગટ થયા છે ? ભગવાનના પ્રાગટયનો હેતું શું છે ? ભકતોના દુઃખ દૂર કરવા અને એમના મનોરથ પૂરા કરવા માટે ભગવાન આ ભૂમિમાં પ્રગટ થાય છે.

**પરિત્રાણાય સાધુનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।।**

સાધું સંતોને પ્રેમ આપવા અને પ્રેમ લેવા પ્રભુ આ ભૂમિ ઉપર અવતરિત થાય છે, દુષ્ટોનો વિનાશ કરવો એ તો દુષ્કૃત છે, પ્રભુ ભ્રકુટિ વિલાસ છે, એ ધારે તો એક ક્ષણમાં દુષ્ટોનો નાશ કરી શકે, પણ પ્રભુ આ ભૂમિ ઉપર અવતરિત થાય છે, ભકતોને લાડ લડાવવા અને એમની ઈચ્છા પૂરી કરવા માટે પ્રભુ પ્રગય થાય છે.

ગ.મ. ૪૯ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ભગવાનના અવતારતો પોતાના અંકાંતિક ભકતના જે ધર્મો છે તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે.

## માણકી ઘોડીને શ્રીજી પ્રત્યે હેત

એક વખત શ્રીજી મહારાજ એક ગામથી બીજે ગામ જતા હતા, કાઠી અસ્વાર ભેગા હતા, શ્રીજી મહારાજ માણકી ઘોડી ઉપર બીરાજમાન થયા હતા. સાથે માણકી વછેરી ધાવણી હતી તે પણ સાથે હતી, તે સમયે શ્રીજી મહારાજે કહ્યું, “સુરાખાચર ! માણકી ઘોડીને અમારા ઉપર જેવું હેત છે તેવું એની વછેરી ઉપર નથી”.

સુરાખાચર કહે “મહારાજ એમ બને નહિ, ઘોડીને એના વછેરા ઉપર હેત હોય તેવું બીજા ઉપર હેત હોય નહિ, મા ને બાળક ઉપર હેત હોય તેવું કોઈ પ્રત્યે હોય જ નહિ, મા ગમે તે કામ કરે પણ એનું મન બાળકમાં જ હોય છે, ભગવાનને જનેતાનું હૈયું જ એવું પ્રેમાળ ને હેતાળ બનાવ્યું છે કે બાળક ઉપર હેત સ્વાભાવિક હોય જ.

શ્રીજી મહારાજે કહ્યું “તમને જોવું છે ? હા મહારાજ બતાવો !” સુરાખાચર તમે માણકીની લગામ પકડી રાખો, અમે કહીએ લગામ છૂટી મૂકો ત્યારે મુકજો, પછી વછેરીને એક કદમ જેટલી દૂર લઈ ગયા, બીજી બાજુ શ્રીજી મહારાજ ચાર કદમ માણકીથી દૂર ગયા.

વછેરી એવી જોરથી માને મળવા હણહણાટ કરે, ત્યારે સુરાખાચરે માણકીને છૂટી મુકી, માણકી વછેરી પાસે ન ગઈ, પણ દોડતી શ્રીજી મહારાજ પાસે આવીને ચરણ ચાટવા લાગી, વછેરી વાટ જોતી રહી ગઈ, શ્રીજી મહારાજે કહ્યું, “જોયો માણકી ઘોડીનો અમારા પ્રત્યેનો ભાવ, પોતાના બાળક કરતાં પણ અમારા ઉપર

વધારે હેત છે.''

મતવાલી માણકીને શ્રીજી પ્રત્યે દિવ્ય પ્રેમભાવ કેવો છે, શ્રીજીની અંતિમ પાલખી જોઈ ગયેલી માણકી એ તે જ ઘડીથી મોઢામાં તણખલું પેટમાં ઉતાર્યું નથી, શ્રીજીના અંતરધ્યાન લીલા પછી માણકીએ ૧૧ દિવસ દેહ રાખ્યો હતો, પછી ધામમાં ગઈ, માણકી ઘોડી ગરૂડજીનો અવતાર ગણાય છે. તેનું સમાધિ સ્થાન ગઢપુરમાં લક્ષ્મીવાડીમાં છે.

પ્રભુ પ્રેમમાં ગોપીઓ ઘરનાં કામ કરવાનું પણ ભૂલી જાય છે, બાલકૃષ્ણ લાલ કેવળ ગોપીકાઓને જ રસાનંદનું દાન કર્યું છે એમ નથી, માતા યશોદાએ પણ વાત્સલ્ય ભાવને પુષ્ટ કરેલ છે, અનેક લીલા કરીને મૈયા યશોદાને પ્રેમરસનું દાન કર્યું છે. મૈયાએ બાલકૃષ્ણને જાત જાતના રમકડા આપીને ઓસરીમાં રમવા બેસાડયા, પરંતુ ચંચળ વૃતિવાળા કૃષ્ણ ઉઠીને ઓસરીમાંથી ગૌશાળામાં જતા રહ્યા, મૈયા યશોદાજીએ ચારે બાજુ જોયું કૃષ્ણને દીઠા નહિ, તેથી ગભરાઈને બહાર દોડી આવ્યાં.

આજુ બાજુ નજર કરી તો ગૌશાળામાં ગાય ઘાસ ખાતી હતી, તેના શિંગડા ઝાલીને કનૈયો ઊભો છે, મૈયાને બીક લાગી લાલાને શિંગડું મારશે તો ! દોડીને કૃષ્ણને ઉપાડીને ચુંબન કરીને ઘરમાં લઈ આવ્યાં, તેથી ગાય પ્રભુ વિયોગમાં ભાંભરવા લાગી.... મૈયા યશોદાજી કૃષ્ણમય બની ગયાં છે, ઘરનું કામ કાજ છોડીને મૈયા વારં વાર બાલકૃષ્ણ પાસે દોડી આવે છે.

ગોપીકાઓને કનૈયાના જ વિચાર આવે છે, ગમે તે બહાનું કાઢીને નંદરાયને ઘરે દોડી આવી છે, હરિનો સ્વભાવ હરવાનો છે, તેથી જગજાહેર નામ છે હરિ, હરી લે તે હરિ શું હરી લે છે ?

**નારાયણો નામ નરો નરાણાં પ્રસિધ્ધ ચોર, કાથિત પૃથિવ્યામ્ ।**
**અનેક જન્માર્જત પાસ સંચયં હરત્યશેષ સ્મરતાં સદૈવ ।।**

પ્રભુનું સ્મરણ કરે છે તેનાં પાપ અને તાપ હરીલે છે. પાપ-તાપ હરીને પછી શું કરે છે ? ગોપીના મનને પોતાના સ્વરૂપમાં ખેંચી લે છે, હરિ, હરિ, હરિ આ રીતે જપ કરે તો તેના પાપ હરાઈ જાય છે, અને અંતર નિર્મળ થાય છે, ગ. મ. ૪૩ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ગુણાતિત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મસ્વરૂપ થાય છે.

**ખાન પાનની ખબર ભુલી વળી વસ્ત્ર પહેરવા વિસરી;**
**આભૂષણ અંગે ધરે અવળાં, એમ શુદ્ધ ભૂલી સ્નેહ કરી.**

ગોપીઓની પ્રભુ પ્રત્યે કેવી તન્મયતા છે, ખાવા પીવાનું ભૂલી જાય છે, હાથનો દાગીનો પગમાં પહેરે, પગનો હાથમાં પહેરે, પ્રેમમાં બધી ક્રિયા આડી અવળી થઈ જાય છે, દેહભાવ ભૂલાઈ ગયો છે, શું કરવું તેનો ખ્યાલ રહેતો નથી. કેવળ કૃષ્ણમય બની ગયા છે.

ઘરનાં કામ કાજ બરાબર કરી શકતાં નથી, એક ગોપી પ્રભુનાં કીર્તન ગાતાં ગાતાં શીરો બનાવે છે, ભાવ-વિભોર બની ગઈ છે, આજ મારે ઘરે ભગવાન જરૂર જમવા પધારશે, દર્શન થશે. પછી પ્રેમથી કૃષ્ણને માંખણ મીશરી જમાડીશ, પાસે બેસીને વાતું કરાવીશ,

મન ભગવાનમાં છે ને દેહ રસોડામાં છે, તેથી શીરામાં ખાંડ ને બદલે મીઠું નાખી દીધું. સાસુ - સસરા જમવા બેઠા, તો અમૃત જેવો સ્વાદ, સસરાજી જમતાં જમતાં વખાણ કરે છે, વહુ બેટા, તમારી રસોઈ તે કેવી અમૃત જેવી થાય છે, થોડું જમવું હોય તોય વધારે જમાઈ જાય છે, હું તો ભગવાનને પ્રાર્થના કરૂં છું કે પુત્રવધુ આપો તો તમારાં જેવાં જ સુપાત્ર આપજો.

ગોપી રાજી થયાં કે સસરાને મારી રસોઈ બહુ ભાવે છે, બધાં એ જમી લીધું પછી છેલ્લે ગોપી જમવા બેઠી, તે શીરો ખારો ઉસ જેવો, “આ શું ! સસરા કહેતા હતા, રસોઈ અમૃત જેવી છે, પછી ખ્યાલ આવ્યો કે ખાંડને બદલે મીઠું (નીમક) પડી ગયું છે, પણ મારા ભગવાને મારી લાજ રાખી, અમૃત જેવી રસોઈ બનાવી દીધી, નહિંતર સાસુની વઢ ખાવી પડત.

ગોપીના રગે રગમાં ભગવાન રમી રહ્યા છે, તો રસોઈ કેમ અમૃત જેવી ન થાય ! ગોપીઓની આંખમાં ભગવાન, મુખમાં ભગવાન, ચિત્તમાં ભગગાન આવી રીતે રગે રગમાં પ્રભુ વસી રહ્યા છે, તો તેના હાથની રસોઈ જેવી તેવી ન હોય, પોતે છપ્પન ભોગ જમનારા છે, ઝેરને અમૃત બનાવવાનારા છે, તેની શું વાત કહેવી !

## પ્રભુ સ્મરણનો અદ્‌ભુત પ્રતાપ છે

મીંરાબાઈને રાણાએ ઝેર આપ્યું, મીરાબાઈ પ્રભુ સ્મરણ કરતાં કરતાં પી

ગયાં તો ભગવાને ઝેર ને અમૃત બનાવી દીધું, આ છે પ્રભુ સ્મરણનો પ્રતાપ.

સમુદ્ર મંથન કર્યું ત્યારે હળાહળ કાળકૂટ ઝેર નીકળ્યું, તે ભોળા શંભુ પ્રભુ સ્મરણ કરતા કરતા પી ગયા, અમૃત બની ગયું

આપણા મુકતાનંદ સ્વામીને રસોઈમાં દ્વેષીલાઓ એ ઝેર નાખ્યું તો શ્રીજી મહારાજે ઝેરને અમૃત બનાવી દીધું, આ છે પ્રભુ સ્મરણનો પ્રતાપ, પ્રભુ સ્મરણમાં અજબ ગજબની શકિત રહેલી છે.

જે ભકતજન પ્રેમથી હરિ સ્મરણ કરે છે, તેને પ્રભુ વશ થઈ જાય છે અને આધિ વ્યાધિ આદિક ત્રિવિધી તાપ નાશ થઈ જાય છે, એવો પ્રતાપ છે હરિ સ્મરણનો, જાણે અજાણે જે જપ કરશે તે સર્વે ભવપાર થઈ જશે.

સ્નેહગીતા શાસ્ત્રનો સાર માત્ર એટલો જ છે કે ભગવાનનાં સ્વરૂપમાં જોડાવું. ભગવાન શ્રી હરિ મહા આનંદનું ધામ છે, એને જે જે પામ્યા છે તે મહાસુખીયા થયા છે, શ્રી હરિનું સ્મરણ કરતાં આપણું અંતર ભકિતથી રંગાઈ જવું જોઈએ.

ગ.મ. ૩૬ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, જેને ભગવાના વિના બીજામાંથી હેત તૂટે છે, તેને ભગવાનને વિષે હેત થાય છે અને જયારે ભગવાનને વિષે હેત થયું, ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃતિ રહે છે, અને જયારે ભગવાનમાં અખંડ વૃત્તિ કરી, ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી, તે તો કૃતાર્થ થાય છે. ગોપીઓ અખંડ ભગવાનનું જ ચિંતવન કરે છે,

**વળી ગોરસ મથતાં ગોપીકા, વળી જુવે વહાલાની વાટરે,**
**હમણાં આવે મને બોલાવે, એમ તલપે મોહન માટ રે....**

એક ગોપી ગોરસની મટકી માથા ઉપર મૂકી ગોરસ વેંચવા જાય છે, કૃષ્ણ પ્રેમમાં દેહભાન ભૂલીને માંખણ લ્યો કોઈ માખણ લ્યો કહેવાને બદલે માધવ લ્યો કોઈ માધવ લ્યો મીઠો મીડો માધવ લ્યો...

આમ શેરીઓમાં સાદ પાડે છે, ત્યાં ભગવાન આવી ગયા, અને બોલ્યા અરે બાવરી ગોપી માખણને બદલને મને કયાં વેંચવા જાય છે, તું શું બોલે છે ? જો તો ખરી તારી મટકીમાં શું છે ? જયાં ગોપીએ મટકી ઉતારીને જોયું ત્યાં માખણને બદલે મટકીમાં મોહન દેખાય છે !

ભગવાને કહ્યું, ‘‘માધવ તો હું છું તો મને માખણ આપ ! ગોપએ કનૈયાને

ખીજાવા માટે કહ્યું'' દૂર ખસી જા, ''હું તને માખણ નહિ આપું, માખણ તો મથુરામાં વેંચવા જાઉં છું, એમ કહી ગોપી ચાલતી થઈ ગઈ, ત્યારે બાલકૃષ્ણ ગોપીની સાડીનો છેડો પકડીને ધીરેથી ખેંચ્યો, ગોપી તને જવા નહિ દઉં,'' ગોપીએ કહ્યું, રસ્તામાં તોફાન ન કર. મારી સાસુને ખબર પડશે તો મને વઢશે.''

નાનકડા કનૈયાને ગોપી ધક્કો મારી પોતાની સાડી છોડાવી ઘર તરફ ચાલતી થઈ પણ મન ભગવાનમાં છે, તેથી પાછું વળી ને જોયું તો ! કનૈયો રીસાઈને ઉભો છે, ગોપી પાછી આવીને કનૈયાને મનાવે છે, લે કનૈયા માખણ આપું, કનૈયાએ કહ્યું, ''મારે તારૂં માંખણ જોઈતું નથી, મટકી ઉપાડીને ઘર તરફ જાય છે, ત્યાં કનૈયાએ એક નાનો પથ્થર ઉપાડીને ધાડ દઈને મટકી ઉપર માર્યો કે તરત મટકી ફૂટી ગઈ અને માખણ ઢોળાઈ ગયું, ગોપી રેલમછેલ થઈ ગઈ. દોડતી મૈયા યશોદાજીને ફરિયાદ કરવા આવી.

**ગોળી ફોડીને મહી નાંખ્યા ઢોળી,જુઓ જશોદા મારી ગોળી ફોડી;**
ગાયની ગમાણમાં ગોવિંદ સંતાણા, ખીલેથી વાછડાં મેલ્યાં છોડી. જુઓ.

જયારે પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે છે, ત્યારે અંતરની લાગણીનો અદ્‌ભૂત અનુભવ થાય છે, રૂંવાડા ઉભા થઈ જાય છે અને હૈયું હરિ મૂરતીમાં તરબોળ થઈ જાય છે, ગોપીઓ ઘેલી ઘેલી થઈ ગઈ છે, બનાવવી હોય રસોઈ અને છોડી મૂકે વાછરડાં, ગાયને ધાવી જાય છતાં ખબર પડતી નથી, દૂધ ચુલેથી ઉભરાઈ જાય તોય ઉતારે નહિ, ભગવાને શુધ્ધ બુધ્ધ હરી લીધ છે, તેથી કોઈ જાતનું ભાન રહેતું નથી, બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે હે પ્રભુ ! તમે મારી શુધ્ધ બુધ્ધ હરી લીધી છે.

**વહલા મારી શુધ્ધ બુધ્ધ તેં હરી લીધી રે,**
**તારે લટકે વેરાગણ કીધી વહાલા મારી...**
**તારી નવલ કલંગી દીઠી રે મનડામાં લાગે અતિ મીઠી રે,**
**જાણે જબર જાદુડાની ચીઠી વહાલા મારી...**

હરિના હેતમાં ચિત ચોરાઈ ગયું છે, તેથી કોઈ જાતનું ભાન રહેતું નથી, ગોપીયુંને ભગવાનમાં હેત છે ને ભગવાનને ગોપીયું માં હતે છે, અરસ પરસ હોય છે.

## સુખનું મુળ પ્રભુ સ્મરણ અને પ્રભુ પ્રાર્થના છે.

શ્રીજી મહારાજ ગ.પ્ર. ૫૬ વચનામૃતમાં ગોપીઓની ભકિતને વખાણી છે, જેને ગોપીઓના જેવી પ્રેમ લક્ષણા ભકતિ છે, તેના સર્વે સાધન સંપૂર્ણ થયાં, તેને કાંઈ કરવું બાકી રહેતું નથી, ભગવાનનેકેવા ભકત ઉપર હેત છે ! જેના હ્રદયમાં ભગવાનની પરિપૂર્ણ ભકિત હોય તે ઉપર જ હેત થાય છે, એવા ગુણ જેનામં ન હોય તો હેત કરવા જાઈએ તો પણ હેત થાય નહિ.

ગોકુળમાં વારંવાર ઉત્પાત થવાથી નંદયશોદાજી અને ગોપગોવાળો હવે વ્રજમાં આવ્યા છે, ભગવાન છ વરસના થયા, મૈયા યશોદાજીને કહે છે, મૈયા ! ‘‘હવે મારે ગોવાળ બનીને ગાયોની સેવા કરવી છે, વનમાં ગાયો ચરાવવા જાવું છે, નંદજીને વાત કરી, નંદજીએ શાંડિલ્ય ઋષિને કહ્યું,’’ બાલકૃષ્ણને ગાયો ચરાવવા જાવું છે મુહૂર્ત જોઈ આપો !

શાંડિલ્ય ઋષિએ કહ્યું, ‘‘કારતક શુદ આઠમનો દિવસ ઉતમ છે, પ્રભુ ગોપાષ્ટમી ના દિવસે વહેલી સવારે તૈયાર થઈ ગયા, ગાયની પૂજા કરી કુંકુમનો ચાંદલો કર્યો... મૈયા સામે જોયું તો મા રડે છે.

‘‘મા તમે કેમ રડો છો ! ’’ ‘‘દીકરા રડુ નહિ તોં કરૂં, એક ક્ષણ તને ન દેખું તો મને જરાય ગમે નહિ, તું સવારથી વનમાં ગાયું ચરાવવા જઈશ અને સાંજે આવીશ, તને જોયા વિના મને જરાય ચેન નહી પડે’’ બેટા તું તો મારો જીવનપ્રાણ છો દીકરા..... તાર વિના એક દિવસ મને યુગ જેવો લાગશે.

પ્રભુ મા ની સાડીમાં સંતાઈ ગયા, અને કહ્યું, મા તુ રડે છે, એ મને ગમતું નથી, તો હું ગાયો ચરાવા વનમાં નહિ જાઉ, નંદબાવાએ કહ્યું, ‘‘દેવી કૃષ્ણને રાજીપે રજા આપો’’ ભલે ગાયો ચરાવવા જાય, માને પગે લાગી પ્રભુ વનમાં ગાયો ચરાવવા ગયા છે.

ગોપીઓ નંદરાયના ઘેર આવી, તો પ્રભુ ઘરે નથી. કૃષ્ણ વિરહમાં ગોપીઓ રડે છે. કાંઈક મીષ લઈને આપણે વનમાં જઈએ અને કૃષ્ણના દર્શન કરીએ. દર્શન વિના ગમતું નથી.

**ગોરસ રસની ભરી ગોળી, વળી જાય મથુરાં મારગે;**
**એહ મસે ચાલી વાંસે, દયાળુને દેખવા દ્રગે.**

ભગવાનને મળવાની ખેંચાણ છે, ગોરસની મટકી ભરીને મથુરાનું મીષ લઈને વનમાં કૃષ્ણના દર્શન કરવા જાય છે, ભગવાનને મળ્યા વિના દિવસ દોહ્યલા જાય છે, પરમાત્માનું મુખ જુવે ત્યારે જ હૃદયમાં શાંતિ થાય, પ્રેમ દોરીએ પ્રમદા વાલમને વાંસે ફરે છે, શ્યામ વિના કાંઈ કામ સુઝતું નથી, ગોપીયું નું જીવન હરિને હાથ છે.

ઋષિઓ ગોપી બનીને આવ્યા છે તે ઋષિરૂપા ગોપી છે ૧૬,૦૦૦ શ્રુતિ વર્ણન કરી કરી થાકી ગયા, ભગવાન સાથે રમવા ન મળ્યું, તેથી તેઓ ગોપી બની ને આવ્યા છે તે શ્રુતિરૂપા ગોપી છે. શુકદેવજી જેવા પરમહંસ મુકત કંઠે ગોપીઓની પ્રસંશા કરે છે.

**વ્રજ વનીતાના પ્રેમને જોવા મળીજી, વાલમે વગાડી વનમાંયે વાંસળીજી;**

ગોપીઓને આકર્ષવા વૃંદાવન વિહારી વૃંદાવનમાં પધાર્યા, પૂર્ણીમાનો પૂર્ણચંદ્ર આકાશમાં શોભી રહ્યો છે, યમુનાં વહે છે, ભગવાન લલિત ત્રિભંગી થયા, પગની આંટી વાળી, વેણું અધરાર્પિત કરી વૃંદાવનમાં ઋષિમુનિઓની સમાધી છૂટી ગઈ.

વેદો વેદ ઉચ્ચરતા સ્થિર થઈ ગયા, ગાયો તૃણ ભૂલીને કાન સરવા કરી સાંભળવા લાગી, કોઈ ગોપી ગાયનાં છાંણથી ઘર લીંપતી હતી તે છોડીને દોડી, કોઈક પોતાના બાળકને દૂધ પીવડાવતી હતી તે છોડી દોડી, આખી સૃષ્ટિ આનંદ મગ્ન બની ગઈ છે, પાતાળમાં શેષનારાયણ ડોલવા લાગ્યા ભગવાનને મળવા માટે આતુર થઈ પશુ પક્ષીઓ પણ વેણુંનાદ સાંભળીને ભગવાન પાસે દોડી આવ્યાં.

બ્રહ્માનંદ સ્વામીની કીર્તનની ઝલક જોઈને પ્રેમથી ગાઈએ.

**વેણ વજાડે રે હો વનમાં, ચટપટી લાગી મારા તનમાં;**
**સુંણી સુંણી તનડું રે દાઝે, આતુર મોહન મળવા કાજે...વેણ...**
**ગીત મધુરાં રે ગાવે, રસીયો ચિતડાને લલચાવે.........વેણ.....**
**સર્વે મેલી રે ચાલી, હવે હું ન રહું કોઈને ઝાલી........વેણ.....**
**એનો કેમ મેલું રે કડો, સહયો મેં તો નંદકુવરનો છેડો....વેણ.....**
**બ્રહ્માનંદ રે નાથે, હેત કરી ઝાલી મુજને હાથે.........વેણ.......**

ગોપીઓના સગા સંબધીઓ રોકવાની ઘણી કોશીશ કરી પણ ગોપીઓ રોકાઈ નથી. એક ગોપીને એના પતિએ પકડીને ઘરમાં પૂરી દીધી, વિયોગમાં એટલો બધો ઉતાપ થયો, બધાં કૃષ્ણ પાસે પહોંચી ગયા અને હું રહી ગઈ, હે કૃષ્ણ હે કૃષ્ણ, હે

કૃષ્ણ કહેતા, દેહમાંથી જીવ નીકળી ગયો, જીવથી પહોંચી ગઈ જગદીશ્વર પાસે આને સાચો પ્રેમ કહેવાય.

નવલબાઈને પણ ઘણી રોકવાની કોશીશ કરેલી તે કથા સાંભળવા જેવી છે, પ્રાંતીજનાં નવલબાઈની ભકિત ગોપીયુંના જેવી જ હતી, શ્રીજી મહારાજ પ્રાંતીજ પધાર્યા, નવલબાઈ પાકાં સત્સંગી અને એના પતિ પાકા કુસંગી, હવે આ બે દંપતિઓ કેમ મન મેળ બેસે, દેહ ભલે બે હોય પણ મન એક હોય તો સંસારમાં રહેવાની મજા આવે.

એક ટ્રેકટરનું પૈડું ને બીજું સ્કુટરનું હોય તો કેમ ચાલે ? મુશ્કેલી ઉભી થાય, નવલબાઈને શ્રીજી મહારાજનાં દર્શન કરવા જાવું છે, અને એનો પતિ જાવા દેતા નથી, હવે શું કરવું !

નવલબાઈએ ઘણી આજીજી કરી મને દર્શન કરવા જવા દો, એના પતિએ ખીજાઈને નવલબાઈને ઘરમાં પૂરી દીધાં, ઉપર તાળુ વાસી દીધું ખાવા પીવા કાંઈ ન આપે, છતાં પણ નવલબાઈ ભગવાનનું સ્મરણ ચૂકયાં નથી, ઓરડામાં બેઠાં બેઠાં કીર્તન ગાય, કયારેક ધુન્ય બોલે, કયારેક હૈયું ભરાઈ આવે તો રડી પડે, આવી રીતે ખાધા પીધા વગરનાં પંદર દિવસ વિતી ગયા.

નવલબાઈએ પોતાના ઘરની બારીમાંથી જોયું, ત્યાંથી એક બાઈ પસાર થઈ ! નવલબાએ પૂછયું ''બહેન અત્યારે સ્વામિનારયણ ભગવાન કયાં છે ? ભગવાન આજે કાશીભાઈના ઘેર છે, આવતી કાલે જવાના છે, સવારે વહેલા ત્યાંથી બીજે ગામ જશે.

નવલબાઈને દુઃખ થયું, ૧૫ દિવસ થયા, શ્રીજી મહારાજ પ્રાતીજમાં બીરાજે છે ને મને દર્શન ન થયાં, હવે હું શું કરૂ ! રાત્રીનો સમય છે, શ્રીજીમીલન માટે આતુરતા જાગી, ગમે તેમ મારે ભગવાનને મળવું જ છે, રડતાં રડતાં બારીને ધકકો માર્યો, બારી નીકળી ગઈ, ત્યાંથી કુદીને સીધા કાશીભાઈને ઘરે ગયાં.

પાર્ષદે મનાઈ કરે, અંદર જવા નહિ મળે, પ્રભુ પોઢયા છે, ભાઈ ૧૫ દિવસથી ઝંખના કરૂં છું દર્શન માટે, ત્યારે આજ માંડ મેળ પડયો છે, મને જવા દે, તારી ભલાઈ, અટલું કહેતાં જેરથી રડી પડયા, કરૂણ સ્વર સાંભળી પ્રભુ નીંદ્રામાંથી જાગીને બહાર આવ્યા.

શ્રીજી મહારાજને જોયા ને નવલબાઈ દોડીને પ્રભુના ચરણમાં નમસ્કાર કર્યા, હૃદયમાં ઠંડક વળી, પ્રભુએ નવલબાઈના માથા ઉપર હાથ મૂકી કહ્યું, નવલબાઈ કેમ છો ? આપ અંતરયામી છો બધું જાણો છો ઘણા સમયથી વિખૂટો પડેલો જીવ તમારે શરણે આવ્યો છે, "મહારાજ, મારો પતિ મને સત્સંગ કરવા દેતો નથી, હવે શું કરૂં એમ કહી રડી પડયાં."

શ્રીજી મહારાજે કહ્યું, તમે ચિંતા ન કરો, ઘરે જાવ, બધું સારૂં થઈ જશે, અમારા સ્વરૂપનું ધ્યાન કરજો, ભજન કરતાં કરતાં રસોઈ બનાવજો, એ રસોઈ ઘરનાં સભ્યો જમશે એટલે સદબુધ્ધિ આવશે, પ્રભુને પગે લાગી, નવલબાઈ ઘરે ગયાં, નવલબાઈના હાથની રસોઈ જમવાથી એના પતિની બુધ્ધિમાં પ્રકાશ થયો, તેથી એક દિવસે એણે કહ્યું, "સ્વામિનારાયણ ભગવાન કરજીસણમાં ઉત્સવ કરવાના છે તો ચાલો આપણે ત્યાં દર્શન કરવા જઈએ. નવલબાઈ રાજી રાજી થઈ ગયા.

મારા પ્રભુએ મારી અરજી સાંભળી, "હે પ્રભુ સદાય મારા પતિને સદબુધ્ધિ આપતા રેહેજો, જેથી સાથે મળીને ભજન ભકિત કરીએ, દીકરી પક્ષે સત્સંગ હોય અને વરપક્ષમાં સત્સંગ ન હોય તો જો દીકરી સુપાત્ર, સુશીલ અને સત્સંગી હોયતો ચોકકસ તે એના ઘરમાં સત્સંગની સૌરભ પ્રગટાવી અને જીવન ઉજળું બનાવે છે.

બન્ને દંપતિ કરજીસણ આવ્યાં, શ્રીજી મહારાજના દર્શન કર્યા, શ્રીજી મહારાજે નવલબાઈના પતિને વર્તમાન ધરાવી કંઠી બાંધી અને સત્સંગના નિતિ નિયમોની બધી રીત ભાત શીખવી, જીંદગી પર્યંત તેના કુટુંબમાં સત્સંગ રહ્યો.

વેશમાં પરિવર્તન લાવવું સરળ છે, પણ વિચારોમાં પરિવર્તન લાવવું કઠીન છે, સમજણ માગી લે એવી આ સ્નહેગીતા છે, આપણને સ્નેહ ગમે છે, કોઈ પ્રેમ થી બોલાવે તો ગમે છે, કોઈ વિનય યુકત હસ્તુ મુખ દાખવે તે સારૂં લાગે છે, કોઈ આપણને મોટાઈ આપે તો પ્રિય લાગે છે, જો આવું બધું ગમતું હોય, તો સર્વ સાથે સુહૃદભાવ રાખવો જોઈએ,

આપણને કોઈ માન આપે અથવા પ્રેમથી બોલાવે તે ગમે છે, તો આપણને પણ બધાને માન આપવું જોઈએ, પ્રેમથી બોલાવવું જોઈએ.

**પશુ દોરડાથી બંધાય છે, પક્ષી પીંજરામાં બંધાય છે;**
**જીવ વાસનાથી બંધાય છે, પ્રભુ પ્રેમથી બંધાય છે.**

કૃષ્ણ મિલન માટે આતુર બનેલી ગોપીઓ ભગવાન પાસે પહોંચી ગઈ, કોઈ અટકાવી શકયું નહિ, સંબંધીઓ અટકાવે ને જે અટકે તે ગોપી નહિ. પોતાના બાળકો, પતિઓ, કે માતા પિતાનું, સગા સંબધીનું આકર્ષણ ગોપીને અટકાવી શકયું નહિ.

ભગવાને ગોપીઓનો સત્કાર કર્યો. સ્વાગતં વો મહાભાગા, ‘‘હે મહાભાગ્યશાળી ગોપીઓ, હું તમારૂં સ્વાગત કરૂં છુ.’’ પ્રભુ પ્રેમમાં પાગલ બને તેનું ભગવાન સ્વાગત કરે છે.

મોટર ગાડી, બાગ બગીચા, વસ્ત્ર આભૂષણ, ધન સંપતિ વિગેરે જેની પાસે હોય તે ભાગ્યશાળી નથી, એ તો આલોકની નાશવંત સંપતિ છે, પણ ખરો ભાગ્યશાળી તો તે છે જેને પ્રભુમાં પ્રેમ છે તે.

શ્રી કૃષ્ણ ગોપીઓને પૂછે છે ! તમે કેમ આવ્યાં છો ? વ્રજ ઉપર કોઈ આફતતો નથી આવીને ! અંધારી ઘોર રાત્રી છે, પાછું ઘોર જંગલમાં અબળા ને આવવું તે યોગ્ય નથી, તમારા બાળકોને તમારા પતિને મૂકીને અહીં આવવું ઉચિત નથી, તમે પાછા ઘેર જાવ !

**વેણ વજાડી વ્રેહ જગાડી, વળી વનમાં તેડી વનીતા;**
**તરત તિંયા તિરસ્કાર કીધો, તોય ન આવી અંતરે અસમતા.**

પ્રભુ કહે છે, ‘‘હે ગોપીઓ રાત્રીના અંદર વામા વનમાં શોભે નહિ, તમે તમારે ઘેર જાવ, ત્યાં રહીને મારૂં ભજન કરજો. એવું સાંભળીને ગોપીઓને બહુ આઘાત લાગ્યો ! રડતાં રડતાં બોલ્યા છે, ‘‘તમે બોલાવ્યા અને અમે આવ્યાં, હવે કહો છો, ઘરે જાવ’’ હે કૃષ્ણ અમારો ત્યાગ ન કરો ! જન્મ મૃત્યના ચકકરમાં રખડતો રખડતો જીવ તમારે શરણે આવ્યો છે.

‘‘હે પ્રભુ, તમે જો અમારો ત્યાગ કરશો તો પછી અમારું કોણ ? અમે પાછા જઈ શકીએ તેમ નથી, અમારા ચિતને તમે ચોરી લીધું છે. ચિત પાછું આપો તો પાછા જઈએ, પ્રભુએ કહ્યું, ‘‘તમારું ચિત મારામાં મળી ગયું છે તેથી પાછું નહિ આપી શકાય, દૂધમાં સાકર રસબસ થઈ જાય પછી અલગ કરી શકાતી નથી. જયું મીસરી પય માંહી ભળી (એવી દશા થઈ છે.)’’

અમારા પગ તમારા ચરણ કમળને છોડીને એક પગલું પણ પાછા હટવા માટે તૈયાર નથી, અમે કઈ રીતે જઈએ,

પ્રભુએ કહ્યું, હે ગોપીઓ, હું તમારો પ્રેમ જાણું છું, પણ તમે આજ ઘરે જાવ.

ગોપીઓ કહે છે, ઘરે જાવ ઘરે જાવ એમ વારંવાર શું કહો છો ! પ્રાણ જાય તો ભલે જાય, પણ અમે ઘરે નહિ જઈએ, પ્રભુને થયું ગોપીઓનો પ્રેમ સાચે છે ! કોઈ લૌકિક સુખની ઈચ્છા નથી.

"હે ગોપીઓ," તમને મારી સાથે રાસમાં રમવું છે ને ! ચાલો આપણે રાસ રમીએ..... રાસ લીલાનો આરંભ થયો, પહેલા રાસ મંડળમાં એક એક ગોપીને એક એક કાન રમે છે, બીજા રાસ મંડળમાં ચારે બાજુ ગોપીઓ ને વચ્ચમાં યુગલ સરકાર કૃષ્ણ પરમાત્મા, એવો રાસ જામ્યો, વૃંદાવનમાં તેનું અતિ સરસ કીર્તન બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**આજ શરદ પુનમનો ચંદો રે અતિશે શોભે આકાશે;**
**રમે ગોપી સંગે ગોવિંદો રે, રંગડો જામ્યો છે રાસે...... આજ.**
**બહુ નુપુર ઝાંઝર વાજે રે રમઝમ રમઝમ રૂપાળાં;**
**કરે મનડું લેવા કાજે રે મોહન લટકા મરમાળા....... આજ.**
**ધન્ય શરદ પુનમની રજની રે રસીક સલુણો રાસ રે;**
**ધન્ય ધન્ય એ નારી વ્રજની` ગીરધરને મનમાહી ગમે....આજ.**
**બાંવડલી બળવંત કેરી રી ઝાલીને વનિતા ઝૂલે;**
**બ્રહ્માનંદનો વહાલો લેરી રે, જોઈને મનમાં ફૂલે.......આજ.**

કેવલ મારા કૃષ્ણ મારી સાથે રમે છે, આવું અભિમાન ગોપીયુંને આવી ગયું, તેથી અભિમાનને દૂર કરવા, પ્રભુ રાસમાંથી અંતર્ધાન થઈ ગયા, રાસ અટકી ગયો.

**રાસ રચી ખેલ મચી વળી વિછોઈ ગયા વનમાં;**
**રોઈ રોઈ ખોઈ રજની તોય ક્ષોભ ન પામી મનમાં.**

ગોપીઓ રડતે હૃદયે ભગવાનને શોધે છે, પ્રેમની ધારા અભિમાનથી તૂટે છે, ગોપીએ ઝાડ, પહાડ લતા આદિકને પૂછે, પણ પ્રભુ ક્યાંય મલ્યા નહિ, ત્યારે એક ગોપીએ કહ્યું, ભગવાન શોધવા જવાથી નહિ મલે, પણ સાચા હૃદયથી ગદગદ સ્વરે

પ્રાર્થના કરશું તો જરૂર મલશે, તો ચાલો આપણે બધા ભેળા મળીને ભગવાનને પુકારીએ. કૃષ્ણ વિયોગની વેદનાને વ્યકત કરતાં ગોપીઓએ ગીત ગાયું છે, તે ગીતનું નામ ગોપી ગીત છે.

**જયતિતે ધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્રહિ, ।**
**દયતિ દશ્યતાં દિક્ષુતાવકા સ્તવયિ ધૃતા સવસ્તવાં વિચિન્વતે ।।**

"હે પ્રભુ, અમે તમારા વિયોગમાં દુઃખી છીએ, અમને સુખી કરવા માટે બીજાું કાંઈ આપવાનું નથી, માત્ર દર્શન આપવાના છે, તો દર્શનતો આપો, થોડાક ઉદાર બનો કેશવ ! રડતા હૃદયે પ્રાર્થના કરવાથી અભિમાન આંસુ દ્વારાએ બહાર નીકળી ગયું.

વૃંદાવનવિહારી, રાસ વિહારી ગોપીના મધ્યમાં પ્રગટ થયા, ભગવાનને જોયાને જાણે તનમાં પ્રાણ આવ્યા હોય એમ ગોપીઓ ઉભી થઈને દોડી, કૃષ્ણનો હાથ પકડીને કહે છે, "હે કૃષ્ણ, કયારના તને અમે શોધતાં હતાં, પુકારતાં હતાં, તુ કયાં ગયો હતો ?"

પ્રભુએ કહ્યું, "હું તો અંહીજ હતો, આ ઝાડ પાછળ ઉભો હતો તો દેખાતો કેમ નહોતો ! તમારા આંખમાં અભિમાનનો પડદો હતો, એટલે તમે મને જોઈ શકતાં તહોતાં, હવે અભીમાન અશ્રાુદ્વારાએ નીકળી ગયું છે, એટલે મને દેખો છો.... પ્રભુએ ગોપીઓને પરમાનંદનું દાન કર્યું છે.

## સ્નેહ કથા આત્મા પરમાત્માના મિલનની કથા છે

**સ્નેહને રે સમાન નાવે કોઈ સ્નેહને રે સમાન;**
**રાગી ત્યાગીને તપસ્વી રે, વળી ધરે વન જ ધ્યાન. નાવે.**

"પ્રભુ કહે છે, હું કેવળ ભકિતનો નાતો સ્વકારૂં છું, જાતિ, પાંતિ, કુળ, બડાઈ, કે ચતુરાઈ એવું કાંઈ જોતો નથી, પણ કેવળ ભકિતના સંબધને જોવું છું, માણસ કેવો છે ! કેવાં કપડા પહેર્યા છે, કઈ જાતનો છે, કયા દેશમાં વસે છે એને હું જોતો નથી, એના હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમભકિત કેટલી છે, તે જોવું છું.

પાણીનો સ્વભાવ છે કે જયાં નીંચાણ વાળો ભાગ હશે તો તે તરફ પાણી વહી જશે, એમ જીવનમં જયારે સાચા શિષ્યત્વનો ઢાળ આવશે નમ્રતા પેદા થશે ત્યારે ભગવાનને શોધવા જવું નહિ પડે, આપો આપ ભકિતભાવ દેખી ને આવશે.

કોઈ જોગ કરે જગન કરે તીર્થ કરે માળા તિલક કરે, કેશ વધારે કેવળ ગંગાજળ પાન કરીને રહે, પણ જો ભગવાનમાં પ્રેમ નથી, સ્નેહ નથી તો એનો કોઈ અર્થ નથી, ભગવાનતો સ્નેહી જનને સદા વશ વર્તે છે.

ગોપીઓ કૃષ્ણલીલાનું સ્મરણ કરીને પોતાનો બ્રહ્મ સંબંધ ટકાવી રાખે છે, બ્રહ્મસંબધ ટકાવી રાખવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે, સતત ભગવાનના ગુણગાવા ગાતા ગાતા આપણા હૃદયમાં ભગવાન વસી જશે અને જગતના અન્ય સંબધો તમારા મનમાંથી ખસી જશે.

શ્રીજી મહારાજ ગ.મ. ૫૫ વચનામૃતમાં કહે છે, “ભગવાનના જે એકાંતિક ભકત હોય તેનું ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, વાણી ભગવાનના યશને જ ગાય, હાથ ભગવાન અને ભગવાનના ભકતની સેવા પરિચર્યાને જ કરે, કાન અખંડ ભગવાનના યશને જ સાંભળે.

ટૂંક સમયમાં શુભ કાર્ય ભકિતનું આપણને કરવાનું છે, ભગવાનનું ભજન સારી રીતે થઈ શે તેવી તમામ સગવડ યુકત આ દેહ રૂપી વાડી આપણને આપી છે, સંતો વારં વાર કહે છે, છતાં મોહે કરીને મોક્ષભ્રમ થયેલા જીવાત્મા જે કરવાનું છે તે ભૂલી જાય છે,

અત્યારે લોકોનાં માનસમાંથી જીવાત્માના મોક્ષની ભાવનાઓ નષ્ટ પ્રાય થતી જાય છે, એનું મુખ્ય કારણ અશુધ્ધિ છે. અનંત જન્મ ધરીને ટેવાઈ ગયેલા આ જીવાત્મા પોતાના જીવન ધ્યેયને ભુલી આડો અવડો ડોલ્યા કરે છે. કરવાનું છે તે કરતો નથી, જગતને આગવી ચેતવણી દેતાં દેવાનંદ સ્વામી ગાય છે.

**કરવાનું જે હતું તે તો કાંય ન કર્યું,**
**પ્રગટ પ્રભુ કેરૂં ના કાને ન ધર્યું;**
**તારૂં શું સર્યું રે કારજ તારૂં શું વર્યું,**
**જાણ્યા નહિ જગદીશ કારજ તારૂં શું સર્યું.**

ભગવાનની કથા એવી છે કે તે જગતને ભૂલાવે છે. જગતમાં રહેવું છે, ને જગતને ભૂલવું છે, એ કેમ બનશે ? સંસાર છોડીને જશો કયાં ? જયાં જશો ત્યાં સંસાર સાથે જ છે, સંસારને છોડીને જવાનું નથી. પણ સંસારને મનમાંથી કાઢી નાખવાનો છે. સંસારથી અલગ થઈ જવાનું છે. ભગવાનની કથા સાંભળવાથી અનાયાસે સંસાર ભુલાય છે.

## સંસારનું સંપુર્ણ વિસ્મરણ અને પરમાત્માનું સતત સ્મરણ એજ મુક્તિ છે

આપણે જગતમાં કે વ્યવહારમાં લાંબા થવા નથી આવ્યા, પણ આપણે તો જગતમાંથી ટુંકા થઈ ભગવાનમાં જોડાવા આવ્યા છીએ, બહાર વૃતિ વાળાને જગતમાં જોડાવું ગમે છે. ભગવાનને ભુલી જવાય તેવો વેગે સહિત વ્યવહાર કરવો નહિ અને ઘરમાં જેવા તેવા સીનેમાના ઢંગ વગરના ફોટા લટકાવવા નહિ, ભગવાનના ફોટા રાખવા, મોહ ઉપજાવે તેવા ચિત્રોથી નુકશાન છે. આપણે ભગવાનનાં આશ્રિત છીએ, તેથી વિચારીને ચાલવું જોઈએ, પ્રભુ સિવાય ચિત્રો રાખવા નહિં.

આપણે દરરોજ કથા સાંભળીએ છીએ, તેમાંથી આપણે કેટલું લઈએ છીએ, તે બહુ અગત્યનું છે, કથા સાંભળી ભગવાન સાથે કેટલો સંબધ વધ્યો એ તપાસવાનું ખૂબ જરૂરી છે.

**રાત દિવસ વીતે રંગે, વળી આનંદ અતિ ઘણું;**
**સંસાર સુખની ભૂખ ભાગી, જોતા મુખ જીવન કર્યું.**

જેનું મન સંસારના સુખમાં લોભાતું હોય, તેને ભગવાનનું સુખ ઓળખાતું નથી. હરિ નામનો આશ્રય કરવો, હરિ નામ ભલે તમે ન બોલો હરિ નામ લેવાતું હોય, ત્યાં તમે જાએ પણ નહિ, પણ તમને ખબર હોય કે બે ત્રણ માઈલ ઉપર નારાયણનું કીર્તન ચાલે છે, સત્સંગ સભા ચાલે છે, તે દીશા તરફ તમે પ્રણામ કરો તો પણ તમારા પાપ બળી જાય છે, આ છે સત્સંગનો મહિમા.

દરરોજ આપણે પ્રાર્થના કરીએ કે, “હે પ્રભુ હું બીજા કોઈનું નામ લેવા જાઉં ને ત્યાં તમારૂં નામ બોલાઇ જાય, પ્રેમ ભક્તિ જેના હૃદયમાં જાગી જાય તેની જીવન યાત્રા સફળ થાય છે.

દ્રઢતાથી અને ભાર પુર્વક નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બીજાું કાંઈ ન આવડેતો વાંધો નહિ, પ્રભુનું નામ બોલ્યા કરો... સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપવા જેવું છે, પ્રભુનું નામ, અઘરી વાતોમાં જવા જેવા કાળ નથી, આજે લોકોને અઘરૂં જ જોઈએ છીએ,

**પ્રીતની રીતને પરખવા એક સમયને વિશે શ્રી હરિ,**
**મથુરા જાવાનું મન કીધું, ઈચ્છા એવી ઉરમાં ધરી;**

**ઘણા દિવસ ગોપી સંગે, રંગે રમીયા રસબસ શું,**
**નિષ્કુળાનંદ સ્નેહ, જોવા, વહાલો કહે વેગળા વસશું.**

એક વખત શ્રી હરિને વિચાર થયો કે મારી હાજરીમાં ગોપીઓ મારી સાથે હેતાભવ રાખે છે, સંયોગમાં યાદ કરે છે, પણ વિયોગમાં કેવા મને યાદ કરે છે. તે મારે જોવું છે, એવું ધારીને મથુરાં જાવાનો વિચાર કરે છે.

કંસના પાપનો ઘડો ભરાઈ ગયો હતો, તેથી ધનુર્યજ્ઞ કરવાનું નકકી કર્યું, હૃદયમાં દુષ્ટ ઈરાદો છે. ''અક્રુરજીને કહ્યું'' તમે ગોકુળજાવ, અને કૃષ્ણ બલરામને આપના યજ્ઞમાં બોલાવી લાવો, સોનાનો રથ લઈને અક્રુરજી ગોકુળ જવા નીકળ્યા છે. પ્રભુની અલૌકિક લીલાનું સ્મરણ કરતાં કરતાં રથ ચલાવે છે, પ્રેમ વિભોર બનવાથી રથ હાંકવાનું ભૂલી જાય છે, મન અને ચિત કૃષ્ણમય બની ગયા છે.

## રસ્તામાં ભગવાનનું ચિંતન કરતા ચાલો

ઘણાં માણસો રસ્તે ચાલતાં કોઈના કપડાં તાકીતાકીને જોશે, માણસોને તાકી તાકીને જોશે, આડું અવડું ચકકર વકકર જોયા જ કરે, જોવાથી તમારૂં શું વળવાનું છે ? જોયેલા દશ્યો જો મનમા ખૂંચી જશે તો મનને બગાડશે, મન બગડયા પછી જલદી સુધરતું નથી, તેના કરતાં ભગવાનનું સ્મરણ કરતાં કરતાં ચાલો, એક એક પગલે પ્રદક્ષિણાનું પૂન્ય મળશે, ચાલવું કેવી રીતે અક્રુરજી શીખવાડે છે.

પાપી રસ્તે ચાલતાં પણ પાપ કરે છે, વિકાર અને વિકૃત દૃષ્ટિથી જાુવે છે, અને પુન્યશાળી મનુષ્ય રસ્તે ચાલતાં પણ સત્કર્મ કરે છે. સદભાવથી જાુવે છે, રસ્તે ચાલતાં પગલે પગલે ભગવાનનું નામ લો. એ પણ ભકિત થશે. કેટલું જીવ્યા તે મહત્વનું નથી, પણ કેવું જીવ્યા તે વધારે મહત્વનું છે.

મનુષ્ય રસ્તે ચાલતાં પવિત્ર વિચાર કરે તો તેનું જીવન સુધરે છે, અને હૃદય પવિત્ર બને છે. તેથી પવિત્ર કાર્ય થઈ શકે છે, અક્રુરજી વિચારે છે, હું કૃષ્ણનો દાસ છું, લૌકિક સંબધે હું વસુદેવજીનો મિત્ર થાઉં છું. અને પિતરાઈ ભાઈ પણ થાઉં છું, તેથી હું કૃષ્ણનો કાકો કહેવાઉં છું, વળી વયોવૃધ્ધ છું, તેથી કૃષ્ણ મને નામથી તો નહીં જ બોલાવે !

મને કહેશે, ''કાકા આવો ! કાકા બેસો'' તો મારો જન્મ સફળ થઈ જશે. ગમે તે ભાવે ભગવાન સાથે સંબધ જોડવો જોઈએ, અક્રુરજીનાં મનમાં ભગવાનનું સતત

ચિંતન ચાલી રહ્યું છે. મન એકાગ્ર થવાથી ઘોડા માર્ગ વચ્ચે ઉભા રહી જાય છે.

વહેલી સવારે મથુરાંથી ગોકુળ જવા નીકળ્યા છે, સાંજ થવા આવી ત્યારે ગોકુળ પહોંચ્યા, મથુરાં થી ગોકુળ બહું દુર નથી, રસ્તામાં અક્રુરજીએ શ્રી કૃષ્ણનાં ચરણ ચિહન જોયાં, કમળ, ધ્વજ, અંકુશથી વિભુષિત ચરણ પગલાં જોઈ અક્રુરજી રથમાંથી નીચે ભુમિ ઉપર કૂદી પડયા, હર્ષ પુલકિત બની ચરણ ચિહન પાસે બેસી વ્રજ રજને મસ્તકે ચડાવી, આંખને અડાડી ને શરીરમાં ઘસે છે. વ્રજરજમાં આળોટે છે, પછી દંડવત કરતાં કરતાં નંદભુવને પધાર્યા.

**આવીને છોડયો રથ આંગણે, નંદરાયને નિરધાર;**
**ગોપી વળી ટોળે મળી વળી કરે છે વિચાર.**

પ્રભુ ગૌશાળામાં ગાયની સેવા કરે છે, અક્રુરજી દોડીને કૃષ્ણના ચરણમાં દંડવત કર્યા, આંખનાં આંસુથી ચરણ પલાળી દીધા.... પ્રભુએ પોતાની વરદ હસ્ત અક્રુરજીના માથા ઉપર પધરાવ્યો.

અક્રુરજીને આશા છે મને કાકો કહીને બોલાવશે માથા ઉપર હાથ મૂકીને ભેટશે આવો મનમાં ભાવ છે, તેથી પ્રભુએ કહ્યું, ‘‘કાકા તમે ભલે આવ્યા’’ હું તમારો સત્કાર કરૂં છું, એમ કહીને સ્વહસ્તે ઉઠાડીને ભાવથી હૃદયે લગાડીને ભેટયા, ભકતનો ભાવ મૂર્તિમંત બન્યો.

અક્રુરજીના આનંદનો પાર ન રહ્યો, ભકત અને ભગવાનનું મિલન થયું, હૃદય ગદગદીત થયું, આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં, ઘણા દિવસની ઈચ્છા આજે પૂરી થઈ. જેને ભગવાન માન આપે તેને ધન્યવાદ છે. જગના જીવોએ આપેલા માન પત્ર કશા કમમાં આવતાં નથી.

નંદરાયે ભાવથી અક્રુરજીને ભોજન કરાવ્યું, પછી અક્રુરજી એ કહ્યું, ‘‘કંસરાજાએ મને મોકલ્યો છે, ! તે મોટો ધનુર્યજ્ઞ કરે છે, તેથી કૃષ્ણ, બલરામ ને મથુરાં લઈ જવા માટે આવ્યો છું, કંસ રાજાએ સોનાનો રથ ખાસ તમને તેડવા માટે મેકલ્યો છે.

રથ જોઈને ગોપીએ ટોળે વળી ગઈ. આ સોનાનો રથ લઈને કોણ આવ્યું છે, રથને અડખે પડખે ગોપીઓ દોરી વળી, આ બુઢ્ઢો શું કરવા આવ્યો છે, ચોકકસ કાંઈક નવું થાશે, બાજુમાં જઈને પૂછો તો ખરા તે શું કરવા આવ્યો છે, કોઈક વેરી

લાગે છે, કૃષ્ણને તેડવા માટે તો નહિ આવ્યા હોય ને !......

**કોરે તેડી બાઈ કૃષ્ણને વળી વાત કરો વાલપ વડે,**
**હેતે દેખાડી રાખો સંતાડી, જે નજરે એને નવ પડે.**

ગોપીઓ કહે છે, ચાલો આપણે કૃષ્ણને સંતાડી દઈએ, વહાલી વસ્તુને સંતાડી રાખે, કોઈને માણસ જલદી બતાવે નહિ, વહાલી વસ્તુને બરાબર સાંચવવી પડે, આપણને વહાલામાં વહાલા તો કૃષ્ણ છે.

ત્યારે બીજી ગોપી કહે છે, હાથમાંથી જાશે તો આપણને જીવવું હરામ થઈ પડશે, ત્યારે ત્રીજી ગોપી કહે છે, રથ લઈને આવ્યો છે, તેને પુછો તો ખરા ! "ભાઈ, તારૂં નામ શું છે ?" મારૂં નામ અક્રુર છે" શું કરવા આવ્યો છો ? કૃષ્ણ સાથે કામ છે તેથી આવ્યો છું.

કૃષ્ણને અક્રુરજી અરસ પરસ કુશળતા પુછતા હતા, તે જોઈને ગોપીને શંકા થઈ કે કૃષ્ણને એકાંતમાં કાંઈક સમજાવેછે, ચોકકસ તેડવા માટે આવ્યો લાગે છે.

ગોપીએ પૂછયું રથ લઈને શું કરવા આવ્યો છો ? અક્રુરજીએ કહ્યું, કૃષ્ણ-બલરામને તેડવા માટે આવ્યો છું, આવી વાત સાંભળી ને ગોપીઓ આકુળ વ્યાકુળ બની ગઈ, તારૂં નામ તારી ફઈએ સમજીને નથી પાડયું, અક્રુર શું કામ નામ પાડયું છે ? તું તો સાવ ક્રુર છો, અમારા કૃષ્ણને શું કામ લેવા આવ્યો છે.... પાછો જા..... અમારા કૃષ્ણને અમે નહિ દઈએ.

અમને રડાવવા આવ્યો છે, કૃષ્ણ વિના અમને ગોકુળ સ્મશાન જેવું લાગશે, તારે લઈ જવા હોય તો બલરામને લઈજા, પણ કૃષ્ણને ન લઈ જઈશ, અમારા કૃષ્ણને વિદાય અમે નહિ, આપીએ, અમારા કનૈયા વગર અમે જીવશું શી રીતે !

અક્રુરજીને સુઝતું નથી કે આ ગોપીઓને હું કેવી રીતે સમજાવું, અક્રુરજી પણ રડી પડયા, ગોપીઓ વિધાતાને ઠપકો આપે છે.

**લેખ લખતાં ભુલ્યો બ્રહ્મા, અને અગલ ગઈ તારી ઉચળી;**
**જોડ જોડી નાખે છે ત્રોડી, તારી અસત મત એવી વળી.**

વિધાતા તારામાં દયાનો છાંટો નથી, અમને કૃષ્ણ સાથે સ્નેહ કરાવીને હવે વિયોગ કરાવે છે,

આ વાતની મૈયા યશોદાજીને ખબર પડી, હ્રદય ધડકી ઉઠયું યશોદાજી

નંદરાજાને વિનવે છે, તમારે જવું હોય તો ખુશીથી જાવ, પણ મારા કનૈયાને મથુરા ન લઈ જશો ! નંદરાજા કહે છે, ''દેવી હું સાથે છું, પછી તમને શેની ચિંતા ! બે ત્રણ દિવસ મથુરામાં ફેરવીને પાછા આવશું.

રાત્રે બધાં સુતા છે, યશોદાજીને ઉંઘ આવતી નથી, આવતી કાલે મારો કૃષ્ણ મથુરાં જશે, તેના વગર હું શું કરીશ, કનૈયાો બહુ જ શરમાળ છે, તેને ત્યાં કોણ મનાવી મનાવી ને જમાડશે, આંગણામાં બેસીને મા રડે છે.

મા ના પડખામાં સૂતેલા કૃષ્ણ જાગી ગયા, બહાર આવી જોયું તો મા રડે છે, પિતાંબરના છેડાથી આંસુ લૂછતા કૃષ્ણ કહે છે, ''મૈયા તમે કેમ રડો છો ? રડતે રડતે મૈયા બોલ્યાં છે,'' બેટા..... રડું નહિ તો શું કરૂ ! તારા વગર મને જરાય ગમશે નહિ, તારા વગર મારા દિવસ કેમ જશે, તારૂં મુખડું જોઈને હું જીવતી હતી, હવે મારૂં જીવતર હરામ થઈ જશે, બેટા તું મથુરાં ન જઈશ.

માનો પ્રેમ જોઈને પ્રભુની આંખાં આંસુ આવી ગયા, મૈયા ચિંતા ન કરો, હું તમને મળવા આવીશ, પ્રભાત થયું, મૈયા યશોદાજીએ કૃષ્ણને માંગલિક સ્નના કરાવ્યું અને સરસ શણગાર પહેરાવ્યા, ''બેટા આ છેલ્લો'' શૃંગાર કરૂં છું, તારૂં મનોહર મુખડું હવે મને કયારે દેખાશે ? મૈયા યશોદાજીનું હૈયું હાથ નથી. લે બેટા.... આજે મારા હાથથી તને કોળીયો આપીને જમાડું, કાલે તને ત્યાં કોણ જમાડશે ! એમ કહી ઉંચે સ્વરે રડવા લાગ્યા. ગોપીઓ રડતા હદયે કહે છે.... હે કૃષ્ણ !!!

**મથુરા મ જાશો રે પ્રિતમ પાતળા રે,**
**નાખી અમને નોંધારા મારા નાથ ।**
**જરૂરને જાવું રે હોય તિયાં તમને રે,**
**તો લેજો શામળા અમને રે સાથ.મથુરા**

હે કૃષ્ણ તમને જરૂર જાવું જ હોય તો અમને તમારા સાથે લેતા જાવ, તમારા વિના અમારાથી નહિ રહેવાય.

**પ્રિતી કરીને રે પિયુજી મા પરહરો રે,**
**રાખો પ્રિતમ અમને રે પાસપ;**
**અળગાને રહેતા રે અધીર અતિ અમને રે,**
**વણ દીઠે રહે અંતર ઉદાસ.મથુરાં.**

ગોપીઓ કહે છે, હે કૃષ્ણ તમને મથુરાં જાવું જ હોય તો અમને સાથે લઈ જાવ, જેમ મણિ વિના ફણિ આંધળો થઈ જાય, ધનિકનું કોઈ ધન લઈ જાય તો તેને કેવું દુઃખ લાગે, તેમ અમારૂં ધન તો હે કૃષ્ણ તમે છો, અમારા માટે સર્વસ્વ જે કહો તે તમે જ છો, માટે મથુરાં જાશો નહિ.

ગોપીઓ કહે છે, ''હે અક્રુર, તું અમારા પ્રાણ લેવા આવ્યો છે

**જાદવ કુલના વૃધ્ધ વહેલા આને મોર્યે બહુ મરી ગયા;**
**આપણા ભાગે અક્રૂર જેવા વેરી કેમ વાંસે રહી ગયા.**
**બાઈ ઘણા દિવસનો જે હોય ઘરડો, તેને મહેર ન હોય મનમાં;**
**નિર્દય હોય દગ્ધ દિલનો, બાઈ ત્રાસ ન હોય તેના તનમાં.**

ગોપીઓ કહે છે, ''જાદવકુળ ઘણાય વૃધ્ધ બુઢા મરી ગયા, આ શુંકામ વાંસે રહી ગયો હશે, બાઈ જે ઘરડા હોય, એના મનમાં મહેર ન હોય સાવ નિર્દય હોય છે, એનામમાં દયાનો છાંટો ન હોય, ના કહીએ છીએ છતાંય કૃષ્ણને લઈ જાય છે, અક્રૂરજીને સુઝતું નથી, આ ગોપીઓને હું કઈ રીતે સમજાવું.

પછી કૃષ્ણ પરમાત્મા પોતે સમજાવે છે, ''હે ગોપીઓ, હું પૃથવીનો ભાર ઉતારવા જાંઉ છું, અનેક ભકત જનો મારી રાહ જુવે છે તેને દર્શન દેવા જાઉં છું., તમો રડો નહિ, ચિંતા કરો નહિ, શાંતિ રાખો, પ્રેમથી તમારી સાથે મેં જે લીલા કરી છે તેને યાદ કરજો.

હું જાંઉ છું પણ ''હે ગોપીઓ, મારૂં આનંદાત્મક સ્વરૂપ હું તમારી પાસે રાખીને જાંઉ છું, લ્યો આ વેણું તમને આપું છું, જયારે વગાડશો ત્યારે હું દોડતો આવીશ.

''હે પ્રિય, ગોપીઓ, તમે મને પ્રાણથી પણ વધુ વહાલી છો, તેમજ મારા પ્રાણ છો, પરંતુ મને જવા દો મને મારૂં કર્તવ્ય બજાવવા દો, મારૂં પ્રયાણ મંગલમય બનાવો, હું તમારાથી ક્ષણ પણ દૂર નથી.

આ રીતે ધીરજ આપી પ્રભુ રથમાં બીરાજયા, ''વિરહમાં વ્યાકુળ બની ગોપીઓ લાજ શરમ છોડીને ઉંચે સાદે રડતાં રડતાં કહે છે,

**હમણાં રથને હાંકશે, બાઈ ધાઈને આડા ફરજો;**
**આ જો લુંટી જાય અમને, એમ પ્રગટ પોકારજો.**

ગોપીઓ રથને આડા ફરી વળ્યા અને ઉંચે સાદે કહે છે, રથને ઉભો રાખો, ઉભો રાખો. અમારા પ્રિતમ પ્રાણને શું કામ લૂંટી જાય છે, શું કામ અમને વિલખાવે છે.

ગોપીઓ કહે છે, ''ગરડા બુઢ્ઢાની અને નંદ યશોદાની અકકલ ઉડી ગઈ છે. કૃષ્ણને શા માટે મથુરા જવા રજા દેતાં હશે, એના અંતરમાં વિચાર નથી થાતો કે વ્રજ લુંટાઈ જશે, પછી શા રીતે રહી શકાશે, અરે બાઈ....કોઈ અચાનક આજ મરે તો એના કારણે કૃષ્ણ રોકાઈ જાય, મોડા વહેલા મરશે તો ખરાં પણ આજ મરે તો જાઉં વારણે, આ રીતે ઝંખના કરે છે, ત્યાં પ્રભુ રથમાં બીરાજયા.

**આ જો રથે બેઠા રસીયો, વળી ખેડાવિયો પણ તે ખરો;**
**ધ્રોડો બાઈ જાઈએ ધાઈ, વનિતા વિલંબમાં કરો.....**

જાુવો તો ખરાં, કૃષ્ણ રથમાં બેસી ગયા, દોડો દોડો જલદી રથની લગામ પકડી લ્યો, શું કામ વાટ જાુવો છો, ગોપીઓ દોડીને રથને પકડી લીધો, કોઈક પાછળથી રથને ખેંચે છે, કોઈક રથની આગળ ફરી વળ્યા, નથી જાઉં...... કૃષ્ણ મથુરામાં નથી જાઉં..... ઉતરી જાવ ભાઈ, તમારા વિના વૃંદાવન ઉજડ ને સુંનું લાગશે..... હે ગોવિંદ.... હે માધવ, ગોકુળને ઉજજડ ન કર ભાઈ......

મનને ધોવા માટે બહારનું પાણી કામ આવતું નથી, આંખના આંસુથી મન ધોવાય છે, દશ્ય એવું કરુણ છે કે, અક્રુરજી પણ રડે છે, અક્રુરજીને આશ્ચર્ય થયું કે ગોપીઓના પ્રેમની બલીહારી છે...... રથને જોઈને ગાયો હાંભા હાંભા કરે છે,..... ગોપીઓ રથને જવા દેતાં નથી.

ત્યારે ભગવાને કહ્યું, ''હે ગોપીઓ, તમે રડો નહિ, શોર બકોર કરીને પ્રયાણ સમયે રડવું તે ઠીક નહિ, હૈયાનું હેત અંતરમાં રાખો,

**ધીરજ રાખો કૃષ્ણ કહે સહુ દેખતાં મ કરો શોર;**
**હેત રાખો હૈયા માંહી બહાર મ કરો બરોર.**

''હે, ગોપીઓ તમને મારામાં પ્રેમ છે તે છાનો રાખો, બહાર બોલી ન બતાવો, અંતરનો ભાવ અંતરમાં જ રાખો.

**મારે તમારે પ્રીત છે તે છાની પાડીને રાખીએ;**
**લાજ જાય ને હાંસ થાયે, એવું ભેદ વિના કેમ ભાખીએ.**

મારૂં કહ્યું માનો અને તમે તમારા ઘરે જાવ, હૃદયમાં ધીરજ રાખજો, તમે

જેવા મને વહાલા છો, તેવા ત્રિલોકમાં કોઈ મને વહાલું નથી.

**હું તો વશ છંઉ હેતને સાચું કહું છું સુંદરી;**
**હું છંઉ જેને તે છે મારે એ તો વાત અંતે છે ખરી.**

## પ્રભુ કહે છે હું છું વશ હેતને

ગ.મ. ૨૮ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, જે ભગવાનનો ખરેખરો ભકત હોય તો તે ભગવાનના ભકતાનો હું ભકત છું, હું ભગવાનના ભકતની ભકિત કરૂં છું, એ જ મારૂં અંગ છે, અને એજ મારે વિષે મોટો ગુણ છે, એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટપ શોભેનહિ.

અરબી સમુદ્રના કિનારે સુંદર રળીયામણું માંગરોળ બંદર છે, ત્યાં મહાન મુકત સમાધિનિષ્ઠ પરમ ભકત શેઠ ગોવર્ધનભાઈ રહેતા હતા. પ્રભુના સ્વરૂપમાં કાયમ ગુલતાન રહે, જયાં નજર કરે ત્યાં તેમને શ્રીજી મહારાજ જ દેખાય, બ્રહ્માકાર વૃતિ થઈ ગઈ છે, પદાર્થમાં પણ પરમાત્મા દેખાય છે.

વેપારનો ધંધો કરે, મોટા વેપારી લાખોનો વેપાર ચાલે, વેપાર વખતે પણ ભગવાનને ભૂલે નહિ, ઘરાક માલ લેવા આવે તેમાં પણ ગોર્વધનભાઈને શ્રીજી મહારાજ દેખાય, માલ ખરીદે તો સ્વામિનારાયણના નામે અને વેંચે તો પણ સ્વામિનારાયણના નામે, શ્રીજી મહારાજ સાથે જ વેપાર કરે.

ઉધાર માલ કોઈ લઈ જાય તો તેનું નામ લખવું જોઈએ, તેના બદલે સ્વામિનારાયણનું નામ લખે.

આ વાતની શ્રીજી મહારાજને ખબર પડી, ગોવર્ધન તો ગોવર્ધન જ રહયો મારા નામ ઉપર લોકોને ઉધાર માલ આપી દે છે, હવે મારે ઉઘરાણી કરવા જવું પડશે, શ્રીજી મહારાજ ગોવર્ધન શેઠનું રૂપ લઈને ઉઘરાણી કરવા જાય, ભકત માટે ભગવાન કેવાં રૂંપ ધારણ કરે છે, આવી રીતે વેપાર ચાલે છે, શેઠને તો કાંઈ ખબર નથી. બસ આઠે પહોર હરિ સ્મરણ કર્યા કરે છે.

ભકતનાં કામ ભગવાન કરે છે, ગોવર્ધન ભાઈ શાંતિથી દુકાને બેઠા હોય, એના બદલામાં જગતનો માલિક ઈશ્વર ઘરો ઘર ફરીને ઉઘરાણી કરે, ભકત ભગવાનનો થઈ જાય તો પછી તેની તમામ જવાબદારી ભગવાન નીભાવે છે પણ

એક વખત., પહેલાં સંપુર્ણ ભાવે ભગવાનના ચરણમાં સમર્પિત થઈ જાવું પડે, આપણે બધાની જવાબદારી પ્રભુ નીભાવે છે, પણ આપણે એ વાત ધ્યાનમાં રાખતા નથી,

## ઠીક, મહા પ્રભુની એવી મરજી હશે.

તે સમયે શ્રીજી મહારાજે શુકાનંદ સ્વામીને કહ્યું, સ્વામી ગામો ગામ કાગળ લખો ! કે આવતે વરસે દુકાળ પડવાનો છે, તો જે પ્રમાણે વરો હોય એટલો અન્ન અને દ્રવ્યનો સંગ્રહ કરી રાખે, ગામો ગામ કાગળ લખ્યા પણ વડોદરાના નાથ ભકત ઉપર કાગળ લખ્યો નહિ.

મુકતાનંદ સ્વામી કહે છે, “મહા પ્રભુ ! આપ નાથ ભકતને ભૂલી ગયા છો, તેમના ઉપર કાગળ લખવો છે કે કેમ ! ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, નાથ ભકત ઉપર કાગળ લખવો નથી, બધા સંતો વિચારમાં પડી ગયા, બધા ભકતો ઉપર કાગળ લખીને ચેતવણી આપી, કે દુકાળ પડશે અન્ન દ્રવ્યનો સંગ્રહ કરજો ને નાથ ભકત ઉપર કેમ કાગ નથી લખતા, ઠીક મહા પ્રભુની એવી મરજી હશે.

પછી તો દુકાળ પડયો, વરસાદની છાંટ પડી નહિ, ચારે બાજુાં જંગલો સુકાવા લાગ્યું, પશુ ધન નાશ થવા લાગ્યું, જગતમાં ચારે બાજુ હાહાકાર મચી ગયો લોકો ભૂખે મરવા લાગ્યાં, લૂંટ ફાટને ચોરી થવા લાગી, નાથ ભકતની સ્થિતિ સાવ ગરીબ છે.

સવાર થાય કે શ્રીજી મહારાજ દિવ્ય દેહે નાથ ભકતને ઘરે થાળ લઈને પહોંચી જાય, “ભકતરાજ ભૂખ્યા છો.. લ્યો આ ભોજન જમો, આખા કુટુંબને ભગવાન જમાડે, ભકતને ખબર નથી કે આ ભગવાન છે.

વળી બપોરનો સમય થાય ત્યારે ભગવાન, થાળ લઈને આવે પ્રેમ ભાવથી બધાને જમાડે, સાંજ પડે એટલે, ખીચડી, કઢી, ને રોટલી લઈને આવે, આવી રીતે બાર મહીના સુધી શ્રીજી મહારાજ ભકતને જમાડવા પધારે છે, ભકત ભગવાનને જમાડે તેમ આજે ભગવાન ભકતને જમાડે છે, આવી રીતે નાથ ભકતે કાળ ઉતાર્યા, કાંઈ ખામી આવવા દીધી નહિ.

યાદ રાખજો આપણને બધાને શ્રીજી મહારાજ હંમેશા આવીજ રીતે જમાડે

છે, ખાધેલું પચાવે છે અને રાત દિવસ સંભાળ રાખે છે, પ્રભુના છત્ર ધ્યાનમાં જે ભકતજનો બેઠા છે, તેના યોગ-ક્ષેમને પ્રભુ વહન કરે છે.

ભગવાનનું જે રાત દિવસ ચિંતવન કરે છે, તેની ચિંતા પછી ભકતને રહેતી નથી, તેની ચિંતા શ્રીજી મહારાજને હોય છે. પ્રભુ કહે છે, તું રહે મારા નામમાં તો હું રહું તારા કામમાં. માટે આ જગતની ચિંતા છોડીને, ભગવાનનું અખંડ ચિંતવન કરવું, તેમાંજ શાંતિ છે.

## શાંતિનું મૂળ શ્રી હરિનું સ્મરણ છે

પ્રભુ કહે છે, ''હું છઉં જેને તે છે મારે, હું તો વશ છઉં હેતને એ વાત અંતે છે ખરી, ગ.મ. ૬૩ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, સતારૂપે રહેવું, તેથી પણ ભગવાન અને ભગવાનના ભકત ભેળે દેહ ધરીને રહેવું તે શ્રેષ્ઠ છે. માટે અમને એમ બીક લાગી જે રખેને સતારૂપ રહીએ ને પાછો દેહ ન ધરાય, માટે દેહ ધરીને ભગવાન અને ભગવાનના ભકત ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે એજ અતિશય શ્રેષ્ઠ સાધન.

વહાલા ભકતો ! આવું શ્રીજી મહારાજનું અંગ અને નિશ્ચય છે, પોતે ભગવાન હોય છતાં કેટલા ભકતાધિન થઈને રહે છે. વિચાર કરો, આપણે ભગવાન માટે, સત્સંગ માટે, જીવ માટે કેટલું કરી શકીએ છીએ, કેટલો દિવ્ય ભાવ રાખી શકીએ છીએ, તેની ઉંડાણમાંથી તપાસ કરવી.

એક વાત સમજી રાખજો, તનની નિરોગીતા માટે સાચી કસરત, સારો ખોરાક અને કામ છે, મનની નિરોગતા માટે સારૂં શાસ્ત્રોનું વાંચન અને શ્રી હરિની હેતથી પ્રાર્થના કરવામાં આવે તો જ તન અમે મન નિરોગી રહે છે, જેવું અન્ન તેવું મન.

સાત્વિક ખોરાક જમવાથી શરીર સ્વસ્થ નિરોગી નિર્મળ અને પવિત્ર રહે છે, વિષય વાસના રાખે છે તે વહેલો વૃધ્ધ બને છે, અને વાસુદેવમાં આસ્તા રાખે છે તે સમૃધ્ધ બને છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''જયારે ભાન આવી ત્યારે ગોપીઓ અરસ પરસ રડતાં રડતાં કહે છે, કેટલી બધી વિનંતી કરી કનૈયાને રોકવાની પણ કોઈ પ્રકારે કૃષ્ણ રોકાયાજ નહિ હવે આપણે કૃષ્ણને કયારે મળીશું, શું જોઈને મન વાળશું, ..... સંધ્યાનો સમય થયો...

**ઘેર જતાં ચરણ ન ચાલે આધી ચાલીને પાછી વળે;**
**પછી પગલાં જોઈ પીયુજીનાં વારં વાર તિયાં ટળવળે.**
**રજ લઈ લઈ મસ્તકે મુકે વળી વળી કરે બહુ વંદના;**
**વહલા વળજો વહાલા મારા નાથ નિષ્કુળાનંદના.**

ઘરે જાવા માટે પગ ઉપડતા નથી, ધરતી ઉપર પ્રભુનાં ચરણ જોઈને ત્યાં ટળવળે અને રજ લઈ લઈને મસ્તકે ચડાવે, હાથ જોડી વંદન કરે, ‘‘હે વાલા વહેલા વહેલા ગોકુળ પછા આવજો,.... ગોપીઓ રડતા હૃદયે કહે છે.’’

**બાઈ પ્રીત કરતાં પ્રીતમશું જયારે પીડાય પંડ;**
**ઓષડ એનું કોઈ ન મળે, જો ભમીએ બ્રહ્માંડ.....પ્રીત....**

સમગ્ર બ્રહ્માંડમાં ફરી વળશું તોય વિયોગની વેદનાની દવા કયાંયથી નહિ મળે

**બાઈ ચકવો દુઃખ પામ્યો દિનેશથી, પિયુષથી માનવી**
**કોણ ઉપાય હવે કીજીએ, ગજ જિળયો જાન્હવી.....પ્રીત....**

અમૃતથી માણસ દુઃખી થાય તેને કેનાથી સુખી કરવો, હાથી ગંગા જળમાં ડૂબ્યો હોય તોય જો એને ઠંડક ન મળે તો પછી એને શેનાથી ઠંડક વાળવી, એમ આપણે ભગવાન સિવાય ઠંડક શેનાથી વળે, આવી રીતે કૃષ્ણને યાદ કરતાં કરતાં ધરતી ઉપર ટળી પડે છે. જરી શુધ આવે ત્યારે બેઠી થાય,

‘‘બાઈ, આપણે બધા અચેતન હતા, પ્રભુએ કહ્યું,’’ એક વાર ચોકકસ મળશું, પણ કોણ જાણે કયારે મળશે, એનો શું નિરધાર, ખોટું ખોટું સમજાવીને આપણને મૂકીને ચાલ્યા ગયા, હવે હરિ હાથ નહિ આવે, બાઈ, હવે આપણે કેમ કામ કરીએ ? શું !

**શુકન જાુઓ સહુ વળી અલબેલોજી કયારે આવશે;**
**પોતે પધારશે પ્રેમશું કે, આપણને ત્યાં બોલાવશે.**

ગોપીઓ કહે છે, ‘‘શુકન જાુઓ, અલબેલાજી આંહી આવશે કે આપણને મથુરામાં બોલાવશે, જાુની વાત સંભાળતાં ગોપીઓ કહે છે,’’ આપણાં હવે મહી માંખણ કોણ જમશે, બાઈ, આપણને બધાને અંતરમાં કૃષ્ણ સાથે પ્રીત હતી ઉપરથી

આપણે ક્યારેક કૃષ્ણને વઢતાં, ક્યારેક આપણે કોઈ પણ બાનું લઈને કૃષ્ણને કહેતાં,

**મારે મહોલે આવો હસીને બોલાવો;**
**રે રંગભીના છેલા નંદજીના. છોજી રાજ.**

મારા હૃદયરૂપી મહોલમાં હે હરિ તમે પધારો

**પાઘડલી પેંચાળી બાંધી છે રૂપાળી,**
**રે લટકાળા મોતીડા વાળા. છોજી રાજ.**
**કાના ગીરધારી મૂરતિ તારી,**
**રે મન માની છેલ ગુમાની. છોજી રાજ.**
**બ્રહ્માનંદના પ્યારા, શોભો છો સારા;**
**રે કેશરીયા રંગના ભરીયા. છોજી રાજ.**

ભગવાનને યાદ કરી કરીને ગોપીઓ રડયા કરે છે, ભગવાનના સ્વરૂપમાં સુરતિ લાગી છે, તેથી કુળ કુટુંબ, ધન માલ માંથી વૃતિ છૂટી ગઈ છે.

આપણે પૈસા ભૂલાઈ ન જાય, ખોવાઈ ન જાય, ધન માલ મીલકત ભૂલાઈ ન જાય તેનું ધ્યાન રાખીએ છીએ, ગોપીઓમાં એ વિશેષતા છે કે ગોપીયુંનું બીજુ ગમે તેમ થાય, પણ ભગવાન ભૂલાઈ ન જાય, એનું ધ્યાન રાખે છે, આટલો આપણામાં અને ગોપીયુંમાં ફેર છે. ગોપીઓને ભગવાનનો ઈશક છે. ભગવાનની મૂર્તિ રૂપી ચિંતામણીને ઝાલી રાખવી, પણ મૂકવી નહી એ ઈશક આપણે બધાને રાખવાનો છે.

શ્રીજી મહારાજ કહે છે,

"ભગવાનના ભકતને ભગવાન વિના બીજું કાંઈ પણ મનમાં ઈચ્છવું નહિ, હાથમાં ચિંતામણી આવી ત્યારે તે ચિંતામણીને જતન કરીને રાખવી પણ તેને મૂકવી નહી, તો તેને સર્વે વાતની સિધ્ધિ થશે.

## સ્નેહ ગીતા દશમ સ્કંધનો સાર છે

શ્રીજી મહારાજ ગ.મ. ૧૦ વચનામૃતમાં ગોપીઓને યાદ કર્યા છે, અનેક જન્મનાં જયારે શુભ સંસ્કાર ભેળા થાય છે, ત્યારે તેને ગોપીઓના સરખી ભકિત ઉદય થાય છે, અને એવી ભકિત છે, તે જ પરમપદ છે, આવી ભકિત જેના હૃદયમાં હોય, તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી રહે ? કાંઈ બાકી નથી !

દિવસ અને રાત ગોપીઓને ભગવાનનાં જ વિચાર આવે છે, ગોપીયું કૃષ્ણમય બની ગયાં છે, સંધ્યાનો સમય થયો, એક ગોપી ગાય દોહવા ગઈ, ત્યાં ભગવાન યાદ આવ્યા, કૃષ્ણને હું તાજું દૂધ પાવા આપીશ. એવું સ્મરણ કરતાં કરતાં મહીં વલોવવાને બદલે દૂધ વલોવા લાગી ગઈ.

સાસુ કહે છે, ‘‘વહુ બેટા ! અત્યારે સાંજના સંધ્યા ટાણે કેમ છાશ વલોવો છો ! બે કલાક થયા વલોવ્યાજ કરો છો, હવે માંખણ ઉતારી લ્યો, જયાં માખણ ઉતારવા જાય, ત્યારે ખબર પડી હું દૂધ વલોવું છું...... આ રીતે ક્રીયા પ્રભુ પ્રેમમાં જાુદી થઈ જાય છે, ભાન રહેતી નથી.

**બોલ્યું ન ગમે બીજાું તેહને, પ્રીતમના ગુણગાન પખી;**
**અન્ય કથા કાને સુંણતા, દાઝે દીલ ને થાય દુઃખી.**

ગોપીઓને ભગવાન સિવાય બીજી વાત ગમતી નથી, કોઈ બીજી વ્યવહારિક વાત ગોપી પાસે કરે તો મનમાં દુઃખ થાય છે. ગ્રામ્ય વાત અને જેની તેની કુથલી જેને સાંભળવું ગમે તેને જલદી હરિમાં હેત થાય નહિ. ગોપીયું ને જગતની વાત ગમતીજ નથી. કદાચ કોઈ જગતની વાત કરે તો ધ્યાન દઈને સાંભળતા નથી.

**સેવા ભાવને પામી અબળા, હરિ વિયોગે વળી વિરહીણી;**
**પિયુ પિયુ પોકાર કરતાં, વણ દીઠે પ્રીતમ વિલખે ઘણી.**

‘‘હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે માધવ ! તમે અહીં આવો, જેથી હ્રદયમાં ટાઢક વળે શાંતિ થાય એવી હેતની વાતું કરો, અમને તમારી અમૃત વાણી સંભળાવો....

**હેતની વાતુ હેતની વાતું હેતની વાતું રે, આવી કરો હેતની વાતું;**
**મેલી હવે મનની ઘાતું રે, આવી કરો હેતની વાતું.**
**અમને મેલી આવા થયા કેમ આવરે,**
**જાવા દીયો જાવા હવે નથી ખમાતું રે. આવી કરો હેતની વાતું.**

તમારા દર્શન વિના અમારાથી નથી ખમાતું, માટે હે કૃષ્ણ તમે અમારી પાસે આવો, અમે તમને ચોર ચોર કહીને બોલાવતાં તેથી આંટી રહી ગઈ છે કે શું ?

**મનની આંટી મેલો ખાંતે આવી ખેલો રે;**
**રંગભર રમીએ આવી રમશું રાતું રે, આવી કહો હેતની વાતું....**

આપણે બધા ભેળા થઈને શરદ પૂર્ણીમાની રાત્રીએ રાસ રમીને આનંદ કર્યો

હતો, તેવો ફરીથી રાસ રમવા આવો અને અમારો મનોરથ પુરો કરો.

**મનોરથ પુરો મારા પ્રીતમજી પ્યારા રે;**
**ખાંતીલાજી પુરીએ મારા મનની ખાતું રે...આવી.**
**નિષ્કુળાનંદના સ્વામી, અંતરજામી રે, વારે વારે વહાલા મારા નથી કહેવાતું રે.. આવી કરો હેતની વાતું.**

ભગવાન ગોપીયું સાથે રમ્યા, ભોજન જમ્યા, વિગેરે અનેક દીવ્ય લીલાઓને તાજી કરીને સંભાળે છે, પ્રેમ કરો તો પ્રભુમાં પ્રેમ કરો ! પુત્ર પરિવાર અને અનિષ્ટ જગત સાથે પ્રેમથી તમારી ઐદિક ઉપાધીઓ વધશે, પ્રભુ સાથે પ્રેમ કરશો તો ઉપાધીઓ દૂર થાશે.

એક શેઠ હતા, તેને એક વેશ્યા સાથે આસકિત થઈ, વેશ્યા દિવસના ગામમાં ફરવા નકીળે ત્યારે આ શેઠ વેશ્યાના માથા ઉપર છત્રી ઝાલીને પાછળ ચાલે, એક દિવસ મંદિરની પાસેથી જઈ રહયા છે, ત્યાં અચાનક શ્રી રામાનુજાચાર્ય મહારાજની નજર ગઈ, સંતો તો પરમહિતકારી હોય છે, આજ્ઞાની અને વાસનિક જીવને સાચો રસ્તો બતાવે છે.

શ્રી રામાનુજાચાર્યજી મહારાજ તે શેઠને બીજે દિવસે પોતાની પાસે બોલાવ્યો, અને પ્રેમથી સમજાવતાં કહ્યું, તમને વેશ્યામાં પ્રેમ છે, જોઈને મને ઘણો આનંદ થયો, દુઃખ માત્ર એટલું છે કે તમારી જિંદગી ક્ષણિક છે, નાશવંત છે, લોહી માંસ અને વિષ્ટાથી ભરેલો વેશ્યાનો દેહ છે. ટુંક સમયમાં નષ્ટ થઈ જશે, તેની સાથે તમારો પ્રેમ પણ નષ્ટ થઈ જશે.

એમ કહીને એક થપ્પડ મારી, થપ્પડ વાગતાં જ શેઠને સમાધિ દેખાઈ ગઈ. સમાધિમાં ભગવાનના દર્શન થયાં, સાચા સંતના દર્શનથી પાપ બળી જાય છે, તો સ્પર્શની શી વાત કહેવી, આ તો આદિ આચાર્ય રામાનુજાચાર્ય છે, સંતની ભકિતની શકિત ગજબની હોય છે, થપ્પડ મારતાં વાસનાનો વિનાશ થઈ ગયો, એની સમજણ આવી ગઈ, જીવનમાં પરિવર્તન આવી ગયું, સન્માર્ગે ચડી ગયા.

આપણા મુકતાનંદ સ્વામી ગાય છે.

**સૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે...**

ભગવાનના સ્વરૂપને આંખ તથા કાન દ્વારા આપણા હૃદયમાં પધરાવવા. આંખ અને કાન દ્વારા ભગવાન હૃદયમાં પ્રવેશ કરે છે, ભગવાનના વિયોગથી ગોપીયુંના મન સાવ સુના થઇ ગયાં છે, દેહની કાંઈ પણ સંભાળ રાખતા નથી.

પ્રભુના વિયોગમા પ્રેમ વધતો જાય છે, રોઈ રોઈને નેત્રો લાલ થઈ ગયાં છે, જમુનાં જળ ભરવા જાય ત્યારે ગોપીયુંને કૃષ્ણ યાદ આવે છે. આ જગ્યાએ મારા કૃષ્ણ મને આડા ફર્યા હતા, અચાનક દોડીને મને કહ્યું, ‘‘ગોપી બેડલું ચડાવું, એમ કહી મારા માથા ઉપર જળકુંભ ચડાવતાં.

ભગવાન દિવ્ય સ્વરૂપે આવીને કહે છે, ‘‘અલી ગોપી હું તારા સાથે જ છું, લે ઘડી ચડાવું’’ એમ કહી માથા ઉપર હેલ ચડાવે છે, એક ગોપી કહે છે, ‘‘અલી સખી, તને ખબર છે, આ જમુના કીનારે કનૈયાએ મારી ચુંદડી તાણી હતી’’ એ લીલાનું કીર્તન બ્રહ્માનંદ સ્વામી ગાય છે,

**કાનુડે ચુંદડી તાણી સચૈર મારી કાનુડે ચુંદડી તાણી;**
**કોઈનો તાજ નવ આણી સૈચર મારી..**
**સર્વે સાહેલી સાથે લઈને રે, ગઈતી જમુનાં પાણી...સચૈર..**
**મન મસ્તાની થઈને ડોલે કરે, જેમ તેમ મુખથી બોલે..સચૈર..**
**બ્રહ્માનંદ કહે એની મુજ માથેરે, ઠાવકી વાત ઠેરાણી...સચૈર.**

ગોપીયું ભગવાનને યાદ કરતાં કહે છે, ઘડો ચડાવીને મને સાનમાં સમજાવતા, કોઈ ન જાણે તેમ મારે મંદિરે આવતા, આવા સુખ સંભારતાં હૃદય ભરાઈ આવે છે, ત્યારે એકાંતમાં બેસીને વિલાપ કરતાં ઉચે સાદે રડે છે. જમુનાના જળ ભરી ઘરે આવે ત્યારે પ્રાણ વિનાની પુતળી હોય તેમ સ્થિર થાય છે, માથા ઉપર ભાર છે છતાં ખબર રહેતી નથી.

નિષ્કુળાનંદ સ્વામિ કહે છે :

**સ્નેહ એનો હું શું કહું, જને પિયું શું પુરણ પ્રીત છે;**
**નિષ્કુળાનંદ કહે નથી કહેવાતું જથારથ જેવી એની રીત છે.**

શ્રીજી મહારાજ કા. ૧૧ વચનામૃતમાં કહ છે, ‘‘ગોપીઓને એમ થયું કે ભગવાનની મરજી વિના જો આપણે મથુરાં જઈશું તો ભગવાનને આપણા ઉપરથી હેત ટળી જશે, હેતનું એ રૂપ છે જે જેના સાથે હેત હોય તો તેની મરજી પ્રમાણે રહે

તો તે હેત સાચું...

ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ છે, તેથી આજ્ઞા વિના ભગવાનનાં દર્શન કરવા ગયાં નહિ, ભગવાનના વચનનો ભંગ કર્યો નહિ, ભગવાનનું ગમતું હોય તેમ જ રહેવું પ્રીતિનું લક્ષણ છે. સંસારમાં આસકિતને માયા કહેવાય, અને ભગવાનમાં આસકિત એને ભકિત કહેવાય.

ભગવાન કહે છે, મારૂં એક ઘર નથી, મારા અનેક ઘર છે, જે ભકતજન મારી સાથે પ્રેમ કરે છે, ત્યાં દોડતો જાઉં છું, તુકારામ બોલાવે, નરિસંહ મહેતા બોલાવે, કચરાભકત બોલાવે, કરણીબા વિગેરે ભકતજનો બોલાવે, ત્યાં હું દોડતો જાઉં છું, જેટલા મારા ભકતજનોનાં ઘર છે, તે ભગવાન કહે છે, એ મારા ઘર છે, મારે રહેવાના સ્થળ છે.

ભગવાન ગોપીઓને ઘરે વગર આમંત્રણે માખણ ખાવા દોડી જાય છે, પ્રેમ છે ત્યાં માગીને ખાવાની ઈચ્છા થાય છે, પ્રેમ નથી ત્યાં ગમે તેટલો સારો પદાર્થ આપે છતાં ભાવતુ નથી. (પ્રેમ તો ભાવમાં છે)

વિદુરજી ઘણા દિવસથી ભગવાન મારે ઘરે આવે, મને દર્શન આપે, એમ વાટ જોતા હતા, ઝૂંપડી બંધ કરીને વિદુરજી અને સુલભા ભગવાનના કીર્તન ગાય છે, કીર્તન ભકિત ભગવાનને બહુ ગમે છે, પ્રેમાનંદ સ્વામી કીર્તન ગાય ત્યારે ભગવાન ઢોલીયા ઉપર બેઠા હોય તો નીચા ઉતરીને ખસકતા ખસકતા સ્વામી પાસે જાય અને એના સાથે કીર્તન ગાવા લાગી જાય.

સૂરદાસજી કીર્તન ગાય ત્યારે ભગવાન બાજુમાં બેસીને સાંભળે, મનુષ્યનું જીવન પવિત્ર હશે, તો ભગવાન વિના આમંત્રણે તેમના ઘેર આવે છે. પ્રભુએ વિદુરજીની ઝૂંપડીનો દરવાજો ખખડાવ્યો, ''કાકા..... દરવાજો ખોલો!'' વિદુરજી એ દરવાજો ખોલ્યો, .... ત્યાં પરમાત્માના દર્શન થયાં, અતિ હર્ષમાં આસન આપવાનું ભૂલી ગયા પ્રભુએ પોતાના હાથથી દર્ભનું આસન લઈને બેઠા અને વિદુરજીનો હાથ પકડીને બેસાડયા. ઈશ્વર જેને માન આપે છે તેનું માન ટકે છે.

પ્રભુએ કહ્યું, ''કાકા, ભૂખ બહુ લાગી છે, કાંઈ જમવાનું હોય તો આપો, ભગવાનને ભૂખ લાગતી નથી, સ્વયં ભોકતા છે, આખી દુનિયાને પ્રભુ જમાડે છે, પણ ભકતનો ભાવ જાગે તો ભગવાનને ભૂખ લાગે, વિદુરજી વિચારે છે, ભગવાનનું

સ્વાગત શી રીતે કરૂં ! પોતે તો ભાજી ખાઈને ભજન કરે છે, ભગવાનને શું આપવું કાંઈ સૂઝતું નથી, શું કરવું !

ત્યારે ભગવાન ભાજીનું શાક ચૂલા ઉપરથી ઉતારીને પ્રેમથી જમવા લાગી ગયા. ભગવાનને જમતા જોઈને વિદુરજીની આંખમાં આંસુ આવી ગયાં. ભગવાનને હું બરાબર જમાડી શકયો નહિં.

ત્યારે ભગવાને કહ્યું કાકા, ચિંતા ન કરો, ભાજીમાંથી મને છપ્પન ભોગનો સ્વાદ આવે છે, કાકા હું પદાર્થનો ભૂખ્યો નથી, ભાવનો ભૂખ્યો છું, ઘણા દિવસથી વિદુરજી અને સુલભાનો ભાવ હતો તે ભગવાને પુરો કર્યો....

**મસ્ત રહના હો તો પ્રભુ ભકિત મૈ મસ્ત રહો;**
**ગુણગાન કરો તો પ્રભુ કા ગુણ ગાન કરો.**
**ધોને કી ઈચ્છા હો તો આત્મા કે મૈલ કો ધોઈએ;**
**કુચ્છ કરને કા દિલ કરે તો સબકા ભલા કીજીએ.**
**ડરના હો તો પાપસે ડરીએ, યે સૂત્ર યાદ કીજીએ.**

ભગવાનને કેવા ભકત ઉપર હેત થાય ? જેના હ્રદયમાં ભગવાનની પરિપૂર્ણ ભકિત હોય તે ઉપરજ હેત થાય છે.

ભગવાનને કોની સાથે ગમતું નથી, ક્રોધી, ઈર્ષાવાળો, કપટી અને માની તેની સાથે બનતું નથી, ભલે હરિભકત હોય તોય બનતું નથી માટે આ ચાર દોષને જીતવા.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ગોપીકાઓને પ્રભુ પ્રત્યે જે સ્નેહ છે, એ સ્નેહ ભકિતને હું શી રીતે વર્ણવી શકું, એના પ્રેમને ગાવો અશકય છે, આ રીતે દિવસો પસાર થતા જાય છે, ગોપીઓને એમ થાય છે કે ચાલો આપણે મથુરામાં જઈએ. કૃષ્ણને મળી આવીએ, દર્શન કરી આવીએ. બહુ દૂર નથી, ત્રણ ગાઉ જ દૂર છે. પણ પ્રેમીનું લક્ષણ છે કે પ્રીતમની આજ્ઞા કયારેય લોપવી નહિ. કનૈયાએ એમ કહ્યું છે, કે હું તમને એક વાર જરૂર મળીશ એની આજ્ઞા લોપીને જઈએ, તો કૃષ્ણને દુઃખ લાગે તો !

**અલબેલાને આરાધતાં, અતિ વ્યાકુળ થાય વનિતા;**
**જાણે જાંઉ વનમા જીવન હશે, એમ અંતરે થાય આતુરતા.**

ગોપીઓને થયું કદાચ જીવન પ્રાણ કૃષ્ણ વનમાં હશે, વનમાં જઈએ અને

કદાચ ત્યાં કૃષ્ણ મળી જાય, તેથી ગોપીઓએ તેની સાસુને કહ્યું, ''બાઈજી'' અમે મથુરાં મહી વહેંચવા જઈએ છીએ, એમ કહી મહીની મટકી માથા ઉપર મૂકી કુંજમાં કાનને શોધે છે.

**ગોરસ રસ ભરી ગોળીઓ, મહી વેંચવાનો મષ લઈ;**
**પછી કુંજ કુંજ કામિની જીવનને ગોતે જઈ.**
**કયાં હશે બાઈ કૃષ્ણ કહોને, એમ માંહો માંહી પૂછ વળી;**
**જયારે ખબર ન પામે ખોળતા, ત્યારે વલવલે વિલખે વળી.**

કોઈ સામે મળે તેને પૂછે છે, ''કૃષ્ણ કયાં છે ? તમે દીઠા હો તો કહો તો ખરા ! શોધી શોધીને થાકી જાય ત્યારે ભેળા બેસીને ગોપીઓ ખૂબ રડે છે, અરસ પરસ કહે છે, ''બેન ! આ જગ્યાએ પ્રભુ આપણી સાથે રાસ રમ્યા, કેવો દિવ્ય આનંદ આપ્યો, આજે આ સર્વે સ્થળ ખાવા જેવાં લાગે છે, જે જે સ્થળે પ્રભુએ લીલા કરેલી છે તે સ્થળ જોઈને ગોપીઓ ખૂબ રડે છે, પ્રભુને પુકારે છે,

**વાટડી જોઉં છું રે વહાલ, હજી કેમ ના આવ્યા નંદલાલા રે. વાટડી૦**
**કારતડે કપટ વચન કરાવો તમે મારા નાથ વજ આવો;**
**મિથ્યા બોલો તોય મન ભાવો રે...... વાટડી૦**
**માગશરે મહા દુઃખમાં ગોપી, રહી તન મન તમને સોંપી.**
**તમ સારૂં લોક લાજ લોપી રે....... વાટડી૦**

ગોપીઓ કહે છે, કારતક મહિનો ગયો, માગશર ગયો, હજુ કૃષ્ણ ન આવ્યા મહિના ને દિવસો ગોપીઓ ગણે છે, પ્રેમની સંયોગમાં બહુ ખબર ન પડે, વિયોગમાં વધારે યાદ આવે, ભગવાનમાં પ્રેમ વધારવો હોય તો, ભગવાનના અવતારોની કથા સાંભળો, વાંચો અને સમજો, જયાં સુધી સંસારમાંથી આસકિત દૂર નહિ થાય, ત્યાં સુધી ભકિત બરાબર થશે નહિ અને થશે તો ભકિતમાં આનંદ ભળશે નહિં.

ગોપીઓની ભકિત નિષ્કામ છે, નિષ્કામ ભકિતનાં બે ફળ છે, જ્ઞાન અને વૈરાગ્ય, ભક્તિ નિષ્કામ હોવી જોઈએ, કોઈ કામના નહિ, ગોપીઓનો કૃષ્ણ પ્રેમ નિસ્વાર્થ છે. ગોપીઓની પરીક્ષા કરવા માટે ભગવાને એક વખત લીલા કરી.

એક વખત દ્વારીકાનાથ બીમાર થયા, અનેક ઉપાય કર્યા પણ બીમારી મટતી નથી, અષ્ટ પટરાણીઓ ખુબ સેવા કરે છે, પણ જરાય ફેર પડયો નહિ, પ્રભુએ કહ્યું,

બીમારી દૂર કરવાનો એક જ ઉપાય છે, મારો ભકત મને એના ચરણની રજ આપે એ રજ મારા શરીરે લગાડું તો તરત બીમારી દૂર થઈ જાય.

અષ્ટપટરાણીઓ કોઈ ચરણ રજ આપતાં નથી, આપણા પતિદેવને ચરણરજ આપીએ તો આપણને નરકમાં જવું પડે, માટે આપણાથી ચરણ રજ અપાય નહિ. હવે શું કરવું ! ત્યાં ફરતા ફરતા નારદજી આવ્યા, નારદજીને વાત કરી, નારદજીને થયું નરકમાં જાવું પડે, દુઃખી થાવું પડે, એવું કામ આપણાથી થાય નહિ, તેથી તે દોડતા દોડતા વૃંદાવનમાં ગોપીઓ પાસે આવ્યા.

ચરણ રજની યાચના કરી, આ સાંભળી ગોપીઓની આંખમાં આંસુ આવી ગયાં...અરે રે... અમારા કૃષ્ણ બીમાર છે ? જલ્દી લઈ જાવ, અમારી ચરણ રજ. જલ્દી કૃષ્ણને આપો, અમારા કૃષ્ણની બીમારી દૂર થતી હોય તો અમે નરકમાં પડવા તૈયાર છીએ, અમે ભલે દુઃખી થઈએ, પણ અમારો કૃષ્ણ જરાય દુઃખી ન થવો જોઈએ.

ચરણ રજ લઈ નારદજી વૈકુંઠમાં આવ્યા, “લ્યો પ્રભુ, આ ગોપીઓની ચરણરજ.” પ્રભુની આંખમાં આંસુ આવી ગયાં, ધન્ય છે ગોપીઓના પ્રેમને અને જીવનને. ગોપીઓની ભકિત અહૈતુકી છે, કોઈ હેતુથી ભકિત નથી કરતાં, કેવળ પ્રભુ પ્રસન્નતા માટે જ પ્રેમ કરે છે, પ્રભુ તરત સાજા થઈ ગયા, ગોપીઓ પરીક્ષામાં પાસ થયાં. ગોપીઓનું મન ભગવાનને મળવા માટે તલપે છે,

**મોહનજીને મળવારે ભુધરજીને ભેટવા રે, તલપે છે મારું તન.**

**૧) રાત્રે ન આવે નિંદ્રાને, દિવસે ન ભાવે અન્ન હો**

**બેની...મોહનજી...**

**૨)સુંતાં બેઠા જાગતાં રે, ભીંતરમાંહી ભજન.**

**લોચન રહ્યાં લલચાઈને, જોવાને જીવન...હો બેની...**

**૩)ઝંખે છે મારો જીવડો રે વહાલાનું જોવા વદન**

**દીઠા વીના દાઝે દીલડું રે કેમ કરી કાઢું હું દન...હો બેની...**

**૪) ભુધરજીને ભેટવા રે મનસુબો કરે મન**

**નિષ્કુળાનંદના નાથશું રે,ક્યારે લેશું આલિંગન...હો બેની...**

પ્રભુના વિયોગમાં, રાત્રે ઉંઘ નથી આવતી, દિવસે અન્ન નથી ભાવતું, સુતાં, બેઠા, જાગતાં ભીંતરમાં કાયમ ભજન થાય છે, ભગવાનને મળવા જીવ ઝંખે છે,

કયારે આલિંગન કરીને કૃષ્ણને ભેટીશું...પાણી વિના માછલી તરફડે તેમ કૃષ્ણ વિના ગોપીયું તરફડે છે.

જયાં સુધી અંતરમાં પાપ છે, વાસના છે ત્યાં સુધી ગોપીયું ના જેવી ભકિત થાતી નથી. સંસારનાં વિષયોમાંથી આસકિત દૂર નહિ થાય, ત્યાં સુધી ભકિત થશે નહિ અને થશે તો ભકિતનો આનંદ મળશે નહિ, જીવ પરમાત્માનું નામ લેશે, પણ ગાંઠ રહી જાશે તો ભકિતની ગતિ રોકાઈ જશે,

## વાસના પુનર્જન્મનું કારણ બને છે

એક ચોબાજી હતા, તે હંમેશા નશામાં મસ્ત રહેતા, એક વખત તેમને મથુરાથી ગોકુળ જવાનું થયું, યમુનાજીમાં હોડી વાટે જવા તૈયાર થયા, હોડીમાં બેઠા, આખી રાત હલેસા માર્યા, હલેસા મારતા જાય ને બોલતા જાય, અભી ગોકુલ આ જાયેગા...અભી ગોકુલ આ જાયેગા...

સવાર પડી કિનારે ઉભેલા માણસોને પૂછયું, “યે કયા ગાંવ હૈ ” લોકોએ કહ્યું, મથુરા છે, વિશ્રામઘાટ છે, ઓ હો... સારી રાત ભર હલેસા માર્યા તો ભી ગોકુલ ન આયા, ગોકુલ તો જયાદા દૂર નહિ હૈ, તો ભી કયું નહિ આયા.

પછી તપાસ કરી ત્યારે ખબર પડી કે હોડી દોરડાથી બાંધેલી છે, તેથી કયાંથી ગોકુળ સુધી પહોંચે, તેવી જ રીતે આપણું જો વાસનારૂપી દોરડું બાંધેલું હશે, મોહ મમતામાં ડૂબેલા હશું તો ભગવાન સુધી નહિ પહોંચાય, ભલેને આખી જીંદગી તપ કરો, જપ કરો પણ પહેલું વાસનાનું દોરડું છોડી નાખીએ પછી ભજન ભકિત માં સતત લાગેલા રહીએ, ત્યારે ધારેલા લક્ષ સુધી અક્ષરધામ સુધી પહોંચી શકાય. મનુષ્યની વાસનાજ તેના પુનર્જન્મનું કારણ બને છે.

**પ્રાણ મરે જો પ્રિતમ વિના વળી પિયુ વિયોગે પહેલા જાજો રે;**
**મગન થઈને હું માગું છું મનમાં, એવું બાઈ મારે થાજો રે...પ્રાણ...**

ગોપીઓની ધીરજ ખૂટી ગઈ, વિચાર કરે છે, પ્રભુ વિયોગમાં જીવ કેમ દેહમાંથી નીકળી જાતો નથી, મણીધરના શિર પરથી મણી નીકળી જાય પછી એને કોઈ રીતે સુખ ન હોય, કોઈ માણસ કરોડો રૂપિયાનો આસામી હોય પછી એની પાસે એક પણ પૈસો રહે નહિ, તો તેની દશા કેવી થાય ! કલ્પાંત કરી કરીને મરી જાય.

જોગઈ જતું રહે, સંતત્ત્વપણું જતું રહે, પછી જીવવું તેનો કોઈ અર્થ નથી. સત્ય ગયા પછી સતિ જીવે તોય શું કામની ! મહાનતા તો સત્યની છે, નગર બધું લુટાયું પછી નગરપતિ જીવીને શું કરે, તેમ ગોપીઓ કહે છે, ‘‘આપણે સત્યસ્વરૂપ રૂપી નગરપતિ પરમેશ્વર ગયા પછી, આપણે જીવીને શું કરશું. ભગવાન વિના જીવતર સાવ નકામું છે.’’

**સખી રે ફળ રહિત રંભા જે કોય રહે તે તો અર્થ શે આવે રે;**
**નિષ્કુળાનંદના નાથ વિયોગે, માગ્યું મોત કયારે ન આવે રે. પ્રાણ.**

કેળાના સ્થંભમાં એકવાર કેળા થઈ જાય, પછી એ કેળા સાવ નિર્માલ્ય લાગે, પછી એની કોઈ કિંમત નહિ, તેમ ‘‘ હે કૃષ્ણ તારા વિના અમે એવા નમાલા અને સુનાં નિસ્તેજ લાગીએ છીએ, હવે અમે જીવીને શું કરીએ ! આના કરતાં મરવું સારું,’’ પણ માગ્યું મોત આવતું નથી. ગોપીઓ ખૂબ અકળાય છે.

**મન કરે મોહન મુખ જોવા તણુંજી;**
**વણ દીઠે વાલમ અંતર સુખ નહિ અણુંજી.**

‘‘હે કૃષ્ણ એક વાર તારા મનોહર મુખડાનું દર્શન કરાવ તને જોયા વિના અંતરમાં અણું જેટલું પણ સુખ થતું નથી.’’

## સબસે ઉંચી પ્રેમી સગાઈ

શ્રીજી મહારાજ પ્રેમ લક્ષણા ભકિતને દશમા પ્રકારની ભકિત કહી છે. પુંજાભાઈએ મનમાં નિર્ણય કર્યો કે ગોપનાથ જઈને કાંતો દેહ પાડી દઉં ને કાંતો પ્રગટ પ્રભુને મળું. પછી ગોપનાથ જઈને સમુદ્રમાં શિવલીંગ હતું, તેને બાથ ભરીને બેસી ગયા, ત્યાં ભરતી આવી એટલે બહાર કાઢી નાખ્યા, એમ ઘણી વાર થયું, પછી સમુદ્રમાં ચાલવા લાગ્યા.

ત્યારે આકાશવાણીએ કહ્યું, ‘‘મરવાનું છોડી દે, તારે ઘરે જા ! પ્રગટ ભગવાન મળશે.’’ તુરંત હરખાતા હૈડે ઘરે આવ્યા, ત્યાં ગામના ચોરે સ્વામિનારાયણ ભગવાનના સંતો બેઠા હતા, ત્યાં તે ગયા, એટલે સંતોએ નિશ્ચય રૂપી વાત કરીને નીતિ નિયમ શીખવાડયાં, માનવ શરીરનું મહત્વ સમજાવ્યું.

પૂજાપાઠની રીતભાત શીખવાડી, પાકો સત્સંગનો રંગ ચડાવ્યો. પુંજાભગતે

વસ્તાખાચરને કહ્યું, ''તમારા ગામ કારીયાણીમાં ભગવાન પધારે ત્યારે મને સમાચાર મોકલજો.'' થોડા સમય પછી શ્રીજી મહારાજ કારીયાણી પધાર્યા, વસ્તાખાચરે સમાચાર મોકલાવ્યા. તે સમયે પુંજાભગત વાડીએ કામ કરતા હતા, ઉનાળાનો સમય હતો.

વૈશાખ મહીનાનો સખત તાપ, ત્યાં સમાચાર મળતાંની સાથે બળદોને ગામને રસ્તે હાંકીને પોતે બાળકની જેમ દોટ મૂકી, ત્રણ ગાઉ દોડતા જ ગયા. જેમ નદી સમુદ્રને મળવા આતુર બને છે, તેમ ભકત ભગવાનને મળવા આતુર છે.

ભગવાન કારીયાણીમાં બિરાજે છે, ત્યાં તેમને ખૂબ તરસ લાગી, મુકુંદબ્રહ્મચારી વારંવાર પાણી આપે છે છતાં પણ તરસ છીપતી નથી. મુકતાનંદ સ્વામીએ કહ્યું, ''હે મહારાજ, આપ વારંવાર પાણી પીઓ છો, છતાંય પાણી માગ્યા જ કરો છો !''

શ્રીજી મહારાજે સરસ જવાબ આપ્યો, સ્વામી અમને મળવા માટે પ્રેમી ભકત પુંજાભાઈ દોડતા આવે છે, તેને બહુ તરસ લાગી છે, પણ પાણી પીવા પણ રોકાતા નથી, અંતરમાંથી એમને મને મળવાનો ખૂબ આતુરતા છે, તેમને પાણી પાયા સિવાય અમારી તરસ નહિ બુઝે. માટે લાવો પાણીનો લોટો. અમે જાતે તેમને પાણી પાવા જઈશું.

ઠંડા પાણીનો લોટો ભરીને શ્રીજી મહારાજ સ્વયં દોડતા સામે જાય છે, પેલી બાજુ પુંજા ભગત દોડે છે. ભગત દોડે છે. આ બાજુ શ્રીજી મહારાજ દોડે છે. રસ્તામાં બન્ને ભેગા થયા, શ્રીજી મહારાજે ઝાડનાં છાંયે પુંજા ભગતને બેસાડીને પોતે પાણી પાયું, ત્યારે શ્રીજીની તરસ છીપી. આ પ્રસંગ દ્વારા શ્રીજીએ ભકતો સાથે પોતાની એકતા બતાવી.

જેમ મુંગા બાળકને સારી પેઠે મિઠાઈ ખવડાવીએ, અને પછી પૂછો કે કેવો સ્વાદ છે ? તો મૂંગો શું બોલે ! મુખથી કહી ન શકે, તેમ પ્રેમી ભકતનું પ્રેમનું વર્ણન કોણ વર્ણવી શકે !

વચનામૃતમાં શ્રીજી મહારાજ બોલ્યા છે, ''મારે તો એક જ અંગ છે. જો ભગવાનનો ખરેખરો ભકત હોય તો હું તો તે ભગવાનના ભકતોનો પણ ભકત છું, અને હું ભગવાનના ભકતની ભકિત કરું છું, એજ મારે વિષે મોટો ગુણ છે, અને

એટલો ગુણ જેમાં ન હોય, તો તેમાં કોઈ જાતની મોટપ શોભે નહિ.''

ગોપીઓ ભગવાનને પોકારે છે, અમારે બીજું કાંઈ નથી જોઈતું, દર્શન દઈને વિરહની વેદનાને ટાળો, હે વહાલા, વહેલા આવો પ્રિતમ પ્યારા.

**વહાલાજી વહેલા આવો રે પ્રીતમ પ્યારા;**
**પ્રિતમજી પ્યારા તમને લાગી છે મારી પ્રીતિ.**
**જાણો છો સર્વે રીતિ રે...પ્રિતમ પ્યારા...વહાલાજી...**
**પ્રિતમજી પ્યારા વાધી છે વિરહની વેલી;**
**ગયા છો ઉભા મેલી રે પ્રિતમ પ્યારા...વહાલાજી...**
**પ્રિતમજી પ્યારા તલખે છે વ્રજકેરી નારી;**
**ભેટયાની આશ છે ભારી રે પ્રિતમ પ્યારા...વહાલાજી...**
**પ્રિતમજી પ્યારા દર્શન દઈને દુઃખ ટાળો;**
**રંગડાની રેલ વાળો રે પ્રિતમ પ્યારા...વહાલાજી...**
**પ્રિતમજી પ્યારા બ્રહ્માનંદની અરજી સુંણીએ;**
**શું ઝાઝું તમને ભણીએ રે પ્રિતમ પ્યારા...વહાલાજી...**

ગોપીઓ ઉંડા ઉંડા નિઃશ્વાસ નાખીને પોતાને જ ધિકકારે છે, પોતાનો વાંક કાઢે છે, કૃષ્ણે આપણા સાથે હેત કર્યું, પણ આપણે એનું શું ભલું કર્યું, ગોપીઓ અરસ પરસ કહે છે, ''અરે બાઈ, આપણે બધા કૃષ્ણથી કેટલા બધા અવળા ચાલતા, હેતે કરી આપણા ઘરે કૃષ્ણ આવતા, ત્યારે માખણ દઈને નચાવતાં, અને માખણચોર માખણચોર કહીને બોલાવતાં.

કૃષ્ણને પકડીને આપણે મૈયા યશોદાજી પાસે લઈ જતાં, રાવ દેતાં કે મૈયા કનૈયાને વારો ! એ અમને રંજાડે છે, વાછરડાં છોડીને ગાયને ધવડાવી દે છે, આવી રીતે ફરીયાદ કરતાં, છતાં કૃષ્ણ આપણી સાથે હેત રાખતા.

**પરાણે પકડીને પ્રીત કીધી અલબેલે આપણે સાથજી;**
**જાત બાઈ ભવવારી માંહી તે તો હરિએ રાખ્યા ગ્રહી હાથજી.**

વાત કરતાં કરતાં રડી પડે છે, ભવસાગરમાં આપે ડૂબી જાત, હાથ ઝાલીને ભગવાને આપણને બહાર કાઢયા છે, કનૈયાને આપે ખૂબ ખીજવતાં. આપણે કાનાને

દુ:ખ દેવામાં બાકી નથી રાખ્યું.

**સમે સમે એણે સુખ દીધા, લાડિલે લાડ લડાવિયાં;**
**આપણું ગમતું કીધું એણે, માન દઈને મન મનાવિયાં.**

ગોપીઓ કહે છે, આપણા ગમતામાં કૃષ્ણને કામ કરાવતાં, આપણે જેમ કહેતા તેમ કૃષ્ણ કરતા. એક વખત આપણે નિષ્ઠુર થઈને કનૈયાને બંધાવ્યો હતો, છતાં પણ કૃષ્ણ આપણા ઉપર સદાય હેત રાખતા, પણ આપણે એને ફાવે તેવું બોલી લેતાં, “હે સખી એવા લાડ કૃષ્ણ કયારે લડાવશે.”

આવી કલ્યાણકારી લીલા ચરિત્રને યાદ કરીને તાજુ કરે છે, શ્રીજી મહારાજ ગ.મ.૩૫ વચનામૃતમાં કહે છે, “અમારાં ચરિત્ર લીલા તેને કહેવાં અને સાંભળવાંને તેનું મનન ચિંતન કરવું અને જેને એવું ચિંતવન અંતકાળે જો થઈ આવે તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે માટે પ્રભુનાં સર્વે ચરિત્ર તથા નામ સ્મરણ કલ્યાણકારી છે.

ગોપીઓ કહે છે, “હે બાઈ, સમે સમે ભગવાને આપણને સુખ આપ્યું, પણ મૂઢમતિ આપણે એનો મહિમા સમજી શકયાં નહિ”, એક પ્રસંગ ને યાદ કરતાં ગોપી રડે છે,

**મૂઢમતિ અતિ આપણી, એને કાળો કહીને બોલાવતી;**
**કંઈક વાતની વાત માંહી, એને હા કહીને હુલાવતી.**

ગોપીઓ અરસ પરસ કહે છે, આપણે મુઢમતિ છીએ, કૃષ્ણને કાળીયા એ કાળીયા કહીને બોલાવતાં, બલરામ પણ કાળીયો કાળીયો દરરોજ કહે, તેથી એક દિવસ પ્રભુ રીસાઈ ગયા, યશોદાજીને કહ્યું, “મા હું આજે ગાયો ચરાવવા નહિ જાંઉ, મને મોટાભાઈ આખો દિવસ કાળીયા પાણી આપ, કાળીયા વાછરડાને વાળ, આમ આખો દિવસ વનમાં કાળીયો કાળીયો કહે છે, તેથી આજે ગાયો ચરાવવા નહિ જાઉં.

**લેને તારી લાકડી લેને તારી કામળી;**
**ગાવડલી ચરાવવા નહિ જાઉં માવડલી...લેને...**

“કૃષ્ણ કહે છે, મૈયા આ લાકડીને કામળી લઈ લે,... હું આજે મોટાભાઈ ભેગો ગાયો ચરાવવા નહિ જાંઉ,” મા યશોદાજીએ બલરામને ઠપકો દીધો, કૃષ્ણને

કાળીયો કાળીયો શું કામ કહો છો ? સરખી રીતે બોલાવજો, મનાવી સમજાવી ને ગાયો ચરાવવા મૂકયા.

ગોપીઓ કહે છે, “કૃષ્ણને આદર આપવાને બદલે આપણે કેટલો અનાદર કર્યો છે, બીજું તો ઠીક પણ આપણે કૃષ્ણને સરખી રીતે બોલાવવાને બદલે કપટી ને ખોટાબોલો કહીને ધમકાવતાં, છતાં પણ કૃષ્ણ આપણા ઉપર હેત રાખતા.

પાંચ છ વરસના બાળકને ચોર કહીએ, તો તે પણ જુદી રીતે આપણા સામુ જોશે, પણ આ તો રાજાધીરાજ પુરુષોત્તમ નારાયણ, ભકત વત્સલ ભગવાન સ્નેહ અને હેતના નાતે ગમે તેવા શબ્દો ગોપીયું બોલે છે, છતાં દુઃખ નથી લગાડતા. આ છે પ્રીતની રીત, પ્રેમમાં ગાળ દે તો પણ મીઠી લાગે છે.

ગોપીઓ પોતાના અવગુણ લીધા કરે છે, અને કૃષ્ણ પરમાત્માના ગુણ ગાય છે, આનું નામ ભકિત છે, ગોપીયું કહે છે, “અરે સખી, કૃષ્ણને આપણા અવગુણ આવતા હશે તેથી વિચારતા હશે હવે ગોકુળ નથી જાવું.” ગોપીઓ કહે છે, “આપણા માટે પ્રભુ માનવ શરીર ધારણ કરીને વૃંદાવનમાં પધાર્યા.”

**બાઈ ભવ બ્રહ્મા જેને ભજે, વળી નેતિ નેતિ નિગમ કહે;**
**તેહને જાણ્યા જાર જુવતિ, બીજું અજ્ઞ આપણાથી કોણ છેહ.**

આપણને ભગવાને એવા સુખ આપ્યા છે કે એનું વર્ણન થઈ શકે નહિ, પણ આપણે સમજવામાં ભૂલ કરી છે, ભવ, બ્રહ્મા, ઈંદ્ર, ચંદ્ર, શશિ, સૂર્ય, તેંત્રીસ કરોડ દેવતાઓ કૃષ્ણની આજ્ઞામાં ચાલે છે, સદાય કૃષ્ણનું ભજન કરે છે, તેને આપણે ઓળખી શકયાં નહિ.

સરસ્વતીજી સદાય કૃષ્ણના ગુણ ગાય છે, પ્રભુ તો પૂર્ણકામ છે, સુખના સાગર છે, કર્યાનું ઠામ છે, એમાં કોઈ ઓછપ નથી, નદી, સરોવર કુવા ભરપુર કરેલાં હોય, છતાં પણ સુખ ન માને, એવી રીતે આપણે સુખસાગર કૃષ્ણને કાંઈ સુખ ન આપ્યું, કેવળ એની છેડ કરતાં આવું યાદ આવતાં ગોપીયુંને દુઃખ થાય છે.

## ભગવાન મુખ્ય થવા જોઈએ, અને જગત ગૌણ થવું જોઈએ

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં સરસ મજાની વાત કરેલી છે. શ્રીજી મહારાજ કહે છે, “હે ભકતજનો, તમે અમારા છો, એટલે તમારામાં જરાય કસર

રહેવા દેવી નથી. રંચમાત્ર કસર રહેવા દેવી નથી, શ્રીજી મહારાજ કહે છે, " તમે અમારા છો ! " તમે બધા કબુલ કરો, આપણે સ્વામિનારાયણ ભગવાનના ખરા કે નહિ ! ... ભૂલ્યો નહિ. એના થાવામાં માલ છે. !

જે ભકતજનો પ્રભુના થઈ ગયા છે, તે લીલા લહેર કરે છે. સમજવા જેવી બાબત છે. તમારો દીકરો પરણવા જતો હોય અને ઢોલ વાળો જો જાન ભેગો બેસી જાય તો જેવું જાનૈયાને જમવા મળે, જેવું વરરાજાને જમવા મળે એવું જ ઢોલીડાને જમવા મળે, ઢોલીડો ભલે તમારો ન થયો હોય તો પણ એને તમારા જેવું જ જમવા મળે છે.

એમ તમે ભલે કદાચ ભગવાનનાં નહિ થયા હો અને બીજાની સાથે જો સત્સંગમાં આવશોને તો જેવું રાજાનું સુખ તેવું રાણીનું સુખ મળશે જ. શ્રીજી મહારાજ કહે છે, અમારા છો તેથી તમારામાં રંચમાત્ર કસર રહેવા દેવી નથી.

સ્વામિનારાયણ સંપ્રદાય ખાલી વાતોનો સંપ્રદાય નથી, સ્વામિનારાયણ સંપ્રદાય વર્તનનો સંપ્રદાય છે, વાતું કરીએ, બીજાને સમજાવીએ, ગોખી રાખીએ અને એ પ્રમાણે અમલમાં ન મૂકીને વર્તનમાં ન ઉતારીએ તો કથામાં આવ્યો તોય શું ને ન આવ્યા તોય શું ?

શાસ્ત્રો વાંચીને સાંભળીને બરાબર અમલમાં અને વર્તનમાં ઉતારવું જોઈએ, ભગવાન મુખ્ય થવા જોઈએ અને જગત ગૌણ થવું જોઈએ. ગોપીઓને મન જગત ગૌણ છે, ને ભગવાન મુખ્ય છે, તેથી તેની ભકિત શોભે છે.

**છબીલોજી દઈ ગયા બાઈ છેહજી, જાણી જન અજ્ઞ આપણે અનિસેહજી;**
**મૂઢમતિ જોઈ અબળા દેહજી, શિયા ગુણ જોઈ રાખે આપણ શું નેહજી.**

ગોપીઓને પોતાના દોષ ઘણા દેખાય છે, આપણે બધા મૂઢ છીએ, શું ગુણ જોઈને ભગવાન આપણા સાથે હેત કરે, આપણામાં કોઈ વિવેક પણ નહિ, આપણે બધા જાડા બોલીને પાલવ ખોલીએ છીએ, જંગલીની જેમ છુટા છેડે ફરીએ તેથી હરિને આપણી સાથે હેત ઉતરી ગયું લાગે છે.

આવુ અરસ પરસ બોલતાં ગોપીઓ ખૂબ રડે છે, "હે પ્રભુ અમે તમારા દાસ છીએ, ગમે તેટલા દોષથી ભરેલા હોઈશું, પણ અમને તમે વિસારશો નહિ, તમારું મનોહર મુખડું જોવા અને મધુર વાણી સાંભળવા મન ઝંખે છે."

**વિસારોમાં વહાલારે અલબેલા અમને રે,**
**અમે છીએ હરિ તમારાં દાસ રે;**
**દર્શન દેજો રે દયાળુ દયા કરીને,**
**અમને છે એક તમારી આશરે. વિસારો.**
**તમ વિના કહોને રે દિન કેમ કાઢીએ રે,**
**સુખ ઘણું સાલે છે શરીર રે.**
**નિષ્કુળાનંદના રે નાથ નિરખ્યા વિનારે,**
**કહોને કઈ પેરે ધરીયે ધીર રે.વિસારો.**

ગોપીઓ દેહભાન ભૂલી ગયા છે, કાંઈ ચેન પડતું નથી, જીવનમાં ભગવાન ભૂલાઈ જાય નહિ, તેની સાવધાની રાખવી. એક ભાઈ ગાડી લઈને રવાના થયા, એના પત્નીએ કહ્યું, કેટલે સુધી જવાના છો? ત્યારે તેના પતિએ જવાબ આપ્યો, “કયાં જવું તે મને ખબર નથી, ફકત ગાડીમાં બેસી ગયો છું.” પત્નીએ કહ્યું, અકકલ છે કે નહિ ? ગાંડાની જેમ શું કરો છો !

તમને ખબર હોવી જોઈએ, મારે કયાં જવું છે ! ખબર વગર જશો કયાં ? નકકી નિર્ણય તો જોઈએ ! ખાલી ચકકર જ મારવા છે, પૈસાનું પાણી કરવું છે.

એજ રીતે મનુષ્ય આ લોકમાં આવ્યો છે, તેને માનવદેહ રૂપી ગાડી મળી છે, કયાં જવું તે કાંઈ નકકી કર્યું ? મર્યા પછી જવું કયાં ? ધામમાં કે ગામમાં ? નકકી તો કરવું જોઈને ? દેહની અવધીતો પૂરી થવાની જ છે, જીવન સમાપ્ત થવાનું જ છે. એક દિવસ આ લોક છોડીને પરલોકમાં જવાનું જ છે.

જેની પાસે જવું છે તેની સાથે ઓળખાણ તો જોઈશેને ! ઓળખાણ વિના જશો કયાં ? માટે ભગવાનની ઓળખાણ રાખજો. મોટા મોટા વિદ્વાનો ગોપીઓના ગુણ ગાય છે, અદ્‌ભુત પ્રેમ છે ગોપીઓનો.

**કયાં પારસ ને કયાં પથ્થરો, કયાં કાચ ને કયાં કંચન;**
**એમ આગળ બાઈ આપણે, તેણે માન્યું નહિ એનું મન.**

કૃષ્ણની પરમ રહસ્યમય લીલા યાદ કરતાં ગોપીઓ પોતાના જ દોષ ગાય છે, ભગવાન કંચન જેવા, સોના જેવા શુધ્ધ છે, આપણે કાચ જેવા ફૂટલ હૈયાનાં. આપણામાં કૃષ્ણનું મન માન્યું નહિ, આપણા ભાગ્યમાં થોડા જ દિવસ સુખના હતા.

હવે આવ્યા દિવસ દુઃખના વિયોગમાં ગોપીઓ તરફડે છે.

ગોપીજનોનું તન અને મન આવી ઉચ્ચ કક્ષાએ પહોંચી ગયું છે, વિરહની વેદનાથી ભગવાનમાં પ્રીતિ ઉત્તરોત્તર વધી ગઈ. ગોપીઓની વિરહ વેદના એટલી બધી વધી ગઈ છે કે, તેમનાથી હવે બોલી શકાતું નથી. કંઠ રૂંધાઈ જાય છે. છેવટે મોટા અવાજે રડી પડે છે. અરસ પરસ કહે છે કે, ''બહેન, કૃષ્ણ પોતે તો ન આવ્યા પણ કોઈ સંદેશો પણ મોકલાવ્યો નહિ.''

**નાવ્યો સંદેશો નાથનોજીરે, જુવતી જોતાં જો વાટ;**
**આ શું થયું રે આપણે, આ શું થયું રે આપણે; પ્રાણ રહે છે શા માટે. નાવ્યો.**

માછલા પાણી વિના તરફડીને મરી જાય, કુંજ પક્ષી ઈંડા મૂકી પછી દૂર દેશમાં જતાં રહે, વૃતિ દ્વારાએ ઈંડાને સેવે, ઈંડામાંથી બચ્ચાં બને પછી બચ્ચાં એની માની છ મહિના સુધી વાટ જુવે.

**કુજતણાં બાઈ બાળકાં, જીરે જુવે વાટ ષટ માસ;**
**અવધે ન આવે જો જનની, અવધેન આવે જો જનની;**
**તજે તન થઈ નિરાશ.નાવ્યો .**

છ મહિના સુધી બચ્ચાની મા ન આવે તો તે બચ્ચા એના પ્રાણનો ત્યાગ કરી દે છે, ''હે કૃષ્ણ તમે જો નહિ આવો તો અમારા પ્રાણ નીકળી જાશે, તમારા દર્શન કરવા માટે જીવ તલપી રહ્યો છે.''

**જીવન વિના જે જીવવું એ તો અણઘટતી વાત;**
**નિષ્કુળાનંદના નાથ વિના, નિષ્કુળાનંદના નાથ વિના;**
**પંડડું નવ થયું પાત. નાવ્યો.**

ગોપીઓ કહે છે, ''જીવન વિના જીવવું તે નકામું છે, પણશું કરીએ, હજુ કોઈ પત્ર પણ ન આવ્યો અને સંદેશો પણ ન આવ્યો, પ્રભુ અંતરયામી છે, ગોપીઓ ના મનની વાત બધી સાંભળે છે.''

ગોપીઓની આર્ત વાણી સાંભળી પ્રભુજી ગોકુળમાં સંદેશો મોકલવાની ઈચ્છા કરે છે. મથુરામાં ભગવાન રાજમહેલ ની અટારીએ બેસીને વ્રજ સામી નજર કરીને રડે છે, ગોકુળમાં પ્રેમની પ્રધાનતા હતી. મથુરામાં ઐશ્વર્યની પ્રધાનતા છે. પ્રભુને વ્રજવાસીઓનો પ્રેમ યાદ આવે છે.

માખણમાં જેવી મીઠાશ હતી તેવી આંહી રાજ મહેલમાં છપ્પન ભોગમાં મીઠાશ નથી. મૈયા યશોદાજી રડતાં મૂકીને હું આવ્યો છું. મારી ગાયોને રડતી મૂકીને હું આવ્યો છું. મારા વિના બધાં તરફડતાં હશે. પ્રેમની ભૂમિ તો મારી ગોકુળ છે. આંહી બધા મને માન સન્માન આપે છે, પણ પ્રેમતો મારા ગોકુળમાં રહી ગયો.

હું માન સન્માનનો ભૂખ્યો નથી, હું તો પ્રેમનો ભૂખ્યો છું. આ બધાને યાદ કરતાં પ્રભુજી રડે છે. ત્યાં અચાનક ઉધ્ધવજી આવ્યા. કૃષ્ણ પરમાત્માની આંખમાં આંસુ જોઈને કહ્યું, પ્રભુ અહીં બધી વાતે સુખ છે, છતાં આપ એકાંતમાં બેસીને શું કામ રડો છો ? અમારી સેવામાં કાંઈ અધુરાશ છે ! પ્રભુ કાંઈ પણ ઉણપ હોય તો કહેજો...

"પ્રભુ કાંઈ બોલ્યા નહિ, હૈયું ભરાઈ આવ્યું. ખેસથી આંસુ લુછતાં બોલ્યા, ઉધ્ધવ મારા વ્રજવાસી, પ્રેમી ભકતની તારી પાસે શું વાત કરું, વ્રજનો પ્રેમ મને રડાવે છે. આંહી બધુ જ છે, પણ પ્રેમ નથી. ઉધ્ધવ તમે મને માન આપો છો ! ઉધ્ધવ હું માનનો ભૂખ્યો નથી, હું પ્રેમનો ભૂખ્યો છું."

## ઉધ્ધવ તારે ગોકુળ જવું પડશે

ઉધ્ધવજી કહે છે, "માતા પિતા તમને લાડ લડાવતા, ગાયો ચારવા જંગલમાં જતા, ગોપીઓ સાથે રમતા તે બધું ભુલી જાવ, ગોકુળ ભૂલવું જ પડશે, તો જ તમને મથુરામાં આનંદ આવશે."

ત્યારે ભગવાને કહ્યું, "ઉધ્ધવ તમે ગોકુળ જાવ અને ગોપીઓને સમજાવો એ મને ભૂલે તો જ મારાથી તેમને ભૂલી શકાય."

ઉધ્ધવજીએ કહ્યું, "મહારાજ, અભણ અને ભોળી ગોપીઓને સમજાવવી એ તો સહજ બાબત છે. હું બરાબર સમજવી દઈશ." ગોપીઓને અભણ કહી તે કૃષ્ણ પરમાત્માને બિલકુલ ગમ્યું નહિ. ઉધ્ધવજીને જ્ઞાનનું અભિમાન છે. તેથી ગોપી જ તેને ભણાવી શકશે.

પ્રભુ કહે છે, મારી ગોપી ભલે ભણેલી નથી, પણ પ્રેમની ધજા છે. પ્રભુમાં પ્રેમ કેમ કરવો તે ગોપીઓ જાણે છે. હે ઉધ્ધવ તમે ગોકુળ જાવ ત્યાં પાંચ રાત રહેજો, અને સરખી રીતે ગોપીયુંને સમજાવજો, પણ મારી ગોપીઓ કોઈ પુરુષ સામે જલ્દી જોતાં નથી. તેથી ખાત્રી કરવા માટે મારું પિંતાબર તમે પહેરી જાવ, તો એને

ખ્યાલ આવશે કે આ કૃષ્ણ પાસેથી આવે છે. તો જ તમારી સાથે વાત કરશે, નહિંતર બોલશે નહિ.

**એહ આજ્ઞા ઉધ્ધવે શિર ધરીજી,**
**જેવી શ્રી મુખે કહી છે જો શ્રી હરિજી;**
**પછી વ્રજ જાવાને અર્થે રથ આણ્યો જોતરીજી,**
**તૈયે ઉઠયા ઉધ્ધ્વજી વંદના કરીજી.**

પ્રાતઃકાળમાં ઉધ્ધ્વજી તૈયાર થઈને શ્રીકૃષ્ણ ભગવાન પાસે આવ્યા, ભગવાને પ્રસાદીનું પિંતાબર અને વૈજયંતીમાળા આપી, ઉધ્ધ્વજી પિંતાબર પહેરી માળા ધારણ કરી ગોકુળ જવા પ્રયાણ કરતાં ભગવાન પાસે આવ્યા, ભગવાનને ખબર છે, કે અભિમાની જલદી કોઈને નમતો નથી, એને ઠસક હોય છે. હું જ્ઞાની છું ભણેલો છું, હોંશિયાર છું, ઉધ્ધ્વજી... બે હાથ જોડી મસ્તક નમાવી પ્રભુને વંદન કર્યા.

**શિશ નમાવી શીખ માગી, જુતો રથ ઉપર બેઠા જઈ;**
**ત્યારે કૃષ્ણ કહે સુણો ઉધ્ધવ એક સંદેશો કહું તે સઈ.**
**નંદ જશોદાને ઝાઝા ઝાઝા પ્રણામ કહેજો પાયે પડી,**
**એહના ગુણ ઓશિગળ અમે, થઈ ન શકિયા એક ઘડી.**

પ્રભુ કહે છે, ‘‘હે ઉધ્ધવ મારી વતીથી મારા મા બાપને પગે લાગીને પ્રણામ કરજો, અને કહેજો કૃષ્ણે ઝાઝા ઝાઝા પ્રણામ કહ્યા છે,’’ આટલું બોલતાં પ્રભુ રડી પડ્યા. આસું દબાવતાં બોલ્યા છે, ‘‘હે ઉધ્ધવ, મને જતન કરીને મારી માએ મોટો કર્યો છે, હું નાનપણમાં બહુ તોફાની હતો, છતાં મને કોઈ દિવસ ઠપકો આપ્યો નથી.’’

મારી મા જશોદાજી મને એક ક્ષણ પણ અળગો મૂકતા નહિ, જેમ રાંક રત્ન ને સાચવે, તેમ મને સાચવતાં. હું અટકચાળો હતો, નિત્ય નવલી રાવ લાવતો છતાં મને પ્રેમથી બોલાવતા અને રમાડતાં. મારો તોફાની સ્વભાવ છે, દહીંની ગોળી ફોડી નાખતો, માંકડાંને ખવડાવી દેતો. દહી દૂધ ઢોળી નાખતો છતાં પણ મારો અવગુણ આવતો નહિ.

મારા મા બાપ વિષે શું વાત કરૂં ઉધ્ધવ, મને એનો ભાવ અને હેતાળ સ્વભાવ યાદ આવે છે. ઉધ્ધવ આંહી બધુ જ છે પણ નંદ યશોદાજી જેવાં મારા મા-બાપ નથી,

તેથી મને કયાંય ગમતું નથી. જમવાનું ભાવતું નથી. બીજું બધું ઠીક પણ મને એક વાત ખટકે છે, આટલું બોલતાં પ્રભુ વધારે દિલગીર થઈ ગયા... ...મારા મા બાપની મોટપની શું વાત કરું ઉધ્ધવ !

**એહ માત પિતાની મોટપ, મુખે ઉધ્ધવ કહી નથી આવતી;**
**અમે ન થઈ સેવા એની, એ તો અમને ખટકે છે અતિ.**

પ્રભુ કહે છે, ''હે ઉધ્ધવ, માતા પિતાનો મહિમા મારાથી કહેવાતો નથી, એના મહિમાનું હું શું વર્ણન કરું, પણ મને એક વાત ખટકે છે, મારાથી મારા મા બાપની સેવા થઈ નથી. મારા મા બાપને સમજાવજે કે જેથી મારા વિરહમાં રહે નહિ,'' વ્રજનું સ્મરણ કરતાં કૃષ્ણ રડે છે.

ગોપીઓના મંડળમાં જઈને ઉધ્ધવ તાડની જેમ ઉભો રહેશે, અભિમાની જલ્દી કોઈને નમશે નહિ, વડીલને જલ્દી ન નમે તો બીજાની શી વાત ? ગોપીઓને નમશે નહિ, વંદન નહિ કરે તો કલ્યાણ નહિ થાય. તેથી પ્રભુ કહે છે હે ઉધ્ધવ,

**લળી લળી તમે પાય લાગી, વળી ચરણમાં શિશ ધરજો;**
**પછી ગોપીજનને અમારા, ઘણા ઘણા પ્રણામ કરજો.**
**શિશ નમાવી વળી સર્વેને, કહેજો પ્રણામ વ્રજસાથને;**
**કુશળ છે ને કુશળ પૂછ્યું, નિષ્કુળાનંદના નાથને.**

પ્રભુ કહે છે, ''હે ઉધ્ધવ, વારંવાર લળી લળીને દંડવત્ પ્રણામ કરીને મારા માતા પિતા અને ગોપીઓને પગે લાગી ચરણમાં માથું ધરજો, બે હાથ જોડીને વંદન કરજો, અમારી કુશળતાની વાત કરજો અને કહેજો કે કૃષ્ણે તમારી કુશળતા પૂછવા માટે મને મોકલ્યો છે.''

પ્રભુ કહે છે, ''હે ઉધ્ધવ, તું ભાગ્યશાળી છો ભાઈ, આજે તું પ્રેમભૂમિમાં જાય છે.'' પ્રભુને પગે લાગીને ઉધ્ધવજી રથ ઉપર બેઠા. રથ ચાલતો થયો, પ્રભુ રથ સામે એક નજરે જોઈ રહ્યા, જયાં સુધી ધૂળની ડમરીયું દેખાણી ત્યાં સુધી ગદગદ હૃદયે જોઈ જ રહ્યા.

આ બાજુ કૃષ્ણ ગયા ત્યારથી ગાયો ઘાસ ખાતી નથી. બકરી જેવી દુબળી થઈ ગઈ છે. વારં વાર મથુરા તરફ નજર કરી ભાંભરે છે. શ્યામ વિરહમાં સર્વે વ્રજવાસીઓ ઝુરે છે. નંદ યશોદાજી કાંઈ પણ જમતાં નથી, કૃષ્ણ ન આવે ત્યાં સુધી જમવું નથી.

રાત્રે નિંદ્રા આવતી નથી. જીવ અકળાયા કરે છે. વારં વાર કૃષ્ણની યાદ આવે છે. આ પારણીયામાં કૃષ્ણ સુતો હતો, હું હાલરડાં ગાતી હતી, આ વાટકામાં માખણ જમતો, આ ઝુલડી કૃષ્ણ પહેરતો, આ પિતાંબર કૃષ્ણ પહેરીને ગાયો ચરવવા જાતો એમ કહે પિંતાબરને મસ્તકે ચડાવે છે.

આ બાજુ ઉધ્ધવ રથમાં બેસી વિચાર કરતા કરતા ધીરે ધીરે આવે છે. વ્રજમાં પ્રવેશ કર્યો. વ્રજનાં પશુપક્ષીઓ દિવ્ય છે, પક્ષીઓ પણ રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ બોલે છે. ગોપ બાળકો દરરોજ મથુરાંના માર્ગે કૃષ્ણની પ્રતિક્ષા કરતા રાહ જોઈને બેઠા હોય...ત્યાં તો દૂરથી રથ આવતો દીઠો. જોરશોરથી બોલ્યા...આપણો કૃષ્ણ આવ્યો...આપણો કૃષ્ણ આવ્યો...દોડતા સામા ગયા...ઓ હો...આ તો બીજો કોઈક માણસ છે, કૃષ્ણ નથી ! કૃષ્ણ હોય તો તો રથ ઉપરથી કુદી પડે અને આપણો હાથ ઝાલીને હેત કરે. સંધ્યા સમયે નંદજીને ઘરે રથ આવ્યો.

**ગોકુળ ગામની ગલીઓ આવી, નંદને ભવન રથ છોડીયો;**
**મળી લળી નંદ પાયે લાગ્યા, વળી કરપુર તે જોડીયો.**

નંદજી દોડીને રથ પાસે આવ્યા, બૂમ પાડી, "દેવી આપણો કૃષ્ણ આવ્યો." યશોદાજી દોડતાં આવ્યાં, ઓ હો ! આતો બીજો કોઈક છે. આપણો કનૈયો હોય તો તો બાથમાં લઈને ભેટી પડે. હે કૃષ્ણ હે કૃષ્ણ કરતાં યશોદાજી રડતાં રડતાં બેસી ગયાં.

ઉધ્ધવજીને આશ્ચર્ય થયું કે આ બધાં હે કૃષ્ણ, હે કૃષ્ણ શું કામ કરતાં હશે, કાંઈ સમજાતું નથી. પછી ઉધ્ધવજી નંદ યશોદાજીને પગે લાગીને બેઠા. નંદજી મીઠો આદર આપતાં કહ્યું, "ઉધ્ધવજી તમે ભલે આવ્યા. તમે આવ્યા તે બહુ સારું થયું. બળરામ અને કૃષ્ણ બે ભાઈ કુશળ છે ને ! અમને યાદ કરે છે કે નથી કરતા ! ત્યારે ઉધ્ધવજી કહે છે,

**એવું સુણીને ઉધ્ધવ, પાયે લાગ્યા જશોદાનંદને;**
**અર્ધક્ષણ ગુણ તમારા, નથી વિસરતા ગોવિંદને.**
**વળી બહુ પેરે પ્રણામ કહ્યા, કહે મારી વતીથી પાયે લાગજો;**
**અમારા અનુગ્રહનું વચન, કર જોડી કૃષ્ણ કહે માગજો.**

નંદજી પૂછે છે, "ઉધ્ધવજી, કૃષ્ણ પોતે અમને મળવા ન આવ્યો" ! ઉધ્ધવજીએ

કહ્યું પોતે જાતે આવવાના હતા, પરંતુ મથુરાંનો રાજય કારભાર બધો જ એમના હાથમાં હોવાથી આવી શકયા નથી. આવી રીતે કૃષ્ણની લીલાનું વર્ણન કરતાં કરતાં રાત પૂરી થઈ ગઈ.

વહેલી સવારે ઉધ્ધવજી યમુનામાં સ્નાન કરવા જાય છે, ઘરો ઘર ગોપીઓ પ્રભાતીયા ગાતાં ગાતાં મહી વલોવે છે. આખું ગામ કીર્તન ભકિતથી ગાજી ઉઠયું છે.

**મહી માંખણ માગે રે માવો મહી માંખણ માગે;**
**પ્રભાતે ઉઠીને માવો મહી માંખણ માગે.**
**ઉંઘમાંથી અલબેલો ઉઠયા નેણે નિદ્રાળું;**
**જમવા સારૂં ઝગડે ઉભા ભૂધર ભુખાળુ...મહી...**
**ગોકુળીયાની નારી સર્વે આવી છે જોવા;**
**કજીયાળો કાનુડો ન દે ગાવડલી દોવા...મહી...**
**માતાજી આ મહી તમારું નાખીશ હું ઢોળી;**
**બ્રહ્માનંદના નાથે ઝાલી મહીડાની ગોળી...મહી...**

આવી મધુર વાણી સાંભળી ઉધ્ધવજી સ્તબ્ધ થઈ ગયા, આવી મીઠાશ જેની વાણીમાં છે, તેનું અંતર કેટલું મધુર હશે. ધન્ય છે, વ્રજ ભકતોને કે કૃષ્ણ પરમાત્મામાં સદાય મન લાગેલું જ રહે છે. ગોપીઓનો નિયમ હતો કે દરરોજ દધિમંથન પછી ઘરની બહાર નીકળીને નંદજીના મહેલને નમસ્કાર કરે...આંગણામાં રથ જોયો...

અલી ગોપી! અક્રૂરજી પાછો રથ લઈને આવ્યા લાગે છે, દોડતી ગોપીઓ નંદજીના ઘરે આવ્યા.

**આવી જોયું ત્યાં ઉધ્ધવજી, પછી ભેટી તેને ભાવશું;**
**પછી પ્રેમ કરી પ્રમદા, પૂછે ઉધ્ધવને ઉત્સાહશું.**

ગોપીઓએ બે હાથ જોડી ઉધ્ધવજીને નમસ્કાર કર્યા, “ઉધ્ધવજી શું સંદેશો લાવ્યા છો. પોતે કૃષ્ણ શા માટે ન આવ્યા. એને શું અમારો અભાવ આવી ગયો છે. ઉધ્ધવજી સાચું કહેજો, તમે કૃષ્ણની સાથે કાયમ રહો છો. કૃષ્ણ અમને યાદ કરે છે કે નહિ, એને મથુરામાં કોની સાથે હેત બંધાઈ ગયું છે !” બીજું તો બધું ઠીક પણ તમે જે સંદેશો લાવ્યા છો તે અમને જલ્દી સંભળાવો.

**ઉધ્ધવજી હવે ઉચ્ચરો, કરો વહાલાની વાત;**
**જે રે કરો તે જીવાડજો, અમે છીએ અબળાની જાત...ઉધ્ધવજી.**
**એક વાતે શાંતિ ઉપજે, એકે ઉઠે છે ઝાળ;**
**વિવેકે કહેજો તે વીરા વળી, થઈ દીલના દયાળ...ઉધ્ધવજી**

"હે વીરા ! અમને હૃદયમાં ટાઢક થાય શાંતી થાય એવી વાત કરો ! ઉધ્ધવજી કહે છે, " બાઈઓ તમે ભગવાનને બહુ વહાલી છો, કૃષ્ણે મને જે કહ્યું છે તે હું તમને કહું છું, હે બાઈઓ ભગવાન તમને રાત દિવસ યાદ કરે છે."

**વળી ઉઠતાં બેસતાં એમ બોલે, શું કરતી હશે વ્રજ સુંદરી;**
**સુતા સુતા જાગે જયારે, ત્યારે ગોપી ગોપી ઉઠે કરી.**

ઉધ્ધવજી કહે છે "હે બાઈઓ, ભગવાનને તમે ખૂબ જ વહાલાં છો. આખુ જગત ભગવાનને યાદ કરે. પણ ભગવાન તમને યાદ કરે છે. હંમેશાં કહે છે મારી વ્રજ વનિતા શું કરતી હશે ! ભકતજનો પ્રભાતમાં જાગે ત્યારે ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જાગે પણ બાઈ તમે તો ભગવાનને પ્રાણથી પણ પ્યારા છો. તેથી હે ગોપી હે ગોપી કરતા કરતા પલંગમાંથી બેઠા થાય છે."

## પ્રભુને પ્રેમ પાત્ર બનાવો

જે ભગવાનને અખંડ યાદ કરે તેને સાધુ કહેવાય અને જેને ભગવાન યાદ કરે તેને સંત કહેવાય, સંત શબ્દ બહુ મહાન છે, સંત ગમે તે કપડામાં હોય, એને વસ્ત્ર સન્યાસ ની કોઈ જરૂર નથી, હૃદય ભકિતથી રંગાઈ જવું જોઈએ.

પ્રેમ કરવા લાયક એક પરમાત્મા છે. મનુષ્યનો પ્રેમ પાત્ર ક્ષણેક્ષણે બદલાય છે, પરંતુ તેને કયારેય પણ સંતોષ કે શાંતિ મળતી નથી. બાલ્યાવસ્થામાં બાળક પોતાની જનેતા મા સાથે પ્રેમ કરે, પછી રમકડાં સાથે પ્રેમ કરે, જરા મોટો થાય પછી મિત્રો સાથે પ્રેમ કરે, લગ્ન થયા પછી લાડી સાથે પ્રેમ કરે, વખત જતાં વહાલી પત્ની પર અણગમો આવે છે, પછી પુત્ર પરિવાર ઉપર પ્રેમ કરે છે, આમ ક્ષણે ક્ષણે પ્રેમ પાત્ર બદલતું જાય છે.

સાચી હકીકત સમજજો, પ્રભુને પ્રેમ પાત્ર બનાવો કે જેથી પ્રેમનું પાત્ર બદલવાનો પ્રસંગ કદી આવે નહિ.

**ભવ બ્રહ્મા ભજે છે જેને, તે તો ભજે છે બાઈ તમને;**
**તમારી તેની ખબર ખરી કાંઈ પડતી નથી અમને.**

ઉધ્ધવજી કહે છે, "ભવ બ્રહ્મા, તેત્રીસ કરોડ દેવતાઓ, અઠયાસી હજાર ઋષિઓ ભગવાનને ભજે છે, ભગવાનનું સ્મરણ કરે છે, પણ નવાઈની વાત એ છે કે ભગવાન તમને ભજે છે, તમને યાદ કરે છે, રાત દિવસ હૃદયથી હરિ તમને વિસારતા નથી. મને આશ્ચર્ય થાય છે, કે તમારાં એવાં શું પુન્ય હશે કે જેથી પ્રભુ સુતાં બેઠા જાગતાં વાત કરે છે વ્રજની." હવે તમને હરિના હૃદયનું હાર્દ સંભળાવું, ઉધ્ધવજી કહે છે, "હે સુંદરીઓ, સાંભળો તમને સુખ થાય, શાંતિ થાય એ રીતે સમજાવું " એક ચિત્તથી ગોપીઓ, ઉધ્ધવજીની વાત સાંભળે છે.

"હે ગોપીઓ તમે સગુણ સાકાર જાણીને પ્રભુને ભજો છો, પણ પરબ્રહ્મ પુરૂષોત્તમ તો સર્વ વ્યાપક છે, આખા વિશ્વમાં વસીને રહ્યા છે, વ્યાપક સ્વરૂપ આપણાથી એક અણું જેટલા દૂર નથી. વિશ્વમાં ભગવાન છે, અને ભગવાનમાં વિશ્વ છે, એમનો સર્વત્ર વાસ છે. અણું પરમાણુંમાં વસીને રહ્યા છે. રજે રજમાં અને કણેકણમાં ભગવાન છે."

તમે બહારવૃત્તિ સંકેલીને અંતરવૃત્તિ રાખીને ભગવાનનું ધ્યાન કરો, સાક્ષીરૂપે રહેલા ભગવાન ને અંતરમાં જુઓ. ભગવાન મથુરા ગયા જ નથી ! અહીં જ છે એવી ધારણા કરો. વેદ વેદાંતનો આજ સાર છે. પ્રભુ સર્વમાં વિસ્તરેલા છે.

**સ્થળે વિષ્ણુઃ જળે વિષ્ણુઃ વિષ્ણુઃ પર્વતમસ્તકે ।**
**જ્વાલા માલા કુલે વિષ્ણુઃ સર્વ વિષ્ણુઃ મયં જગત્ ।।**

દેહબુધ્ધિ દૂર કરીને યોગધારણા કરો ! દ્રઢ નિશ્ચય રાખીને ધ્યાન કરો. તેજની સાથે પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરશો તો તમને દિવ્ય સ્વરૂપે દર્શન થશે. ઉધ્ધવજી ઉંચી અને ઉંડાણવાળી વ્યાપકની વાતું કરે છે. પણ જાણતા નથી કે ગોપીઓની ઉંચાઈ તો સર્વે થી શ્રેષ્ઠ છેજ. એને વ્યાપકની જરૂર નથી, એ તો પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરે છે. ઉધ્ધવજી કહે છે, હે ગોપીઓ !

**દેહ બુધ્ધિ બાઈ દૂર કરી, વળી વિષય વાસના પરહરો;**
**નિષ્કુળાનંદના નાથે કહ્યું, તમે જોગ જુગતે શું આદરો.**

તમે વિચાર કરો ! પ્રભુ ની કથા વાંચવામાં અને ગાવામાં આટલો બધો આનંદ

આવે છે, તો પ્રભુને મળવામાં કેટલો આનંદ હશે ! ઉધ્ધવજી કહે છે, બાઈઓ દેહબુધ્ધિ દૂર કરો ને વિષય વાસના પરહરો.

ત્યારે ગોપીયુંથી રહેવાયું નહિ, “ઉધ્ધવજી તમે શું બોલો છો ? દેહબુધ્ધિ અમારી છે જ નહિ. દેહબુધ્ધિ હોય તો તો અમને સંસારનું ભાન હોય, પણ અમે તો લૌકિક ભાન ભૂલી ગયાં છીએ. વાસનાનો વિનાશ થાય ત્યારે જ પ્રભુમાં હેત થાય. પ્રભુની ઉપાસનાથી વાસના દૂર થઈ ગઈ છે. અમને કોઈ જાતની વાસના છે જ નહિ.”

“હે ઉધ્ધવજી તમે શું બોલો છો ? અમે ભોળી અબળા છીએ. વિચારીને બોલજો જેને કંથનો વિયોગ થયો હોય, અંતરનો રોગી હોય, તેને નિર્ગુણ સગુણની વાત સમજાય. પણ અમને તો કૃષ્ણનો વિયોગ છે જ નહિ. સદાય સંયોગ જ છે. પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. અંતરનો જે રોગી હોય, વાસનીક હોય તેને આ વાત ગળે ઉતરે, તેને યોગ સાધવો પડે, અમે તો વગર યોગે ભગવાનમાં જોડાઈ ગયાં છીએ.”

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, યોગ યજ્ઞ સદાય કરતા રહેજો. યોગ યજ્ઞ કોને કહેવાય ? દશ ઈંદ્રિયો અને અગીયારમું મન એ સર્વે જે જે વિષયમાં ચોંટે ત્યાંથી પાછા ખેંચીને બ્રહ્મ અગ્નિને વિષે હોમવા એને યોગ યજ્ઞ કહેવાય.

## અમને ખુલ્લી આંખે સમાધિ જ છે.

યોગ યજ્ઞનું ફળ શું છે ? અંતરમાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થઈ આવે એ યોગ યજ્ઞનું ફળ છે.

અંતદષ્ટિ એટલે શું ? ... બહાર અથવા હૃદયની અંદર ભગવાનની મૂર્તિ સામે વૃત્તિ રાખવી અને તેને અંતર્દષ્ટિ કહેવાય. ભગવાનની મૂર્તિ અંતરમાં ધારીને તેનું પૂજન વંદનાદિક કરવું તે પણ અંતર્દષ્ટિ છે.

ગોપીઓ કહે છે, “ હે ઉધ્ધવજી, આંખ બંધ કરીને ધ્યાન કરવાનું તમે કહો છો ! પણ સમજવા જેવી બાબત છે. આંખ બંધ કર્યા પછી સમાધિ લાગે છે, તેથી સંભવ છે, કે કદાચ આંખ ઉઘડ્યા પછી તેનું મન સંસારમાં ભાગશે. અમને તો ખુલ્લી આંખે સમાધિ જ છે.

યોગીઓ આંખ બંધ કરી ધ્યાન કરે છે, ત્યાં સુધી મન સ્થિર રહે છે. પણ જયાં

આંખ ઉઘાડે ત્યાં મન ચંચળ થઈને, સંસારમાં દોડી જાય છે. સંકલ્પ વિકલ્પ શરૂ થઈ જાય છે.

વિશ્વામિત્રે આંખ બંધ કરી સાઠ હજાર વર્ષ સુધી સમાધિમાં રહ્યા પણ જયાં આંખ ઉઘાડી ત્યાં તુરંત મેનકામાં ફસાયા, ગોપીઓ કહે છે, હે ઉધ્ધવજી આંખ ઉઘાડી હોય અને સમાધિ લાગે, તો તે સમાધિ સાચી છે. મનને જબરદસ્તીથી વશ કરવું તે ઉત્તમ નથી, પણ પ્રેમથી સમજાવીને વશ કરવું તે સારૂં છે.

ગોપીઓને ઉઘાડી આંખે સમાધિ લાગેલી છે, તેમની દૃષ્ટિ બ્રહ્માકાર ભગવાનમય થઈ ગઈ છે. જયાં દષ્ટિ જાય ત્યાં કૃષ્ણનાં દર્શન થાય છે.

**યત્ર યત્ર મનો યતિ તત્ર તત્ર સમાધય: ।**

ઉધ્ધવજી કહે છે, તમે નિર્ગુણ બ્રહ્મનું આરાધના કરો, ત્યારે ગોપીઓ કહે છે અમને સર્વત્ર સાકાર બ્રહ્મનું અખંડ દર્શન થાય છે. સાક્ષાત્કાર સાકાર બ્રહ્મને છોડીને નિર્વિકાર ઈશ્વરનું ધ્યાન ચિંતન કોણ કરે ? ગોપીઓ કહે છે.

**ઉધ્ધવજી કહ્યું જે અમને તેમાં સાર ન દીઠો કાંઈ શોધતાં;**
**અમને કહ્યું એવું જે જ્ઞાન, તમને કેટલું થયું પરમોદતાં.**

અમને તમે જ્ઞાન આપો છો, તે જ્ઞાનને સંપાદન કરતાં કેટલાં વરસ લાગ્યા છે. બહુ સાધન સાધ્યા હશે, છતાં હજુ તમારું અજ્ઞાન અળગું થયું નથી. તમે અજ્ઞાની બાળકના જેવી વાત કરો છો ! પ્રગટ ભગવાન અમારી સામે રમે છે, અને તમે કહો છો એનું ધ્યાન કરો. નજર આગળ પ્રભુનાં દર્શન થાય પછી આંખ બંધ કરવાની શી જરૂર છે ?

ગોપીઓ કહે છે, ઉધ્ધવજી અમે તો કૃષ્ણની દાસીયો છીએ, અન્નના ઢગલાને મૂકીને ઢુંસા ને કોણ લેશે ? કંચનને મૂકીને કાદવ કોણ લેશે ? મણિરત્નની માળા મૂકીને શંખલાનો શણગાર કોણ કરે ? બાવના ચંદન મૂકીને ભસ્મ કોણ ભૂસશે ? સારાં વસ્ત્ર અલંકાર મૂકીને મૃગચર્મ કોણ ધારણ કરશે ? ઉત્તમ કર્મ મૂકીને મલિન કર્મ કોણ કરે !

**જેહ મુખે અમે પાન ચાવ્યાં, તેહ મુખે આવળ કેમ ચાવશું;**
**કૃષ્ણ વિના ઉધ્ધવ અમે, બીજું અંતર કેમ ઠરાવશું.**

ભગવાન વિના અમારા અંતરમાં બીજું કેમ ઠરાવશું, એક વખત જેની

ભગવાનમાં પરિપકવ નિષ્ઠા થઈ જાય, પછી તેને કોઈ ડગાવી શકે નહિ, અંતરમાં કેશવ કરી રાખવો, ભગવાન સિવાય બીજા કોઈ પણ પદાર્થમાં કે માણસમાં પ્રેમ કરવો જ નથી, પ્રભુ સાથે લગની લગાડી દેવી છે. મુકતાનંદ સ્વામીને લગની લાગી ગઈ તો કામ થઈ ગયું...

**લગની લાગી રે મારે લગની લાગી,**
**સખી શ્યામળીયા સંગાથે મારે લગની લાગી;**
**રસીયા સંગે રમતાં સર્વે ભ્રમણા ભાગી,**
**મેં તો અખંડ સોહાગ લીધો મુખ કે માગી...લગની...**
**મુક્તાનંદ કહે પળ એક ન્યારો નહિ મેલું વહાલો,**
**શિરને સાટે કયાંથી મળે નંદનો લાલો...લગની...**

ભગવાન સાથે તન્મય થવા માટેની આ સ્નેહગીતા છે, કથા વાંચવી અને સાંભળવી એ પુન્ય છે, બીજા કર્મોનું ફળ કાળાંતરે મળે છે. સ્નેહગીતાની કથા સાંભળવાનું ફળ તુરંત મળે છે, કથા છે એ સંસારને ભુલાવે છે, અને પ્રભુમાં તન્મયતા કરાવે છે. ભકિત માર્ગમાં ધન મુખ્ય નથી, તન મુખ્ય નથી પણ મન મુખ્ય છે.

## આ વાત સમજવા જેવી છે.

ભકિત,...ધર્મની મર્યાદામાં રહીને કરવી જોઈએ. ભકિતની સાથે ધર્મ હોવો જરૂરી છે. જેની જે ફરજ છે. પરમાત્માએ નક્કી કરી છે, તે ફરજ બરાબર બજાવવી. જે ધર્મનો ત્યાગ કરીને ભકિત કરે છે, તેની ભકિત સફળ થતી નથી. બ્રાહ્મણ હોય તે સંધ્યા કર્યા સિવાય, પૂજાપાઠ કર્યા સિવાય, ભકિત કરશે, તો એવી સેવાને ભગવાન સ્વીકારતા નથી.

ઘરમાં પતિદેવ માંદા હોય અને પતિ એમ કહે કે આજે મારી તબીયત સારી નથી, મને મૂકીને કયાંય જવાય નહિ, અને પત્ની દુરાગ્રહી હોય, આજ્ઞા સિવાય મંદિરે દર્શન કરવા જાય, અને બે કલાક પછી ઘરે આવે તો એની ભકિત સફળ થતી નથી. પ્રભુ કહે છે મને ધર્મ બહુ વહાલો છે.

ભકિતની સાથે ધર્મની મર્યાદાનું પાલન અવશ્ય જરૂરી છે, ભગવાનના એક એક અંગમાં દૃષ્ટિ સ્થિર કરવી એને જ સાચી ભકિત કહેવાય છે, આ જગતની અંદર

લોકો લાખોપતિ ને શ્રેષ્ઠ અને સુખી માને છે, પરંતુ દરરોજ ભગવાનના એક લાખ નામ સ્મરણ જપ કરનારને લોકો સુખી અને શ્રેષ્ઠ માનતા નથી. પણ નામ સ્મરણરૂપી ધન સંપત્તિ તેની સાથે જાય છે. તો શ્રેષ્ઠ કોણ ? ધનવાન કે નામ સ્મરણ કરનાર.

**નામ સ્મરણ કરનાર શ્રેષ્ઠ છે.**

પ્રભુનું નામ સ્મરણ જ મુખ્ય સાધન છે. ગોપીઓ કહે છે હે ઉધ્ધવ !

**તન મન આપ્યું છે એહને, એક રતિ અમે રાખ્યું નથી;**
**શ્રી કૃષ્ણ શ્રી કૃષ્ણ કહેતાં મરશું, પણ બીજું નહિ થાય અમથી.**

ગોપીઓ કહે છે, "હે કૃષ્ણ હે કૃષ્ણ કહેતાં મરશું પણ બીજું હવે અમારાથી કાંઈ નહિ થાય, પ્રભુના ભકતોનું સાચું ધન પ્રભુનું નામ છે. પ્રભુનું નામ એજ ખરું જીવન છે. પ્રભુએ પોતાનું સ્વરૂપ છાનું રાખ્યું છે પણ નામ પ્રગટ રાખ્યું છે."

ભગવાનના નામના બળથી પાતકી પાતકથી, રોગી રોગથી, દુઃખી દુઃખથી મુકત થાય છે, પ્રભુનાં નામના બળથી બીલાડીનાં બચ્ચાં બચી ગયાં. વરસાદ વરસાવી ભગવાને નીભાડો ઠારી નાખ્યો, જરાય આંચ આવવા દીધી નહિ.

ગોપીઓની પ્રતિક્ષાનો કોઈ અંત નથી, ધીરજતાની કોઈ હદ નથી. અમને કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે, કે હું તમને મળવા આવીશ, આજ નહિતો આવતી કાલ પણ તે આવશે જ. ગોપીઓ કહે છે હે ઉધ્ધવ !

**આ જીહ્વા તો અજય અન્ય ન ઉચ્ચરે, પણ મુવા પછી પારખું કોઈ લેશે;**
**નળી ભુંગળી વળી વાંસળી કરે કોય, તોય કૃષ્ણ કૃષ્ણ એમ બોલશે.**

"ઉધ્ધવજી અમે કદાચ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં મરી જઈશું, અને પારખું લેવા કોઈ મરેલા મૃત શરીર પાસે કાન ધરશે તો જીવ વિનાનું મૃત શરીર પણ કૃષ્ણ કૃષ્ણ બોલશે, ગોપીઓનું મન કૃષ્ણ સ્મરણમાં ડૂબી ગયું છે. ગોપીઓના હ્દયમાં અંદર રાત દિવસ એક રટના કૃષ્ણની જ છે, બ્રહ્માનંદ સ્વામી ગાય છે,

**મારા હ્દીયામાંય રાત દિવસ એક રટના સહજાનંદની.**

જે ભગવાનનું નામ જપે છે, એને હર સમય ભગવાનનો સાથ રહે છે, બળવાન વ્યકિત જ ભગવાનના માર્ગ ઉપર ચાલી શકે છે, કાયરનું આમા કામ નથી. શ્રીજી મહારાજ મધ્યના ૩૩ વચનામૃતમાં કહે છે, નિષ્કામી વર્તમાન દ્રઢ હોય એવા ભકતથી

અમે જરાય દૂર નથી અને તેવા ભકત ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાતું નથી. તે વિષેની એક સરસ સમજવા જેવી કથા છે...

શ્રીજી મહારાજ ગાંફ ગામે પધાર્યા, ઢોલીયા ઉપર વીરાજમાન થયા, ભકતજનો પગે લાગીને સન્મુખ બેઠા, બાઈઓ પણ છેટેથી પગે લાગીને બેઠાં, શ્રીજી મહારાજે ઉપદેશની વાત કરી કે માનવ શરીર વારંવાર મળતું નથી, માટે જેમ જેના નિયમ ધર્મ બતાવ્યા છે. શિક્ષાપત્રીમાં તે પ્રમાણે સૌને વર્તવું, તેમાં જ કલ્યાણ સમાયેલું છે.

તે સભામાં અવલબાઈ બેઠાં હતાં. પ્રભુ પ્રેમી છે, હરિના હેતવાળા, તેથી બે હાથ જોડીને કહ્યું, પ્રભુ આજે અમારે ઘરે જમવા પધારજો. શ્રીજી મહારાજે કહ્યું, જરૂર આવીશું, અવલબાઈ ઘરે રસોઈની તૈયારી કરે છે, ત્યાં તેમની મા આવ્યાં ! અને કહ્યું, દીકરી તું હંમેશા ભગવાન માટે થાળ બનાવે છે, પરંતું આજે હું થાળ બનાવીશ. અવલબાઈ કહે સારૂં !

અવલબાઈની માએ, દાળ, ભાત, રોટલી વિગેરે રસોઈ બનાવી, પ્રભુ જમવા પધાર્યા, જમી લીધા પછી વાડામાં ગયા અને તરત ઉલટી થઈ ગઈ, ત્યારે અવલબાઈને ચિંતા થઈ કે શું થયું ! શ્રીજી મહારાજને ઉલટી કેમ થઈ. કાંઈક જમવામાં આવી ગયું લાગે છે.

શ્રીજી મહારાજને અવલબાઈએ બે હાથ જોડી પૂછયું, શ્રીજી મહારાજે કહ્યું, " જમવામાં કાંઈ ફેરફાર નથી, પણ તારી માના વર્તમાનમાં ફેરફાર છે. આચાર વિચારમાં ફેરફાર છે, તેથી ઉલટી થઈ ગઈ. અપવિત્ર માણસના હાથનું ભોજન અમને ભાવતું નથી. અવલબાઈને દુઃખ થયું કે શ્રીજી મહારાજ ભૂખ્યા રહ્યા, હવે શું કરવું ! "

મહારાજ હું હમણાં જ બીજી રસોઈ બનાવી આપું, શ્રીજીએ કહ્યું કાંઈ વાંધો નહિ અત્યારે ચાલશે, સાંજે રસોઈ બનાવજો, અમે જમવા આવશું. પછી પ્રભુ સાંજે જમવા પધાર્યા. મૂળ વાત કહેવાની કે ભગવાનને નિષ્કામી ભકતના હાથની સેવા ગમે છે. વાસનીકના હાથની સેવા ગમતી નથી.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, "આ મુળજી બ્રહ્મચારી બહુ નિષ્કામી છે, તો તેના હાથની સેવા અમને બહુ ગમે છે, બીજા કોઈ સેવા ચાકરી કરે તો તે

ગમતી નથી.''

નિષ્કામી વર્તમાન રાખે તે જ અમને વહાલા છે, અને તેને અમારે આ લોક અને પરલોકમાં દઢ મેળાપ રહે છે, માટે મનને અખંડ ભગવાનની કથા કીર્તનાદિકમાં જોડી રાખવું.

ગોપીઓ કહે છે હે ઉધ્ધવજી ! સાંભળો...

**અમે અબળાનું અંતર એવું જેણે ઢાળે ઢળિયું તે ઢળિયું;**
**નિષ્કુળાનંદના નાથ સાથે મન મળિયું તેહ મળિયું.**

ગોપીઓ કહે છે, '' હે ઉધ્ધવ, અબળાનું અંતરજ એવું પ્રેમાળ છે કે જેના સાથે મન મળી જાય તેના સાથે મળી જાય, પછી જલદી જુદું થતું નથી.''

**શ્રી નાથ સાથે મન માનીયું, ઉધ્ધવ એહ વિના અમે ન રહેવાય હો;**
**વહાલાના વિયોગે વીતે પળ વળી, તે તો જણ તુલ્ય જાય હો. શ્રી નાથ.**

ગોપીઓ કહે છે, ''હે ઉધ્ધવ, અમારાથી કૃષ્ણ સિવાય રહેવાતું નથી, એક પળ યુગ જેવી જાય છે, સુતાં બેઠા ખાતા પીતાં અલબેલો અંતરમાં યાદ આવ્યા જ કરે છે. દર્શન વિના દિલમાં દાઝ થાય છે, એ દાઝને દૂર કરવા કોઈ ઔષધ નથી. ગોપીયું ની ભકિતમાં તીવ્ર પ્રેમ છે.

## ભકિત માર્ગમાં તીવ્ર પ્રેમ જોઈએ

એભલખાચરનાં પુત્રી જીવુભા બાળપણથી જ ભગવાનનાં ભજન ભકિતમાં અપાર શ્રધ્ધા અને પ્રેમ હતો, એમના પિતાજી વારંવાર ટોકે છતાં પણ ભકિતમાં ગૌણતા આવવા દીધી નહિ. ઉતરોતર ભકિત વધતી ગઈ, મૂર્તિને થાળ ધરાવે તો સાક્ષાત્ પ્રભુ જમવા પધારે, શ્રીજી મહારાજ ગઢડાથી બહાર ગયા હોય અને વાયદા પ્રમાણે જો ન આવે તો તેમના ઉદરમાં અન્ન ટકતું નહિ. આવો શ્રીજી મહારાજ માં સ્નેહ હતો.

બન્ને બહેનો લાડુબા અને જીવુબા તથા દાદાખાચરના ખૂબ જ સેવા પ્રેમને આત્મસમર્પણની ભાવનાને કારણે શ્રીજી મહારાજ ગઢડાને ગોકુળ કરીને રહ્યા હતા.

જ્ઞાન માર્ગમાં વૈરાગ્ય જોઈએ, ભકિત માર્ગમાં પ્રેમ જોઈએ, પ્રભુ સાથે, ગોપીઓના જેવો, લાડુબા જીવુબાના જેવો પ્રેમ કરવો પડશે, તોજ ભકિત દિન પ્રતિદિન વધતી રહેશે.

સંત એકનાથજી પાસે મુમુક્ષુ માણસ આવ્યો, પગે લાગીને બેઠો. પછી બે

હાથ જોડી વિનયથી પૂછ્યું, ‘‘તમારું મન સદા સર્વદા ભગવાનમાં સ્થિર કેમ રહે છે ? જયારે હું તમને મળવા આવું છું ત્યારે તમારું મન સ્થિર જ દેખાય છે.’’

મારું મન અર્ધો કલાક પણ પ્રભુમાં સ્થિર થતું નથી, પૂજા કરૂં છું ત્યારે પણ આડું અવળું દોડી જાય છે, મન સ્થિર થાય એવો ઉપાય બતાવો ! એકનાથજી મહારાજને થયું ઉપદેશ ક્રિયાત્મક હોવો જોઈએ, તેથી કહ્યું, ‘‘એ વાત હમણાં જવા દે, મને લાગે છે કે તારૂં મૃત્યુ સમીપે આવ્યું છે. મૃત્યું પહેલાં જગતની કુટુંબ પરિવારની મમતા મોહ અને વાસનાનો ત્યાગ થઈ જાય તો બહુ સારી વાત છે.’’

જો કોઈ પ્રકારની વાસના રહી જશે તો મરણ બગાડશે, અને જીવ દુ:ખી થાશે. સાત દિવસ પછી મારી પાસે તું આવજે, મૃત્યુનું નામ સાંભળી માણસના હોશ કોશ ઉડી ગયા. જગતમાંથી ઉદાસ થઈ ગયો, જગત સ્વપ્ના જેવું દેખાવા લાગ્યું. સબંધીમાંથી મમતા છૂટવા લાગી. હવે મારે ભગવાન પાસે જવાનું છે, મારું મૃત્યુ નજીક છે, કાંઈક ભકિતનું ભાતું બાંધી લઉં. આ સગા સંબંધી, માલ મીલ્કત મારી સાથે નહિ ચાલે, આવા સતત વિચાર થવાથી મન નિર્વાસનિક થયું.

સવારે પૂજા કરવા બેસે છે તો બરાબર મન ભગવાનમાં લાગી જાય છે. ગદગદ હ્રદયે કહે છે, હે પ્રભુ મારા મનને તમારા ચરણમાં સદાય ખેંચતા રહેજો, જો બીજી બાબતમાં રખડશે તો હેરાન થાવું પડશે, એવી રીતે દરરોજ પ્રાર્થના કરે.

સાત દિવસ પછી તે મુમુક્ષુ એકનાથજી પાસે આવ્યો, પગે લાગીને બેઠો, એકનાથજીએ પૂછ્યું, ‘‘ સાત દિવસમાં તે શું કર્યું ! ’’ મહારાજ મૃત્યુની બીક એવી લાગે કે સર્વે સગા સબંધીમાંથી મોહ છૂટી ગયો, અને ભગવાનમાં ધ્યાન ભજનમાં લાગી ગયો ! તેથી વૃતિ ભગવાનમાં રહેતી હતી.

એકનાથજી મહારાજે કહ્યું, ‘‘મારી એકાગ્રતાનું એજ રહસ્ય છે. હું મૃત્યુને દરરોજ યાદ કરું છું. મૃત્યુની બીક રાખી સતત પ્રભુ ભજન કરું છું. એટલે મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે, તેથી સર્વદા ભગવાનમાં મન એકાગ્ર રહે છે.’’

ઈશ્વરનું ચિંતન ઓછું થાય તો વાંધો નહિ, પણ સંસારનું ચિંતન કરશો નહિ. ધ્યાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો તેથી તે સ્થિર થશે.

## ભકિત કરવી એજ જીવ્યાનો મોટો લાભ છે.

શ્રીજી મહારાજે ભકતોને શિક્ષાને અર્થે વાત કરેલી છે, તે સમજવા જેવી છે,

શ્રીજી મહારાજ કહે છે, અમને પાંચ વાતનું નિરંતર અનુસંધાન રહે છે.
૧) આપણે દેહ મૂકીને જરૂર મરી જવું છે, આ ઘડી આ ક્ષણમાં આપણે મરવું છે.
૨) આપણે મરશું તેમાં આટલું કામ કર્યું છે, ને આટલું બાકી છે.
૩) અમારા મનમાંથી તેમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી.
૪) મોટા મોટા સાધુના હૃદયમાંથી વાસના ટળી ગઈ છે કે નહિ, એના હૃદય સામું જોયા કરવું.
૫) મરી તો સર્વેને જાવું છે, પણ ભકિત કરવી એજ જીવ્યાનો મોટો લાભ છે.
આ વાત સર્વે ભકતજનની શિક્ષાને અર્થે શ્રીજી મહારાજે વચનામૃતમાં કરેલી છે.
પ્રસ્તુત કથા :- ગોપીઓ કહે છે, હે ઉધ્ધજી,

**અધુરું પુરું કરવા કાજે, સંદેશો કૃષ્ણે કહાવીયો;**
**કાળજુ તો કાપીને ગયાતા, વળી મારી ને પ્રાણ મંગાવિયો.**

ગોપીઓ કહે છે, ‘‘હે ઉધ્ધવ, અમે અબળા જાતિ કેટલી ધીરજ રાખીએ, અધૂરામાં પુરૂં કરવા વળી તમે આવ્યા. અમારું કાળજું તો ભગવાન પાસે છે, હવે તો ફકત શરીરમાં પ્રાણ જ બાકી રહ્યા છે. અમારા પ્રાણ લઈને અલબેલોજી શું કરશે ? માસીને મારી, મલ્લને માર્યો, મામાને માર્યા, એમ ભલે અમને પણ મારે, પણ દૂર રહીને શું કામ દગો કરે છે ? આવી રીતે કરવું ત્રીકમજીને ઘટતું નથી. અમે શું એનું કાંઈ ભૂંડું કર્યું છે ? કે જેથી પોતે નથી આવતાને સંદેશા મોકલે છે. આ ગોપીઓ નથી બોલતી, ગોપીઓની ભાવાત્મક ભકિત બોલે છે.

સેવા અને ભકિત સદ્‌ભાવથી કરવી, સેવા કરતાં, પૂજા કરતાં રોમાંચ થાય, અંતમાં આંસુ આવે તે સેવા સાચી કહેવાય. સેવા ભકિત ક્રિયાત્મક નહિ પણ ભાવાત્મક હોવી જોઈએ. ભજન ભકિત કરતાં આનંદ થાય તો તે ભકિત ભગવાન સુધી પહોંચે છે. સેવાના આરંભમાં ધ્યાન કરવું.

પૂજા કરતાં કોઈની સાથે બોલવું નહિ, સેવા એટલે મનને ભગવાનમાં પરોવી રાખવું. તમે જેવો શરીરમાં પ્રેમ રાખો છો, એવો ઠાકરોજીના સ્વરૂપમાં પ્રેમ રાખજો. દાસ્યભાવ હૃદયને જલદી દીન બનાવે છે, હૃદય જલદી પીગળે છે. સેવા સ્નેહથી કરો, પૂજા કર્યા પછી સ્તુતિ કરવાની, હે પ્રભુ મારી અંતરશત્રુ થકી રક્ષા કરજો.

ભકત પ્રહલ્લાદે ભગવાનને કહ્યું, ‘‘તમોએ જે મારી રક્ષા કરી છે તેને રક્ષા

માનતો નથી, તમે મારો દેહ બચાવી લીધો, તેનો કોઈ અર્થ જ નથી. તે બચે કે ન બચે તેની મને પડી નથી. પરંતુ તમો મારી ઈન્દ્રિયોરૂપી શત્રુથી રક્ષા કરશો તો જ મારી ખરી રક્ષા માનીશ. તેવી રક્ષા કાજે જ તમારી ભકિત સતત કરતો રહું છું.''

ભકતજનો દૈહિક રક્ષા કરે તેમાં હર્ષ - શોક નથી કરતા ભકતોની રીત અલગ છે, તે તો અલમસ્ત થઈને ભગવાનની ભકિત જ કરે છે. અંતઃશત્રુઓ ભકિતમાં અવરોધ કરે તેથી ડરે છે, ભકિતમાં વિઘ્ન ન થવું જોઈએ. તમામ ઈંદ્રિયોને ભકિતમાં ગોપીઓની જેમ તરબોળ કરવી, એજ સ્નેહગીતાનો હાર્દ છે.

**અનેક અપરાધ હોય અબળાના, તોય નર નથી કોઈ મારતા;**
**ભણી આવ્યા છે ભાઈ બહુ, કેમ એટલું નથી વિચારતા.**

ગોપીઓ કહે છે, કોઈ અબળાથી અપરાધ થઈ જાય તોય નર તેને મારતા નથી. કૃષ્ણ તો ઘણું ભણેલા છે, છતાં કેમ વિચારતા નથી. અમે કૃષ્ણનો અપરાધ કર્યો નથી ! પારાધી પશુ ને મારે છે, એનું માંસ અને ચામડું કામ આવે એટલા માટે પણ અમારું તો કાંઈ કામ નહિ આવે. છેટે રહીને શું કામ મારે છે, હવે ગોપીઓ અદ્‌ભુત વાત કરે છે.

**અધુરે સુખે મરશું અમે, રહેશે આશા અમારી એહશું;**
**નિષ્કુળાનંદના નાથ સાથે, નથી પડવું નોખું સ્નેહશું.**

ગોપીઓ કહે છે, ''હે ઉધ્ધવ ! અમને ભગવાન સાથે રહેવાની ઘણી આશા છે. કૃષ્ણ સાથે રમવાની, કૃષ્ણને જમાડવાની, એવી અનેક આશા છે. નોખું પડવું અમને જરાય ગમતું નથી. હે હરિ અમારી આશા પૂરી કરો.''

**આશ છે આશ છે આશ છે રે, હરિ અમને તમારી આશ છે;**
**મારા પ્રાણ તમારે પાસ છે રે હરિ અમને ... ... ...**
**તમ વિના તન મન હરિ મારું, અણ દીઠે ઉદાસ છે રે ... હરિ ...**
**મુખ જોવા મોહનજી તમારું, પ્રીતમ અમને પ્યાસ છે રે ... હરિ ...**

''હે પ્રભુ ! અમે તમારું મુખ જોવા તલપીએ છીએ, જેમ તરસ્યો માણસ પાણી વિના તલપે અમે અમારું અંતર તલપે છે.''

**સુંદર વદન સદન છે સુખનું, અધુરે મધુરે વાલા હાસ છે રે...હરિ.**
**નિષ્કુળાનંદના નાથ તમ સાથે, આલિંગન લેવા ઉલ્લાસ રે...હરિ.**

"હે હરિ તમારું મુખારવિંદ સુખનું સદન છે, હે વહાલા તમે જલદી આવો અમને બાથમાં લઈને ભેટો...અમારા મનની એકએક વૃત્તિ એકએક સંકલ્પ શ્રીકૃષ્ણના ચરણ કમળનો જ આશ્રય કરીને રહે તેવી આશા છે. અમારી વાણી નિરંતર કૃષ્ણના નામનો ઉચ્ચાર કરતી રહે, અમારાં નેત્રો તમારાં દર્શન કરવામાં લાગેલાં રહે એવી આશા છે. ગોપીઓને ભગવાનથી નોખું પડવું ગમતું નથી. (નથી પડવું નોખુ સ્નેહશું.) ગોપીઓની વાણી અંતરમાં ઉતારવા જેવી છે.

## તમારી નાડ પ્રભુ સાથે જોડેલી રાખો !

કમળ પાણીમાં રહે પણ એની પાડ જો ધરતીમાં ચોંટેલી હોય તો કમળ લીલું રહે, તાજું રહે, અને પાડ જો ધરતીથી નોખી થઈ જાય તો કમળ કરમાઈ જાય છે, જે પાણી પોષણ આપતું હતું તે જ સડાવે છે.

શા માટે સડી જાય છે ? પાડ ધરતીથી નોખી થઈ જાય છે તેથી. જીવ પ્રાણી માત્રની આવી જ સ્થિતિ છે, ભગવાનથી જુદો થયેલો આત્મા કરમાઈ જાય છે, ભગવાનથી નોખો પડેલો આત્મા દુઃખી થાય છે. સુખી થવું હોય તો પાડ જોડેલી રાખજો. ભગવાન સાથે સાંધો હશે તો વાંધો નહિ આવે.

ગમે તેવી ગાડીનો ડબ્બો કાટ ખાધેલો હોય, પણ જો એંજીન સાથે જોડાયેલો હશે તો ગાડી પહોંચાડી દેશે, પણ એર કન્ડીશન ડબ્બો હશે, ને જો એંજીન સાથે જોડાયેલો નહિ હોય તો જયાં હોય ત્યાં જ રખડશે. ગમે તેવો પામર જીવ હશે અને ભગવાન સાથે મજબૂત રીતે બાંધેલો હશે, તો સંસારનાં દુઃખથી મુકત થઈ જશે, ભગવાનના ધામમાં પહોંચી જશે.

ગમે તેટલો ભણેલો હશે, પ્રાઈમીનીસ્ટર હશે, સમ્રાટ ચક્રવર્તી રાજા હશે જો તેની નાડ પ્રભુ સાથે જોડેલી નથી, તેનું મન પ્રભુ સાથે જોડેલું નથી, હરિનું શરણું નથી, તો તે બધા કટાયેલા ડબ્બા છે. સડેલા ડબ્બા છે. એંજીન સાથે જોડેલા નથી, તેથી તેવા ભંગાર જીવ જમપુરીમાં ધકેલાઈ જાશે.

સ્નેહગીતા અદ્‌ભુત મહાન શાસ્ત્ર છે, જગતના જીવને ચેતવણી આપે છે, તમારી નાડ પ્રભુ સાથે જોડેલી રાખજો.

ગ.મ.૧૦ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, "ગોપીઓના જેવી ભકિત હૃદયમાં ઉદ્‌ભવવી મહા દુર્લભ છે. એક બે જન્મને સુકૃતે એવી ભકિત ન આવે,

અનેક જન્મનાં જયારે શુભ સંસ્કાર ભેળા થાય છે, ત્યારે ગોપીઓના સરખી ભકિતનો ઉદય થાય છે, અને એવી ભકિત છે તેજ પરમપદ છે.

**જેમ પુષ્પની વાસ લઈ વેગળો, અલિ ઉડી ને આઘો ફરે;**
**જેમ ફળ ખાઈ ખગ તજે તરૂ, તેમ કૃષ્ણજી પણ એમ કરે.**

ઉધ્ધવજી ગોપીઓ સાથે વાત કરે છે, ત્યાં ઓચિંતો એક ભ્રમર આવ્યો. ગોપીઓને ભ્રમર જોઈને કહે છે હે ભ્રમર તું પણ કાળો ને અમારો કૃષ્ણ પણ કાળો, જેમ તું જરાકવાર અહિં ગૂંજારવ કરીને જતો રહીશ, તેમ કૃષ્ણ પણ પ્રેમનો ગૂંજારવ કરીને મથુરા જતો રહ્યો. હે ભ્રમર તારા શરીરે પીળું એક ટપકું છે તેમ કૃષ્ણ પણ પીળું પિતાંબર પહેરે છે. જયાં નજર જાય ત્યાં ગોપીઓને કૃષ્ણની યાદિ આવે છે.

## સંબંધ થયા વિના સ્નેહ થતો નથી.

ભગવાનના ભકતો ભગવાન સાથે સ્નેહ જોડે છે, સંબંધ થયા વિના સ્નેહ થતો નથી. ગામમાં ઘણા માણસોને તાવ આવતો હોય છે, બીમાર હોય છે, પણ આપણે તેની ખબર કાઢવા જતા નથી. સબંધ વગર લાગણી થતી નથી. સંબંધનો પ્રેમ ભાવ જુદો હોય છે, સબંધી જો બીમાર હોય તો આપણે તેની ખબર કાઢવા જઈએ, મળવા જઈએ, કુશળતા પૂછીએ, કેમ છો ? વિગેરે લૌકિક વ્યવહારમાં પણ સબંધ વગર લાગણી થતી નથી, તો આતો અલૌકિક વાત છે. પરમાત્મા સાથે કોઈ પણ સંબંધ જોડવો જોઈએ.

પરમાત્મા મારા જીવના ધણી છે ! મારા ઈષ્ટદેવ છે, મારા પરમ પિતા છે, મારા માટે સર્વસ્વ ભગવાન છે, એના સિવાય મારું કોઈ સગું નથી, જનમ્યા પહેલાં ભગવાન મારી સાથે હતા, જનમ્યા પછી પણ મારી સાથે ભગવાન છે, મૃત્યુ પછી પણ મારી સાથે ભગવાન જ રહેશે. આવી રીતે સમજણ પૂર્વક પ્રભુ સાથે સંબંધ જોડવો જરૂરી છે. જોડાવું એને કહેવાય યોગ, અને જોડાઈ ગયા છે એને કહેવાય યોગી.

કોઈ પણ પ્રકારે પરમાત્મા સાથે સંબંધ જોડવાની ખાસ જરૂર છે. લોકો ધનવાન અને સત્તાધારી માણસ સાથે સબંધ જોડવા ઈચ્છે છે. પણ પરમાત્મા સાથે સાચા સબંધ જોડવા ઈચ્છતા નથી, પણ ધ્યાન રાખજો સંતો સાથે અને ભગવાન સાથે સબંધ જોડવામાં ઘણા ફાયદા થાય છે.

નારદજી સાથે સબંધ થયો તો વાલીયો લૂંટારો મહાન વાલ્મિક ઋષિ થઈ ગયા, જોબનપગી ધાડપાડું પાકો ચોરનો સરદાર હતો પણ શ્રીજીનાં દર્શનથી વંદનીય જોબનભકત થઈ ગયા, વાઘરી સગરામ સંતના સમાગમથી સગરામભકત થઈ ગયા. આ છે પ્રભુ અને સંતના સંબંધનો પ્રતાપ.

ખોટા રૂપિયા ઉપર જેમ મોહ મમતા જાગતી નથી તેમ ખોટા જગત ઉપર પણ મોહ મમતા જાગવી ન જોઈએ, પ્રેમ પૂર્વક કરેલી ભકિતથી અને પ્રેમ પૂર્વક સાંભળેલી કથાથી સાચો આનંદ મળે છે.

## ગોપીઓ કહે છે, "હે ઉધ્ધવજી અમને શ્યામ વિના સુખ નથી આવતું."

**શ્યામ વિના સુખ ન આવે રે ઓધાજી,**
**અમને શ્યામ વિના સુખ ન આવે રે;**
**સગાં ન દીઠાં સુહાયે મંદિરીયું ખાવા ધાયે,**
**ભોજનીયા નવ ભાવે રે. ઓધાજી**
**રજનીએ નિંદ્રા ત્યાગી લગનીએ સાથે લાગી,**
**કહાનનો સંદેશો કહાવે રે. ઓ**

"હે ઉધ્ધવજી, શ્યામ વિના અમને સુખ નથી. ગમતું નથી. ભોજન ભાવતાં નથી, રાત્રે નિંદ્રા આવતી નથી, બપૈયાની જેમ ટળવળીએ છીએ."

**દીવાની થઈને ડોલું, બપૈયાની પેરે બોલું;**
**મોહની લગાડી માવે રે. ઓધાજી.**

વરસાદ ન આવે ત્યાં સુધી બપૈયો પિયું પિયું પોકાર કર્યા જ કરે, તેમ અમે કૃષ્ણ હે કૃષ્ણ અખંડ કર્યા જ કરીએ છીએ.

**મુકતાનંદ માવ પાસે અમને કોઈ રાખો સાથે;**
**કહાનને કોઈ તેડી લાવેરે.ઓ.**

ઉધ્ધવજી તમે એકલા કેમ આવ્યા ? સાથે કૃષ્ણને તેડી લાવ્યા હોત તો કેવી અંતરમાં ટાઢક વળત. બાથમાં લઈને ભેટી ને રાજી થાત. કૃષ્ણને અમે કલાવી કલાવી મારવા હતાં તો અમારી ઠેકઠેકાણે શું કામ રક્ષા કરી. આટલું બધું હેત પ્રીત બતાવી

હવે શું કામ અમને દુઃખી કરે છે ? ભગવાનની લીલાનું વર્ણન કરતાં ગોપીઓ કહે છે,

**ભયાનક વ્યોમાસુર ભયથી વળી રાખીયાં રૂડી રીતશું;**
**શકટાસુર તૃણાવર્ત તેથી પહેલાં ઉગાર્યાં એને પ્રીતશું.**

## પરમાત્માને ઉત્સવ પ્રિય છે

ભગવાન શ્રીકૃષ્ણ ૧૦૮ દિવસના થયા ત્યારે નંદબાબાને અંગ પરિવર્તન ઉત્સવ કરવાની ઈચ્છા થઈ. ઉત્સવ ભગવાનને પ્રિય છે, ઉત્સવ ભગવાન સાથે એક થવા માટે હોય છે. યશોદાજીએ આખા ગામને આમંત્રણ આપ્યું કે આજે મારા કૃષ્ણે પડખું પોતે જાતે ફેરવ્યું તેથી અંગપરિવર્તન ઉત્સવ કરશું, તેમાં બધાં પધારજો.

બધાંને નમ્ર ભાવે નંદજશોદાજી છૂટે હાથે દાન આપે છે, કૃષ્ણનું પારણું ઘર બહાર ગાડાં નીચે રાખ્યું, દહીં દૂધ ગાડા ઉપર અને કૃષ્ણને ગાડા નીચે રાખ્યા. મહેમાનોનું સન્માન કરવામાં મૈયા કૃષ્ણને ભૂલી ગયાં, ભગવાનને થયું ઉત્સવ મારો કરે છે ને મને ભૂલી જાય તે ઠીક નહિ, તેથી કાંઈક લીલા કરું !

કનૈયાએ જોર જોરથી રડવાનું શરૂ કર્યું, પણ મા સાંભળતાં નથી, હવે શું કરવું ? આ બાજુ શકટાસુર અસુર ભગવાનને મારવા આવ્યો, ભગવાનને ખબર પડી ગઈ મને મારવા અસુર આવ્યો છે. અસુરને થયું ગાડા ઉપર બેઠા બેઠા એવું વજન દઈશ કે કનૈયો ચગદાઈ જશે, ત્યાં તો ભગવાને પગ ઊંચો કરીને એવી ધાડ દઈને લાત મારી કે ગાડું ઉથલી પડયું, દહીં દૂધ બધું ઢોળાઈ ગયું અને શકટાસુર ઉપર ગાડું પડ્યું તેથી તે દબાઈને મરી ગયો, રમત માત્રમાં અસુરનો નાશ કર્યો.

ગોપીઓ બધાં દોડી આવી, મીઠો ઠપકો આપતાં કહે છે, અરે યશોદાજી, મા થઈ છે તો પણ કનૈયાને સાંચવતાં આવડતું નથી, ગાડા નીચે કૃષ્ણને શું કામ સુવડાવ્યો હતો. એ તો ઠીક થયું ગાડું અસુર ઉપર પડયું, પણ લાલા ઉપર પડત તો શું થાત ! માટે લાલાને બરાબર સાંચવજે, ન સાંચવતાં આવડે તો અમને દો અમે સારી રીતે સાંચવશું.

"હે ઉધ્ધવજી, આવા ભયંકર અસુર થકી અમારી રક્ષા કરેલી છે, ગોપીઓ કહે છે, ઉધ્ધવજી, સાંભળવા જેવી લીલા છે કૃષ્ણની ... વત્સાસુર, બકાસુર અને અઘાસુરથી અમારી રક્ષા કરેલી છે." ઉધ્ધવજી, કૃષ્ણના ઉપકારનો કોઈ પાર નથી. તેને કેમ ભુલાય...કૃષ્ણતો અમારા અંતરમાં બેઠો છે.

બે વખત તો અમારી દાવાનળથી રક્ષા કરી છે, કૃષ્ણે જો દાવાનળ ન પીધો હોત તો આખું વૃંદાવન બળીને ખાખ થઈ જાત, આવા કઠણ સંકટથી અમને બચાવી લીધાં છે.

**વળી ઈંદ્ર કોપ્યો વ્રજવાસી ઉપરે, મહા પ્રલયનો મેઘ મેલીયો;**
**વીજ ઝબકે નીર ખળકે વળી અંધકાર અતિશે થયો.**

ગોપીઓ ઉધ્ધવજીને કહે છે, હંમેશા વ્રજભકતો ઈંદ્રરાજાની પૂજા કરતા, પણ કૃષ્ણ પરમાત્માએ તેના બદલામાં ગોવર્ધન પર્વતની પૂજા કરાવી. તેથી ઈંદ્ર કોપાયમાન થઈને બારે મેઘને હુકમ કર્યો, તમે વૃંદાવન ઉપર ધોધમાર વરસાદ વરસાવી વ્રજને તાણી જાવ, એક સામાન્ય ગોવાળના પુત્રં મારું અપમાન કર્યું છે, માટે જાઓ તેઓનો નાશ કરો.

કારતક મહિનામાં જલદી વરસાદ વરસે નહિ. ધોધમાર વરસાદ વરસવા લાગ્યો, બધા ગભરાયા ! કૃષ્ણે કહ્યું, કોઈ જાતની ચિંતા ન કરો ! ગોવર્ધનનાથમાં વિશ્વાસ રાખો, એ આપણી રક્ષા કરશે.

એમ કહેતાં તરત ગોવર્ધન પર્વત ઉઠાવીને ટચલી આંગળી ઉપર ધારણ કર્યો, ગાયો, વાછરડાં, ગોપ ગોપીઓ બધાં આ પર્વત નીચે આવી જાવ, બધા માણસો પર્વત નીચે, રમે જમે ને જલસા કરે છે.

સાત વરસનાં ભગવાન એક ટચલી આંગળીપર પર્વત ધારણ કરી ઊભા છે, સાત દિવસ થયા, તેથી ગોવાળીયાને દયા આવી, કનૈયો થાકી જશે, તેથી કહ્યું, કનૈયા અમે ટકો અપાવીએ, … તું થાકી ગયો હોઈશ … ભગવાને કહ્યું, ભલે … દો ટેકો … બધા ગોવાળીયાએ હાથમાં લાકડી લઈ કેડ બાંધીને ટેકો દીધો. કનૈયા હવે તારો હાથ લઈ લે … અમે પર્વત ઝાલી રાખશું.

ભગવાને કહ્યું, બરાબર ટેકો દેજો. એમ કહી જરાક હાથ નીચે લીધો ત્યાં પર્વત મંડ્યો ડગવા. અરે કનૈયા ઝાલજે. નહિંતર દબાઈ જાશું. ભગવાને તરત ઉઠાવી લીધો.

સાત દિવસ સુધી કોઈને કાંઈ આંચ આવી નહિ. ત્યારે ઈંદ્રને ખબર પડી કે આ કૃષ્ણ સાધારણ બાળક નથી, પણ સાક્ષાત્ પરમાત્મા છે, નહિંતર ભલભલાથી પર્વત ઊંચો થાય નહિ. પ્રભુને શરણે આવી ઈંદ્રરાજાએ માફી માગી અને કહ્યું, “હે

પ્રભુ મારી ભૂલ થઈ થઈ છે, મને ક્ષમા કરો ! '' આ રીતે પ્રભુએ ઈંદ્રનું અભિમાન ઉતાર્યું.

ગોપીઓ કહે છે, હે ઉધ્ધવજી, આવી રીતે પ્રભુજીએ અમારી ઘણી જગ્યાએ રક્ષા કરેલી છે, શું એના ગુણનું વર્ણન કરીએ, પ્રભુના ગુણનો કોઈ પાર નથી. હે ઉધ્ધજી, અમારા અંતરની શું વાત કરીએ, તમે અમારાથી અજાણ નથી, કૃષ્ણે કર્યું એવું, અમને સાવ ભૂલી ગયા છે.

ગોપીઓ કહે છે, ''હે ઉધ્ધવજી તમે ભગવાનના સખા છો તેથી અમારા અંતરની વાત તમારી પાસે કરી, અમારી સાથે ચાલો અમે તમને બધી જગ્યા બતાવીએ.'' ઉધ્ધવજીને ગોપીઓ વનમાં લઈ જાય છે.

**ગાયો ચારતા ગોવિંદજી, તિયાં ઉધ્ધવને તેડી ગયા;**
**વનિતા વળી ટોળે મળી, સર્વે સ્થળ વનનાં દેખાડીયાં.**

જુઓ આ જગ્યાએ ગોવિંદ ગાયો ચરાવવા આવતા. આ જગ્યાએ વાંસડી વગાડીને રાસ રમાડયો, આ જમુનાનો ઘાટ છે, ત્યાં અમારી ચુંદડી તાણતા અને મહીની ગોળી ફોડતા ... ઉધ્ધવજી, આ કદંબનું વૃક્ષ છે... હજું બેઠો છે, જુવો મને બોલાવે છે... તમે જુવો તો ખરા ... અમને ભાસ થાય છે જાણે કૃષ્ણ આપણી પાછળ પાછળ દોડતો આવે છે.

ઉધ્ધવજી એવો સમય ફરી કયારે આવશે...કનૈયો અમને મળવા કયારે આવશે ... ઉધ્ધવજી વિચારે છે. હું ગોપીઓને શું બોધ આપું ? મેં અનેક વખત ઉપદેશ આપ્યો છે કે બ્રહ્મ વ્યાપક છે, પરંતુ બ્રહ્મ વ્યાપકનો અનુભવ તો ગોપીઓને થાય છે, મને અનુભવ થયો નથી. ઉધ્ધવજી વિચાર કરતા થઈ ગયા.

મોટા મોટા યોગીઓ સમાધિ લગાવી સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે છે તેમ છતાં સંસાર ભૂલાતો નથી. ત્યારે વ્રજની ગોપીઓ સંસારને યાદ કરવા પ્રયત્ન કરે છે, છતાં સંસાર તેને યાદ આવતો નથી. પળ પણ ભગવાન ભૂલાતા નથી. ભગવાન કૃષ્ણ ચિત્તમાં ચોટી ગયા છે...નિષ્કુળાનંદ સ્વામી ગાય છે...

**ચિતડામાં ચોંટી ગયો રે અલબેલો વહાલો, ચિતડામાં ચોંટી ગયો રે;**
**અચાનક એને દીઠો, મનડામાં લાગ્યો મીઠો; અંતરમાં આવી પેઠો રે. અ.**
**વિસાર્યા વિસરે નહિ, કરીને ઉપાય કહી; હવે હું તો હારી રહી રે. અલ.**

ગોપીઓ કહે છે, ઉધ્ધવજી જુવો આ વનમાં કૃષ્ણે અમને રાસ રમાડ્યાં છે.

**ઈયાં એણે વેણ વજાડી, ઈયાં રમાડયાં એણે રાસ;**
**ઈયાં તજી ભાગી ગયા ભૂધર, ત્યારે અમે થયા ઉદાસ.**

ગોપીઓ કહે છે, હે ઉધ્ધવજી ! રાસ રમવાની શું વાત કરીએ ! એવો રાસ જામ્યો હતો, કે ન પૂછો વાત, રાસ રમવા માટે દેવતાઓ પણ માનવ શરીર ધારીને આવ્યા હતા. ઠંડો મીઠો પવન વાતો હતો. અમે કૃષ્ણ સાથે રમતાં હતાં ... ત્યાં અચાનક પ્રભુ અદ્રશ્ય થઈ ગયા. તેની સાથે ચતુર રાધાજી પણ ચાલતાં થઈ ગયાં. રાસ અટકી ગયો. રાધાજીએ આગળ ચાલતાં કૃષ્ણને કહ્યું. ''કૃષ્ણ ! હું થાકી ગઈ છું. મારાથી ચલાતું નથી. મને ખભે બેસાડોને.'' ત્યારે પ્રભુએ રાધાજીને ખભે બેસાડયાં ત્યાં રાધાજી ફુલાઈ ગયા કે હું કેવી ભગવાનને વહાલી છું કે મને પોતાના ખભે બેસાડી છે...

ભગવાનને થયું રાધાજીને અભિમાન આવ્યું છે તે સારું નથી, તેથી કાંઈક લીલા કરવી પડશે, પ્રભુએ કહ્યું રાધા...ઓ...રાધા, મારા પગમાં કાંટો વાગ્યો છે...તમે ઝાડની ડાળખી બરાબર પકડજો. હું કાંટો કાઢી લઉં, જયાં રાધાએ ડાળખી પકડી ત્યાં પ્રભુ અદ્રશ્ય થઈ ગયા. આવું સાંભળી ઉધ્ધવજી હસવા લાગ્યા.

હસતા હસતા ઉધ્ધવજીએ પૂછયું, પછી શું થયું ? ગોપીઓ કહે છે, પછી રાધાજી ઝાડની ડાળખીએ લટકી રહ્યાં, બૂમો પાડે મને નીચે ઉતારો મને નીચે. ઉતારો ત્યાં અમે ભગવાનનાં પગલાં જોતાં જોતાં આવ્યાં, ત્યાં રાધાજી લટકે છે. પછી અમે રાધાજીને ઝાડથી નીચે ઉતાર્યા...લીલા સંભારતાં ગોપીઓ રડે છે.

**સર્વસ્થળ દેખાડતાં અતિ આંખડિયે આંસુ ઝરે;**
**ઉધ્ધવ અમે કેમ કરીએ, એમ કહી કહીને રૂદન કરે.**

આવી દિવ્ય લીલા સાંભળતાં ઉધ્ધવજીની આંખમાં આંસુ આવી ગયાં, ખરેખર સંયોગમાં ચક્ષુદર્શન અને વિયોગમાં માનસ દર્શન ગોપીઓ કરે છે.

ગોપીઓ કહે છે, ''હે ઉધ્ધવજી તમે બે ચાર મહિનાથી કૃષ્ણના મંત્રી થયા છો પણ અમે તો જન્મો જન્મથી એમની દાસીઓ છીએ, અમે ગામડામાં રહેનારી અભણ અબળા છીએ, તમારા જેવા જ્ઞાની ને શું કહીએ ! તમે તો વિદ્વાન છો, અમે તો

અભણ છીએ,

**વાલીડો વિજોગી ગયા રે હો ઉધ્ધવજી અમને;**
**વીસામો વિજોગી ગયા રે હો ઉધ્ધવજી અમને.**
**અમને કરી અનાથ, નેક નાખી ગયા નાથ;**
**કુબજાના નાથ થયા રે . હો ઉધ્ધવજી .**

ઉધ્ધવજી, અમે એવું સાંભળ્યું છે કે પ્રભુ કુબજાના નાથ થયા છે તેથી અમને ભૂલી ગયા લાગે છે.

## ઉધ્ધવજીનો જ્ઞાન ગર્વ ઉતરી ગયો

ઉધ્ધવજીને પ્રેમ લક્ષણા ભકિતનું જ્ઞાન થયું, ગોપીઓના સત્સંગથી ઉધ્ધવજીની ભકિત દિવ્ય બની છે, પ્રેમ ભકિત વગરનું જ્ઞાન નકામું છે, તેનું ઉધ્ધવજીને ભાન થયું. ઉધ્ધવજીને ખાત્રી થઈ, જ્ઞાન કરતાં પ્રેમ શ્રેષ્ઠ છે.

ઉધ્ધવજીને ગોકુળ છોડવાની ઈચ્છા થતી નથી, ગયા છે પાંચ દિવસ માટે પણ રહ્યા છે, છ મહીના, ચરણમાં મસ્તક નમાવી ઉધ્ધવજી પગે લાગે છે.

**શિશ નમાવી વળી વંદના કીધી, ધન્ય ધન્ય બાઈ તમે ધન્ય છો;**
**સ્નેહ પણ સાચો તમારો, વળી તમે હરિનાં તન છો.**
**તમારા પ્રેમને પાસળે, વળી સર્વે સાધન ન્યુન છે;**
**મને થયું દરશન તમારૂં, તેહ મોટા મારા પૂન્ય છે.**

દરરોજ ગોપી સાથે રહેવાથી ગોપીજનોની પ્રેમ જનિત વિકળતા જોઈને ઉધ્ધવજીનું મન વિશેષ ભકિતમય રંગાઈ ગયું.

ઉધ્ધવજી બે હાથ જોડી કહે છે, હે બાઈ, ધન્ય છે તમને, ધન્ય છે તમારી ભકિતને, તમારી ભકિત ઘણી ઊંચી છે, તમારી ભકિત આગળ અમારી ભકિત કાંઈ નથી, મારાં મોટા પુન્ય કે બાઈ તમારાં મને દર્શન થયાં, બાઈ તમે ગોલોકની ગોપીઓ છો, તેહ વિના આવી ભકિત કોઈની હોય નહિ.

**મોટાં ભાગ્ય માતાજી મારા જે કૃષ્ણે મુજને મોકલ્યો;**
**સુણી સુધાસમ વાણી તમારી, પ્રેમે શું પીતા હું છળ્યો.**

ઉધ્ધવજી કહે છે, માતાજી, મારા મોટાં ભાગ્ય કે કૃષ્ણે સંદેશો દેવા માટે મને

મોકલ્યો જેથી તમારી અમૃત સમાન વાણી સાંભળી મારું હૃદય ભકિતથી રંગાઈ ગયું, બાઈ તમારા ચરણની રજ કૃષ્ણના ચરણ રજ સમાન છે. એમ કહી ઉધ્ધવજી ગોપીઓના ચરણની રજ મસ્તક ઉપર ચડાવીને શરીરે લગાડે છે.

**તમારી પદ રજ માગવા બાઈ લલચાણું મારૂં મન;**
**તમારા દાસનું દાસપણું, એહ આપજો જુવતિ જન.**

ઉધ્ધવજી, ગોપીઓની ચરણ રજમાં સ્નાન કરી ધન્યતા અનુભવતા કહે છે, હે પ્રભુ મને વૃંદાવનમાં મનુષ્યનો અવતાર મળે એટલાં મારા પુન્ય નહિ હોય, પણ વૃંદાવનમાં વૃક્ષ, લતા કે ઝાડ તરીકે જન્મુ તો પણ ઘણું છે. મારા ઉપર વ્રજની પવિત્ર રજ ઉડી ઉડીને પડશે, તેથી હું કૃતાર્થ થઈ જઈશ.

ગ.અ.વચનામૃત ૨૮માં શ્રીજી મહારાજે ઉધ્ધવજીને યાદ કર્યા છે. મહાત્મ્ય જ્ઞાને સહિત ભકિત સમજાવતાં કહે છે, ઉધ્ધવજી કેવા ડાહ્યા હતા. ભગવાનના ચોવડીયા હતા, ભગવાનની મોટાઈ જાણતા હતા, તો ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીઓ તેના ચરણની રજ પામવા માટે વન વેલીનો અવતાર માગ્યો.

**આસામહો ચરણરેણુંજુષામંહં સ્યાં,**
**વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।**
**યદ્દુસ્ત્યં સ્વજનમાર્યં પથં ચ હિત્વા,**
**ભજુ મુકુન્દ પદવીં શ્રુતિર્ભિ મૃગ્યામ**

ઉધ્ધવજી કહે છે, બાઈ હું બાળક બુધ્ધિથી બોલ્યો છું મારાથી વધારે પડતું કહેવાઈ ગયું છે, તેનો રોષ હૃદયમાં ધરશો નહિ. હું તો તમારો દાસ છું. તમે મારી માતા સમાન છો. બાળકના ગુન્હા માતા માફ કરે તેમ મારા ગુન્હા માફ કરજો, મને આશીર્વાદ આપો કે તમારા જેવી ભકિત મને પ્રાપ્ત થાય.

## ઉધ્ધવજી બે હાથ જોડી કહે છે.

**મહેર કરો માતા મુજને આપો આજ્ઞા તે શિર ધરું**
**નિષ્કુળાનંદના નાથ પાસે કહો તો જાવાનું હવે કરું...**

આજ્ઞા આપો માતાજી, હવે હું ભગવાન પાસે જાઉં, અને તમારા પ્રેમની બધી વાત કરું.

**જાઉં હવે જગદીશ પાસે, એવી આજ્ઞા કરો તમે;**
**ત્યારે સુંદરી કહે સારૂં વીરા, સુખે પધારો રાજી અમે.**

ગોપીઓ કહે છે, હે વીરા...તમે જાવ ભલે, પણ અમારી ભેટ લેતા જાવ. બધી ગોપીઓ દોડતી પોતાના ઘરે ગઇ અને જુદી જુદી ભેટ લઈ આવી. દૂધ દહીં ને માંખણની મટકી ભરી આવી. અને રથમાં બાંધ્યા, કોઈક ગોપી તલસાંકળી લઈ આવી, આ કનૈયાને દેજો કનૈયાને તલસાંકળી બહુ ભાવે છે, એને મારું નામ લઈને કહેજો, પ્રભાવતી ગોપીએ આ ભેટ આપી છે. કોઈક ગોપી લાડુ લઈ આવી, કોઈક માંખણ મીસરી લઈ આવી.

કોઈક ગોપી પિંતાબર લઈ આવી, કોઈક ધોતી લઈ આવી, જેવો જેનો ભાવ તેવી સામગ્રી લઈ આવી, આખો રથ જુદી જુદી સામગ્રીથી ભરાઈ ગયો, કોઈક ગોપીચંદન લઈ આવી. ઉધ્ધવજી આ ચંદનથી પ્રભુની પૂજા કરજો, કોઈક ફુલના હાર લઈ આવી, હવે ગોપીઓનું હૈયું ઝલાતું નથી. હૈયામાંથી હેતાળ શબ્દોની સરવાણી નીકળી.

**કોઈક કહે ચરણ રદે ધરજો, કોઈક કહે અંગોઅંગ ભેટજો;**
**કોઈક કહે હૈયે હાથ ચાંપી કોઈ કહે ચરણમાં લેટજો.**
**કોઈક કહે ચરણે બકી દેજો કોઈક કહે ગાલ ઝાલી તાણજો;**
**કોઈક કહે હાથ જોડી કહેજો, હરિ અમને પોતાનાં જાણજો.**
**જેનું જેવું અંગ હતું તેણે તે તેવું કાવિયું;**
**હેત છુપાડયું નવ છીપે હૈયાનું હોઠે આવિયું.**

ગોપીઓ કહે છે, અમારી વતીથી કૃષ્ણનાં ચરણ હૃદયમાં ધરજો, કોઈક કહે અંગોઅંગ ભેટજો, કોઈક કહે હાથ ચાંપીને હૈયા સાથે મળજો, કોઈક ગોપી કહે ગાલ ઝાલીને તાણજો, કોઈક કહે ચરણમાં લેટજો, કોઈક કહે ગાલમાં ચુંબન કરજો, કોઈક કહે હાથ જોડીને વંદન કરજો જેનું જેવું હેત હતું તેણે તેવું કહ્યું. હેત છાનું છૂપાવ્યું રહેતું નથી.

કોઈક ગોપી કહે છે, ઉધ્ધવજી, કૃષ્ણને કહેજો વહેલા વહેલા દર્શન દેવા ગોકુળમાં પધારે, આવું સાંભળી ઉધ્ધવજી ભાવવિભોર બની ગયા, ગોપીની ભકિતનું

કોણ વર્ણન કરી શકે ! આ કથા જીવનમાં ઉતારવા જેવી છે.

## પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે પરમેશ્વરનો ભક્ત નહિ

શ્રીજી મહારાજ ગ.પ્ર.૭૬ વચનામૃતમાં કહે છે, ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મૂકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહિ, એવો જે હોય તે પાકો સત્સંગી છે, અને એવા હરિભકત ઉપર અમારે વગર કર્યું સહેજે હેત થાય છે. અને એવા ગુણ જેમાં ન હોય તો હેત કરવા જઈએ તો પણ હેત થાય નહિ.

શ્રીજી મહારાજ કહે છે, અમારી પ્રકૃતિ એવી છે જે જેના હૃદયમાં ભગવાનની પરિપૂર્ણ ભકિત હોય તે ઉપરજ હેત થાય છે. ગોપીઓ ઉપર ભગવાનને વગર કર્યે હેત થાય છે, કારણ કે તેમની ભકિત પરિપૂર્ણ છે, ગમે તેવા ભીડામાં લીધા છતાં ભગવાનની આજ્ઞાને મૂકીને મથુરા ગયાં નથી.

ત્યારે આપણી ભકિત જોયા જેવી હોય ? અમુક હેત જગતમાં છે અને અમુક હેત ભગવાનમાં છે તેથી એવી ભકિત થતી નથી. સંપૂર્ણ ભાવ અને પ્રેમ પ્રભુમાં થાય તો જગતની વિસ્મૃતી થઈ જાય, પણ આપણો પ્રેમ વિખરાયેલો છે.

ઘરમાં ખૂંણે ખાંચે કચરો પડયો હોય એનો વાંધો નહિ, પણ જમવા બેઠા હોઈએ અને દૂધપાકના વાટકામાં ધૂળ પડે તો વાંધો આવી જાય, ભોજન બગડી જાય, અને ભૂખ્યા રહી જવાય, મજા ઉડી જાય.

તેમ આપણા હૃદયમાં જો માયા અને મમતાની ધૂળ ભરાઈ જાશે તો ભજન કરવાની મજા ઉડી જાશે, ગોપીઓના જેવી ભકિત કરવી હોય લાડુબા, જીવુબાના જેવી ભકિત કરવી હોય તો પાકો નિશ્ચય કરી રાખજો.

આપણને જેવા તેવા આલી મવાલી નથી રહેવું. સાધુને જડભરત જેવું થવું અને સંસારીને રાજા જનક જેવું થવું અને જો આવા મહાન ભકત થવું હોય તો મહાન શાસ્ત્રોનો મહાન સંતોનો સમાગમ કરવો. મહાનને સેવ્યા વિના મહાન થવાતું નથી. જેનો સમાગમ કરીએ, જેનાં સંગમાં રહીએ, તેના ગુણ આપણામાં આવે. સ્વામિ ગુણાતિતાનંદજી કહે છે, જેવો સાંઢ હોય તેવું વાછડું આવે. તેમ જેવા સંગમાં રહો તેવા ગુણ આવે.

કોઈથી ન થાય એવું કામ આપણે આદરી બેઠા છીએ ! જેમ જગતમાં જબરી

ફેરટરી હોય અથવા કોઈ જબરું કામ હોય, તો આપણે એમ થાય કે આ મોટું કામ છે. બહુ ધ્યાન રાખવું જોઈએ, નહિંતર ખોટ આવી જાય, આ લોકનું કામ આવડું મોટું કહેવાતું હોય તો આ તો પરલોકમાં જવાની વાત છે, ભકિત કરવાનું કામ પ્રભુમાં પ્રેમ કરવાનું કામ નાનું નથી, મોટું કામ છે.

અષ્ટઆવરણ ભેદીને, જન્મો જન્મની વાસનાના પડ તોડીને, પાપ માત્રનો ત્યાગ કરીને, બ્રહ્મરૂપ થઈને, ભગવાનમય બનીને, ભગવાનનાં અક્ષરધામમાં વાસ કરવો છે, આ કાંઈ નાની સૂની વાત નથી ! બહુ મોટી વાત છે.
કરોડો જન્મ સુધી આ કામ કરે, એવું આ કામ છે.

**અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્**

અનેક જન્મ સુધી જયારે મહેનત કરે, ત્યારે આ કામ થાય એવું છે. એવું મહાન ભકિતનું કામ લઈને આપણે બેઠા છીએ, એમાં આપણે ગાફલાઈ રાખીએ તો કેમ મેળ થાય. ?

ઝાઝું ઘી નાખીએ મેસુબ બનાવવા બેઠા હોઈએ, અને સાવધાની ન રાખીએ અને ઝાઝો તાપ થઈ જાય તો મેસુબ નો મોહનથાળ થઈ જાય, એમ સાવધાનીની જરૂર છે, ગાફલાઈ રાખે તો મોક્ષને બદલે બીજું કાંઈક થઈ જાય.
ઉધ્ધવજીને વિચાર થાય છે કે :-

**પાર ન લહ્યો પ્રેમ કેરો, જોઈ જોયું ઉધ્ધવે;**
**શ્રી કૃષ્ણ વિના પ્રાણ આના, કેમ કરીને રહેશે હવે.**

ઉધ્ધવજી મથુરા જવા તૈયાર થયા છે. વિચાર થાય છે ભગવાનને સંભારી સંભારીને ગોપીઓ કાયમ રડ્યા કરે છે તો એના પ્રાણ કેમ રહેશે ? કોઈક ગોપી ઊંચું આકાશ સામે નજર કરીને ગાઢે સ્વરે રૂદન કરે છે, હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! ત્યારે ઉધ્ધવજી કહે છે :-

**બાઈ એમ મ કરો, તમે ધરો અંતરમાં ધીર;**
**તમને હરિ સુખ આપશે, લુઈ નાખો નેણાનાં નીર.**

હે બાઈઓ તમે રડો નહિ, અંતરમાં ધીરજ રાખો...ભગવાન તમને જરૂર સુખ આપશે, ત્યારે ગોપીઓ રડતાં રડતાં કહે છે, વીરા, અમે કઈ રીતે ધીરજ રાખીએ, અમારી ધીરજ ખૂટી ગઈ છે.

**ત્યારે સુંદરી કહે અમે શું કરૂં, કેમ રહે નેણાંના નીર ઝાલિયાં;**
**તમે હતા જે કથા કહેતા તેહ પણ વીરા તમે ચાલિયાં.**

ઉધ્ધવજી તમે હતા તે કથા કહેતા તે અમે સાંભળીને રાજી થતાં હવે અમને કથા કોણ સંભળાવશે ? તમે પણ જાઓ છો ... પણ સારું વીરા આપ સુખે થી સીધાવો.

તમે ભાગ્યશાળી છો ઉધ્ધવ, તમને ભગવાનનાં રૂબરૂ સાક્ષાત દર્શન થશે, ચરણનો સ્પર્શ થશે ... ત્યારે યશોદાજી કહે છે, ઉધ્ધવજી, આ માખણ લઈ જાવ, મારા લાલાને ખવડાવજો, અને કહેજો વહેલો વહેલો અમને મળવા આવે ... એના વિના અમે હવે નહિ જીવી શકીએ, કૃષ્ણતો અમારો જીવન પ્રાણ છે.

ઉધ્ધવજી કહે છે, ... તમે ચિંતા ન કરો હું કૃષ્ણને લઈને જરૂર આવીશ.

**પછી ઉધ્ધવ ગોપીને પાય લાગી, માગી શીખ રથ ચલાવીયો.**

ઉધ્ધવજી, ગોપીઓને પગે લાગી, નમસ્કાર કરી, રથમાં બેઠા. રથ ચાલતો થયો. આ દશ્ય જોઈ ગોપીઓ અને મૈયા યશોદાજી પાલવમાં મુખ રાખી કરૂણ સ્વરે રડે છે. ઉધ્ધવજીનું પણ હૃદય ભરાઈ આવ્યું. ધન્ય છે ધન્ય છે વ્રજવાસીને...મનોમન વ્રજભૂમિને નમસ્કાર કરી ઉધ્ધવજી મથુરા તરફ જાય છે. મનમાં વિચાર થાય છે.

હું માનતો હતો કે કૃષ્ણ દયાના સાગર છે. કૃપાનિધિ છે, પરંતુ પ્રભુ સાવ નિષ્ઠુર છે, દયાહીન છે, ગોપીઓ આટલી બધી ટળવળે છે, છતાં મળવા આવતા નથી, બીજું તો ઠીક છે, પણ મૈયા યશોદાજીને પણ મળવા આવતા નથી...હું કૃષ્ણને જરૂર ઠપકો આપીશ કે તમે કેમ ગોકુળમાં જતાં નથી...! આમ વિચાર કરતા કરતા ઉધ્ધવજી મથુરા પહોંચી આવ્યા. ઉધ્ધવજીને જોતાં જ પ્રભુ દોડીને રથ પાસે આવ્યા, શ્રીકૃષ્ણ અંતર્યામી છે, સમજી ગયા કે ઉધ્ધવજી મને ઠપકો આપવાનાં છે. શ્રી કૃષ્ણે કહ્યું, "હે ઉધ્ધવ ! હું નિષ્ઠુર નથી, હું સાવ કોમળ છું. ગોપીઓ મને પ્રાણ સમાન વહાલી છે," એમ કહી ભગવાને વરદ્ હસ્તકમળ ઉધ્ધવજીના મસ્તક ઉપર પધરાવ્યા.

ત્યાં તો ઉધ્ધવજીને સમાધિ થઈ ગઈ. સમાધિમાં પ્રભુનાં દર્શન થયાં. એક સ્વરૂપે કૃષ્ણભગવાન મથુરામાં છે, બીજા સ્વરૂપે ભગવાન ગોકુળમાં છે. ગોપીઓ સાથે રમે છે, જમે છે, ગાયો ચારે છે, મૈયા યશોદાજીના ગોદમાં સુએ છે, નંદબાબાની ગોદમાં ખેલે છે. આવાં દર્શન થયાં, સમાધિમાંથી જાગ્યા કે તરત પ્રભુના ચરણમાં

દંડવત્ કર્યા.

"હે પ્રભુ ! ધન્ય છે તમારી લીલાને, તમારી લીલાને કોઈ કળી શકે નહિ. મારી શંકાનું સમાધાન થયું, તમે ગોપીઓની સાથે સદાય રહ્યા છો."

**ઉધ્ધવ આવી ભેટ્યા ભૂધરને, નેણાં તૃપ્ત ન થાય નીરખતાં;**
**ત્યારે કૃષ્ણ કહે ભલે આવ્યા, ઉધ્ધવ શું કરે છે વ્રજવનિતા.**

ઉધ્ધવજી, ભાવથી ભગવાનને બાથમાં લઈને ભેટ્યા, એક નજરે ભગવાનને નીરખી નીરખીને દર્શન કરે છે. પ્રભુ કહે છે ઉધ્ધવ ! કહો તો ખરા વ્રજવનિતા શું કરે છે ? પ્રભુ વ્રજવનિતાની શું વાત કરું ? ખાન પાનની ભાન ભૂલી ગયા છે, એક તમારી જ રટના લાગી ગઈ છે, તમારા સિવાય એની નજરમાં બીજું કાંઈ આવતું નથી. દેહદશા રહી નથી.

આ જગતની અંદર યોગ, યજ્ઞ, જપ, તપ, તીર્થ, વેદ વિધી બધું જ કરી શકે પણ ગોપીઓના જેવી ભકિત કોઈક જ વીરલા હોય ભાગ્યશાળી હોય તેજ કરી શકે છે.

## અહં તૂટે પછી જ સાચી ભકિત ઉદય થાય છે

ઉધ્ધવજી કહે છે :-

**પ્રેમ જોઈને પ્રમદાનો, મારો ગર્વ સર્વે ગળીયો;**
**હું તો ગયો તો શીખ દેવા, પણ સામુ શીખ લઈ વળીયો.**

હે પ્રભુ, હું ગોપીઓને શીખામણ દેવા ગયો હતો, મને જ્ઞાનનું અભિમાન હતું કે અભણ અબળાને સમજાવવી એ રમત વાત છે, પણ પ્રભુ ! ગોપીઓ અભણ નથી, વેદ વેદાંતના પારને પામી જાય એવાં છે. પ્રભુ ! હું વ્યાપકની વાત કરી જાણું છું પણ વ્યાપકનો અનુભવ ગોપીઓને થાય છે. ગોપીઓને સર્વત્ર, સર્વદા શ્રી હરિનાં દર્શન થાય છે.

ભકિત કેવી રીતે કરવી જોઈએ તે હું ગોપીઓ પાસેથી શીખી ને આવ્યો છું. મારી ભકિત શુષ્ક છે, ગોપીઓની ભકિત અનન્ય છે.

**હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમે પ્રગટ હોઈ મેં જાના;**
**અબ જગ મય સબ રહિત વિરાગી, પ્રેમે પ્રભુ પ્રગટાઈ જીની આદિ.**

સમગ્ર જગતમાં હરિ વ્યાપક છે, પણ પ્રેમથી પ્રગટ થાય છે, પ્રેમ ભકિતનું ભાતું લઈને હું આવ્યો છું, પ્રભુ ગોપીઓના કયા મુખે વખાણ કરું એની ભકિતની પરાકાષ્ટાનો કોઈ પાર નથી.

**તમ વિના ગોપીના પ્રાણ ન રહે, પણ રહેવા છે એક રીત;**
**જાણે હમણાં હરિ આવશે, એવું ચિંતવે છે ચિત.**

ઉધ્ધવજી કહે છે, ગોપીઓને આશા છે, એક વાર ચોક્કસ ભગવાન આપણને મળવા આવશે, આવી રીતે સતત ચિંતવતાં રાહ જોય છે. આશામાં ને આશામાં જીવે છે, પછી ગોપીઓએ જે ભેટ આપેલી હતી તે ભગવાનને અર્પણ કરી.

**ભેટ દીધી પૂજા કીધી કહ્યું, વહાલા આપી છે વ્રજસાથને;**
**કહ્યું છે અંગોઅંગ મળજો, નિષ્કુળાન્દના નાથને.**

ઉધ્ધવજીએ ભગવાનની પૂજા કરીને ભેટ અર્પણ કરી પછી ઉધ્ધવજી અને ભગવાન નિરાંતે બેઠા.

**અલબેલા આગળે ઉધ્ધવજી રે કહે છે,**
**પ્રમદાના પ્રાણ કોણ જાણે કેમ રહે છે રે ... ઉધ્ધવજી રે ...**
**નીર વિના નયણાં મેં કદીયે ન દીઠાં,**
**આંખડિયેથી આંસુ ઝરી ઝરી પડે છે હેઠાં રે ... ઉધ્ધવજી રે ...**

ઉધ્ધવજી કહે છે, ‘‘હે પ્રભુ ! છ મહિના હું ગોકુળમાં રહ્યો પણ નીર વિનાનાં નેણાં ગોપીઓનાં મેં કદી દીઠાં નહિ, અખંડ આંસુ ઝરતાં જ રહે છે. રોઈ રોઈને લાલ ચોળ નેત્રો થઈ ગયાં છે. શરીર સાવ સૂકાઈ ગયાં છે. તમે સારા મીઠા સમાચાર મોકલો જેથી તેમને ધીરજ રહે.’’

**શ્રી હરિ કહે છે ઉધ્ધવ એહ સત્ય છે જી,**
**મુજ સાથે સુંદરીને અતિશે આરત છે જી;**
**દેહગેહ સુખથી એહ વનિતા વિરકત છે જી,**
**અચળ અડગ એની મુજ વિષે મત છે જી.**

શ્રી હરિ કહે છે, ઉધ્ધવજી ! વાત સાચી છે, સુંદરીને મારે વિષે અચળ અને અડગ નિષ્ઠા છે, દેહ ગેહમાં કયાંય પ્રીતિ નથી, સંસારથી વિરકત છે, સંસારમાં

રહેવા છતાં વણ લીધે વૈરાગ્ય છે. ગોપીઓની પ્રશંસા કરતાં પ્રભુ કહે છે, "હે ઉધ્ધવ, સાંભળો ગોપીઓની ભકિત કેવી છે" :-

**એકાદશ ઈંદ્રિય એની ઉધ્ધવ આવી એહને મનમાં;**
**સંસાર સંકલ્પ ન આવે સ્વપને રહે સદાય બૂડી પ્રેમમાં.**

શ્રી હરિ કહે છે, "હે ઉધ્ધવ, દશ ઈંદ્રિયો અને અગીયારમું મન છે, તે ગોપીઓએ મારામાં સમર્પિત કરેલું છે, ગોપીઓને સંસારના વિચારો સ્વપ્નામાં પણ આવતા નથી. સદાય મારા પ્રેમમાં બુડેલી રહે છે."

## જેનો આત્મા બળીયો હોય તેને કોઈ દિવસ ખરાબ સ્વપ્ન આવે નહિ

એવું સાદુ જીવન ગાળો કે મનમાં કોઈ સંસારના સુખ ભોગવવાની વાસના જાગે નહિ, વાસના બૂરી છે, વાસના પ્રમાણે વિષય સુખ ન ભોગવે તો મન વ્યગ્ર બની જાય છે, અને જો તે સુખ ભોગવવા દે તો વધારે પ્રજવલિત થાય છે, જેની ઈંદ્રિયો નિયમમાં છે તે સુખી છે. જેની ઈંદ્રિયો સંયમમાં નથી તે દુઃખી થાય છે.

## હું પૈસાની પાછળ પશુ જેમ ભટક્યો

એક વખત નારદજી યુધિષ્ઠિર રાજાને પ્રહ્લાદજીની કથા સંભળાવતા હતા, પણ રાજાને મજા નહોતી આવતી, તેથી લમણે હાથ રાખી ઉદાસ થઈને બેઠા છે. નારદજીને થયું કથા સાંભળવામાં રાજાને મઝા કેમ આવતી નથી ?

તેનું કારણ પૂછયું, તમારા મુખ ઉપર આનંદ કેમ નથી ! કથા તો આનંદથી સાંભળવી જોઈએ તેના બદલે ઉદાસ કેમ છો ? યુધિષ્ઠિર રાજાએ સરસ જવાબ આપ્યો ... પાંચ વરસના પ્રહલ્લાદજીને ધન્ય છે કેવી અચળ નિષ્ઠા એની કેવી અદ્ભુત પ્રીતિ પ્રભુમાં જેથી પ્રભુ સ્તંભમાં પ્રગટ થયા, અને પ્રહલ્લાદજીને દર્શન થયાં. હું પંચાવન વરસનો થયો મને હજુ એક વાર પણ પ્રભુનાં દર્શન થયાં નથી.

મારું જીવન પશુની માફક ગયું. પૈસાની પાછળ પશુ જેમ ભટકયો ભૂખ લાગી ત્યારે ખાધું. ઉંઘ આવી ત્યારે સૂતો. વાસના જાગી ત્યારે વાસનાને સંતોષી. મનુષ્ય થઈ પ્રભુ માટે એક પણ સત્કર્મ કર્યું નહિ. ધિકકાર છે મને ! મારું જીવન કૂતરા અને બિલાડાની માફક ગયું. હું હજુ પ્રભુ પ્રેમમાં પાગલ થયો નથી. મને હજુ ભગવાન

મળ્યા નહિ.

પાંચ વરસના પ્રહલ્લાદજીને ભગવાન મળ્યાએ પ્રહલ્લાદજીની ભક્તિ કેવી હશે ? કે ભગવાન તેનું વચન સત્ય કરવા થાંભલામાંથી પ્રગટ થયા, હે નારદજી ! મને જગતમાં માન અને પ્રતિષ્ઠા મળ્યા પણ પરમાત્મા મળ્યા નહિ. ભગવાનની ભક્તિ વિના મારું જીવન વૃથા ગયું, તેથી મને દુઃખ થાય છે, હૃદયમાં શાંતિ થતી નથી.

મારી જીંદગી એળે ગઈ, મેં ઘણું કર્યું પણ જે કરવાનું હતું તે કાંઈ કર્યું નહિ. ભગવાન માટે મેં કાંઈ ન કર્યું.

**શરીરં સુરૂપં નવીનં કલત્રં ધનં મેરુ તુલ્યં યશશ્ચારુ ચિત્રમ્ ।**
**હરિ રંઘ્રિ પદમે મનશ્ચેન ન લગ્નં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્ ॥**

સુંદર શરીર હોય, નવીન રૂપાળી સ્ત્રી હોય, મેરુ પર્વત જેટલું ધન હોય, ઘણી કીર્તિ ફેલાયેલી હોય, આ બધું જ હોય છતાં જો શ્રીહરિના ચરણમાં ચિત્ત ન ચોટયું હોય તો આ બધાથી શું ? આ સર્વથી શું વળ્યું ! કાંઈ જ નહિ ! જગતની પ્રતિષ્ઠા, પૈસા કે વિદ્વતા અંતકાળમાં બિલકુલ ઉપયોગમાં આવશે નહિ.

શ્રી હરિ કહે છે, ‘‘હે ઉધ્ધવ ! ગોપીઓ નો ભાવ કેવો છે તે સાંભળો !’’

**પ્રીત વશ છે પ્રાણ એના, જેની ચિત વૃતિ મુજમાં મળી;**
**સ્નેહ મુજ સાથે કરતાં, તેણે બીજી વાસના ગઈ બળી.**

પ્રભુ કહે છે, ‘‘ હે ઉધ્ધવ, ગોપીઓની ચિત્ત વૃત્તિ મારામાં મળી ગઈ છે. તેથી તેમની વાસના બળી ગઈ છે, અને માયાથી મુકત થઈ ગઈ છે.’’

## મનમાંથી સંસારને કાઢી નાખો, તો લાભ છે.

આ જગતની અંદર જીવ પ્રાણી માત્ર ફસાઈ જાય છે, માયા મૂકીને જશો કયાં ? જયાં જાશો ત્યાં માયા છે જ. કોલસાની ખાણમાં જે જાય તે કાળો થયા વિના રહે નહિ, સંસારમાં રહેવું જ પડે ! પણ માયાને અગ્નિની જેમ પકડજો. વિવેકરૂપી સાણસીથી પકડજો. અગ્નિ વિના ચાલે નહિ, છતાં અગ્નિને હાથમાં કોઈ લેતું નથી. તેમ માયાનો સ્પર્શ કરતાં બહુ સાવધાન રહેજો.

બહારનો સંસાર ભકિતમાં વિઘ્ન કરતો નથી, પણ જો સંસાર મનમાં ઘૂસી જાય અને રાત દિવસ એના જ વિચાર કરે, પૈસા, પુત્ર પરિવારના જ વિચાર થયા કરે

તો જરૂર ભકિતમાં વિઘ્ન કરે છે. મનમાંથી સંસારને કાઢી નાખો તો મન ન જાય તેનું મન ભગવાનની ભકિતમાં રહે છે, જ્ઞાની ભકત સદાય સાવધાન રહે છે.

શરીરથી પાપ કરશો તો સજા થશે, અને મનથી પાપ કરશો તો પણ સજા થશે, કાન્તા અને કનક આ બે વસ્તુમાં માયા રાખેલી છે. આ બેમાંથી જેનું મન હટી જાય તેનું મન માયામાંથી હટી જાય છે, અને ભગવાનમાં ચોંટી જાય છે.

શ્રી હરિ કહે છે, હે ઉધ્ધવ, ગોપીઓને કોઈ જાતની ઈચ્છા નથી. ચૌદલોકની અને ચતુર્ધા મુકિતની પણ ઈચ્છા નથી, ભગવાન કહે છે, મારા માટે ગોપીઓએ દેહના સુખને પણ તજી દીધા છે, પ્રેમી ભકત મને બહુ વહાલા છે, હું પ્રેમથી વશ થાઉં છું.

શ્રી હરિ કહે છે :-

**મને પ્યાર છે પ્રેમીનો હું તો પ્રેમી જનને પુંઠે ફરું;**
**સ્નેહ સાંકળે સાંકળ્યો હું જે જે જન કહે તે તે કરું.**

તપ કરતાં, જ્ઞાન કરતાં પ્રેમ લક્ષણા ભકિત શ્રેષ્ઠ છે, પરમાત્મા જીવ પ્રાણી માત્ર ઉપર પ્રેમનો વરસાદ વરસાવે છે, પણ માણસ એવો મૂર્ખ છે કે તે પ્રભુ સાથે પ્રેમ કરતો નથી, પ્રભુમાં પ્રેમ જગાડવા માટે પ્રભુના ઉપકારોનું વારં વાર સ્મરણ કરવું.

## પ્રેમ ભકિત એ તો શિરોમણી ભકિત છે.

એક જયદેવનામના આ દેશમાં ભકત થઈ ગયા, એમનાં પત્નીનું નામ પદ્માવતી હતું. મહાન ભકત અને જ્ઞાની હતા. પતિ પત્ની સાથે બેસીને દરરોજ સાંજે કીર્તન ગાય, જયદેવ કવિ ગીત ગોવિંદ નામના શાસ્ત્રની રચના કરતા હતા. એક વખત એક શ્લોક બરાબર બંધ બેસતો થતો નહોતો, ખૂબ મૂંઝાયા...પછી શ્લોક અધૂરો મૂકીને નદીએ સ્નાન કરવા ગયા.

એમનાં પત્ની રસોઈ બનાવતાં હતાં, ત્યાં ભગવાન જયદેવના રૂપમાં પહોંચી આવ્યા, પદ્માવતીએ પૂછયું, પતિદેવ સ્નાન કરવા ગયા હતા, અને સ્નાન કર્યા વગર પાછા આવ્યા ! ... જયદેવના રૂપમાં ભગવાને કહ્યું, હા દેવી ! અધૂરો શ્લોક યાદ આવ્યો તેથી તાત્કાલિક લખવા આવ્યો છું, તરત ભગવાને પોતાના હાથથી પુરો કર્યો.

પદ્માવતીએ કહ્યું, મૂંઝાયા હતા, હવે મૂંઝવણ મટીને ! સારું થયુ...હવે તમે જલદી સ્નાન કરી આવો, પછી જમવા બેસો...ભૂખ લાગી હશે... પદ્માવતીને ખબર નથી કે આ મારા પતિ નથી પણ પરમાત્મા છે, જયદેવના રૂપમાં ભગવાન બોલ્યા, દેવી, ભૂખ બહુ લાગી છે, જમવા આપો તો સારું.

પદ્માવતીએ તરત સરસ મજાની રસોઈ પીરસી, દાળભાતને રોટલી આપી, પ્રભુ જમે છે. પદ્માવતિ બાજુમાં બેઠાં છે. વિચાર થાય છે કે મારા પતિ કોઈ દિવસ સ્નાન કર્યા વગર જમતા નથી, અને આજે આ શું ? કે સ્નાન કર્યા સિવાય જમવા બેસી ગયા. સારું જે પતિને ઠીક લાગ્યું તે ... વધુ તો પતિ સામે બોલાય નહિ. પ્રભુ જમીને ઓરડામાં ચાલ્યા ગયા અને અદ્રશ્ય થઈ ગયા.

ત્યાં જયદેવ સ્નાન કરીને આવ્યા, પદ્માવતિ વિચાર કરે છે, આ શું જોઉં છે ! ત્યાં જયદેવે પૂછયું, દેવી શું વિચાર કરો છો ? આડું અવળું શું જુઓ છો ! મને જમવાનું આપો ! પછી શ્લોક લખવાની શરૂઆત કરું. પદ્માવતિ કહે છે, આ શું બોલો છો ? ''અત્યારે જ મારા હાથથી તમને જમાડ્યા, અને ફરીથી શું જમવું છે ?'' દેવી તમે શું કહો છો ? હું તો સ્નાન કરીને આવું છું. પતિદેવ...તમે શ્લોક લખી ગયા છો ! યાદ કરો ... દેવી હું નથી આવ્યો ! તો કોણ હતું ?

દેવી એ તો ભગવાન આવ્યા હશે, રૂંવાડાં ઊભાં થઈ ગયાં, જયાં તપાસ કરી તો ભગવાન પોતાના હાથે શ્લોક અધૂરો હતો તે પુરો લખી ગયા છે.

જે થાળીમાં ભગવાન જમ્યા હતા, તે થાળીમાં પાણી નાખીને જયદેવ પ્રસાદ જમી ગયા. હે પ્રભુ ! ધન્ય છે તમારી ભકતવત્સલતાને, ભગવાનના ભકતો માટે તમે કેવા કેવા રૂપ ધારણ કરો છો ! મારા પત્નીને દર્શન થયાં અને હું દર્શન વિના રહી જઈશ ! એમ કહી જયદેવની આંખમાં આંસુ આવી ગયા.

પ્રભુએ પ્રગટ થઈ જયદેવના મસ્તક ઉપર હાથ મૂકીને કહ્યું, ભગત રડો નહિ, મારા ભકતને માટે હું દોડતો આવું છું મને મારા ભકતો બહુ વહાલા છે. હવે શાસ્ત્રની શરૂઆત કરો... મારા જેવું કામ પડે ત્યારે મને બોલાવજો હું જરૂર આવીશ. આટલું કહેતાં પ્રભુ અદ્રશ્ય થઈ ગયાં.

પ્રભુ કહે છે, હે ઉધ્ધવ ! મને પામવા માટે અનેક પ્રકારની ભકિત છે પણ પ્રેમ ભકિત એ તો શિરોમણી ભકિત છે.

**મને સંભારે છે સ્નેહી જન, તેમ સંભારૂં હું સ્નેહીને**
**અરસ પરસ રહે એકઠાં, જેમ પ્રીત છે દેહ દેહીને**
**અંતર પ્રીત સરળ ચિત, વળી હૈયે હેત અતિ ઘણું**
**ઉધ્ધવ એવા જન જેહ, છે તેહ રહેવા ઘર છે મુજતણું.**

પ્રભુ કહે છે, હે ઉધ્ધવ ! જેમ ભકત મને સંભાળે છે, તેમ ભકતને હું પણ સંભાળું છું, અરસ પરસ ભકત અને ભગવાનની એકતા છે, જેમ દેહ અને જીવને એકતા છે, જેના અંતરમાં પ્રેમ છે, ભકિત છે, સરળ ચિત્ત છે, હૈયાનું હેત છે એવા ભકતના હૃદયમાં હું રહું છું.

## પ્રેમથી પ્રભુ વશ થાય છે.

નામદેવ કરીને એક ભકત હતા, તેમના પિતા પૂજા પાઠ કરે ત્યારે દીકરાને બધું શીખવાડે, એક દિવસ પિતાજીને બહાર ગામ જવાનું થયું, તેથી નામદેવે કહ્યું, બેટા ! દરરોજ ભગવાનને તું દૂધ જમાડજે, પછી તું પ્રસાદીનું દૂધ પીજે, જમાડ્યા સિવાય પીવાય નહિ. નામદેવ રાજી થયા કે કાલે મને સેવા કરવા મળશે. આખી રાત ઊંઘ ન આવી. ભગવાન નજર સામે દેખાય છે.

વહેલી સવારે નાહી ધોઈને દૂધ ગરમ કર્યું, પૂજામાં મંત્ર અને સેવામાં પ્રેમ મુખ્ય છે. નામદેવ સાત આઠ વરસના છે, દૂધની કટોરી ભગવાન પાસે મૂકી ઘંટડી વગાડી.

**દુધ ગાયનું ઉકાળી કટોરી ભરી લાવી છું મહારાજ;**
**આરોગજો પ્રભુ પ્રેમ કરી મારી વિનંતી છે મહારાજ.**

નામદેવ પ્રેમથી ભગવાનને બોલાવે છે, મારા પિતાશ્રી કહી ગયા છે, પ્રભુને દૂધ પીવડાવીને પછી પીજે...હજુ ભગવાન કેમ દૂધ પીતા નથી !

હું નાનકડો છું એટલે ભૂલ થઈ ગઈ છે કે શું ! સાકર ઓછી થાય છે શું ! તરત ચમચી ભરીને સાકર નાખી...હવે પીઓ...જરાક બોલોતો ખરા ! ભાવતું નથી કે કેમ છે ! દુધ પીતાં શરમ આવે તો લ્યો હું આંખ બંધ કરી દઉં. તોય ભગવાન દૂધ પીધું નહિ...ત્યારે લ્યો હું સંતાઈ જાઉં...એમ કહી નામદેવ સંતાઈ ગયા, વળી જોયા કરે દૂધ પીવા આવ્યા કે...કેમ...દોડીને જોયું તો કટોરી ભરેલીજ પડી છે.

ઓછું થયું નથી, હવે શું કરવું. !

નામદેવ રડી પડ્યા...રડતાં રડતાં કહે છે, હે વિઠ્ઠલ...હે વિઠ્ઠલ...તમે જો દૂધ નહિ પીઓ તો હું નહિ પીઉં...માથું પછાડીશ...જો નહિ પીઓ તો. એમ કહી જયાં માથું પછાડવા જાય ત્યાં ભગવાન આવી ગયા, અને પોતાના હાથથી દૂધનો કટોરો ઉપાડીને પીવા લાગ્યા.

દૂધ પીતા જોઈને નામદેવ મંડ્યા નાચવા...હવે પીધું...હા...કયારનો કરગરું છું...એમ કહી ભગવાન નો હાથ પકડી લીધો...બધું દૂધ પી જાવાનું નથી ! થોડું મારા માટે રાખજો, કાલી ઘેલી નામદેવની વાણી સાંભળી પ્રભુએ તરત નામદેવને પોતાના ખોળામાં બેસાડ્યા અને પોતાના હાથેથી દૂધ પાયું...લે બેટા...દૂધ પી લ્યો...તારા જેવા ભકતો તો મને બહુ જ વહાલા છે.

આપણે આર્તનાદથી ભગવાનને બોલાવીએ તો ભગવાન તો હાજરા હજુર છે, દૂર નથી, સેવા કર્યા સિવાય ભકિત સફળ થતી નથી. પ્રેમમાં એવી શકિત છે કે મૂર્તિને ચેતન બનાવી શકે છે.

પ્રભુ કહે છે, હે ઉધ્ધવ ! :-

**જેનું અંતર લૂખું હૃદય સૂકું, વળી નેહ નહિ જેનાં નેણમાં;**
**ઉધ્ધવ હું તો ત્યાં ન રહું, મર ધરે ધ્યાન દિન રેણમાં.**

જેનું અંતર લૂખું હોય હૃદય સુકું હોય અને પ્રભુ પ્રત્યે સ્નેહ ન હોય તે ભલે રાત દિવસ ધ્યાન કરે છતાં પણ ભગવાન કહે છે ત્યાં હું રહેતો નથી, ભગવત ચરણમાં રસ નથી ત્યાં પ્રભુ રહેતા નથી.

## જ્ઞાનની શોભા ભકિત છે.

એક સંત બહુ સારી કથા કરતા હતા, ત્યાં અનેક ભકતજનો કથા સાંભળવા આવે પણ ભગવાનમાં પ્રેમ નહિ, તેથી અમુક ભકતો ઊંઘી ગયા, અમુક આડું અવળું જોયા કરે, પણ એકગ્રતાથી કથા સાંભળે નહિ. અધવચ્ચે એક પછી એક ઊઠી ગયા. ફકત એક જ ભકત બેઠા રહ્યા.

કથા પુરી થઈ ત્યારે સંતે કહ્યું, ‘‘ધન્ય છે તમારી ભકિતને, હરિ કથાના પ્યાસી સારા છો, કથાનો મહિમા તમે સારો જાણો છો, તેથી હજુ બેઠા છો.’’ ત્યારે તે

માણસે કહ્યું, ''તમે જલદી ઉઠો તેથી વાટ જોતો હતો, તમે બેઠા છો તે પાટ ઉપર ચાદર પાથરેલી છે તે મારી છે. તેથી બેઠો છું. ચાદર લઈ ઘર ભેગો થઈશ ત્યારે નિરાત થશે. બાકી તમારી કથા અમને અડે નહિ. કથા સાંભળવામાં મને રસ નથી.'' આવા કોરાને સૂકા હૃદયવાળાને ભકિતની ભીનાશ લાગે નહિ.

એકાગ્રતા વિનાનું શ્રવણ વૃથા છે, ભોજન જમીએ પણ પચે નહિ તો એ નકામું છે, તેમ સત્સંગ કરીએ પણ હૃદય ગદ્ગદિત ન થાય, અને સરખું ન વર્તાય તો વૃથા છે.

જયાં સુધી મહિમા નહિ સમજાય ત્યાં સુધી આપણામાં ભજન ભકિત કરવાનું બળ નહિ જ આવે, બળ નહિ આવે તો માયા સામે લડવાની કળ નહિ જડે, પરમાત્મા જેને પોતાનો ગણે છે તેને જ પોતાના અસલી સ્વરૂપનાં દર્શન કરાવે છે, જયારે પોતાના લાડીલા ભકતો પરમાત્માની બહુ ભકિત કરે છે ત્યારે પોતાનું સ્વરૂપ બતાવે છે.

દરરોજ એવી ભાવના રાખવી કે ભગવાન મારી સાથે જ છે. જમવા બેસો ત્યારે એવી ભાવના રાખો કે ભગવાન મારી સાથે જમે છે. સુઓ ત્યારે યાદ કરો કે ભગવાન મારી સાથે સૂતા છે.

ધન્ય છે ગોપીકાના સ્નેહને કે ખૂદ પરમાત્મા ગોપીઓને વારંવાર સંભાળે છે. એના ગુણ ગાય છે. દરેક શાસ્ત્રોમાં ગોપીઓના પ્રેમની કથા વર્ણવેલી હોય છે.

શ્રુતિઓ પણ ગોપીઓના યશ ગાય છે, ઋષિ મુનિઓ તપ કરી કરીને રાફડા વળી ગયા છતાં મનમાંથી સૂક્ષ્મ વાસના ગઈ નથી. તે બધા ઋષિઓ ગોકુળમાં ગોપી થઈને આવ્યા છે. અનેક જન્મની સાધના અંતે ભગવાનનો ભેટો થયો છે.

ધન્ય છે ગોપીઓના સ્નેહને. ધન્ય છે એના હૈયાના હેતને. નિષ્કુળાનંદ સ્વામી ગોપીયું ને ધન્યવાદ આપતાં કહે છે, ધન્ય છે ગોપીઓની સમજણને ધન્ય છે એના મન બુધ્ધિ અને ચિત્તને જે કાયમ ભગવાનમાં જ લાગેલાં રહે છે.

ધન્ય છે ગોપીઓના હાથ ને ધન્ય છે ગોપીઓના ચરણને, ધન્ય છે એની જીહ્વાને ધન્ય છે એના દેહને, કે નખથી શીર પર્યંત રગે રગમાં હરિ રમી રહ્યા છે. બ્રહ્માનંદ સ્વામી ગોપીઓને ધન્યવાદ આપતાં અતિ સરસ કીર્તન ગાય છે...

**ધન્ય વ્રજનારી જેણે વહાલો વશ કીધા;**
**પ્રાણ જીવનજી અધર રસ પીધા. ધન્ય૦**

**આજ આવી છું મુખ માવાનું જોવા;**
**ઘરનાં જાણે છે ગઈ છે ગાવડલી દોવા. ધન્ય૦**
**આજ મારો જન્મ સુફળ થયો આલી;**
**છેલ છબીલો આવ્યા મારે મંદિરે ચાલી. ધન્ય૦**
**બ્રહ્માનંદ કહે ધન્ય વ્રજની નારી;**
**જેને હેતે મળ્યા છે ગિરધારી. ધન્ય૦**

વૃંદાવનમાં શાંડિલ્ય ઋષિ રહેતા હતા, સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને સેવા પૂજા કરે, પંચદેવની પૂજા કરે, પ્રાતઃ સંધ્યા કરે, ગાયત્રી મંત્રનો જાપ કરે છે, વિષ્ણુસહસ્રના પાઠ કરે, ભાગવતજીના અને ગીતાજીના પાઠ કરે પછી દરરોજ એકવીસ હજાર ભગવાનના નામ જપ કરે ત્યાં સાંજ પડી જાય. સાંજે સાત વાગે નિત્ય કર્મ પુરું થાય. આખો દિવસ નિત્ય નિયમ ચાલે. વિચાર કરો એનું જીવન કેવું મહાન હશે, પછી રાત્રે એક વાર ફળાહાર કરે.

આપણને પણ નિત્ય નિયમ જરૂર કરવાં જોઈએ, શિક્ષાપત્રીનું વાંચન, વચનામૃત, નારાયણ કવચ, જનમંગલ, પ્રાર્થના વિગેરે જરૂર વાંચવાં જોઈએ, જીવનમાં નીતિ નિયમ તો અવશ્ય જોઈએ. સંયમ અને સાદાઈ વડે જ જીવનમાં શાંતિ અનુભવાય છે.

શાંડિલ્ય ઋષિની સ્થિતિ સુદામા જેવી ગરીબ હતી, પણ ભકિતએ કરીને જ્ઞાને કરીને શ્રીમંતના પણ શ્રીમંત છે. અલૌકિક દિવ્ય સંપતિથી સમૃધ્ધ છે. તેમનાં પત્નિનું નામ પૂર્ણમાસી હતું અને દિકરાનું નામ હતું મધુમંગલ.

મધુમંગલ કૃષ્ણ સાથે કાયમ રમવા જાય, અને સાથે જમે પણ ખરા. પ્રભુને આવા પવિત્ર બ્રાહ્મણના ઘરનું જમવાની એક દિવસ ઈચ્છા થઈ તેથી કહ્યું, ‘‘મધુમંગલ આપણે કાલે ભોજન લીલા કરીએ, બધા સાથે મળીને જમશું. સૌ સૌના ઘરેથી જમવા માટે સામગ્રી લઈ આવવી, ઉજવણી કરીશું, તું પણ કાંઈક લેતો આવજે.’’

મધુમંગલ ઘરે આવ્યો, પૂર્ણમાસીને કહ્યું, મા...કનૈયાએ કહ્યું છે કે કાંઈક જમવાનું લાવજે, તું મને શું આપીશ. ! મા એ ખાટી છાશ નાની મટકીમાં ભરીને આપી... લે બેટા આ લઈ જા... મધુમંગલ છાશ લઈને આવ્યો, કોઈક બાળકો સુંદર મીઠાઈ લાવ્યા છે, કોઈક તલસાંકળી, ગળપાપડી, હલવો, દૂધપાક વિગેરે

ભોજન લાવ્યા છે, અરસ પરસ કૃષ્ણની સાથે બાળ સખાઓ જમે છે.

મધુમંગલને ખાટી છાશ આપતાં સંકોચ થાય છે, કનૈયો છાશ જોઈને મશ્કરી કરશે તો ! ... તેથી ઝટપટ પીવા મંડયો, કૃષ્ણ દેખી ગયા, દોડીને મટકી ઝાલી લીધી, મધુમંગલ એકલો છાશ પી જાય છે ! મને આપ મારે પણ પીવું છે,...મધુમંગલે મટકી ખાલી કરી નાખી, જલદી જલદી પીવાથી મોઢા ઉપર છાશના રેલા ઉતર્યા, કૃષ્ણ મધુમંગલના રેલા ચાટે છે. મધુમંગલ શરમાઈ ગયો, કૃષ્ણ રહેવા દે, કોઈક જોઈ જશે તો સારું નહિ લાગે.

તે વખતે બ્રહ્માજી આકાશમાં ભગવાનનાં દર્શન કરવા આવ્યા હતા. આવી લીલી જોઈને આશ્ચર્ય પામી ગયા, કૃષ્ણ બીજાના એંઠા રેલા ચાટે છે, જગત એને ભગવાન કહે છે, ભગવાન કોઈ દિવસ આવું ન કરે, આ તો ગોવાળીયો છે. બ્રહ્માજી જેવા પણ ભગવાનની લીલા જોઈને ભૂલા પડે છે, તો સામાન્ય જીવની શી સ્થિતિ ! આજે પરીક્ષા કરું, મારા જેવી સૃષ્ટિ બનાવતાં આવડશે તો માનીશ કે કૃષ્ણ ઈશ્વર છે.

બ્રહ્માજી વાછરડાંઓને માયાથી ઉઠાવીને બ્રહ્મલોકમાં લઈ ગયા, જોઉં હવે શું કરે છે ! ભોજન ચાલતું હતું તે વખતે ગોપ બાળકોને વાછરડાં યાદ આવ્યાં. જુએ છે તો વાછરડાં મળે નહિ. કનૈયા આપણા વાછરડાં દેખાતાં નથી. કનૈયાએ કહ્યું, તમે નિરાંતે ભોજન જમો, હું વાછરડાં લઈ આવીશ. કૃષ્ણ વાછરડાં શોધવા ગયા તો બ્રહ્માજી બાળકોને ઉઠાવીને બ્રહ્મલોકમાં લઈ ગયા.

ભગવાન સમજી ગયા કે આ કામ બ્રહ્માજીનું છે, કૃષ્ણ અનેક રૂપે થઈ ગયા, જેટલાં વાછરડાં હતાં, જેટલાં બાળકો હતા તેટલારૂપે થઈ ગયા, હવે કૃષ્ણ કૃષ્ણ સાથે ખેલે છે રમે છે અને આનંદ કરે છે, ગાયો વાછરડાંને ધવરાવે છે, ચાટે છે, પણ તૃપ્તિ થતી નથી. બ્રહ્માજી ફરીથી વૃંદાવનમાં જોવા આવ્યા, વાછરડાં વગર અને ગોપ બાળકો વિના શું પરિસ્થિતિ બની હશે, બ્રહ્માજીએ આકાશમાં આવીને જોયું, તો કૃષ્ણ પરમાત્મા વાછરડાં સાથે અને ગોપ બાળકો સાથે રમે છે.

બ્રહ્માજી વિચારમાં પડી ગયા, આ મને દેખાય છે તે સાચા કે હું લઈ ગયો છું તે સાચા, વિચાર પૂર્વક જોયું ત્યાં સર્વે ગોપ બાળકો અને સર્વે વાછરડાંઓમાં શ્રી કૃષ્ણ પરમાત્માનાં દર્શન થયાં.

બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી, હે પ્રભુ ! મારી ભૂલ થઈ. હકીકતમાં

તમારી પરીક્ષા કરાય નહિ. પણ મોહ વશ થઈને મેં પરીક્ષા કરી તે બદલ મને ક્ષમા કરો, તમારી અકળ કળા કોઈ કળી શકે નહિ. તમે તો એક ક્ષણમાં સૃષ્ટિનું સર્જન કરો અને એક ક્ષણમાં વિસર્જન પણ કરો.

શ્રીકૃષ્ણ પરમાત્માએ એક એક લીલામાં એક એક દેવનો પરાભાવ કર્યો છે, વત્સલીલામાં બ્રહ્માનું અભિમાન ઉતાર્યું. ગોવર્ધનલીલામાં ઈંદ્રનું અભિમાન ઉતાર્યું, રાસલીલામાં કામદેવનું અભિમાન ઉતાર્યું.

વ્રજની નારીઓ, વ્રજની ગાયો, વ્રજનાં ગોપ બાળકો, વ્રજની વન વેલીઓ અને વ્રજની ભૂમિ ને ધન્યવાદ છે, જયાં પાવનકારી પ્રભુનાં પગલાં થયાં છે, શ્રીજી મહારાજ જેતલપુરના પાંચમા વચનામૃતમાં વૃંદાવન ને યાદ કરતાં કહે છે, અમે જેતલપુર ગામમાં અનેક યજ્ઞ કર્યા છે, દેવ સરોવરમાં અનેક વાર સંત સહિત અમે સ્નાન કર્યું છે.

ઘરો ઘર સો વાર ફર્યા છીએ, અને ઘેર ઘેર ભોજન કર્યા છે, તેથી આ જેતલપુરની સીમ અને ગામ વૃંદાવન કરતાં પણ વિશેષ રમણ સ્થળ કર્યું છે, આવી વાત કરતા હતા, ત્યાં ત્રણ દેવ ભગવાનનાં દર્શન કરવા આવ્યા. શ્રીજી મહારાજે કહ્યું, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ ત્રણ દેવ નિત્ય સંતની સભાનાં અને અમારાં દર્શન કરવા આવે છે. તેનાં તમને દર્શન થયાં જેતલપુરનો મહિમા અદ્‌ભુત છે, તેનું સરસ મજાનું કીર્તન સ્વામી બદ્રીનાથાનંદજી ગાય છે.

**ધન્ય ધન્ય જેતલપુર ગામ રે સાંભળો સાહેલી;**
**એના તુલ્ય નહિ બીજું ધામ રે સાંભળો સાહેલી.**
**એની રજ ચડાવે શુધ્ધ થાય રે સાંભળો સાહેલી;**
**દાસ બદ્રીનાથ એમ ગાય રે સાંભળો સાહેલી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**કરી પ્રીત પૂરણ રીતે જીતી ગઈ જશ જુવતી;**
**જશ જેના ઉતમ એના ગુણ ગાય છે ગૃહસ્થને જતિ.**
**ભૂત ભવિષ્ય વર્તમાનમાં સ્નેહ તુલ્ય નથી આવતું;**
**નિષ્કુળાનંદના નાથજીને સ્નેહ વિના નથી ભાવતું.**

ગોપીઓ જગ જીતી ગઈ, એમના ગુણ યોગી યતિ અને શ્રુતિઓ પણ ગાય

છે. ભૂત, ભવિષ્ય, વર્તમાનમાં સ્નેહ તુલ્ય બીજું કાંઈ આવતું નથી. પ્રભુ પ્રેમ વિના ની ભકિત લુખી છે, શ્રી કૃષ્ણ ભગવાનને વિષે મહાત્મય જ્ઞાને સહિત જે સ્નેહ તેને જ ભકિત કહેવાય છે.

**આ સ્નેહ ગીતામાં ભકિત યોગની મહત્તા બતાવેલી છે.**

ભગવાનના એક એક અંગનું ચિંતવન કરવું, તેને ધ્યાન કહેવાય. ચિંતવન કરીને હૃદયમાં પ્રભુને ધારી રાખવા તેને ધારણા કહેવાય, ભગવાનનું દરરોજ ધ્યાન કરશો તો સંસારનું અને શરીરનું વિસ્મરણ થશે, ભકિત માર્ગમાં પ્રેમ જોઈને પ્રેમ યોગ શ્રેષ્ઠ છે.

**સ્નેહ ગીતા જે જન ગાશેજી, સુંણતાં સધ્ય આનંદ ઉપજાવશેજી;**
**પ્રીતમની પ્રીતની રીત જો જણાવશેજી,**
**સ્નેહી જનને સુધા સમ ભાવશેજી.**

નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે, સ્નેહગીતા જે પ્રેમભાવથી ગાશે, સાંભળશે, તેના હૃદયમાં પરમાનંદ પ્રગટ થશે, અને સ્નેહગીતા સુધાસમ એટલે અમૃત જેવી મીઠીને મધુર લાગશે, વારંવાર વાંચવાની ઈચ્છા થશે, હૃદયરૂપી મંદિરમાં પ્રભુ પધારશે, આ સ્નેહગીતા વાંચવાથી અને સાંભળવાથી હૃદયમાં જ્ઞાનનો અને ભકિતનો દીપ પ્રગટ થશે, જેમ સાબુથી વસ્ત્રનો અને શરીરનો મેલ જાય છે તેમ સ્નેહગીતા શ્રવણ અને મનનથી તન અને મનના મેલ ધોવાય છે.

**સર્વે વાસના ત્યારે ગળે જયારે મળે મનોહર મુરતિ;**
**સાધન સર્વે થાય પુરાં એમ ગયે સત્ય નિત્ય સુરતિ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વાસના કયારે બળે ? જયારે ભગવાનની ઉપાસના કરે ત્યારે વાસના બળે ! પરબ્રહ્મ પરમાત્મામાં સ્નેહ થાય તો જીવન પવિત્ર થાય છે. જાતે ભીલ હોય કે અભણ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, જેટલો જે વ્યકિત પરમાત્મા સાથે એક થાય છે, સન્મુખ થાય છે તેટલો તે દેહાધ્યાસથી દૂર થતા જાય છે અને પરમાત્માની નજીક આવે છે.

હૃદય ભુવનમાં પ્રભુનો પ્રકાશ લાવવો હોય તો નિત્ય હરિ સ્મરણ ભાવ વિભોર થઈ હરિ ભજન કરવું, બ્રહ્મરસનું પાન કરશો તો ચિતમાંથી માયા અને

વાસનાનો નાશ થશે, અને બહારના વિષયો વિક્ષેપ નહિ કરે.

આ જગતનાં નાશવંત સુખોમાં આનંદ નથી, આનંદ આપણા હૃદયમાં જ છે. ભગવાનમાં આનંદ વધતો જાય તેની ખબર કેમ પડે ? કથા કીર્તનમાં આનંદ આવે, રાસ રમવામાં મજા આવે, પ્રભુની પૂજા કરવામાં શ્રધ્ધા જાગે, સત્સંગ સમૈયામાં મજા આવે, જગતની તમામ ક્રિયામાં સુગ આવે, ભગવાન સિવાય કયાંય ચિત્ત ચોંટે નહિ, સદાય ભગવાનમાં જ મન લાગેલું રહે તો સદાય તેને અક્ષરધામના સુખનો અનુભવ થાય છે.

માણસના ખિસ્સામાં થોડાક પૈસા હોય તો માનવને હિંમત રહે છે, ત્યારે જે ભકતજન પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે, એને કેમ હિંમત નહિ હોય ? ... ખુમારીથી ફરો કે મારા સાથે મારા ભગવાન છે, ભગવાન ને સતત યાદ કરો.

**સ્નેહ ગીતા ગ્રંથ ગાવા ઈચ્છા કરી અવિનાશ;**
**નિષ્કુળાનંદને નિમિત દઈ કર્યો ગ્રંથ એહ પ્રકાશ.**

ભગવાનને સ્નેહ ગીતા ગાવાની ઈચ્છા થઈ તેથી નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી આ ગ્રંથ પ્રકાશિત કર્યો છે, સ્નેહ ગીતા અદ્‌ભૂત ગ્રંથ છે, સ્નેહ ગીતા એટલે ભગવાનને મેળવવાનું સાધન. સંસારનાં વિષય સુખમાં વૈરાગ્ય થાય અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે તે સ્નેહ ગીતાનો ઉદ્દેશ છે.

સ્નહે ગીતામાં ૧૧ પદ છે, ને ૪૪ કડવાં છે, સંવત ૧૮૭૨ ના વૈશાખ સુદ ચતુર્થીના દિવસે આ ગ્રંથ પૂર્ણ થયો છે. નિષ્કુળાનંદ સ્વામી ગ્રંથના અંતમાં અતિ સુંદર કીર્તન ગાય છે, આપણે પણ ભાવથી ગાઈએ.

**ધન્ય ધન્ય સ્નેહ શિરોમણી, નાવે સાધન કોઈ સમતોલ;**
**સાંભળજો સ્નેહ સમાન તે શું કહું.**
**જપ, તપ, તીર્થ, વ્રત જોગ જે કોઈ કરે જો યશ અતોલ;**
**સાંભળજો સ્નેહ સમાન તે શું કહું.**

સ્નેહ સમાન કાંઈ થઈ શકતું નથી. જપ કરે, તપ કરે, તીર્થ કરે, યોગ સાધના કરે, અનેક યજ્ઞો કરે પણ ભગવાનમાં હેત નથી, ભાવ નથી તો તેનો કોઈ અર્થ નહિ. ઉપવાસ કરે, ઉદાસી ફરે, વસ્ત્ર વિના જંગલમાં ફરે, કેવળ ફળ ફુલ ખાય, કોઈ કેવળ દૂધપાન કરે, કોઈ જીંદગી ભર ફલાહાર કરે, કોઈ ખૂબ દાન કરે, કોઈ

હિમાલયમાં તપ કરે પણ જો પ્રભુમાં સ્નેહ ભાવ નથી તો એનો કોઈ અર્થ નથી. બધું નકામું છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**સર્વે સુનું એક સ્નેહ વિના એ તો પ્રપંચનો પરિવાર;**
**સાંભળજો સ્નેહ સમાન તે શું કહું.**

જોગી જોગ સાધતાં થાકી જાય, સખત તડકામાં ધૂણી તપાવી આકરું તપ કરે, એકાંતમાં બેસીને ધ્યાન કરે, બીજા એવા અનેક સાધનો કરે પણ જો પ્રભુ પ્રત્યે પ્રેમ નથી, ભાવ નથી, શ્રધ્ધા કે વિશ્વાસ નથી, તો સર્વે શૂન્ય છે. એવા તો કરોડો જીવાત્માઓ વ્રત તપ કરે છે, પણ કોઈને આવ્યા નથી હાથ...પ્રેમ વશ થઈ પાતળીયો સદા રમીયા વ્રજજન સાથ.

**પ્રેમ વશ થઈ પિયુ પાતળો, સદા રમિયા વ્રજજન સાથ;**
**સાંભળજો સ્નેહ સમાન તે શું કહું.**
**હેત પ્રીત સ્નેહી ને સંગે અલબેલો આપે છે આનંદ...સાંભળજો...**
**વહાલો નિષ્કુળાનંદનો નાથજી, સ્નેહને વશ છે શ્રીસહજાનંદ.**
**સાંભળજો.**

પ્રેમ વશ થઈને પુરુષોતમ નારાયણ સદાય વ્રજજન સાથ રમ્યા, જમ્યા અને ખૂબ આનંદ આપ્યો, સ્નેહને વશ શ્રીસહજાનંદ છે. સહેજે સહેજે આનંદ આપે એવા શ્રીસહજાનંદ સ્વામીના ચરણમાં કોટી કોટી પ્રણામ...

સ્નેહ ગીતા શ્રવણથી, દર્શનથી, પૂજનથી, પાપનો નાશ થાય છે, સ્નેહગીતા શ્રવણથી સદ્‌ગતિ મળે છે.

## સ્નેહ ગીતા પ્રેમ શાસ્ત્ર છે.

જ્ઞાન વૈરાગ્ય સાથે ભકિતને વધારવા માટે આ સ્નેહગીતા છે, સ્નેહ ગીતા વાંચવાથી અને સાંભળવાથી જ્ઞાન અને વૈરાગ્ય જાગૃત થાય છે, જ્ઞાન અને વૈરાગ્ય આપણા હૃદયમાં છે. પણ અજ્ઞાનને કારણે અને મોહ મમતાને કારણે ઊંઘી જાય છે, તે ઊંઘતા જ્ઞાન અને વૈરાગ્યને જાગૃત કરવા માટેની આ કથા છે. જ્ઞાન વૈરાગ્ય થાય તો પછી ભકિત ઉત્પન્ન થાય છે.

આ સ્નેહગીતા રડવા માટેનો ગ્રંથ છે, ગોપીઓનો સ્નેહ સાંભળીને આપણને ભાન થાય કે હાય...હાય મેં મારા આત્માના ઉધ્ધારને અર્થે કાંઈ કર્યું નથી, કેવળ દેહ ગેહમાં જ રચ્યો પચ્યો રહ્યો, આવા વિચાર થાય તો કથા સાંભળી સાચી, કથા મનુષ્યના જીવનને સુધારે છે, મનુષ્યના જીવનમાં ક્રાંતિ કરે છે.

શીરામાં લૌકિક દષ્ટિએ ઘઉંની કિંમત ઓછી છે. લોટ વિના શીરો થતો નથી. તત્ત્વદૃષ્ટિથી વિચાર કરો તો તેની કીંમત ઘી જેટલી જ છે. શીરો કરવામાં ઘઉં, ગોળ અને ઘીની જરૂર છે, તેવી રીતે જ્ઞાન, ભકિત, વૈરાગ્ય અને સ્વધર્મની આત્મ કલ્યાણાર્થે સરખી જરૂર છે, જેનાં જીવનમાં જ્ઞાન, ભકિત, વૈરાગ્ય અને સ્વધર્મ પરિપુર્ણ છે તે ઉતમ ભકત છે.

ગોપીઓમાં જ્ઞાન, ભકિત, વૈરાગ્ય અને ધર્મ પરિપૂર્ણ છે.

સ્નેહગીતાએ પ્રેમ શાસ્ત્ર છે, પ્રભુમાં કેવો પ્રેમ કરવો તે સ્નેહગીતા શીખવાડશે ! પ્રભુમાં દેહભાન ભૂલાય તે ઉત્તમ પ્રેમનું લક્ષણ છે.

પરમાત્મા પ્રેમીને જ પોતાનાં સ્વરૂપનું દર્શન કરાવે છે.

**ઈતિ શ્રીનિષ્કુળાનંદ મુનિ વિરચિતે સ્નેહગીતા સંપૂર્ણા.**

# સ્નેહગીતા અમૃતધારા સંપૂર્ણ.

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

......................

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વચનવિધિ અમૃતધારા

**મંગલમૂર્તિ મહાપ્રભુ શ્રી સહજાનંદ સુખરૂપ;**
**ભકિત ધર્મ શુભ શ્રી હરિ સમરૂં સદાય અનુપ.**
**પરમ દયાળુ એ તમે શ્રી કૃષ્ણ સર્વાધીશ;**
**પ્રથમ તમને પ્રણમું નામું વારંવાર હું શીષ.**

સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી દ્વારા સંસ્થાપિત સહજાનંદ સ્વામી (સ્વામિનારાયણ ભગવાન) દ્વારા સંવર્ધિત સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક સંતો અને ભકતોનો અપ્રતિમ ફાળો હતો. શ્રીજી મહારાજના સમકાલીન સંતો પોતાના તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન અને ભકિતમય જીવનથી સમાજમાં એક નવી ભાત પાડી હતી. સંતોની સેવા અને સમર્પણની ભાવનાથી સ્વામિનારાયણ સંપ્રદાય કુદકે ને ભૂસકે વિકાસ પામ્યો.

સાદું જીવન અને ઉચ્ચ વિચારને વરેલા સ્વામિનારાયણ ભગવાનને વિશે અનન્ય નિષ્ઠાવાળા વૈરાગ્યની મૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના રચાયેલાં શાસ્ત્રો વાંચવાં અને સાંભળવાં એ પણ એક લહાવો છે. તેનાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અને ભકિતનું પોષણ થાય છે.

નિષ્કુળાનંદ સ્વામીએ આધ્યાત્મિક જ્ઞાન અને ઉપયોગી ધર્માદિ સાહિત્યને લાભ સરળ કરી આપ્યો છે. જુદા જુદા વિષયો ઉપર ઘણા ગ્રંથો લખ્યા છે. જેનો સંગ્રહ નિષ્કુળાનંદ કાવ્ય તરીકે ઓળખાય છે.

પોતાનું તથા પારકાનું શ્રેય કરે તેને સાધુ કહેવાય, તે સ્વામીએ સાર્થક કર્યું

છે, ભગવાનનાં વચન પ્રમાણે વર્તવું તે બાબત આ વચનવિધિ નામના ગ્રંથમાં વર્ણવેલી છે. આ ગ્રંથ વાંચવાથી, સાંભળવાથી ઘણા જીવનો સમાસ થશે, અને અભયદાન દેવાનું સદાવ્રત ચાલશે.

## આંખ વાંચે, અંતર વિચારે, તો થઈ જાય બેડો પાર, એવો આ ગ્રંથ છે.

આ ગ્રંથ સકળ સમાજને મહાન ઉપયોગી, મનનીય અને જન્મ મરણરૂપ રોગ ટાળવામાં સંજીવની ઔષધ સમાન છે. તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતમાર્ગના અને વ્યવહાર માર્ગના ઉત્તમ સિધ્ધાંતો તથા હાલના જમાનાને અનુસરતા નવા વિચારો તથા અભૂતપૂર્વ રમ્ય દષ્ટાંતોથી ભરપૂર છે.

જેમ અન્નથી શરીરનું બળ વધે છે, જળથી છોડનું બળ વધે છે, તેમ આ વચન વિધિ વાંચવાથી, સાંભળવાથી, વિચારવાથી, સદ્‌બુધ્ધિ જાગૃત થશે અને ભગવાન ના વચન પ્રમાણે વર્તવાનું બળ મળશે.

આ વચનવિધિ નામનો ગ્રંથ અજ્ઞાનીઓનાં અજ્ઞાન પડળ ઉતારવાના તેજસ્વી દીપક સમાન છે. જેના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ નથી, તેનાં જીવનમાં આનંદ નથી. નદીનું પ્રત્યેક વહેણ સમુદ્ર તરફ હોય છે, તેમ ભકતજનોની પ્રવૃત્તિ પરમાત્મા તરફ હોવી જોઈએ.

## જીવન અરીસા જેવું બનાવો.

ભગવાનને પામવા માટે નિષ્કુળાનંદ સ્વામીએ ઘણા ગ્રંથો લખ્યા છે. સ્વામીએ સરલ શૈલીમાં ગ્રામીણ ભાષામાં સર્વ કોઈને સરળ સમજાવ્યું અને વેદ વેદાંતના સારને પણ અતિ સ્પષ્ટ પણે સમજાવ્યા છે.

સ્વામીનો વૈરાગ્ય જોતાં સ્વામીની ધર્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા અને ભગવાન પ્રત્યે હેત અને મહાત્મ્ય જ્ઞાને સહિત ભકિત એ સ્પષ્ટ દેખાઈ આવે છે. આ ગ્રંથનું નામ વચનવિધિ છે.

ભગવાનના ભકતનું ભગવાનના માર્ગમાં અંગ દુબળું પડી ગયું હોય, એને આ ગ્રંથની કથા સાંભળવાથી અને વાંચવાથી મુમુક્ષુનું અંગ ભગવાનના માર્ગમાં વૃધ્ધિને પામે છે અને ભગવાનના વચનમાં વર્તવામાં બળ આવે છે.

પણ એક શરત છે, ભગવાન ને પામવા માટે ધર્મ મજબૂત હોવો જોઈએ. જેને ધર્મનિષ્ઠામાં જેટલી ગૌણતા તેટલી એને બધી વાતમાં અધુરાશ રહે છે.

વચનવિધિ એટલે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવું. ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાથી આત્મામાં ભકિત કરવાનું બળ વધે છે, ભગવાનનાં વચનમાં વર્તવાથી બધા સદ્‌ગુણો તેના હૃદયમાં, નિવાસ કરે છે.

## ભગવાનની આજ્ઞામાં રહેવાથી જ જીવનું રૂડું થાય છે.

ભગવાનના ભકતોને કેવી રીતે વર્તવું તે સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં, સત્સંગી જીવનમાં અને ધર્મામૃતમાં બધું સ્પષ્ટ પણે સમજાવ્યું છે, તે પ્રમાણે તમામ સત્સંગીઓએ વર્તવું જોઈએ.

આપણને બધાને નિષ્કુળાનંદ સ્વામીનો સમાગમ કરવાનો છે. ભગવાન સ્વામિનારાયણ પાસે પ્રાર્થના કરીએ કે, ‘‘હે મહારાજ, નિષ્કુળાનંદ સ્વામી જેવા સદ્‌ગુણ અમારામાં આવે તેવી કૃપા કરતા રહેજો.’’

નિષ્કુળાનંદ સ્વામી ભગવાનનું સ્મરણ કરતાં મંગળાચરણ કરે છે.

**સમરો સુખદ શ્રી હરિદેવજી, જેથી પામીએ આનંદ અભેવજી;**
**જે આનંદનો ન આવે કદી છેવજી, તેહ સુખ આપે હરિ તતખેવજી.**

સુખના દેનારા શ્રી હરિ છે. તેનું સદાય સ્મરણ કરવું, સ્મરણ કરવાથી શું થશે ? હૃદયમાં આનંદ આવશે. એ આનંદ કેવો છે ? એ આનંદ શાશ્વત છે. એનો કયારેય નાશ થતો નથી. મંદિરની શોભા ભગવાન છે. ઘરની શોભા હસતા ચહેરા છે. માણસનું મન જયારે બરાબર આનંદમાં હોય, ત્યારે તે બધાં દુઃખો ભૂલી જાય છે. આનંદ એ પ્રિય વસ્તુ છે, જે માણસ હસમુખો અને આનંદી હશે, તે બધાને ગમશે.

સાંસારિક સાધનો, સંપત્તિ અને વૈભવોથી મળેલો આનંદ નકલી અને ક્ષણિક હોય છે, પણ પરમાત્માની ભકિતનો આનંદ પાતાળના પાણીની જેમ અખંડ વહ્યા કરે છે, કયારેય સૂકાતો નથી. એવા અલૌકિક દિવ્ય આનંદને પરમાનંદ કહેવાય છે, આત્માપણ આનંદ રૂપ છે. ખરો આનંદ સાચા ભકતોના અંતઃકરણમાં હંમેશાં વર્તયા કરે છે, માટે હંમેશાં આનંદમાં રહેવું જોઈએ.

**દુનિયામાં રૂપિયાદાર થવું સહેલું છે, પણ આબરૂદાર થવું બહુ મુશ્કેલ છે.**

**હરિ હરખી સુખ આપે જો વર્તીએ વચનમાંય;**
**મેલી ગમતું મન તણું, રહીએ શ્યામ ગમતે સદાય**

સ્વામી કહે છે, પોતાનું ગમતું મૂકીને શ્યામનું ગમતું કરવું, ગમતામાં વર્તીએ તો ભગવાન તરત સુખીયા કરી દે છે, પણ એક શરત છે ! શું ? જો વર્તીએ વચનમાંય. આ લોક અને પરલોક માં સુખી થવું હોય તો મનગમતું મૂકીને સત્સંગ કરવો.

ભગવાનને રીઝવવા એ મોટો ઉપાય છે. જે ભકતજનને અંતરમાં ઈચ્છા હોય કે મારે ભગવાનને બહુ રાજી કરવા છે, તો એણે ભગવાનની નાની મોટી તમામ આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

જયાં સુધી ભગવાનની આજ્ઞા પ્રમાણે નહિ વર્તીએ ત્યાં સુધી સુખ શાંતિ નહિ થાય. પરંતુ જગતમાં માન મોટાઈ કે સંમાન પણ નહિ મળે. ભગવાનને ભજવાથી જ મોટપ મળે છે. તેથી મહાન ભકતને આપણે યાદ કરીએ છીએ.

**ભવ બ્રહ્મા આ બ્રહ્માંડમાં, મહા મોટા કહે સહુ કોય;**
**તે મોટપ શ્રી મહારાજથી, એહ સમજવું જન સોય.**

બ્રહ્મા અને શંકર એમને મોટપ સ્વામિનારાયણ ભગવાન દ્વારા મળેલી છે. બ્રહ્મા અને શંકર ને આ જગતની અંદર બધા મોટા દેવ માને છે એનું કારણ શું ? એનું કારણ એક જ છે ! શું ? તો એ પરમાત્માની આજ્ઞા પ્રમાણે વર્તે છે તેથી તેને યાદ કરીને પૂજા કરે છે, વંદન કરે છે. આ જગતમાં મોટા કરવા કે નાના કરવા તે પ્રભુના હાથમાં છે.

આપણે બધા નાના છીએ, આપણને કોઈ પૂજતું નથી, માનતું નથી, ઓળખતું નથી, આનું કારણ શું છે ? તો કે આપણે ભગવાનની આજ્ઞા માનતા નથી, તેથી જગતના માણસો તમારું માન જાળવતા નથી. પગે લાગતા નથી અને વંદન પણ કરતા નથી.

અનેક રાજા મહારાજાઓ મરી ગયા એને કોઈ જાણતું નથી. ઓળખતું નથી પણ જે રાજાઓ ભગવદ્ ભકત હતા, પરોપકારી હતા, દેશનું ભલું કરનારા હતા

તેને હજુ સુધી બધા યાદ કરે છે. અને સુવર્ણ અક્ષરે તેમના જીવન શાસ્ત્રોમાં લખાયા છે. પ્રભુની આજ્ઞા પાળવામાં જ સુખ છે, એ વચનવિધિ શાસ્ત્રનો મૂળ પાયો છે.

કોઈને એમ થઈ જાય હું મારી મેળે મોટો થઈ જાઉં તો એ એની ભૂલ છે, મોટપની ઈચ્છાવાળાને શ્રીજી મહારાજે જેમ કહ્યું છે, તેમ કરશે તો નહિ ઈચ્છો તોય મોટપ મળશે. જેને મનમાં ભગવાનનાં ઘાટ થતા હોય ને જગતનાં ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે.

**શશિ સૂર્ય સમર્થ સહી, કરે સર્વે લોક પ્રકાશ;**
**તે પ્રકાશ કરી પરબ્રહ્મને, અંગે પામ્યા એવો ઉજાસ.**

સૂર્ય અને ચંદ્ર સમર્થ છે ભગવાનને રાજી કર્યા તેથી તેમનામાં એવી શકિત પ્રાપ્ત થઈ છે, જેથી આખા બ્રહ્માંડમાં પ્રકાશ આપી શકે છે. ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું તેથી એવી શકિત પ્રાપ્ત થઈ છે. શેષ, સુરેશ, શારદા અને ગણપતિ આ બધા દેવ મહાન ગણાય છે, શા માટે મહાન ગણાય છે ? તો કે એ બધા દેવ ભગવાનની મરજી પ્રમાણે આજ્ઞામાં રહીને જીવન જીવ્યા છે તેથી મહાન ગણાય છે.

**શેષ સુરેશને શારદા, ગણપતિ ગુણ ભંડાર;**
**રામ રાજીએ હનુમાન દુવા, અતિ મોટા ઉદાર.**

મહાન ભકત હનુમાનજીને આખું જગત યાદ કરે છે, પૂજન કરે છે વંદન કરે છે, શા માટે યાદ કરે છે ? ભગવાનના વચન પ્રમાણે વર્ત્યા તેથી યાદ કરે છે, જેણે રામને ઋણી રાખ્યા, કવિ સરસ રીતે હનુમાનજી ને બીરદાવે છે. તે કીર્તન આપણે ગાઈએ.

**જગતમાં એક જ જન્મ્યો રે, જેણે અમને ઋણી રાખ્યા;**
**રામને ચોપડે થાપણ કેરા ભંડાર ભરીને રાખ્યા...હે એણે...**
**ન કરી ઉઘરાણી તે ... સાચા ચોપડા ન રાખ્યા...જગતમાં...**

કવિ કહે છે જગતમાં એક એવા ભકત થયા કે કે જેણે એટલી બધી સેવા કરી કે રામ ઋણીમાં બંધાઈ ગયા ખૂબ સેવા કરી. રામચંદ્રજીએ ચોપડો બનાવ્યો તેમાં જેણે જેણે સેવા કરેલી તેનાં બધાનાં નામ લખ્યા, તે ચોપડામાં જયાં જુઓ ત્યાં હનુમાનજીનું નામ. દરેક સેવામાં હનુમાનજીનું નામ. પણ હનુમાનજી એવા ઉદાર

ભકત કે કોઈ દિવસ રામ પાસે ઉઘરાણી કરવા ન ગયા કે મેં આટલી તમારી સેવા કરી છે.

## હનુમાનજીના રોમ રોમમાં રામ છે.

આપણે થોડીક સેવા કરી હોય તોય ઉઘરાણી કરવા જોઈએ, મેં જગનમાં પાંચ દિવસ સારતમાં સેવા કરી છે, મને પ્રસાદી આપો, મેં મંદિરમાં આટલી સેવા કરી છે. મને કાંઈક ભેટ આપો. ૨૫ રૂપીયાનો થાળ કરાવ્યો હોય અને પ્રસાદી ન મળી હોય તો પંદર દિવસ પછી પાછો આવે. મને પ્રસાદી નથી મળી. પણ હનુમાનજી એવા મહાન ભકત છે કે કોઈ દિવસ રામ પાસે ઉઘરાણી કરવા ન ગયા, કે મને ભેટ આપો. મેં સેવા કરી છે. કવિ કહે છે,

**હરિએ કંઠમાં હાર પહેરાવ્યો, મોતીડાં મોઢામાં રાખ્યાં;**
**માળા ભાંગી મોતીડાં ફેકી નાખ્યા...જગતમાં એક જ જન્મયો.**

સીતાજીની શોધ કરી રાજા રામચંદ્રજી ભગવાન પાછા અયોધ્યામાં આવ્યા ત્યારે રામને વિચાર આવ્યો, મારી સીતાની શા માટે ઘણા ભકતજનો એ સારી સેવા કરેલી છે, રાજદરબારમાં સભા ભરાણી, તેમાં જેણે જેણે સેવા નહોતી કરી તે પણ ભેટ લેવા આગળ બેસી ગયા. અને જેણે સેવા કરેલી તે પાછળ બેઠા હતા, તેમાં હનુમાનજી સૌથી છેલ્લા લાઈનમાં હાથ જોડીને પ્રભુ સામે બેસીને દર્શન કરે છે.

બધાને યોગ્ય રીતે ભગવાને પહેરામણી આપી, ત્યારે સતિ સીતાજીએ કહ્યું, "પ્રભુ, ખરેખરી પહેરામણી જેમને દેવાની હતી, તેને તમે ભૂલી ગયા છો." પ્રભુએ કહ્યું, "દેવી, હું કોઈને ભૂલ્યો નથી ! ત્યારે સીતાજીએ કહ્યું, "પ્રભુ આ જગતમાં હનુમાનજી જો નહોત તો મને તમારા દર્શન થાત નહિ, મારા હનુમાનજીને તમે કેમ ભૂલી ગયા !"

પ્રભુએ સરસ જવાબ આપ્યો, સતી હું હનુમાનજીને ભૂલ્યો નથી, પણ વિચાર કરું છું કે હનુમાનજીને મારે શું ભેટ આપવી ! હું નિર્ણય નથી કરી શકતો કે મારી સેવા કરી તેના બદલામાં હું એને શું આપું ? દેવી ! તમારા પાસે કાંઈ આપવા જેવું હોય તો આપો. ત્યારે પ્રભુએ હનુમાનજીને બોલાવ્યા. હનુમાનજી, તમે અહીં આવો. તમને સીતાજી બોલાવે છે.

હનુમાનજી ભગવાનને પગે લાગીને બેઠા કે સીતાજીએ તુરંત પોતાના કંઠમાં નવસેરો કિંમતી હાર પહેર્યો હતો તે ઉતારીને હનુમાનજીના કંઠમાં પહેરાવી દીધો.

હનુમાનજી હારમાંથી મોતી લઈને દાંત વડે કડાક દઈને એક પછી એક મોતી ભાંગતા જાયને ફેંકતા જાય. તે વખતે અંગદ, સુગ્રીવ આદિક વાંદરા બેઠા હતા, તે હસતા હસતા બોલ્યા, અંતે હનુમાનજી જાતનો તો વાંદરોને ! એને હારની કયાં કિંમત છે, સતિ સીતાજીએ સમજયા વગર વાંદરાને હાર દઈ દીધો. સીતાજીએ કહ્યું, હનુમાન મોતીને શું કામ ભાંગીને ફેંકી દો છો?

ત્યારે હનુમાનજીએ કહ્યું, ''મા, હું મોતીમાં જોઉં છે કે મોતી ની અંદર રામ છે કે નહિઉ. જો રામ ન હોય તો આ હારને હું ન રાખું ! ત્યારે સીતાજીએ કહ્યું, ''તમારા શરીરમાં રામ છે ? ''

ત્યારે હનુમાનજીએ પડકાર કરીને કહ્યું, ''મો જો મારા શરીરમાં રામ ન હોય તો એક ક્ષણ પણ આ શરીરને ન રાખું,''

સીતાજીએ કહ્યું, ''રામ જો તમારા શરીરમાં હોય તો બતાવો ?'' તુરંત હનુમાનજીએ પોતાના તીક્ષ્ણ નખથી છાતી ચીરી તો તેમાં રામ લક્ષ્મણ અને જાનકીજી નાં દર્શન થયાં.

(રામ લક્ષ્મણ જાનકી જય બોલો હનુમાન કી)

હનુમાનજી ભગવાનને અખંડ હ્રદયમાં ધારણ કરી રાખે છે. હનુમાનજી ને કોઈ માન મોટાઈની ઈચ્છા નહિ, હારની ઈચ્છા નહિ, પહેરામણીની ઈચ્છા નહિ, એવો જો કોઈ ભકત થયો હોય આ દુનિયામાં તો એ છે હનુમાનજી. હનુમાનજીની માતાને પણ ધન્યવાદ છે.

**અંજની માતની કુખ ઉજાળી, ભીંતર પ્રભુ ને રાખ્યા...હો...**
**ચોકી રામની કદી ન છોડી, ઝાંપે ઉતારા રાખ્યા...જગતમાં એકજ**

નાના ગામમાં કદાચ હરિમંદિર ન હોય પણ ગામ નાં ઝાંપે હનુમાનજી હોય હોય ને હોય. દક્ષિણ તરફ પડકાર કરીને બેઠા હોય, કોઈ ભૂત પ્રેત ને ગામમાં આવવા ન દે, આવા મહાન ભકત છે હનુમાનજી. આજ સુધી હનુમાનજી ભકતજનોનાં કામ કરી દે છે. આવી સામર્થી હનુમાનજીમાં કયાંથી આવી છે. ! ભગવાનની જીભ વળીને હનુમાનજીનું અંગ વળ્યું. જીંદગીભર ભગવાનની આજ્ઞા

પ્રમાણે રહ્યા છે, તેથી એમનામાં ભકિત ની શકિત આવેલી છે. સારાય વિશ્વમાં એનું પૂજન થાય છે.

## મહાન થવું હોય તો ભગવાનના વચનને પકડી રાખો

જો મહાન થવું હોય તો પુરુષોતમ નારાયણ ને રાજી કરવા જોઈએ. મહાન બનવાનું સાધન આપણા હાથમાં છે. જે ભકતજન ખરેખર ભગવાનના વચન પ્રમાણે રહે છે, તેને જેની જરૂર હોય એવી સગવડતા ભગવાન કરી આપે છે. મારે ભગવાનની આજ્ઞા પ્રમાણે જ રહેવું છે, એવો આજથી આપણે દઢ સંકલ્પ કરવો જોઈએ. જો મહાન થવું હોય તો ભગવાનના વચનને પકડી રાખો.

આ જગતની અંદર ભગવાને વર્ણાશ્રમનાં ધર્મો બતાવ્યા છે, ત્યાગી અને ગૃહસ્થના આશ્રમ પણ ભગવાને જ બનાવ્યા છે, તેમાં રહીને ભગવાન ભજવા પણ વર્ણાશ્રમના ધર્મનો ત્યાગ કરવો નહિ. સંપ્રદાયની રીત પ્રમાણે રહેવું.

ગ.મ.૩૫ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, " ધર્મનો ત્યાગ કરીને જે ભગવાનને પામવાને ઈચ્છે છે, ભવસાગર તરવાને ઈચ્છે છે, તે માથે પાણો લઈને સમુદ્ર તરવાને ઈચ્છા રાખે એવો જાણવો."

## ભગવાનની આજ્ઞા લોપાઈ જાય ત્યારે હૃદય બળવું જોઈએ

ભગવાનની આજ્ઞામાં કદાચ ફેરફાર થઈ જાય ત્યારે પસ્તાવો થવો જોઈએ. શેષજી ચૌદલોકનો ભાર ભગવાનની આજ્ઞાથી ધારણ કરે છે. ભગવાનની આજ્ઞાથી સૂર્ય અને ચંદ્ર આકાશમાં રહીને પ્રકાશ આપે છે અને ભગવાનની આજ્ઞાથી સતત ફરતા રહે છે, કાળ શકિત ભગવાનનાં વચનથી ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરે છે. વચને કરીને સમુદ્ર મર્યાદામાં રહે છે. સમુદ્ર પૃથ્વીથી ઊંચો છે છતાં પણ છલકતો નથી. ભગવાનની આજ્ઞાથી મર્યાદામાં રહે છે.

શ્રીજી મહારાજ સાચા ભકતજનોની હરવખત પરીક્ષા લેતા કે એ ભકતમાં ધર્મબળ કેટલું છે. અઢાર મોટા મોટા સદ્‌ગૃહસ્થો ઉપર પત્ર લખ્યો કે તમો તુરંત સાધુનાં કપડાં પહેરીને ભુજમાં આવજો. તેમાં પહેલું જ નામ માંચાખાચરનું હતું. વીરદાસ પટેલ પત્ર લઈને કારીયાણી આવ્યા, ત્યારે માંચાખાચર કૂવા ગળાવતા હતા. વીરદાસ પટેલે કહ્યું, "શ્રીજી મહારાજે કાગળ આપ્યો છે. કાગળ વાંચ્યો તેમાં

લખેલું કે પાદરમાં હો તો ગામમાં જશો નહિ, ગામમાં હો તો ઘેર જશો નહિ, ઘેર હો તો ઘરમાં પેસશો નહિ. આ કાગળ વાંચી તુરંત ભગવા કપડાં પહેરીને આવતા થઈ જજો.

આવી કડક આજ્ઞા સાંભળી ને તુરંત આજ્ઞાને અમલમાં મૂકી ભગવા કપડાં પહેરી માંચાખાચર ચાલતા થઈ ગયા. વહાલાનાં વચનમાં વિલંબ ન કરાય. માંચાખાચર ખાનદાન, ધનવાન અને પ્રતિષ્ઠિત માણસ હતા, સામાન્ય વૈભવ નહોતો, ઘરે પૂછવા પણ ગયા નહિ, કે હું સાધુ થવા જાઉં છું.

અડવાણે પગે ભુજ આવ્યા. શ્રીજી મહારાજે સંતોને સામા આવીને ખૂબ સન્માન પૂર્વક આવકાર આપ્યો, સંતોએ શ્રીજીના ચરણમાં દંડવત્ કર્યા. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ધન્ય છે તમારી દ્રઢતાને મારા વચનનો તમે તુરંત સ્વીકાર કર્યો.’’ પછી માંચાખાચરનું નામ અચિત્યાનંદજી રાખ્યું. થોડા સમય પછી શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ અચિંત્યાનંદજી તમે ભગવાં વસ્ત્ર ઉતારીને પાછા ઘરે જાવ...’’ભલે મહારાજ, તમે જેમ કહેશો તેમ કરીશ. ભગવાં કપડાં ઉતારી ઘરે ગયા. જીંદગી પર્યંત માંચાખાચર બાળ બ્રહ્મચારી રહ્યા...અને છેવટે શ્રીજી મહારાજે કહ્યું,

**વચને નિવૃત્તિ વચને પ્રવૃત્તિ વચને બંધ મુકત કહીએ;**
**તે વચન શ્રી હરિ મુખનાં, સુખદાયક સરવે લહીએ.**

ફરીથી શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ભગવાં કપડાં પહેરી અમારા સંતો સાથે રહો!’’ ભલે મહારાજ તમે જેમ કહેશો તેમ કરીશ. આવી રીતે તરત સંસાર ત્યાગ કરવો તે કાંઈ સહેલી વાત નથી. ભારે કઠણ કામ છે. આવા ઉચ્ચકોટીના ભકતજનો આપણા સંપ્રદાયમાં ઘણા થયા છે. સંસારમાં રહેવા છતાં જળકમળવત્ નિર્લેપ પણે જીવન ચરણે સમર્પિત કરેલ છે.

**એમ સમઝી સંત શાણા, વર્તે છે વચન પ્રમાણ;**
**નિષ્કુળાનંદ તે ઉપરે સદા રાજી રહે શ્યામ સુજાણ.**

જે ભગવાનનાં વચન પ્રમાણે વર્તે છે, તેના ઉપર ભગવાન સદાય રાજી રહે છે.

**વચનમાં વરતે સંત શાણાજી, દેહ ગેહ સુખમાં જે ન લોભાણાજી;**
**મન કર્મ વચને હરિ બોલે બંધાણાજી,**
**એવાજન જેહ તેહ મોટા ગણણાજી.**

શાણા એટલે ડાહ્યા. ડાહ્યા સંતો કોઈ રમણીય પદાર્થમાં લોભાતા નથી. મોટા

સંતો પ્રભુજીની પટરાણી સમાન છે. જેટલું રાજાનું રાજય તેટલું રાણીનું રાજય, જેટલું ભગવાનનું કર્યું થાય તેટલું મુકતોનું પણ કર્યું થાય છે.

**જેમ સાચા પુષ્પમાં સુગંધ રહેલી છે, શેરડીમાં રસ રહેલો છે, તેમ મુક્તોમાં ભગવાન રહેલા છે.**

મન કર્મ વચને જે પરમાત્માનાં વચને બંધાયા છે, ભગવાનનું ગમતું કરે છે, તેથી તેમની મોટાઈ શોભે છે. જો ભગવાનનું ગમતું કરતા નથી તો તેની મોટાઈ હોય તો પણ ટકતી નથી.

આપણે બહુ જન્મથી મન ગમતું કર્યું છે, હવે તો શ્રીજી મહારાજ અને સંતોનું જ ગમતું કરવું છે. સંતો અને શ્રીજી મહારાજ કહે તેમ કરવું તેમાં મજા છે, અને મન ધાર્યું કરવામાં સજા છે. મનમુખી સદા દુઃખી થાય છે. પ્રભુમુખી સદા સુખી થાય છે.

## રાધાજીની કેટલી મહાન પદવી છે ?

**રાધાજીએ રાજી કર્યા શ્રી કૃષ્ણ કૃપાનિધાન;**
**તેણે કરી મોટપ મળી, વળી પામીયાં બહુ સનમાન.**

રાધાજીએ ભગવાન કૃષ્ણ પરમાત્માને રાજી કર્યા, તો ભગવાનની સાથે કાયમ એમને રહેવા મળ્યું અને એમની ભગવાનની હારે પૂજા થાય છે. ભગવાનની સાથે એમની આરતી ઉતરે, થાળ જમાડે, વસ્ત્રો પહેરાવે. વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું, રાધાજી સહિત શ્રી કૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવું, આટલી ઊંચી પદવી રાધાજીની છે. ભગવાનની હારે એનું ધ્યાન કરવું એવું શ્રીજી મહારાજે પોતે કહેલું છે. મુકતાનંદ સ્વામી ગાય છે :-

**રાધાજી અતિ પ્રેમ મગન થઈ, ઉર ધાર્યા ગીરધારી રે;**
**હરિને ભજી હરિ તુલ્ય થયા જેનું ભજન કરે નરનારી રે.**
**હરિ ભજતાં સૌ મોટપ પામે જન્મ મરણ દુઃખ જાય રે...**

ભગવાનના સબંધે કરીને રાધાજીની કેટલી મહાન પદવી છે ? સ્ત્રી ધનના ત્યાગી સંતો રાધાજીની પૂજા કરે, વસ્ત્ર પહેરાવે, આરતી ઉતારે, જમાડે, પગે લાગે...કોઈ સ્ત્રીની પ્રતિમાને અડે નહિ, તે રાધાજીની પ્રેમભાવથી સેવા કરે. આ બધી મહાનતા વચનમાં વર્તવાથી મળેલી છે.

દાદાખાચરે શ્રીજી મહારાજની આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું તો એમનું નામ અમર રહી ગયું. વચનામૃતનાં પાને પાને દાદાખાચરનું નામ છે.

આજે પણ દાદાખાચર, પર્વતભાઈ, ગોવર્ધનભાઈ જેવી સમજણ અને સ્થિતિ ધરાવતા અનેક ભકતો આપણા સત્સંગમાં છે કે જે કેવળ શ્રીજી અને સંતો માટે જ જીવે છે. આવા ભકતોનાં નામ લેવાથી કે દર્શન કરવાથી અનેક જન્મનાં પાપ બળી જાય છે. આવા ભકતોએ જે ગામમાં જન્મ લીધો હોય તે ગામ પણ તીર્થરૂપ બની જાય છે.

જે કોઈ ભકતજન ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે, તેના ઉપર ભગવાન રાજી થાય છે અને સંતો પણ રાજી થાય છે. આપણે ફરવા નીકળ્યા હોઈએ તેમાં લીલીછમ સરસ મજાની વાડી આવે, નીંદીને સાફ કરેલી હોય તો આપણે રાજી થઈએ, અને કોરૂં કટ ખેતર આવે તેમાં જંગલી બાવળીયા ને ઠુંઠા ને કચરો હોય તો આપણે એમ વિચાર થાય કે આ ખેતરમાં શું પાકશે ? સાવ જંગલ જેવું છે. આપણે નારાજ થઈ જઈએ.

આપણે જો ભગવાનની આજ્ઞા પ્રમાણે રહીએ, આપણા હૃદયને ખેતરની જેમ ચોખું રાખીએ. ભજન, ભકિત, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ સદ્‌ગુણોથી લીલુંછમ હૃદય રાખીએ તો આપણા ઉપર બધા રાજી થાય કે આ ભકત બહુ ભલા છે સદ્‌ગુણી છે, કોઈ પાપ નહિ, દગો નહિ, સાવ નિખાલસ છે. સદાય સત્સંગ કરે છે, બહુ રાજી થાય હો...

હૃદય કોરું ધાકોર હોય, અંદર કામ, ક્રોધ, લોભ, મોહ, મમતાને અભિમાન રૂપી જંગલ બાવળીયા જેવું હૃદય હોય તો તેને દેખીને કોઈ રાજી થાય નહિ. મનમાં વિચાર થાય કે આ સાવ જનાવરની જેમ વૃથા જીવન વેડફી રહ્યો છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે રહીએ તો બધાયનો રાજીપો મળે. મહા પાતકી હોય અને તે જો શ્રી હરિનું ભજન કરે તો તેનાં સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. એવો સત્સંગનો અલૌકિક મહિમા છે.

**કમળાએ કૃષ્ણને રીઝવ્યા, રીઝયા અલબેલો અવિનાશ;**
**તેણે કરી તેહ પામીયા હરિ ઉરે અખંડ નિવાસ.**

લક્ષ્મીજીએ ભગવાનને રાજી કર્યા તો ભગવાને એમને હૃદયમાં વાસ આપ્યો.

સમગ્ર શકિતની અધિષ્ઠાતા દેવી રાધીકાજી છે અને ધનની અધિષ્ઠાતા દેવી મા લક્ષ્મીજી છે. આ બન્ને દેવીઓનું તમામ દેવીઓમાં અગ્ર સ્થાન છે. ભગવાનની પૂજા ભગવાનની શકિતની સાથે થાય છે. ભગવાનને એકલા રહેવું ગમતું નથી, તેથી ભગવાન સદાય શ્રેષ્ઠ ભકતને સાથે જ રાખે છે.

**વૃંદા વચનમાં વરતી કર્યા પ્રભુને પ્રસન્ન;**
**તેણે કરી હરિ અંદ્રિમાં રહ્યા કરી સુખ સદન.**

વૃંદા એટલે તુલસી, વૃંદાએ ભગવાનને પ્રસન્ન કર્યા તો ભગવાને એને ચરણમાં વાસ આપ્યો, ભગવાનના ચરણમાં તુલસી અર્પણ કર્યા સિવાય પૂજા પૂરી થતી નથી, તુલસીજી લક્ષ્મીજીનું સ્વરૂપ છે.

**વ્રજ વનિતા વચને રહી વળી વહાલા કર્યા વ્રજરાજ;**
**તેણે કરીને તોલે તેને નાંવે શિવ બ્રહ્મા સુરતાજ.**

વ્રજ વનિતાએ પરમાત્માની આજ્ઞામાં રહીને ભગવાનને રાજી કર્યા, શ્રીજી મહારાજ વચનામૃતમાં ગોપીયુંને યાદ કરતાં કહે છે, ભગવાનને વિશે પ્રીતિનું એજ લક્ષણ છે, જે ભગવાનની મરજીને કયારેય લોપે નહિ. ગોપીઓને શ્રી કૃષ્ણ ભગવાનમાં અપાર પ્રેમ હતો.

બધી વ્રજવનિતાઓએ નકકી કરી રાખ્યું હતું, કે આપણે ભગવાનને મથુરા જવા દેશું નહિ, પછી ભગવાન મથુરાં જવા તૈયાર થયા ત્યારે રડતાં રડતાં આંસુને દબાવતાં... ...પ્રભુની સામે જોયું ત્યારે ભગવાનની મરજી ગોકુળમાં રહેવા માટે દીઠી નહિ. ત્યારે વિચાર કર્યો કે જો પ્રભુને પરાણે રાખશું તો આપણા ઉપરથી હેત ઉતરી જશે. મથુરા ત્રણ ગાઉ દૂર થાય. ધારે તો દરરોજ ભગવાનને મળવા જઈ શકે, પણ ભગવાને કહ્યું હતું કે હે વ્રજ વનિતાઓ તમે મથુરાંમાં મને મળવા આવશો નહિ. હું તમોને ચોકકસ મળવા બોલાવીશ.

જયારે ભગવાને કુરૂક્ષેત્રમાં બોલાવ્યાં ત્યારે દર્શન કરવા ગયાં પણ વચનનો ભંગ કર્યો નહિ. જેને ભગવાનને વિશે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ.

સાચા ભકતો તે કોઈ દિવસ આજ્ઞા લોપે નહિ. ત્યારે આપણે બધા કેવા ભકત છીએ ? શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરેલી છે, કે સવારે વહેલા ઉઠવું તો

આપણે બધા આજ્ઞાથી ઉંધા ચાલીએ. સાત આઠ વાગે ઉઠીએ. બ્રહ્મમુહૂર્તમાં સ્નાન કરવું તેને બ્રહ્મ સ્નાન કહેવાય. સૂર્ય ઉગ્યા પછી સ્નાન કરવું તેને રાક્ષસી સ્નાન કહેવાય. ભગવાનના ભકતની ટેવ તો વહેલા ઉઠવાની જ હોય.

શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે જયાં ત્યાં જમવું નહિ અને જેના તેના હાથનું ખાવું નહિ, ડુંગળી લસણ ખાવું નહિ, તો આપણે ઉંધા ચાલીએ. હોટલમાં ને રેકડીમાં જયાં મળે ત્યાં ઊભા ઊભા જનાવરની જેમ ખાઈ લે. કોઈ વિચાર જ નહિ.

**પ્રથમ જીહ્વાયે જાળવીને જમીએ રે, ત્યારે ગોવિંદને મન ગમીએ રે.**
**શુભા શુભ જે અનેક આહાર રે, તેને જમવું તે કરી વિચાર રે...**
**એક ખાધે વાધે અતિ ક્રોધ રે, જાય જ્ઞાન ન મનાય બોધ રે...**
**એક ખાધે વાધે ઉંઘ અતિ રે, એક ખાધે ફરી જાય મતિ રે...**

જેવો આહાર તેવો ઓડકાર, જેવું અન્ન તેવું મન.

એક મણીબા કરીને બાઈ હતા, તે રસોઈ બનાવતાં બનાવતાં ખીજાયા કરે. છોકરાને જેમ તેમ બોલે. શાકમાં ડુંગળી લસણને હીંગ નાખે. તામસી આહારથી સ્વભાવ તામસી થાય છે. મુંઝાઈને ખીજાઈને રસોઈ બનાવે અને તે ભોજન જમે તેના ઘરમાં કાયમ ઝઘડા ચાલુ જ હોય. જીવનનો આધાર આહાર ઉપર છે.

**કમ ખાવાથી શરીર સ્વસ્થ રહે છે.**
**ગમ ખાવાથી પરિવારમાં સંપ રહે છે.**
**નમ જાવાથી સમાજમાં નામના સારી રહે છે.**

કમ ખાવ - ગમ ખાવ - નમ જાવ આ સુત્ર યાદ રાખવા જેવો છે.

**તન બગાડે સ્વાદ, મન બગાડે વાદ.**
**જીતાય જો સ્વાદ અને વાદ તો જીવન થાય આબાદ.**
**પંચાલિયે પ્રસન્ન કર્યા પ્રભુને, આપ ચીરી ચીથરી ચીરતણી;**
**તેણે કરી તને નગ્ન ન થયાં, વળી ભકત કહાવ્યાં શિરોમણી.**

ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર એક વખત પટરાણીઓની સાથે વાડીએ ગયા. ખેડુતે ભગવાનને જમવા માટે શેરડી આપી. ભગવાનને શેરડી જમતાં જમતાં હાથમાં છરી વાગી ગઈ, તેથી લોહીની ધાર થઈ. પટરાણીઓ પાટો ગોતવા આમ તેમ દોડ ધામ

કરે છે, ત્યાં દ્રૌપદીજીએ તરત પોતાની કીંમતિ સાડી ફાડી ને પાટો બાંધી દીધો. ભગવાન રાજી થયા, પાટાના તાર ગણ્યા તો નવસો નવાણું તાર થયા, પછી જયારે રાજ સભામાં દુશાસન લાજ લેવા તૈયાર થયો ત્યારે ભગવાને નવસો નવાણું સાડી પૂરીને લાજ જતી બચાવી લીધી.

એ વખતે દ્રોપદીજીએ સાડી ફાડી તો કામ થઈ ગયું. ટાંણે કામ થઈ જાય તો ! એ લેખે લાગે છે. ભગવાનનો મહિમા હોય તો ભગવાનની આજ્ઞા અવશ્ય પાળી શકાય છે. ભગવાને દ્રોપદીજીને આજ્ઞા નહોતી કરી કે મને વાગી ગયું છે, તો સાડી ફાડીને પાટો બાંધી દો ! મહિમા હતો તો તરત સમયે સાવધાન થઈ ગયાં.

## મારા બધાં વરસો પાણીમાં ગયાં

એક મુમુક્ષુ સંતને શરણે આવ્યો અને વાત કરી કે, હે સ્વામીજી મારી આજે સાઈઠ વરસની ઉંમર થઈ. હવે ઘણાં વરસ જીવીશ એમ લાગતું નથી. શરીર નબળું થતું જાય છે. મેં કાંઈ પરલોક જવાની તૈયારી કરી નથી. મારાં બધાં વરસો પાણીમાં ગયાં.

મેં પ્રભુને સાચા દિલથી એક દિવસ પણ ભજયા નથી. મેં ઉંચે સાદે કયારેય ભગવાનનું નામ કીર્તન કર્યું નથી, પૂજા, પાઠ, કરી નથી. નિર્મળ હૃદયે પ્રાર્થના પણ કરી નથી. ચોવીસ કલાકમાં બે કલાક પણ પરમાત્માને યાદ કર્યા નથી. સહેલું કામ પણ હું કરી શકયો નથી. ભગવાનનું નામ લેવામાં એક ટકાનો ખર્ચ નથી છતાં હું લઈ શકયો નથી. મેં મારો ઘણો સમય આળસમાં ને લોકોની નીંદામાં અને ચોવટ કરવામાં જ ગુમાવ્યો છે, મા - બાપથી ઝગડા જ કર્યા છે.

ત્યારે સંતે સરસ જવાબ આપ્યો. જાગ્યા ત્યાંથી સવાર જાણીને ભગવાનનું સ્મરણ કરવામાં લાગી જાવ. સાચી હકીકતમાં ભગવાનનું ભજન બાળપણથી જ શરૂ કરી દેવું જોઈએ પણ હવે પસ્તાવાથી કંઈ નહિ વળે, તમારાં સાઈઠ વરસ નકામાં ગયાં.

સંતે કહ્યું, તમે સંસારી છો, તો વ્યવહાર સંબંધી ફરજ બજાવવી જોઈએ. પણ સાથો સાથ સાંજ સવાર પ્રભુ સ્મરણ પણ કરવું જોઈએ, નિરાંતે પૂજા પાઠ અને માનસી પૂજા પણ કરવી જોઈએ. કથા, કીર્તન, ઉત્સવ સમૈયામાં લાભ લેવો જોઈએ.

સંતની વાણી હૃદયમાં અસર કરી ગઈ, તેથી શેષ જીવન ભજન ભકિતમાં

વિતાવી સાર્થક કર્યું. શિરને સાટે સત્સંગ કરવો એજ માનવ જન્મની સાર્થકતા છે.

**સત્સંગ વગરની જીંદગી એટલે બેલેન્સ વગરનો ચેક.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઉન્મતાઈ અળગી કરીને દાસના દાસ થઈને સત્સંગ કરવો.

**સહિ સાબીત કરી શિર સાટે રહ્યા વચનમાં કરી વાસ;**
**ઉન્મતાઈ અળગી કરી થઈ રહ્યા દાસ ના દાસ.**

વીરા ભકત સત્સંગી હતા પણ એમના પિતા રામજીભાઈને બીલકુલ સત્સંગ નહિ. ફેલ ફીતુર કરે, જંગલમાં ભેંસ ચારવા જાય ત્યારે હોકો સાથે જ હોય. તામસી પ્રકૃતિને લીધે વાતની વાતમાં માણસોની સાથે ઝગડા કરે. ઘરનાં માણસો બધાં રામજીભાઈથી ડરતાં ફરે. ઘરમાં રામજીભાઈ પગ દે તો ઘરનાં બધાં ધ્રૂજી ઉઠે. જલ્દી એના ઘરે પણ કોઈ માણસ જાય નહિ. કુતરું પણ ઘર સામે જુવે નહિ, તો માણસ કયાંથી જાય.

એક વખત વીરા ભગતે કહ્યું, “ પિતાજી ચાલો આપણે ગઢપુર શ્રીજી મહારાજનાં દર્શન કરવા જઈએ ! ” પિતાજીએ કહ્યું, કાલે જઈશું. બીજે દિવસે ભગવાનની વાતું કરતા કરતા ગઢપુરમાં આવ્યા. તે વખતે વાસુદેવ નારાયણના ઓરડા તૈયાર થઈ ગયેલા પણ તેના ઉપર આડસર ચડાવવું બાકી હતું. થોડા માણસોને લીધે આડસર ચડે નહિ.

વીરા ભકતના પિતાજીનું શરીર ભરાવદાર અને બળવાન હતું. તેથી શૂરવીર થઈને નીસરણી ઉપર ચડી ગયા. ખભા ઉપર આડસર રાખીને એવો જોરથી હડસેલો દીધો કે તરત આડસર ઠેકાણે રાખી દીધી. તે જોઈ શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. શ્રીજી મહારાજની અને સંતોની દયાદષ્ટિથી રામજીભાઈના સ્વભાવમાં ઘણો ફેરફાર થઈ ગયો, અને પાકા સતસંગી થઈ ગયા. નાવિક વગરની નૌકા નકામી, તેમ સત્સંગ વગર જીવન નકામું. બદ્રીનાથાનંદ સ્વામી સરસ મજાનું કીર્તન ગાય છે.

**હરિ ભજન કરો ભાઈ સબે તુમ હરિ ભજન કરો ભાઈ;**
**શ્યામ સદા સુખદાઈ સબે તુમ હરિ ભજન કરો ભાઈ.**
**દેવનકું દુર્લભ યા નરતનું, ફીરી ફીરી નહિ પાઈ...સબે...**
**માતા પિતા બંધુ સુત મેહેરી, અકો સંગ નહિ આઈ...સબે...**

**મેડી મંદિર માલ ખજીના, છોડી એકલા જાઈ...સબે...**

આ વાત આજ સમજો કે સો વરસ પછી સમજો પણ આ વાત સમજે જ છુટકો છે. ભકિત કર્યા સિવાય જીવની મુક્તિ થતી જ નથી.

**ગોવિંદ કે ગુન ગાન કરો તુમ, હરિ ચરણ ચિત લઈ...**
**સબે તુમ હરિ ભજન કરો ભાઈ**
**બદ્રીનાથ કહે શ્યામ ભજન બિના, જીવ જમપુરી જાઈ..**
**સબે તુમ હરિ ભજન કરો ભાઈ**

શ્રીજી મહારાજ કહે છે, ‘‘અમે જેમ કહીએ છીએ તેમ નહિ કરો તો, તમારે ને અમારે ઘણું છેટું થઈ જાશે. ભૂત કે બ્રહ્મરાક્ષસના દેહ આવશે અને હેરાન થાશો, અને જો ભકિત કરી હશે તો તેનું ફળ ગમે ત્યારે ઉગી નીકળશે. આ પ્રમાણે રહેશો તો મુકત થઈને ભગવાનના ધામમાં જાશો.’’

**સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞા લોપ;**
**રાજી કરવાનું રહ્યું પરૂં, પણ કરાવિયે નહિ હરિને કોપ.**

ભગવાનને રાજી ન કરી શકો તો કાંઈ નહિ, પણ ખિજાવા તો નહિ...શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે એકાદશી ના ઉપવાસ કરવો, ને રાત્રે જાગરણ કરવું, ઉપવાસ ન થાય તો ફરાળ કરવું પણ અનાજ તો કયારેય ખવાય નહિ. અનાજ ખાય તો ભગવાન કુરાજી થાય છે, નિ. સ્વામી કહે છે, રાજી ન કરો તો કાંઈ નહિ પણ કુરાજી શું કામ કરો છો ?

સ્વભાવિક રીત છે, બાપ જેમ કહે તેમ દીકરો કરે તો બાપ રાજી થાય. પતિ જેમ કહે તેમ પત્નીકરે તો પતિ રાજી થાય, ગુરુ કહે તેમ શિષ્ય કરે તો ગુરુ રાજી થાય. શેઠ કહે તેમ નોકર કરે તો શેઠ રાજી થાય. રાજા કહે તેમ પ્રજા કરે તો રાજા રાજી થાય તેમ ભગવાન કહે તેમ ભકત કરે તો ભગવાન રાજી થાય.

આ જગતની અંદર આપણે ઘણાય સગાં સબંધીને રાજી કર્યા, હવે તો ભગવાન અને સંતને રાજી કરવા છે એવો દઢ ઠરાવ કરી રાખવો. ભગવાનનું વચન લોપવાથી સો ઘણું દુઃખ થાય છે. વચનમાં વર્તવામાં જ સુખ છે.

## મન ફાવે તેવું વર્તન કરો, એટલે મુસીબતોની શરૂઆત થઈ જાય છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ કહ્યું છે. પાપ કરવું નહિ. જીવ જંતુને મારવા નહિ. મા, બાપ, અને ગરીબને દુઃભવવા નહિ. દેવ, બ્રાહ્મણ અને સંતની નિંદા કરવી નહિ. પુન્ય ઓછું થાય તો વાંધો નહિ પણ પાપ કરવું નહિ. છતાંય યુવાન દીકરાઓ મા-બાપનાં અપમાન કરી ફાવે તેમ બોલતા હોય છે. ખેડૂતો નિર્દોષ જંતુ ઉપર દવા છાંટીને હિંસા કરતા હોય છે, અજ્ઞાની માણસો ભગવાનનાં અવતારોની નિંદા કરી ખુશ થતા હોય છે. આવી રીતે અનેક પ્રકારની આજ્ઞાને લોપે છે, પછી મુસીબત શરૂ ન થાય તો શું થાય !

**અલ્પ સુખ સારૂ આગ્ન્યા, લોપે છે શ્રી હરિ તણી;**
**પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.**

દેહના સુખ સારૂં શું કામ આજ્ઞા લોપો છો ? નિષ્કુળાનંદ સ્વામી કહે છે જેના નગરમાં રહેવું છે તેના સાથે શું કામ વેર કરો છો ? એવા પામર નર સુખ નહિ પામે.

**નહિ પામે પામર નર સુખરે, રહી હરિ વચનથી વિમુખ રે;**
**નહિ પામે પામર નર સુખ રે...**

એક સીંતેર વરસની ઉંમરના કાકા હતા, તે ડોકટરે આંખ બતાવવા આવ્યા. ડોકટરને કહ્યું, ''સરખું દેખાય એવું કરી દો !'' ડોકટરે કહ્યું, ''કાકા તમારી ઉંમર મોટી થઈ છે. અત્યારે જેટલું દેખાય છે એનાથી વધારે નહિ દેખાય''...માટે ચશ્મા ચડાવીને પણ શાસ્ત્ર વાંચશો નહિ, જો વાંચશો તો આંખને નુકશાન થશે.

ત્યારે કાકાએ કહ્યું, શાસ્ત્રો વાંચવાની મારે કાંઈ જરૂર નથી, પણ ટી. વી. જોવા બેસું ત્યારે સરખું દેખાય એવું કરી દો. ડોકટર સારા હતા, તેણે કહ્યું, કાકા હવે તમને ટી. વી. જોવાની કોઈ જરૂર નથી. સીંતેર વરસે પહોંચ્યા છો. તો પ્રભુ ભજન કરી લ્યો ! કાકાએ કહ્યું, મને ભજન કરતાં ફાવે નહિ. ગમે તેટલો ખર્ચ થાય પણ ટી. વી. જોવાય એવું કરી આપો !

ડોકટરે હસીને કહ્યું, કાકા, તમારી આંખના પડદા ઘસાઈ ગયા છે, જેમ ગાડી જુની થાય ત્યારે ટાયર ઘસાય. બીજાં બધાં સાધનો ઘસાય છે, એમ વૃધ્ધ અવસ્થામાં

બધા મજાગરા ઘસાઈ જાય છે. ટી. વી. જોવામાં જીંદગી વીતાવી પણ ભજન, ભકિત, પૂજા પાઠ, કાંઈ કર્યું નહિ, આવા પામર નરને કયારેય સુખ થતું નથી. ત્યારે સુખી કોણ થશે ? ...

**સુખ પામશે સંત સુજાણ રે, જે કોઈ વર્તે છે વચન પ્રમાણ રે;**
**થઈ રહી વહાલાનાં વેંચાણ રે ... નહિ પામે ...**

વચન પ્રમાણે જે સંત વર્તશે તે સુખીયા થશે, વચન પ્રમાણે વર્તે છે એજ સુખને પામશે, જે પ્રભુને ચરણે વેંચાણ થઈને રહ્યા છે, તે સદાય સુખીયા છે.

તમે નોકર રાખ્યો હોય, તેને તમે જે કામ બતાવો તેમ કરવું જ પડે...તમે કહો શાકભાજી બજારમાંથી લઈ આવ, તો લઈ આવે, તમે એમ કહો કે મારી ગાડી સાફ કરી દે તો તરત સાફ કરી દે. તમે એમ કહો કે આ પેટી દુકાને મૂકી આવ, તો તરત મૂકવા જાય. કારણ કે તે માણસ તમારો વેંચાણ થઈને રહ્યો છે, પગારથી બિચારો બંધાઈ ગયો છે.

તેમ શ્રીજી મહારાજના વેંચાણ થઈને જે ભકતજન રહે છે તેને જેમ ભગવાન કહે તેમ કરવાનું જ હોય, ભુજનાં લાધીબાને શ્રીજી મહારાજે કહ્યું, લાધીબાઈ, તમે ભલે વિધવા છો, પણ આજે બધો સોહાગણનો શણગાર પહેરીને હમીર સરોવરમાંથી પાણીની હેલ ભરી આવો ! તરત વચનને ઝીલી લીધું, શણગાર પહેરી સરસ મજાની સાડી પહેરીને ભરી બજાર વચ્ચેથી નીકળ્યા. ગામનાં માણસો જોતાં જ રહી ગયાં કે આ લાધીએ શું કર્યું ! ગામનાં બહેનોએ પૂછ્યું,

અરે લાધી કોનો શણગાર પહેર્યો છે ? લાધીબાઈએ સરસ જવાબ આપ્યો...સ્વામિનારાયણ ભગવાનનો શણગાર પહેર્યો છે. ત્યારે ગામના બહેનોએ ફરી પૂછ્યું, લાધી કોનું ઘર માંડ્યું છે ? લાધીબાઈએ કહ્યું, સ્વામિનારાયણ ભગવાનનું ઘર માંડ્યું છે.

**વેંચાણી હું હરિ વરને હાથે નેણો લાગ્યો નંદના નંદન સાથે. વેંચાણી**

**ભગવાનનું સ્મરણ મનને ઠારે છે**
**ભગવાનની વાણી હૈયાને ઠારે છે,**
**ભગવાનની મુર્તિ આંખને ઠારે છે.**

**કર્યું ધ્વજાપટ ઘટ મન રે વળે જેમ વાળે છે પવન રે;**
**એમ માને વહાલાનાં વચન રે ... નહિ પામે પામર નર સુખ રે.**

આપણા મંદિર ની ઉપર ધજા છે, ધજાનાં દર્શન કરજો, તેમાંથી તમને ઉપદેશ મળશે, એ ધજાને પવન ઉતર દિશામાં વાળે તો ઉત્તરમાં વળે, દક્ષિણ દિશામાં વાળે તો દક્ષિણ દિશામાં વળે. ધજા છે તે પવનથી સામે કદી દલીલ કરે નહિ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સાચા ભકતજનોનું જીવન ધજા જેવું હોય છે, ભગવાન ગમે તે દિશામાં વાળે એ બાજુ વળી જાય, એવા ભકતો ભગવાનને બહુ જ વહાલા લાગે છે.

શ્રીજી મહારાજ કારીયાણાના ૧૧ વચનામૃતમાં કહે છે જેમ ભકતથી ભગવાન વિના રહેવાતું નથી, તેમ જ ભગવાનથી પણ એ ભકત વિના રહેવાતું નથી. ભકતના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ, એટલી વાર છેટે રહેતા નથી. ભગવાન સંગાથે દૃઢ પણે જોડાઈ જાય તો ભગવાન સાથે અખંડ સંબંધ રહે છે, આવા ભકત ભગવાનને વહાલા છે. નિષ્કુળાનંદ સ્વામી દૃષ્ટાંત આપતાં કહે છે :-

**જેમ નરમતૃણ નદી તટ રે, વારિ વેગે વળી જાય ઝટ રે;**
**તેને શીદને આવે સંકટ રે ... નહિ પામે ...**

તમે નદીમાં પાંદડી જોઈ હશે, પાણીનું પુર આવે ત્યારથી સમજી જાય કે પાણી સામે ટકકર લેવા જેવું નથી, નમી જવા જેવું છે, પાંદડી નમી જાય એટલે પાણીનો પ્રવાહ એના ઉપરથી ચાલ્યો જાય, પછી જયારે પાણી બંધ થઈ જાય ત્યારે સાવધાનતાથી ઉભી થઈ જાય. એટલે એને કાંઈ આંચ આવે નહિ.

## ભગવાને ભલ ભલાનાં વટ ઉતારી દીધા છે

નદીમાં ઓખાઈ બાવળીયાનાં ઠુંઠા ઉભાં હોય, વટ મારતાં હોય કે અમે શું કામ નમીએ ! અકકડ બનવાથી એના મુળીયાં સહિત ઉખડીને સીધાં દરીયા ભેગાં થઈ જાય, પાંદડી નમી ગઈ તો એને કાંઈ આંચ આવી નહિ. તેમ જે ભગવાનના ભકત હોય, તેનું જીવન આવું નમ્ર હોય, વાળે તેમ વળી જાય, તો એને કાંઈ આંચ ન આવે અને અહંકાર નાં ઠુંઠા થઈને જે ઉભા હોય તો શ્રીજી મહારાજ કહે છે અમારી થપાટ લાગશે ત્યારે વટ બધો ઉતરી જાશે, જ્ઞાની અને દાની હંમેશા નમ્ર હોવા જોઈએ.

ભગવાને ભલભલાના વટ ઉતારી દીધા છે, રાવણ જેવા રાજા વટ કરતા હતા, દેવોને પોતાના દાસ કરીને રાખ્યા હતા, રામની જયારે એક થપાટ લાગી ત્યારે રણમેદાનમાં વગર મોતે મરી ગયો, કોઈ પાણી પાનારૂં પણ મળ્યું નહિ, અહંકારી જે હોય તે ભગવાનને અને સંતને રાજી કરી શકતા નથી. દાસ બનીને જે સત્સંગમાં રહે છે તેને જ લાભ થાય છે. અભિમાની દુઃખી થાય છે.

બ્રહ્માનંદ સ્વામી ગાય છે : -

**મોટેરા થઈને રે ફરે અભિમાનમાં રે, જાણે હું જીવાડું પરિવાર રે;**
**શકટને હેઠે રે શ્વાન જેમ ચાલતું રે, માને સર્વે પોતાને શિર ભાર રે.**
**શરણું તું તો લેને રે સહજાનંદનું રે.**
**ભરણને પોષણ રે સૌનું હરિ કરે રે, સુખ દુઃખ સર્વે હરિને હાથ રે;**
**એવું જાણીને રે તજ અહંકારને રે, ભજી લેને બ્રહ્માનંદનો નાથ રે.**
**શરણું તું તો લેને રે સહજાનંદનું રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**વચન દ્રોહીના જો થાય વખાણજી,**
**તો શિદને કોય વરતે વચન પ્રમાણજી;**
**જેમાં તન મને થાવું હેરાણજી,**
**સુખ મુકી દુઃખ ન ઈચ્છે અજાણજી.**

વચન દ્રોહીનાં જો વખાણ થાય તો વચન પ્રમાણે કોણ વરતે ! કોઈ ન વર્તે. મૂર્ખ માણસ પણ સુખ મૂકીને દુઃખને ઈચ્છતા નથી, તૈયાર પાણી મળતું હોય તો કુવો ખોદ-વાની મહેનત કોણ કરે, મોટા મોટા ઋષિઓ જંગલમાં તપ કરવા શા માટે જાય !

ભગવાનની આજ્ઞામાં વર્તવામાં જ સુખ છે. લોખંડ કાળું કટાયેલું હોય પણ પારસના સબંધથી એકદમ ચોખું સોનું થઈ જાય છે.

રીબ ગામના એક ગરાસીયા હતા, ચાલીસ વરસની ઉંમરે ઓંચીતા અંધ બની ગયા. તેથી રાત દિવસ રોયા કરે, મારૂં શું થાશે. મારા ગરાસને કોણ સાંચવશે, મારા બાળ બચ્ચાંનું પોષણ કોણ કરશે. એક દિવસ એમનાં માસીના દીકરા એમને ઘરે આવ્યા, એને મળતાંની સાથે ધ્રુસકે ધ્રુસકે રડી પડયા ... ભાઈએ ધીરજ આપતા

કહ્યું, ઓંચિંતો અંધાપો આવ્યો છે, એમાં ખાસ તારા ભાવિનું કારણ છે, કરેલાં કર્મ ભોગવવાં જ પડે છે, માટે હવે રડવાનું મૂકીને શાંતિથી પ્રભુનું સ્મરણ કરો.

છ મહિના સુધી જપ કર્યા, છતાં કાંઈ આંખમાં ફેર પડયો નહિ, તેથી શ્રધ્ધા મોળી પડી ગઈ,...મારી મુશ્કેલી મટતી નથી...માટે છોડો આ જપ...હવે નથી કરવા...ઢીલા થઈ ગયા. પણ ધ્યાન રાખજો.

## ગમે તેવી વિપત્તિમાં પણ વાસુદેવ ભુલાય નહિ તે ભક્ત સાચો

ફરીથી માસીયાઈ ભાઈ દાદુભાને ઘરે આવ્યા, ભાઈ જપ ચાલુ છે ને ! દાદુભાએ કહ્યું, છ મહિના થયા સતત પ્રભુનું નામ જપું છું, છતાંય કાંઈ ફેર પડયો નથી, તેથી હવે જપ કરવા બંધ કરી દીધા છે.

ભાઈએ કહ્યું, જગતમાં દુઃખને કોઈ અટકાવી શકતાં નથી. એ તો ગમે તે રીતે આવવાનાં જ છે. એવા દુઃખથી અને વિપતિઓથી બચવા માટે ભગવાનના ચરણનો આશરો મૂકી દેવાય નહિ. પ્રભુનું નામ સ્મરણ ચાલુ રાખીએ તો ભગવાન જરૂર રક્ષા કરે છે.

તે સમયમાં કૃષ્ણચરણદાસ સ્વામી જુનાગઢ આવ્યા. સંતો ભકતોની સાથે દાદુભાને ઘરે આવ્યા, દાદુભા સંતોને પગે લાગીને ખૂબ રડયા. બે હાથ જોડી પ્રાર્થના કરી, સ્વામીજી દયા કરો...ભેખમાં ભગવાન છે તમારા જેવા સંતોના હૃદયમાં ભગવાન પ્રગટ રહ્યા છે, કાંઈક સારૂં થાય તેવું કરો !

સ્વામીએ કર્યું, દરબાર, પ્રારબ્ધ ભોગવે છૂટકો છે, પણ ભગવાનને સંભારવાથી કાંઈક દુઃખ ઓછું થાય ખરૂં. તમે ઢીલા ન થઈ જાવ, ધીરજ રાખીને અમારૂં વચન માનીને પૂર્ણ ભાવથી હરિના જપ ચાલુ રાખશો તો ભગવાન સારૂં કરશે પણ નીતિ નિયમનું પાલન કરવું પડશે.

દરરોજ સ્નાન કરવું પડશે, એક ટાંણુ ખાવું પડશે, બ્રહ્મચર્ય વ્રત પાળવું પડશે, અફીણ, બીડી, અને હોકોનો ત્યાગ કરવો પડશે, ખાટલેથી નીચે બેસીને જપ કરવા પડશે, ભાવ વિના, શ્રધ્ધા વિના ભકિત ફળે નહિ.

બે મહિના જપ કર્યા ત્યાં ભગવાન મદદમાં આવી ગયા, ભકતના માથા ઉપર હાથ મુકી કહ્યું તમારી ભકિત અમારા સુધી પહોંચી આવી છે, જે ભાવથી શ્રધ્ધાથી મને યાદ કરે છે, ત્યાં હું દોડતો જાંઉ છું. આશીર્વાદ આપું છું જીવશો ત્યાં સુધી મોતી

પુરોવશો.

આટલું કહી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા, સંતોનું વચન મળ્યું તો કામ થઈ ગયું, આ છે સંતોનો પ્રતાપ. દાદુભા જૂનાગઢ ગયા, સ્વામી કૃષ્ણચરણદાસજીનાં ચરણમાં દંડવત પ્રણામ કર્યા. સ્વામીજી તમે તો મને ન્યાલ કરી દીધો. હવે દીવા જેવું દેખાય છે, તમે મને નવું જીવન આપ્યું.

સ્વામીએ સરસ જવાબ આપ્યો, આટલે થી અટકી જવાનું નથી ! ભજન ભકિત ચાલુ રાખજો, અને શિરને સાટે સત્સંગ કરજો, અને તમારા ઘરમાં પણ સત્સંગ પ્રવર્તાવજો શ્રધ્ધાથી સત્સંગ કરશો તો દાય ભગવાન આપણી સાથે છે એવી અનુભુતિ થશે.

**એહ મત શાણા સંતનો નવ પાડે વચનમાં ફેર;**
**નિષ્કુળાનંદ નિશ્ચય કરી કહ્યું એ વેરમ વેર.**

ડાહ્યા સંતોનો મત છે કે ભગવાનનાં વચનમાં ફેર પાડવો નહિ. વચનમાં ફેર પડે તો ભોજન જમવા બેઠા હોય અને કોઈ એ ભોજનમાં ધૂળ નાખે તો કેવું વસમું લાગે. તેવી જ રીતે ધર્મ પાલનમાં કચાસ રહે તો સંતોને દુઃખ થવું જોઈએ. વચન પ્રમાણે વર્તે છે તેવા સંતમાં પ્રભુ સદાય નિવાસ કરીને રહે છે. શ્રીજી મહારાજ સ્વયં પોતે બોલે છે :-

**સંત માનજો મારી મુરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે;**
**સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે.**
**અંતરજામી પણે રહું એમાં રે, માટે નથી બંધાતા એ કેમાં રે;**
**એવા સંતને હ્દીયે રઈ રે, કરૂં જીવનાં કલ્યાણ કંઈ રે.**

## સમાજમાં રહીને સર્વની ભલાઈ કરે તેનું નામ સંત

મેંગણીના દરબાર મહા પાપી નિર્દય અને ક્રુર હતા. અનેક પશુને મારીને હિંસા કરે. પાપનો કોઈ પાર નહિ. એને યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીનાં દર્શન થયાં. સંતોનો ગુણ આવ્યો કે તરત પાપ ઉડવા લાગ્યાં...દરબારે બે હાથ જોડી પ્રણામ કર્યા, ત્યારે સ્વામીએ કહ્યું, ‘‘દરબાર આ લોકમાં મનુષ્ય જન્મ વારં વાર મળતો નથી, માટે મોક્ષનું સાધન કરતા રહેજો.’’

બિચારા નિર્દોષ પશુને મારો છો, તે ગામ ધણીને શોભે નહિ. એક પેટ ભરવાં કેટલાં પશુને મારો છો ! યાદ રાખજો, કરેલાં કર્મ ભોગવવાં પડશે ત્યારે પસ્તાવું પડશે. ... પાપ પૂણ્યનું પોટલું બાંધીને એકલા જીવને પરલોકને માર્ગે જવાનું છે.

સંત દર્શનથી અને તેમના શબ્દો સાંભળવાથી દરબારનો હૃદય પલટો થઈ ગયો. સત્ય વાતને તરત સ્વીકારી લીધી. દૈવી જીવને ઝાઝું કહેવું પડે નહિ. સ્વામીજી આજથી હું તમારે શરણે છું તમે જેમ કહેશો તેમ કરીશ.

સ્વામીએ કહ્યું, ‘‘હવેથી હિંસા બીલકુલ કરશો નહિ અને ધર્મ નિયમ પ્રમાણે રહેજો, મન કર્મ વચને કરીને કોઈને દુભવશો નહિ.’’ શુધ્ધ પવિત્ર આહાર કરજો અને જયારે સમય મળે ત્યારે જરૂર ગઢપુર સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા આવજો,...આટલું કહી સંતો બીજે ગામ રવાના થઈ ગયા.

સાચા સંતો પાપીને પુનિત કરે છે. સંતો વિશ્વનું ઢાંકણું છે, સંતોથી આપણો સત્સંગ ભર્યો ભર્યો લાગે છે. સંતો ભવસાગરમાં ડૂબતા જીવને તારનારા છે. સંતો વિશ્વની માતા છે. મુકતાનંદ સ્વામી ગાય છે :-

**તારેંગે તારેંગે ભવજલ બુડત સંત તારેંગે.**
**જન્મ મરણ ભવ તબહી ભાગે, સંત શબ્દ ઉર ધારેંગે...ભવજળ...**
**સંત શબ્દકું જો લોપી ચલેંગે, આગે બહુત સંભારેંગે...ભવજળ...**
**દાસ મુકુંદ ચલો ગુરૂચરણે, એક પલક મેં છોડાવેંગે...ભવજળ...**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, :-

**બ્રહ્માએ ભાંગી હરિ આગન્યા, જોયું નિજ સુતાનું શરીર;**
**જોતા મતિ રતિ નવ રહી, વળી ગઈ હૈયે થી ધીર.**

શિષ્ટાચારની રીતી છે,...પરસ્ત્રીને માતા, બહેન અને દીકરી સમાન માનવાં જોઈએ. કયારેય પણ કુભાવ જાગવો જોઈએ નહિ. બ્રહ્માએ ભુલ કરી. પોતાની દીકરીનું રૂપ નીરખી નીરખીને જોયું, તેથી મતિ બગડી ગઈ.

એક વાતનું ધ્યાન રાખજો. પાપ પહેલું આંખ દ્વારાએ પ્રવેશ કરે છે, પછી તેનું મનમાં મનન થાય, પછી સંકલ્પ વિકલ્પનો કદોળો ઉઠે કે ગતાગમની કાંઈ ખબર રહેતી નથી. માટે આંખને કાબૂમાં રાખવી. તાકી તાકીને કોઈનું રૂપ જોવું નહિ. જો જોવું જ હોય તો નીરખી નીરખીને ભગવાનનું સ્વરૂપ નીરખો.

બ્રહ્માએ પોતાની યુવાન દીકરી સરસ્વતિજીને જોયાં ને મનમાં વિકાર પેદા થયો. વિચાર કરો, સૃષ્ટિના સર્જનહારની આ દશા તો બીજાની શું વાત કરવી ! બ્રહ્માએ આવા ઘાટને સમાવવા ઘણી મહેનત કરી. જ્ઞાન બળથી, પણ ઘાટ સમ્યો નહિ.

વ. મધ્ય. ૩૦ શ્રીજી મહારાજ કહે છે, ગમે તેવો ધીરજવાન પુરૂષ હોય અને સ્વરૂપવાન સ્ત્રી સભામાં આવે ત્યારે એની વૃતિ એના રૂપમાં તણાયા વિના રહે નહિ. આવું સ્વામિનારાયણ ભગવાન બોલ્યા છે. કેમ કે એ પદાર્થનો યોગ જ એવો છે એનો યોગ થાવા ન દે તો ઉગરે, નહિંતર ઉગરે નહિ. એ વાત સિધ્ધાંત છે. માટે આ સિધ્ધાંતને સમજી રાખવો.

જેના હૃદયમાં ભાવના સારી નહિ તે બહારથી ગમે તેટલો ડોળ કરે એનો આશય જ ભૂંડો છે. પછી ભલે સાધુ હોય કે સંસારી હોય. વિચાર કરો ઈલેકટ્રીક વાયરના બે છેડા ભેગા કરો તો ભડકો જ થાય. છેડા નોખા હોય તો જ લાઈટ વ્યવસ્થિત રહે, તેમ સ્ત્રી પુરૂષનો યોગ ભેગો થાય તો ભડકો થયા વિના રહે નહિ...માટે આ બાબતની સાવધાની રાખવી. ભગવાનની આજ્ઞા અખંડ છે, અભંગ છે. તેને લોપીને કોઈ સુખીયો થયો નથી. આજ્ઞા લોપવાથી હૈયાની હોળી કોઈ દિવસ ઠરવાની નથી.

**સુખકરણી છે દુ:ખહરણી, આગન્યા શ્રી મહારાજની;**
**આસુરી જનને અર્થ ન આવે, છે દૈવી જીવના કાજની.**

અસુરી મતિના જગતમાં જીવ છે, તેને આજ્ઞા પળાય કે ન પળાય તેની તેને કાંઈ પડી નથી, જે પ્રમાણે ભગવાને કહ્યું છે તે પ્રમાણે કાંઈ કરે નહિ. બધું ઉંધુ જ કરે, તેને આસુરી કહેવાય. દૈવી જીવાત્માઓને કાંઈક સત્કર્મ કરી લેવું જોઈએ.

જીવ જયારે જન્મ લે છે ત્યારે જ મનુષ્યની તારીખ, ટાઈમ, કપાળ પ્લેટમાં ફીટ કરેલી હોય છે. તમે કોઈ વસ્તુ ખરીદો એમાં બાર મહિનાની કે બે વર્ષની ગેરંટી આપેલી હોય છે, પરંતુ પરમાત્મા મનુષ્ય શરીર આપે છે ત્યારે એમાં કોઈ ગેરંટી કે વોરન્ટી આપતા જ નથી. ચાલ્યું ત્યાં સુધી ચાલ્યું પછી કેન્સલ. કાંઈ જ નહિ. ફેંકી જ દેવાનું !

મશીન રીપેર થઈ શકે, જુનાનું નવું કરી શકાય, પરંતુ આ શરીરનું કાંઈ થઈ શકતું નથી. ખાત્રી વગરનું આ કલેવર ભગવાને આપ્યું છે, તે ચાલે ત્યાં સુધી ચાલે,

પછી એને ફેકટરીમાં મોકલાતું નથી, તો પછી સારૂં કામ ભજન ભકિત કરી લો ને ! શા માટે સમય બરબાદ કરો છો ! સમય મળ્યો છે, તક આવી છે, તો સમજીને સત્સંગ કરી જીવન સાર્થક કરી લેવું જરૂરી છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, :-

**વણ કાપે નાક ગયું છે કપાઈજી, તે જાણજો જરૂર જન મન માંઈજી;**
**તેની અપકીર્તિ ગ્રંથમાં ગવાઈજી, એથી નરસું નથી બીજું કાંઈજી.**

જેણે જેણે ભગવાનનું વચન લોપ્યું છે, તેની શાસ્ત્રમાં અપકીર્તિ ગવાય છે, વગર કાપે નાક કપાઈ ગયું છે. નર, અમર, અજ, ઈશ વિગેરે જે છે તે હરિ આજ્ઞાથી બહાર ગયા તો એની અપકીર્તિ શાસ્ત્રમાં ગવાય છે.

**મહેશ મોટા દેવતા પણ, ભોળા નામની ભોળપ્ય રઈ;**
**મોહીની રૂપની મનમાં, જોવાની ઈચ્છા થઈ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, શંકર મોટા દેવતા પણ એને મોહીની રૂપ જોવાની ઈચ્છા થઈ. એક વખત નારદજી કૈલાસમાં આવ્યાં, ત્યાં ભોળાનાથ આંખ બંધ કરી ભગવાનનું ધ્યાન કરતા હતા. નારદજી ભોળાનાથને પગે લાગીને પાસે બેસી ગયા, ભોળાનાથની આંખ ખોલી, ત્યાં સામે નારદજી બેઠા છે, નારદજી ને મીઠો આવકાર આપતાં કહ્યું, નારદજી કુશળ છો ને ? હા મહારાજ કુશળ છીએ.

પણ આપ આંખ બંધ કરી શું કરો છો ? ભગવાનનું ધ્યાન કરૂં છું. ! નારદજીએ કહ્યું, એ બધી વાત સાચી છે, પણ ભગવાને સમુદ્ર મંથન વખતે જે મોહીની રૂપ લીધેલું હતું તે રૂપ ધ્યાનમાં તરત આવે એવું છે. બીજા અવતારના તમે દર્શન કર્યા છે. પણ મોહીની રૂપ કયારેય જોયું નથી. એક વાર તમે જુઓ તો ફરી ચિંતવન કરવું ન પડે, એવું અદભુત સ્વરૂપ છે. જોયા જેવું છે. !

**તમે ધ્યાન કરો છો તે બરાબર છે.**

ભોળાશંભુએ કહ્યું, તો તો જોવું પડશે. આટલું કહી નારદજી નારાયણ નારાયણ કરતા ચાલતા થઈ ગયા. પછી ભોળાનાથ શંભુ વૈંકુઠમાં આવ્યા. પ્રભુને પગે લાગીને બેઠા, અને વાત કરી હે પ્રભુ તમે સમુદ્ર મંથન વખતે જે મોહીની રૂપ લીધું હતું તે સ્વરૂપનાં મને દર્શન કરાવો !

ભગવાને કહ્યું, મોહીની રૂપ જોવાનું રહેવા દો ! તમે જે ધ્યાન કરો છો તે બરાબર છે. મેં મોહીની રૂપ ધ્યાન કરવા માટે નહોતું લીધું પણ અસુર આગળથી અમૃત લેવા માટે લીધું હતું, એ રૂપ ધ્યાન કરવા માટે નથી લીધું, ભગવાને ખૂબ સમજાવ્યા છતાં પણ માન્યા નહિ.

**હરિએ વાર્યા ઘણું હરને, નથી રૂપએ જોયા સરખું;**
**પણ સનો લીધો સમજયા વિના, હરિ વચનને નવ પરખ્યું.**

પ્રભુએ ભોળાશંભુને ઘણું સમજાવ્યા પણ સમજયા નહી. પ્રભુએ કહ્યું, કયારેક બતાવીશું. ! થોડા સમય પછી મોહીની રૂપ લઈને જયાં શિવ પાર્વતિ બેઠાં છે કૈલાસમાં ત્યાં પ્રભુ પધાર્યા. ઝીણી પાતળી સોનાના તાર વાળી સાડી કાનમાં કુંડળ, નાકમાં નથ, કેડે કંદોરો, પગમાં ઝાંઝર, આંખે આંજણ અને ઠમકતી ચાલે, ભલ ભલા મોહ પામી જાય એવું સુંદર રૂપ લઈને, શિવ પાર્વતિની નજીકથી પ્રભુ પસાર થયા.

હાથમાં ફુલનો દડો ઉછાડતા જાય, લટકા કરતા જાય, આ સ્વરૂપ જોઈને ભોળાશંભુ તરત ઉભા થઈ ગયા. પાર્વતિજીએ પૂછયું, પતિદેવ કેટલે સુધી જાવ છો ? શંભુએ કહ્યું, હમણાં જ આવું છું.

ભગવાન આગળને શંભુ પાછળ, પકડવાની કોશીશ કરે પણ પકડાતા નથી. ભગવાન મોહીની રૂપમાં લટકા કરતા જાય, દડો રમતા જાય, આંખથી કટાક્ષ કરતા જાય, શંભુ દોડી દોડીને થાકી ગયા. પરસેવે રેબઝેબ થઈ ગયા, પણ પ્રભુ પકડાતા નથી !

હવે શું કરવું ! ... પછી ભગવાનને થયું, મારા ભોળા ભકતને બહુ દોડાવવા જેવા નથી ! મોહીની રૂપમાં પ્રભુ ઉભા રહી ગયા. ભોળાશંભુ દોડીને સ્ત્રીને બાથ ભરીને ભેટવા જાય ત્યાં પ્રભુ મોહીની રૂપ અદ્રશ્ય કરી મુળ રૂપમાં આવી ગયા.

ભોળાશંભુ જોતા જ રહી ગયા ! આ શું દેખાય છે. શરમાઈ ગયા, હવે શું કરવું ! ભોંઠા પડી ગયા, બે હાથ જોડી સ્તુતિ કરી પ્રભુ મને માફ કરજો. તમે ઘણી મનાઈ કરી પણ મેં હઠ લીધી, તમારૂં વચન મનાયું નહિ, તેથી મને મોહીની રૂપ જોવાની ઈચ્છા થઈ.

**નૈષ્ઠિક વ્રત તે નવ રહ્યું, થયું યોગ કળામાં જ્યાનજો;**
**તે લખાણું છે કાગળે, સહુજન એ સાચું માનજો.**

ભગવાને કહ્યું તેમ શંભુએ કર્યું નહિ તો નૈષ્ટિક વ્રતમાં ખામી આવી ગઈ. જો વિષય વાસનાથી ઉગરવા માગતા હો તો ભગવાને જેમ કહ્યું છે તેમ કરજો. સવળું વિચારવું પણ અવળું વિચારવું નહી. કે શંભુ કેવડા મોટા દેવ છે, જગતમાં એની બધા પૂજા કરે એનાથી આવું થઈ ગયું તો આપણાથી થઈ જાય એમાં શું વાંધો ! આવી રીતે અધર્મ માર્ગમાં મોટાનો વાદ લેવો નહિ. ધર્મ માર્ગમાં મોટાનો વાદ લેવો, આ વાત બરાબર સમજી રાખવી.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, આ જીવને બધુએ બંધનકારી છે, પણ તેમાં બે બંધન બહુ જ મોટાને મજબૂત છે. એક જડ માયા અને બીજી ચૈતન્ય માયા.

**કાન્તા કનક સૂત્રેણ વેષ્ટિતં સકલં જગત્ ।**
**તાસુ તેષુ વિરક્તો યો દ્વિભુજ: પરમેશ્વર: ॥**

કાન્તા એટલે સ્ત્રી અને કનક એટલે ધન. આ બે દોરડાથી આખું જગત બંધાયેલું છે, એ બેથી વિરકત હોય તે બે હાથવાળો પરમેશ્વર છે. પરમાત્મા મળે તો મોક્ષ થાય, તેમ સાચા સંતો મળે તો પણ જરૂર મોક્ષ થાય. સાવ દીવા જેવું નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે. છતાંય આપણે અંધારૂં કરીને બેઠા હોઈએ, તે બરાબર નથી.

**વળી ભવનું વચન લોપી, ભવાની ગયા દક્ષનાં જગનમાં;**
**ત્યાં અતિ અનાદરે તન ત્યાગી બળી મુંવા આપે અગનમાં.**

દક્ષના યજ્ઞમાં શંભુએ પાર્વતીજીને ના પાડેલી કે તમને તમારા બાપના યજ્ઞમાં જવા જેવું નથી, ત્યારે પાર્વતીએ કહ્યું, મારા બાપ મોટો યજ્ઞ કરે છે, તેમાં મારી બધી બહેનો આવશે, તેમાં જવામાં શું વાંધો છે ! શંભુએ કહ્યું, આમંત્રણ આવ્યું નથી તેથી જવાય નહિ. પાર્વતીજીએ કહ્યું, બાપને ત્યાં અને ગુરુને ત્યાં આમંત્રણ ન હોય તોય જઈ શકાય. તમે પણ મારી સાથે ચાલો.

શંભુએ કહ્યું, મારે યજ્ઞમાં ચાલવું નથી. પછી સતિ બાપનાં યજ્ઞમાં ગયા. પછી ત્યાં કોઈએ બોલાવ્યા નહિ, તેથી દુઃખ થયું. દક્ષે ભરી સભામાં શિવની ખૂબ નિંદા કરી તે સહન ન થવાથી, સતિએ પોતાના શરીરમાંથી અગ્નિ પ્રગટ કરી દેહ બાળી દીધો. મૂળ વાત કહેવાની કે શિવની વાત મનાણી નહિ તો સતિને દુઃખ થયું માટે શિરને સાટે આજ્ઞાનું પાલન કરવું એ આ વચનવિધિનું રહસ્ય છે.

## આ આખો ગ્રંથ આજ્ઞા ઉપર છે

ધર્મને મજબૂત કરવા આ ગ્રંથ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યો છે, ભકતજનને ભગવાનને રાજી કરવા હોય તો ધર્મ, ભકિત, જ્ઞાન અને વૈરાગ્યને પરિપકવ કરવા જોઈએ. ધર્મ જો પરિપકવ હોય તો ભકિત જ્ઞાન અને વૈરાગ્ય ટકે છે. આ જગતની અંદર ભગવાનની આજ્ઞા જે લોપે છે, તે દેવ હોય કે દાનવ હોય કે માનવ હોય તેને દુઃખ આવ્યા વિના રહેતું નથી. બ્રહ્માજીનું શિવજીનું અને સતિ પાર્વતીજીનું દષ્ટાંત આપી નિષ્કુળાનંદ સ્વામીએ આપણને સમજાવ્યું છે.

**ઈચ્છે કોઈ કરવા અવળું આપણુંજી,**
**તે જન વચન લોપે હરિ તણુંજી;**
**જેણે કરી થાય દુઃખ ઘણું ઘણુંજી,**
**પામી દુઃખ મુખ પછી થાય લજામણુંજી.**

ભગવાનની ભકિત કરતા હોય, પરમાત્માની આજ્ઞા પાળતા હોય, એનું કોઈ અવળું કરવા જાય તો જેમ સૂર્ય સામી ધૂળ નાખે તેમ તેને દુઃખ આવ્યા વગર રહેતું નથી. નિર્માની થઈને ભકતિ કરવી. ભગવાનની આજ્ઞા લોપે છે તેને નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે એના જીવતરને ધિક્કાર છે.

**લજામણું મુખ લઈને જન જીવે જે જગમાંઈ;**
**ધિક્ ધિક્ એ જીવિતવ્યને કામ ન આવ્યું કાંઈ.**

દીનાનાથ ભટ્ટ ભગવાન સ્વામિનારાયણ પાસે નિરંતર કથા કરતા, ભાગવતના અઢાર હજાર શ્લોક કંઠસ્થ હતા. પણ નિર્વિકલ્પાનંદ નામના મિથ્યાભિમાની સાધુના સંગથી વિમુખ થઈ ગયા. ભગવાનનાં દર્શન કરવાનાં બંધ કરી દીધાં, ભગવાને ખૂબ સમજાવ્યા છતાં પણ સમજયા નહિ.

## પોતાની વિદ્વતા પર ગર્વ કરવો એ સૌથી મોટું અજ્ઞાન છે.

સ્વામિનારાયણ ભગવાનની ખૂબ નિંદા કરે, બીજાને ઉશ્કેરતા કે સ્વામિનારાયણ ભગવાન નથી, પણ પાખંડી છે. રખડતો રખડતો આવીને ભગવાન થઈ પૂજાય છે. માટે કોઈ તેને ભગવાન માનજો નહિ.

પછી એની દીકરીને બ્રહ્મ રાક્ષસ વળગ્યો, ઘણા દેવ દેવીનું પૂજન કર્યું, દોરા

ધાગા કર્યા, પણ બ્રહ્મરાક્ષસ નીકળે નહિ. હવે શું કરવું ! ત્યારે એક ભકતે કહ્યું ‘‘તમે ભગવાનની આજ્ઞા લોપી છે, ખૂબ નિંદા કરી છે, હવે વટ મૂકીને શ્રીજીના શરણે જાવ નહિતર દીકરી વગર મોતે મરી જાશે.’’

પછી દીનાનાથ ભટ્ટ પ્રભુને શરણે આવ્યા, કે હે પ્રભુ મારી લાજ તમારા હાથમાં છે.

**મારી લાજ તમારે હાથ, નાથ નીભાવજો રે;**
**દીનાનાથ દયાળુ દેવ અદ્‌ભુત દર્શાવજો રે...મારી લાજ...**
**સંકટથી સોસાંઉ મોરારી, લેજો અંતરજામી ઉગારી;**
**હવે ગયો હું હારી બાપ બચાવજો રે...મારી લાજ...**
**કર્મ કઠણ માઠા ગ્રહ બેઠા, હાથ પડયા છે હમણાં હેઠા;**
**પરમેશ્વર કયાં બેઠા નાથ નીભાવજો રે...મારી લાજ...**

શ્રીજી મહારાજે સત્કાર કરીને દીનાનાથ ભટ્ટજીને સભામાં બેસાડ્યા. કુશળતા પૂછતાં કહ્યું, ‘ભટ્ટજી કેમ છો ?’ મહારાજ બહુ દુઃખી છું, મારી દીકરીને બ્રહ્મરાક્ષસ વળગ્યો છે તે કોઈ ઉપાયે જતો નથી. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘તમે આવા સમર્થ વિપ્ર છતાં તમારાથી બ્રહ્મરાક્ષસ ન નીકળ્યો તો તમે તો અમને પાખંડી અને હિંદુસ્થાનમાંથી રખડતા રખડતા આવી ભગવાન થઈ બેઠેલા કહો છો. તો અમારાથી બ્રહ્મરાક્ષસ નીકળશે ! ?’’

દીનાનાથ ભટ્ટ બે હાથ જોડી બોલ્યાં, ‘‘હે મહારાજ ચામડાની જીભ, વળી નિર્વિકલ્પાનંદના સંગથી બોલ્યો હોઈશ. મારા અપરાધ માફ કરો અને મારી દીકરીના શરીરમાંથી બ્રહ્મરાક્ષસને કાઢો, હવે હું સત્સંગનો કયારેય ત્યાગ નહિ કરું. તમે જેમ કહેશો, તેમ કરીશ.’’

ભગવાને ચપટી વગાડી, ભાગી જા, ભાગી જા, ત્યાં તરત બ્રહ્મરાક્ષસ નીકળી ગયો, પછી ભટ્ટજીને પાકો નિશ્ચય થયો. જે મનુષ્ય આજ્ઞાને ઉલ્લંઘી સ્વચ્છંદી બને છે, તેનું અધઃપતન ચોક્કસ થાય છે.

## આજ્ઞા પાલક હોય તે સૌને ગમે છે

જીવનમાં ગૌરવ પ્રાપ્ત થાય એવા ઘણા કાર્યો કરજો પણ ગર્વ (અભિમાન) પ્રગટ થાય એવું એક પણ કાર્ય કરશો નહિ.

એક પિતાના પાંચ પુત્રો હતા, એક પુત્ર મહાવિદ્વાન હતો, બીજો કલાકાર હતો, ત્રીજો અધિકારી હતો અને ચોથો સાવ સાધારણ સ્થિતિનો હતો, તેમાં સૌથી નાનો દીકરો આજ્ઞાપાલક અને સત્સંગી હતો.

જેમ મા બાપ કહે તેમ જ કરે. મા-બાપની સંભાળ રાખે. જોઈતી વસ્તુ લાવી આપે. પોતાની સાથે મા બાપને જમાડે. દરરોજ થોડી વાર મા-બાપ પાસે બેસે, કુશળતા પૂછે.

ત્રણ દીકરાઓ કોઈ દિવસ ઘરે પણ આવે નહિ. મા બાપને બોલાવે નહિ. તમે વિચાર કરો મા - બાપની પ્રસન્નતા કોના ઉપર થશે ! જે આજ્ઞા પાલક પુત્ર છે તેના ઉપર મા-બાપ રાજી થાશે, ભગવાન રાજી થાશે અને જગતનાં માણસો પણ રાજી થાશે કે નાનો દીકરો બહુ ડાહ્યો છે, સારો છે. મા બાપની ખૂબ સેવા કરે છે. આજ્ઞા પાલક હોય તે સૌને ગમે છે.

પિતાના પણ પરમ પિતા પરમેશ્વર છે. તેને રાજી રાખવા હોય તો તેમને આપેલી જે આજ્ઞાઓ છે તે પ્રમાણે આપણને વર્તવું જોઈએ. નાની મોટી આજ્ઞાનું પાલન કરવું તેમાં જ શ્રીજી મહારાજનો રાજીપો છે.

ભગવાનની આજ્ઞા પ્રમાણે જે નથી વર્તતા અને તેઓ યોગ કરે, જપ કરે તપ કરે યાત્રા કરે, વિદ્વાન હોય, ડહાપણ હોય, એનો કોઈ અર્થ નહિ, બધું વ્યર્થ છે. યોગ, યજ્ઞ નહિ કરતા હોય, જપ તપ નહિ કરતા હોય, ભલે વિદ્વાન નહિ હોય, ડહાપણ નહિ હોય, પણ આજ્ઞામાં રહીને ભજન કરતા હશે તો તેવા ભકતને ભગવાન પોતાના ધામમાં સેવામાં રાખશે. ભગવાનની આજ્ઞા પાળ્યા વગર વાસના બળતી નથી, એ વાત સમજી રાખવી.

બૃહસ્પતિ દેવોના ગુરુ કહેવાય. એનામાં જે વિદ્વતા છે, એવી બીજા કોઈ માણસમાં હોય નહિ. ખૂબ બુધ્ધિશાળી હતા, ડાહ્યા હતા, પણ વિકારને લીધે અંતરમાં અજ્ઞાન છવાઈ ગયું. શુધ્ધ બુધ્ધ ભૂલી ગયા, નાના ભાઈની પત્નીને જોઈને વિકાર ઉત્પન્ન થયો. વીરની વધૂ સાથે અકાર્ય કર્યુ તો માથે મેષ બેસી ગઈ, તો તેની વાત હજુ સુધી જગતમાં માણસો કરે છે કે બૃહસ્પતિએ સારું કાર્ય કર્યું નહોતું.

## વચન લોપનારને સુખ થતું નથી

**વચન લોપી જાણે સુખ લેશું રે, તે તો કે શું કેવાને જો રે શું રે;**

**જયારે પશ્ચિમે પ્રગટશે રવિ રે, થાશે બીજ રહિત પૃથવી રે.**
**તોય નહિ થાય રીત એ નવી રે...વચન લોપી...**

વચન લોપીને સુખ લેવા જશે તેને સુખ થશે નહિ.

અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ રહ્યા પછી શ્રીજી મહારાજે સંતોને પૂછ્યું, આપણે દેવ પધરાવ્યા તો હવે ચોરાશી કરશું કે કેમ ? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ચોરાશી કરવી જ જોઈએ, ન કરીએ તો એટલું અધૂરું કહેવાય. શ્રીજી મહારાજના સંકલ્પને જાણીને અષ્ટસિધ્ધીઓએ તળાવને કાંઠે સામગ્રીના ગંજ કરી દીધા.

બીજે દિવસે શ્રીજી મહારાજ મંદિરમાં નરનારાયણદેવનાં દર્શન કરવા આવ્યા, ત્યાં એક નાગર બ્રાહ્મણ વજેશંકર જોડા પહેરીને દેવનાં દર્શન કરવા આવ્યો. શ્રીજી મહારાજે કહ્યું, અમારી મર્યાદા ન રાખો તો કાંઈ નહિ પણ નરનારાયણ દેવની તો મર્યાદા રાખો. જોડા પહેરીને દર્શન કરવા અવાય નહિ, પાપ લાગે.

આ વાત સમજવા જેવી છે, બહેન માતાઓ દર્શન કરવા આવે છે ત્યારે બાળકને બુટ પહેરાવીને લાવે છે તે બાળકને પાપ ન લાગે જે મંદિરે જોડા પહેરાવીને લાવે છે તેને પાપ લાગે છે.

શ્રીજી મહારાજે મનાઈ કરી છતાં વજેશંકર માન્યો નહિ. દરરોજ જોડા પહેરીને જ દર્શન કરે પણ ઉતારે નહિ. આજ્ઞા ભંગ થવાથી કર્યા કર્મનું ફળ ભોગવવાનું ટાણું આવી ગયું...સરકારના ગુન્હામાં આવ્યો. તેથી હાથ પગમાં બેડીયું જડાવીને ગાડામાં બેસાડીને લઈ ગયા જેલમાં પુરી દીધો. શ્રીજી મહારાજ પાસે સત્સંગીએ વાત કરી, ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ભગવાનની આજ્ઞા નો લોપ કર્યો, તેથી તેને જેલમાં પુરાવાનો વારો આવ્યો, જીવની અવળાઈનો પાર નથી.

નિષ્કુળાનંદ સ્વામી દષ્ટાંત આપતાં કહે છે, પશ્ચિમમાં કોઈ દિવસ સૂર્યનારાયણ ઉગે નહિ. પૃથ્વી કોઈ દિવસ બીજ વિનાની હોય નહિ. આકાશના ફૂલની કોઈ દિવસ માળા થાય નહિ, ઝાંઝવાંના જળથી તરસ મટે નહિ, નપુંસક નરથી પુત્રની પ્રાપ્તિ થાય નહિ, પાણી વલોવવાથી માખણ મળે નહિ, તેમ પરમાત્માની આજ્ઞા લોપવાથી કયારેય સુખ થાય નહિ. પરમાત્માની આજ્ઞાને ભાન વિનાના થઈને લોપી નાખે છે.

## કામનો વેગ મહા ભયંકર વેગ છે.

**આજ્ઞા લોપી શઠ સુરપતિજી, ગૌતમ ઘરમાંય કરી ગતિજી;**
**તેણે દુઃખ પામ્યો અંગમાં અતિજી, રહ્યું નહિ શરીરમાં સુખ રતિજી.**

ઈંદ્રરાજા ઋષિ પત્ની અહલ્યામાં મોહ પામ્યા. ગૌતમ ઋષિ ગંગાજીમાં સ્નાન કરવા ગયા. ઝૂંપડીમાં અહલ્યા એકલાં હતાં. ઈંદ્રરાજાની વિકારી નજર અહલ્યા ઓળખી ગયાં કે આ મને મોહ પમાડવા આવ્યો છે. ત્યાં તો ગૌતમ ઋષિ સ્નાન કરીને આવ્યા. એટલે ઈંદ્રરાજા મીંદડો થઈને બહાર નીકળ્યો. ગૌતમ ઋષિ ઓળખી ગયા કે આ ઈંદ્ર છે, તરત શાપ દીધો.

**એવી અવળાઈ જોઈ ઈંદ્રની, આપ્યો શાપ ઋષિએ રોષમાં;**
**કહ્યું સહસ્ત્ર ભગ પામી પુરંદર, રહેજે સદા સદોષમાં.**

ગૌતમ ઋષિએ શાપ આપ્યો. મારી ગેરહાજરીમાં મારી પત્નીમાં મોહ પામ્યો છે તો શાપ આપું છું કે જેમાંથી પાચ પરૂ નીકળે છે એવા એક ભગમાં લોભાણો તો તારા શરીરે હજાર ભગ થશે, તરત આખા શરીરમાં કાણાં પડી ગયાં. તેમાંથી રૂધીર ને પાચ વહ્યા કરે. વેદનાનો પાર નહિ. આખું શરીર ગંધાય, આવી ભયંકર સજા ભોગવવી પડી, રોગ થવાથી દુઃખી દુઃખી થઈ ગયો.

આ વચનવિધિ ગ્રંથમાં બૃહસ્પતિની વાત આવી કે તેઓ સ્ત્રીમાં મોહ પામ્યા, દેવના દેવ મહાદેવ સ્ત્રીમાં મોહ પામ્યા. બ્રહ્મા સ્ત્રીમાં મોહ પામ્યા, સૂર્ય સ્ત્રીમાં મોહ પામ્યા. ચંદ્ર સ્ત્રીમાં મોહ પામ્યા. કામ વાસનાએ ભલભલાને ધૂળ ફાકતા કરીને લાજ લીધી છે. કામનો વેગ મહા ભયંકર વેગ છે. ભલભલાને ઉથલાવી નાખ્યા છે.

## કામી પુરુષ પ્રભુની મરજીમાં રહી શકતો નથી.

ઈંદ્રરાજાને શરીરે સખત પીડા થવાથી કમળમાં જઈને વાસ કર્યો. જયાં જયાં ઈંદ્રની કીર્તિ ગવાતી હતી, તે બધા નિંદા કરવા લાગ્યા કે સ્વર્ગનો રાજા થઈને આવું ખરાબ કામ કર્યું. કામ મોક્ષમાર્ગમાંથી પાડી નાખે છે, મોટા મોટા દેવ, દાનવ માનવ વિગેરે તપસ્વીને ધક્કા લગાડ્યા છે, કામાન્ધ થયેલો માનવી ભાન ભૂલીને પોતાના ધર્મથકી પડી જાય છે અને આબરૂના કાંકરા થાય છે. માટે સાવધાન રહેવું !

જેમ આંધળો દેખતો નથી, તેમ કામે કરીને અંધ થયેલો માનવી સત્યને દેખતો

નથી. વિચાર શૂન્ય થઈ જાય છે, ભય, લાજ કે શરમ હોતી નથી. તેથી તે ન કરવાનું કરી બેસે છે. જયાં સુધી કામવાસના જીતાઇ નથી ત્યાં સુધી કોઈ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત થતી નથી.

**એમ વચન લોપે જો લજા રહે, તો કોણ માને વચનને;**
**મહાપ્રભુની મરજાદ મૂકી સહુ વર્તે ગમતે મનને.**

વચન લોપવાથી માનવીની એવીને એવી સારી આબરૂ રહેતી હોય તો ભગવાનમાં વચન પ્રમાણે વર્તવાની માથાકૂટ કોણ કરે ! જો આજ્ઞામાં કાંઈ સાર ન હોય તો આજ્ઞા કોણ માને.

મોક્ષ માર્ગની સંપૂર્ણ સિધ્ધિ મેળવવા માટે પ્રભુની આજ્ઞા અને ઉપાસના બે મુખ્ય બાબતો માનવામાં આવી છે, તેમાં આજ્ઞાનું ખૂબ જ મહત્વ ગણાય છે, દેહના અંતે પ્રભુની સમીપમાં રહેવાની પ્રબળ ઈચ્છા હોય તો પ્રભુના ગમતા પ્રમાણે રહીને પ્રત્યેક આજ્ઞાનું યથાર્થ પાલન કરીશું તો શ્રીજી મહારાજ અખંડ પોતાની મૂર્તિનું સુખ આપશે.

**ભૂમાં એક ભૂપતિ નહુષ રાજનજી, તે પૂન્યે કરી પામ્યો ઈંદ્રાસનજી;**
**ત્યારે કર્યું ઈંદ્રાણી વરવાનું મનજી, ઉન્મત્ત થઈ કહ્યું એમ વચનજી.**
**વચન કહ્યું વિકટ અતિ, તું વર્ય મને વેગે કરી;**
**ત્યારે ઈંદ્રાણી કહે હું વરી ઈંદ્રને હવે કેમ વરૂં નરને ફરી.**

પૃથ્વી ઉપર એક નહુષ નામનો રાજા હતો. ખૂબ દાન પૂન્ય કર્યું, તે પૂન્ય કરીને એને ઈંદ્રાસન મળ્યું. ઈંદ્ર કમળ વનમાં ગયો, ત્યારે આસન ખાલી હતું, ત્યારે ઋષિ મુનિઓ એ કહ્યું, ઈંદ્રાસન ખાલી ન રખાય, માટે કોઈકને બેસાડો ! ત્યારે ઋષિઓ એ કહ્યું, નહુષ રાજા ઈંદ્રપદને યોગ્ય છે, પૂન્યશાળી, ધર્મનિષ્ઠ અને ભગવદ ભકત જાણીને નહુષરાજાને ઈંદ્રાસન ઉપર બેસાડ્યો.

પૂન્યશીલ જાણીને નહુષને ઈંદ્રાસન ઉપર બેસાડ્યો પણ એણે અવળું કર્યું. નહુષ રાજાને વિચાર થયો કે ઈંદ્રાસનની તમામ સંપત્તિનો હું ધણી થયો તો ઈંદ્રાણી મારા કેમ ન થાય ! ... ખરેખર ઈંદ્રાણી મારા પત્ની થવાં જોઈએ. ઈંદ્રાણી પાસે વાત કરી કે હું ઈંદ્રાસન પર આવ્યો છું તો તું મારી સાથે લગ્ન કર.

ઈંદ્રાણીએ કહ્યું, એક વાર હું ઈંદ્રને વરી ચુકી છું, હવે બીજાને વરાય નહિ. હું તમને

કેમ વરું ! નહુષે કહ્યું, નહિ વરે તો પરાણે વરીશ. પણ તને મૂકીશ નહિ. ઈંદ્રાણી મુંઝાયાં ! હવે શું કરવું ! ત્યાં નારદજી નારાયણ નારાયણ કરતા પધાર્યા. ઈંદ્રાણીએ બધી વાત કરી. નારદજીએ કહ્યું તમે શું કામ મુંઝાવ છો ! નહુષને કહી દો કે વરવા માટે આવવું હોય તો કોરું વાહન લઈને આવજે,...ઈંદ્રાણીએ કહ્યું સાચે ચાલ્યો આવશે તો ! ત્યારે નારદજીએ કહ્યું, હું કહું તેમ કરો બધું સારું થશે.

નહુષ રાજાએ ઈંદ્રાણી પાસે આવી પૂછયું શું નિર્ણય કર્યો છે ? ત્યારે ઈંદ્રાણીએ કહ્યું,

## ત્યારે જાણ્યું ઈંદ્રાણીએ જોરે વરશે, કહ્યું આવ કોરે વાહને ચડી

નહુષે વિચાર કર્યો, કોરું વાહન કયાંથી શોધવું, ત્યાં તો નારદજી પધાર્યા. રાજન્ કેમ ઉદાસ બેઠા છો ? શું ચિંતા કરો છો ? નહુષે કહ્યું, મને ઈંદ્રાણી સાથે વરવું છે, પણ એણે કહ્યું કે કોરું વાહન હોય એના ઉપર બેસીને આવશો તો વરીશ...હવે કોરૂં વાહન મારે કયાંથી કાઢવું !

હાથી ઉપર, ઘોડા ઉપર, ઉંટ ઉપર, બળદ ગાડી ઉપર, ગધેડા ઉપર એમ બધા વાહન ઉપર સૌ કોઈ બેઠા હોય, નવું વાહન કયાંથી શોધવું ! એના વિચારમાં મુંઝાઉં છું. કાંઈ સૂજતું નથી. નારદજીને થયું આ પાપીની દાનત બગડી છે. ઈંદ્રાસન ઉપર બેસવા લાયક નથી, માટે જલદી ઠેકાણે પડી જાય તો સારું!

નારદજીએ કહ્યું, ઋષિ મુનિને પાલખીમાં જોડીને પાલખીમાં બેસી જાવ. આ થયું નવું વાહન. સંતોને ખભે ભાર ઉપડાવીને કોઈ પરણવા નહિ ગયા હોય.

## મારે પરણવાનું મોડું થાય છે

નહુષે હુકમ કર્યો, હે ઋષિ મુનિઓ, જપ, તપ, માળા ભજન બધું મૂકીને પાલખી ઉપાડો. મારે પરણવા જાવું છે ! ઋષિઓ એ કહ્યું, આ રાજાની બુધ્ધિ બગડી છે. જેના ચરણમાં નમસ્કાર કરાય તેને પાલખીમાં જોડે છે.

અગસ્ત્ય મુનિ આદિ વૃધ્ધ ઋષિઓએ પાલખી ઉપાડી. તેમાં નહુષ રાજા બેઠો. પરણવાની ઉતાવળ છે. અગસ્ત્ય ઋષિ વૃધ્ધ છે. માંડ માંડ ચાલી શકે તેના ઉપર ભાર તેથી પગ આમ તેમ ફરી જાય છે. ધીરે ધીરે ચાલે છે. સત્તાથી મદ થયેલો નહુષે પાલખીમાંથી પગ બહાર કાઢી ને અગસ્ત્ય ઋષિના ખભે લાત મારી અલ્યા

આમ સર્પની જેમ શું ચાલો છો ! જલદી ચાલો ! મારે પરણવાનું મોડું થાય છે.

અગસ્ત્ય ઋષિએ કહ્યું, અરે પાપી ! વાંક કે ગુન્હા વગર, જેમ ફાવે તેમ લાત મારે છે. સંતોને તારા ગુલામ બનાવે છે. જા શાપ આપું છું તું અત્યારેજ સર્પ થઈ જા. તરત મોટો અજગર થઈ ગયો અને સ્વર્ગલોકમાંથી હેઠો પડયો અને એંસી હજાર વરસ સુધી રખડયો. આજ્ઞા લોપી તો ઈંદ્રમાંથી અજગર થવું પડયું. ખૂબ દુઃખી થયો...પસ્તાવાનો પાર ન રહ્યો ! પણ પછી શું થાય !

**સંત સંતાપે જાત હે રાજ્ય ધન અરૂ વંશ,**
**તુલસી તીનો ન રહ્યો કુંભ રાવણ ને કંસ**

સંતને સંતાપવાથી રાજ, ધન અને વંશનો પણ નાશ થાય છે. આવું સાંભળીને તમે કોઈ આજ્ઞા લોપશો નહિ. આજ્ઞા લોપશો તો બહુ જબરું દુઃખ આવશે. એકાંતમાં સ્ત્રી ભેળા રહેવાય નહિ. રસ્તે સ્ત્રી ભેળું ચાલવું નહિ, અને જો કાળી ટીલી લાગશે તો મરતાં સુધી ભૂંસાશે નહિ.

એકાંતમાં મા - બેન - અને દીકરીની સાથે કયારેય રહેવું નહિ. ઈંદ્રીઓ ભૂલ ખવડાવે એવી છે. ભૂલ એક ઘડી કે બે ઘડીની હોય પણ જીંદગી ભર મોઢું કાળું લઈને સમાજમાં રહેવું પડે. જીવે પણ કિંમત વિનાનો જીવે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનનું ગમતું કરજો પણ મનનું ગમતું કયારેય પણ કરશો નહિ.

વચનમાં વર્તવામાં કાંઈક ફેર પડે તો ફડકી જાય, દુઃખ થાય કે મારાથી આવું કેમ થયું. કચ્છ ભુજના સુંદરજી સુથાર સ્વામિનારાયણ ભગવાનના પરમ ભકત હતા. રાજકારણીય માણસ હતા. તેથી પ્રવૃત્તિ ઘણી હોય, જરાય નવરાશ ન મળે. સતત પ્રવૃત્તિ ચાલુ જ હોય.

એમ કરતાં સુંદરજીભાઈની અંત અવસ્થા આવી ગઈ. આખી જીંદગી દોડધામ કરેલી પણ અંત સમયે વિચાર્યું કે હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું. મારા મુખેથી અત્યારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન થવું જોઈએ અને હું વ્યવહારની વાતું કરું છું, આ શું કરુ છું ! એમ કહી ખૂબ પસ્તાવો થાય.

આવો સર્વોપરી સત્સંગ મળ્યો, શ્રીજી મહારાજના સંતો મળ્યા, વિચાર કરતાં આંખમાં આંસુ ભરાઈ આવ્યા. મનમાં બહુ દુઃખ થયું. પછી ભગવાન દર્શન દઈને સુંદરજી ભાઈને ધામમાં તેડી ગયા.

દરરોજ સવારનાં શાંતિથી બેસીને પૂજા કરવા માટે થોડી નિવૃત્તિ જરૂર લેવી. છેલ્લા શ્વાસ સુધી પ્રવૃત્તિની ઘટમાળ ચાલવાની જ છે. માટે યોગ્ય સમયે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેતાં શીખવું. કથા, કીર્તન, પૂજા પાઠ, સત્સંગ સમૈયા, ભજન ભક્તિ નિરાંતે કરવાં જોઈએ. હર પળનો સદ્‌ઉપયોગ કરી લેવો જોઈએ. જેનું મન પવિત્ર હોય તેને સત્ય વાત જલદી સમજાય છે.

ઓચિંતા ભગવાન કહેશે ચાલો તૈયાર થઈ જાવ તેડવા આવ્યા છીએ, તે વખતે જો વાસના રહી જશે તો ભગવાન મૂકીને ચાલ્યા જશે.

**વચન આધારે વર્તે છે જેહજી, મોટા સુખને પામશે તેહજી;**
**એહ વાતમાં નહિ સંદેહજી, લોકે પરલોકે પૂજ્યા યોગ્ય તેહજી.**

વચનને આધારે જે કોઈ રહે છે તે મોટા સુખને પામે છે. ધનની લાલચે પણ ધર્મ છોડવો નહિ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હે માનવ ! કાળ તને આંબી જાય એ પહેલાં કાળજાને પવિત્ર બનાવી લેજે.

**કરી શકો તો કોઈનું સન્માન કરજો**
**પણ અપમાન કદી ન કરશો**

શૂરવીરતા રાખીને સત્સંગ કરવો પણ ઢીલા પોચા થવું નહિ.

**પ્રહ્લાદને કહ્યું એના પિતાએ, તને આપું રાજ અધિકાર;**
**નામ મેલી દે નરહરિનું, આજથી મ કર ઉચ્ચાર.**

પ્રહ્લાદજીના પિતા હિરણ્યકશિપુ કહ્યું, હે પ્રહ્લાદ, તને ત્રિલોકનું રાજ આપી દઉં. આ રાજમહેલ, સોનાનાં સિંહાસન વિગેરે તમામ સંપત્તિ તને આપી દઉં પણ તું ભજન કીર્તન છોડી દે.

પ્રહ્લાદજીને થયું અલ્પ સુખ સારું મહા મોટા સુખને કેમ મૂકી દેવાય ! રાજસત્તા તો આ લોકની સંપત્તિ છે. નાશવંત છે. મારે તો શાશ્વત અખંડ અવિનાશીનું અલૌકિક સુખ જોઈએ છે. જેની દૃષ્ટિ શાશ્વત સુખમાં પહોંચી જાય તેને આલોકના વૈભવ ડગાવી શકતા નથી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**નાક કપાવી નથ પહેરવી, તે તો નારી નઠારીનું કામ છે;**
**એથી મર રહીએ અડવા, એવાં ભૂષણ પહેરવાં હરામ છે.**

નાક કપાઈ જાય પછી નથ પહેરવી તે કમે બને ! નાક નથી તો નથ કયાં પહેરશે, તેમ જે પાપ કરી ભગવાનનાં વચન બહાર પડી ગયા, તે નાક વિના ના નકટા કહેવાય. આ જગતની અંદર કહેવત છે, જે માણસ સ્વછંદી હોય, કોઈનું કહ્યું માનતો ન હોય, છૂટ જવાબ દઈ દેતા હોય, માવતરનું ન માને, વડીલ ગુરુનું પણ ન માને તેને નકટા કહેવાય.

એવા માણસોને બધા એમ કહે, કે એ નકટી છે, કોઈનું માને એમ કયાં છે ! નાક હોય તો તો ભગવાનનું માને. નાક કાપીને નથ શોભે નહિ. જે ઘરમાં સદાચાર કે લાગણી નથી, ત્યાં લાખોની મિલ્કત હોય તો પણ શું કામની !

**પૈસા કમાવામાં બુધ્ધિની જરૂર છે, પણ એનો**
**કયાં ઉપયોગ કરવો તેના માટે સંસ્કારની જરૂર છે.**

પ્રત્યેક કાર્ય અન્યને માટે પ્રેરણા રૂપ બને છે માટે સમજી વિચારી ને કાર્ય કરવાં. સ્વામી કહે છે, ભગવાનનાં વચનમાંથી ખસી ગયા છે તેને જોઈને જગતના માણસો એની ટીકા કરે છે, કે આ ફલાણો માણસ સારો નથી.

**વિધવા નારી કરે વડાઈ સુત એક સારો જણી;**
**પણ જાણતી નથી એ યોષિતા જે શિર ઉપર નથી ધણી**

પાંચ વરસથી પતિ જેનો મરી ગયો હોય અને પછી તે વિધવાબાઈ થકી એક દીકરાનો જન્મ થાય, પછી એ બાઈ બીજી બાઈઓ પાસે યશ ખાય કે જુઓ હું કેવી ડાહી ને હોશિયાર છું. મારો કેવો રૂડો રૂપાળો દિકરો રમે છે,...

ત્યારે ગામની બાઈઓએ કહ્યું, બેસ, તારી હોશિયારી તારી પાસે રાખ, દીઠો તારો દીકરો, ડાહી કેવી છે, તે ખબર છે ! ધણી ધામમાં ગયો તેને પાંચ વરસ થયાં ને પરાયા પુરુષ થકી પાપ કરીને પાછી ડહાપણ કરે છે. શરમાતી નથી ! બધાં માણસો ફટકાર કરે અને મોઢું મચકોડે... આજ્ઞા લોપીને જે કાંઈ મેળવેલું હોય તે પાપ કહેવાય.

**વળી બીજાનો પતિ પરદેશ છે, ઈંયાં સુત જનમ્યા છે સાત;**
**નથી ખબર એહ ખોટ તણી ધણી કેમ થાશે રળીયાત.**

એક સ્ત્રી હતી. સ્વછંદી સ્વભાવની. એનો પતિ પરદેશ કમાવા ગયો...આ બાજુ સ્ત્રી ધર્મ નિયમને નેવે મૂકીને પર પુરુષથી વ્યવહાર કર્યો...અને તેને ત્યાં સાત

દીકરાનો જન્મ થયો. બાર વરસ પછી એનો પતિ પરદેશથી આવ્યો. સમાચાર સાંભળીને સાતે દીકરાને બરાબર રીતે કપડાં પહેરાવીને હસતી રમતી ગામને ઝાંપે મળવા ગઈ. મનમાં હરખાય છે કે મારો પતિ રાજી થાશે. હસ્તા હસ્તા કહ્યું, પતિદેવ, ‘આ સાત દિકરા આપનાં છે !’

પતિએ કહ્યું, શું વાત કરે છે ? આ મારા દીકરા કયાં છે ? રાંડ શરમાતી નથી. મારા સામે શું મોઢું લઈને બોલે છે. તેં તો મારૂં નામ ગામમાં બદનામ કર્યું. એમ કહી માર મારીને કાઢી મૂકી.

આજ્ઞા લોપીને ધન મેળવવું કે ગામ ગરાસ મેળવવું કે ધન સંપતિ મેળવવી તે બધું પાપી સ્ત્રીએ જેમ સાત દિકરા મેળવ્યા તેવું છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**હરિજનને હંમેશ કરવો વારમ વાર વિચાર;**
**હરિ વચન વિમુખ ન થાવું કહે નિષ્કુળાનંદ નીરધાર.**

એક ગોર યજમાનની દીકરીને સાસરે મૂકવા જતો હતો, બાઈએ કહ્યું, ગોર બાપા ! મારાથી બે વસ્તુ સચવાતી નથી, હું મારા બાબાને તેડું ને તમે આ જોખમની પોટલી ઉપાડો. આ સાંભળી ગોર બાપાનું મન બગડ્યું. જો આ બાઈને મારી નાખું તો દાગીનાં મને મળી જાય.

રસ્તામાં વિસામો ખાવા બેઠા, ત્યારે ગોર બાપાએ કહ્યું, તરસ બહુ લાગી છે, તેથી હું તારા બાબાને સાંચવું ને તું પાણી ભરી આવ. બાઈ કૂવામાંથી પાણી સીંચે છે, ત્યાં પાછળથી હરામી ગોર બાપાએ ધક્કો દીધો. તેથી બાઈ કૂવામાં પડી ગઈ, પણ રામ રાખે તેને કોણ ચાખે, વડવાઈ હાથમાં આવી ગઈ. બરાડા પાડે છે, મને બચાવો...મને બચાવો...! ત્યાં આ પાપીને થયું કોઈને ખબર પડશે, તો મને માર્યા વગર મૂકશે નહિ.

તેથી પથ્થરનો ઘા કરીને મારી નાખું. જયાં પથ્થર લેવા જાય ત્યાં કાળો નાગ વાટ જોઈને બેઠો હતો, તે હાથમાં વળગ્યો. તરછોડયો તો ઉછળીને પગમાં વળગ્યો...તરત ઝેર ચડી ગયું, અને મરીને જમપુરી પહોંચી ગયો. જમના દૂતોએ બરાબર જેવા દંડા મારી ધુંવાડા કાઢી નાખ્યા.

પછી ખૂબ પસ્તાય છે, બરાડા પાડે કે હું બ્રાહ્મણ થઈને બગડયો. બીજાનું ભલું કરવાને બદલે ભૂંડું કર્યું તો મારું જ ભૂંડું થયું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**હરામી જીવને હોય નહિ, હૈયે ડર હરિ ના વચનનો.**
આ કથા વિચારવા જેવી છે, વાવો તેવું લણો ને કરો તેવું પામો.

## કર્યા કર્મનું ફળ મળી ગયું.

પછી વટેમાર્ગુ આવ્યા તેણે બાઈને કૂવામાંથી કાઢી અને સાસરીયે મૂકી આવ્યા. આ જગતની અંદર નિર્દય પાપી માણસો બીજાની મિલ્કત કબજે કરવા યુકિત પ્રયુકિતઓ કરે છે, પણ વિચાર થતો નથી કે મારાથી નાની વયના પરલોકના માર્ગે ચાલતા થઈ ગયા છે તો હું કયાં સુધી રહેવાનો છું.

બે ચાર દિવસ બહાર ગામ જવું હોય તો સાથે ભાતું લઈએ છીએ તો લાંબી સફારી માટે કાંઈ ભાતાની તૈયારી કરી ! કવિ ગાય છે, સાંભળો ...

**જન્મ ધરી ને શું શું કીધું શું શું લીધું ભાતુંજી;**
**વહાલાને વિસારી મૂકયા કીધી બીજી વાતુંજી.**
**યમ ધર્મ તે લેખાં લેશે કાઢી તારું ખાતુંજી;**
**જોરાવર છે જમના દૂતો તેની ખાશો લાતુંજી.**
**કડકડતી કઢામાં નાખે, તેલ કરીને તાતુંજી;**
**અભાગીયા તેં જાણી જોઈને દુ:ખ લીધું વેંચાતુજી.**
**હરિ ચરણનું શરણું છોડી મન મેલ્યું અથડાતુંજી;**
**દાસ નારાયણ કહે હવે, જમપુરીમાં જાતુંજી.**

આ મોંઘું જીવન વાતુમાં ખોઈ નાખે. ભગવાનને ઘરે પોપાબાઈનું રાજ નથી. ધર્મરાજા ખાતું તપાસસે કે કેટલુ પાપ છે ને કેટલું પુન્ય છે. પછી તે પ્રમાણે સજા આપે છે, ધ્યાન રાખજો પાપનું ફળ દુ:ખ છે. પુન્યનું ફળ સુખ છે. જમના દૂતો જોરાવર છે તેની ખાશો લાતુંજી, ઉકળતી કડાઈમાં જેમ ભજીયાં તળાય તેમ ભઠ્ઠીમાં નાખશે. સ્વામી કહે છે, હરિનું શરણું મૂકીને શું કામ જયાં ત્યાં અથડાય છે, હજી સમજ તો સારું છે. હે અભાગીયા શું કામ દુ:ખ વેંચાતું લે છે.

અન્યાય ધર્મ - અને કુડ કપટમાંથી મન પાછું વળતું નથી, ધન માલ કેમ મારા હાથમાં આવે એવા જ ઉપાયો કરે છે. તે અંતે દુ:ખી થાય છે.

**સંતો વિમુખ થકી રહીએ વેગળા, ડરીએ દિવસ ને રાત રે;**
**સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણશી જાય જો વાત રે...સંતો...**

જે મનુષ્ય ભગવાનની યથાર્થ આજ્ઞા પ્રમાણે વર્તતા નથી તેને વિમુખ કહેવાય. જેનું જીવન ભગવાન સન્મુખ નથી તેને વિમુખ કહેવાય. વિમુખ થકી જેટલું છેટું રહેવાય તેટલું સારું, વિમુખના માથે શીંગડાં ન હોય. વિમુખ પાસે બે ચાર આજ્ઞા પાળતા હોઈએ તો તે પાળીએ ભલે પણ વધારો ન કરાવે વિમુખનો વિશ્વાસ ન કરવો !

**ભાગના હો તો દુર્જનસે દૂર ભાગીએ**
**નિંદા કે બીના ન ચલે તો સ્વનિંદા કીજીએ**
**ક્રોધ કરના હો તો અપના અવગુણ પર ક્રોધ કીજીએ.**

જેને સુખી થાવું હોય તેને સારાનો સંગ કરવો. નબળા માણસો એવી વાત કરે. રગરગમાં ઉંધું સમજાવી દે, તેથી હ્રદયમાં અંધારું થઈ જાય છે. પછી તેને સંતની સોબત ગમે નહિ.

**સંતો સોબત ન ગમે પછી સંતની, વહાલા લાગે વિમુખ રે...સંતો.**
**સંતો નિયમ ન ગમે નાથનાં, માને મોકળે સુખ રે...સંતો...**
**વિમુખ થકી રહીએ વેગળા...**

હ્રદયમાં અંધારું થઈ જાય તો શું થાય ? ભગવાનનાં દર્શન કરવાં ગમે નહિ. પૂજા પાઠ કરવાં ગમે નહિ. કથા સાંભળવી ગમે નહિ. સત્સંગમાં એને કંટાળો આવે. (આવું મન થઈ જાય ત્યારે સમજવું કે અંતરમાં અંધારું છવાઈ ગયું છે) પછી તે સ્વમુખી થઈ જાય છે. કોઈની આજ્ઞામાં રહે નહિ. વિચારવા જેવી આ કથા છે. આ જગતની અંદર માણસો જે નથી કરવાનું તે કરે છે. ટીકા થાય, લાજ જાય છતાં સુધરે નહિ.

સમજવા જેવી બાબત છે :- શરીરથી જે દેખતો નથી, તેનાથી પોતાનો વિનાશ થતો નથી. એવા ભકતો અજર અમર થઈ ગયા છે. જેમ ભકત સુરદાસજી સંકીર્તન કરે તો ખૂદ ભગવાન સાંભળવા આવે. આંખથી ન દેખાય. તેમાં ગભરાવાની જરૂર નથી પણ જયારે વિચારની આગળ કામ વ્યાપે, વિચારની આગળ મોહ વ્યાપે, વિચારની આગળ ક્રોધ વ્યાપે ત્યારે માનવ સંપૂર્ણ અંધ બની જાય છે. ત્યારે તેને

ખબર પડતી નથી ! કે હું શું પગલું ભરી રહ્યો છું ! આનું પરિણામ શું આવશે ! એ ખબર પડતી નથી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હરિનાં વચન લોપવાથી મોટા મોટા પણ પોતાની મોટાઈ ખોઈ બેઠા છે. આજ્ઞામાં રહે ત્યાં સુધી કિંમત છે. આજ્ઞા બહાર નીકળી જાય પછી એની કોઈ ટકા ની પણ કીંમત નથી. મોટા મોટાના જીવનમાં અપાર દુઃખ આવ્યું છે.

**નારદ સરીખા નહિ કોય બીજા મહા મોટા મુનિજન;**
**તેણે પણ ન તપાસિયું લોપ્યું વહાલાનું વચન.**
**ત્યાગી થઈ ત્રિયા કર જોયો, તેથી વિચાર વરવા કર્યું;**
**પર્વત પણ ઈચ્છયા પરણવા, બેઉનું સિધ્ધાંત એક ઠર્યું.**

## મર્યાદાથી માણસ શોભે છે

મહા મોટા ભકત નારદમુનિ અંબરીષ રાજાની દિકરી જયશ્રીનો હાથ જોયો...તો મન ઉથલ પાથલ મંડયું થવા, ત્યાગીથી સ્ત્રી સામે નીરખીને જોવાય નહિ. સ્ત્રી સાથે બોલાય નહિ. સાધુ થયા પછી પોતાની સગી જનેતા મા સાથે બહેન સાથે બાપ સાથે બોલાય નહિ. તો બીજી સ્ત્રીનો હાથ કેમ જોવાય !

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં સ્પષ્ટ કહ્યું છે કે ત્યાગી સાધુ હોય તેમણે કાષ્ટાદિકની પુતળીનો પણ સ્પર્શ કરવો નહિ. લાકડાની કે પથ્થરની ગમે તેમાંથી બનાવેલી સ્ત્રીની પુતળીને અડવું નહિ એવી કડક આજ્ઞા શ્રીજી મહારાજે ત્યાગી સંતોને ખાસ કરેલી છે.

સૌ સૌના ધર્મમાં રહે તો જ તે પાપથી બચી શકે છે. સત્સંગિજીવન ગ્રંથમાં આ કથા લખેલી છે. અંબરીષ રાજાએ ભૂલ કરી કે પોતાની દિકરીનો હાથ ત્યાગી સંતને દેખાડ્યો. હાથ જોતાં પર્વતમુનિ અને નારદજીએ નક્કી કરી લીધું કે આ રાજકન્યા સાથે પરણવામાં મજા છે.

રાજન કાલે સ્વયંવર રાખો તેમાં યોગ્ય મુરતિયાને વરમાળા પહેરાવશે. બે મુનિઓ ભગવાન પાસે આવ્યા, અને વચન માગ્યું કે અમારું રૂપ તમારું જેવું થાય એવું વરદાન આપો પણ પર્વતમુનિનું મોઢું વાંદરા જેવું થાય. આવી રીતે બેય મુનિએ

માગ્યું. ભગવાને કહ્યું, તથાસ્તુ, માગ્યા મુજબ થશે. ભગવાન સમજે છે કે વાર્યા વરશે નહિ પણ હાર્યા વરશે...

સ્વયંવરમાં પધાર્યા અને મોખરે બેઠા. જયશ્રી વરમાળા લઈને આવ્યાં તો દરવાજાની પાસે બે વાંદરાનાં મોઢાવાળા માણસ બેઠા છે. ભયભીત થઈ ગયા. પિતાશ્રીને કહ્યું, આ વાંદરાને એક બાજુ બોલાવી લ્યો મને ડર લાગે છે.

અંબરીષ રાજાએ કહ્યું, તમે મંડપથી બહાર આવો...તમારાથી મારી દીકરી ડરે છે...નારદજીને પર્વતઋષિ જોતાજ રહી ગયા...અરીસામાં મોઢાં બતાવ્યાં ત્યારે ખબર પડી સાચી વાત છે, બેય ભોઠા પડી ગયા.

**લાજ ગઈ ને કાજ ન સર્યું, વળી લોપાણું હરિનું વચન;**
**નિષ્કુળાનંદ કહે એ નીપજયું, તે જગે જાણે છે સૌ જન.**

લાજ ગઈને પરણવા પણ મળ્યું નહિ. પછી ખબર પડી કે અમે સાધુ થઈને આ શું કર્યું ! ... મેષ બેસી ગઈ. પસ્તાવાનો પાર ન રહ્યો.

રામ લક્ષ્મણ અને સીતાજી વનમાં ફરતાં હતાં, ત્યાં એક ઝૂંપડી બનાવી. તેમાં એક વખત મારીચ રાક્ષસ મોહ પમાડવા આવ્યો. મારીચનું શરીર ચળકતું જોઈને સીતાજીએ ભગવાન રામચંદ્રજીને કહ્યું, સ્વામી નાથ, મારે કંચવો જોઈએ છીએ, તમે મને લાવી આપોને...રામે કહ્યું ભલે ! લાવી આપું છું...રામે કહ્યું. લક્ષ્મણ તું તારા ભાભીનું ધ્યાન રાખજે, વનમાં ઘણા રાક્ષસો ફરે છે માટે સાવધાની રાખજે.

રામે જેવું મારીચને બાણ માર્યું કે તરત મારીચે ભગવાનને યાદ કર્યા. હે રામ, હે રામ, ત્યારે સીતાજીને થયું. રામને કાંઈક મુશ્કેલી આવી હોય એવું લાગે છે. સીતાજીએ કહ્યું, લક્ષ્મણ તમે રામનું રક્ષણ કરવા જાવ...લક્ષ્મણને ખબર છે, ભગવાનને મુશ્કેલી હોતી જ નથી ! ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, ભાભી હું જાઉં છું પણ ઝૂંપડીની આગળ રેખા દોરતો જાઉં છું તો તમે રેખા બહાર પગ મૂકશો નહિ.

પાછળથી એકલા જાણીને રાવણ સાધુના વેશમાં ભીક્ષા માગવા આવ્યો, સીતાજી ફળફુલની છાબ લઈને ભીક્ષા આપવા ગયાં...લ્યો બાવાજી ભીક્ષા સ્વીકારો. રેખાની અંદર ઉભાં છે. રેખાની અંદર હોય તો રાવણની તાકાત નથી કે રેખાની અંદર આવી શકે. રેખાની અંદર આવે તો બળીને ખાખ થઈ જાય. લક્ષ્મણ રેખામાં તાકાત છે ! ભકિતની શકિત છે.

રાવણે સાધુના વેશમાં કહ્યું, રેખાથી બહાર આવો તો ભીક્ષા સ્વીકારીશ.

**આજ્ઞા લોપી શ્રીરામની ભીક્ષા આપવા નીસરી બહાર;**
**તર્ત રાવણ તેડી ચાલીયો પછી પામ્યાં દુઃખ અપાર.**

સીતાજી વચન લોપી રેખા બહાર પગ દીધો કે રાવણ તરત સીતાજીને ઉંચકી ખંભે બેસાડીને રવાનો થઈ ગયો. લક્ષ્મણ રેખા ઓળંગી ગયાં તો અપાર દુઃખ આવ્યું. શ્રીજી મહારાજે આપણા માટે એક રેખા નહિ પણ બસો બાર રેખા દોરી દીધી છે, તેને ઓળંગી જાય તો દુઃખ આવ્યા વગર રહે નહિ.
વૈરાગ્યથી ઈંદ્રિયો જીતાય છે. તે કરતાં નિયમવાળાથી વિશેષ ઈંદ્રિયો જીતાય છે, ઈંદ્રિયોને નિયમમાં રાખવી એ સાચું તપ છે.

**પછી સીતાજી સારું શ્રી રઘુવીરજી,**
**બાંધી પાજ ઉતર્યા સિંધુ તીરજી;**
**લીધી લંકા છેદી રાવણનાં શીરજી,**
**પછી સીતા તેડાવ્યાં મળવા અચીરજી.**

ભગવાન રામચંદ્રજી રાવણને મારીને પછી સીતાજીને મળવા માટે બોલાવે છે. પ્રભુએ વિભિષણને કહ્યું, તમે સીતાજીને બોલાવવા જાવ, એ ઘણા સમયથી અમને મળવા ઈચ્છે છે ! જેમ ગાયનું વાછરડું ભૂખ્યું થાય ને કેવું દૂધ પીવાની તાણ થાય તેવી રીતે સીતાજીને મળવાની તાણ છે પણ એક વાત યાદ રાખજો જેવો વેશ અત્યારે સીતાજીએ પહેરેલો છે, તે જ વેશમાં આંહી બોલાવી લાવો !

વિભિષણ ભાવના વાળા ભકત તેથી તેને વિચાર થયો કે સાવ સાદા કપડાં જંગલનો પોષાક પહેરીને ભગવાનને મળે એ ઠીક નહિ તેથી સુંદર શણગાર પહેરાવીને રામ પાસે લાવ્યા. સીતાજીને સાદા વેશે જ ભગવાનને મળવું હતું. પણ વિભિષણે પરાણે શણગાર પહેરવાનું કહ્યું તેથી શણગાર પહેર્યો.

**વિભિષણે ભાવે કરી, સજાવ્યો સુંદર શણગાર;**
**તેડી આવ્યા રામ પાસળે, ત્યાં તો રામે કર્યો તિરસ્કાર.**

ઘણી વખતે એવું બનતું હોય છે, પોતાને આજ્ઞા લોપવી ન હોય, પણ બીજા હોય તે આમ કરો ને તેમ કરો એમ કહી કહીને પરાણે આજ્ઞા લોપાવે. રામચંદ્રજી સીતાજીને જોઈને બોલ્યા, સીતાજીને મારા વિયોગનું દુઃખ કયાં છે ! આતો મારી ગેર

હાજરીમાં સરસ મજાનાં શણગાર પહેરીને મજા કરે છે. આને મારો વિયોગ છે જ નહિ.

ત્યારે વિભિષણ ગભરાઈ ગયા કે મેં ભૂલ કરી, ભગવાને કહ્યું હતું કે સાદા વેશે મારી પાસે લાવજો, જે સમયે જે શોભતું હોય તે શોભે. હું ડહાપણ કરવા ગયો તો સીતાજીને મુશ્કેલી આવી. રામે તિરસ્કાર કરી દીધો કે મારી પાસે રહેવું હોય તો અગ્નિ પરીક્ષા લેવી પડશે...અગ્નિ પરીક્ષા લીધા પછી સીતાજીને રાજમહેલમાં પોતા પાસે રાખ્યાં.

## આજ્ઞા વર્તવામાં જ આનંદ છે. આજ્ઞા લોપવામાં કોપ છે

**આજ્ઞામાં આનંદ ઘણો આવે નર નિર્જરને અતિ;**
**નિષ્કુળાનંદ કહે ન લોપવી આજ્ઞા હરિની એક રતિ.**

મોટા માણસ ને એમ થાય કે સત્સંગમાં મોટા છીએ, સદ્‌ગુરુ છીએ, જરાક નાની સુની આજ્ઞા લોપાશે તો વાંધો નથી. પણ ધ્યાન રાખજો મોટા હોય તેને તો બરાબર આજ્ઞાનું પાલન કરવું જ જોઈએ. બધા માણસો મોટાને જ જોતા હોય છે. એના સામે ખાસ નજર રાખે છે, કે આજ્ઞા લોપે છે કે નહિ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, તમે બધા સાવધાન રહેજો નહિંતર વગોવાઈ જાશો ને જીવન શુષ્ક થઈ જાશે. એક રતિ પણ આજ્ઞા લોપવી નહિ.

ગામ લોધિકાના અભેસિંહ દરબાર સારા સત્સંગી હતા અને રાજાના કારભારી હતા. રાજકુંવરનો જન્મ દિવસ આવ્યો તેથી મોટી મિજબાની રાખેલી આજુ બાજુના બધા રાજાઓ રાજકુંવરનો જન્મ દિવસ ઉજવવા ભેગા થયા, બધા ખુરશી ઉપર બેઠા. ત્યારે નોકર બધાયને અફીણના પ્યાલા ભરી ભરીને આપે, બધા ટેસથી પીવે. એમ કરતાં જયાં અભેસિંહ બેઠા છે ત્યાં નોકર આવીને અફીણનો પ્યાલો આપ્યો.

સત્સંગીથી અભક્ષ તામસ પદાર્થ પીવાય નહિ, તેથી લાજ શરમ રાખ્યા સિવાય તરત કહી દીધું, અમારાથી અફીણ પીવાય નહિ. બધા ઘેરી વળ્યા, અમે પીધો ને તું કેમ નથી પીતો ? આજે રાજકુંવરની મોજ છે, તો આનંદથી પીવો જોઈએ. તમે રાજના કારભારી થઈને ન પીવો તો કેમ ચાલે !

રાજાને કહ્યું, તમે તમારા હાથથી પ્યાલો આપો, પછી જશે કયાં ! તમને ના નહિ પાડી શકે ! રાજાએ કહ્યું, આજે ખુશાલીનો દિવસ છે ને તમે અફીણ ન પીવો તો મને બહુ માઠું લાગે, નહિ પીઓ તો નોકરીમાંથી કાઢી મૂકીશ.

ત્યારે શૂરવીર ભકતે કહ્યું, અન્નદાતા હું સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી છું. અમારાથી અફીણ, દારૂ, માંસ, લસણ, ડુંગળી, વિગેરે તામસી પદાર્થ ખવાય નહિ માટે માફ કરજો.

ત્યારે રાજાએ ગુસ્સે થઈને કહ્યું, મારા હાથને પાછો ઠેલનાર તું કોણ? વેવલા પણું મૂકીને પીજા નહિંતર ભૂંડી દશા થાશે, ત્યારે ભકતે કેડમાંથી તલવાર કાઢી રાજાના હાથમાં આપી અને કહ્યું, આ તલવારથી મારૂં માથું ધડથી નોખું કરી દો પછી મરેલા માથામાં અફીણ રેડી દો તો તમારો હાથ પાછો ન વડે અને મારા નિયમનો ભંગ ન થાય.

બાકી જયાં સુધી આ કપાળમાં તિલક છે, ગળામાં કંઠી છે, ત્યાં સુધી આવું નહિ બને. આ સાભંળી જામ સાહેબ જોતા જ રહી ગયા. ધન્ય છે આવા સહજાનંદી સિંહને ! કે શિરને સાટે ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું. આવા શુરવીર ભકત થાવાની જરૂર છે.

**વળી એક વારતા સાંભળો સારીજી,**
**લીધી લંકા પુરી રાવણને મારીજી;**
**પછે કહ્યું રામે રામાનુજને વિચારીજી,**
**વહેલા આવજો વિભિષણને પાટે બેસારીજી.**

ભગવાને રાવણને માર્યો, પછી ભગવાને લક્ષ્મણજીને કહ્યું, તમે જલદી જાવ અને લંકાનું રાજય વિભિષણને આપવું છે. તો તમે વિભિષણને રાજગાદી ઉપર બેસાડીને રાજ તિલક કરી આવો ! લંકામાં રિધ્ધી સિધ્ધી ઘણી છે, સોનાનાં મહેલ, ગાદી તકીયાં, બંગલા વિગેરે ખૂબ સંપત્તિથી ભરેલી લંકા છે.

રાવણ ત્રણ લોક ઉપર શાસન કરતો, એની રાજધાની કેવી જબરી હશે. ચૌદ ચોકડી સુધી એણે લંકાનું રાજય કર્યું. દેવોને દાસ બનાવ્યા હતા. દરરોજ સોનાના સિંહાસનમાં બેસતો, વિચાર કરો એ સોનાનું સિંહાસન ગાદી તકીયા ઉપર બેસીને પાપ કરેલાં તે ગાદી કેવી અપવિત્ર હશે.

જે જગ્યામાં બેસીને પૂજા પાઠ, કથા કીર્તન, યજ્ઞ યાગ થતા હોય તો તે જગ્યા પવિત્ર હોય છે, પવિત્ર ભૂમિમાં બેસીને જપ કરે, તપ કરે તો એ ભૂમિ પવિત્ર થઈ જાય છે. સાત્વિક ભૂમિ હોય એમાં બેસીને આપણે ધ્યાન કરીએ માનસી પૂજા કરીએ

તો તરત ભગવાનમાં મન લાગી જાય. ભગવાને લક્ષ્મણજીને કહ્યું :-

**પાટે બેસાડી વહેલા આવજો, વિસારશો નહિ એહ વચનને;**
**વળી વારું છું તમને, બેસશો નહિ રાવણ આસને.**

ભગવાને ભલામણ કરી કે હે લક્ષ્મણ તમે પાપી રાવણની રાજય ગાદી ઉપર બેસજો નહિ પણ બન્યું એવું કે વિભિષણે આગ્રહ કરી ને કહ્યું, લક્ષ્મણજી તમે ભગવાનના મહાન ભકત છો ! ભગવાનના ભાઈ છો. ગાદી પર બેસવા લાયક છો, તો ગાદી પ્રસાદીની કરી આપો. વિભિષણનાં આગ્રહને માન આપી લક્ષ્મણજી ગાદી ઉપર બેઠા, બેસતાંની સાથે બુધ્ધિ ફરી ગઈ, વિચાર કરો રાવણની ગાદીનો કરંટ કેટલો ખરાબ હશે !

## પાપીની ગાદીનો આ ખરાબ કરંટ છે

સમુદ્રના દક્ષિણ કીનારે રામની સેના બેઠી હતી, ત્યાં નગારૂં વાગ્યું ત્યારે લક્ષ્મણજીએ પૂછયું, શું થાય છે ? ત્યારે વિભિષણે કહ્યું, રામનું નગારું વાગે છે, લક્ષ્મણ જોરથી બોલ્યા, સેનાને મારીને રામને કાઢી મૂકો !...વિભિષણને ખબર પડી ગઈ પાપીની ગાદીનો આ ખરાબ કરંટ છે. તુરંત વિભિષણે લક્ષ્મણજીનો હાથ ઝાલીને ગાદી ઉપરથી હેઠા ઉતાર્યા, ત્યારે ખબર પડી કે હું કેવું ખરાબ બોલ્યો. ભોંઠા પડી ગયા, પસ્તાવો થાય છે કે મેં ભગવાન રામને કાઢી મેલવાનું કહ્યું ! ગાદી ઉપર બેસવાની ના પાડેલી છતાં હું માન્યો નહિ.

## ભગવાને ના પાડેલી છે, તે કાર્ય ભકતથી કરાય નહિ

**વળી અયોધ્યાની વારતા, રામે કહ્યું રામાનુજને;**
**આવવા માં, દેશો અમ પાસળે, વળી પૂછયા વિના મુજને.**

નિષ્કુળાનંદ સ્વામી અયોધ્યાની વાત કરે છે, તેત્રાયુગમાં માનવીની એક હજાર વરસની આવરદા થતી. ભગવાન રામચંદ્રજી આ ભૂમિ ઉપર તેર હજાર વરસ રહ્યા, દેવતાઓએ વિચાર કર્યો કે, હવે ભગવાન પોતાની લીલા સંકેલી લે તો સારું.

પછી એક યુકિત કરી, એક દૂતને મોકલ્યો તે અયોધ્યામાં આવ્યો અને ભગવાનને વાત કરી કે મને તમને એકાંતમાં મળવું છે. ભગવાન રામ અને દૂત એકાંતમાં એક ઓરડામાં બેઠા, ત્યારે દૂતે શરત કરી, મારી અને તમારી વાત પુરી

થાય ત્યાં સુધી વચ્ચમાં કોઈને આવવું નહિ અને જો વચ્ચમાં આવે તો તમારે તેનું માથું કાપી નાખવું. ભગવાને શરત કબુલ કરી.

ભગવાને લક્ષ્મણજીને કહ્યું, તમે દરવાજે ઉભા રહેજો, કોઈને અમારી પાસે આવવા દેશો નહિ. વચ્ચે આવશે તો માથું કપાશે, માટે ધ્યાન દઈને ચોકી કરજો. ભગવાન અને દૂત એકાંતમાં ઓરડીમાં બેઠા છે, ત્યાં વિઘ્ન કરવા માટે દેવતાઓએ દુર્વાસા ઋષિને મોકલ્યા. લક્ષ્મણજી ચોકી કરે છે ત્યાં દુર્વાસા ઋષિ આવ્યા, મારે દર્શન કરવા જવું છે ! લક્ષ્મણજીએ કહ્યું, અંદર જવાની મનાઈ છે, માટે અત્યારે દર્શન નહિ થાય.

ત્યાંતો દુર્વાસાની નજર ફરી ગઈ. ખીજાઈ ગયા. તમે ના પાડનાર કોણ, દર્શન માટે સર્વેને રજા જ હોય, મનાઈ શું કામ કરો છો ? લક્ષ્મણજીને થયું, વધારે ના પાડીશ તો મને શાપ આપશે. તેથી કહ્યું, ભલે દર્શન કરવા જાવ.

દુર્વાસા અંદર ગયા, તો ભગવાન ચમકી ગયા ! ના પાડેલી કે અંદર કોઈ ને આવવા દેશો નહિ, છતાં દુર્વાસા આવ્યા છે, હવે શું કરવું ! ઋષિનું માથું કપાય નહિ. પાપ લાગે. ઋષિનો વાંક નથી લક્ષ્મણજીએ આવવા દીધા એટલે તે આવ્યા. વાંક દુર્વાસા ઋષિનો નથી, વાંક લક્ષ્મણજીનો છે ! પછી ભગવાને બધા ઋષિઓને બોલાવીને પુછ્યું, તમે સલાહ આપો ! હવે મારે શું કરવું !

**ત્યારે ઋષિ કહે વચન દ્રોહીનું મુખ ન જોવું પાછું ફરી;**
**નિષ્કુળાનંદ પછી રામાનુજે વાત સત્ય એ માની ખરી.**

ઋષિઓએ કહ્યું, હે રામ ! તમારે જીંદગીભર લક્ષ્મણજીનું મોઢું જોવાનું નહિ. બે ભાઈ જુદા થયા. ભગવાનને લક્ષ્મણજી ઉપર ઘણું હેત અને જોવા ન મળે તો જીવીને શું કરવું માટે હવે મારે અહીં રહેવું નથી. મારા ધામમાં જાવું છે, પ્રભુને બહુ દુઃખ થયું...પછી સરજું નદીમાં જળ સમાધિ લઈ પોતાની લીલા સંકેલી લીધી. સરજુ નદીમાં અદ્રશ્ય થઈ ગયા. લક્ષ્મણજીએ પણ જળ સમાધિ લીધી.

**સંતો વચન દ્રોહીનો ધણી નહી ઘણું રે ગુન્હેગાર...સંતો વચન.**
**જયાં જયાં જાય ત્યાં જન મળી, વળી રે તિરસ્કાર.સંતો વચન.**

લેશ વચન લોપો તો પણ ભગવાન કુરાજી થઈ જાય છે. ખાલી મીંડા જ કર્યા કરો, પણ આગળ એકડો ન લખો તો મીંડાની કોઈ કિંમત નહિ. તેમ ભગવાનની

આજ્ઞા લોપે તેની કોઈ કીંમત નહિ. સ્વામી દૃષ્ટાંત આપે છે, કોઈ એક પુરુષને સો કન્યા પરણાવે, પછી પુરુષ મરી જાય...તો...સો કન્યા રંડાઈ જાય, એક પણ બચ્ચે નહિ, એમ ભગવાનની આજ્ઞા લોપે તેનાં બધાં કામ બગડી જાય છે.

**ફળ ફુલ વગરનું વન નકામું છે,**
**સત્સંવ વગરનું જીવન નકામું છે.**

**વિમુખનું મુખ અતિ દુઃખ દેણજી, નજરો નજર ન જુવો એનાં નેણજી.**
**કાને કરી કદી ન સુણો એનાં કેણ છે, વદને ન વદો વિમુખશું વેણજી.**

નિષ્કુળાનંદ સ્વામી કુસંગથી બચવાની વાત કરે છે, પાપીના મુખની વાત ન સાંભળવી, એના સાથે બોલવું નહિ, પાપી સામે એક નજરે જોવું નહિ. પાપીનો સ્પર્શ કરવો નહિ.

એક શિષ્યે પોતાના ગુરુને પૂછયું, ગુરુદેવ ! પાપ એટલે શું ? ગુરુએ કહ્યું, ભગવાનની આજ્ઞા તોડવી તેનું નામ પાપ. ખોટા વિચાર કરવા તેનું નામ પાપ. શાસ્ત્રોમાં જેમ વર્તવાની વાત કરેલી છે તે પ્રમાણે ન વર્તીએ તેનું નામ પાપ.

કોઈ પણ છોકરો જયારે પોતાના બાપનું અપમાન કરે છે ત્યારે તેના બાપને બહુ જ માઠું લાગે છે. તેમ આપણે જયારે પાપ કર્મ કરીએ છીએ ત્યારે આપણા પિતા પરમેશ્વરને બહુ દુઃખ લાગે છે.

પાપ એ બુરી વસ્તુ છે, સિંહનું બચ્ચું જયારે નાનું હોય ત્યારે તેને વશ કરી શકાય છે. પણ મોટું થઈ ગયા પછી તેને કાબુમાં રાખી શકાતું નથી. તેમ પાપને શરૂઆતથી જ અટકાવવાં જોઈએ. વ્યસન રૂપે થઈ ગયા પછી જલદીથી છૂટી શકાતું નથી.

સુંદર મજાનું દૂધ હોય તેમાં એલચી, સાકર ને મશાલો નાખીને ઉકાળેલું હોય, સરસ સુગંધ આવતી હોય પણ જરાક સર્પની લાળ પડી જાય તો દૂધ ઝેર થઈ જાય છે. કુસંગીનો સંગ સર્પની લાળ જેવો છે. માટે એની સોબત કરવી નહિ.

શ્રીજી મહારાજ ગ.પ્ર.૧૮ મા વચનામૃતમાં કહે છે, "આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે. પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુધ્ધિ સારી થાય છે, સંતના શબ્દને સાંભળવે કરીને બુધ્ધિ ઉતમ થાય છે, સંત સ્પર્શથી મતિ ઉત્તમ થાય છે, પ્રસાદીના હારની સુગંધીને લીધે પણ બુધ્ધિ નિર્મળ થાય છે. અંતઃકરણ શુધ્ધ થાય તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે.

સ્વામી દૃષ્ટાંત આપતા સમજાવે છે, કપાળમાં કોઢ હોય તો શરીરની શોભા બગાડે, તેમ કુસંગીની સોબત મનના વિચારોને બગાડે. ખેતરમાં મોલ વાવ્યો હોય અને નીંદીને સાફ ન કરે તો મોલ થાય નહિં, તેમ શરીર રૂપી ખેતરમાં ભક્તિનો મોલ વાવ્યો હોય અને કુસંગરૂપી ખડને કાઢે નહિં તો ભક્તિના છોડને વધવા દે નહિ

મુક્તની મોટપ ત્યાં લગી, જયાં લગી નથી પંચવિષયનો પ્રસંગ;
**દેહ ઈંદ્રિય મન પ્રાણથી, અતિ રહે છે અસંગ.**

પંચ વિષયનો પ્રસંગ જયાં સુધી નથી, ત્યાં સુધી મુક્ત, .... મુક્ત રહે છે.

એક મહાત્માજી હતા, તે વારંવાર શિષ્યોને વાત કરતા, જેમ બને તેમ હૃદયમાં પ્રભુનું સ્મરણ વધારે થાય તેમ કરવું. એકની એક વાત માથા ફરેલ એક શિષ્યને ગમતી નહિં, તેથી કહ્યું, “ગુરૂજી, વારે વારે એ શું બોલ્યા કરો છો ? એમાં નવું શું છે ? અમે તમારા પાસેથી વધારે ઉપદેશની આશા રાખીએ છીએ.

ગુરુજીએ એક દિવસે કહ્યું, “મારી જૂની ધાબળી છે, તેમાંથી એક ઉનનો તાંતણો જુદો પાડ્યા કર ! તાંતણા જુદા કર્યા, ઉનનો મોટો ઢગલો થઈ ગયો. બીજે દિવસે ગુરુએ કહ્યું, “મારી જૂની ધાબળી લાવ !” શિષ્યે કહ્યું, “ધાબળી, ધાબળી નથી રહી, ઉન થઈ ગઈ છે”

ત્યારે ગુરુજીએ કહ્યું, બેટા! જેમ એક-એક ઉનનો તાંતણો ખેંચતા ખેંચતા ધાબળી મટીને ઉન થઈ ગઈ, તેમ એક-એક પ્રભુનું નામ લેતાં લેતા જીવ મટીને શીવ થઈ જાય છે. બ્રહ્મરૂપ થઈ જાય છે. તેથી તે મુક્ત દશાને પામે છે, પ્રભુને પામવા માટે પ્રભુનું નામ સ્મરણ, પ્રભુના ગુણગાન, પ્રભુની પ્રાર્થના અને ભગવત્ સેવા કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. શિષ્ય બરાબર સમજી ગયો કે,પ્રભુનું નામ સ્મરણ છે એજ અંતઃકરણને પવિત્ર કરનારું છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, “જેને ભગવાનનો મહિમા નથી, જેને ભગવાનની બીક નથી, જેને શાસ્ત્ર નથી મર્યાદા નથી, એવા વિમુખના પાસે કયારેય બેસવું નહિં.

**ભૂલે પણ હરિભક્તને નવ બેસવું એહને પાસ**

સૂર્ય અને ચંદ્રની વચ્ચે જયારે રાહુ આવે છે. ત્યારે સૂર્યનું તેજ ઢંકાઈ જાય છે, તેમ કુસંગના સંગથી મતિ મલીન થઈ જાય છે. વર્ષા ઋતુના અંતે અગસ્ત્યનો તારો

આકાશમાં ઉગે ત્યારે પૃથ્વીમાંથી એને મેળે પાણી શોષાઈ જાય છે. તેમ કુસંગીનો સંગ કરવાથી જ્ઞાન શોષાઈ જાય છે, હમેંશા સારાનો સંગ કરવો પણ બુરાનો સંગ તો સ્વપ્ને પણ કરવો નહિં.

**ખરાબ કામ કરતા હાથ કંપે.**

**ખરાબ વિચાર કરતાં હૈયું કંપે.**

**ખરાબ ભાષા બોલતાં હોઠ કંપે.**

**તે સ્વામિનારાયણ ભગવાનનો સાચો અનુયાયી કહેવાય**

એક વિદ્વાન બ્રાહ્મણ હતો, વધારે પડતું જયોતિષનું કામ કરે, બધા માણસો મુહૂર્ત જોવરાવવા આવે. એક વખત ચોર મુહૂર્ત જોવરાવવા આવ્યા, બાપજી અમને મુહૂર્ત જોઈ દો! અમે ચોર છીએ.

બ્રાહ્મણે ગુસ્સે થઈને કહ્યું, “અરે પાપી ! ચોરી કરવાનું કાંઈ મુહૂર્ત જોવાતા હશે, નીકળી જાવ મારા ઘરથી બહાર, મને પાપમાં નાંખવા આવ્યા છો!” ચોર લોકો બહુ ચતુર હોય, ચોરે સો રૂપિયા બ્રાહ્મણના પગમાં મૂકી દીધા, અમે પાપ કરશું તો અમે ભોગવશું, એમાં તમને પાપ નહિં લાગે એમ કહીને ફરીથી એક સો રૂપિયા પગમાં મૂકી દીધા, બ્રાહ્મણને થયું, આ લાભ લીધા જેવો છે.

ચોર લોકોએ ધીરેથી કહ્યું, બ્રહ્મદેવ અમારા ધંધામાંથી તમને અડધો ભાગ દેશું એટલે તરત મુહૂર્ત જોઈ દીધુ.... ચોર ચોરી કરીને સહીસલામત આવી જાય, એટલે પૈસા બ્રાહ્મણને આપે. પાપના પૈસા આવવાથી બુધ્ધિ બગડી ગઈ, પૂજા-પાઠ, ભજન-કીર્તન બધું મૂકી દીધું, બુધ્ધિમાં અંધકાર છવાઈ ગયો. તેથી બ્રાહ્મણ ચોરી કરતો થઈ ગયો. રાજાના રાજ મહેલમાંથી ચોરી કરી તેથી જેલમાં પુરાવું પડ્યું અને આકરી સજા ભોગવવી પડી, ચોરના સંગથી દુરાચારી થઈ ગયો. માટે વિચારીને પગલાં ભરવા.

નિષ્કુળાનંદ સ્વામી આગવી ચેતવણી આપતાં ગાય છે. રાગ : કાફી

**મનમાં વિચારી જરી, જોયું નહિં મનમાં વિચારી જરી;**
**સાધુ સંતની વાત ન માની, પાપીની સોબત કરી .... જોયું ...**
**નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી .... જોયું ...**

**જુવાનીમાં જોરે ભરીયો, ચોરી અવેરી કરી .... જોયું ...**
**નિષ્કુળાનંદ કહે માગીને લીધી, માથે ચોરાશી ફરી .... જોયું ...**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વીંછણ હોય તે એક વખત જ બચ્ચાને જન્મ આપે છે. પછી એના બચ્ચા ધાવે ત્યારે વિંછણનું ખોખું કરી નાખે. આખી ખાઈ જાય. તેમ જો કુસંગરૂપી વિંછણ જીવનમાં આવી જાય તો ધીર હોય તેને સત્સંગમાંથી પાડી નાંખે, માટે કુસંગથી ડરતા રહેવું.

**વિઘ્ન પાડે છે વણ સમજે, કાપે છે ડાળ બેસવા તણી;**
**તેને પડ્યાનું શું પૂછવું, પડશે જરૂર એના ધણી.**

જે ડાળ ઉપર બેઠો છે, તે જ ડાળ પોતે જ કાપે છે, તેથી ડાળ કાપતાંની સાથે ધડાક દઈને પડશે ને હાડકા ભાંગી જાશે. તેમ આ સંસારરૂપી વૃક્ષમાં મનુષ્ય અવતારરૂપી ડાળ મળી છે. તેને કુસંગરૂપી કુહાડાથી કાપીને શું કામ નકામા હેરાન થાઓ છો. વગર મોતે યમપુરીમાં યમ હાડકા ભાંગી નાખશે, ત્યારે પસ્તાવો થાશે, માટે પોતાના હાથે પોતાનું જ ભૂંડું થાય, દુઃખ થાય તેવું કાર્ય કયારેય પણ કરવું નહિ.

**ધન આપીને કેવળ યશ મેળવી શકાતો નથી**
**પણ સારી જીભ વાપરીને યશ મેળવી શકાય છે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ધતુરો ખાય તો ભૂખ મટે નહિ, પણ વગર મોતે મરી જાય. તેમ કુસંગ છે તે ધતુરા જેવો જ છે. કુસંગ વગર મોતે મારે એવો છે. શિરને સાટે સત્સંગ રાખવો. પણ જરાય ઢીલા થવું નહિ. સત્સંગની ખુમારી રાખવી. શ્રીજી મહારાજ ગ.પ્ર.૪૨ વચનામૃતમાં કહે છે, “ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને ભૂંડું થાય છે, ગમે તેવો પાપી જીવ હોયને તે જો સત્યસ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે છે.”

ગામ મૂળધરાઈમાં બે ભાઈ સત્સંગી રહેતા હતા. એકનું નામ કાનજી બીજાનું નામ સુંદરજીભાઈ. જ્ઞાતિએ વાણીયા હતા. તે એક વખત ગઢપુર ગોપીનાથજીનાં દર્શન કરવા માટે આવ્યા. દર્શન કરીને ભકિત વલ્લભદાસજી પાસે પગે લાગીને બેઠા. સ્વામીએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી ને ધર્મ નિયમની રીત ભાત શીખવાડી. પછી કહ્યું, કે તમે ચાલીને આવ્યા છો ! થાકી ગયા હશો ને ભૂખ્યા પણ હશો.

જમવા માટે દૂધપાક પૂરી ને લાડુ થાળમાં પિરસ્યા, ભક્તજનો જમવા બેઠા,

તે માંખ્યું વારંવાર થાલ પસે આવે તેથી એક હાથે માંખ્યું ઉડાડે અને બીજા હાથથી જમે. ત્યારે સ્વામીએ કહ્યું, શિરને સાટે સત્સંગ રાખજો. સત્સંગ છે તે પંચામૃત ભોજન જેવો છે. કુસંગરૂપી માંખ્યું ઉડાડતા રહેજો ! કુસંગરૂપી માંખ્યું આવીને ધર્મમાંથી ચલિત કરી ન નાખે તેનો ખ્યાલ રાખજો. પછી બે ભાઈ ઘરે આવ્યા. નિયમથી વહેલા ઉઠીને નાહી ધોઈ પવિત્ર થઈને પૂજા કરે, તિલક કરે, પ્રદક્ષિણા કરે, માળા ફેરવે, પછી ભગવાનને જમાડીને જમે.

આવું બધું જોઈને ઘરનાં સગાં સંબંધી બધાં બહુ ખીજાય, અને ધમકાવે તમે બાપ દાદાનો ધર્મ મૂકીને નવો બાપ કર્યો. માટે કંઠી કાઢી નાખો, પૂજા ફેંકી દો, આવું બધું આપણાથી કરાય નહિ. આપણે વાણીયા છીએ, ત્યારે બે ભાઈઓ જેમ માંખ્યું ઉડાડે તેમ હાથ હલાવે. ત્યારે સગા સબંધીએ કહ્યું, “ગાંડા થઈ ગયા છો કે કેમ ! આમ શું કામ હાથ હલાવ્યા કરો છો ! ત્યારે કાનજીએ કહ્યું, અમને સંતોએ કહ્યું છે કે ધ્યાન રાખજો. ચેતીને ચાલજો. માંખ જેવા કુસંગીઓ સત્સંગરૂપી દૂધપાક પુરીને ઓકાવી નાખે નહિ, તેનો ખ્યાલ રાખજો.

તમારા શબ્દો અમારા હૃદયમાં પેસી જાય તો જન્મ મરણના ફેરામાં ફેરવીને હેરાન કરે. ધર્મ નિયમ ચૂકાવીને ભ્રષ્ટ કરે. માટે હાથ હલાવીએ છીએ. પછી નાતીલાઓએ ઘણી ઉપાધી કરી, ખૂબ હેરાન કર્યા. પણ પાકો નિશ્ચય થઈ જવાથી જરાય ઢીલા થયા નહિ. શિરને સાટે સત્સંગ રાખ્યો.

## નદીનું સમર્પણ સમુદ્રને જ હોય
## ભક્તનું સમર્પણ પ્રભુ ચરણે જ હોય

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**કાપે છે સર્પનો કંડિયો માગ થતાં મુષો મલકાય છે;**
**પણ જાણતો નથી આંધળો જે હમણાં ખીજી નાગ ખાય છે.**

એક કરંડિયામાં સર્પ પુરેલો હતો, ત્યાં ઉંદર આવ્યો અને એવો રાજી થાય કે આ કરંડિયામાં કાંઈ સરસ ફળ હશે, સફરજન, કેળા વિગેરે, મલકાતો મલકાતો મંડયો કરંડિયાને કાપવા...હમણાં જ મને ખાવાનું મળશે. મહેનત કરીને કરંડિયામાં કાંણું કર્યું, તો તેમાંથી ફળને બદલે સર્પ નીકળ્યો અને ઉંદરડાને ખાઈ ગયો.

સ્વામી કહે છે, ઉંદરની જેમ કોઈકના કરંડિયા કાપજો નહિ. કોઈને દબાવીને

સતાવીને પૈસા ભેગા કરીને જલસા કરવા જાશો, પણ ખ્યાલ રાખજો કાળ આવીને, કોળીયો કરી જાશે, દેવાનંદ સ્વામી કીર્તન ગાય છે. સાંભળો !

**કાળ તારી કેડે આવે રે વિચારી જોને,**
**જુઠું આ જીવતર તારૂં, હારી ગયો હજાર વારૂં;**
**કુડી માયા કામ ન આવે રે...વિચારી જોને...કાળ...**
**મોટા મોટા મરી જાવે, રાજા રાંક ન રહને પાવે**
**આયુષ્ય તારૂં ઓછું થાવે રે...વિચારીજોને...કાળ...**
**પ્રભુને વિસાર્યા પ્રાણી, મીથ્યા બોલ્યો મુખે વાણી**
**ધનહીન ચહુ દીસે દોડે રે...વિચારીજોને...કાળ...**
**દેવાનંદ કહે માન કહ્યું, જોબન તારૂં એળે ગયું**
**વ્રજરાજને ક્યાં વિસાર્યા રે...વિચારીજોને...કાળ...**

માયા ગમે તેટલી ભેળી કરી હશે, પણ તે જયાં હશે ત્યાં જ રહેશે, પોતાનાં કુટુંબ પરિવાર ગમે તેટલાં વહાલા હશે. તે પોતાનાં ફળીયાં સુધી અને સ્મશાન સુધી આવશે, દેહને ગમે તેટલો પંપાળીને તાજો માજો રાખ્યો હશે, તેને એક દિવસ બાળીને ખાખ કરી નાખશે.

કાંઈ સાથે નહિ ચાલે, સારા - નરસાં જે કાંઈ કર્મ કર્યાં હશે, તે પરલોકને માર્ગે સાથે ચાલશે, નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હંમેશા એવાં કાર્ય કરજો કે જેના પરિણામ તમને દુઃખી ન કરે. આ વચનવિધિની કથા અદભૂત કથા છે, સમજાઈ જાય તો જીવનું કામ થઈ જાય એવી કથા છે.

સ્વામી કહે છે, ચોરને માર્ગે ચાલે છે અને માને છે કે મને કાંઈ વાંધો નથી, પણ જયાં અનેકનો ચોરે મારી કૂટીને ઘાણ વાળી નાખ્યો છે તે માર્ગમાં તું કેમ કુશળ રહીશ.

એક ખેડૂતે સરસ મજાનાં ગલકાંને ગલાડા જેવી વેલ વાવી અને સારી રીતે સંભાળ રાખીને પાણી પાયું, જયાં ફળ થાવાનું ટાણું થયું ત્યારે મૂળથી કાપી નાખ્યું. પછી ફળ ક્યાંથી મળે ! સ્વામી કહે છે, વચનરૂપી વેલને મૂળથી કાપી નાખે ને પછી ફળની ઈચ્છા રાખે તે કેમ બનશે ! ભગવાનનાં વચનમાં રહેવું નથી અને સુખી થાવું છે, સુખ જોઈએ છીએ પણ સુખનું સાધન કરવું નથી, પૈસા જોઈએ છીએ અને

કમાવા જાવું નથી, મહેનત કરવી નથી, તો પૈસા કયાંથી મળશે !

**સત્સંગ રૂપી કમાણી કરવી નથી, અને સુખ જોઈએ છે!**

**કાંતો ખર ઉંટ અવતાર પામી અણ તોડયો ભાર ઉપાડશે**
**કસર કરશે ચાલતાં તો ધણી એનો ધોકે તાડશે.**

જો ભગવાનની આજ્ઞા નહિ પાળીએ તો ગધેડાંના ને ઉંટના દેહ આવશે અને અણ તોડ્યો ભાર ઉપાડવો પડશે, જો ધીમો ચાલશે તો ધોકાથી બરાબર પીટશે, અને પેટ પુરતું ખાવા પણ નહિ મળે !

**ઉંચે કુળે જન્મ મળ્યો, હાથે કરી જનાવર થયો.**

એક ખેડૂત હતો, ભોળો સ્વભાવ અને વિશ્વાસુ ભકત. એની બાજુમાં એક વાણીયો રહેતો, જેટલું અનાજ વાડીમાં થાય તે બધું આ વાણીયો ખરીદી લે. જોખવામાં દગો કરે. ૧૦૦ મણ ઘઉં થયા હોય તો એંસી મણ બતાવે, એમ દરેક વખતે કપટ કરે. બિચારા ખેડૂતને કાંઈ ખબર ન પડે, એને વિશ્વાસ કે વણિક કરતા હશે તે બરાબર કરતા હશે.

દગો કોઈનો સગો થતો નથી. આ દુનિયામાં કોઈને કાયમ રહેવાનું નથી. એક દિવસ આ લોક છોડીને સર્વેને જવાનું જ છે. આ બધી ખબર હોવા છતાં માણસો મૂર્ખાઈથી બીજાના પૈસા પચાવી જાય છે. એમ કરતાં મૃત્યુની ટીકીટ આવી ગઈ. ચાલો તૈયાર થઈ જાવ, જમના દૂતો પકડીને યમપુરીમાં લઈ ગયા. ખૂબ માર્યો સાંધા બધા નરમ કરી નાખ્યા. રાડો પાડે બચાવો કોઈ બચાવો પણ ત્યાં કોણ બચાવે ! જમપુરીની સજા ભોગવવી જ પડે.

એ વાણીઓ બીજે જન્મે ઉંટ થયો. જયાં સુધી ભાર બરાબર ખેચતો ત્યાં સુધી ઉંટને રાખ્યો પછી જંગલમાં કાઢી મૂકયો. ખાવા પીવાનું કાંઈ મળે નહિ. વાંસામાં ચાંદાં પડ્યાં. પરૂપાચ ખદબદે તેમાં કાગડાઓ ટોચા મારે. દુઃખનો કોઈ પાર નહિ. આમ તેમ પગ પછાડે, ધરતીમાં આળોટે. આવી રીતે દુઃખ ભોગવતો ભોગવતો રીબાઈ-રીબાઈને મરી જાય. આવી રીતે ઉંટને બાર જન્મ ઉંટના લેવા પડ્યા.

વિચાર કરો ઉંચે કૂળે જન્મ મળ્યો હાથે કરીને જનાવર થયો. ચેતીને ચાલજો સંસારમાં એક દિન જાવું હરિના ધામમાં, જોઈ વિચારીને પગલાં ભરજો.

**માટે કોઈ વિચારી જગદીશના વિમુખ રહેજો માં વચનથી;**
**નિષ્કુળાનંદ કહે નાથના ઘરમાં અંધારૂં ઘોર નથી.**

ભગવાનને ઘરે અંધારું નથી, રતી રતીના જવાબ લેશે. મરણ એ મરણ નથી પણ આખી જીંદગીનો હિસાબ દેવાનો દિવસ છે. ભગવાન પાસેથી કોઈ છટકી નહિં શકે ! ત્યાં અદલ ન્યાય છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘સાંભળો- જેવા જેના કર્મ છે, તેવું ફળ તે ભોગવે છે. જેવા પાપ કર્યા હોય તેવા જન્મ લેવા પડે છે અને અસહ્ય દુઃખ ભોગવે છે. સમજવા જેવી કથા છે.

**સારા કામમાં બની શકે તો મદદરૂપ બનજો પણ પથ્થરા રૂપ ન બનશો.**

**જન્માંતરે જગ જાણજો, હરિ કથા ન સાંભળી કાન;**
**તે તો નર બધિર થયા એહ દંડ દીધો ભગવાન.**

મનુષ્ય દેહ મળવા છતાં જેણે કથા નથી સાંભળી તે બીજે જન્મે બહેરા થાય છે. ભગવાને કાન કથા સાંભળવા માટે દીધા છે, તેનો ઉપયોગ કેવળ લૌકિક વાત સાંભળવામાં જ કર્યો, તે બહેરા થાય છે. અજ્ઞાની માણસોની આખી જીંદગી પસાર થઈ જાય છતાં કોઈ દિવસ કથા ન સાંભળે. ગામમાં આંટા મારે પણ કથામાં ન બેસે ... તુલસીદાસજી કહે છે :

**જીન હરિ કથા સુની નહિ કાના, શ્રવન રંધ્ર અહિ ભવન સમાના**

જેણે પોતાના કાનથી ભગવદ્ કથા નથી સાંભળી એના કાન સર્પને રહેવાના દર છે. જેણે નેત્રોથી ભગવાનના અને સંતના દર્શન નથી કર્યા તે નેત્રો નેત્ર નથી પણ મોરના પીછાંની છાપો છે. જે જીભથી હરિ ગુણ ગાયા નથી તે દેડકાની જીભ સમાન છે. જેનું હૃદય હરિ ચરિત્ર સાંભળતા પીગળે નહિં તે વજ્ર કરતા પણ કઠોર છે, જેનું મસ્તક ગુરુ અને સંતના ચરણમાં નમતું નથી તે કડવા તુંબડા સમાન છે.

ભગવાન અને સંતના દર્શન નથી કર્યા તે બીજે જન્મે આંધળો થાય છે.

**જીહ્વાએ નામ જગદીશનું, અજાણે પણ ઉચાર્યો નહિ;**
**તે જન માનો મુંગા થયા, બોલવાની બંધી થઈ.**

જેણે જીંદગીમાં કોઈ દિવસ ભગવદ્ગુણ કીર્તન ગાયા નથી તે બીજે જન્મે મુંગા થાય છે. કથા સાંભળવા ગયા હોય અને કથાના વકતાની નિંદા કરે તો તે બીજે જન્મે તોતડા થાય છે, બોલી સમજાતી નથી.

**લુલા પાંગળા, રોગી-વિયોગી દુઃખી દીન દરિદ્રિ અતિ**
**તે તો પુર્વના પાપથી દુઃખ ભોગવે છે દુર્મતિ.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, “જીભ દેહ છે, તે પૂર્વકર્મને આધીન છે, તેનો એક નિર્ધાર રહેતો નથી, કયારેક સાજો રહે, કયારેક કર્માધીન પણે કરીને માંદો થઈ જાય, પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નાશ પામતાં નથી, તેના નિવારણ કરવા માટે અનેક ઉપાયો કરે તો પણ તે ભોગવવું જ પડે છે. કરોડો કલ્પ વીતી જાય તો પણ કરેલા કર્મો ભોગવવા સિવાય નાશ પામતાં નથી, આચાર્ય વિશ્વવિહારીજી કહે છે :

**જે પૂર્વ જન્મે સુકૃતો કરેલાં, તે આ ભવે ભોગવવા થરેલાં;**
**આ જન્મમાં જે કરશો કમાઈ, બીજે ભવે ભોગવશો જ ભાઈ,**

પૂર્વ જન્મમાં જેવા કર્મો હોય છે તેવાં ફળ ફોગવવાં જ પડે છે, આ જન્મમાં જેવા કર્મ કરશો તેવા બીજા ભવમાં ભોગવશો.

**હીંચકે બેસીને ઝુલતો ગયો, બીજે જન્મે હાથી થયો.**

એક વખત શ્રી કૃષ્ણ ભગવાન અને અર્જુન સમુદ્ર કિનારે ફરવા નીકળ્યા ત્યાં એક સુંદર હવેલી હતી. આંગણાાં બાગ બગીચા ને ઘોડા ગાડીઓ હતી, બગીચામાં એક માણસ હીંડોળામાં આનંદથી બેઠો હતો. સેવકો હીંચકા નાખતા હતા.

અર્જુને પૂછયું, “હે પ્રભુ ! આ માણસ કોણ છે ? આનંદથી હીંચકા ખાય છે ! પ્રભુએ કહ્યું” મચ્છીમાર છે. પાપ કરીને પૈસા ભેગા કર્યા છે, દરરોજ લાખો માછલાં મારે છે. ત્યારે અર્જુને કહ્યું, આવા પાપીને નરકમાં નાખવા જેવા છે. છતાં સ્વર્ગ જેવું કેમ સુખ ભોગવી રહ્યો છે ! આવો અન્યાય જોઈને મને નફરત થાય છે. આ પાપી જે આકરી સજા હોવી જોઈએ, તેના બદલે જલસા કરે છે. એ નવાઈની વાત છે.

પ્રભુએ કહ્યું, પાપ ભોગવ્યા સિવાય છૂટકો નથી, પૈસાની ભૂખ માણસને ક્રુર બનાવે છે, અને પેટની ભૂખ માણસને લાચાર બનાવે છે. આ વાતને અમુક વરસ વિત્યા બાદ શ્રી કૃષ્ણ અને અર્જુન જંગલમાં ફરતાં હતા ત્યારે તેમણે પીડાતો રીબાતો

એક હાથી જોયો. એના શરીરમાં અનેક ચાંદા માંથી રોગ વહેતો હતો, તેમાં અસંખ્યા નાના જીવડાઓ એને ચટકા ભરતા હતા, તેથી તે ધરતી ઉપર પગ ઘસતો કરૂણ ચીસ પાડતો હતો રડતો હતો. દુઃખનો કોઈ પાર નહિ. દારૂણય દુઃખ જોઈ અર્જુનને દયા આવી ! ગદગદીત હૃદયે અર્જુન બોલ્યા :

"હે પ્રભુ ! આ બિચારા હાથીને દુઃખથી મુકત કરો." મહારાજ ! "ત્યારે ભગવાન બોલ્યા" અમુક વરસો પહેલાં સાગર કીનારે મચ્છીમારા જોયેલો, જે અને ક માછલાં મારીને પૈસા ભેગા કરીને જલસા કરતો હતો, હીંચકે બેસીને ઝુલતો હતો, તે બીજે જન્મે હાથી થયો છે. કરેલા કર્મો ભોગવે છે. માછલાંઓને રીબાવીને મર્યા હતા, તે આ જન્મે કીડા થઈને કરડે છે. પૂર્વનું વેર લે છે ! ત્યારે અર્જુને કહ્યું, સાચી વાત છે પ્રભુ ! પ્રભુને ઘરે અંધારું નથી. અદલ ન્યાય છે.

**જે કર્મ તો પૂર્વ ભવે કર્યું છે, પ્રારબ્ધ તે આ તનનું કર્યું છે.**
**અભકત કે ભકત ભલે ગણાય, કર્મ પ્રમાણે સુખ દુઃખ થાય.**

કર્મ પ્રમાણે સુખ દુઃખ આવે છે, ભકત હોય કે અભકત હોય પરંતુ કર્મ તો ભોગવે જ છૂટકો !

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "આ જગતની અંદર જે દુઃખી છે, રીબાય છે, લૂલા, લંગડા, રોગી બહેરાં, આંધળા તેઓ એ પૂર્વ જન્મમાં પાપ કરેલાં છે તેથી દુઃખી છે. સ્વામી કહે છે," આવી વાત સાંભળીને, પરમાત્માના ભકતો હોય તેમણે પરમાત્માની આજ્ઞા લોપવી નહિ. આજ્ઞા લોપીને પૈસા ભેગા કરવા નહિ, નહિંતર હાથીના જેવી દશા થશે.

આ વાતનું ધ્યાન રાખજો બીજાને સમજાવવાની ઉતાવળ કરવાને બદલે પોતાને સમજવાનો પ્રયત્ન કરવો.

**સમજીને સમજુરે વહાલાં કરો હરિનાં વચન;**
**જેને વચને વિઘન પામીએ પરમ આનંદ**
**એવા વચન જે ઉલ્લંઘે તે તો કહાવે મુરખ મતિ મંદ... સમજીને**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "હરિને વહાલા કરીને સમજીને વચનનું પાલન કરશો તો પરમ આનંદ થશે. જયારે આપણે પ્રભુનાં વચન પ્રમાણે વર્તીશું, ત્યારે હૈયામાં પ્રભુની કૃપા જાગૃત થશે. કૃપા થશે તો વારંવાર પ્રભુની પ્રાર્થના કરવાનું મન

થશે. ખાસ કરીને સવારના પહેલા પહોરનો વખત ભજન ભકિતમાં ગાળવો જોઈએ.

**ટાયરમાં હવા ન હોય તો કાર ચાલે નહિ**
**તેમ જીવનમાં સત્સંગ ન હોય તો ભકિત જામે નહી.**

પ્રભુમાં પ્રેમ થાશે તો સદ્‌ગુણો વધતા જાશે અને અલૌકિક બળ આવશે. લોઢાને ગરમ કરવાથી નરમ થઈ જાય છે. અને નરમ થઈ ગયા પછી જ આકાર થઈ શકે છે. તેમજ આપણા કઠોર હૃદય પ્રભુ પ્રેમથી નરમ થતું જાય છે, ધીરે ધીરે જીંદગી સુધરતી જાય છે અને આત્માનો આનંદ વધતો જાય છે.

પહાડ ઉપર ચડતાં જયારે થાકી જઈએ ત્યારે વચમાં આરામ લઈએ એટલે તાજા બની જઈએ તેવી રીતે વ્યવહારની જંજાળોથી કંટાળી ગયા હોય ત્યારે વિસામો લેવા માટે શ્રીજી મહારાજે ઉત્સવ સમૈયા કર્યા, મંદિરો બંધાવ્યા અને તેમાં કથા કીર્તન રૂપી અમૃત રસ પીવો એ આત્માનું સુખ છે. તે સુખમાં આરામ લઈએ એટલે તાજા બની જઈએ છીએ.

ખાવું પીવું એ દેહના ધર્મો છે, અને ભગવદ્‌ કથા સાંભળવી, પૂજા પાઠ કરવાં, પ્રભુની પ્રાર્થના કરવી, દર્શન કરવાં વિગેરે સત્કર્મ છે તે આત્માનો ખોરાક છે. મંદિરો છે તે યોગ ભૂમિ છે. પાપના વિચારોને અટકાવે છે અને સદ વિચારો લાવે છે. આપણા અવળા સ્વભાવને બદલી નાખવાની તાકાત પરમાત્માના પ્રભાવમાં છે.

**શ્રી હરિ રીઝવી સુખ લઈએ, ખીજવી ન ખાય ખોટ;**
**નિષ્કુળાનંદ કહે ન કીજીએ, એવું લઈ અવરની ઓટ.**

અવરની ઓટ એટલે એક બીજાનો વાદ કરવો નહિ. ઓલ્યા પાંચ વાગે જાગે છે, હું છ વાગે જાગીશ. બીજાની ઓટ લઈને આજ્ઞા લોપવી નહિં.

## આટલું અવશ્ય સમજી રાખવું

ગુરુની ખરાબ ચાલ દેખીને ચેલાઓ બગડે છે, બાપની અનીતિ જોઈને છોકરાઓ બગડે છે, શેઠની લુચ્ચાઈ જોઈને નોકરો બગડે છે, આપણી ચાલ ચલગતથી, આપણા વિચારોથી ન બગડે તે આપણે ખાસ સંભાળ રાખવી. સાધારણ માણસો આગેવાન મોટા માણસ વર્તે તેમ નિદોર્ષ માણસ શીખી ન જાય તે માટે

પ્રતિનિધિ માણસ હોય તેમણે સંભાળ રાખવી.

કોઈ પણ ક્રિયા ભગવદ્ આજ્ઞાથી વિરૂધ્ધ ન હોવી જોઈએ.

આટલું અવશ્ય સમજી રાખવું. ભગવાનની આજ્ઞાનું પાલન કરવું તે ઝાડના મુળ જેવું છે. મુળ વિના ઝાડ થઈ શકે નહિ, તેમ આજ્ઞા પાલન વિના મુકિત મેળવી શકે નહિ મોક્ષ માર્ગનું પહેલું પગથીયું છે, પ્રભુના વચન પ્રમાણે વર્તવું.

આ વચન વિધિ ગ્રંથ છે તે મોક્ષના ખજાનાની ચાવી છે. બીમાંથી ઝાડ થાય પછી ફળ થાય છે, તેમ વચનમાં વર્તવાથી ઈશ્વરી જ્ઞાન અને મોક્ષરૂપી ફળ થાય છે.

**ઉપાય એવો કરવો નહિ જેણે કરી ખીજે જગદીશ;**
**રાજી કર્યાનું રહ્યું પરૂં પણ હરિને ન કરાવો રોશ.**

કદાચ તમે વ્રત, તપ, જપ કરીને ભગવાનને રાજી ન કરી શકો તો કાંઈ વાંધો નહિ, પણ કોઈ કરતા હોય તેને ઢીલા કરી ન નાખવા તેમજ કડવાં વચન બોલી કોઈનાં કાળજાં બાળવા નહિ.

એક માણસ બજારમાં માંખણ લેવા ગયો, "વેપારીને કહ્યું મને પાંચ કીલા માંખણ આપો ! દુકાનદારે કહ્યું, "એટલું બધું અત્યારે તૈયાર નથી. ૬ કલાક પછી આપીશું," ત્યારે માણસે કહ્યું "દરવાજા પાસે માંટલું ભર્યું છે, તેમાંથી આપોને !" વેપારીએ કહ્યું " એ તો ખાલી છે !" માણસે હહ્યું, "ખાલી છે તો મોઢા ઉપર કપડું કેમ બાંધ્યું છે !" એતો બતાવવા માટે છે. બાકી માંટલામાં અડધો શેર જ માંખણ છે.

અડધા શેર માટે માંટલુ શું કામ બગાડો છો ? "દુકાનદારે કહ્યું, માંટલું બગડે એવું નથી, ફુટેલું છે. દુકાનમાં મોટો મોભો દેખાવા માટે માંટલું રાખ્યું છે, બાકી તદન પોલું છે., આવી રીતે ચાર પાંચ દુકાને ગયો ત્યાં બધી જગ્યાએ આવુ જ દીઠું..

આવી રીતે માટલાના મોંઢાની ઉપર માખણ દેખાય છે તેમ બહારથી ધર્મવાળા દેખાતા લોકોની જીભમાંજ ધર્મ હોય છે, તેના અંતરમાં ધર્મ હોતો નથી. ઘણા માણસો માળા, કંઠીમાં અને નાહવા ધોવામાં જ ધર્મ માની લેતા હોય છે, પણ ખરેખરા જે નિયમો કહ્યા છે, શ્રીજી મહારાજે તે પ્રમાણે ન હોય તો તે ખાલી માંટલું છે.

તમારી પાસે સંપત્તિ હોય, બુધ્ધિ હોય, ધર્મ ભાવના હોય, પણ જો નિખાલસતા ન હોય તો બધું વ્યર્થ છે, મોહ માયા મમતાથી જે અલિપ્ત રહે તે જ પ્રભુ ભકિતમાં લીન બની શકે છે.

વેપારીને ખાલી દેખાવ વાળું કદાચ માંટલુ ચાલશે પણ આપણાચ જીવનમાં પ્રભુની આજ્ઞાનું પાલન નહિ હોય તો કેમ ચાલશે ! એવી પોલ રાખીને કદાચ તમે ભોળા લોકોને છેતરી શકો ! પણ પોલ રાખીને અંતરનો આનંદ મેળવી નહિ શકો !

પોતાનું ધાર્યું મૂકે નહિ, અને ભગવાનને પોતાનું ધાર્યું કરાવવા સાથે તે સ્વામી કહે છે, એતો કપાળના કોઢ જેવા છે. કપાળમાં કોઢ હોય તો કેવા ખરાબ લાગે, તેમ તેવા ભકત ભગવાનને જરાય ગમતા નથી. ભકત ખરા પણ કપાળના કોઢ જેવા.

**નદીમાં નિર્મળતા ન હોય તો નદીની કિંમત શું ?**
**ફુલમાં ફોરમતા ન હોય તો ફુલની કિંમત શું ?**
**ફળમાં મધુરતા ન હોય તો ફળની કિંમત શું ?**
**જીવનમાં ધાર્મિકતા ન હોય તો જીવનની કિમંત શું ?**

ભૂતકાળની યાદમાં અને ભવિષ્યના પ્લાનમાં વર્તમાન કાળ બગડી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું. માથામાં શરદી ઘૂસી જશે તો તેનો ઈલાજ છે, દવા કરવાથી શરદી નીકળી જશે, પણ ગલત વિચાર ઘૂસી જશે તો સત્યાનાશ કરી નાખશે. ભીંતરની શાંતિ નહિ મળી શકે, શાંતિ આપવાની તાકાત ધર્મ સહિત ભકિત કરવામાં છે.

માનવ કેટલું જીવે છે તે મહત્વનું નથી, પણ કેવું જીવે છે એ બહુ મહત્વનું છે, તમારો સ્વભાવ એવો બનાવો કે બધેથી સદભાવ મળે. ભૂલ થઈ જાય એ સહજ છે, પણ ભૂલ સુધારવી એ આપણી ફરજ છે. આજનો માનવી સારો દેખાવા જેટલો પ્રયત્ન કરે છે, એટલો સાચે બનવા માટે પ્રયત્ન નથી કરતો ! પછી શી રીતે કલ્યાણ થાય, મલાઈ વગરનું દૂધ નકામું તેમ સત્સંગ વગરનું જીવન નકામું છે.

## મારાં પત્નીને પુછી આવું

અમદાવાદના લાલદાસ ગોરા પરમ એકાંતિક ભકત હતા. વચને નિવૃત્તિ વચને પ્રવૃત્તિ આ એમનો જીવન મંત્ર હતો. શ્રીજી મહારાજને વિચાર થયો લાલદાસની પરીક્ષા લેવી છે. પરીક્ષામાં પાસ થાય છે કે નપાસ થાય છે તે જોઈએ તો ખરા ! અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. પછી બ્રાહ્મણોની ચોરાસી કરવાની ઈચ્છા થઈ, તેથી શ્રીજી મહારાજે લાલદાસને કહ્યું, ‘‘ભગત ! તમારી પાસે કેટલા રૂપિયા છે ?

"મહારાજ ! સાત હજાર રૂપિયા છે" શ્રી હરિએ કહ્યું, "એ બધા રૂપિયા અમને આપશો !" અમારે ચોરાસી કરી બ્રાહ્મણોને જમાડવા છે, લાલદાસે કહ્યું "મારી પત્નીને પુછી આવું ! પછી તમને જવાબ આપીશ." દોડતા ઘરે આવી પત્નીને વાત કરી, પત્ની સારા સત્સંગી અને શ્રીધ્ધાવાળા હોવાથી તરત જવાબ આપ્યો, કે "હે પતિ દેવ, એમાં મને શું પૂછવાનું હોય" આપણી પાસે પૈસા છે, તે ભગવાનના જ દીધેલા છે. માટે રાજી થઈને આપો, એમાં મારો ખૂબ રાજીપો છે.

મહા મહેનત કરીને પૈસા ભેગા કર્યા છે, અને બધા આપી દઈશ, તો મારું શું થશે ! પરિવાર શું ખાશે, આવો કોઈ વિચાર કર્યા સિવાય તરત ભગવાનની આજ્ઞાને ઝીલી લીધી. આવી રીતે સમર્પણ કરવું બહુ કઠણ છે.

લાલદાસ દોડતા શ્રીજી મહારાજ પાસે આવીને સાત હજાર રૂપિયા ચરણમાં મૂકી દીધા. ચોરાશી નક્કી કરી, ભાવથી અનેક બ્રાહ્મણોને ખૂબ જમાડી દક્ષિણા આપી રાજી કર્યા. પછી ઉત્સવમાં આવેલા ભકતજનો પોત પોતાને ગામ જવાની તૈયારી કરી, શ્રી હરિનાં દર્શન કરવા આવ્યા. ઠાલે હાથે પૂજા થાય નહિ, પૂજા કરીને ભેટ અર્પણ કરી, રૂપિયાનો ઢગલો થઈ ગયો.

શ્રી હરિએ લાલદાસને બોલાવ્યા, "ભકતરાજ તમારી પછેડી પાથરો ! ભકતે પછેડી પાથરી. શ્રી હરિના ચરણમાં જેટલી ભેટ આવેલી હતી, તે બધી પછેડીમાં મૂકીને કહ્યું, લ્યો ભગત ! આ પ્રસાદીની ભેટ અમે તમને પ્રેમથી આપીએ છીએ. લઈ જાવ ઘરે !

લાલદાસે હાથ જોડીને કહ્યું, પ્રભુ અમે તમને પૈસા અર્પણ કરી દીધા છે. હવે પાછા લેવાય નહિ!, દીધું દાન પાછું લેવાય નહિ. "શ્રી હરિએ કહ્યું," અમે કહીએ તેમ કરવું છે કે મનનું ધાર્યું કરવું છે. "મહારાજ તમે જેમ કહેશો તેમ કરશું" ભગત હું સંપિતનો ભૂખ્યો નથી, હું તો ભાવનાનો ભૂખ્યો છું, મારા હાથમાં રીધ્ધિ સીધ્ધિ છે.

જે ધારું તે હું કરી શકું તેમ છું, પણ તમારી પરીક્ષા લીધી કે તમારી શ્રધ્ધા કાચી છે કે પાકી છે, પણ ધન્ય છે તમારી સમજણને અને ભાવનાને, સાત હજાર રૂપિયા તરત તમે અમને આપી દીધા, હવે હું પ્રેમથી આપું છું રાજીપે લઈ લ્યો ! હું કોઈનો ભાર રાખતો નથી ! વ્યાજ સહિત પાછું આપું છું ત્યારે શાંતિથાય છે તો લ્યો આ એક રૂપિયો વ્યાજનો.

ધન્ય છે લાલદાસ ભકતને કે ખરા સમયે સાચા દિલથી પોતાની સંપત્ત પ્રભુને અર્પણ કરી દીધી. આવી રીતે કરવું બહુ કઠણ છે. વાત કરવી સહેલી છે.

**પોતાનું કામ કરવું તે આસકિત,**
**બીજાનું કામ કરવું તે સંસ્કૃતિ.**
**ભગવાનનું કામ કરવું તે ભકિત,**
**કર્મો કરીને અલિપ્તરહેવું તે વિરકિત.**

ગ.પ્ર. ૩૪ માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, કે ભગવાનના ભકત હોય તેને જેટલું દુઃખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપાવે કરીને થાય છે. જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે. ભગવાનને અને સંતોને રાજી કરવા હોય તો પોતાનું ધાર્યું મુકીને દાસના દાસ થઈને રહેવું.

**હઠ કરી હરિશું રાધિકા રાણીજી,**
**શ્રી કૃષ્ણ સાથે બોલ્યા રીશ આણીજી;**
**હતાં ગોલોકે પોતે પટરાણીજી,**
**આવ્યા અવનિ પર થયાં આહીર રાણીજી.**

ભગવાન સાથે હઠ કરવામાં સારું નથી. ભગવાન સાથે રાધાજીએ હઠ કરી, તો આ લોકમાં જન્મ લેવો પડ્યો અને ભગવાન વિના બીજાને ધણી કરવો પડ્યો. સુદામ સાથે ઝગડો થયો અને સુદામના શાપે કરીને આ લોકમાં આવવું પડ્યું. રાધાજી લક્ષ્મીજી જેવા ભકત હતા તેથી પરમાત્માએ એનું રૂડું કર્યું, અવળાઈ કરીને સુખી થવું તે કોઈ દિવસ બને નહિ. ભગવાન કહે એમ કરવું એ જ પરમાત્માના આશ્રિતનું લક્ષણ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "રામચંદ્રજી ભગવાન વનમાં સીતાજીની શોધ કરતા હતા. તે વખતે શંકર અને પાર્વતિજી ફરતા ફરતા ત્યાં આવ્યા મહાદેવજીએ ભગવાનના ચરણમાં પ્રણામ કર્યા, ત્યારે સતિએ પૂછયું, તમે ગાંડા જેવા જોગીને કેમ પગે લાગ્યા ? મહાદેવજીએ કહ્યું, એ ગાંડા નથી પણ પરબ્રહ્મ પુરુષોતમ નારાયણ છે, એમનાં પત્ની સીતાજીનું અપહરણ થઈ ગયું છે, તેથી તેના વિયોગમાં વિલાપ કરે છે. પાર્વતીજીએ કહ્યું, પોતાનાં પત્ની ખોવાઈ જાય એમાં આટલું રડવાનું હોય.

આમ તો સાધારણ માણસ પણ ન કરે. તેને તમે પરબ્રહ્મ કહો છો ?

મહાદેવજી એ કહ્યું, એ સ્વયં પરમાત્મા છે, માનવ લીલા કરે છે, માટે શંકા કર્યા સિવાય તમે પણ પ્રભુને પગે લાગો ! પાર્વતીજીએ કહ્યાં, હું એમ પગે ન લાગું. તમે ભોળા છો, તેથી જેને દેખો તેને પગે લાગતા આવો છો! ઘણું સમજાવ્યું છતાં સતિ સમજયા નહિ. હું પરીક્ષા કરવા જાઉં પછી ખાત્રી થાય ત્યારે પગે લાગીશ ! પછી મહાદેવજી એક વૃક્ષ નીચે બેઠા.

**પારખું લેવા પરબ્રહ્મનું લીધો વૈદેહીનો વેષ.**

પાર્વતિજી સીતાજીનું રૂપ લઈને રામચંદ્રજી પાસે આવ્યાં ત્યારે ભગવાને કહ્યું, હે દાક્ષાયણી તમે એકલાં કેમ છો ? મહાદેવજી કયાં ?

**ત્યારે રામ કહે દાક્ષાયણી એકલાં કેમ છો ઈશ કિયાં.**

ભગવાન ઓળખી ગયા કે પાર્વતીજીએ સીતાજીનો વેષ લીધો છે. પાર્વતીજી ભોઠાં પડી ગયાં..... દોડયાં મહાદેવજી પાસે, ત્યારે મહાદેવજીએ પૂછયું, પરીક્ષા લેવા ગયાં હતાં તો શું થયું ! પાર્વતીજી ગભરાઈ ગયાં, “શું જવાબ દેવો ! .... તેથી ખોટું બોલ્યા કે હું પગે લાગીને આવતી રહી છું.

મહાદેવજીને ખબર પડી ગઈ કે સતિ એ સીતાજીનું રૂપ લીધું છે, તેથી તે આજથી મારા માતા સમાન છે, પછી પાર્વતીજી બહું રોયાં. પણ મેળ ખાધો નહિ, પસ્તાવાનો પાર ન રહ્યો ! મેં મારા પતિનું માન્યું નહિ તેથી દુઃખી થવાનો વારો આવ્યો.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, પરમેશ્વરનાં વચનને મૂકીને જીવ જયારે આડો અવળો ડોલે છે, ત્યારે કલેશને પામે છે અને જો વચનને વિષે રહે તો દુઃખ ન આવે, અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે, તે પ્રમાણે ગૃહસ્થને રહેવું, ને જેટલું ભગવાનનુ વચન લોપે છે, તેટલો કલેશ થાય છે. માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે. તે પ્રમાણે ત્યાગીને રહેવું, જેમ શ્રીજી મહારાજે કહ્યું છે તે પ્રમાણે રહેવામાં મજા છે.

**મનનું ગમતું મુકવું મોટા પાસજી, વર્તવું થઈ દાસના દાસજી;**
**તો મન મને ન આવે કેદિ ત્રાસજી, જો રહે એવો અખંડ અભ્યાસી.**

મોક્ષ માર્ગે તત્કાળ પ્રગતિ કરવી હોય તો પોતાનું ગમતું મૂકીને દાસના દાસ થઈને રહેવું, મોટા આગળ માન રાખવું નહિ. જયાં સુધી નમ્રતાથી કામ પતે ત્યાં

સુધી ઉગ્રતા ન લાવો. શ્રીજી મહારાજ વચનમૃતમાં કહે છે, જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે, તેવો કોઈ પદાર્થમાંથી આવતો નથી, માનને તજીને જે ભગવાનને ભજે તેને સર્વ હરિભકતમાં અતિશે મોટો જાણવો ! માન ટાળવું હોય તો શું કરવું ? મહિમા સમજયા વિના જીવ બળીયો થાય નહિ.

ભગવાનનું અને સંતનું મહાત્મ્ય બરાબર જાણે અને વિચારનું બળ રાખે તો માન ટળી જાય છે, માણસ પોતાના જીવનમાં બધુંય સમર્પિત કરી શકે છે. પરંતુ પોતાનું ગમતું સમર્પિત કરી શકતો નથી. મનનું ગમતું છોડવું કઠણ છે. પૂર્વે ઘણા મોટા મોટા મહારાજાઓ એ રાજય છોડયાં છે. પુત્ર પરિવાર છોડયાં છે, ઘણા ભકતોએ માથાનાં પણ દાન દીધાં છે. આ બધું છોડી શકયા છે. પરંતુ મનનું ધાર્યું છોડવું ઘણું કઠણ છે. મનનો માનવી ઉપર કાબુ એટલે વિનાશ, અને માનવીનો મન ઉપર કાબુ એટલે વિકાસ, મન બીજાનાં ગમતામાં રહેતા શીખશે તો જ તેનામાં દાસપણું આવશે.

**માન મૂકે માન વધે, માન રાખે ઘટી જાય માન;**
**એમ સમજી સંત શાણા, માન મૂકવા છે અતિ તાન.**

માન મૂકો તો માન વધી જાય, માન રાખો તો માન ઘટી જાય, વિચિત્ર વાત છે. ઘણી વસ્તુને રાખો તો વધે, માન રાખો તો વધે ને મૂકો તો ઘટે, માનને કારણે માનવી દુઃખી થાય છે, નિર્માની સદાય સુખી થાય છે.

એને કોઈ કષ્ટ આવતું નથી. હનુમાનજી મહારાજ પોતાનાં મનમાં ધારેલા દરેક સંકલ્પ છોડી ભગવાન શ્રી રામચંદ્રજીના ગમતામાં રહ્યા તો એમનાં નામ અમર રહી ગયા, ભગવાનને હારે એમની પૂજા થાય છે.

માન મોટા સંતનો અપરાધ કરાવે છે. ચિત્રકેતુરાજાએ મહાદેવજીનો અપરાધ કર્યો, દક્ષપ્રજાપતિએ મહાદેવજીનો અપરાધ કર્યો, એવી રીતે માને કરીને અનેક ભકતો મોક્ષ માર્ગમાંથી પડી ગયા છે, માને કરીને પ્રજાપતિનું મુખ બકરાનું થયું, માને કરીને ચિત્રકેતુને અસુર થવું પડ્યું, માન ડાહ્યામાં હોય અને ભોળામાં ન હોય એમ સમજવું નહિ, ભોળામાં ડાહ્યા કરતા વધારે હોય છે.

## સત્સંગનો યોગ મળ્યો, માને કરી પાછળ રહ્યો

જામનગરમાં ગુણાતિતાનંદ સ્વામી પધાર્યા, અનેક ભકતો સભામાં બેઠા છે.

સ્વામી સરસ મજાનો ઉપદેશ આપે છે, ત્યાં એક માણસ આવીને સભામાં આગળ બેઠો, જગ્યા નહોતી છતાંય આગળ બેઠો, તેથી સ્વામીએ કહ્યું, ભગત જરાક પાછળ બેસો ! આટલું કહ્યું, ‘‘ત્યાંતો આ માણસનું મોઢું બગડી ગયું, તરત ઉઠીને છેક છેલ્લે સભાની પાછળ બેસી ગયો.

રગેરગમાં સ્વામીનો અભાવ આવી ગયો. સંત છે પણ આદર આપવાનો કોઈ વિવેક નથી..... દરરોજ કથાં સાંભળવા આવે પણ સૌથી છેલ્લે જ બેસે આગળ જગ્યા હોય તો પણ બેસે નહિ. સ્વામીએ કહ્યું, આગળ જગ્યા છે, આવોને ! ત્યારે રોષથી બોલ્યા કે આગળ તો ઉજળા કપડાવાળા પૈસાદાર બેસે, અમારાથી આગળ બેસાય નહિ, અમે તમારી નજરમાં કયાં આવીએ એવા છીએ.

સ્વામીએ હાથ ઝાલીને કહ્યું, ‘‘મારી ભૂલ થઈ હશે, હવે આગળ બેસો.... તો હાથ છટકાવીને ઘરે જતો રહ્યો. સ્વામી નીરાશ થઈ ગયા. સત્સંગનો યોગ મળ્યો, પણ માને કરીને પાછળ રહ્યો. માનમાંથી અપરાધ થાય છે. માની કોઈનું જલદી માને નહિ. ભલે હેતના વચન હોય તો પણ માને નહિ. એને ચડાવનારાં ઘણાં હોય. માની બીજાને હેરાન બહુ કરે.

## માન મતિને ફેરવી નાખે છે

સત્તાનું માન, કુળનું માન, ધનનું માન, બળનું માન, વિદ્યાનું માન કોઈ પણ પ્રકારનું માન આવી જાય તો મતિને ફેરવી નાખે છે. સવળું સુઝવા દેતું નથી. આ જગતની અંદર ઘણા ભકતજનોને ભકિતનું પણ અભિમાન આવી જાતું હોય છે. માન વિના એકલી ભકિત કરવી સારી લાગતી નથી, ભજન, કીર્તન, માળા, મંત્ર, પૂજા, પાઠ કે સેવા એ આદિક સત્કાર્યમાં પણ કોઈ વખાણ કરે તો સારૂં લાગે છે અને વધારે કરવાનું તાન જાગે છે, એને જો વખાણે બધા આજથી નિયમ લઈએ કે નિર્માની થઈને હરિભજન કરશું, નિર્માની ભકત ભગવાનને બહુ વહાલા છે.

નિષ્કુળાનંદ સ્વામી ઈર્ષાની વાત સમજાવે છે, માનની દીકરીનું નામ છે ઈર્ષા પ્રગટ થાય છે, સદ્‌ગુણ નથી ને મોટું થાવું છે તે કેમ બનશે!

**દોટ દીયે છે ખોટ ટાળવા, પણ ખોટ રજ ખસતી નથી.**
**ઈર્ષા રહી તેને આવરી, તે સળગી ન થાય ઉરથી.**

ઈર્ષામાંથી બીજા અનેક દોષો ઉત્પન થાય છે, ઈર્ષા શ્વપચ જેવી છે, ઈર્ષાનું

કામ છે બાળવાનું, જેનામાં વસે તેના હ્રદયને બળ્યા કરે, ઈર્ષાનો બાપ માન છે ! અને ઈર્ષાની મોટી બહેન નિંદા છે, ઈર્ષા મોટા ભાગે બરોબરીયામાં ચાલતી હોય છે.

સત્તાધીશોમાં પણ પરસ્પર ઈર્ષાની આગ જલતી હોય છે. નોકર નોકરમાં, પ્રધાન-પ્રધાનમાં , કલાકાર-કલાકાર વચ્ચે, ડોકટર-ડોકટર વચ્ચે ઈર્ષા ચાલતી હોય છે. કથાકાર-કથાકાર વચ્ચે, ભાઈઓ-ભાઈઓ વચ્ચે દેરાણી-જેઠાણી વચ્ચે, મંડળધારી-મંડળધારી વચ્ચે ઈર્ષાની અગ્નિ ઝબકારા મારતી જ રહે છે.

માગી ખાનારા ભીખારી પણ બીજા ભીખારીને જોઈને કૂતરાની જેમ ઝગડે છે, શ્રીજી મહારાજ કહે છે, “જેની ઉપર ઈર્ષા હોય તેનું રૂડું થાય ત્યારે તેનાથી ખમાય નહિ, અને ભૂંડું થાય તો રાજી થાય, તે ઈર્ષાનું લક્ષણ છે.

માનવ માનવ વચ્ચેના વર્ષોના મીઠા સંબધને ઈર્ષા તોડી નાખે છે. ઈર્ષા મુંગી છે, નિંદા વાચાળ છે, ઈર્ષા કરતાં નિંદા જલદી દેખાય છે, પરંતુ નિંદક મનુષ્ય ઈર્ષાથી ભરપુર હોય છે, અભાગણી ઈર્ષા કોઈની ઉંચાઈ જોઈ શકે નહિ.

**એવી અભાગણી ઈર્ષા, જેને ગુરુ સંતની ગણતી નહિ;**
**વિનાશ એવા નહિ વિમુખ સંગથી, જેવો ઈર્ષા કરે છે રહી.**

દાદાના દરબારમાં શ્રીજી મહારાજ વારંવાર ઉત્સવો કરે, લાખો ભકતજનો દર્શન કરવા આવે, આનંદના સાગરમાં ઝીલતા હોય, સર્વત્ર દિવ્ય વાતાવરણ પ્રસરેલું હોય, બધા આનંદથી દર્શન કરે, રાસ ઉત્સવ કરે, શ્રીજીમાં ગરકાવ થઈ જાય, પણ એક જીવાખાચરને હૈયામાં હોળી સળગ્યા કરે. દાદો મારાથી નાનો છે ઉંમરમાં અને શ્રીજી મહારાજ દાદાના જ વખાણ કરે, મારા કોઈ દિવસ વખાણ ન કરે, અવકાર ન આપે એવી ઈર્ષાને કારણે શ્રીજી મહારાજને મારી નાખવાના પ્રયાસો કર્યા હતા.

વિચાર કરો ! જેનું રાત દિવસ ભજન કરે છે, પૂજા પાઠ કરે છે, તેને મારાવા સુધીનું કાવતરૂં કર્યું ઈર્ષા કોઈને સવળું વિચારવા દેતી જ નથી સાધુતાની મૂર્તિ સમાન મુકતાનંદ સ્વામી જયારે વડોદરાની સભા જીત્યા. પ્રભુએ તેની ભરસભામાં પ્રસંશા કરી ત્યારે નિર્વિકલ્પાનંદ સ્વામીને હ્રદયમાં બળતરા થઈ કે, અમને મોકલ્યા હોતા તો અમે પણ જીતી આવત. એમાં મુકતાનંદ સ્વામીએ શું મોટું કામ કર્યું જે ભરી સભામાં એના ખુદ શ્રીજી મહારાજ વખાણ કરે છે. આવી રીતે ઈર્ષાને કારણે અભાવ આવવાથી ધીરે ધીરે સત્સંગમાંથી ખસી ગયા.... અને દુર્દશા થઈ.

**જ્યાંથી પાપ છુટવાના હોય ત્યાં પાપ કરે, પછી ક્યાંથી છુટે ?**

**સંત સાચા તે કહિએ રે, કાઢે ખોટ ખોળી ખોળી બહાર;**
**અંતરમાં રહે ઉજળા ડાઘ લાગવા ન આપે લગાર....... સંત.....**

સાચા સંતો પોતામાં જે ખોટ ખામી હોય, તેને બહાર કાઢવાની કોઈ કોશીશ કરતા હોય, અંતરમાં ભજન ભકિત કરીને ઉજળા રહે. જીવનમાં એક પણ ડાઘ લાગવા દે નહિ.

એક વખત શ્રીજી મહારાજ અગત્રાઈ પધાર્યા, અનેક ભકતજનો શ્રીજી મહારાજ પાસે સભામાં બેઠા છે, તે વખતે પર્વતભભાઈએ કહ્યું, હે મહારાજ ! અમે ગૃહસ્થા છીએ, અમારૂ કલ્યાણ થાય તેવી સરળ રીત બતાવો ?

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, હૈયામાં હરિ સાથે હેત, મુખમાં હરિ ભજન, આંખમાં હરિની મૂર્તિ, કાનમાં કથા, હાથમાં માળા, સૌને પ્રણામ આ છ વાનાં રાખશે તે અક્ષરધામમાં જાશે, બીજા વાયુ થઈને ઉડી જશે.

શ્રીજી મહારાજે કહ્યું, આવો સંતો, તમને કાંટા કાઢતા શીખવાડું !

કામ છે તે કસાઈ છે,
ક્રોધ છે તે ચંડાળ છે,
લોભ છે તે પાપનો બાપ છે,
માન છે તે બ્રહ્મરાક્ષસ છે,
ઈર્ષા છે તે ડાકણ છે.
સ્વાદ છે તે રોગ છે,
જગતમાં આસકિત છે તે પ્રેત છે,
જગતની મોટપ છે તે ભૂતડી છે,
તૃષ્ણા છે તે ચુડેલ છે,

આ નવ દોષ જીવના હૃદયમાં કાંટા માફક ખૂંચ્યા કરે છે, દેહમાં એક કાંટો વાગે તો પણ ખૂંચ્યા કરે, એમ આ નવ કાંટા છે તે જીવને ખૂંચ્યા કરે છે, તેને જયારે કાઢશો, ત્યારે સુખેથી અખંડ ભગવાનનું ભજન થાશે, એકાદેક કાંટો જો રહી જાશે તો ભજન ભકિતમાં વિઘ્ન કરશે.

**બીજાના દશ દોષ શોધવા કરતાં તમારો**
**એક દોષ શોધી કાઢો, જીવન ધન્ય બની જશે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે : પારકા દોષને જીુવો નહિ, પણ પોતાના દોષને તપાસ્યા કરે તે સાચા સંત કહેવાય.

**દેખે નહિ દોષ પારકા, ભાળે પોતાની ભુલ;**
**ગણે અવગુણ આપણા, માને સંત હરિના અમુલ... સંત સચા....**

## પોતાની ભૂલ જોતાં શીખો

એક વખત ગામમાંથી સંઘ યાત્રા કરવા ગયો, બધા માણસો સરખા શ્રધ્ધાવાળા ને ભાવના વાળા ન હોય. મંદિરમાં દર્શન કરીને માણસો થાકયા પાકયા હોય તેથી વહેલા સૂઈ જાય, કોઈક સવારે વહેલા ઉઠે, કોઈક મોડા ઉઠે, મંગળા આરતીનાં દર્શન કરવા જાય નહિ. તે યાત્રાના સંઘમાં બાપ-દિકરો પણ હતા.

તે દરરોજ મંગળામાં દર્શન કરવા જાય, એક દિવસ દિકરાએ એના બાપને કહ્યું, બાપુજી આ બધા યાત્રા કરવા આવ્યા છે, કે ખાઈ પીને જલસા કરવા આવ્યા છે ! સાવ ઢોર જેવા જંગલી છે, ભગવાનનો તેને મહિમા નથી, નકામા પૈસા બગાડે છે, એના કરતાં યાત્રમાં ન આવે તો શું વાંધો !

ત્યારે તેના બાપુજીએ કહ્યું, દીકરા બધા માણસો સરખા ન હોય, તું બીજાના દોષ જોવા આવ્યો છે કે દોષ ટાળવા આવ્યો છે. તારા કરતાં સુતા છે એ માણસો સારા છે, બીજાની નિંદા તો નથી કરતાને ! તું તો નિંદા કરે છે. તું તારું તપાસ ! તને બધાની ભૂલ દેખાય છે. તારી ભૂલ દેખાતી નથી.

ત્યારે દીકરાએ કહ્યું, પિતાજી, મારી શું ભૂલ છે !.... બેટા બીજા શું કરે છે તે તું જુવે છે, પણ તું શું કરે છે તે જોતો નથી. બીજાની કુથલી કરવી એ મોટું પાપ છે, ત્યારે દીકરાએ વાત કબુલ કરી, બે હાથ જોડી પ્રભુ પાસે ગયા છે.

**પ્રભુ મને થાજે એવો અનુકુળજી, જેથી મને સુઝે મારી ભૂલ. પ્રભુ મને.**
**દોષ બીજાને દેતાં પહેલાં, હું સમજું મારી ભૂલ;**
**પાપ બધાએ પ્રગટ કરીને, થઈ જાઉં હળવો ફુલ..... પ્રભુ મને...**

આપણી ભૂલ કોઈ બતાવે તો તેને ધન્યવાદ આપો અને આદર સહિત ભૂલને કબુલ કરો ! ભૂલ બતાવનારને આદરથી પ્રણામ કરો. જેથી ભૂલ બતાવવામાં સંકોચ ન થાય.... ભૂલ કબુલ કરતી વખતે શું થાય છે ખબર છે ! માણસ અહંકારથી મુકત થાય છે, અને હૈયામાં હળવાશ અનુભવે છે.

**સમઝે સુખદાયિ સંતને દુઃખદાયિ પોતાનું મન;**
**અરિ મિત્રને ઓળખી તજે ભજે તે હરિજન...સંત સાચા...**

સુખદાયિ સંતને જાણે અને દુઃખદાયિ પોતાનું મન જાણે અને કોઈની સાથે આંટ ન રાખે તેના ઉપર ભગવાન રાજી થાય છે, આંટીદાર સ્વભાવ ભગવાનને ગમતો નથી.

**હરિ રાજી કરવા હોય હૈયે હામજી,**
**તો સંત સંગે હેત રાખો આઠું જામજી;**
**સંત છે સર્વે સુખના ધામજી, તેહ વિના કદિયે ન સરે કામજી.**

શ્રીજી મહારાજ કહે છે, જ્ઞાન વૈરાગ્ય ભકિત આદિ અનેક શુભ ગુણ યુકત જે સંત છે, તેના હૃદયમાં ભગવાન અખંડનિવાસ કરીને રહે છે. સંત જગતના આધાર છે, સંત સંગે હેત રાખશો તો તમારું કામ થઈ જશે.

ભગવાનના ભકત છે તે કેવળ બ્રહ્મની જ મૂર્તિ છે. એને વિષે મનુષ્ય ભાવ લાવવો નહિ, પટેલ જ્ઞાતિમાં કાનજી કરીને એક ભકત હતા. તેને ગોપાળાનંદ સ્વામી સાથે ઘણું હેત હતું. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''કાનજી ભગત ! માયામાં કાયમ રચ્યા પચ્યા કેટલા દિવસ રહેશો ! ચાલો,'' ભગવાન સ્વામિનારાયણનાં દશર્ન કરવા ગઢપુર જઈએ, ત્યાં નિરાંતે સત્સંગ કરશું.

કાનજી ભગત અને ગોપાળાનંદ સ્વામી વિગેરે ભકતજનો ચાલ્યા જાય છે. રસ્તામાં કાનજી ભગત બેસી ગયા. ''ગોપાળાનંદ સ્વામીએ કહ્યું'' કેમ બેસી ગયા, પણ મને ચકકર આવે છે, હું અફીણનો બંધાણી છું, ડાબલી ઘરે રહી ગઈ છે, તેથી હવે મારાથી ચલાશે નહિ, સ્વામી તો મહા સમર્થ સંત છે, બાજુમાંથી વનસ્પતિનાં બે પાંદડા લઈ ચોળીને આપ્યાં. લ્યો આ ચાવીને ખાઈ જાવ, સારું થઈ જશે, અને બંધાણ પણ છૂટી જશે.

પાંદડાં ચાવી ગયા કે તરત ચકકર મટી ગયા, તરત ચાલતા ચાલતા ગઢપુર આવ્યા,.. શ્રીજી મહારાજનાં દર્શન કર્યા. થોડાક દિવસ ગઢપુર રોકાયા, પણ કોઈ દિવસ અફીણ યાદ ન આવ્યું. સંતના પ્રતાપથી મૂળમાંથી વ્યસન નીકળી ગયું, પાકા સત્સંગી થઈ ગયા. આ છે સંતનો પ્રતાપ.

**આ લોક પરલોકમાં પડે, જાણો જરૂર જેનું કામ;**
**તેને સંગાથે કેમ ત્રોડિયે, જાણી સદાય સુખનું ધામ.**

આ લોક અને પરલોકમાં સંતનો સથવારો જરૂર જઈશે. સંત છે તે મોક્ષના

દાતા છે. ગુણાતિતાનંદ સ્વામી કહે છે, ‘‘સાચા સંતો ખાસડા મારે તો પણ અક્ષરધામમાં લઈ જાય,’’ અને બીજા મશરૂનાં ગાદલામાં સુવાડી મુકે તો પણ નરકમાં નાખે, એમ સમજવું.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘જે વૃક્ષમાંથી આપણને ફળ મળે છાયા મળે, શાંતિ મળે તે વૃક્ષને મૂળમાંથી કપાય નહિ, જે બારણેથી બહાર નીકળવાનું હોય તે બારણું બંધ કરશે તો બહાર કઈ રીતે નીકળશે તેમ વૃક્ષ જેવા પરોપકારી સંત છે. તેની શીતળ છાયામાં આપણે બધા બેઠા છીએ. ધ્યાન રાખજો શીતળ વૃક્ષની છાયાને મૂળથી કપાઈ ન જાય. મતલબ કે સંતોની નિંદા કરીને, આવા સત્સંગથી પડી ન જવાય, સંતના અભાવથી ઘણા પડી ગયા છે, સંતોનો અભાવ લીધો તેણે ભગવાનનો અભાવ લીધો છે.

## સંત ભગવાનનું હ્રદય છે

સંત વડવાનળ અગ્નિ સમાન છે, જેમ વડવાનળ અગ્નિ સમુદ્રમાં જળમાં પણ ઓલવાતો નથી, તેમ આ સંસાર રૂપી સાગરની ખારાશ સંતોને સ્પર્શતી નથી. સંસારના ખારા નીરમાં તેઓ બ્રહ્મરસ અને ભકિતરસનું ભકત જનોને પાન કરાવે છે. ખરા ખંતથી અમૃત પીવેતો તે અમર થઈ જાય છે. કહેતાં..... જન્મ મરણના ફેરાથી મુકત થઈ જાય છે. સંતનું શરણું લેવું જ પડશે.

બળવાન સિંહ હોય, તેમ પાપથી છુટવા માટે સંત વિના પોતાના બળે કરીને છુટી શકે નહિ, પોતાના જીવને બળવાન કરવો હોય તેને ભગવાનકે ભગવાનના ભકતને મન કર્મ વચને શુધ્ધ ભાવે કરીને સેવવા. જો આવું સમજાઈ જાય તો કયારેય કોઈનો અપરાધ થાય નહિ. દિવ્યભાવ રાખીને સત્સંગ કરવો, પણ રોષ રાખવો નહિ, આ વાત બરાબર સમજી રાખવી, ભગવાનને મળવું છે ને સંત સાથે રોષ રાખવો છે, તે કયારેય નહિ બને !

## સંતથી અંતરાય ન રાખો

**ઘણું રાજી કરી સંતને, કૈક પામ્યા પરમ ધામ;**
**સંત વિના શોધી જુઓ, સઘળે કહો કેનું સરિયું કામ.**

સંત રાજી થાય તો શ્રીજી મહારાજ રાજી થાય, કાનમદેશથી ફરતા ફરતા

સંતો બામણ ગામમાં આવ્યા. ત્યાં વ્યાપકાનંદ સ્વામી બિમાર થઈ ગયા, સંતોને શ્રીજી મહારાજના દર્શનની તાણ હતી, તેથી ગઢપુર તરફ રવાના થઈ ગયા અને એક માધવાનંદ સ્વામીને સેવા ચાકરી કરવા માટે રાખી ગયા. માધવાનંદ સ્વામીને સેવા કરવાની મજા નથી આવતી !

વારંવાર વિચાર કરે છે, સર્વે સંતોને શ્રીજી મહારાજના દર્શન થશે ને મને નહિ થાય. મન વગરની સેવા કેવી થાય ! લુખી ને શુષ્ક વ્યાપકાનંદ સ્વામીને ખબર પડી ગઈ કે માધવાનંદ સ્વામીને મારી સેવા કરવી ગમતી નથી. હૃદયનો અભિપ્રાય જાણી ગયા, તેથી કહ્યું "સ્વામી તમારે ગઢપુર જાવું હોય તો જાવ. મારી ચિંતા ન કરશો " આવું સાંભળી તરત રવાના થઈ ગયા. પણ વિચાર ન થયો કે એકલા સ્વામી શું કરશે, શું જમશે, વૃધ્ધાવસ્થા છે. કોઈ સાથે નથી.....

માધવાનંદ સ્વામી ગઢપુર આવ્યા, મુકુંન્દ બ્રહ્મચારીને કહ્યું, "શ્રીજી મહારાજને જાણ કરો કે દૂરદેશથી એક સાધુ તમારાં દર્શન કરવા આવ્યા છે." શ્રીજી મહારાજે કહ્યું મારા માંદા સાધુને એકલા મૂકીને મારાં દર્શન કરવા આવ્યા છે, એની સેવા કોણ કરશે ? દર્શનના લોભે સેવા તજી દીધી ! સમયે સાવધાન થાય તેને સાધુ કહેવાય. બીજાના સહાયરૂપ થાય તેને સાધુ કહેવાય. અમારે દર્શન દેવાની કાંઈ જરૂર નથી,...... જેવા આવ્યા છે તેવા પાછા જાય.

મૂંઝાયા હવે શું થાય ! શ્રીજી મહારાજ વ્યાપકાનંદ સ્વામીને ધામમાં તેડી ગયા. એટલે પાછું જવાનું રહ્યું નહિ. પાછી પસ્તાવો થયો કે હું વ્યાપકાનંદજીનો રાજીપો ન મેળવી શકયો ! ને શ્રીજી મહારાજનો પણ રાજીપો ન મેળવી શકયો. ''સેવા મુકિતશ્ચ ગમ્યતામ્ '' સેવા છે તે જ મુકિત છે, સંતને રાજી કરી લે છે તેનાં તમામ કાર્ય સુધરી જાય છે.

વરસાદ ન વરસે તો ધરતી કાયમને માટે સુકાયેલી હોય છે, વરસાદ વરસે ત્યારે ધરતી લીલી થાય તેમ સંતનો સંગ થાય તો સત્સંગ લીલો રહે ને સંગ મૂકી દે તો સત્સંગ અને સદ્‌વિચાર સુકાઈ જાય.

**જેમ રવિ વિનાની રજની, જાણો નથી જાવાની જરૂર;**
**તેમ સંત વિના અજ્ઞાન. અંધારું કદી ન થાય દૂર.**

સૂર્ય ઉગ્યા વિના રાત ન જાય, ઘણા તારા ઉગે, ચંદ્ર ઉગે, છતાં સૂર્ય ઉગ્યા

સિવાય અંધારું ન જાય. તેમ સંત વિના અજ્ઞાનરૂપી અંધારું દૂર ન થાય, સંતો કોઈને ધન સંપત્તિ આપતા નથી પણ સન્મતિ આપે છે, સન્મતિ આપીને સંપત્તિને શુધ્ધ કરે છે. સદાચારી જીવનનું ઘડતર કરે છે.

## પથ્થર સાટે પુત્ર

સત્સંગ કરાવવા સંતો ગામો ગામ ફરતા હતા, ઉપદેશ આપીને અજ્ઞાન દૂર કરતા, કોઈકને ઉપદેશ ગમે, કોઈને ન ગમે તો ક્રોધ કરીને કયારેક સંતોને મારતા પણ ખરા, કુંદળી ગામનો એક કોળી હતો. નામ હતું રવજી. તેણે સંતોને જોયા ને ક્રોધ ચડયો, આ નવરા સાધુ બાવાને કાંઈ કામ નથી. તેથી બધાની પાછળ ફર્યા કરે છે. ભગવાન ભજો ભગવાન ભજો કર્યા કરે છે ! તેથી ખીજાઈને પથ્થર માર્યો, પથ્થર વાગતાં ગોપાળાનંદ સ્વામી બે ભાન થઈ ગયા. લોહીની ધાર થઈ. પછી જયારે ભાન આવી ત્યારે ધીરે ધીરે ઉઠીને સંતો સાથે મંદિરે આવ્યા. એક રાત રોકાઈને બીજે ગામ જતા રહ્યા.

એમ કરતાં ઘણા વરસ વીતી ગયાં, પછી એક દિવસ સંતો પાછા કુંદણી ગામે પધાર્યા. મંદિરમાં ઉતારો કર્યો. સંતના અપરાધી રવજીને હૃદયમાં ખૂબ બળતરા થાય અને શરીરમાં વેદના થાય, ખૂબ દવા કરી પણ ફેર પડવાને બદલે પીડા વધી ગઈ, ત્યારે તેના મનમાં વિચાર થયો કે મેં નિર્દોષ સાધુને પથ્થર માર્યો, તે પાપે કરીને દુઃખી છું અને નિસંતાન છું, ઘરે કોઈ બાળક નથી, હવે શું કરું !

પછી ખબર પડી કે સંતો મંદિરમાં પધાર્યા છે, તેથી પસ્તાવો કરતો રવજી મંદિરે આવ્યો, સંતોને પ્રણામ કર્યા, સંતો ઓળખી ગયા કે, આ પથ્થર મારનાર રવજી છે, છતાં પણ ભાવથી પૂછયું, ભકત કુશળ છોને ! રવજીની આંખમાં આંસુ આવી ગયાં, સંતોએ કહ્યું, કેમ ભગત રડો છો ! શું દુઃખ છે ! રવજીએ કહ્યું, સ્વામીજી, ''હું મહા પાપી છું, તમારો અપરાધી છું, તમારો આદર તો ન કર્યો પણ અપરાધ કરી પથ્થર માર્યો, મારા પાપનું શું વર્ણન કરૂં !''

મારા હૃદયમાં છાતીમાં સતત બળતરા થાય છે, જમવાનું ભાવનું નથી, ઉંઘ આવતી નથી અને શાંતિ થતી નથી, મારાથી ભૂલ થઈ ગઈ છે ! મને માફ કરો અને વાંઝીપાણું ટાળો, એમ કહી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડે છે.

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ચિંતા ન કરો ! ભગવાન સારું કરશે, આશીર્વાદ આપીએ છીએ પથ્થરને સાટે ભગવાન તમને એક પુત્ર આપશે. સમય જતાં સંતની ઈચ્છાને માન આપી ભગવાનની કૃપાથી રવજી ભગતને ત્યાં એક દીકરાનો જન્મ થયો !

એક વરસના દીકરાને લઈને રવજી ભગત વડતાલ આવ્યા, ગોપાળાનંદ સ્વામીને પગે લાગીને બેઠા, સ્વામીએ હેતાળ હાથ બાળક ઉપર ફેરવતાં કહ્યું, આ બાળકનો આત્મા બળીયો છે, તેથી ભગવાનનો ભકત થશે અને તમારી સારી રીતે સંભાળ રાખશે, તમે શાંતિથી ભગવાનનું ભજન સ્મરણ કરજો, વર્તમાન ધરાવીને નિયમ ધર્મની રીત ભાવ શીખવાડીને પૂજા આપીને કહ્યું, પ્રેમ ભાવથી પૂજા કરજો, અને નવરાશ મળે ત્યારે વડતાલ દર્શન કરવા આવજો.

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, "મોટા પુરુષ રાજી થાય તો જીવન ગમે તેવા ખરાબ પ્રારબ્ધ હોય તે સારા થઈ જાય છે અને સુખીયો થઈ જાય છે, આવા નિર્માની સંતોના પ્રતાપથી સત્સંગ વિકાશને પામ્યો છે, આજે પણ એવા મહાન સંતો આપણા સત્સંગમાં છે, જેની વાણી સાંભળીને અનેક માણસોના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

આ જગતની અંદર તમે નજર કરી જુઓ, સાધુ સાથે હેત રાખે છે, સત્સંગ કરે છે, ભજન કીર્તન કરે છે, તેનામાં જ તમને સદગુણો દેખાશે, જે વ્યકિત સત્સંગ નથી કરતા, કથા વાર્તા નથી સાંભળતા, તેનામાં એક પણ સદ્‌ગુણ તમને દેખાશે નહિ, સંત સમાગમ વિના જીવનમાં પ્રગતિ થતી જ નથી, જેને સત્સંગ કરવો ગમે નહિ, કંટાળો આવે તે સુકા બાવળીયા જેવો થઈને રખડે છે.

**સાચા સંત જાણો જગતમાં થોડાજી,**
**બીજા બહુ ઘરોઘર ફરે માથા ફોડાજી;**
**જયાં ત્યાં ખાય છે જગતના જોડાજી,**
**તોય નથી લાજતા પ્રજાપતિ ઘર ઘોડાજી.**

એક આ જગતની અંદર સાચા સંત અને સુપાત્ર બ્રાહ્મણ તમને જલદી જોવા મળશે નહિ. વીરલ સંત મળવા બહુ મોંઘા છે, મુક્તાત્મા સંતો અમૂક જ તમને મળશે, સોનાની ખાણમાંથી ત્રણ હજાર ફુટ ઉંડેથી પાંચ ટન માટી લઈ આવે ત્યારે

તેમાંથી એક તોલું સોનું માંડ મળે ! તેમ આ જગતમાં મુકતાત્મા સંત મળવા બહુ દુર્લભ છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, માથા ફોડા લબાડ, ને લજામણ ગામો ગામ માંગ માંગ કરતા ફરતા જ હોય, ન હો તો ઝગડા કરે આવા બાવા જગતમાં જોવા ઘણા મળશે, પ્રજાપતિના ઘોડા જેવા એટલે ગધેડા જેવા ઘણા રખડતા હશે, એના કેવા લક્ષણ હોય તે સાંભળો !

**ખાન પાનને રહે ખોળતા ત્રિયા ધનને તાકે ઘણું;**
**માળા તિલકને મુદ્રા એની ધારે છે ધીરવવા પણું.**

સંસારીની જેમ સ્ત્રી અને ધન જેને રાખ્યા છે, ખાલી ભગવાં લુગડા પહેર્યા છે, તેને સાધુ કેમ કહેવાય ! તેને ગધેડા કહેવાય ! માળા, તિલક અને ભગવાનનું નામ રાખે ખારા, એના લીધેથી માણસો પગે લાગે ને પૈસા આપે, વેશ, ઉપદેશ ને વાતું સાચા સાધુ જેવી જ કરે પણ અંતરમા કેવળ જગતની માયા ભરી છે. ફેલ ફતુર ને વ્યસનમાં ભરપુર હોય, વ્રતનિયમ એના જીવનમાં કાંઈ ન હોય, ધર્મની નિંદા કરતા હોય ! એને સાધુ ન કહેવાય.

ચાર પાંચ લંપટ સાધુ એક ગામાં આવ્યા, ચોરામાં બેસીને ભાગવત વાંચે, પણ નજર પૈસા સામે હોય, કેટલા પૈસા થાળીમાં આવે છે, તે બરાબર જોયા કરે, એકાદશીની કથા વાંચે છે. કે અંબરીષ રાજાએ ભાવથી એકાદશીનું વ્રત કર્યું તો ભગવાન બહુ રાજી થયા, તે ગામના માણસો બધા એકાદશીનું વ્રત કરે ફરાળ જમે, પણ અનાજ કોઈ જમે નહિ, બનવા યોગ્ય તેજ દિવસે એકાદશી હતી, એટલે ગામના ભાવીક ભકતોએ કહ્યું.

સાધુરામ, આજે એકાદશી છે, તેથી અમારે ઘરે, ફરાળ કરવા પધારજો સાધુએ કહ્યું, અમે એકાદશીના ફરાળ કરતા નથી, તમે પણ શું કામ કરો છો ? એકાદશી છે જ નહિ, જગન્નાથપુરીમાં બાંધી મૂકી છે, માટે દાળા ભાત રોટલી ખાઈને જલસા કરો !

ગામના ભકતોને ખબર પડી કે આ સાધુ નથી ગધેડો છે, કાઢો બહાર, નહિંતર ગામ બગાડશે, મારી કૂટીને ગામ બહાર કાડી મૂકયા, પોતે પાપથી ભરેલા હોય તે બીજાનું શું ભલુ કરે માટે સાધુને ઓળખીને સમાગમ કરવો, આવા પાપી સાધુની સેવા કરો તેમાં તમનુે પુન્ય થાય નહિ, પણ પુન્ય હોય તે પણ બળી જાય છે.

**ગધ્ધા ધોળા ધોળ્યા પરા સારી લાગે શામળી ગાય;**
**નિષ્કુળાનંદ ગાય પૂજીએ પણ ખરા ખરી ન પૂજાય.**

ધોળા સફેદ ઉજળા ફુલ જેવા ગધેડા હોય પણ એને કોઈ દિવસ પૂજાય નહિ, નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ગાય ભલે શામળી હોય પણ ગાય પૂજાય પણ ગધેડા ન પૂજાય, નિષ્કુળાનંદ સ્વામી ચોખવટ કરી દીધી છે, કોઈને બાકી નથી રાખ્યા, માટે સમજી વિચારીને સમાગમ કરવો !

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે, તેવું કોઈ સાધુએ લખ્યું નથી, મર્મની વાત જલદી સમજાય નહિ પણ સ્વામીએ તો ચોખ્ખે ચોખ્ખું કહી દીધું છે.

**વારૂં છે વસમી વેળાતણી, જયારે આવે પળ વળી આકરી;**
**તે સમે સાચા સંત સગા, કાંતો સગા છે શ્રીહરિ;**

આ જગતમાં દેહનાં સગાં છે ખરાં પણ સ્વાર્થના સગાં છે. પણ ભગવાન અને સંતો છે તે સાચા સગા છે, કઠણ કાળમાં સંતો સહાય કરે છે.

ગામ બુરાનપુરમાં એક દીવાનજી હતા, નામ છે દાદો, વ્યસનમાં ભરપુર રહે, ધર્મ નિયમનું કોઈ પાલન નહિ, પણ હૃદયમાં દયાભાવને લીધે સદાવ્રતમાં અનેક તીર્થવાસીને, ગરીબને, સાધુ સંતો જે આવે તેને જમાડે. તે સદાવ્રતમાં અચાનક સ્વામિનારાયણના સાધુ આવ્યા હશે, તેને પણ જમાડેલા.

દીવાનનો અંત સમય આવ્યો ત્યારે અનેક બાવાઓને યાદ કર્યા દેવ દેવીને યાદ કર્યા પણ કોઈ આવ્યા નહિ, યમદૂતો બાજુમાં કાળા પાશ લઈને ઉભા છે, હવે શું કરવું ! “ હવે શું કરવું ! ઘણા બાવા ફકીરને જમાડયા હતા, અંતે વસમી વેળાએ કોઈ ન આવ્યા ! આવે કયાંથી ! તે બધા ખોટા પાપીને દુરાચારી હતા, બધા યમપુરીમાં બાંધેલ હતા, બાંધેલા આવે કયાંથી ! કઈ રીતે આવી શકે ?

અમે કરતાં અચાનક સ્વામિનારાયણ ભગવાનના સંતોને યાદ કર્યાં, કે તરત સંતનાં દર્શન થયાં. બે હાથ જોડી નમસ્કાર કર્યાં. સંતોએ યમદૂતને કહ્યું, આ જીવાત્માને અમે લઈ જવા નહિ દઈએ, એનું અન્ન અમે જમ્યા છીએ માટે મૂકી દો !

યમદૂતોએ કહ્યું, તો તમે અમારી સાથે ધર્મરાજા પાસે ચાલો ! ધર્મરાજા જેમ કહે તેમ કરજો, સંતો દીવાનના જીવને લઈને ધર્મરાજા પાસે આવ્યા, ત્યારે ધર્મરાજાએ બે સંતોને હાથ જોડી આદર આપી નમસ્કાર કર્યાં, સારા આસન ઉપર બેસાડીને

પૂછયું, આપનું પધારવાનું કારણ કહો ?

સંતોએ કહ્યું, આ દીવાનજીએ અમને એક વખત જમાડ્યા છે, માટે એ ભલે પાપી છે પણ યમપુરીનો અધિકારી નથી. ત્યારે ધર્મરાજાએ કહ્યું, કાંઈ વાંધો નહિ, જેમ પુરુષોતમ નારાયણ કહે તેમ તમે કરો ! સંતોએ શ્રીજી મહારાજને પૂછયું, મહારાજે કહ્યું, એણે પાપ ઘણાં કર્યાં છે પણ તમને જમાડયા છે તેથી યમલોકમાં નહિ, પણ દેવલોકમાં લઈ જાવ, થોડા વરસો ત્યાં રહીને પછી આ ભરતખંડમાં સત્સંગીને ઘરે જન્મ લઈ સારા સત્સંગી થઈને પછી અમારા ધામમાં આવશે.

ફકત બે સંતોને જમાડેલા તેથી જીવ યમપુરીમાં જતાં અટકી ગયો, આ છે સંતનો પ્રતાપ, સાચા સંતને મળીને ભગવાન ભજી લ્યો, દેવાનંદ સ્વામી ગાય છે.

**ભજી લે ભગવાનને સાચા સંતને મળી,**
**વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળી;**
**પૂર્વ કેરાં પાપ તારા તો જાશે ટળી..... ભજી લે ભગવાનને....**
**ઓળખી લે અવિનાશી રહેજે જ્ઞાનમાં ગળી;**
**રીઝશે રંગરેલ વહાલો અઢળક ઢળી.... ભજી લે ભગવાનને....**
**ચેતી લે ચિતમાં વિચારી ચાલજે ડરી,**
**દેવાનંદમાં નાથ ભજો પ્રેમમાં ભરી..... ભજી લે ભગવાનને....**

સાચા સંતનાં લક્ષણ દર્શાવતાં સ્વામી કહે છે, અખંડ હરિની આજ્ઞાનું પાલન કરે, આકાળમાં પણ આજ્ઞા લોપે નહિ,આ લોકનાં સુખને ઈચ્છે નહી, દેહાભિમાન દૂર કરીને સદાય હરિ સન્મુખ રહે તેનું નામ સાચા સંત કહેવાય, શિરને સાટે સત્સંગ કરે પણ જરાય ઢીલા ન થાય તેનું નામ સાચા સંત, એવા સંતનાં દર્શન થાય તો તમામ દુઃખ દૂર થઈ જાય છે. સંત દર્શનથી પાપ બળે છે !

એક સમયે ગોપાળાનંદ સ્વામી વડોદરા પધાર્યા, નારૂપંતનાનાને ત્યાં પધરામણીએ જતા હતા, જયાં દરવાજો ખોલ્યો, ત્યાં બીલાડી મોઢામાં ઉંદરને પકડીને જાય છે. ગોપાળાનંદ સ્વામી બોલ્યા, અરે પાપી ! આવા ભયંકર પાપ કરે છે, તે કયારેય છુટીશ ! મૂકી દે ઉંદરને, તરત બીલાડીએ ઉંદરને મૂકી દીધો, તરફડતા ઉંદર ઉપર સ્વામીએ પાણીનો છંટકાવ કર્યો પવિત્ર છંટકાવથી પાપ બળી ગયાં, ‘‘સ્વામીએ કહ્યું,’’ તારો સત્સંગીને ઘરે જન્મ થશે, બીલાડીને પણ પાણી છાંટયું, તારો પણ

સત્સંગીને ઘરે જન્મ થશે, બીલાડી મર્યા પછી બીજે જન્મ કંદોઈને ઘરે દીકરી થઈ અને ઉંદર મર્યા પછી બીજો જન્મ પુરુષોતમ ભટ્ટને ત્યાં થયો.

હિંસક પ્રાણીમાંથી સંતોએ માનવ જન્મ અપાવ્યો, ઉંદર અને બીલાડીને કાંઈ વ્રત, તપ, દાન કે પૂન્ય કર્યા નહોતાં છતાં સત્સંગમાં જન્મ મળ્યો. સંતના હાથનું પાણી અડે તો પણ પાવન થવાય છે. મહિમા સહિત સંત દર્શન કરે તો પરમપદને પામી જાય છે.

## સંત હાલતું ચાલતું તીર્થ છે

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, નરસાનો સંગ નઠોર છે, એના કરતાં નાગ વાઘ ને અગ્નિ એ સારા કારણ કે એ કરડી જાય તો એકજ વાર દેહ પડે, પણ જો પાપીની સોબત થઈ જાય એમાં હેત બંધાઈ જાય તો વારંવાર દેહ ધરાવે ને નરકમાં નાખે. વિમુખના સંગથી બચો.

કોઈ માથું કાપી નાખે, કોઈ હિમાલયમાં દેહ ગાળી નાખે, અચાનક કૂવે પડી જાય તો એકવાર મરવું પડે એ સારૂં છે. પણ પાપીનો સંગ અતિ ખરાબ છે, ઢેઢ, ઢીમર, પારધી અને ગૌહત્યારાના સ્પર્શ કરતાં ભગવાનથી જે વિમુખ હોય એનો સ્પર્શ તેનાથી પણ ખરાબ છે.

**વિમુખ મુખે મીઠુ વદે પણ ફેરવે ચારે ખાણ**

દુર્જનની વાણીમાં મીઠાશ લાગે પણ હૈયામાં હળાહળ ઝેર ભર્યું હોય છે.

**સમઝી સુંવાળા સર્પને કોઈ સુવી લઈ વળી સોઢમાં;**
**માનજો તેને મને મારશે, અવશ્ય કરડી ઓડમાં.**

સર્પને સોડમાં લઈને સુવે તો કરડયા વગર મૂકે નહિ, તેમ કુસંગ છે તે સર્પ જેવો છે, જો કુસંગીનો ગુણ આવ્યો તો જમપુરીમાં ધકેલ્યા વગર મૂકે નહિ,

## ડરના હો પાપ સે ડરીએ, ભાગના હો તો દુર્જન સે ભાગીએ.

માણસ માત્રને ખબર છે, મારે કેમ વર્તવું જોઈએ. બધી ખબર છે, છતાં ઉન્મત થઈને ભગવાનનાં વચન લોપે છે, ન ખાવાનું ખાય છે, ન બોલવાનું બોલે છે, ન જાવાનું હોય ત્યાં જાય છે, પછી જમના દંડા ખાશે, જયાં ત્યાં ફાંફા મારશે, તો પણ પેટ પુરતું ખાવા નહિ મળે, પહેરવા વસ્ત્ર નહિ મળે, જંગલમાં જયાં ત્યાં ભટકવું પડશે.

માથું ધુંણાવીને પસ્તાવો કરશે કે મેં આટલું બધું પાપ શું કામ કર્યું, મેં મા બાપને શું કામ સતાવ્યા અને દુભાવ્યા, મેં કપટ દગો કર કેવળ પૈસા ભેગા કર્યા, પણ કાંઈ દાન પૂન્ય કર્યું નહિ, મેં જેટલું ભેગું કર્યું તે બધી વસ્તુ ત્યાંજ પડી રહી, મારે વાપરવામાં કાંઈ કામ આવી નહી, મને સાધુ ઘણું સમજાવતા કે ભાઈ અન્યાય અનીતિ મૂકીને ભગવાન ભજો, એક દિવસ ભગવાનને ઘરે જાવું પડશે, અને રતી રતીના જવાબ દેવા પડશે, માટે સારાં કામ કરજો પણ ખરાબ કામ ન કરશો, ઘણું સમજાવતા પણ મેં કોઈ વાત સાચી માની નહિ, હું સાવ નાસ્તિક જ રહ્યો ! ભગવાનનો આશ્રય મેં લીધો નહિ.

પાપી વિલાપ કરશે કે આ દુઃખનો અંત નથી આવતો ! હવે હું શું કરું ! કયાં જાઉં ! મેં મારા મનનું ગમતું કર્યું, કોઈનું હું માન્યો નહિ, હવે આ દુઃખ દરિયાનો પાર કયારે આવશે !

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવું સાંભળીને ભગવાનનું વચન ન પાળતા હો તો પાળવાનું શરૂ કરી દેજો, માર પડશે ત્યારે શું કરશો ! ભૂંડ, કૂતરાં અને ગધેડા વિગેરે ચાર પગવાળા પશુ થાશો ત્યારે શું કરશો ! ત્યારે ભજન ભકિત થાશે ? ભગવાનનું નામ લેવાશે ? કાંઈ નહિ થાય !

સ્વામી કહે છે, આ શાસ્ત્રમાં તમને માન ન રાખવું તેની બાબત સમજાવી ઈર્ષા ન કરવી તેમજ સંત અને અસંત કોને કહેવાય તે બાબત સમજાવી તે સાવચેત થઈને શીખામણ માનજો.

એક વૃધ્ધ બાપા પોતાના ઘરના ઓટલે બેઠા બેઠા રડતા હતા. અને ગાળો બોલતા હતા, ત્યાંથી બે સંતો પસાર થયા, સંતોએ પૂછયું, બાપા કેમ રડો છો ? બાપાએ કહ્યું, મેં મારા દીકરાને પાળી પોષીને મોટો કર્યો, ભણાવ્યો, પરણાવ્યો અને ગામ ગરાસ આપીને રસ્તે ચડાવ્યો પણ હવે મને ભૂલી ગયો છે. આજે મને ખૂબ માર્યો છે ! હાડકાં દુઃખે છે. મારા પત્ની છે નહિ, હવે હું શું કરું ! મારી ચાકરી કોણ કરશે ! એમ કહી વધુ રડવા લાગ્યા.

સંતો તો પર હિતકારી હોય છે, તેમણે કહ્યું, બાપા ચાલો અમારી સાથે મંદિરમાં જમવાનું દેશું અને જે સેવા થાય તે કરજો, અને બેઠા બેઠા કથા સાંભળજો અને માળા ફેરવજો, મજા આવશે.... ચાલો અમારી સાથે.... બાપો ખીજાઈ ગયા.... તમે શું

બોલો છો ? મને મારા દીકરાથી જુદા પાડવા ઈચ્છો છો ! ગમે તેટલું મારશે તોય મારા દીકરા છે ને ! તેમાં તમને શું. મંદિરે નહિ આવું મને માળા ફેરવતા ફાવે નહિ, તમે છાંના માના ચાલ્યા જાવ......

ત્યારે સંતોએ કહ્યું, દીકરાની માર ખાવ ને જલસા કરો, અહીંયા દીકરાની મારા ખાજો અને માર્યા પછી જમની મારા ખાજો, આવો જેને સગા પ્રત્યે હેત હોય તેને શીખામણ શું અસર કરે ? સંતની વાત કડવી લાગે તો કેમ ઉધ્ધાર થાય. દીકરાનો અભાવ ન આવ્યો પણ સંતનો અભાવ આવ્યો. વિમુખની સાથે રહેવામાં નુકશાન છે.

**જયાન છે જરૂર તે જાણજો, વસતાં વિમુખની પાસરે;**
**આળ આવી ચડે અણ ચિંતવી, થઈ જાય ધર્મનો નાશરે. જયાન.**

જુગારીયાની ટોળીમાં અથવા ચોરની ટોળીમાં સારો માણસ બેઠો હોય અને જો પોલીસ પકડવા આવે તો સારા માણસોને પણ ભેગા પકડી જાય, પાપીની સોબત પાપ વધારે કરાવે છે, અને અણ ચિંતવી શાળા પણ ચડી આવે, માટે દુર્જનથી દૂર રહેવું.

નિષ્કુળાનંદ સ્વામી હવે મનમુખી મરજી પ્રમાણે વર્તનારાની વાત કરે છે, મને રાખવા માટે ઘણી બધી સંતો મહેનત કરતા કે સત્સંગમા જેવું સુખ છે તેવું કયાંય નથી. સત્સંગ તો કલ્પવૃક્ષ સમાન છે. ડાહ્યા સાધુ મને બહુ સમજાવતા પણ મને સત્સંગમા ગમ્યું જ નહિ, તેથી હું મંડળી મૂકીને ભાગ્યો !

**મહાત્મય મહિમા મોટપ દેખાડી, જકડી બાંધ્યો તો મારા જીવને;**
**નિસર્યાનું નહોતું બારણું, કોણ જાણે કર્યું કેમ દૈવને.**

વિમુખ વિમુખ પાસે વાત કરે છે. મને મહીમા ઘણો કહેતા સંતો કે ઉપવાસ કરીએ તો અશ્વમેઘ યજ્ઞનું પુન્ય થાય. સંતની સેવા કરીએ તો ભગવાનની સેવા તુલ્ય, ફળ થાય, પ્રલોભન બતાવતા, નિયમ ધર્મથી મને જકડી રાખ્યો હતો. કે સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો ઉપવાસ કરવો પડે, પૈસાને અડાય નહિ, જમવા વખતે પાણી નાખીને જમવું, વિગેરે કરવું પડતું, કેમ કરીને સાધુથી છૂટો થવાય એમ હતું નહિ, છતાં હું નીકળી ગયો.

મારા ગુરુ મારી ઘણી જતન રાખતા, વારંવાર સમજાવતા પણ મને એની એક પણ વાત ગળે ઉતરી નહિ, મારું મન માયામાં જ લાગેલું હતું, તેથી હું અર્ધી

રાત્રે શાસ્ત્ર લઈને બધાંને સુતાં મૂકીને ચાલતો થઈ ગયો. આ રીતે વિમુખ બીજા માણસ પાસે લડાઈ કરે છે.

ત્યારે માણસોએ કહ્યું, તને ખબર હતી કે ત્યાગાશ્રમ લઈ સાધુ થાવું તે કાંઈ છોકરાની રમત નથી ! એતો ઉઘાડી તલવાર ઉપર ચાલ્યા જેવો કઠણ માર્ગ છે, તો સમજી વિચારીને સાધુ થાવું હતું ને ! સ્થાન ભ્રષ્ટ થાવું તે કેટલું ખરાબ છે. તેનું આ લોક અને પરલોકમાં સારું થતું નથી, માટે લડાઈ કરવી રહેવા દે.

ત્યારે વિમુખે કહ્યું, મને એમ હતું કે ઘરે બરાબર જમવા મળતું નથી, સાધુ થઈએ તો બરાબર જમવા મળે અને માનપાન પણ મળે.

**ગળી રસોઈ ગમો ગામમાં, ઘણી આપશે ઘેરઘેર;**
**જનમ ધરી જે જડી નથી, તે પામશું બહુ પેર.**

મને એમ હતું કે ગામો ગામ વાસ્તુ પૂજન કરવા જાશું, કથા કરવા જાશું ત્યારે મનગમતું જમવા મળશે. દાળ, ભાત, રોટલી, ભારે ભારે મીષ્ટાન્ન મેવા જમવા મળશે ! પણ અહી તો રીત જાુદી જ હતી..... સરસ મજાનાં અમૃત જેવા ભોજનમાં પાણી નાખીને ભેગું કરીને જમવું પડે, એવું રગડા જેવું ભાવે નહિ, મૂંઝવણ થાય, પાત્ર નાનું હોય, પાછુ એક ટાઈમ જમવા મળે.

મંદિર બંધાતું હોય તો મહિમા સમજાવીને ઈંટ ને પથ્થરા ઉપડાવે, ભગવાન પણ સેવા કરતા, તમે પણ કરો આવું મને કહેતા, સાધુ થઈએ તો પણ પથ્થરા ઉપાડવાનું કુટણું રહ્યું, તો એ શું કામનું ! તેથી મને ગમ્યું નહિ. મને તો વગર મહેનતે રાખ્યો હોત તો મજા આવત.... આવી રીતે વિમુખ સેવાનો કાયર હોય છે ! ખાવાનોજબરો હોય છે....

## સંતો આધ્યાત્મિક ક્ષેત્રે અગ્ર સ્થાન ધરાવે છે

બ્રહ્માનંદ સ્વામી પાસે બે સાધુ ભણવા આવ્યા, ત્યારે મૂળી મંદિરનું બાંધકામ ચાલું હતું, થોડી વાર સ્વામી ભણાવે અને પછી કડીયા કામ કરતા હોય ત્યાં દેખરેખ રાખવા જાય, અને પોતે પણ સેવા કરે, પથ્થરા ઉપાડે, ગાર કરી દે, પાણી ભરી આપે અને વિદ્યાર્થી સાધુને પણ સાથે સેવા કરાવે, ત્યારે વિદ્યાર્થી સાધુને થયું, સ્વામી અમને પાઠ આપીને પછી સેવા કરવા લઈ જાય છે, તો અમે કયારે પાઠ પાકો કરીએ !

માટે આંહી રહેવું નથી, બીજા સંત પાસે અભ્યાસ કરશું !

સ્વામીની રજા વગર બે સાધુ ગઢપુર ગયા, ત્યારે બીજા સાધુએ પૂછયું, તમે મૂળીમાં બ્રહ્માનંદ સ્વામી પાસે ભણવા ગયા હતા અને પાછા આવતા કેમ રહ્યા ! વિદ્યાર્થી સાધુએ કહ્યું, ભણવાની મજા નથી આવતી, આખો દિવસ બ્રહ્માનંદ સ્વામી મંદિરની સેવા કરાવે છે ને પોતે પણ સેવા કરે છે, રાતના પાઠ શીખવાનો તેથી ગમ્યું નહિ, તેથી ગઢપુર આવતા રહ્યા છીએ, હવે અહીં અભ્યાસ કરશું.

રાત્રે સુતા ત્યારે સમાધિ થઈ, બન્ને વિદ્યાર્થી સાધુ અક્ષરધામમાં ગયા, ત્યાં પણ બ્રહ્માનંદ સ્વામી હાથમાં પાવડો લઈને મંદિરની સેવા કરે છે, સેવા કરતા જોઈને વિચાર થયો કે અહીં પણ સ્વામી સેવાજ કરે છે, પછી શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, હે મહારાજ આ સાધુને અહીં અક્ષરધામમાં રહેવા દેશો નહિ, એમને મંદિરની સેવા કરવી નથી ને વિદ્યા ભણવી છે ! સેવા કરવી પડે તેથી રજા વગર ગઢપુર જતા રહ્યા છે ! માટે અહીંથી કાઢી મૂકો !

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, "અહીંથી જતા રહો ! જો અમને રાજી કરવા હોય તો સેવા કરો અને બ્રહ્માનંદ સ્વામીના ગમતામાં રહો ! અને વિદ્યા પ્રાપ્ત કરો ! વિદ્યા ગુરુને રાજી રાખો પછી સમાધી માંથી જાગ્યા. એટલે ફરીથી મૂળીમાં આવ્યા અને બ્રહ્માનંદ સ્વામી પાસે વિદ્યા અભ્યાસ શરૂ કર્યો. સ્વામીને માફી માગીને કહ્યું, અમારી ભૂલને ક્ષમા કરો !.....

પછી શ્રધ્ધાથી ખૂબ સેવા કરે, તેથી વિદ્યાગુરુના રાજીપાથી સારી વિદ્યા પ્રાપ્ત થઈ અને કથા વાર્તા કરીને સંતો અને હરિભકતોને અતિશે પ્રસન્ન કર્યા, સેવા કરવાથી અને સંતોના રાજીપાથી અંતઃકરણ પવિત્ર થાય છે, અને નિર્માની પણું આવે છે, થોડી મહેનતે સારી વિદ્યા પ્રાપ્ત થાય છે. સેવા તો સદ્‌ભાગી જ કરી શકશે. વિમુખ બીજા માણસ પાસે કહે છે, હું એવો ભોળો નથી કે જેમ ગુરુ કહે તેમ કરું, પછી મેં ઉજજડ ગામના એરંડા જેવો ગુરુ ગોતી કાઢ્યો.

**પછી ગોતી કાઢયો મેં ગાફલ ગુરુ, જેને અતિ ખપ ચેલા કેરડો;**
**જાણે અણચેલે રહે એકલો, જેવા ઉજજડ ગામનો એરડો.**

વિમુખ માણસ બીજા માણસ પાસે કહે છે કે, "હું એવો ભોળો નથી, કે જેમ ગુરુ કહે તેમ કરૂં ઉજજડ એરડા જેવા ધર્મહીન, લબાડ અને નફફટ જેવા હોય તેના

પાસે હું રહી ગયો, ગુરુ પોતે ધર્મનો ઢીલો તે પછી શિષ્યને શું ધર્મમાં વર્તાવે, ત્યાં મને કોઈ જાતને વાંધો નથી, ગુરુ ચેલાના લાલચી હોય તે વધારે કાંઈ કહે નહિ, ધર્મ વગરના ને પાપમાં વધારો કરનાર હોય છતાં ચલાવી લે, કારણ કે બીક હોય કે વધારે કહીશ તો મને મૂકીને ભાગી જશે.

તો હું એકલો થઈ જઈશ, ત્યાં મને બરાબર ફાવે છે, ધર્મ પળાય ન પળાય તેની કાંઈ ચિંતા નથી, મન ગમતું જમવા મળે છે, ફરવા મળે છે. ગાદી તકીયો સુવા મળે છે, મને રોકનાર કે ટોકનાર કોઈ નથી, સ્વતંત્ર છું. જેમ કરૂં તેમ થાય છે.

વચનરૂપી વાડને જે ઉલ્લંઘી જાય છે તેને કયારેય સુખ થવાનું નથી. આલોક અને પરલોકમાં તેની આબરૂ રહેતની નથી, જગતના ફટકારા ખાવા પાડે છે અને દંડ ભોગવવો પડે છે.

**દંડ ભોગવી ડહાપણ કરે, તેને ડાહ્યો કહી નવ દેખવો;**
**પુંઠ્ય પખાળી પુરીષ તજે, તેને મોટો મુરખ લેખવો.**

દંડ ભોગવીને પછી ડહાપણ કરે અને ડાહયો ન કહેવાય ! ભગવાનની આજ્ઞા લોપીને વટ કરે કે હું કેવો ડાહ્યો કે અમે કોઈ ભજન કરતા નથી, એકાદશી રહેતા નથી છતાં કેવા જલસા કરીએ છીએ, પણ ધ્યાન રાખજો, ભગવાન તારો વટ ઉતારી દેશે, રાવણ અને કંસ વટ કરતા હતા, પણ ભગવાન ની એક થપ્પડ એવી લગાવી કે વટ બધો ઉતરી ગયો અને રણમેદાનમાં વગર મોતે મરી ગયો. પાણી પાનારૂં પણ કોઈ મળ્યું નહિ.

એક માણસે શ્રીમંત પાસેથી પાંચસો રૂપિયા ઉધારા લીધા, બાર મહિના પછી શ્રીમંતે પૈસા માગ્યા ત્યારે ગરીબે કહ્યું, પૈસાનો મેળ નહિ થાય, આ રીતે વારંવાર માગે પણ પૈસા દેતો નથી, ત્યારે શ્રીમંતે કહ્યું, પૈસા ન દઈ શકાય તો પાંચ કીલા ડુંગળી ખાઈ જા તો પૈસા માફ.

માંડયો ડુંગળી ખાવા પણ પાંચ કીલા કેમ ખાઈ શકાય. ! ત્યારે શ્રીમંતે કહ્યું, તો દસ જોડા મારવા દે તો પૈસા માફ એવા જોરથી ઉપાડીને જોડા માર્યા. પાંચ વખત માર્યા ત્યાં તો મંડયો બરાડા પાડવા, મને મારો નહિ. હું પૈસા જરૂર કાલે આપી દઈશ, શ્રીમંતે કહ્યું , ડુંગળી ખાવી પડી, જોડાનો માર ખાવો પાડ્યો અને પૈસા પણ આપવા પડ્યા એના કરતાં પહેલેથી પૈસા આપી દીધા હોત તો મારા ખાવો ન પડત.

તેમ પહેલેથી ભગવાનની આજ્ઞા માની હોત તો જમના જોડા ખાવા ન પડે. પણ પાપીને સવળું સૂઝતું જ નથી.

**પાપ પૂર્વના પ્રગટે પ્રાણીને, ત્યારે સૂઝે તે અવળો ઉપાય રે;**
**કરવાનું જે હોય તે નવ કરે, ન કર્યાનું કામ કરાય રે..... પાપ....**

પૂર્વના પાપને લીધે રૂડો દેશકાળ હોવા છતાં જેને બુધ્ધિ મલીન રહી જાય છે, તેને સવળું કરવાનું સૂઝતું નથી. ન કરવાનું કામ કરે છે. ન્યાયમાં એને અન્યાય દેખાય છે, ધર્મમાં એને અધર્મ દેખાય છે, સંતોમાં એને અસંત દેખાય છે, સજ્જનમાં દુર્જન દેખાય છે, પાપને લીધે એની અવળી બુધ્ધિ થઈ જાય છે, ભગવાનની આજ્ઞા એને ઝેર જેવી લાગે છે. કુબુધ્ધિને લીધે અવળુ સૂઝે છે, સંતો કહે તેમ કરે નહિ, તેથી જીતી બાજી હારી જાય છે, માનવતા ગુમાવી બેસે છે, દેવાનંદ સ્વામી આગવી ચેતવણી આપતાં ગાય છે. આપણે પણ ગાઈએ.

**જીતી બાજી ગયો હારી રે મનુષ્યતન પામી;**
**રાજ સાજ સુખ દીધું તેનું કહ્યું નવ કીધું.**
**પરદાર કીધી પ્યારી રે......... મનુષ્ય ......**
**પાપી ન ગયો સાધુ પાસે બેઠો ખળમાં બારે માસે;**
**વીકલ મતી વ્યભિચારી રે......મનુષ્ય......**
**જેને આ નરદેહ દીધો, તેનો શરણું નવ લીધો;**
**દેવાનંદ કહે ભુલ્યો ભારી રે......મનુષ્ય......**

ઉત્તમ માનવ જન્મ મળવા છતાં ભગવાનનું શરણું નથી લેતા તે ભારે ભૂલ કરે છે. બાજી મળી છે તેને ગુમાવી દે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાને સૂર્ય ચંદ્રને આજ્ઞા કરી કે તમને આકાશમાં રહેવું તો તેઓ આકાશમાં રહ્યા, ભૂચરને પૃથ્વી પર રાખ્યા, જયાં ભગવાને આજ્ઞા કરી ત્યાં આનંદથી રહ્યા છે.

**બ્રહ્માને રાખ્યા સત્યલોકમાં, શિવને રાખ્યા કૈલાસ;**
**વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જુવો નીવાસ.**
**ઈંદ્રને રાખ્યા અમરાવતી, શેષને રાખ્યા પાતાળ;**

**જયાં જયાં કરી હરિએ આજ્ઞા, તિયાં રહ્યા સુખ સદાકાળ.**

ભગવાને બ્રહ્માને કહ્યું, તમારે સત્યલોકમાં રહેવું, શિવને કહ્યું, તમારે કૈલાસમાં રહેવું, વિષ્ણુને કહ્યું, તમારે વૈકુંઠમાં રહેવું, ઈંદ્રને કહ્યું તમારે સ્વર્ગ લોકમાં રહેવું શેષજીને કહ્યું તમારે પાતાળમાં રહેવું.

**બદ્રીકાશ્રમમાં રાખ્યા ઋષીશ્વર, નિરન્ન મુકત રાખ્યા શ્વેતદ્વીપમાં;**
**ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુકત અક્ષર સમીપમાં.**

ભગવાને ઋષિઓને બદ્રીકાશ્રમમાં રાખ્યા, નિરન્ન મુકતને શ્વેતદ્રીપમાં રાખ્યા, ગોપીગોપને ગોલોકમાં રાખ્યા અને મુકતો ને પોતાની સમીપે અક્ષરધામમાં રાખ્યા, જેનો જેવો અધિકાર હતો, યોગ્યતા હતી, તે પ્રમાણે ભગવાનને સોંપી કરેલી છે, તે પ્રમાણે સૌ રાજી થઈને ભગવાનને સમર્થ જાણી ને તેમની આજ્ઞામાં રહ્યા છે.

**એમ સમજી આપણે રહીએ, આપ આપને સ્થાનકે;**
**નિષ્કુળાનંદ કહે નહિ તો, આવે દુઃખ અચાનકે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પોત પોતાના ધર્મમાં રહીને ભગાનની આજ્ઞાનું પાલન કરવું, ઈન્દ્ર રાજા અહલ્યામાં મોહ પામ્યો, તો સ્થાન ભ્રષ્ટ થયો, શિવજી મોહીનીરૂપમાં મોહ પામ્યા, બ્રહ્મા પોતાની દીકરી સરસ્વતીમાં મોહ પામ્યા, નહુષરાજા ઈંદ્રાણીમાં મોહ પામ્યા તો જગતમાં તેઓની આજ સુધી અપકીર્તિ ગવાય છે.

**ત્રિશંકુ તજી રાજય ભૂમિનું, ઈચ્છયો અમરાપુરના જો સુખ;**
**સુખ ન જડયું દુઃખ પડયું, વળી લટક્યો ઉંધે મુખ.**

ત્રિશંકુ રાજાને છતે દેહે સ્વર્ગમાં જવું હતું, ગુરુએ ના પાડી છતાં ગુરુ આજ્ઞા લોપીને સ્વર્ગમાં જવાનું બળ કર્યું તો ઉંધે માથે લટકી રહ્યો. ન સ્વર્ગમાં જવાયું ન આલોકમાં રહેવાયું અને આજ સુધી ઉંધે માથે બે લોક વચ્ચે લટકે છે, જે કોઈ ભગવાનની આજ્ઞા લોપે છે તેનો અનાદર ચોકકસ થાય છે.

દાંત, નખ અને વાળ જયાં સુધી શરીરમાં હોય ત્યાં સુધી શોભે છે. સંભાળ રખાય છે, પણ કાપ્યા પછી તેને ફેંકી દે છે, તેમ ધર્મમાં માણસ રહેછે ત્યાં સુધી શોભે છે. પૂજાય છે અને માન પામે છે, પણ ધર્મથી જો બહાર જાય ત્યારે તેની નિંદા અને ટીકા થાય છે, સ્વામી દષ્ટાંત આપતાં કહે છે, પોતાનો ધર્મ ચૂકીને સ્ત્રી કોઈ વ્યભિચારી થાય તો તે તેના પતિને પેટ બાળણી કહેવાય, તેમ ધર્મ ચૂકીને માણસ વર્તે તે

ભગવાનનો ગુન્હેગાર કહેવાય છે.

આ જગતમાં ભગવાનની આજ્ઞામાં રહેવું માણસને દુઃખ લાગે છે પણ પોતેજ હાથે કરીને દુઃખી થાય છે. સાધન દુઃખનું કરે છે અને જોઈએ છીએ સુખ તો એ કેમ બનશે ! જયાં જાશે ત્યાં દશ ડગલાં આગળ જ ચાલશે. સ્વામી દષ્ટાંત આપતાં કહે છે.

**જેમ ચાલે કોઈક કમાણીએ, હોય ફેલી વ્યસની વિશેષ;**
**તે કેદી નહિ ભરે કોથળી, મર ફરે દેશ વિદેશ.**

કોઈ માણસ પરદેશ કમાવા જાય પણ કમાય થોડું ને ફેલ ફીતુરમાં વધારે વાપરી નાખે તો તે કોઈ દિવસ પૈસા ભેગા નહિ કરે શકે ! ચોર ચોરી કરવા જાય ત્યારે મનમાં આશા છે કે ઘણું બધું દ્રવ્ય લઈ આવીશ, પણ જાણતો નથી કે પકડાઈ જઈશ ત્યારે જીવનો જાઈશ...

અભાગીયા માણસ ભગવાનના વચનની વાડને ભાંગી નાખેછે, અને હરાયા ઢોરની જેમ જેનું તેનું ખેતર ખાઈ જાય, તેમ હરાયા ઢોર જેવા માણસો જેના તેના માલમીલ્કત ખાઈ જાય છે અને મોજ મઝા કરે છે. પણ ખબર નથી કે આનું પરિણામ ખરાબ આવશે. યમદૂતો કાંટાવાળી ચાબૂકથી મારા મારીને મજા ઉડાડી દેશે, કાંટામાં ચલાવશે, ધગધગતા લોઢાને થાંભલાને બાથ ભીડાવશે, મુકતાનંદ સ્વામી ચેતવણી આપતાં ગાય છે.

**પાવેંગે દુઃખ પાવેંગે હરિ ભજન વિના દુઃખ પાવેંગે;**
**દુર્લભ દેહ ભજન બીન તજીકે, માર જમકી ખાવેંગે.. હરિભજન.**
**જમકે મનમેં મહેર ન આવે, કાંટ માંહી ચલાવેંગે.. હરિભજન.**
**પરનારી પ્રસંગ કરે વાંકુ, લોહ સ્થંભ લપટાવેંગે.. હરિભજન.**
**દાસ મુકુંદ કહે ચાલો હરિ ચરણે, ઈન મારગમે ન આવેંગે. હરિભજન.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનની આજ્ઞાથી બહાર જે વર્તે છે તેને દેવ કહેવો કે રાક્ષસ કહેવો ? શું કહેવું !!!.....

## સંતોના વચનમાં વિશ્વાસ રાખવાથી ચોર દીવાન થયો

**દૈવી આસુરી જીવ જગતમાં, તે તો જાણે છે સહુજન;**
**દૈવી વર્તે છે વચનમાં, આસુરી ન માને વચન.**

દૈવી જીવ ભગવાનનું વચન માને ભજન ભકિત કરે અને પાપથી ડરે. આસુરી જીવ ભગવાનનું વચન માને નહિ અને પાપથી ડરે નહિ.

એક ગરીબ માણસ ચોરી કરીને ગુજરાન ચલાવતો, ગામનાં ચોરે સંતો કથા વાંચતા હતા, ત્યાં આવ્યા અને સંતોને પગે લાગીને બેઠો, સંતોએ કહ્યું, ભગત કાંઈક નિયમ લ્યો...... ચોરે કહ્યું, હું ચોર છું.... શું નિયમ લઉં,....... તમે જેમ કહો તેમ કરું, બાકી મને કાંઈ ખબર પડે નહિ.

સંતોએ કહ્યું, આજથી તમારે ખોટું બોલવું નહિ, એ નિયમ રાખવો તો સદાય સુખીયા થાશો ! ચોર કહે ભલે ખોટું નહિ બોલું, પછી રાત્રીના સમયે ચાર ચોર મળીને ચોરી કરવા ગયા, તેમાં જેણે નિયમ લીધેલો હતો, તે પણ ચોર સાથે હતો, બધાએ નકકી કર્યું કે આજે રાજમહેલમાંથી ચોરી કરવી છે.

ત્યાં સામેથી રાજા વેશ પલટો કરીને નગર યાત્રા કરવા નીકળ્યા છે, તે સામા મળ્યા. રાજાએ પૂછયું તમે કોણ છો ? અમે ચોર છીએ, રાજાને આશ્ચર્ય થયું, ચોર કોઈ દિવસ કબુલ કરે નહિ કે હું ચોર છું. હશે જે હોય તે. રાજાએ કહ્યું, હું પણ ચોર છું.

પાંચ મળીને રાજદરબારમાં આવ્યા, દરવાજા પાસે ચોકીદાર ઉભા છે ! તેણે પૂછયું આપ કોણ છો ? અમે ચોર છીએ ! ચોકીદારને થયું, આ ચોર નથી, પણ સરકારી માણસ હશે, તેથી જવા દીધા..... અંદર ગયા અને તીજોરી તોડીને સોનાનાં દાગીનાની છ પેટી કાઢી લીધી અને આગળ જતાં પેટી જમીનમાં દાટી દીધી પછી પોત પોતાને ઘેર જતા રહ્યા, રાજા પણ રાજય મહેલમાં જઈ સૂઈ ગયો.

સવારે ખબર પડી કે રાજયમાંથી ચોરી થઈ છે. રાજાએ દીવાનને કહ્યું, તપાસ કરો શું શું વસ્તુ ચોરાઈ છે ! દીવાને જોયું તો છ પેટી સોનાની ચોરાઈ ગઈ છે ને ચાર પેટી છે, તે ચાર પેટી કોઈ ન જાણે તેમ દીવાને પોતાને ઘરે પહોંચાડી દીધી. પછી રાજાને કહ્યું, અન્નદાતા દશ પેટી દાગીનાની ચોરાઈ ગઈ છે, રાજા જાણી ગયા કે દીવાને કાંઈ ગડબડ કરી છે.

પછી સાચા બોલા ચોરને બોલાવ્યો, તેણે કહ્યું, હે અન્નદાતા ! છ પેટી અમે લીધી છે, જમીનમાં દાટી છે ! કહો તો લઈ આવીએ ! રાજા સાથે જ હતા તેથી ખાત્રી જ હતી, સાચા બોલો ચોર છ પેટીને લઈ રાજાને આપી. રાજાએ દીવાનજીને કહ્યું, બીજી ચાર પેટી કયાં ?

દીવાનજી વટ થી બોલ્યો, અન્નદાતા ચોર કોઈ દિવસ સાચું બોલે નહિ, દશ પેટી લઈ ગયા છે અને છ પેટી બતાવે છે. માટે માર પડશે ત્યારે કબુલ થાશે. રાજાએ સિપાઈને કહ્યું, તમે દીવાનને ઘર જાઓ અને બરાબર તપાસ કરો ! જયાં તપાસ કરી, ત્યાં ચાર પેટી દીવાનના ઘરમાંથી નીકળી.

રાજાએ દીવાનને પેટી બતાવીને કહ્યું, આ શું છે ? તમે મારા રાજયમાં ચોરી કરો છો ? દીવાન શરમાઈ ગયો, શું કહેવું.... નીચું મોઢું કરી ઉભો છે. રાજાએ કહ્યું, જાવ સીપાઈઓ આ દીવાનને ૧૦૦ ફટકા મારીને જેલમાં પુરી અને બદલામાં સાચા બોલા ચોરને દીવાનની પદવી આપીએ, મને ખાત્રી છે કે તે કદી ખોટું નહિ બોલે !

સંતના વચનમાં ચોરે વિશ્વાસ રાખીને નિયમ રાખ્યો, તો દીવાનગીરી મળી અને સુખીયો થયો... આ છે સંતના વચનનો પ્રતાપ દેવાનંદ સ્વામી ગાય છે.

**માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રીવિધીના તાપ.**

**અંતકાળે સગું નહિ કોઈનું રે**

**એવું સમજીને ભજો ભગવાન ને રે, સુખકારી સદાય ઘનશ્યામ. અંત.**

**દેવાનંદનો વહાલો દુ:ખ ટાળશે રે, મન વાંછીત પુરણ કામ. અંત.**

દૈવી જીવ છે તે ભગવાનની આજ્ઞા રૂપી દોરડીએથી બંધાણા છે. સાકરટેટીથી ઈંદ્રામણા રૂપાળા લાગે પણ ખાય તો મરી જાય, સ્વામી દષ્ટાંત આપે છે, ઉંદરના દરમાં કચરો અને રૂ ભરેલું હોય અને જો તેને અગ્નિ લાગે તો તરત સળગી જાય, વાટ સળગતી હોય અને ઉંદર તેને બીજા છેડેથી પકડીને ખેંચીને દરમાં લઈ જાય તો આખું દર સળગી જાય. તેમ પાપ રૂપી સળગતી વાટ જાણી જોઈને જીવનરૂપી દરમાં લઈ જાય તો પછી જીવન સદાય સળગતું જ રહેશે, શાંતિ નહી થાય, પાપનું મૂળ દુ:ખ છે. પૂન્યનું મૂળ સુખ છે.

જાણી જોઈને ભગવાનની આજ્ઞા શું કામ લોપો છો ? ખોટનો ધંધો શું કામ કરો છો ? આપણા હાથમાં વચનામૃત જેવા અને શિક્ષાપત્રી જેવાં ભાગવત જેવા સત્સંગિજીવન જેવાં શાસ્ત્રો છે.

**ખોટમાં દોટ દેવી નહિ દેખી, કરી લૈયે ખરાખરી ખાટય રે. ખોટમાં.**

**શણગાર સોનાનો સજી શરીરે, ભુંશીયે નહિ મુખે ભુંડી મશરે;**

**મુખ દેખે લેખે તે લજામણું, એમ શીદ ખાયે જાણી જશરે.ખોટમાં**

આખા શરીરે સોનાનો શણગાર પહેર્યા હોય, અને પછી મોઢાં ઉપર કોલસા ઘસે તો કેવું મોઢું લાગે ! લજામણું લાગે... તેમ સોના જેવો સત્સંગ મળ્યો, સર્વોપરી ઉપાસના મળી, નંદ પંકિત જેવા સંતો મળ્યા, ભુજ જેવું મોટું ધામ મળ્યું છે.

## ભુજ જેવું મોટું ધામ મળ્યું છે

શ્રીજી મહારાજે બાથમાં લઈને પધરાવેલા નરનારાયણદેવ મળ્યા, વચનસિધ્ધ સંતો મળ્યા, આવી પવિત્ર ભૂમિના પડછાયામાં આપણે રહ્યા છીએ, કેવાં આપણાં મોટા ભાગ્ય છે, પૂજા પાઠ કરીએ, સત્સંગ સમૈયા કરીએ, આ બધો સોનાનો શણગાર છે, તેને મૂકીને કોલસા જેવા કાળા કામ શું કામ કરો છો ? ઈર્ષા અદેખાઈ કરીને શું કામ બીજાને નીચા પાડો છો ! નિંદા કરીને શું કામ જીભ બગાડો છો ! પાપ કરીને શું કામ હૃદય કાળું કરો છો ! હાથી ઉપરથી ઉતરીને શું કામ ગધેડે બેસો છો !

પોતાના પતિને પરહરિને બીજા પુરુષ સાથે વ્યવહાર કરે તેનો કોઈ વિશ્વાસ કરે નહિ, પરમેશ્વર આપણા પતિ છે, એમનું ભજન કરવું, એમના ગમતામાં રહેવું. એ આપણો મુખ્ય ધર્મ છે. સ્વામી દષ્ટાંત આપતાં કહે છે.

એક ભાઈના ચાર દીકરા હતા, સમય જતાં ચાર દિકરાને પરણાવ્યા, સૌ પોત પોતાની રીતે ભરણ પોષણ કરે છે, ચાર દિકરાની વહુમાં એક વહુ સારા નહિ, વ્યભિચારી નીકળી. જેઠનું ઘર માંડ્યું.... બીજી બાઈઓ સારા હતાં તે સમજાવવા ગયાં કે, જેઠ તો સસરા સમાન વડીલ કહેવાય, એનાથી કાંઈ વ્યવહાર કરાય ! વ્યભિચાર કરે છે તો ઘરની લાજ જાય છે, અને જગતમાં ખોટું લાગે છે. પાપનુ પોટલું શું કામ બાંધે છે, તું શું મોઢું લઈને ગામમા ફરીશ, શરમ નથી આવતી ! તેં તો મા બાપની ઈજ્જત ઉપર ઘા કર્યો, જરાક વિચાર તો કર ! બીજા પુરુષને તો ભાઈ, બાપ અને દીકરા સમાન ગણવા જોઈએ.

ત્યારે વ્યભિચારી બાઈ બળથી બોલી, તું મને શીખામણ દેનાર કોણ ! હું ગમે તેમ કરું, તેમાં તારું શું જાય છે ! મારામાં શું અક્કલ નથી ! મેં જે કર્યું છે તે વિચારીને જ કર્યું છે, સમજ્યા વિના મારામાં ખોટ કાઢે છે ! મેં શું બગાડ્યું છે !!

**સાસુ સસરો ગોર ગોત્ર, કુળદેવ બીજા નથી કરીયા;**
**નણંદ નાતિ જાતિ જાણો, એતો એમજ છે નથી ફરીયા.**

સાસુ, સસરા, નણંદ, જાતિ, કુળદેવ બધા એના એજ છે, કાંઈ બદલ્યું નથી, એક પતિ જ બદલ્યો છે, તેમા શું કામ મારી માથે આળ ચડાવો છો, પહેલાં જેઠ થતા હતા તે હવે પતિ થાય છે, એટલોજ ફેર કર્યો છે, તેમાં મને ઠપકો દેવા આવો છો ! હું ડાહી છું એટલે કાંઈ બોલતી નથી, પણ બીજાને કહેવા જાવતો ખબર પડે ! નકામી મારી ફજેતી શું કામ કરો છો ! મારા જેવાં ઘણાય જગતમાં ફરે છે, શું મેં એકલી જ નવી રીત કરી છે ! ખબરદાર મને શીખામણ દેવા આવ્યા છો તો ! લાકડીનો માર ખાશો.

વિચાર કરો. નિર્લજને લાજ ન હોય. પાપ કરે છતાં હું ડાહી છું એમ માને છે.

હવે નિષ્કુળાનંદ સ્વામી જોરદાર સિધ્ધાંત સમજાવે છે.

**ઓમ બે મર્યાદી થઈ બગડેલીજી, ભકિત ન કરવી મર્યાદા મેલીજી;**
**એ તો પરઠણ કરી છે જો પહેલીજી, ન કરવું કામ કોઈ નિયમને ઠેલીજી.**

ધર્મ સહિત ભકિત કરવી પણ નિયમને ઠેલીને ભકિત ન કરવી નિયમને ઠેલીને પૈસા ભેગા ન કરવા, કરોડો અને લાખો રૂપીયાનો લાભ થતો હોય તો પણ ધર્મ નિયમનો ત્યાગ કરવો નહિ.

## હું સ્વામિનારાયણ ભગવાનની ગાદીનો આચાર્ય છું.

એક વખત આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ વઢવાણ શહેરમાં પધાર્યા, ત્યાંના મહારાજશ્રીનું બહુ સન્માન કરીને, સુંદર મજાનો ઉતારો આપ્યો, રાજાએ પૂજન કરીને ભેટ મહારાજશ્રીને અર્પણ કરી, રાજીપો મેળવ્યો.

રાજાની રાણીએ ખાનગી હજુરી દ્વારા આચાર્યશ્રીને કહેવરાવ્યું કે જો મને આચાર્ય મહારાજશ્રી મારા હાથે એમનાં ભલામાં ચાંદલો કરવા આપે, અને હાર પહેરાવવા આપે તો હું રાજી થઈને એક ગામ બક્ષીસમાં આપીશ, હજુરીએ આચાર્યશ્રીને વાત કરી કે રાણીની આવી ઈચ્છા છે !.....

અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું, હું સ્વામિનારાયણ ભગવાનની ગાદીનો આચાર્ય છું. અમને શ્રીજી મહારાજની આજ્ઞા છે, કે સગાં સિવાયની કોઈ પણ સ્ત્રીને સ્પર્શ કરવો નહિ, ધન દોલત, ગામ ગરાસની લાલચે ધર્મનો ત્યાગ કરાય નહિ, એક ગામનું રાજય તો શું ! પણ ત્રીલોકીનું રાજય મળે છતાં પણ આજ્ઞાનો લોપ કરાય નહિ.

રાણીને ખબર પડી કે સ્વામિનારાયણ ભગાનના આચાર્ય સંપત્તિના પ્રલોભનમાં લોભાય એવા નથી. સંસારમાં રહેવા છતાં પણ સંપૂર્ણ નિર્લેપ છે, આવી છે ઉધ્ધવ સંપ્રદાયના આચાર્યની ખુમારી...

નિષ્કુળાનંદ સ્વામી કહે છે : ભકત ભગવાનનો થયો અને દાસ દેહનો રહ્યો.... તો ભકતિ કેમ પાર પડશે.

કેશરી સિંહ ગમે તેવો ભૂખ્યો હોય પણ ઘાસ કોઈ દિવસ ખાય નહિ. સો લાંઘા કરી મરી જાય પણ ઘાસ ખાય નહિ, તેમ સહજાનંદી સિંહ હોય તે પંચવિષય રૂપી માયાનું ઘાસ ખાય નહિ. માયામાં ભરપુર ડૂબ્યા હોય તેના લક્ષણ કેવા હોય તે સાંભળો !

**ઘરની ગોલીનો ગોલો થયો, રહ્યો હાથ જોડીને હજુર;**
**રાત દિવસ રાજી રાખવા, અતિ આખેપ રાખે છે ઉર.**

દેહ છે એ ઘરની ગોલી છે, ઈંદ્રિયો છે તે ગોલો છે એને રાજી રાખવા રાત દિવસ જે જોઈએ તે આપ્યા કરે છે... ઈંદ્રિયોને પોષ્યા કરે છે, આંખ કહેશે ટી.વી. માં પીકચર જોવાં છે. તો જોવા બેસીજાય, જીભ કહેશે, ડુંગળી લસણ નાખેલાં શાકમાં મજા આવે તો જમી લે. કોઈ આગળ પાછળનો વિચાર જ ન થાય, ખાન, પાન, સુખ, સેજમાં જીવ લોભાઈ જાય છે, દયાનંદ સ્વામી ટકોર કરતાં ગાય છે.

**ખાન પાન સુખ સેજમાં રહેતો હૈયે હુલાસજી;**
**દયાનંદ કહે હરી ન ભજ્યા, થયો નરકે નિવાસજી.**
**સ્વપ્નું સમજો રે આ સંસારને દુ:ખ દરીયો વિશાળજી;**
**પડ્યા પાછા નવ નીસરે કારી વાર ગળે કાળજી..... સ્વપ્નું....**

આપણે જયારે ઉંઘમાં હોઈએ ત્યારે સ્વપ્નું આવે છે અનેક પ્રકારની રચનાઓ દેખીએ છીએ, પણ આંખ તો મીંચેલી હોય છે, તેમ આ સંસારમાં આપણે ખાઈએ, પીએ, સુખી દુ:ખી થઈએ, આ સર્વે ઉઘાડી આંખનું સ્વપ્નું છે. સ્વપ્નમાંથી આંખ ઉઘડે ત્યારે દેખેલું, ભોગવેલું એ કાંઈ રહેતું નથી, તેમ આ ઉઘાડી આંખનું સ્વપ્નું છે, આંખ સદાયને માટે બંધ થઈ જાશે ત્યારે આ લોકનાં મા, બાપ, ધન માલ વિગેરે કાંઈ રહેતું નથી, સર્વ સ્વપ્ના જેવું થઈ જાય છે.

પંચ વિષયનું ચિંતવન કરતાં કરતાં માનવીની મતિ ક્ષીણ થઈ જાય છે. પછી

શાંતિથી માળા ફેરવાતી નથી અને માનસી પૂજા પણ શાંતીથી થતી નથી. અંદરથી સંકલ્પની હારમાળા ચાલુ થઈ જાય છે, છતાં મનથી માને કે હું કેવો ડાહ્યો અને ચતુર છું.

નિષ્કુળાનંદ સ્વામી દૃષ્ટાંત આપતાં સમજાવે છે. વિચારીને સત્સંગ કરવો, ખોટ છે તે તો કાઢવી પડશેને ! ખારેક તજીને ખલેલાં ખાય છે. દિવસના દીવાની જરૂર ન હોય તો દીવો કરે છે અને માથા ઉપર પાઘડી ઉંધી પહેરી ફરે છતાં મનમાં માને કે મેં કાંઈ કર્યું જ નથી. આખી જીંદગી કુસંગમાં જ ચાલી જાય છતાં મનમાં માને કે મેં સારું જ કર્યું છે.

પોતાના પાસે ઘોડું છે તેના ઉપર ન બેઠો ને ભાડે ગધેડી લઈને તેના ઉપર બેસીને મૂછ મરડે કે જુવો હું કેવો અક્કલવાળો. સારા સોનેરી સુંવાળાં કપડાં પહેર્યાં હતાં, તે લૂંટાવી દીધા ને પછી ફાટેલાં કપડાં પહેરીને બીજાને બતાવે, જુવો હું કેવો શોભું છું, પણ જોતો નથી કે સોનરી કીંમતિ વસ્ત્ર લૂંટાઈ ગયા તેનું શું ! સ્મરણ કર્યા વગર સોનેરી કીંમતી અવસર પસાર થઈ જાય છતાં ખબર પડતી નથી.

**એમ મેલી રીત સત્સંગની, વળી રહે છે કુસંગની રીતમાં;**
**દ્વીજધામ તજી વશ્યો ઢેઢમાં, તોય ફુલ્યો ફરે છે ચિતમાં.**

સુપાત્ર પવિત્ર બ્રાહ્મણના પાડોશમાં રહેતો હતો, તેને તજીને ઢેઢ જયાં રહેતા હતા ત્યાં રહેવા ગયો ! છતાંય ફુલાય છે કે હું કેવો સારો છું ! સત્સંગ મૂકી કુસંગી થઈ જાય, છતાંય ફુલાય કે મેં કામ સારું કર્યું એને કહેવું શું ! એને ભગવાનના સાચા ભકત અળખામણા લાગે.

સ્વામી દૃષ્ટાંત આપે છે : જેને ક્ષયરોગ થયો હોય તેને તમે જેટલું ખાવા આપો, તેટલું ખાય, પણ શરીરમાં બળ આવે નહિ. તેમ લજા વગરનાને ગમે તેટલું સમજાવો છતાં આત્મામાં બળ આવે નહિ, સમજે નહિ.

બરોબર ભાદરવો મહિનો હોય, ઉંચા ઝીંઝવામાં ભેંસ જાય તો જલદી બહાર નીકળી શકે નહિ, હાથી ચાલ્યો જતો હોય, રસ્તામાં કાંઈ વસ્તુ આડી ન હોય છતાં હલવાઈ હેઠો પડી જાય, તેમ કોઈ જાતની અડચણ ન હોય અને સત્સંગને મૂકી ને હેઠો પડી ન જવાય તેનું ધ્યાન રાખજો.

**તેમ આવતે જોબન આવી મળ્યો, જબરા કુસંગનો જોગ;**
**તેને સાધ્ય શી રહી શરીરમાંહી, જેને થયો અસાધ્ય રોગ.**

ચંદન ઘો જેને વળગે તે જીવે નહિ, મરી જ જાય...... સત્સંગમાં આવતાંની સાથે જેને કુસંગનો જોગ થઈ જાય તેને જીવ કયારે બળીયો થાય નહિ, જેને કુસંગ લાગી ગયો તે જીવતાં છતા મરેલો જ છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, 'એકાંતિક ભકત છે તેને દેહ કરીને મરવું એ મરણ નથી, પણ એકાંતિક ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે.'

એકાંતિક ભકત પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજાું આચરણ કરે જ નહિ, અને સદાય પંચવિષયનો અભાવ વર્તે... ભગવાનનાં ચરિત્રરૂપ જાળને વિશે મનને ઘૂંચવી મેલવું. ઝાઝું ન સમજતો હોય તેણે તો ભગવાનનાં ચરિત્રો વારંવાર સંભારવાં એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

**શાકમાં મીઠું ભુલાવવું ન જોઈએ.**
**મીંડાની આગળ એકડો ભુલાવવો ન જોઈએ.**
**જાનમાં વરરાજા ભુલાવવો ન જોઈએ.**
**જીંદગીમાં ભગવાન ભુલાવવા ન જોઈએ.**

એક ભકત હતા, તેનું નામ લાલજીભાઈ હતું. ઘરમાં એકલા જ હતા, બીજાુ કોઈ નહિ. ભગવાનમાં પ્રેમભાવ બહુ સારો હતો, તેથી હંમેશ ભજન કીર્તન ગાયા કરે. તેમાં સમયનું ભાન ન રહે. અનેક ભકતજનો ભજન સાંભળવા આવે, આખી રાત ભજન કરે પણ થાકે નહિ એવી એમની શ્રધ્ધા હતી.

ગામના માણસો રસ, કસ, ઘી, ગોળ, લોટ વિગેરે સીધુ દેવા આવે ત્યારે લાલજીભાઈ સરસ જવાબ આપે, મને મફત રોટલો માફક આવે નહિ, હકકનો રોટલો જમવો ગમે, કોઈ પાસે હાથ લંબાવવો નહિ, કડીયા કામ સારું આવડે, કામ ન હોય તો મજુરી પણ કરે.

એકવાર કોઈક ગામમાંથી ભજન કરવાનું આમંત્રણ આવ્યું, ત્યાં રાત્રીના બાર વાગ્યા સુધી ભજન કર્યું, પછી પોતાના ગામ તરફ રવાના થયા. સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા ચાલ્યા જાય છે, ત્યાં અચાનક ડાકુ આવ્યા અને લાલજીભાઈને પકડ્યા. તારા ખીસ્સામાં જે હોય તે આપી દે, નહિંતર બંદુકથી મારી નાખશું, ગળામાં શું પહેર્યું છે ? કાઢ જોઈએ !....

ગળામાં તુલસીની કંઠી છે. અને ખીસ્સામાં સાકર સીંગાનો પ્રસાદ છે. લ્યો !. આ પ્રસાદ જમો ! ડાકુએ પ્રસાદ ખાધો અને વૃત્તિ બદલાઈ ગઈ. રોફ કરતા હતા તે નરમ થઈ ગયા. ડાકુએ કહ્યું તારી પાસે ઘરે પૈસા કેટલા છે ? લાલજી ભાઈએ કહ્યું મારી પાસે પૈસા નથી પણ પરમેશ્વર છે, ભજન કીર્તન ગાવવાં એ મારું સાચું નાણું છે.

તમને સાચું નાણું જોઈએ તો આપું.... મારા સામે બેસો.....લાલજી ભાઈએ ભજન શરૂ કર્યું..... ડાકુ ભગતની સામે બેઠા...... એકાંતિક કીર્તન સાંભળે છે.

**કાયા કાચો કુંભ ધૂળનો ધૂળ પલકમા થાશેજી;**
**પાપ કર્યો તે માથે લઈને જીવ એકલો જાશેજી.**
**લખ ચોરાશી ચાર ખાણમાં જન્મ ઘણેરા લીધાજી;**
**માતા પિતાને ભાઈ દીકરા સગા સંબંધી કીધાજી.**
**તેતો તારે અંત વખતમાં કોઈ કામ ન આવ્યુંજી;**
**કોડી બદલે ગાફલ પ્રાણી રામ રતન ગુમાવ્યુંજી.**
**ક્ષણ ભુંગર આ દેહ વડેથી ખેહ પલકમાં થાશેજી;**
**ભાવ ધરીને હરિ ભજી લ્યો, કહ્યું છે નારણદાસેજી.**

લાલજી ભાઈ કહે છે, આ શરીર કાચી માટીના કુંભ જેવો છે, અંતે ધૂળ ભેળો ધૂળ થઈ જશે. જીવ સંગાથે કેવળ પાપ અને પૂન્ય સાથે જાય છે, ચોરાસી લાખના ચકકરમાં જીવાત્મા ફરી ચૂકયો છે, ત્યાં એને મા બાપ વિગેરે સંબંધી મળે છે, પણ અંતે કોઈ સાથે આવતાં નથી, માટે આ ક્ષણભંગુર શરીરથી હરિભજન કરી લેવું જોઈએ, વિગેરે ઉપદેશ આપ્યો.

સાચા હ્રદયમાંથી નીકળેલા શબ્દો ડાકૂના હ્રદયને સ્પર્શી ગયા, અંતરનું અજ્ઞાન દૂર થયું, સાચી સમજણ આવી ગઈ. પછી લાલજીભાઈએ હસીને કહ્યું, મેં તમને આખી રાત ભજન સંભળાવ્યાં તો તમારે મને કાંઈક આપવું જોઈએ !

ડાકૂએ ખીસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢી ! લ્યો ભગત આ દક્ષિણા ! ભગતે કહ્યું, આ દક્ષિણા નથી પણ આ તો ધૂળ છે, ડાકૂએ કહ્યું, આ તો પૈસા છે, ધૂળ નથી, લઈ લ્યો,.... તમને કામ આવશે ..... ત્યારે ભગતે સરસ જવાબ આપ્યો ! તમે પરસેવો વાળીને પૈસા ભેગા નથી કર્યા, લૂંટ ફાટ કરીને લાવ્યો છો તેથી તે ધૂળ છે.....!

આ બંદુક દક્ષિણામાં આપીએ છીએ લઈ લ્યો.....! ભગતે કહ્યું, આ ફટાકડીથી અનેકના પ્રાણ લીધા છે, તે પાપને હું શું કરું !... તો અમે તમને શું આપીએ ! ત્યારે ભગતે કહ્યું, હું જે માગું તે દક્ષિણા મને આપો ! આજ સુધી તમે કેટલા માણસના જીવ લીધા છે, ધન માલ લૂંટ્યા છે, તે લૂંટ ફાટ તમારે ન કરવી, એ દક્ષિણા મને આપો અને આ બંદુક ફેંકી દો !....

## ચોરની વૃતિ સત્સંગથી બદલાઈ ગઈ

ડાકૂ જરાક ખચકાઈ ગયા, પછી વિચાર થયો, સાચી વાત છે. પાપનું પરિણામ દુઃખ છે માટે જાગ્યા ત્યાંથી સવાર માનીને કોઈને મદદ ન કરી શકીએ તો કાંઈ નહી પણ દુઃખી તો ન કરીએ, જીવન ન આપી શકીએ તો કાંઈ નહિ પણ કોઈના જીવનને સમાપ્ત ન કરીએ.

બંદુકને ફેંકી દીધી. પ્રતિજ્ઞા લીધી, કે હવેથી અમે કોઈ પાપ કર્મમાં પગલાં નહિ માંડીએ, પછી દરરોજ સત્સંગ સભામાં આવે અને ભજન કીર્તન કરે, જીવન પરિવર્તન થઈ ગયું... આ છે સત્સંગનો પ્રતાપ ભરાડીમાંથી ભગત બનાવે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :- પાપ કરવાથી સરવાળે શું મળશે !

**સરે સાર શોધતાં શું મળશે, કરતાં કુસંગનો સંગવળી .. સરે.**
**જાણી ઝગમગ ઘણી હીરાકણી ખાય ખાંતે ખૂબ પેટ ભરી;**
**એમ કુસંગનો સંગ અંગમાં ઉતર્યો કેમ રહે સત્સંગ તેણે કરી. સરે.**

હીરાકણી ઝગમગ કરતી હોય પણ ખવાય નહિ, ખાય તો મરી જાય વાડીમાં ધાન્ય થાય પછી સાફ સુફ કરીને ખડવાળમાં ઢગલો કરે અને પછીજો ચોકી ન કરે તો ચોર ઉપાડી જાય. તેમ હૃદયરૂપી વાડીમાં ધર્મ, ભકિત, જ્ઞાન, વૈરાગ્યનું વાવેતર કર્યું, પછી જો કુસંગરૂપી ચોર સદ્‌ગુણોની ચોરી કરી જાય, નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હું તમને કહી કહીને કેટલું કહું.... હવે સમજી જાવ તો સારું.

**વાવે છે ઝેરનાં ઝાંડવાં, કરે અમૃત ફળની આશ;**
**તે ખાઈને કેમ ક્ષેમ રહેશે, જેથી નર અમર પામ્યા નાશ.**

વાવે ઝેરનાં ઝાડ અને આાશ રાખે અમૃતની તે કેમ મળશે ! સુખી થાવું છે અને સાધન દુઃખનું કરે છે તે કેમ સુખી થશે ! જંગલી બાવળીયા વાવે છે તો કેરી કેમ

મળશે, સ્વામી કુસંગથી બચવાની બાબત આપણને સમજાવે છે.

રાજાનો એકનો એક દીકરો હોય, રાજયગાદી ઉપર બેસવાની તૈયારી હોય અને તે વખતે રાજકુંવરનું કોઈ ખૂન કરી નાખે અને મનમાં એમ થાય કે એના બદલામાં મને રાજય અભિષેક કરીને રાજા બનાવશે, પણ ખબર નથી કે વગર મોતે મરી જઈશ.

**તેમ ભકત થઈ ભગવાનનો, કરે વચનની જો વિઘાત;**
**પછી ઈચ્છે સુખ આવવા, એહ કેમ બનશે વાત.**

રાજાના કુંવરને મારી નાખનારને રાજય ગાદી મળે નહિ. તેમ રાજાના પણ રાજા પુરુષોત્તમ નારાયણની આજ્ઞા લોપનારને અક્ષરધામ રૂપી રાજય મળે નહિ પણ ધોકા મળે. ત્યારે આંખ ઉઘડે કે મને મનુષ્ય જન્મ ભગવાને આપ્યો પણ મેં કાંઈ સત્કાર્ય કર્યા નહિ, તેથી દુઃખી થાઉં છું.

સ્વામી દૃષ્ટાંત આપે છે, બકરાંને ઘાતકી, કતલખાનામાં લઈ જાય, પછી નીલું ઘાસ નાખે, ખાઈને રાજી થાય છે પણ ખબર નથી કે હમણાં જ મારો કંઠ કાપી નાખશે, કતલ કરી નાખશે, તેમ પશુ જેવા પામર નર માયાનું લીલુ ઘાસ ખાવા દોડે છે, કાળા ધોળા કર્મ કરીને પૈસા ભેગા કરે છે. વિકાર ભાવે પરદારા સામે દૃષ્ટિ કરે છે, પણ ખબર નથી કે બકરાંની જેમ યમદૂતો કતલ કરી નાખશે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ગૃહસ્થ હોય તેણે દેહે કરીને વ્યવહાર કરવો, મને કરીને ત્યાગીના પેઠે નિર્વાસનિક રહેવું.

## પરમેશ્વરમાં વૃત્તિ ન રહે, તે પરમેશ્વરનો ભકત નહિ

**જે વચને નર અમર સુખી, અહિ અજ ઈશ અમરેશ;**
**જે વચને શશિ સૂર્ય સુખી, ગીરા ગજાનન મુકત મુનેશ.**

વચનથી અજ ઈશ અને અમરીષ સુખી છે, શશિ, સૂર્ય, ગણપતિ, સરસ્વતી, અક્ષરના મુકતો એ સર્વે ભગવાનના વચન પ્રમાણે વર્તે છે તેથી મહા સુખીયા છે, એકાંતિક મુકતાત્મા છે તે ભગવાનના દિકરા છે.

સ્વામિનારાયણ ભગવાન કાઠી ભકતો સાથે બોટાદ પધારતા હતા, ધોધમાર વરસાદ ચાલુ છે, ભીંજાયેલા ભગવાને બોટાદ શહેરમાં પ્રવેશ કર્યો, ગોઠણ સુધી

પાણી રસ્તામાં ચાલ્યાં જાય છે, ગાજ વીજના વિચિત્ર અવાજ થાય છે, ઘોડા પણ પલળી ગયા છે.

દુકાનદાર વણિક દુકાનમાં બેઠા છે, ''તેણે જોરથી શ્રીજી મહારાજને કહ્યું, સ્વામિનારાયણ તમારે કેટલા દિકરા છે ? જેથી આમ વરસતા વરસાદમાં પણ શાંતિથી બેસતા નથી ! ત્યારે શ્રીજી મહારાજ ઘોડી થંભાવીને કહ્યું, શેઠ તમારે કેટલા દિકરા છે ! શેઠે કહ્યું મારે તો બે દિકરા છે.

ત્યારે શ્રીજી મહારાજ કહ્યું, તમારે બે દિકરા છે, તેના માટે આમ વરસતા વરસાદમાં પણ દુકાન ખોલીને બેઠા છો, પણ અમારે તો અનેક દિકરા છે, તેના શ્રેય માટે ગામો ગામ વિચરણ કરીએ છીએ. તેમાં તમને શું વાંધો છે ! આવું સાંભળી શેઠ ચૂપ થઈ ગયા.

શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોને પોતાના દિકરા ગણીને કલ્યાણ કરવા માટે ગામો ગામ વિચરણ કરે છે, આપણે ભગવાનના દિકરાના લીસ્ટમાં આવીએ છીએ કે કેમ ! તેનો વિચાર કરવો અને કાંઈક પણ કચાશ હોય તો સુધારો કરી લેવો ! જેથી પરમાત્માના દિકરાના લીસ્ટમાં આપણું નામ આવી જાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનને તપ બહુ વહાલું છે, તપમાં રૂચિવાળા છે.

## ભગવાનની આજ્ઞામાં રહેવું એજ મોટું તપ છે

**તપ જેવું વહાલું વાલમને, તેવું વહાલું નથી બીજું કાંઈ;**
**વચનમાં રહી તને જે તપ કરે રે, તે તો સુખ પામશે સદાઈ.. તપ.**
**નારાયણ વચનથી વિધિએ આદરીયું તપ અનુપ;**
**તેણે કરી રમાપતિ રીઝીયા આપ્યો વર સારો સુખરૂપ..તપ..**

નારાયણના વચનથી બ્રહ્માએ તપ કર્યું. તો ભગવાન એના ઉપર પ્રસન્ન થયા અને સુંદર મજાનો વર આપ્યો. તમે સૃષ્ટીનું સર્જન કરો....

**શ્વેતદ્રિપમાં મુનિ રહે, નિરન્ન મુકત છે જેહનું નામ;**
**અન્ન પાન વિના કરે તપ આકરું, રાજી કરવા ઘણું ઘનશ્યામ. તપ.**

બદ્રિકાશ્રમમાં ઋષિઓ પણ તપ કરે છે, અને શ્વેતદ્વિપમાં મુકતો પણ અન્ન જળનો ત્યાગ કરીને તીવ્ર તપશ્ચર્યા કરે છે, ભગવાનને પ્રસન્ન કરવા માટે દિવ્ય તપ કરે છે.

## સાત્ત્વિક તપની વ્યાખ્યા જુદી છે

શરીરનું તપ, મનનું તપ અને વાણીનું તપ તેની વ્યાખ્યા જુદી, જુદી છે, તે બરાબર સમજવા જેવી બાબત છે.

શરીરનું તપ એટલે શું ? :

મા-બાપની સેવા કરવી. ગુરુની સેવા કરવી. જીવ પ્રાણી માત્રની સેવા કરવી. માંદા સંતહોય, મા બાપ હોય તો તેના પગ દબાવવા, સ્નાન કરાવવું, ભોજન જમાડવું, ચાલી શકતા ન હોય તો ટેકો આપવો તેને શરીરનું તપ કહેવાય. પ્રભુની પૂજા કરવી, બ્રહ્મચર્ય, વ્રતનું પાલન કરવું, આહાર જીતવો, આસન જીતવું, આંખને જીતવી, હાથને જીતવા, દેહની ચંચળતા તજી દેવી તેને શરીરનું તપ કહેવાય છે.

મનનું તપ એટલે શું ?

મનથી પ્રભુનું સ્મરણ કરવું, પ્રયોજન પુરતું બોલવું, ખોટો બકવાસ કે દ્રોહ કરવો નહિ, તેને મનનું તપ કહેવાય, મૌન રાખવું, સંતોષ રાખવો, શાંતિથી માનસી પૂજા કરવી, મનથી પ્રભુની લીલાનું સ્મરણ કરવું, તેને માનસિક તપ કહેવાય છે.

હવે વાણીનું તપ સાંભળો !

પ્રિય અને મધુર વાણી બોલવી, હિતકારી વાણી બોલવી, તેને વાણીનું તપ કહેવાય. કિર્તન ગાવવાં, ધૂન્ય બોલવી, પ્રભુના નામનો જય જયકાર કરવો, શાસ્ત્રોનો અભ્યાસ કરવો તથા વર્ણન કરવું તેને વાણીનું તપ કહેવાય છે.

શારીરિક તપ, માનસિક તપ અને વાચિક તપને સાત્વિક તપ કહેવાય છે. સુક્ષ્મ તપને પણ સાત્વિક તપ કહેવાય છે. એકાદશી, પૂર્ણિમા, અમાવાસ્ય, રામનવમી, જન્માષ્ટમી વિગેરે પવિત્ર તીથિના ઉપવાસ કરવા અથવા ફળાહાર કરવું તે પણ તપ છે, બે કોળીયા દરરોજ ઓછા જમવા હિતકારી રહેવું તે પણ તપ છે, પરમાત્મા પોતે પણ તપ કરે છે ને ભકતજનને તપ કરવાની આજ્ઞા આપે છે. તપ કરાવાથી ઈંદ્રિયો કેન્દ્રિત થાય છે, સંયમ ભગવાનને બહુ જ વહાલો છે.

## ધોને કી ઈચ્છા હો તો આત્મા કે મૈલ કો ધોઈએ

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**જેમ આવ્યો દિન આનંદનો, ત્યાં મુવો મોટેરો સુતરે;**

**તેમ અવસર આવ્યો હરિ ભજયાનો, ત્યાં મળ્યો જાણે જમદૂત રે.**

મોટા દિકરાના લગ્ન પ્રસંગ હોય અને ધામધૂમથી પરણાવા માટે આનંદથી બરાબર કપડાં પહેરીને તૈયાર થઈ જાય, ઢોલ ઢબૂકતા હોય, જાનડીયું મંગલ ગીત ગાતી હોય, માતા પિતા વિગેરે સગાં સંબંધીના આનંદનો પાર ન હોય, અને તેજ વખતે વરરાજાનુ મૃત્યુ થઈ જાય તો મા બાપને કેટલું દુઃખ થાય, જીવન હરામ થઈ જાય અને જીવવાની મજા ઉડી જાય.

તેજ રીતે જીવાત્મા પુરુષોત્તમ નારાયણની સાથે પરણવા માટે આ લોકમાં આવ્યો છે. બરાબર સત્સંગરૂપી અમૂલ્ય લાભ મળ્યો છે. પરણવાનો અવસર મળ્યો. શીરોમણી સત્સંગ મળ્યો, છતાં ભગવાન સાથે સંબંધ નથી રાખતો, આજ્ઞાનું પાલન નથી કરતો. તે સાચી હકકીતમાં મરેલો જ છે, પરણવા જતાં વચ્ચમાં કુસંગ લાગી થયો.

મજાનો દૂધપાક જમતા હોઈએ અને અંદર માંખ પડી જાય, તો દૂધપાક ભાવે નહિ, તેમ કુસંગરૂપી માંખ, ખરાબ ટેવ જીવનમમાં પડી જાય તો તેને સત્સંગમાં ભાવ જાગે નહિ. સાચા સંતમાં હેત થાય નહિ અને ભગવાનની આજ્ઞા પળાય નહિ, પછી તેના કેવા હાલ થાય છે, તે સાંભળો !

**વિમુખ તે મરી થાશે વૈતાળજી, ક્ષુધા પિપાસા વધશે વિશાળજી;**
**જળાશય જાતાં રોકશે વરૂણ રખવાળજી,**
**ત્યારે સર્વે દુઃખનો મળશે તાળજી.**

સારી જીંદગી જેણે ભગવાનની આજ્ઞા ઠુકરાવી છે તેવા વિમુખ મર્યા પછી ભૂત થાય છે. તેને નદી સરોવર વિગેરે જળાશયોમાં પાણી પીવા મળતું નથી. ત્યાં વરૂણદેવની ચોકી હોય છે. અનાજ પણ ખાવા મળતું નથી. પેશાબ અને વિષ્ટા ખાવા મળે છે. અને જયાં ત્યાં રખડે છે. ભૂતયોનીમાં અપાર દુઃખ હોય છે.

**પ્રસન્ન કરવા મહાપ્રભુને, રહે તનમાં બહુ બહુ તાણ;**
**બીજું જાય મર બગડી, તેનું જરાય ન માને જયાન.**

અમારા ઉપર પ્રભુ પ્રસન્ન થાય તેવી જેને સદાય તાણ રહેતી હોય તેવા સંતોનાં જીવનનો પ્રસંગ સાંભળો, કેટલું બધું સહન કર્યું છે. !

સદ્‌ગુરુ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી એક વખત સંત મંડળ લઈને સત્સંગ કરાવીને ગઢપુર તરફ આવતા હતા, ત્યાં સામેથી પાપી યમદૂત જેવા બાવાઓ મળ્યા

! એક બાવાએ કહ્યું, સાધુના મંડળમાં જે આગળ ચાલ્યો આવે છે, તે સ્વામિનારાયણનો ગોપાળ બાવો છે. તે સ્વામિનારાયણનો જમણો હાથ છે. તેને આજે આપણે મારી કૂટીને પતાવી નાખીએ, તો સ્વામિનારાયણ પાછા પડે.....!

ઉનાળાનો સખત તાપ છે, રસ્તાની બન્ને બાજુ સુકા બાવળના જરડાં પડ્યાં હતાં, તે લઈને રાક્ષસની જેમ સંતોને ખૂબ માર્યા, લોહીની ધારું છૂટવા મંડી, સંતો ધરતી ઉપર પડી ગયા, છતાં પણ અસુર બાવાઓને દયા ન આવી અને લાતુ મારીને સંતોને ઉથલાવી નાખ્યા, સંતોના મુખમાં એક જ રટના છે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઢોરની જેમ સંતોને ખૂબ માર્યા. મારીને અસુરો જતા રહ્યા.

જ્યારે સંતોને શરીરની શુધ્ધી આવી, ત્યારે ધીરે ધીરે હરિ સ્મરણ કરતા કરતા ગઢપુરમાં આવ્યા. શ્રીજી મહારાજ લીલુડા લીંબડા નીચે બીરાજમાન છે, સંતોને જોયા કે તરત ઉઠીને સામા જઈને હાથ ઝાલીને સંતોને બેસાડ્યા. સંતોથી બેસાતું નથી ! લોહી ટપકે છે. ધૂળથી ખરડાઈ ગયા છે. આવી સ્થિતિ જોઈને શ્રીજી મહારાજનું હૃદય કંપી ઉઠયું. મારા ગાય જેવા ગરીબ સંતોની આવી દશા ! આંખમાં આસું આવી ગયાં.

તેજ વખતે પેલા પાપી બાવાઓ આંધળા થઈ ગયા. અને શરીરમાં કોઢ નીકળ્યો. ખૂબ બળતરા થાય છે. કર્યા કર્મનું ફળ મળી ગયું, શ્રીજી મહારાજ રૂની પથારી કરીને સંતોને સુવાડ્યા. અને શ્રીજી પોતે કાંટા કાઢવા બેઠા. ધીરેથી કાંટાં ખેચીને ઢગલો કર્યો તો ૧૮ તેલાં કાંટા થયા, વિચાર કરો ! કાંટાની વેદના સંતોને કેવી થઈ હશે, શ્રીજી સમકાલીન સંતોને ખૂબ દુઃખ વેઠવું પડ્યું છે. છતાં પણ સત્સંગ કરવામાં જરાય પાછા પડ્યા નથી !

જેના શરીર ઉપર સોનાના શણગાર શોભતા એવા લાડુદાનજી જેવા સંત સહજાનંદના ચરણમાં સમર્પિત થઈ ગયા તો, ભગવાનની આજ્ઞાથી કોથળા પહેર્યા, કાચા લોટના ગોળા ખાધા. જેમને ઘરે રજવાડાં હતા, દાસ, દાસીઓ કામ કરનારાં હતાં, તેઓ પરમાત્માની આજ્ઞાથી અઘરી બાબતો હોંશે હોંશે પાલન કરતા.

ભગવાનની આજ્ઞા મોટા મોટાં શહેરોમાં મંદિરોના નિર્માણ કાર્ય, રેતીનાં તગારાં ઉપાડ્યા. ચુનાની ચકકીઓ પીલી, અનેક શાસ્ત્રોની રચના કરી. અનેક કાવ્યો લખ્યા, તેવા પવિત્ર અમૃત જેવા ગ્રંથોની ભેટ આપણા હાથમાં આપી. છતાં

આપણે યાદ કરવાની કે વાંચવાની કે વિચારવાની ફુરસદ નથી. કેટલી નબળાઈ છે માણસની વિચાર કરો !

## સત્સંગનો મહિમા સમજાય તો ભાવ જાગે

**તેજ સમઝું સંત શાણા, વળી તેજ બહુ બુધ્ધિવંત;**
**તેજ ચતુર પરવીણ ડાહ્યા, જેણે રાજી કર્યા ભગવંત.**

ભવાન રાજી થયા તેવા જે કાર્ય કરે તે સાચો બુધ્ધિશાળી ચતુર અને ડાહ્યો છે, માણસ પોતાના જીવનમાં બધુંય સમર્પિત કરી શકે છે. પરંતુ મનનું ગમતું સમર્પિત કરી શકતો નથી, મનનું ગમતું છોડવું ઘણું કઠણ છે. પૂર્વે મોટા મોટા મહારાજઓએ રાજ્ય છોડ્યાં છે, પુત્ર પરિવાર છોડ્યા છે, માથનાં પણ દાન દીધાં છે.

દાસ ભકત હનુમાનજી પોતાના મનમાં ધારેલા દરેક સંકલ્પ છોડીને ભગવાન રામચંદ્રજીના ગમતામાં રહ્યા, અક્રૂરજી, ગોપીઓ, રાધાજી આદિક ભકતો પોતાન મનનું છોડીને ભગવાનના ગમતામાં રહ્યા છે. જેથી તેમનાં નામ અમર રહી ગયાં છે અને બ્રહ્મરસના ભોગી થયા છે.

**અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગીરે;**
**જીવન મુક્ત જોગીયા અંતરે રોગીરે.. અનુભવીએ**

જીવન મુકત બ્રહ્મરસના ભોગી હોય, તેનો અહં વીલીન થઈ જાય છે અને એમ સમજે છે કે હું શ્વાસ લેતો નથી, પરંતુ ભગવાન સ્વામિનારાયણની અંતર્યામી શકિતથી મારો શ્વાસ ચાલે છે, આવી રીતે ભગવાનના સ્વરૂપનું નિત્ય અનુસંધાન, કર્તાપણાનો ભાવ જીવન મુકતમાં રહે છે.

શ્રીજી મહારાજે એવા અનેક મુકતાત્માઓને આ સત્સંગમાં મોકલ્યા છે. જેથી કરીને આપણો સત્સંગ ઉજળો રહે અને જીવને પ્રેરણા મળે, જેથી કરીને અક્ષરધામના અધિકારી બની શકે.

**વચનવિધિ આ ગ્રંથ છે રૂડોજી, હરિ વિમુખને લાગશે ડુકોજી;**
**જેને પહેરવી છે પરનરનો ચુડોજી, તે તો કહેશે આ કવિ કાલુડોજી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ વચનવિધિ ગ્રંથ અતિ રૂડો છે, પણ વિમુખને કુડો લાગશે અને કહેશેકે કવિ કાલુડે લખ્યો છે. વચનવિધિ ગ્રંથ અતિ દિવ્ય છે,

પતિવ્રતાના જેવી ભકિત કરવી તે આ શાસ્ત્રનો સાર છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, પતિવ્રતાનું જે અંગ છે તે વ્રજની ગોપીયુંના જેવું જોઈએ. જેમ ગોપીઓએ જે દિવસથી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસથી જેટલા સંસાર સંબંધી જે સુખ તે સર્વે ઝેર જેવાં થઈ ગયાં, ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું.

**ન કરો પરણ્યા કેરૂં કામ, કદી ચુડા ભાંગે,**
**રાખો હરિ સંગે હેત, ચુડો અમર રાખે;**
**પહેરો સંતની વરમાળા, જમ પાસે ન આવે,**
**સોંપો તન મન ધન, હરિ તેડવા આવે.**

ધ્યાન રાખજો...જીવના ધણી તો એક પરમાત્મા છે, આત્માને પરમાત્મા સાથે પરણાવવાનો છે, મન કર્મ વચનથી શ્રી હરિની શરણાગતિ સ્વીકારીને ભગવાનનું ભજન કરવું,

**હરિ ભજશે જન હરિના માની મનમાં મોટા સુખને;**
**સદા રહેશે સતસંગમાં નહિ વસે પાસ વિમુખને.**
**વિમુખથી રહી વેગળા કરી લેશે પોતાના કામને;**
**સાચા સંતની શીખ લઈ, પામશે પ્રભુના ધામને.**

મહિમાએ સહિત ભકતિ કરવી, અમૂક ભકતો એમ સમજે છે કે, આ જગતમાં જે કંઈ ઐશ્વર્ય ચમત્કાર દેખાય છે, તે ભગવાનની કૃપાથી અને ઈચ્છાથી થાય છે. ઘણા એમ માને છે કે માણસોએ બહુ વિધ શોધ કરી છે. તેથી ઐશ્વર્ય દેખાય છે, પણ ભકતો એમ માને છે કે એને બુધ્ધિ આપનાર ભગવાન છે, ઈશ્વર ઈચ્છા પ્રેરિત આ બધું થઈ રહ્યું છે, બુધ્ધિઆપનારા ભગવાન છે.

પરમાત્માની મરજી સિવાય સૂકું પાંદડું પણ ફરતું નથી, આવો જેને ખ્યાલ હોય મહિમા અને નિષ્ઠા હોય તે હંમેશા સુખી રહે છે, ભગવાનના ભકતો સદાય સત્સંગમાં મસ્ત બનીને મહિમા એ સહિત ભકિત કરતા હોય છે.

## મસ્ત રહના હો તો પ્રભુ ભકિત મેં મસ્ત રહો !

જેના હૃદયમાં ભકિત નિવાસ કરીને રહે છે, તે વ્યકિત નિર્ધન હોવા છતાં પણ

ધન્યવાદને પાત્ર છે, કારણ કે ભકિતરૂપી દોરીથી બંધાઈને સ્વયં પરમાત્મા પોતાના ધામને છોડીને ભકતોના હૃદયમાં આવી નિવાસ કરે છે. ભગવાનની નિષ્કામ ભકિત મુકિત કરતાં પણ મહાન કહેલી છે. જઠરાગ્નિ ખાધેલા અન્નને પચાવે છે. નિષ્કામ ભકિત વાસનાને બાળીને ભસ્મ કરી નાખે છે.

તુલસીદાસજી અરણ્યકાંડમાં કહે છે :-

**કહુ રઘુપિત સુનુ ભામિનિ જાતા, માનઉ એક ભગતિ કર નાતા**

શ્રી રામ કહે છે, મારે એક ભકિતનો જ સંબધ છે, માણસ કુળવાન અને ધનવાન હોય પરંતુ ભકિત ન હોય તો તે વ્યકિત જેમ અનેક અલંકારોથી સજિજત કરેલી વિધવા નારીની જેમ શોભતી નથી, તે ભકિત વિના અને સદ્‌ગુણો વ્યકિતને શોભાસ્પદ થતા નથી.

મોટો મેળો ભરાયો હોય, ત્યારે નાનું બાળક એક હાથે તેના પિતાશ્રીની આંગળી પકડી રાખે અને બીજા હાથે માની સાડી પકડી તો કયારેય પણ ભૂલો પડતો નથી, તે પિતારૂપી જ્ઞાનની આંગળી પકડી હશે, અને માતારૂપી ભકિતનો પાલવ ઝાલ્યો હશે, તો સંસારરૂપી મેળામાં ભૂલો નહિ પડે.

**અવશ્ય કરવાનું એ જ છે, તો કરી લેશે કારજ;**
**છેલ્લી શિખામણ સાંભળી, તેમાં ફેર નહિ રાખે રજ.**

સંસાર સાગર કીચડમાંથી બહાર નીકળવું હોય તેણે હમેશાં સ્વપ્નાં જેવો સંસાર જાણીને મહેમાન થઈને રહેવું, ધન ધામ કુટુંબ પરિવાર ગામ ગરસા એ જયાં જયાં જન્મ થશે, ત્યાં પાછા પ્રાપ્ત થશે પણ માનદ દેહ મળેલો તે ગયો તો પાછો મળવાનો નથી. આ દેહ વડે ભજન ભકિત કરી જન્મ સાર્થક કરી લેવો.

**જરૂર જાણજો જન જીવમાં પામવું છે પરમ આનંદ રે;**
**જે રે આનંદ જાય નહિ, કહો, સદા સર્વે સુખનું છે કંદ રે.. જરૂર.**
**અચળ અખંડ એનું નામ છે, અક્ષર અનંત અનુપ રે;**
**જે એ પામે તે પાછો નવ પડે, એવું છે એ સત્ય સ્વરૂપરે.. જરૂર.**

જેના હૃદયમાં પરમાત્માનો દિવ્ય ભકિતનો પ્રકાશ પથરાય તેના હૃદયમાં આઠે પહોર આનંદ રહ્યા કરે છે, તે છતે દેહે અક્ષરધામના જેવું સુખ ભોગવે છે, પણ એક શરત ! અનન્યભાવથી પરમાત્મામાં જોડાઈ જવું જોઈએ, સિંહની હાક લાગે

અને શિયાળીમાં નાસી જાય, તેમ પરમાત્માની ભકિતનો નાદ જાગે તો પાપ ભાગે છે!

**મન્મનોભવ મદ્‌ભકતો મદ્યાયી માં નમસ્કરું ।**
**મામૈવેષ્યસિ યુકતૈવ માત્માનં મત્પરાયણ ।।**

તું અખંડ મારું ચિંતવન કરતાં તારા અંતઃકરણને મારી સાથે જોડી દઈશ અને તારું જીવન ભગવદ્‌ પરાયણ બનાવીશ તો પછી તારે કાંઈ કરવાનું રહેતું નથી ! તું ચોકકસ મને જ પામીશ ભકિત છે તે જ પરમપદ છે.

**ગાફલપણું જો ઘણું ઘરમાં, જોતાં જોતાં થઈ જાય જયાન રે;**
**માટે પ્રમાદ પણું પરહરી, સદાય રહેવું સાવધાન રે. જરૂર જાણજો.**

સત્સંગમાં ગાફલપણું જરાય ચાલે નહિ, ભગવાનને શું ગમે છે, મોટા સંતોને શું ગમે છે, એ વાતને અવશ્ય સમજી રાખવી, પણ ઉન્મત્તાઈ પણું રાખવું નહિ,

## મન મુખી સદાય દુઃખી, ગુરુ મુખી સદાય સુખી

એક વખત સંત મંડળ લઈને મુકતાનંદ સ્વામી સુરત પધાર્યા સુરતવાસી ભકતોને સત્સંગના રંગે રંગી મૂર્તિમાં રમતા કર્યા, પછી એક દિવસ સભામાં મુકતાનંદ સ્વામીએ કહ્યું, અમારે બે સંતોને ગઢપુર મોકલવાના છે ! તે કોણ જાશે ?....

ગુણાતિતાનંદ સ્વામીએ કહ્યું, હે સ્વામી ! જો આપ આજ્ઞા આપો તો હું શ્રીજી મહારાજ પાસે જઈશ. ત્યાં અચાનક એક સાધુ ઉભા થયા અને કહ્યું, તમે મને આજ્ઞા કરો તો ભલે અને ન કરો તોય ભલે, હું તો ગઢપુર જવાનો જ છું. સ્વામીએ વિચાર કર્યો કે હું ના પાડીશ તો પણ એ સાધુ માનશે નહિ.

બે સાધુ સુરતથી ચાલતા ચાલતા ગઢપુર આવ્યા, શ્રીજી મહારાજને દંડવત્‌ કર્યા, ત્યારે શ્રીજી મહારાજ ગુણાતિતાનંદ સ્વામીને બાથમાં લઈને ભેટ્યા અને કુશળતા પૂછી, કે બધા સંતો સુખી છે ને ! એક એક સંતના નામ લેતા જાય ને શ્રીજી મહારાજ ગુણાતિતાનંદ સ્વામીને મળતા જાય. બાવીસ વખત સ્વામીને મળ્યા, પછી ઢોલીયા ઉપર વિરાજમાન થયા.

ત્યારે જે મનમુખી સાધુ હતા, તે બોલ્યા, મને તો મળો હું તો રહી જ ગયો..... છેક સુરતથી ચાલીને આવ્યો છું, ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, અમે થાકી ગયા છીએ ! ત્યારે મનમુખી સાધુએ ખૂબ વિનંતી કરી.... ત્યારે સાધુને શ્રીજી મહારાજ મળ્યા

અને કહ્યું, બાવીસ વખત મળવા છતાં કઠણ નહોતું પડયું, એટલું આ સાધુરામને એક વખત મળતાં કઠણ પડ્યું.

મનમુખી સાધુએ પૂછયું મને મળવું તમને કેમ કઠણ પડ્યું. શ્રીજી મહારાજે સ્પષ્ટતા કરી કે, અમારા ગુરુ સમાન મુકતાનંદ સ્વામીની રૂચિમાં તમે નથી રહેતા, તમારી મરજી પ્રમાણે તમે આંહી આવ્યો છો ! મોટા સંતની અનુવૃત્તિમાં રહે તે અમને ગમે છે, મનમુખી સાધુ સમજી ગયા... બે હાથ જોડી માફી માગતાં કહ્યું, તમે સંતો રાજી થશો તેમ કરશું, મારી ભૂલ થઈ છે.

## સત્સંગમાં ધન અર્પણ કરે એવા ઘણા ભકતો હોય છે. પણ મન અર્પણ કરે એવા ઓછા ભકતો હોય છે.

સ્વભાવ ટાળ્યા ટળે છે. વાણીયો જમા ઉધારનું નામું લખે તેમ સ્વભાવ સામે નજર રાખે, વારંવાર તપાસ્યા કરે તો સ્વભાવ સુધરે છે. ભગવાનનો રાજીપો છે ને તો જો મૃત્યુલોકમાં છે, તો પણ ભગવાનના ધામમાં જ છે, કેમ જે સંતની સેવા કરે છે, ને ભગવાનના ગમતામાં છે. તે ભગવાનને સમીપે જઈને નિવાસ કરશે અને સંતનો રાજીપો નથી, ને ભગવાનના ભકત ઉપર ઈર્ષા છે તે જરૂર ધામમાંથી પણ હેઠો પડશે. માટે જેમ સંતો રાજી થાય તેમ કરવું.

## માણસ મટી મુકત બનાવે એવો આ ગ્રંથ છે

વચનવિધિ ગ્રંથ અતિ દિવ્ય છે, તેનું શ્રવણ, મનન અને વાંચન કરવાથી જીવને શાંતિ થાય છે અને અંતે આત્યંતિક કલ્યાણ પણ થાય છે, પરંતુ વર્તમાન યુગમાં અનેક વિધ ચિંતાઓમાં જીવતા મનુષ્યોને શાસ્ત્ર વાંચવાનો સમય મળતો નથી, વચનવિધિ ગ્રંથ આપણે ને જાગ્રત કરે છે.

કેટલાક માણસો ફરીયાદ કરતા હોય છે, અમને શાસ્ત્રની વાત સમજાતી નથી, નિષ્કુળાનંદ સ્વામીના સિધ્ધાંતો સરળ રીતે સમજી શકાય. નવી પેઢીના જીવનમાં જળવાઈ રહે તે માટે દૃષ્ટાંતોનો સમાસ કરીને વચનવિધિ કથા સાર અત્યંત આવશ્યક બની રહેશે. સારા વિચારોને આચરણમાં લાવીએ અને પ્રભુની આજ્ઞા પાળવામાં આગળ વધીએ તો જ માનવ જન્મ સાર્થક ગણાય, આનંદ મગ્ન બનીને સદાય ભજન કર્યા કરવું.

**સદા રહેવું મનમાં મગન થઈ, કદિયે ન માનવું કંગાલ રે;**
**નિષ્કુલાનંદ કહે નીલકંઠ મળે, થયાં છીએ નિર્ભય નિહાલરે....**
**જરૂર જાણજો જન જીવમાં, પામવું છે પરમ આનંદ રે. જરૂર.**

કંગાલ પણું તજીને સદાય મસ્ત બનીને હિંમત રાખીને પ્રભુ ભજવા.

આ વચનવિધિ ગ્રંથ છે, તેને વાંચવાથી સાંભળવાથી જીવનમા જાગૃતિ અને ચેતના પ્રગટ થાય છે, અને તે જાગૃતિ સદાય જીવન દોરી જો બની જાય તો જ્ઞાન દીપક ઝળહળી નીકળે છે, અને તેનો આત્મા વચન પાળવામા બળીયો થાય છે.

હવે સ્વામી છેલ્લે દોહા લખે છે :-

**આ ગ્રંથ અતિ અનુપ છે, મુખ દેખાડવા દર્પણ;**
**પણ હબસી મુખ જોઈ, હૈ લિયે નહિ લગાર ગુણ.**
**દેખી મુખ દુઃખીયો થઈ, કરે ગ્રંથ મુ કર પર શેષ;**
**જેમ છે તેમ દેખાડીયું, ગ્રંથ દર્પણનો શો દોષ.**

અંતમાં નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ ગ્રંથ દર્પણ જેવો છે. જેવા ગુણ અને જેવા દોષ હશે આપણા જીવનમાં તે અંતરમાં વિચારશો તો ખ્યાલ આવી જશે, કે આટલી મારા માં ભૂલ છે, આટલા વચન પાળવામાં નબળાઈ, પછી સુધારીએ કે ન સુધારીએ એ આપણા હાથની વાત છે. પણ શાસ્ત્રો છે તે જેવાં હોઈએ તેવાં દર્શાવી દે છે.

નિષ્કુળાનંદ સ્વામીએ વચનમાં વર્તવાની સુવાસિત કથા જનતા સુધી, પહોંચતી કરી અને સદ્‌બોધ દ્વારા પુષ્ટ બનાવી છે. સર્વજન સમુદાય ને સુલભ રીતે સમજાય તેવી સરળ અને રસાળ, સીધી અને સાદી છતાં ભકતોના અંતરને સ્પર્શી જાય, તેવી અસરકારક શૈલીમાં રજુ કરેલી છે.

ભારતનો વિદ્વાન હોય કે ગામડામાં રહેતો અભણ માણસ હોય એ પણ આ રહસ્યને સમજી શકે, તેવી અદભુત કથા છે. માનવ સમાજ માટે નદીના અમર ઝરણારૂપે આ રસામૃત જ્ઞાનને સ્વામીએ વહેવડાવ્યું છે.

નિષ્કુળાનંદ સ્વામીએ આંતરિક જટિલ સમસ્યાનો ઉકેલ લાવવા વિકારોને મૂળમાંથી નાબુદ કરવા, સાથોસાથ પ્રભુ સુધી પહોંચવાનો સરળમાર્ગ સુંદર રીતે વર્ણવ્યો છે, આ મહાન વચન વિધિ ગ્રંથમાં.

## વચનવિધિ ગ્રંથ દર્પણ જેવો છે

ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે

# વચનવિધિ સમાપ્ત

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# સારસિદ્ધિ અમૃતધારા

સર્વાવતારી શ્રી હરિના પરમહંસ મંડળમાં શુકદેવજી સમાન ચળકતા વૈરાગ્ય મૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીનું આ સાહિત્ય મોક્ષમાર્ગી મુમુક્ષુઓને તારાઓના મધ્યે ચંદ્ર સમાન છે.

આ ગ્રંથની પ્રત્યેક પંક્તિઓમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો અપાર મહિમા વર્ણવ્યો છે.

નિષ્કુળાનંદ સ્વામી એ એક અનુપમ સંત હતા, આ સાર સિદ્ધિ દીવાદાંડી રૂપ છે અને સુખ, શાંતિનો મહાસાગર છે. આ ગ્રંથ ઉત્તમ છે. અધ્યાત્મિક માર્ગમાં સમગ્ર પાથેય પ્રાપ્ત થાય એવો શ્રેષ્ઠ ગ્રંથ સ્વામીએ લખ્યો છે.

સાર એટલે શું ? સારમાં સાર હરિની મૂર્તિ છે. મૂર્તિને સિધ્ધ કરવા માટેનો આ ગ્રંથ છે. ભગવાનની મૂર્તિ સિધ્ધ કરવા માટેનો આ ગ્રંથ છે. ભગવાનની મૂર્તિ સિધ્ધ તો થાય જો આ જગતમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય તો! વૈરાગ્ય વિના ભક્તિ માર્ગમાં આગળ ચલાતું નથી. આ શાસ્ત્ર તો જ સમજાય જો ભગવાનની ભક્તિ કરીએ તો! ભગવાનમાં પ્રેમ સહિત જોડાવું એને કહેવાય ભક્તિ.

## સાધનની સિધ્ધિ ભક્તિ કરવાથી જ થાય છે.

નિષ્કુળાનંદ સ્વામીએ ભગવાનની મૂર્તિને સિધ્ધ કરવા ઉપર જ ભાર મુકયો છે. ભગવાનની મૂર્તિ એમને એમ સિધ્ધ થાય નહિ. ભગવાનનો સાક્ષાત્કાર થવો એ કઠીન બાબત છે.  ભગવાનની મૂર્તિ સિધ્ધ કેવી રીતે થાય. તેનો ઉપાય શાસ્ત્રમાં

બતાવ્યો છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય તેમજ નિત્ય સંત સમાગમ એ બાબતે આ સાર સિધ્ધિમાં ખૂબ જ વર્ણન કરેલું છે.

**શ્રી પુરુષોતમ પ્રસન્ન કરવા કાજજી, શું શું જોઈએ આ જીવને સમાજજી**
**જેણે કરી રીઝે શ્રી મહારાજજી, એવું શોધી સાર લઈ લેવું આજજી.**

ભગવાન પુરુષોતમને પ્રસન્ન કરવા શું શું જોઈએ ? પ્રકાશિત જીવન જોઈએ.

## સ્વયં પ્રકાશિત સ્થંભ બનો

અગ્નિથી અગ્નિ સળગે છે. જીવનથી જીવન પ્રકાશિત થાય છે, પ્રીતિથી પ્રીતિ વધે છે અને વેરથી વેર વધે છે. જો આપણે બીજાઓનું નિર્માણ કરવા માગીએ તો પહેલાં આપણે જીવનમાં ક્રાંતિ લાવવી પડશે, આપણી જાતે લોહ ચૂંબક બનવું પડશે. આપણા જીવનમા વૈરાગ્ય સહિત ભક્તિ ઉત્પન્ન કરવી પડશે, ત્યારે જ બીજાઓનો સુધારો અને ઉધ્ધાર થઈ શકશે.

એક સળગતો દીપક લાખો ઓલવાઈ ગયેલા દીવાઓને પ્રગટાવી શકે છે. પરંતુ લાખો ઓલવાઈ ગયેલા દીપકો ભેગા થઈને એક દીપકને પણ પ્રગટાવી શકતા નથી. એક મહાપુરુષ જેનામાં જીવન જયોતિ છે, તે લાખો જીવન જયોતિ ભેટ આપી શકે છે, તેમને સન્માર્ગ તરફ લાવી શકે છે. તેમના જીવનમાં નવ જયોતિ જ્ઞાનની ભક્તિની વૈરાગ્યની અને ધર્મની ફેલાવી શકે છે.

જે વ્યક્તિ સ્વયં શાંત નથી તે બીજાઓને શું શાંતિ આપી શકે ? જે સ્વયં અજ્ઞાની છે, તે બીજાઓને જ્ઞાનવાન કેવી રીતે બનાવી શકે ? જે પોતે જ તરવું જાણતો નથી તે બીજાઓને તરવાનું શું શીખવી શકે ? સ્વયં આળસુ, પ્રમાદી અને બકવાસી છે. તે બીજાઓને સ્ફૂર્તિ વાળા અને મિતભાષી કેવી રીતે બનાવી શકે !

બીજાઓને શાંતિ આપતાં પહેલાં આપણે સ્વયં શાંત બનવું પડશે. સર્વ અવતારીશ્રી સ્વામિનારાયણ, મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ, યોગીરાજ શ્રી કૃષ્ણ, સ્વામિ મુકતાનંદજી તથા સ્વામિ ગોપાળાનંદ વગેરેની જેમ પહેલાં આપણે સ્વયં પ્રકાશ સ્થંભ બનીએ. જયારે પુષ્પ ખીલે છે ત્યારે મધ માખીઓ સ્વયં આવી જાય છે અને પરાગજ લઈ જાય છે.

સ્વયં કુમાર્ગ થકી હટીએ, એ પહેલાં સ્વયં ઉદાર બનીએ, સ્વયં ઊંચા ઊઠીએ,

સ્વયં મોહ નિદ્રામાંથી જાગૃત થઈએ, સ્વયં ભક્તિશીલ બનીએ ત્યારે જ જીવન પ્રકાશવાન થાય છે.

દીપ થી દીપ સળગે છે, આવા જ્ઞાની, ધ્યાની, શ્રેષ્ઠ વર્તનશીલ, વિવેકી અને ધર્મવાન માણસ જ સમાજમાં અને સત્સંગમાં યશ મેળવે છે. તેમના સંપર્કમાં આવવાવાળા માણસો પર પણ તેમના સદ્‌ગુણોનો પ્રભાવ પડે છે.

સત્સંગ દ્વારા અનેક માણસોની જીવનધારા બદલાઈ ગઈ છે. વિષયના કીચડમાં ફસાયેલા તુલસીદાસ પણ પોતાની સ્ત્રીના વૈરાગ્ય ભર્યા વચનથી મહાન સંત તુલસીદાસ બન્યા છે. આપણા ધર્મગ્રંથોમાં કહ્યું છે કે,

**ચંદનં શીતલે લોકે ચંદનાદપિ ચંદ્રમા ।**
**ચંદનચન્દ્રયોર્મધ્યે શીતલા સાધુસંગતિઃ ॥**

ચંદન શીતળ છે, ચંદનથી પણ ચંદ્રમા શીતળ છે. એનાથી પણ જે સાચા સંતો છે તે શીતળ છે, સંતોના સંસર્ગથી સુષુપ્ત શક્તિ જાગૃત થાય છે.

એવા મહાન વૈરાગ્ય મૂર્તિ સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ મુનિનો આપણે સમાગમ કરીએ અને એના રચેલા જે ગ્રંથો છે તેમાં સાર સિધ્ધિ નામનો ગ્રંથ અજબ-ગજબની શક્તિથી ભરેલો છે, તેનું વાંચન, શ્રવણ અને મનન કરી જીવનને ધન્ય બનાવીએ.

**શોધી સાર સર્વે તણો, લઈ લેવો લાભ લાલચે કરી ।**
**આવ્યો અવસર ઓળખી, રાજી કરવા શ્રી હરિ ॥**

ભગવાન રાજી કરવા માટે નિષ્કુળાનંદ સ્વામીએ ખૂબ વજન મૂક્યું છે. ભગવાન સ્વામિનારાયણના વિચારોનો ખ્યાલ કરશો તો ખબર પડશે કે અગ્યાર વરસની કોમળ વયે સત્સંગ પ્રવર્તન કામ શરૂ કર્યું અને ઓગણપચાસ વરસના ટૂંકા ગાળામાં કેટલાં બધાં કાર્યો કર્યાં. શ્રીહરિ એક દિવસ પણ વિશ્રાંતિ લઈને બેઠા નથી, કંઈક જગ્યાએ રોકાયા છે, તો સાધના માટે, મુમુક્ષુના હિત માટે સતત પરિભ્રમણ કર્યું, વનવગડે, તીર્થ સ્થાને, મુમુક્ષુના આશ્રમે, ઘરે, કુબે, રાજા મહારાજાઓના મહેલે, ગામે ગામ અને નગરેનગર બહુ ફર્યા, કોઈ સ્થાન બાકી નથી રાખ્યું. આવું ભવ્ય જીવન જોઈને વિચાર થાય છે કે, આટલું પરિભ્રમણ શા માટે ? તો તેનો જવાબ અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે.

## આવ્યો અવસર ઓળખી, રાજી કરવા શ્રીહરિ

૧) હરિ રાજી થઈ કહે છે “ હે પરમહંસો ! તમે દરરોજ એક જીવને પ્રભુની ઓળખાણ કરાવજો.

૨) સદાચાર અને ભાગવત ધર્મનું પ્રવર્તન કરજો ને કરાવજો.

૩) રાજી થાય ત્યારે ભગવાન બાથ લઈને ભેટ્યા છે, પોતાનાં ઉપવસ્ત્ર ઓઢાડીને આનંદ વ્યકત કર્યો છે, પોતાના થાળની પ્રસાદી આપી છે, વાંસો થાબડીને વખાણ કરીને ધન્યવાદ અને આશીર્વાદ આપ્યા છે.

**શ્રી હરિ રાજીએ સહુ રાજી, રાજી કર્યા ક્રોડ તેંતરીસ;**
**શેષ દિનેશ, ને શશિ સરેશ, વળી રાજી કર્યા અજ ઈશ.**

શ્રી હરિ રાજી થાય તો તેંત્રીસ કરોડ દેવ રાજી થાય. શેષ, દિનેશ, શશી, સૂર્ય બધા રાજી થઈ જાય. શેષ એટલે શેષજી, દિનેશ એટલે સૂર્ય, શશી એટલે ચંદ્ર, સુરેશ એટલે ઈંદ્ર, અજ એટલે બ્રહ્મા અને ઈશ એટલે શંકર. આ બધા ખુશ થઈ જાય. આ બધાને ખુશ કરવા જવું પડતું નથી, એક થડને પાણી પાઈ દો તો વૃક્ષ આપો આપ લીલુંછમ રહેશે. તેમ એક પરમાત્માને રાજી રાખો અને નિયમ ધર્મનું પાલન કરો તો આપો આપ બધા રાજી થઈ જશે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, એક ભગવાનમાં પાકી નિષ્ઠા રાખવી જોઈએ. આદર સૌને આપવો, પણ અનાદર કોઈનો કરવો નહિ. તો દિલથી પ્રગટેલો સત્સંગનો રંગ લીલોછમ રહેશે. પતિવ્રતા નારીના જેવી ટેક રાખવી, સાત્ત્વિક દેવ દેવીઓ પૂજનીય છે, માનનીય છે.

એક વાર પાકો નિશ્ચય થઈ જાય પછી વાંધો આવતો નથી. ભગવાન નો નિશ્ચય કરવો તો એકલા પોતાના જીવનના કલ્યાણ ને અર્થે જ કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છાથી ન કરવો. શ્રીજી મહારાજે નંદુભાઈનો નિશ્ચય વખાણ્યો છે. વીજાપુરનાં વજીબાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા નહોતા, નિશ્ચય પરિપકવ હતો, ભગવાન બાવારૂપે એમના ઘરે આવ્યા. નિશ્ચય ડગાવવા માટે ઘણી બધી ઊંધી સીધી વાતો કરી કે સ્વામિનારાયણ પાખંડી છે, બાબરો ભૂત વશ કર્યો છે, ઘણી બધી ડગાવવાની કોશિષ કરી પણ લેશમાત્ર મોળા પડ્યાં નહિ. વજીબાએ કહ્યું “ બાવા મારા સ્વામિનારાયણની નિંદા કરીશ તો છૂટે છાણે મારીશ. તું તો શું ? પણ બ્રહ્મા

જેવા મને ડોલાવવા આવે કે સ્વામિનારાયણ ભગવાન નથી, તો પણ ડગું નહિ. વજીબાને ખબર નહોતી કે બાવાના રૂપમાં મારા સ્વામિનારાયણ આવ્યા છે. છતાં પણ નિશ્ચય ઢીલો થયો નહિ. આવી રીતે ભગવાનમાં નિશ્ચય રાખવો પણ આડું અવળું જયાં ત્યાં વિચાર્યા વિના દોડવું નહિ. એક ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન નો દઢ આશરો રાખવો. પ્રેમાનંદ સ્વામી ગાય છે,

**હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવેપ;**
**સહજાનંદ વિના મુને દૂસરો ન ભાવે.....હમ તો.**

સુપાત્ર રાજા હોય, પુત્ર વત પ્રજાનું પાલન કરતા હોય, તો રાજા રાજી થાય તો પ્રજા આપો આપ રાજી થાય. તેમ ભગવાન પ્રગટ પુરુષોતમને રાજી કરીએ તો તમામ દેવતાઓ રાજી થાય. ઝાડનાં પાંદડાં અને ડાળખીયું ને ફુંવારાં છાંટીને પાણી પાવું પડે નહિ, થડમાં પાણી રેડી દઈએ, એટલે આપો આપ પાંદડાં અને ડાળખીયું ને પોષણ મળી જાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે આકાશમાં તારા ઘણા હોય છે, પણ જયાં સુધી સૂર્ય ન હોય ત્યાં સુધી અજવાળું થાય નહિં, અનેક તારા ઊગે પણ સૂર્ય ન ઊગે ત્યાં સુધી દિવસ થાય નહિં, સૂર્ય ઊગે પછી જ રાત જાય.

ભગવાનની સેવા કરવાથી જ અજ્ઞાનનું અંધારું જાય અને જ્ઞાનનો પ્રકાશ ફેલાય. બીજો દાખલો આપી સ્વામિ સમજાવે છે,

**જેમ સોએસો શૂન્ય સારા કરે, પણ એક અંક ન કરે જો આગળે;**
**તે સરવાળો શાનો મલશે, જે કરે છે કાળપ કાગળે.**

સો મીંડા કર્યાં હોય, પણ આગળ એકડો ન કર્યો હોય તો સરવાળો થાય નહિ, પણ મહેનત અને કાગળ નકામો જાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, “ભગવાનનું ભજન સ્મરણ, કથા કીર્તન, સત્સંગ સમૈયા વિગેરે નીતિ નિયમનું પાલન કાંઈ ન કરે તે હકીકતમાં મીંડા જ લખ્યા કરે છે. એના જીવનના ચોપડામાં મીંડા જ હોય, ખાતું ખાલી જ હોય. આ જગતની અંદર માણસો ગમે તેટલા પૈસા ભેગા કરે, ગમે તેટલું જગતમાં માન મોટાઈ મળે, ગમે તેટલા સંસારના તુચ્છ વૈભવો ભોગવે પણ જેને અખંડ સંભાળવાનાં છે, તેને ભૂલી જાય છે તે બધા એકડા વિનાનાં મીંડા જેવા છે. જીવનના ચોપડાનું ખાતું ભરપુર રાખવું હોય તો,

**અન્ય ઉપાય અળગા કરી, રાજી કરવા રૂડા રમાપતિ;**
**નકકી નિશાન ન મૂકીયે, સમજી વિચારી શુભ મતિ.**

એક વાત નકકી કરી રાખવી કે ગમે તે થાય મારે ભગવાન ભજવા છે, ગમે તેટલું સુખ દુઃખ આવે છતાં અટકી જવું નથી. દેહં પાત્યામિ વા અર્થં સાધ્યામિ. મારે રમા પતિ નારાયણને પામવા જ છે. આવી ખુમારી રાખવી.

**નિશ્ચય એમ નિર્ણય કરી, લઈએ વળી ખોજ;**
**નિષ્કુળાનંદ તો પામીએ, મન માની મહારાજની મોજ.**

ભગવાન રાજી થાશે તો ભગવાન મોજ આપી દેશે. ભગવાન પાસે બધું જ છે. એનું દીધેલું સુખ આપણે ભોગવીએ છીએ, તેલ વગર દીવા થાય છે, ઘોડા વિના ગાડીઓ ચાલે છે, હજારો ગાઉ દૂરથી મીઠા પાણી આવે છે, વિમાનમાં બેસી ને માણસો પક્ષીની જેમ ઉડી જાય છે, હજારો ગાઉ દૂરની વાતો ફોન દ્વારા સાંભળી શકાય છે, હજારો ગાઉની મુસાફરી થોડાક કલાકમાં કરી શકાય છે, લાખો માણસો કામ ન કરી શકે તેટલું કામ એક જ યંત્રથી થઈ શકે છે, આ બધી મનમાની મોજ મળી છે પણ યાદ રાખજો, આયુષ્ય ઓછું થતું જાય છે, ઓચિંતો કાળ આવશે અને હતું ન હતું થઈ જશે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે તમારા જીવનને પવિત્ર સત્સંગ માર્ગમાં લાવવાની કોશીશ કરજો. જેથી પવિત્ર પરમાત્માની હજુરમાં રહી મોક્ષધામનાં અલૌકિક સુખને પામીએ.

**પ્રભુ પ્રસન્ન કરવા કરે ઉપાયજી, જૂજવા જૂજવા આ જગ માંયજી;**
**જેવી રૂચિ જનની જેવો અભિપ્રાયજી, તે વિના બીજું કરે નહિ કાંયજી.**

આ જગતની અંદર ભગવાનને પ્રસન્ન કરવા માટે ભકત જનો જુદા જુદા સાધનો કરતા હોય છે, શાસ્ત્ર ની આજ્ઞા પ્રમાણે કરે નહિ પણ પોતાનું ગમતું કરે તેને મનમુખી કહેવાય. અને સદ્‌ગુરુ કહે તેમ કરે તેને ગુરુમુખી કહેવાય.

ભાવનગર ના પ્રભુ પ્રેમી ભકત શિવલાલભાઈ શ્રીમંત હતા, છતાં બહુ સાદાઈથી રહેતા. કોઈ પ્રકારનું વ્યસન નહિ. એક વખત ગુણાતિતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા, ‘‘શરીરે સહેજ બરાબર નહિ, મોળ આવતી હશે. તેથી સોપારીનો કટકો મોઢામાં રાખેલો સ્વામીની વાતો સાંભળવા આજુ બાજુ

હરિભક્તો બેઠા છે, ત્યાં શિવલાલભાઈ આવીને બેઠા. સ્વામી ગુણાતિતાનંદજી કારણ શરીરને ભેદી જીવને પ્રભુમાં જોડી દે તેવી ભારે જોરદાર વાતો કરતા હતા. આખી સભા તલ્લીન બનીને સાંભળે છે. તેવામાં શિવલાલભાઈના મુખમાંથી 'કટ' એવો સોપારી ચાવવાનો ધીમો અવાજ સંભળાયો. " સ્વામીએ કહ્યું આવી બ્રહ્મસભામાં ઉત્તમ જ્ઞાનામૃતનો સ્વાદ મૂકીને લાકડાના સ્વાદને કોણ લે છે ? એટલે તરત શિવલાલભાઈએ ઊભા થઈ મોઢામાંથી સોપારીનો કટકો બહાર થૂંકી નાખ્યો. પછી પ્રતિજ્ઞા લઈ લીધી કે જીંદગીભર સોપારી ખાવી નહિ.

આ રીતે ભરી સભામાં શિવલાલભાઈને ઠપકો આપ્યો છતાં પણ જરાય મૂંઝાયા નહિ, નાની સરખી ભૂલને હસતે મુખે સ્વીકાર કરી લીધી. મનનું ધાર્યું મૂકી દેશું ત્યારે જ મુકતદશા પ્રાપ્ત થશે અને સંપૂર્ણ રીતે નિર્દોષ બની શકાશે.

## મનની દોરી ગુરુને સોંપવી જ પડે

સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતોનો સહારો જોઈએ, જોઈએ ને જોઈએ. સાચા સંતનો સહારો ન લે ત્યાં સુધી ભગવાન સુધી પહોંચાતું નથી, અને ભૂલ ટળતી નથી.

ખેતીવાડી હોય, વાડીમાં ઘઊં થાય, સો મણ કે પાંચસો મણ. ઘઊં વેંચવા જાય ત્યારે અંદર એકાદ કીલોકાંકરા કીલો હોય. પાંચસો મણમાં કદાચ ભેળવેલા હોય તો એ કાંકરા ઘઊંના ભાવે વેંચાઈ જાય, અને જો જુદા કર્યા પછી વેંચવા જાવતો કાંકરા કોણ લે ? કોઈ ટકોય ન દે. ઘઊં ભેગા ભળી જાય તો ઘઊંના ભાવે વેંચાઈ જાય. વિચારજો આપણે બધા કાંકરા જેવા છીએ, અને સાચા સંતો ઘઊં જેવા છે. મનનું ધાર્યું મૂકીને સંત કહે તેમ કરીએ તો આપણું મૂલ્ય વધી જાય, સંતોને જોડે આપણે પણ તરી જઈએ.

**કરે નહિ બીજુ કોઈ દિન, કરે તેમ માન્ય જેમ મન;**
**મતિ ન પહોંચી વૈરાગ્ય વિના, વણ સમઝે આદરે સાધન.**

પૂરેપૂરો વૈરાગ્ય ન હોય તો મન માન્યું કરવા જોઈએ, જીદ્દી સ્વભાવ જઈ જાય. કોઈ સારા વડીલ સંતો ભલામણ કરે કે આવી રીતે કરો તો મનમુખી સંતનું કહયું માને નહિ. ૮૦-૯૦ વરસનાં વયોવૃધ્ધ સંતોની વાત પણ મનાય નહિ, મન ફાવે તેમ બોલે, મન ફાવે તેમ ખાય, મન ફાવે ત્યાં ફરે, મન ફાવે તેનો સંગ કરે,

ગુરુમુખી જે જે સાધન કરે તે ગુરુના વચન પ્રમાણે કરે. બે ભકતમાં આકાશ અને પાતાળ જેટલો ફર્ક છે, તેવી જ રીતે મોક્ષમાં પણ ફરક રહેશે. ગુરુમુખી ઓછી ભકિત કરશે તો પણ ભગવાન ને વહાલો લાગશે અને મનમુખી ગમે તેટલું કરશે છતાં પણ ભગવાનને ગમશે નહિ.

એક વખત બધા દેશાંતરના ભકતો ભેગા થયા અને ચર્ચા ચાલી કે જપ કરવાથી વાલીયો લૂંટારો વાલ્મીકિ ઋષિ બની ગયો. તેથી જપ કરીએ તો ભગવાન રાજી થાય. ત્યારે બીજો કહે જપ કરતાં રાફડા વળી જાય તો એવા તપથી ભગવાન રાજી થાય. આકરું તપ કરો. ત્યારે કોઈકે કહ્યું, જપ તપ માં શું ખોટી થાવ છો, જીવ્યા કરતાં જોયું ભલું. તીર્થ કરવા જઈએ બદ્રીનાથ, અમરનાથ ફરી આવીએ તો ભગવાન તરત પ્રસન્ન થાય. તો કોઈક કહે એ બધું રહેવા દો, યોગ કરો યજ્ઞ કરો, પહેલાંના રાજા યજ્ઞ કરતા આપણે પણ કરીએ. કોઈક કહે વ્રત નિયમ રાખીએ તો ભગવાન તરત ખુશ થાય. ત્યારે કોઈક કહે એ બધી માથાકૂટ મૂકો ભગવાન રાજી કરવા હોય તો કમળ પૂજા કરીને શિવ ઉપર મૂકી દો તો ભગવાન તરત રાજી થાય. કોઈક કહે કાશીમાં જઈ કરવત માથા ઉપર મુકાવો. આગળના વખતમાં કેટલાકે કમળ પૂજા કરેલી છે. આપણા દેશના માણસો અધ્યાત્મિક માર્ગ તરફ ખૂબ ઝઝૂમતા આવ્યા છે, અધ્યાત્મિક માર્ગના ઊંડાણના ઘણા બધા રસ્તા છે. નિષ્કુળાનંદ સ્વામી સરસ અને સરળ માર્ગ બતાવે છે. કરવત લેવાની જરૂર નથી, કમળ પૂજા કરવાની જરૂર નથી. કોઈક કહે ડુંગર ઉપરથી હેઠા પડીએ તો ભગવાન ખુશ થાય, કોઈક કહે પાંડવોએ હિમાલયમાં જઈને હાડ ગાળ્યા, હાડ ગાળે તો ભગવાન જલ્દી રાજી થઈ જાય, કોઈક કહે દાવાનળમાં દેહને બાળો તો ભગવાન રાજી થાય. આવું બધું પોત પોતાની રીતે નક્કી કર્યું. કોઈક કહે આમ કરો, કોઈક કહે તેમ કરો, કોઈક કહે ધન, સ્ત્રી અને કુટુંબ પરિવારનો ત્યાગ કરો તો ભગવાન રાજી થાય. કોઈક કહે કેશ વધારો, નખ વધારો, જટા વધારો તો ભગવાન રાજી થાય. કોઈક કહે બધું મૂકી દો કાંઈ ઉપાધિ જ નહિ, મૌન વ્રત રાખો. કોઈથી બોલવું જ નહિ જે માયા આડી આવે. કોઈક કહે દીગંબર ફરો, કપડાં ન પહેરો તો ભગવાન રાજી થાય. કોઈક કહે નીમક ન ખાવું, કોઈક કહે અનાજ ન ખાવું ફળાહાર કરો તો ભગવાન રાજી થાય. કોઈક કહે બધી લપ મૂકી દો, વાયુ ભક્ષણ કરો તો ચોકકસ ભગવાન રાજી થાય. કોઈક કહે

ધૂણી તાપો, ચારે બાજુ તાપ કરીને તડકામાં બેસો તો ભગવાન રાજી થાય.

**એહ વિના અનેક ઉપાય, રાજી કરવા ઈચ્છે છે રાજા;**
**નિષ્કુળાનંદ કહે એ ભકત ભલા, પણ નકકી નથી નિષ્કામ.**

સ્વામી કહે છે, એ ભકત ભલા ખરા, પણ નિષ્કામ ભાવથી સાધના કરતા નથી. જપ, તપ, તીરથ વિગેરે કરી કરીને ભકતને શું જોઈએ છીએ ?

**કોઈક ઈચ્છે રાજ સાજ રિધ્ધી, કોઈક ઈચ્છે સુરપુર પ્રસિધ્ધિજી;**
**કોઈક ઈચ્છે મુકિત ચઉ વિધી, એમ સુખ સારૂં સૌએ દોટ દીધીજી.**

મોટે ભાગે ભકતો સકામભાવથી ભકિત કરતા હોય છે, કોઈકને રાજ જોઈએ છીએ, રાજા થાંઉ તો સુખીયો થઈ જાંઉ, એને ખબર નથી રાજાને સુખ નથી, દુઃખ છે. પણ જીવની અવળાઈ છે જે મળ્યું છે તેમાં સુખ માનીને ભજન કરતો નથી ને વધારે ને વધારે સુખી થવા ફાંફાં મારે છે. કોઈક ને એમ છે કે તપ કરું તો સિધ્ધિ મળે. કોઈક ને એમ થાય છે કે પૈસા નથી તે પૈસાવાળા થઈએ તો ટેસ આવે. ગાડી બંગલા હોય તો મજા આવે. કોઈ ઈંદ્ર થવાની ઈચ્છાથી તપ કરે છે. કોઈકને દીકરા નથી તેથી દીકરાની આશાથી ભજન ભકિતને દાન પુન્ય કરે છે. ભિખારીની જેમ ભગવાન પાસે માગ્યા જ કરે છે. ભિખારીને વસ્ત્ર દો તો લોટ માગે ને લોટ દો તો વાસણ માગે એમ આમ જગતની અંદર માણસો બધા ભૂખ્યા છે, જમી લીધા પછી ધરાઈ જતા નથી. કોઈ સત્તાના ભૂખ્યા છે, કોઈક પૈસાના ભૂખ્યા છે, કોઈ માન મોટાઈના ભૂખ્યા છે, કોઈ સ્ત્રી ધનના ભૂખ્યા છે, આવી રીતે ભૂખની આશાથી આખી દુનિયા દોડે છે. બહુ દોડવામાં માલ નથી, ધ્યાન રાખજો ઉથલી પડશો.

## સમજવા જેવી સાર સિધ્ધિની કથા છે.

એક દિવસનો પ્રસંગ છે. ગઢડામાં શ્રીજી મહારાજ લીંબતરૂ નીચે સંતો તથા હરિભકતોની સભા ભરીને બેઠા છે. શ્રીજી કહે છે, આ અક્ષરધામની સભા છે. એટલામાં તો સભામાં પાછળ બેઠેલા નાના નાના સંતોના દેહમાંથી અને હરિભકતોની સભામાં પાછળ બેઠેલા નાના નાના હરિ ભકતોના દેહમાંથી તેજ નીકળ્યું. આખી સભામાં તેજ છવાઈ ગયું. તે જોઈ આગળ ગાદી તકીયે બેઠેલા મોટા સંતો તથા આગળ બેઠેલા મોટા હરિભકતો જોતા જ રહી ગયા, આટલું તેજ નાના ભકતોના

દેહમાંથી નીકળે છે, આ નાના હરિભકતો અમારાથી મોટા છે. મોટા સંતોને થયું નાના સંતો આપણાથી મોટા છે, એમના થી આગળ આપણાથી કેમ બેસાય ?

પછી શ્રીજી મહારાજે વાત કરી જે આગળ બેસવું તે તો આ લોકની રીત છે. બેસવું તો ખરું પણ દેહે કરીને નાના હોય એમની પણ મર્યાદા રાખવી અને એમ સમજવું કે ભગવાન જે ભજે છે તે બધા જ મોટા છે. પણ આપણને લોક વ્યવહારે આગળ બેસાડયા છે, ગાદી તકીયે બેસતા હોય એથી કાંઈ કામ સરે નહિ, પણ મુકત જો ગરીબ રહયા હોય તો તે એક મીનીટમાં અનેકનાં કલ્યાણ કરે એવું સામર્થ્ય એમનામાં હોય છે. આ વાત સમજી રાખવી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ખરેખરા ભકતો મુકિતની પણ ઈચ્છા રાખતા નથી. કેવળ પ્રભુની પ્રસન્નતાનેજ ઈચ્છે છે.

પોતાના સ્વાર્થ માટે જપ, તપ, વ્રત, દાન, ભજન ભકિત કરવાં નહિ, કોઈ પણ પદાર્થની આશા રાખવી નહિ નિષ્કામ ભાવ રાખવો, માયાનાં સુખ લૌકિક સુખ માગવાં નહિ હવે સ્વામી સવાસનીક ભકતની વાત કરે છે.

**સવાસનીક નર એમ સુખ સારૂં, અતિ અતિ કરે છે ઉપાય;**
**મોટપ ઈચ્છે છે મનમાં, તેહ વિના તન ન તવાય.**

આ જગતની અંદર અમે કાંઈક મોટા છીએ, એવો ડોળ રાખે તેને સવાસનીક કહેવાય. નિર્વાસનીક ને માન મોટાઈ, ડોળ ડહાપણ કાંઈ ન હોય.

સાચી મોટાઈનો મત કાંઈક જુદો છે, કોઈક ઉંમરથી મોટા હોય, કોઈ ધનમાલ મિલકતને લીધે મોટા ગણાતા હોય, કોઈક કથા વાંચતા હોય તો તેના મનમાં હું મોટો છુઁ ‡ઙ્ઘ ર્જીદ્બીારૈહપ્ર હું કાંઈક છું ખરો, મારો વટ પડે છે, આવું માનતા હોય છે. કોઈક લાંબી કંઠી અને લાંબી માળાઓ ગળામાં લટકાવી ને માને કે હું બહું મોટો છું, કોઈ જનમંગલના પાઠ કરીને કોઈ સર્વમંગલના પાઠ કરીને કોઈ હરિકવચના પાઠ કરીને ગમે તે પ્રકારે મોટા દેખાવાના પ્રયત્ન કરતા હોય છે. પરંતુ મોટા હરિભકતની બાબત શ્રીજી મહારાજનો મત કાંઈક જુદો જ છે, વચનામૃત ગ. પ્ર. ૩૧. શ્રીજી મહારાજ કહે છે.

ભકતની મોટાઈ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને છે, તથા ભગવાનની આજ્ઞાને વિશે વર્તવે કરીને છે, જેને ભગવાનનો અડગ નિશ્ચય હોય અને જે

ભગવાનની પૂરેપૂરી આજ્ઞા પાળતો હોય તે મોટો કહેવાય.

શ્રીજી મહારાજે ઉમરેઠના રૂપરામ ઠાકરને કહ્યું "ભગત કેરીના રસમાં ખાંડ નાખો, રસ ખાટો છે. આમ ત્રણ વાર કહ્યું, રૂપરામ રસમાં ખાંડ નાખો, રૂપરામે કહ્યું "અમારા દેશમાં રસમાં ખાંડ નાખવાનો રીવાજ નથી, ખાંડ ન પીરસી, પણ ધન્ય છે, કડુ ગામના કલ્યાણ દાસને કે શ્રીજી મહારાજનો પત્ર આવતાની સાથે જ આદિ શબ્દમાં પોતે પણ આવી ગયા એમ માની લગ્નનાં માંડવેથી મંગલફેરા અધૂરા રાખીને શ્રીજી મહારાજ પાસે પહોંચી ગયા, આવી આજ્ઞા પાળનારા સત્સંગીને મોટા કહેવાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ખોટો મોટો થાવાનો ડોળ રાખવો નહિ, સાચી મોટાઈ તો પ્રભુની આજ્ઞા પાળવામાં છે, નિષ્કુળાનંદ સ્વામી અજ્ઞાની ભકતની બાબત સમજાવે છે,

**અતિ આગ્રહે આદરી, કરે પ્રભુને પ્રસન્ન;**
**પછી માગે સુખ શરીરનું, એવા પણ અજ્ઞાની જન.**

અજ્ઞાની માણસો જપ, તપ, વ્રત, દાન કરીને શરીરનાં સુખ માગે, દશ હજાર પાઠ કરીશ જનમંગલનાં મારી પીડા મટાડી દેજો, દાન પુન્ય કરીશ મારે ત્યાં દીકરા નથી તે દીકરા દેજો, મંત્ર જપ કરીશ મને પત્ની મળતી નથી તે મેળવી દેજો, ન જાણે કેટલી માંગણી કરતા હશે. પણ ખરેખરા ભકતોની માંગણી જુદી જ હોય છે.

**ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ પ્રભુજી એવું માગું સદા,**
**રહે જનમો જનમ તારો સાથ પ્રભુજી એવું માગું સદા,**
**તારું મુખડું મનોહર જોયા કરું, રાત દિવસ ભજન તારું ગાયાં કરું.**
**રહે અંતકાળે તારો સાથ પ્રભુજી એવું ...**

" હે પ્રભુ રાત દિવસ મારું મન તારા સ્વરૂપમાં ભ્રમર થઈને ભમ્યા કરે નિષ્કુળાનંદ સ્વામી જેવો વૈરાગ્ય દેજો, લાડુબા ને જીવુબાના જેવી ભક્તિ દેજો, દાદાખાચર જેવી દ્ઢતા દેજો, પર્વતભાઈના જેવી ભજનમાં એકાગ્રતા દેજો આવું બધું માગવું પણ લૌકિક પદાર્થ માગવાં નહિ.

**નિર્વાસનીક વિના નરને, સમુ માગતાં સુજે નહિ;**
**જેમ વાંણા કરે વપુ વાણાંકરનું, માગ્યું કાશીએ કરવત લઈ.**

એક વણકર મોચી હતો, ઘરમાં પત્ની સાથે બરાબર મેળ નહિ. રાત દિવસ

નાની નાની બાબતમાં ઝઘડ્યા કરે, એક સાંધે ત્યાં તેર તૂટે, સંપ ન હોય ત્યાં બરકત ન પડે, જેના ઘરમાં કલહ હોય ત્યાં કલીયુગ નિવાસ કરીને રહે પછી સુખ શાંતિ કયાંથી હોય ! દરરોજનાં કંટાળાથી એક દિવસ મગજ છટકી ગયું કે હવે ઘરમાં રેહવું નથી. કાશીએ જઈ કરવત મૂકાવીને મરી જાઉં. પહેલાંના વખતમાં આવું બધું માણસો બહુ કરતા, જુનાગઢના પર્વત પરથી ભૈરવ જપ ખાતા ઉપરથી પડતા, સારું થયું કે સ્વામિનારાયણ ભગવાન આ ધરતી ઉપર પધાર્યા ને લોકોના વિચારો સારા થયા, આવા બધા રિવાજો બંધ થયા. સતિ પતિ સાથે બળીને મરી જતી તે રિવાજ ભગવાને બંધ કરાવ્યો, આવો માનવ દેહ મળ્યો છે, તો ભગવાન ભજો, મરવાથી કાંઈ સારું નહિ થાય.

આ મોચી કાશીએ ગયો, કરવત મુકવા વખતે પૂછયું તારે શું સંકલ્પ છે ? જે સંકલ્પ કરશો તે હવે પછીના જન્મમાં મળશે. આણે વિચાર કર્યો, મોટા ખેડૂત નો અવતાર માગું, વળી વિચાર થયો એમાં સુખ ન હોય, તાઢ તડકોને વરસાદની ધારા વેઠવી પડે, સખત મહેનત કરવી પડે, એ બરાબર નહિ. મોટો શેઠ થાંઉ તો મજા આવે, ગાડી, લાડી, ને બંગલામાં રહેવા મળશે. પુત્ર પરિવાર સાથે આનંદ આવશે, ત્યાં વળી વિચાર આવ્યો એમાં પણ સુખ નથી. ધંધો બરાબર ચાલે કે ન ચાલે, કારીગર બરાબર માને નહિ, હડતાલ પાડે, એ બધી તકલીફ. એનાં કરતાં રાજા થાંઉ તો કાંઈક વટ પડે, સોનાના સિંહાસનમાં ગાદી તકીયા પર બેસીને હુકમ કરીએ. વળી વિચાર થયો રાજા થાવામાં માલ નહિ, રાજાને વધારે ઉપાધિ હોય, બીજો રાજા ચડાઈ કરે લડાઈ કરે અનેકનાં મન સાચવવાં પડે, રૈયત માને કે ન માને તેની ખોટી ઉપાધિ થાય. રાજા નથી થવું. વિચારવામાં ઘણો ટાઈમ પસાર થઈ ગયો પણ નકકી વાત થઈ નહિ, એટલે કરવત વાળો કહે જલ્દી કરો ? મોડું થાય છે. મોચીને થયું જે છે તે કયાં ખોટું છે. જલ્લાદો કહે તારે શું થવું છે ? વાત કરો. “ મોચીડો કહે મારે મોચીડો થવું છે, જે છે એનું એ. મૂકો કરવત માથા પર. જલ્લાદો કહે ” એ તો તું મોચીડો છે જ. બીજા જન્મમાં મોચીડો જ થાવું છે ? એમ આપણે પણ જપ, તપ, દાન, પુન્ય કરીને માયા જ માગીએ છીએ. આ દેજો ને તે દેજો, આવું બધું મૂકી દો એક જ ઈચ્છા રાખો, ભગવાન જેમ રાજી થાય એમ મારે કરવું છે,

**તેનું પૂર્વ તે પશ્ચિમ થયું, હૈયું રહ્યું નહિ હાથ;**
**નિષ્કુળાનંદ એવા નર અમર, પામે નહિ મોટી મીરાંથ,**

વિચાર કરો આ જગતમાં તમામ સુખ નાશવંત અને તુચ્છ છે. એ કેટલા દિવસ રહેશે ! આ સંસારમાં પરણે સો પણ પસ્તાય અને વાંઢો પણ પસ્તાય કે જલ્દી પરણું તો મજા આવે. એ ન્યાય ખોટો નથી, હકીકતમાં સંસારની સ્થિતિ એવી જ છે, ભગવાનને છોડીને માણસ ગમે ત્યાં સુખ માટે માથા મારશે અંતે નિષ્ફળ જશે. વિશ્વનાં તમામ સુખો પ્રભુનાં ચરણારવિંદમાં રહેલાં છે, એટલે તો લક્ષ્મીજી સદાય ભગવાનનાં ચરણારવિંદમાં બેસીને ચરણ ચંપી કરે છે. ભગવાનનો આશ્રય કરવામાં જ સાચું સુખ અને શાંતિ છે.

**જેમ વનજન એ વહાલું વનજી, તેને વસતાં વસ્તીએ માને નહિ મનજી;**
**ફળ દળ ફુલ ખાય નિશદિન જી, અતિ રસે સરસ પણ ન ભાવે ભોજનજી.**

વનમાં રહેતા હોય તેને વનમાં રહેવું ગમે, વસ્તીમાં રહેવું ગમે નહિ. વનમાં વસ્તા માણસોને ફળ જ ભાવે, ભોજન ગમે તેટલું સરસ હોય પણ વનવાસી ને ભોજન ભાવે નહિ. કોઠાં બોર ખાઈને દાંત અંબાઈ જાય, પછી ભોજન ખાઈ ન શકાય,

નિષ્કુળાનંદ સ્વામિ કહે છે અહંમ મમત્વરૂપી આંબલી ખાઈને જેના દાંત અંબાઈ જાય એને ગોળ સારો લાગે નહિ, મૂળ આ કથાનો સાર એ છે કે અહંભાવ ટાળીને ભગવાનની ભકિત કરવી.

## સાચો મુદ્દો હવે હાથ આવ્યો

એક વખત શ્રીજી મહારાજ પોતાનાં ઉતારામાં બેઠા છે, ત્યાં ઝીંઝાવદરના અલૈયાખાચર, હરજીભકત, ઉકાખાચર, વિગેરે આવ્યા અને પ્રાર્થના કરી કે અમને પરમહંસ કરો ! ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, અમે કહીએ તેમ કરશો તો તમારું સારું થાશે, " આંહી દાદા ના દરબારમાં કારભારી ની જરૂર છે. તમે બધાં અહીં કારભારી તરીકે સેવા કરો, અમારાં દર્શન થશે અને કથા કીર્તન નો લાભ મળશે, " ભકતોએ કહ્યું, ''ભલે મહારાજ તમે જેમ કહેશો તેમ કરશું.'' પછી ભકતજનો દરબારની સરસ રીતે સંભાળ રાખે, ગરાસને બરાબર સાંચવે, કોઈ મહેમાન આવે તેમની

સંભાળ રાખે, નવરાશ મળે ત્યારે પ્રભુ ની સેવા કરે, શ્રીજી ને સ્નાન કરાવે, ઉનાળામાં શ્રીજીનાં શરીરે ચંદન લગાવે, ફૂલના હાર પહેરાવે, ફૂલનાં વાઘા ધરાવે પણ મનમાં અહંભાવ આવી જાય કે પરમહંસ થાવા આવ્યા હતા, અને શ્રીજી મહારાજે દાદાખાચરના કારભારી બનાવી દીધા, ધાર્યા પ્રમાણે થયું નહિ તેથી મન મૂંઝાયા કરે.

આ બાબતમાં અંતરયામીને ખબર પડી ગઈ, આ કાઠીને દાદાખાચર આદિકનો મહિમા બતાવું. જેથી બરોબરીયા પણ જતું રહે અને દાસભાવ જાગૃત થાય. કારભારીઓને સમાધિ કરાવી, તેમાં અક્ષરધામમાં જીવુબા સાક્ષાત્ લક્ષ્મીરૂપે ભગવાનની સેવા કરે છે, લાડુબા સાક્ષાત્ રાધિકાજીરૂપે ભગવાનનાં ભોજન જમાડવાની સેવા કરે છે, રાજબાઈ સાક્ષાત્ સરસ્વતીજીરૂપે સેવા કરે છે. દાદા ખાચર સાક્ષાત્ અક્ષરમુકતરૂપે પ્રભુની બાજુમાં બેઠા છે, સમાધિથી બહાર આવ્યા કે તરત શ્રીજી મહારાજના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા કે હે પ્રભુ અમારો સંશય તમે ટાળી દીધો, આ બધા અક્ષરધામનાં મુકતો છે, અમને એમ હતું કે આ બધા અમારા જેવા જ છે, આજે ખબર પડી કે લાડુબા ને જીવુબા રાધાજી અને લક્ષ્મીજી છે, હવે અમારો અંહ ભાવ જતો રહ્યો છે.

**શ્રીજી મહારાજે કહ્યું સાચો મુદ્દો હવે હાથ આવ્યો.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે અમલ પીવે તો અકકલ નાસે, કેફી વસ્તુ ખાનારનું મગજ બરાબર કામ ન કરે, આમ તેમ ઝઝૂમ્યા કરે, તેમ આ સંસારનાં પંચવિષયો છે તે અફીણ જેવાં કેફી છે. બરાબર ખ્યાલ ન રાખે તો મગજ બગાડે અને જયાં ત્યાં ફાંફાં મરાવે.

**થોડી ઉપાધિએ પણ નથી ઠેકાણું, ઘણી ઉપાધિ કેમ ન ગૂંચવશે;**
**સૂકું રણ ઉતરવું સમર્થ નથી, તો કેમ ઉતરશે રણ જયારે વસે.**

સ્વામી કહે છે, ‘‘નાશવંત સુખમાં લોભાઈને ભગવાન ને ભૂલી જાય છે અને પાછો દેવલોકનાં સુખની ઈચ્છા રાખે છે.’’ સ્વર્ગલોકનાં સુખ ને મોક્ષધર્મમાં નર્ક તુલ્ય કહેલાં છે.

સાચું સુખ કયાં છે તેની એને ખબર નથી, કોઈ દીકરાથી સુખ માને છે, કોઈ સંપત્તિમાં સુખ માને છે, કોઈ સારું સારું ભોજન જમવા મળે તેમાં સુખ માને છે.

દીકરાથી સુખ મળતું હોય તો આખા જગતમાં ઘરો ઘર દીકરા છે. છતાં પણ દુઃખી દેખાય છે.

દશરથ રાજાના ચાર દીકરા હતા પણ મરણ સમયે એક પણ દીકરો હાજર નહોતો ધૃતરાષ્ટ્રના સો દીકરા હતા પણ મરણ વખતે છેલ્લું પાણી પાનાર કોઈ હાજર નહોતો. સગર રાજાના ૬૦ હજાર દીકરા હતા પણ મર્યા ટાંણે પાણી પાનાર કોઈ બચ્યો નહિ. ઘણા લોકો સંપત્તિ મળે તો સુખીયા થઈએ આવું માનતા હોય છે. નદંરાજા પાસે અઢળક નાણું હતું પણ મરણ ટાંણે બધું સાગરમાં તણાઈ ગયું, અને નંદરાજાના રડતાં રડતાં પ્રાણ નીકળી ગયા. રાજા સિકંદર પાસે અપાર સંપત્તિ હતી, છતાં રોગમાં રીબાતો રીબાતો મરી ગયો. સંતાનથી સુખ મળશે એવી આશા છોડી દેજો, આ જગતમાં નાશવંત સુખ આરંભમાં દીવાળી જેવાં લાગે, અને અંત વખતે એટલે વૃધ્ધઅવસ્થામાં હોળી જેવા લાગશે. આ સંસાર ઊંડા કૂવા જેવો છે, સૂકું રણ ઉતરી નથી શકાતું તો ભાવસાગર કેમ ઉતરી શકાશે.

**તેમ વિષય સુખની વાટે ચાલતાં, વિચારી જોવી જન વાત;**
**કૈકવાર સુખ પામ્યા વામ્યા, લાખો લેખે લાગી લાત.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ જીવે કૈકવાર સંસારમાં સુખ ભોગવ્યાં છે. આ જીવ અનેક વખત ઈંદ્રરાજા થઈ આવ્યો છે, ચક્રવર્તી રાજા થઈને રાજપાટનાં સુખ ભોગવ્યાં છે. સુખ સાહેબી અને જાહોજલાલી આ જીવે અનંતવાર ભોગવી લીધી છે, પ્ર. પ્ર. ૨૧ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે અનેકવાર સ્ત્રીના દેહ ધરી ધરીને સંસારનાં સુખ ભોગવ્યાં છે, અનેકવાર પુરુષોના દેહ ધરી ધરીને વિષય સુખ ભોગવ્યાં છે. આ જીવ તમામ દેશોમાં ફરી આવ્યો છે, જન્મ મરણનાં ચક્કરમાં રખડ્યા જ કરે છે. જયાં સુધી ખરેખરી ભગવાનની ભકિત નહિ આદરે ત્યાં સુધી ચોરાશી લાખ જાતનાં ફેરા રખડશે, નિષ્કુળાનંદ સ્વામિ કહે છે,

**માટે વાટ એ મૂકવી, ન ચૂકવી આવી આ પળ;**
**નિષ્કુળાનંદ કહે નાથનાં, સેવવા ચરણ કમળ.**

સ્વામી કહે છે, માટે એ વાટ મૂકવી, એટલે જગતમાં આસકિત છે મોહ છે તેને મૂકીને સેવવાં ચરણ કમળ.

મનુષ્યનું જીવન વૃક્ષનાં પાંદડા ઉપર રહેલા પાણીનાં બુંદ જેવું છે, પાણીનું

બુંદ જયાં સુધી વૃક્ષનાં પાંદડા ઉપર હોય ત્યાં સુધી હીરાની જેમ મોતી જેવું ચળકાટ કરે, પણ પવનની લહેર આવે એટલે નીચે માટીનાં ઢેફાં ઉપર પડે, પછી એ બુંદ ગોત્યું હાથમાં આવે નહિ, તેમ આ શરીરમાં જયાં સુધી જીવ છે ત્યાં સુધી માયાવી સુખ સારું લાગે છે, ઝગમગતું લાગે છે. પણ ધ્યાન રાખજો જીવ નીકળી જતાં બધો ચળકાટ જતો રહેશે. આજ કાલ માનવીની દશા જંગલનાં તરસ્યાં હરણીયાં જેવી છે. જંગલમાં હરણાં ઝાંઝવાંનાં નીર દેખાય ત્યારે તે તરફ દોડે પણ હકીકતમાં પાણી હોતું નથી. અંતે થાકીને મરી જાય છે, કઠણાઈ તો એ છે કે ભગવાન મળ્યા સંતનો યોગ મળ્યો છતાં પંચવિષયનાં સુખને માટે ફાંફાં મારે છે. એ બધી લપ મૂકીને આસકિતઓ તજીને પ્રભુનાં ચરણ કમળ સેવી લેવાં.

**નિર્ભય ચરણ છે નાથનાં, સેવો શ્રધ્ધાએ સંત;**
**અવર ઉપાય અળગા કરી, સમજો સાર સિધ્ધાંત... નિર્ભય.**

ભગવાનનાં ચરણની ઉપાસના કરે છે તે નિર્ભય થઈ જાય છે. તેના ઉપરથી જન્મ મરણનો ભય ટળી જાય છે, શ્રધ્ધાથી સેવા કરવી.

## શ્રધ્ધાથી આપેલી ભેટ કદી નાની ન હોય

ગૌરી નામની એક આઠ વરસની બાળા હતી, બચપણમાં માતા પિતા મૃત્યુ પામ્યાં, એક ધનવાન વેપારીને આ ગૌરી ગમી ગઈ. એમના ઘરે લઈ આવ્યા અને દીકરીની જેમ રાખે. ગૌરી ઘરનું બધું કામ કાજ કરે, ખાય પીએ ને મજા કરે, ને ભણવા જાય.

એક દિવસ ઘર સાફ કરતાં કરતાં એક કટાયેલો જૂનો તાંબાનો સિક્કો મળી ગયો. ગૌરી રાજી રાજી થઈ ગઈ. સિક્કાને ખૂબ ઘસ્યો, પણ છાપ દેખાણી નહિ, તેથી સાંચવીને રાખી દીધો. જ્યારે નવરાશ મળે ત્યારે ઘસે વળી સાંચવી મૂકે એમ કરતાં કરતાં દિવસો પસાર થવા લાગ્યા, એવું બન્યું કે બુધ્ધ ભગવાનની મૂર્તિ બનાવવા માટે ઘરો ઘર બૌધ્ધ ભિક્ષુઓ દાન એકત્ર કરતા હતા, આ વાતની બાળા ગૌરીને ખબર પડી, દોડીને સિકકો લઈ આવી, શ્રધ્ધાથી ભિક્ષુઓના ઝોળીમાં નાખ્યો.

કટાયેલો જૂનો સિક્કો જોઈને બૌધ્ધ ભિક્ષુઓએ કહ્યું, અરે છોકરી તને શરમ નથી આવતી, ભગવાનની મૂર્તિના પવિત્ર કાર્યમાં આ તુચ્છ ગંદો સિક્કો નાખ્યો !

એમ કહી સિક્કો ઝોળીમાંથી કાઢીને તિરસ્કાર પૂર્વક બાળા ગૌરી સામે ફેંકી દીધો. બાળા ગૌરીની આંખમાં આંસુ આવી ગયાં. રડી પડી. પછી એકત્ર થયેલા ઘરેણાંને અગ્નિની ભઠીમાં ઓગાળીને બીબામાં ઝગમગતો રસ ઢાળ્યો મૂર્તિ તૈયાર થઈ, મોટી સંખ્યામાં લોકો જોવા આવેલા, બીબામાંથી મૂર્તિ બહાર કાઢી તો મૂર્તિ બેડોળ નીકળી, બધા જોતા જ રહી ગયા. આ શું થયું હશે ! બીબું બરાબર છે છતાંય મૂર્તિ બેડોળ કેમ નીકળી ! ફરીથી મૂર્તિને અગ્નિથી ઓગાળી બીબામાં રસ ઢાળ્યો, મૂર્તિ તૈયાર થઈ, બીજીવાર પણ મૂર્તિ બેડોળ અને નાખુશ જેવી નમાલી નીકળી. બધાને આશ્ચર્ય થયું કે આવી રીતે કેમ થતું હશે ! દોડીને વૃધ્ધ ગુરુ પાસે આવ્યા, અને વાત કરી ત્યારે ગુરુએ કહ્યું, તમો દાગીનાં દાન પેટે માગવા ગયા ત્યારે બધાએ રાજી ખુશીથી દીધેલ છે કે કલ્પાવીને લાવેલા છો, ''ત્યારે શિષ્યો એ કહ્યું, ભકતોએ દાન રાજી ખુશીથી દીધું છે,'' ગુરુએ કહ્યું તો (મૂર્તિ ઉદાસ કેમ બને છે) વિચાર કરો,યાદ કરો, કોઈ ગરીબને ચોક્કસ તમે દુઃભાવ્યા હશે જ. ત્યારે એક ઉતાવળીયા શિષ્યે કહ્યું ''ગુરુદેવ એક નાની છોકરીએ જૂનો કટાયેલો તાંબાનો સિક્કો દાનમાં આપ્યો હતો, ત્યારે મેં તિરસ્કાર કરીને સિક્કો નાની છોકરીની સામે ફેંકી દીધો ને છોકરી રડતાં રડતાં ઉપાડીને દોડી ગઈ, આટલો મારા હાથેથી અપરાધ થઈ ગયો છે.''

ગુરુએ કહ્યું ''શ્રધ્ધાથી આપેલી ભેટનો તમે અસ્વીકાર કર્યો છે, ભગવાન તો ભાવના ભૂખ્યા છે. શ્રધ્ધાથી અપાતી ભેટ કદી નાની કે તુચ્છ હોતી નથી. તમારી ભૂલ છે. જાવ એ છોકરી પાસે સિક્કો લઈ આવો.

શિષ્યો દોડતા ગયા, હાથ જોડીને કહ્યું, બાળા ગૌરી મને માફ કર. બેટા, મારાથી તારો અપરાધ થઈ ગયો છે, હવે સિક્કો આપ અમે તારી ભેટ પ્રેમથી સ્વીકારશું. ''બાળા ગૌરી રાજી રાજી થઈ ગઈ, શ્રધ્ધા અને ભાવથી સિક્કો ધર્મગુરુના હાથમાં આપ્યો. એ સિક્કાની સાથે ડાઘવાળી મૂર્તિનો રસ ફરીથી ભઠ્ઠીમાં ઓગાળી બીબામાં રેડ્યો, મૂર્તિ તૈયાર થઇ, રૂપરૂપનાં અંબાર જેવાં અતિ સૌમ્ય અને સુંદર મનોહર હસતું મુખારવિંદ પ્રભુનું જોઈને બધા માણસો રાજી રાજી થઈ ગયા. ભગવાનની છાતી પર બાળા ગૌરીનો સીકકો ઝગમગતો દેખાતો હતો. આ પ્રસંગ જોઈ ભકતના આનંદનો પાર ન રહ્યો, સ્નેહ પૂર્વક બાળા ગૌરીને ઊંચકીને ભકતો રમાડવા લાગ્યા, બાળા ગૌરી ભગવાનની છાતીમાં સિક્કો જોઈને ખુશ ખુશ થઈ

ગઈ. શ્રધ્ધાથી આપેલી ભેટ કદી નાની હોતી નથી, ભકિતનું ફળ શ્રધ્ધા છે, શ્રધ્ધા સહિત ભગવાનની સેવા કરવી.

**સુંણી સુખ લોકા લોકનાં, શીદ કરો છો શોચ;**
**એ તો ઉદંબરે ફળ વળગ્યાં, થડ થકી તે ટોચ......નિર્ભય ચરણ.**

ઉદંબર હોય એમાં થડથી ટોચ સુધી ફળ હોય પણ કોઈ કામનાં નહિ, અંદર ઝીણા જંતુ બહુ હોય. તેમ લોકા લોકનાં ટોચથી થડ સુધી બધે જોઈ જાવ નર, સુર, અજ, ઈશ, રવિ, શશી, સુરેશ બધા પંચવિષયમાં બંધાયેલા છે,

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઊંડું વિચારશો ત્યારે ખબર પડશે કે જયાં દષ્ટિ નાખશો ત્યાં બધે ભય છે. મરવાની બીક, રોગની બીક, એકસીડંટની બીક, ઘરમાં સંપત્તિ હોય તો ચોરાઈ જાવાની બીક, ધંધામાં ખોટ ન જાય તેની બીક, આ રીતે આ દુનિયામાં જીવપ્રાણી માત્ર બીકમાં ને બીકમાં જીવે છે. નિર્ભય કોઈ નથી.જો નિર્ભય ચરણ છે નાથનાં સેવો શ્રધ્ધાએ સંત.

**એ તો કેને અંતરે નથી વૈરાગ્યજી, જેણે કરી થાય તન સુખ ત્યાગજી;**
**એક હરિ ચરણે હોય અનુરાગજી, એવા તો કોઈક સંત સુભાગજી.**

વૈરાગ્ય વિના શરીરનાં સુખ તજાતાં નથી. એક હરિચરણે અનુરાગ હોય એવા સંતો વૈરાગ્યના શસ્ત્રથી મોહ, માયા અને મમતાને કાપીને વૈરાગ્યરૂપી ભગવાનની ચૂંદડી ધારણ કરી લે છે. સાર સિધ્ધિની કથા અતિ અદ્‌ભુત છે, આ ગ્રંથમાં ઠાંસી ઠાંસીને વૈરાગ્ય ભર્યો છે.

## જેનો વૈરાગ્ય અડગ હોય એને માયા રોકી શકે નહિ

મથુરામાં લક્ષ્મીદાસ નામે મોટા શેઠ રહેતા હતા. તેને ત્યાં બે મુનિમ નોકરી કરે, ખૂબ જ પ્રમાણિક વૃતિ, જરાય સ્વાર્થીલો સ્વભાવ નહિ, ઊંચા પ્રકારની નોકરી કરે, પગાર પણ સારો. એ બે મુનિમ ને સમાચાર મળ્યા કે આ જગતની અંદર ભગવાન સાક્ષાત્ માનવરૂપે પધાર્યા છે. ગુજરાતમાં વિચરણ કરે છે, હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો, ભગવાનને મળવાની અંતરમાંથી તાણ થઈ, તેથી લક્ષ્મીદાસ શેઠને કહ્યું, ‘‘અમો ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ, પાછા આવવાના નથી, સંસારમાં રહેવું ગમતું નથી, માટે રાજીપે રજા આપો !’’

ત્યારે લક્ષ્મીદાસે કહ્યું બે ત્રણ ઘણો પગાર આપીશ, પણ તમે અહીં રોકાઈ જાવ, તમારા જેવા ધર્મશીલ અને પ્રમાણિક માણસો બીજા જલ્દી મળશે નહિ, ત્યારે બે મુનિમે કહ્યું, “ બે ત્રણ ઘણા પગારની કયાં વાત કરો છો ? તમારી તમામ મિલ્કત અમને આપી દો તો પણ અમે રોકાઈશું નહિ, જરાય ઢીલા ન થયા, જેનો વૈરાગ્ય પરિપકવ હોય એને માયા રોકી શકે નહિ.

બન્ને મુનિમો ફરતા ફરતા ગઢપુર આવ્યા, શ્રીજીના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા, અંતરમાં પ્રકાશ થયો. બે હાથ જોડી પ્રાર્થના કરી હે પ્રભુ અમને સાધુ કરો. શ્રીજી મહારાજે દીક્ષા આપી સાધુ કર્યા, નામ રાખ્યું છે, રામાનુજાનંદ અને બાળમુકુંદાનંદ. હરિચરણે અનુરાગ થાય, તેને સંસારનાં પંચવિષયોનાં સુખ તુચ્છ થઈ જાય છે, વૈરાગ્ય વિના ત્યાગ થઈ શકે નહિ.

**ઊંડું વિચારી અંતરમાં, જોઈ લીધું જીવમાં જરૂર;**
**વિષય સારું સહુ વિલખ્યા, કરે છે સુર અસુર.**

દેવતા અને દૈત્યો બધાજ પંચવિષય સારું વલખાં મારે છે. જે મળે છે તેમાં સંતોષ નથી, વધારે ને વધારે વૈભવ મળે એ સારું તનતોડ મહેનત કરે છે, પણ ભગવાન ને રાજી કરવા માટે કશું કરતા નથી.

મથુરાંનાં લક્ષ્મીદાસ શ્રીમંત શેઠીયા હતા. ખૂબ જાહોજલાલી, નોકર ચાકર સગવડનો પાર નહિ, સમૃધ્ધિ તો ચરણમાં આળોટે ! શેઠનો આત્મા ધાર્મિક વૃતિનો. એણે વૃંદાવનમાં એક મંદિરમાં ભગવાન આગળ સોનાનો સ્તંભ ઊભો કરાવ્યો, આવા ઉદાર અને સેવા ભાવી હતા. પણ આ સંસારમાં બધી રીતે કોઈ સુખી હોય નહિ, કાંઈને કાંઈ અધુરાશ તો જીવનમાં રેહવાની જ હોય છે.

પૈસા હોય તો શારીરિક સુખ ન હોય, દેહ સાજો ન હોય, શરીર સાજુ હોય તો ખાવાનું ન હોય, રોટલા માટે ફાંફાં મારવાં પડે, શરીર સાજું હોય, પૈસા ટકા બરાબર હોય તો ઘરમાં પારણીયું ન હોય, સંતાન વિના ઘર સૂનું હોય. લક્ષ્મીદાસ પાસે પુષ્કળ ધન સંપત્તિ, પરંતું શરીરમાં ભયંકર રોગ લાગુ પડયો, તેથી એક મુઠ્ઠી ચોખા આખો દિવસમાં માંડ ખાઈ શકે, એમાં મીઠું કે ઘીને અડવાનું નહિ, સાવ સૂકું કોરું ભોજન જમે, ચોખા સિવાય કાંઈ પચે નહિ, ઊંડાણથી વિચાર કરો, અંત સમયે ભગવાન સિવાય કોઈ કામ નહિ આવે, બદ્રીનાથજી ગાય છે.

**જુવો વિચારી ઊંડું અંતરમાં, જુવો વિચારી ઊંડું રે;**
**અંત સમયે કોઈ કામ ન આવે... જુવો વિચારી...**
**કુડ કપટ તજી હરિ ભજી લ્યો,**
**બદ્રીનાથ કહે રૂડું રે, બદ્રીનાથ કહે રૂડું અંતરમાં... જુવો.**

વૈરાગ્ય એવો બળવાન છે કે પીંડ બ્રહ્માંડમાં કયાંય જોડાવા ન દે, તર્ઈટ એટલે તળીયા સુધી જુદો પાડી દે, કયાંય બંધાવા દે નહિ, એવી વૈરાગ્યમાં તાકાત છે. આપણા ધર્મ ગ્રંથોમાં કથા છે, જુનાગઢના નરસિંહ મહેતા સંસારમાં હતા, એમનાં પત્ની માણેક મહેતી બરાબર કહ્યાગરા અને ડાહ્યાં, બેય દંપતિ બરાબર સંપીને ચાલે એક દીકરો અને એક દીકરી હતા, પત્ની માણેક મહેતીનું મૃત્યુ થયું, તો નરસિંહ મહેતા કરતાલ લઈને કૂદતા જાય અને ગાતા જાય.

## ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજીશું શ્રી ગોપાળ

માણેક મહેતીનો અને નરસિંહ મહેતાનો કાંઈ અણબનાવ નહોતો. એ તો હમણાં રિવાજ વધી ગયો છે, પતિ પત્ની ઝઘડ્યા કરે. નરસિંહ મહેતાનાં ઘરમાં ખૂબ સંપ હતો. સંપથી સાથે બેસીને ભજન કરતાં, પતિ પત્નીના દેહ જુદા પણ મન એક હોય તો એ સંસાર શોભી ઊઠે, પત્નીનું મૃત્યું થયું તો મહેતાજી રાજી થયા, કે માયાથી મુકિત મળી. સંસારમાં રહે પણ ઉપર ઉપરથી રહે, અંતરમાં સંસારમાં જરાય મોહ કે માયા નહિ.

આ તો નિર્મોહી ભકતની વાત કરી, પણ પામર જીવ હોય અને એનાં પત્ની મરી જાય તો દિવસ ને રાત રડ્યા જ કરે. ભગવાન ભૂલી જાય પણ પત્ની ન ભૂલાય. આ તો મુકતદશાની વાત છે.

## વૈરાગ્યરૂપી નિધિ આત્માને ચોખો ચટ કરે છે.

**જેમ મળે એક ચિંતામણી, ધણી અગણિત વસ્તુનું ઘર;**
**તેમ શુધ્ધ વૈરાગ્ય શિરોમણી, નથી એથી બીજું કાંઈ પર.**

વૈરાગ્યરૂપી ચિંતામણી જેને મળે તે સમૃધ્ધ થઈ જાય. એક વાત સમજી રાખજો, સુખ ત્યાગમાં જ છે, માણસ સૂવે ત્યારે ચશ્મા જેવી વસ્તુ પણ એક બાજુ મૂકી દે. જે કાંઈ દિવસમાં મથામણ કરી હોય તે બધી એક બાજુ મૂકી દે. તમામ બાબત ભૂલી

જાય ત્યારે શાંતિથી ઊંઘ આવે છે. જો આ બધા સંસારના લોચાનો ત્યાગ ન કરે અને અંતરમાં ભર્યા હોય તો ખાટલામાં આળોટ્યા કરે પણ શાંતિથી ઊંઘ આવે નહિ, માટે ત્યાગ શ્રેષ્ઠ છે.

વૈરાગ્ય વિના ત્યાગ થાય નહિ, આ શાસ્ત્રનો મૂળસાર એ છે કે ભગવાન સાથે માના જેવો સંબંધ બાંધવો. સાધારણ રીતે બધી જગ્યાએ માગ્યા પછી જ વસ્તુ મળે છે અને બોલાવ્યા બાદ જ માણસ આવે છે. ભગવાન પાસેથી આપણે કાંઈ માગ્યું નથી, છતાં મળ્યું છે. બોલાવ્યા નથી છતાં આપણી પાસે આવ્યા છે. તમે પાડોશીને બોલાવો તો જ એ આવે અને માગશો તો જ મદદ કરશે, નહિતર ન કરે. નાનું બાળક માને બોલાવતું નથી. પરંતુ મા એની મેળે આવે ઊઠાડે અને ઊંચકીને ધવડાવે, રમાડે, નવડાવે, અને સમય થાય ત્યારે જમાડે. માગ્યા વગર ફકત મા જ જમાડે છે, વગર માગ્યે આપવા વાળી ફકત જનેતા માવડી જ છે. જનેતા માવડીની જેમ ભગવાન આપણને બધાને દરરોજ સવારે ઊઠાડે છે, જમાડે છે, શ્વાસો શ્વાસની રીધમ ચલાવે છે ભગવાન સાથે માના જેવો સંબંધ બાંધવો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે સર્વે સુખની સંપત્તિ વસી રહી વૈરાગ્ય માંઈ, મોટે ભાગે જો આવી મળે તો ન રહે કસર કાંઈ. વૈરાગ્ય જેના હૃદયમાં ઉત્પન્ન થાય તેને બીજું કાંઈ કરવું રહેતું નથી, સહેજે સહેજે ભગવાનમાં પ્રેમ વધતો જાય છે.

**વૈરાગ્યવાનને વિપત્તિ શાની, જે સમજયા સાર અસાર;**
**જેમ તુંબું બોળે કોઈ તોયમાં, પણ નીસરી જાય નીર બહાર.**

વૈરાગ્યવાનને વિપત્તિ નડતી નથી. એ સમજે છે,ધાર્યું બધું ભગવાનનું થાય છે. સાચી વાત સમજાઈ જાય તો હર્ષ શોક થાય નહિ, વૈરાગ્ય ન હોય તો પૈસા મળે તો ખાબોચીયાની જેમ છલકાઈ જાય અને પૈસા ચાલ્યા જાય તો કપાળે હાથ દઈને રોવા બેસી જાય. ઉપાધિનો પાર ન રહે. રાત દિવસ ઊંઘે નહિ, વૈરાગ્યહીન વિપત્તિ જોઈને ગભરાઈ જાય, વૈરાગ્ય છે તે પગ છે, પગથી જેમ ગતિ થાય છે તેમ અધ્યાત્મિક માર્ગમાં પણ વૈરાગ્યથી જ ગતિ થાય છે. વૈરાગ્ય વિના બંધન તૂટે નહિ. તુંબુ બોળો તોયમાં પણ નીસરી જાય બહાર, તુંબડાને પાણીમાં દાબી રાખો ત્યાં સુધી પાણીમાં રહે, દાબતા બંધ થાવ કે તરત ઉપર તરી આવે. પથ્થરની જેમ ડૂબી જાય નહિ, તેમ ખરેખરા ભગવાનના ભકત છે તે માયારૂપી પાણીમાં કયારેય ડૂબી જતા નથી.

## વૈરાગ્યવાન માયાથી ઉપર તરી આવે

અદ્દ્ભુતાનંદ સ્વામી ફરતા ફરતા કંજદ્વારી શહેરમાં આવ્યા. નદીના કિનારે રાજાનો મહેલ હતો. સ્વામીને તરસ લાગેલી તેથી કપડાથી ગાળીને પાણી તુંબડામાં ભરી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં પીધું આ બધું રાજા મહેલની અટારીમાંથી જોતા હતા. તેને ગુણ આવ્યો કે આ સંત સાચા પરમહંસ છે.

## સત્સંગીની સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય.

સંત પ્રત્યે ભાવ જાગ્યો સિપાઈને કહ્યું આપણા બગીચામાં સંતને ઉતારો આપો અને ભાવથી ફળ જમાડો. બગીચામાં જ રાજાનો મહેલ હતો, ત્યાં રાત રહ્યા પછી સવારે ઊઠીને સ્વામી નાહી, ધોઈ, પૂજા કરી શિક્ષાપત્રી વાંચવા બેઠા છે ત્યાં રાજગુરુ આવ્યા અને પૂછયું, ''તમે શું વાંચો છો? સ્વામીએ સરસ જવાબ આપ્યો કે ''આ નાના શાસ્ત્રમાં જ વેદ, ઉપનીષદ, ભાગવત અને ૧૮ પુરાણનો સાર છે.'' રાજગુરુ રાજી થયા અને રાજાને વાત કરી કે મહાત્માજી ભારે સમર્થ સંત છે. તેથી રાજાએ રાજમહેલમાં પધારવાની વાત કરી, સ્વામી અમારા મહેલને પાવન પગલાથી પવિત્ર કરો. ત્યારે સ્વામીએ કહ્યું, અમે સ્ત્રી ધનના ત્યાગી છીએ, તેથી અમે આવીએ ત્યારે સ્ત્રી કોઈ હોવા જોઈએ નહિ તો આવીશું. રાજાએ કહ્યું ''કોઈ સ્ત્રી નહિ આવે, અમો બરાબર બંદોબસ્ત કરીશું. સ્વામી પધાર્યા એટલે રાજાએ પોતાના સિંહાસન પર પધરાવી ચરણ ધોયા, ફૂલહાર પહેરાવી કેસર ચંદનથી પૂજા કરી આરતી ઉતારી પાંચસો રૂા. અને સોનાના તારવાળા વસ્ત્રની ભેટ સ્વામીના ચરણમાં પધરાવી.

સ્વામીએ તરત કહ્યું, ''રાજન આવી ભારે ભેટને અમે શું કરીએ? તમે લઈ લ્યો, ગરીબ બ્રાહ્મણોને દાનમાં આપી દેજો. ''પછી દરરોજ સ્વામીએ ઉપદેશ આપ્યો. રાજાને ભારે ગુણ આવ્યો, વિચાર થયો કે આવા સુપાત્ર યુવાન જલ્દી મળે નહિ, જો મારા જમાઈ થઈ જાય તો અડધું રાજ્ય આને આપી દઉં.

મહાત્માજીને જાવા દેવા નથી તેથી રાજ મહેલની ચારે બાજુ સિપાઈની ચોકી બેસાડી દીધી. સ્વામીને ખબર પડી કે કાંઈક આ રાજાનો જુદો જ વિચાર લાગે છે તેથી રાજકુંવરને પૂછયું કે ચોકી શું કામ બેસાડી છે ? કુંવરે કહ્યું ''કાલે તમારી સાથે મારી બહેનનાં લગ્ન કરવાનાં છે. ''સ્વામી ચમકી ગયા, અહિં કયાં માયા આડી

આવી ! પહેલાં હાથમાં મીંઢોળ હતો ને પરણવું અધૂરું મૂકીને આવ્યો છું ભગવાનનું ભજન કરવા અને વળી માયા કયાં આડી આવી ? સવારના ત્રણ વાગે સ્વામી બધા સિપાઈને ઊંઘતા મૂકીને કોઈને ખબર ન પડે તેવી રીતે ધીમા પગલે રાજદરબારમાંથી નીકળી ગયા. એક દિવસમાં ૪૦ ગાઉ પંથ કાપીને સૈધવા ગામે પહોંચી ગયા.

તુંબડાને દબાવો તો પાણીમાં અને હાથ ઊંચો કરો કે તરત ઉપર તરી આવે તેમ વૈરાગ્યવાન માયાથી ઉપર તરી જ આવે એને માયાનું પાણી ડૂબાડે નહિ, માયા બંધન કરી શકે નહિ, અનેકને માયાથી છોડાવવા આવ્યા છે તેને શું માયા બંધન કરે !

ખરેખરા ભગવાનમાં ભકત છે તે માયારૂપી પાણીમાં કયારેય પણ ડૂબી જતા નથી, હંમેશાં અંતર સ્વચ્છ રાખે છે. વાસણ સ્ટીલનું હોય કે માટીનું હોય. ઘરમાં માર્બલ હોય કે લીપણ હોય તેને સાફ કરવું પડે છે, સાફ કરવામાં ન આવે તો તેના ઉપર મેલ નો થર ચડી જાય છે. કંઠમાં પહેરેલું ઘરેણું શુધ્ધ ૨૪ કેરેટ સુવર્ણમાંથી બનાવેલું હોય પણ વર્ષો જતાં તેમાં પણ મેલ ચડી જાય છે, તાંબા પિત્તળના વાસણોનો વપરાશ હોય અને તેને સાફ કરવામાં ન આવે તો પાત્રનું રૂપ બદલાઈ જાય છે. આ વાત ધ્યાન રાખવા જેવી છે. બુધ્ધિનું પાત્ર મેલું હશે તો વૈરાગ્ય રૂપી સદ્‌ગુણો અંદર રહી શકશે નહિ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનના ભકતને ભગવાન સિવાય કયાંય સુખ માનવું નહિ, સદાય વૈરાગ્ય રાખવો. સમજ્યા વિના, વૈરાગ્ય વિના આદિ, મધ્યે અને અંતે પણ દુઃખ છે. ભગવાનના ભકતને ભકિત કરવી હોય તો વૈરાગ્ય જોઈએ.

**વૈરાગ્ય વિના વિધિ લોકથી વિધિજી, સુતા સ્પર્શની ઈચ્છા ઉર કીધીજી;**
**વૈરાગ્ય વિના પીનાકી પરસિધ્ધિજી, મોહિની ને મીટ જોવા લક લીધીજી.**

સારી સૃષ્ટીના સર્જનકર્તા બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતિનાં સૌંદર્યમાં ભાન ભુલ્યા, આ કથા પ્રસિધ્ધ છે. અનેક શાસ્ત્રમાં આ વાત આવે છે, આવું શા માટે બન્યું ? વૈરાગ્ય નહોતો તેથી. પોતાની જ દીકરીમાં મોહ થયો. વૈરાગ્ય વિના પીનાકી એટલે મહાદેવ તેત્રીસ કરોડ દેવ ના પણ દેવ, કાળના પણ કાળ તે પણ વૈરાગ્ય વિના મોહિનીરૂપ જોવા હઠ લીધી. ભગવાને કહ્યું, “ મોહિનીરૂપ જોવા જેવું નથી, ભલભલા તે રૂપમાં મોહિત થઈ જાય છે. ત્યારે શંકરે કહ્યું, ‘‘હું મોહ નહિ પામું’’. પછી ભગવાને મોહિનીનું રૂપ લીધું. મહાદેવજી ભાન ભૂલી ગયા અને યોગકળામાં ખોટ

આવી. અખંડ આત્મદર્શી હતા, છતાં પણ તક ચૂકી ગયા. ભકિત માં વિઘ્ન થયું તો વગોણું થયું. તમામ શાસ્ત્રમાં આ વાત લખાણી છે.

## મહા અલૌકિક સુખમાં ઝીલતો થઇ જાય

આપણને થાંભલા સાથે બાંધી દે પછી કોઈ કહે તમારે ઘરે જાવ, તો શું જઈ શકાશે ? ન જઈ શકાય. કોઈક ને કહેવું પડે કે બંધન છોડો તો જવાય. તેમ પંચવિષયમાં માયાનું બંધન બાંધેલું છે, તો ભગવાન તરફ કેમ જવાય ? વૈરાગ્યરૂપી શસ્ત્રથી બંધન છૂટશે ત્યારે ભગવાન તરફ જવાશે, નહિતર ભજન કરવા બેસશો ને વળી પૈસાના સંકલ્પ થશે કે ફલાણી વ્યકિત પાસે આટલા પૈસા માગું છું. એ સંકલ્પ પાછો વાળીએ ત્યાં ખાવાનો ઘાટ થાય, એ માંડ માંડ ઘાટને કાપીએ અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા જઈએ, દિલને સરખું લગાડીએ ત્યાં કોઈક બોલે તો સાંભળવાનું મન થાય, ઊંઘવાનું મન થાય, માયા અને મમતાથી આત્મા છૂટો થાય, કૂડ કપટથી આત્મા છૂટો થાય તો જ ભગવાનનાં મહા અલૌકિક સુખ ઝીલતો થઈ જાય.

**વળી પુરંદર વૈરાગ્ય પખી, માગ્યાં અસ્થિ ગયો ઋષિઘરમાં;**
વૈરાગ્ય વિના વિબુધ વિલખે, સદા રહી સુખના ભરમાં.

પુરંદર એટલે સ્વર્ગલોકનો રાજા, તેને વૈરાગ્ય ન મળે. પોતાના સુખને માટે દધિચીઋષિ પાસે બરોડનું હાડકું માગ્યું, ઋષિ તો પરોપકારી વૃત્તિના હતા, એમણે કહ્યું, ‘‘જો તમારૂં ભલું થતું હોય, તો દેહનો ત્યાગ કરી દઉં, પછી હાડકું લઈ લ્યો. ઋષિનું હાડકું લઈ વજ્ર બનાવ્યું, પછી વત્રાસુરને માર્યો.

વળી નિષ્કુળાનંદ સ્વામી ઈંદ્રની વાત કરે છે. ઈંદ્ર ગૌતમઋષિના ઘરમાં ગયો અને અહલ્યા સાથે ન માગવાની માગણી કરી, ભ્રષ્ટ થયો. જો વૈરાગ્ય હોત તો આ રીતે ઋષિપત્ની અહલ્યામાં મન બગાડત નહિ. દેવતાઓ દેવલોકમાં ખાન પાનાદિક વિષયભોગમાં રચ્યા પચ્યા છે અને પરમાત્માની આરાધના કરતા નથી. વિચાર કરો જે દેવતાઓની આ ભરતખંડ માં પૂજા પ્રતિષ્ઠા થાય છે, તે દેવતાઓ આ લોકમાંથી પ્રભુ ભજીને દેવલોકમાં ગયા છે, પણ ત્યાં ગયા પછી વિશેષ ભોગ સુખમાં ફસાયા છે, વૈરાગ્ય નથી તેથી દેવતાઓ પણ ભગવાનનું ભજન કરતા નથી.

**વૈરાગ્ય વિના વિધુ વ્યાકુળ થઈ, જઈ હરી ગુરૂની પતની;**
**વૈરાગ્ય વિના જુવો વિચારી, સારી વાત તે શું બની.**

વિધુ એટલે ચંદ્ર, વૈરાગ્ય વિના ચંદ્રે કેવું કામ કર્યું ? ગુરૂ બ્રહસ્પતિની પત્ની તારાને ઉપાડી ગયા. આવું હલકું કામ કર્યું. બ્રહસ્પતિએ સમજાવ્યો કે કોઈ પરસ્ત્રી ઉપર ખોટી દાનત બગાડીશ નહિ, પછી બ્રહ્માએ સમજાવ્યા ત્યાર પછી એમને બધા નક્ષત્રોના અધિપતિ બનાવ્યા.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "વૈરાગ્ય વિના માનવીથી એવા ખરાબ કામ થઈ જાય છે કે પછી જે કાંઈ દાન, પુન્ય, જપ, તપ, કર્યા હોય તે બધા પાણીમાં ધોવાઈ જાય છે." વૈરાગ્યવાન કયાંય ફસાય નહિ.

**વૈરાગ્ય વિના અંગે અંધારૂં, રહી ગયું અર્કને અપાર;**
**પરણ્યા વિના પત્ની કરી, તેનો ઉર ન આવ્યો વિચાર.**

અર્ક એટલે સૂર્ય આખા જગતને પ્રકાશ આપનારા સૂર્યદેવને પોતામાં અંધારૂં રહી ગયું, પરણ્યા વિના પત્ની કરી, રાંદલ સાથે સંબંધ બાંધ્યો. કાંઈ વિચાર કર્યો નહિ. માયાએ ભલ ભલાને ઉથલાવી નાખ્યા છે.

**નારદ પરાશર સૌભરી, ભૂલી ગયા વૈરાગ્ય વિના વાત;**
**એકલશૃંગી અરણ્યમાં થઈ, વણ વૈરાગ્યે ઘાત.**

નારદજી ભગવાનનું મન કહેવાય, ખૂબ ડાહ્યા ભણેલા પંડિત, એમણે ઘણા ભકિતસૂત્રો લખ્યા પણ રાજા અંબરીશની દીકરી જયન્તીમાં મન લોભાઈ ગયું, કથા બહુ લાંબી છે પણ અહિ ટૂંકાણમાં લખીએ છીએ. જયન્તીની હાથની રેખા જોતાં મન લલચાઈ ગયું, પરણવાનું મન થયું. રાજાને કહ્યું, "કાલે જ સ્વયંવર રાખો, દેશાંતરથી ઘણા બધા રાજાઓ સ્વયંવરમાં આવ્યા. પોતે પણ સ્વયંવરમાં મોખરે બેઠાં અંતરમાં ઊંડી તીખી વાસના કે મને રાજકુંવરી હાર પહેરાવશે, પણ ભગવાને માયામાંથી બચાવી લીધા, વાંદરાના જેવું મોઢું બનાવી દીધું. પછી ભગવાન ઉપર નારદજી બહુ ખીજાયા શ્રાપ દીધો કે મને જયન્તી સાથે પરણવા દીધો નહિ, તો શ્રાપ આપું છું કે તમને સીતાજીનો વિયોગ થશે, વૈરાગ્ય વિના આવું બધું થયું. ત્યાગ વિના વૈરાગ્ય ટકતો નથી, વૈરાગ્ય વિના અંતરમાંથી ઊંડી ઈચ્છા ભોગ સુખની તજાશે નહિ.

**ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરે કોટી ઉપાયજી;**
**અંતર ઊંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાયજી... ... ... ત્યાગ.**
**વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી;**
**ઉપરનો આછો બન્યો, માંહી મોહ ભરપુરજી... ... ... ત્યાગ.**
**ઉષ્ણુ ઋતે અવની ઉપરે, બીજ નવ દીસે બહારજી;**
**દાન વરસે વન પાંગરે, એમ ઈંદ્રીય વિષય વિકારજી... ત્યાગ.**

જયાં સુધી વરસાદ વરસે નહિ, ત્યાં સુધી બીજ ધરતીમાં હોય પણ ઊગે નહિ, વરસાદ વરસે ત્યારે ધરતીમાંથી અનેક તૃણ ઊગી નીકળે. ધરતી લીલી છમ થઈ જાય, તેમ વાસનાનું પાણી મળે કે તુરંત કામાદિક બીજ મનના નબળા માણસના હૃદયમાં ઊગી નીકળે છે. આ સારસિધ્ધિની કથા તમામ ભકત જનોને સાવધાન કરે છે કે ભકિતનું મુળ વૈરાગ્ય છે, વૈરાગ્ય સહિત ભકિત કરવાથી સિધ્ધી મળે છે, મતલબ કે પ્રભુ ચરણ નું સુખ મળે છે, એજ આ ગ્રંથનું રહસ્ય છે.

એકલશૃંગીને વૈરાગ્ય નહિ તેથી રસનાં ઈંદ્રિયમાં લોભાઈ ગયા અને વેશ્યામાં બંધાઈ ગયા. એના હાથનું ખાધું ને બુધ્ધિ ફરી ગઈ, લોમપાદ રાજાની દીકરી શાન્તા સાથે પરણ્યા અને જપ, તપનું ફળ ખોઈ બેઠાં. વાસનાનું બંધન છોડી ન શકયા, વૈરાગ્ય વિના આવી ધમાલ થઈ, વિદ્વાન અને વેદ ભણેલા હતા, પણ વૈરાગ્ય કાચો તેથી ખેંચાઇ ગયા!.

**આ તો પંખીડાનો મેળો છે**

**વૈરાગ્ય વિના ચિત્રકેતુ, પરણ્યો પત્નીઓ કોટ;**
**આગીન્ધ્ર યયાતિ જેવે, વણ વૈરાગ્યે ભોગવી ખોટ.**

ચિત્રકેતુ રાજાની કરોડ સ્ત્રીઓ હતી પણ પગલીનો પાળનાર, બટકું રોટલાનો માગનાર, ખોળાને ખુંદનાર એક પણ બાળક નહિ, તેથી રાજાનું મન સદાય ઉદાસ રહ્યા કરે, કે આટલી બધી જાહોજલાલી, રાજપાટ, કરોડ પત્નીઓ પણ બાળક નહિ તેથી રાજપાટ પણ ઉજ્જડ વન જેવું લાગે છે, એમ કરતાં એમના ઘરે નારદજી અને અંગીરા ઋષિ પધાર્યા, બે હાથ જોડી સત્કાર કર્યા, પગે લાગીને બેઠા, પણ મન ઉદાસી, ત્યારે નારદજીએ પૂછયું,'' રાજન શું દુઃખ છે ? આપ શા માટે ચિંતાતુર દેખાવ છો. ચિત્રકેતુ એ કહ્યું, '' બાપજી, ઘરમાં પારણામાં ઝુલનાર કોઈ નથી,

બાળક વિના સંસાર સૂનો લાગે છે, આપ ત્રિકાળ જ્ઞાની છો, મને એક બાળક આપો જેથી વાંઝીયાપણાનું મહેણું ટળી જાય''.

ત્યારે નારદજીએ કહ્યું, ''તમારા ભાગ્યમાં પુત્ર લખેલો નથી,'' રાજાએ કહ્યું, '' લખેલ હોય કે ન હોય પણ તમને બાળક દેવામાં શો વાંધો છે,'' ત્યારે નારદજીએ કહ્યું, ''અમને કાંઈ વાંધો નથી પણ તમને વાંધો આવી જશે,'' રાજાએ કહ્યું, ''ગમે તેમ થાય, એક પુત્રનું વચન આપતા જાવ.''

ત્યારે નારદજીએ કહ્યું, ''પરાણે માંગેલી વસ્તુ સુખી નહિ કરે, માટે મન વાળીને ભગવાન ભજો, પુત્રમાં સુખ નથી, પુત્રવાળા પણ રડે છે, માટે અમારૂં માની જાવ.

રાજા કહે, ''બધી વાત સાચી પણ મને પુત્ર આપતા જાવ.''

ત્યારે નારદજી અને અંગીરા ઋષિ ચરણામૃત આપ્યું અને કહ્યું આ તમારી એક રાણીને પાજો સમય જતાં પુત્ર જન્મ થશે તેમનું નામ હર્ષ શોક રાખજો.

આટલું કહી ઋષિએ જતા રહ્યા, બરાબર નવ મહિના થયા ને રાણીને ત્યાં પુત્રનો જન્મ થયો, ''રાજા ખુશ ખુશ થઈ ગયા.'' પ્રજા પણ રાજી રાજી થઈ ગઈ, પણ રાજાની બીજી રાણીઓ નારાજ થઈ ગઈ ને હવે પુત્રવાળી રાણીનું માન વધશે ને આપણને કોઈ બોલાવશે પણ નહિ, તેથી ભેગી મળીને વિચાર કર્યો કે પુત્રને મારી નાખીએ તો બધી સરખી થઈ જઈએ.

રાજા દરરોજ રાજસભામાં જતાં પહેલાં રાજકુંવરનું મુખ જોઈ રમાડીને પછી જાય, આજે ઉતાવળથી કુંવરને રમાડવાનું ભૂલી ગયા, આ બાજુ રાણીઓએ પારણામાં પોઢેલા રાજકુંવરને ઝેર પાઈ દીધું, પુત્રનું મૃત્યુ થયું.

રાજમાતાએ ધવડાવવા પુત્રને પારણીયામાંથી લીધા તો પુત્રના પ્રાણ નીકળી ગયા છે. હૃદયફાટ રૂદન કરે છે, અરે રે મારો ભર્યો ખોળો આજે કોણ વેરી હતો કે એક ક્ષણમાં ખાલી કરી દીધો, રાજા પણ કરૂણ સ્વરે રડે છે.

ત્યાં પાછા ફરતા ફરતા નારદજી અને અંગીરા ઋષિ આવ્યા, રાજા પગે લાગીને રડી પડ્યા, બાપજી પહેલાં કરતાં હું વધારે દુઃખી થઈ ગયો, મારા પુત્રનું મૃત્યું થયું છે. નારદજીએ કહ્યું, ''મેં કહ્યું હતું કે પુત્ર આવશે ત્યારે હર્ષ થશે, જાશે ત્યારે શોક થશે. રાજન આ દુનિયામાં સૌ કર્મ સંસ્કારે ભેળા થાય છે. માટે રડો નહિ, ભગવાનને

યાદ કરો. ત્યારે રાજાએ કહ્યું, ‘‘બાપજી એક વખત મને મારા પુત્રની કાલી ઘેલીબોલી સંભળાવો, નારદજીએ પ્રભુને સંભારીને જળ છંટકાવ કર્યો, પુત્રમાં પ્રાણ આવ્યા અને પુત્ર બોલ્યો, ‘‘પિતાજી મારા માટે આટલું બધું શું કામ રડો છો. હું તમારો પુત્ર નથી તમે મારા પિતા નથી, હું ઘણી વખત તમારો પિતા થયો હોઈશ, ને તમે મારા પુત્ર થયા હશો, આ તો કર્મનાં લેણ દેણનો સંબંધ છે, લેણ દેણ પુરૂં થાય કે પાપ પુન્યનાં પોટલાં બાંધીને જીવ ચાલતો થઈ જાય, આ તો પંખીડાનો મેળો છે, મીરાંબાઈ ગાય છે.

**આ છે પંખીડાનો મેળો, આ છે પંખીડાંનો મેળો;**
**માટે ભજી લે દીનદયાળ, આ છે પંખીડાનો મેળો.**
**ૠણાનું બંધે સૌએ મળીયા, કોઈ જનમનાં પુન્ય જ ફળીયાં;**
**જેવા આવ્યા તેવા જાય. આ છે.**
**માયાનો આ ખેલ છે ખોટો, કાયા પાણી નો પરપોટો;**
**કયારે ફૂટે તે ન કહેવાય. આ છે.**
**સાથે કોઈ ન આવ્યું કે આવે, સૌ સૌ ના મારગે જાવે;**
**જેવાં વાદળીયાં વીખરાય. આ છે.**
**મળીયો માનવદેહ અણમુલો, સદાય હરિ ભજનમાં ડોલો;**
**બાઈ મીરા નિત્ય ગાય. આ છે.**
**માટે ભજી લો દીનદયાળ. આ છે.**

રાજકુંવર કહે છે, ‘‘મારામાં હેત રાખો છો તેનાં કરતાં સર્વેશ્વર જે આપણી શ્વાસોશ્વાસની રીધમ ચલાવે છે. તે પરમાત્મામાં મન રાખો તો તમારૂં કલ્યાણ થશે. આટલું બોલી રાજકુંવર લાંબે રસ્તે સિધાવી ગયો. તેના વિયોગે રાજાને વૈરાગ્ય થયો, તેથી કરોડ રાણીને તજીને જંગલમાં જઈ તપ કરી ભગવાનની આરાધના કરી ઉત્તમ ગતિને પામ્યા.

હવે સ્વામી આગીન્ધ્રની વાત કરે છે આગીન્ધ્ર તપ કરતો હતો ત્યાં પૂર્વચિત નામની અપ્સરા આવી, તેનાં ઝાંઝરનાં ઝણકાર સાંભળીને તપ છુટી ગયું ને અપ્સરામાં ફસાણો, પછી પરણ્યો, દીકરા થયા, ત્યાં થોડા સમય પછી અપ્સરા સ્વર્ગમાં જતી

રહી, પછી આગીન્ધ્ર વનમાં ગયો, જપ, તપ, વ્રત કરીને પાછો સ્વર્ગમાં ગયો. અપ્સરા પાસે પહોંચી ગયો, મનમાં અપ્સરા રમતી હતી તેથી ભગવાનમાં મન બરાબર રહ્યું નહિ.

નિષ્કુળાનંદ સ્વામી યયાતિ રાજાની વાત કરે છે. રાજા બહુ સારો, બધી વાતે ડાહ્યો પણ વાસના વાળો ઘણો, એની પત્ની શર્મીષ્ઠા હતી, છતાં પણ દેવયાની સાથે પરણ્યો, બે ભેગી થઈ તેથી તકરાર વધી, દેવયાની કહે તમે મારા સાથે હેત ઓછું રાખો છો, આમ ખેંચતાણ થઈ, તેની શુક્રાચાર્યને ખબર પડી કે મારી દીકરી સાથે ઓછું હેત રાખે છે, શ્રાપ દીધો જા વૃધ્ધ થઈ જા. તરત વૃધ્ધ થઈ ગયો. શરીર કંપે, આંખ ઉંડી ઉતરી ગઈ, મોઢું દાંત વિના ગોખલા જેવું થઈ ગયું, ચામડી લબડી પડી, વાંકો વળી ગયો, લાકડીનાં ટેકે ચાલે. હવે શું કરવું ? પછી યયાતિ રાજા શુક્રાચાર્યના પગમાં પડીને કરગરીને કહ્યું, ‘‘કાંઈક કૃપા કરો, મને તીખી વાસના સંસારની છે, જે મને ઘડપણ આપી દીધું તે હવે વિષય નહિ ભોગવાય, ત્યારે શુક્રાચાર્યે કહ્યું, ‘‘શ્રાપ મિથ્યા નહિ થાય, તારા ચાર દીકરા છે, એ તને યુવાની આપે અને તારા બદલામાં એ વૃધ્ધપણું લે તો અદલા બદલી થઈ શકે. ઘડપણ આવી જાય પણ વાસના ન ત્યજાય, મનમાં ઘાટ સંકલ્પ શરૂ રહે, પછી પોતાના દીકરા પાસે કરગરીને વાત કરી, મોટો છોકરો કહે તમારે અમારી યુવાનીને શું કરવું છે, છાનાં માના બેસીને ભજન કીર્તન કરો. અમારી જુવાની તમને નહિ દઈએ.

પછી બીજા દીકરાએ યુવાની આપી એને થયું કે વાસના ડાકણ છે, જન્મોજન્મ આ જીવ વિષય વૈભવ ભોગવતો આવ્યો છે, છતાં તૃપ્તિ થઈ નથી, હવે શું પુરી થશે. આપણે ભગવાન ભજીશું અને પ્રભુ પ્રસન્ન કરીશું, તેથી પોતાની યુવાની પોતાના પિતાને આપી દીધી. વાસના બહુ ખતરનાક છે, જેમ જેમ ભોગ વિલાસ ભોગવે છે તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે.

આ બધા ભકત હતા, ભજન કરતા હતા, પણ મનમાંથી વાસના ગઈ નહોતી તેથી આવું થયું.

**ભોગ સંસારી ભોગવી, કોઈ તૃપ્ત ન થાયજી;**
**ઈંદ્રિયો ઉંડી અપાર છે, વિષય નીરે ન ભરાયજી.**
**વપનું સમજો આ સંસારને.**

આ કથા ભકતોને વગોવા માટે નથી, પણ ભકતોને સાવધાન કરવા માટે છે, આવા મોટા મોટા ઋષિમુનિઓ, રાજા મહારાજા બધા ભકત હતા, સારા હતા, પણ પોતાની વાસનાને રોકી શકયા નહિ, એમની પાસે સમજણ શક્તિ હતી. તેથી વાસના જીતવા માટે જોર કરેલું, કે આપણાથી આવું ખોટું કર્મ કરાય નહિ, પણ વૈરાગ્ય ન હોવાને કારણે એમનું કશું ચાલ્યું નહિ અને ખોટાં કર્મ કરી બેઠા.

નિષ્કુળાનંદ સ્વામી તમામ ભકતજનોને સાવધાન કરે છે, આ સારસિધ્ધિ ઉતમ શાસ્ત્ર છે, એનો એક જ હાર્દ છે, ગમે તેમ કરીને આ જગતથી ભકતજનને વૈરાગ્ય ઉત્પન્ન કરવો જ જોઈએ.

બ્રહ્માથી કીટ પર્યંત વાસનામાં વ્યાકુળ થયા છે, ને થાય છે, માટે ભગવાનના ભકતને ખટકો રાખવો કયાંય બંધાવું નહિ.

**વૈરાગ્ય વિના વિષય સુખનો, અંતરે ન થાય અભાવ;**
**નિષ્કુળાનંદ નિરવેદ વિના, રૂઝે નહિ વિષયના ઘાવ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અંતરમાંથી વિષય સુખનો અભાવ થઈ જાય છે, તો ગમે તેટલા રમણીય પદાર્થ મળે છતાં પણ લલચાય નહિ.

ગામ પ્રાંતિજના બેચરભાઈ એક વખત કોઈ કામ પ્રસંગે વિજાપુર જવા માટે નીકળ્યા, વૈશાખ મહિનાનો સખત તાપ, એકલા ભગવાનનું નામ લેતા લેતા ચાલ્યા જાય છે. બપોરનો સમય રસ્તામાં ચોર મળ્યા, ચોરે હાકલ કરી " અલ્યા ભગતડા કયાં જાય છે, તિલક અને કંઠી કાઢી નાખ, નહિતર મારી નાખશું. બેચરભાઈ કંઈ જેવા તેવા ઢીલા ભકત ન હોતા, રૂઆબથી જવાબ દીધો. માથું જાય તો ભલે જાય, પણ તિલક ચાંદલો ન તજાય, તમને જેમ કરવું હોય તેમ કરો, ભકતની દ્રઢતા જોઈને, ચોર જતા રહ્યા.

થોડી વાર થઈ ત્યાં એક રૂપવંતી સ્ત્રી આવી, એણે સાદ કર્યો, એ ભગત ઉભા રહો ઉભા રહો. મારી એક વાત સાંભળી લ્યો, ''કંઠી તિલક કાઢી નાખો તો ૧૦૮ સોનામહોર આપું, આખી જીંદગી કમાવાની જરૂર નહિ પડે, ઘર બેઠે ગંગા આવી છે'' બેચર ભકતે સરસ જવાબ દીધો, ''પારકા ધનને હું શું કરૂં, માટે સોના મહોરની જરૂર નથી, મારે તો મારા ભગવાનની જરૂર છે. તારી સોનામહોર તારી પાસે રાખ'' સોના મહોરથી લોભાણા નહિ.

વિજાપુર તરફ ચાલ્યા જાય છે, “વિચાર થયો, ચોર કોણ હશે અને સ્ત્રી કોણ હશે ! ત્યાં તો ભગવાન આવી ગયા મદદમાં “બેચર ભગત શું વિચાર કરો છો, બિલ્કુલ ડરશો નહિ, ચોર હતા તે યમદુત હતા અને સ્ત્રી હતી તે માયા હતી. તમને મોહ પમાડવા આવી હતી, પણ ધન્ય છે તમારી સમજણને કે સ્ત્રી ધનમાં લોભાણા નહિ, આટલું કહી ભગવાન અદ્રશ્ય થઈ ગયા. સ્વામી કહે છે વૈરાગ્યવાનને મોહ મમતા અને વિષય લોભાવી શકતા નથી, વૈરાગ્ય વિના વિષયના ઘા રૂઝાતા નથી.

**જો શુધ્ધ વૈરાગ્ય ઉપજે અંગજી, તેને ન ગમે વિષય સુખનો સંગજી;**
**અંતરે ઉદાસી રહે અભંગજી, તેને ચિતે હરિનો રંગજી.**

જો શુધ્ધ વૈરાગ્ય હૃદયમાંથી ઉપજે તો વિષય સુખનો સંગ ગમે નહિ, જો વિષય સુખનો સંગ ગમે નહિ તો જ ચિત્તે શ્રીહરિનો રંગ સાચા ચિત્તમાં રંગ ચડી જાય તો ઉતાર્યો ઉતરે નહિ. હવે ખરા વૈરાગ્યવાળને કેવો ભગવાનનો રંગ ચડે છે, તેની બાબત વર્ણવે છે.

**એવા શુધ્ધ વૈરાગ્યવાળા શુકજી, જડ ભરતને પણ જાણીએ;**
**કદરજમાં પણ કાચું નહિ, ખરા વૈરાગ્યવાન વખાણીએ.**

શુકદેવજી ગર્ભયોગી હતા, માતાના ઉદરમાં એમને જ્ઞાન હતું, શુકદેવજી માતાના ઉદરમાં બાર વરસ રહ્યા, વ્યાસજીએ કહ્યું, “બેટા જન્મ ધારણ કરો તમારી માતાને દુઃખ થાય છે, શુકદેવજીએ કહ્યું પિતાજી મારી માને ફૂલ જેટલો પણ ભાર નથી, પણ મને માયાની બીક લાગે છે, ભલભલાને માયાએ ભગવાનના માર્ગમાંથી પાડી દીધા છે. માયાને ખેંચો તો જન્મ ધારણ કરૂં, ગાયનાં શિંગડા ઉપર રાઈનો દાણો ટકે એટલી વાર માયા ખેંચી ત્યારે શુકદેવજીએ જન્મ ધારણ કર્યો સીધા વનમાં જવા રવાના થયા ત્યારે પિતાજીએ ઘણો રોકવાનો આગ્રહ કર્યો પણ રોકાણા નહિ. વનમાં જઈ પ્રભુની આરાધના શરૂ કરી.

સમય જતાં વ્યાસને ઈચ્છા થઈ કે ભાગવતજીના ૧૮,૦૦૦ શ્લોક છે તે લાયક શિષ્યને ભણાવું, આ જગતની અંદર જ્ઞાનને વિસ્તારે તો અનેકનાં કલ્યાણ થાય, પણ વનમાં કોણ બોલાવા જાય, પછી વ્યાસજીએ એમના શિષ્યને ચતુર્થી શ્લોક શીખવાડ્યા અને શિષ્યો જયાં શુકદેવજી સમાધિમાં બેઠા છે, ત્યાં જઈને મધુર સ્વરે ગાયું, તેથી શુકદેવજીની સમાધિ છુટી ગઈ. ઋષિઓને કહ્યું આવા શ્લોક તમોને

કોણે શીખવાડ્યા છે ? "શિષ્યો એ કહ્યું, વ્યાસજીએ."

વ્યાસજી તો મારા પિતા થાય, પછી વ્યાસજી પાસે આવ્યા, ભાગવત ભણ્યા અને ગંગાકીનારે એ ભાગવત પરિક્ષીત રાજાને સંભાળવી સાત દિવસમાં મુકિતનો માર્ગ બતાવ્યો, શુકદેવજીને દેહભાવ બીલકુલ નહિ પૂર્ણ આત્મદર્શી હતા.

જડભરતજી પુર્વમાં આખા ભરતખંડના રાજા હતા તેના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત પડ્યું છે, ભરતજી રાજપાટ છોડીને વનમાં તપ કરવા ગયા ખરેખરો વૈરાગ્ય હશે. ત્યારે રાજ પાટ છોડીને વનમાં ગયેલા. તણખલાંની જેમ સંપત્તિને તજી દીધી. ગંગાકીનારે ભારે તપ કર્યું, ત્યાં હરણમાં માયા લાગી, તો બીજો જન્મ હરણનો આવ્યો. તેમાં જ્ઞાન ગયું નહિ. સદાય ખટકો રહ્યા કરે કે ભારે ભુલ ખાધી. વિજાતીમાં હેત થવાથી હરણ થઈને જંગલમાં ભટકું છું. પછી બ્રાહ્મણને ઘરે જન્મ થયો અને જડભરત નામ પડ્યું. જડભરતે બોલવાનું બીલકુલ બંધ કરી દીધું, જાણીને ગાંડાની જેમ કરે જેથી માયા લાગે નહિ. પછી વનમાં ગયા અને રાજા રહુગણને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપી એનું કલ્યાણ કર્યું. આવા વૈરાગ્યવાન જડભરત હતા. કદરજ પણ ખરા વૈરાગ્યવાન હતા.

**પ્રહલાદે પરબ્રહ્મથી, માયિક સુખ નવ માગીયું;**
**કુંતા ભકત કહીએ ખરા, વિદુરે નીજ રાજ ત્યાગીયું,**

નૃસિંહ ભગવાને પ્રહલાદજીને કહ્યું, બેટા ! માંગ, મારા માટે તે ઘણું દુઃખ સહન કર્યું છે, ત્યારે પ્રહલાદજીએ કહ્યું મારા અંતરશત્રુ થકી રક્ષા કરજો. બીજુ મારે કાંઈ જોઈતું નથી. કુંતાજીને ભગવાન કૃષ્ણચંદ્રે કહ્યું, ફઈબા માંગો આપને શું આપું, ત્યારે કુંતાજીએ કહ્યું. ડગલે ને પગલે મને દુઃખ આપો.

મને ડગલે ને પગલે દુઃખ આપો ! બાજુમાં ભીમ ઉભો હતો તેણે કહ્યું મારી માને માંગતા આવડતું નથી, લાડુ માગ્યા હોત તો પેટ ભરાઈ જાત અને માએ દુઃખ માગ્યું.

ભગવાને કહ્યું, "જગતમાં બધા માણસો સુખ માગે છે, ને તમો દુઃખ માગો છો ? " હા કેશવ! દુઃખમાં તું જેટલો યાદ આવે તેવો સુખમાં યાદ નથી આવતો, કહેવત છે કે સુખમાં સાંભળે સોની અને દુઃખમાં સાંભળે રામ.

*સાચી સંપત્તિ અને વિપત્તિની વ્યાખ્યા જુદી છે. હરિનું સ્મરણ એ સંપત્તિ અને*

*હરિનું વિસ્મરણ એ વિપત્તિ.*

**એવા સુખ ઉપર પથ્થર પડો જો હરિ હૃદય સે જાય;**
**બલિહારી એવા દુ:ખ કી કે પલ પલ હરિ નામ જપાય.**

એવી સંપત્તિ શું કામની કે તમને ભગવાન ભુલાવે ભગવાન ભુલાઇ જાય એજ વિપત્તિ અને ભગવાન યાદ આવે તે સંપત્તિ.

વિદુરજી ધૃતરાષ્ટના ભાઇ થાય એને હકીકતમાં રાજ મળવું જોઈએ, પણ રાજપાટની મમતા તજીને યાત્રાના બહાને વનમાં જતા રહ્યા. વૈરાગ્યવાનની સમજણ જુદી છે.

**ગોપીચંદ બાજંદ શેખ ભર્તૃહરિ, સબસ્ત બરેજ મનસુર મલેચ્છ;**
**અતિ વૈરાગ્યવાનના વેગ વડે, પડયા નહિ માયાના પેચ.**

ગોપીચંદની મા મેનાવતિએ ઉપદેશ દીધો કે તારા બાપુની કાયા હતી, પણ એક દિવસ એવો આવ્યો કે અગ્નિની જવાળામાં બળીને ખાખ થઈ ગયા, કાંઈ સાથે ન ગયું, રાજપાટ, ધન માલ, કુંટુંબ પરિવાર અહીં જ રહી ગયું, તારે એ અમરત્વ પદ જોઈતું હોય, જન્મ મરણના ફેરા ફરવા ન હોય તો ભગવાનની ભજન ભકિત કરવા વનમાં જા, બાકી આ તુચ્છ સંસારમાં સુખ નથી, સાચું સુખ ભગવાનના ચરણમાં છે. ખૂબ ઉપદેશ આપ્યો તેથી ગોપીચંદ રાજા જંગલમાં ગયા અને ભગવાનને પ્રસન્ન કરી ઉત્તમગતિને પામ્યા.

બાજંદ મોટો રાજા હતો, અસવારીમાં બેસીને નગરયાત્રા કરવા જાય છે, રસ્તામાં વચ્ચે ઉંટ મરેલું પડયું હતું, તેથી અસવારી અટકી ગઈ, રાજા કહે, ‘‘અસવારી જલ્દી આગળ ચલાવો કેમ અટકી ગઈ છે, ત્યારે માણસોએ કહ્યું, ‘‘રાજન્ ઉંટ મરી ગયું છે તેથી ઉભા રહી ગયા છે. રાજાને નવાઈ લાગી, મરી જાય એટલે શું ? દોડીને જોવા આવ્યો તો હાથ, પગ, કાન, નાક, આંખ્યું પગ બધું બરાબર છે, રાજા કહે ઉંટનું બધું જ શરીર બરાબર છે, છતાં મરેલું કેમ કહો છો, ત્યારે નોકર કહે બધું છે, પણ જીવ નથી તેથી તેને મરેલ કહેવાય. રાજાને નવાઈ લાગી કે આ રીતે બધાને મરવાનું છે. રાજાએ પૂછયું તેમાંથી બચવાનો કોઈ ઉપાય હશે ?

હા ઉપાય છે, ખુદાની બંદગી કરે તો મૃત્યુથી બચી જાય, જન્મ મરણના ફેરા ટળી જાય. આટલું સાંભળી ત્યાં જ વૈરાગ્ય આવી ગયો. વનમાં જતા રહ્યા, વિચાર

કરો આપણે અનેકનાં મૃત્યુ નજર સામે દેખીએ છીએ, છતાં પણ વૈરાગ્ય નથી આવતો આ નવાઈની વાત છે, વૈરાગ્યરૂપી સદ્‌ગુણો આવવા મહા કઠણ છે.

પછી નિષ્કુળાનંદ સ્વામી ભર્તૃહરિ રાજાની વાત કરે છે, ભર્તૃહરિ રાજા પીંગલામાં ફસાઈ ગયા હતા. પછી સાચી ખબર પડી કે પીંગલા મારી ગેરહાજરીમાં મને દગો દે છે, પરપુરૂષમાં બંધાણી છે અને મારી સાથે ખોટું હેત બતાવે છે, સજાગ થઈ ગયા. તરત રાજપાટ છોડીને જંગલના જોગી થઈ ગયા.

વૈરાગ્ય આવે તો કામ થઈ જાય કયાંય બંધાવા દે નહિ, શેખ, સબસ્ત, બરેજ, મનસુર આ બધા મુસલમાન જ્ઞાતિના મહા વૈરાગ્યવાન મોટા ભગવાનના ભકત હતા. ભગવાનને ભજી ભગવાનને પામ્યા છે, અચાનક વૈરાગ્ય આવી જાય તો બેડો પાર થઈ જાય.

**સર્વ લોકની સંપત્તિ, પાપ રૂપ જાણી પેખે નહિ;**
**મૂર્તિ મૂકી મહારાજની, બીજું દુઃખ જાણી દેખે નહિ.**

વૈરાગ્યવાન માણસને આ લોકની સંપત્તિ દુઃખરૂપ લાગે, એક પ્રભુની મૂર્તિ સુખમય જણાય છે, આત્માને સારામાં સારૂં અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખ જોઈતું હોય તેને સર્વપ્રકારે શ્રીહરિમાં જોડાઈ જવું, વિષયથી વિરકત રહેવું, અને હરિમાં હેત કરવું, તે સારમાં સાર વાત છે. તેથી દેવાનંદ સ્વામી ગાય છે, પ્રભુ સાથે દઢ પ્રીતડી કરો,

**કર પ્રભુ સંગાથે દઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધન માલ;**
**અંતકાળે સગું નહિ કોઈનું રે.**
**સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે, તેને જાતા ન લાગે વાર;**
**અંતકાળે સગું નહિ કોઈનું રે.**

મરી તો સર્વે જાવું છે, પણ મરવાની વાસ્તવિકતા કોઈ સમજતું નથી, જેનો ઘડીનો નીરધાર નથી, તેને માટે રાત દિવસ મથે છે, અને જયાં ગયા પછી ફેરવણી નથી તેવા પ્રભુને પામવા કોઈ દાખડો કરતા નથી. આ જ અજ્ઞાન છે. જીવની અવળાઈનો પાર નથી.

## ભગવાન પાસે કોઈનો ખોટો વટ રહેતો નથી.

શ્રીજી મહારાજ અવાર નવાર સત્સંગીની ઈચ્છા પૂરી કરવા આજુ બાજુના

ગામમાં દર્શન દેવા પધારે, પણ પાછા ગઢપુર આવે. ત્યાં ભકતજનો બધા દર્શન કરવા આવે. તેમાં બે કણબી પટેલીયા એવો ઠેરાવ કર્યો કે આપણે સ્વામિનારાયણનું મોઢું જોવું નથી, ભલે જગત આખું ભગવાન માને, આપણે નહિ માનીએ. શ્રીજી મહારાજ રસ્તામાં સામા આવી જાય તો આંખ્યું મીંચી નાખે, બે હાથ આડા દઈ દે, અથવા અડખે પડખે સંતાઈ જાય. પણ ભગવાન સામે જુવે નહિ. આવી રીતે અવળાઈ કરે.

શ્રીજી મહારાજે વિચાર્યું આ ગઢડા ગામની વસ્તી દશ હજારની છે, બધા લોકો મારા દર્શન કરે અને આ બે પટેલ આડા ફરે પણ મારે તેને દર્શન દેવાં જ છે, એક દિવસ આ બે પટેલ કપાસીયાનાં ગાડા ભરીને આવતા હતા, સામી બાજુ થી શ્રીજી મહારાજ અને સુરાખાચરને આવવાનું થયું, પટેલને ખબર પડી ગઈ કે સામેથી સ્વામિનારાયણ આવે છે, હવે શું કરવું ! રસ્તો સાવ સાંકડો, બીજી બાજુ છટકી જવાય તેમ છે નહિ, પછી કપાસીયામાં કુતરાંની જેમ બખોલ કરી અંદર મોઢાં નાખી દીધાં. શ્રીજી મહારાજની નજર પડી ગઈ કે પટેલ આજે બરાબર લાગમાં આવ્યા છે ! શ્રીજી મહારાજ ગાડા ઉપર ચડી ગયા, અને બેય પટેલના હાથ ખેંચ્યા, મોઢાં બહાર કાઢ્યાં અને કહ્યું, ‘‘મૂર્ખાઓ અમે શું કાંઈ તમારૂં બગાડયું છે કે મારૂં મોઢું જોતા નથી. એટલે શ્રીજી મહારાજ સામે જોવાઈ ગયું. તરત સમાધિ થઈ ગઈ. સમાધીમાં યમપુરી દેખાણી, યમદૂતો ધોકા લઈને દોડયા. ‘‘મારો મારો આ આપણા માલીકનું મોઢું જોતા નથી.’’ બરાબર દંડા લગાવે. આંહી દેહ ઉછળે, કલાક સુધી બરાબર ધોકાવ્યા, પછી સમાધીમાંથી બહાર આવ્યા, તુરંત શ્રીજી મહારાજના ચરણ પકડી લીધાં, ‘‘મહાપ્રભુ અમને માફ કરો.’’

પાપથી બચાવો, અમો તમારે શરણે આવ્યા છીએ, સાચી સમજણ આવી ગઈ, નરમ થઈ ગયા, વટ ઉતરી ગયો. ભગવાન પાસે કોઈનો ખોટો વટ રહેતો નથી. પ્રભુ અમને વર્તમાન ધરાવી સત્સંગી કરો, પછી શ્રીજી મહારાજે વર્તમાન ધરાવી કંઠી બંધાવી, અને નિયમ ધર્મની બધી રીત ભાત શીખવાડી.

પટેલીયાએ કહ્યું, ‘‘સારૂં થયું જમદૂત પાસે માર ખવડાવીને સત્સંગી કર્યા, નહિંતર માર ખાતા અંત આવત નહિ. મહારાજ હવે અમને છોડશો નહિ. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ભૂત વળગે તે છોડતું નથી, તો અમે તો ભગવાન છીએ,

ગમે તે રીતે પણ અમને જીવનું કલ્યાણ કરવું છે. પછી બે પટેલ ખરેખર સત્સંગ રાખી ભજન ભકિત કરીને પ્રભુને પ્રસન્ન કર્યા. જેને ભગવાનનું ચિંતવન છે તે જ મહાન છે.

**જેમ અગ્નિ જવાળાથી ઉંચા નીચા, લોહ કઢામાં કણ ઉછરે;**
**એમ પંચ વિષયમાં પડયા પ્રાણી, નાના મોટા સહુ બળે,**

લોઢાના તગારામાં પાણી નથી અંદર અનાજના દાણા નાખી પછી નીચે અગ્નિ લગાવો, આપણે ખીચડી ચૂલા ઉપર ચડાવીએ ત્યારે દાળ અંદર ઉછળ્યા કરે તેમ આ જગતની અંદર સંસારરૂપી કડાયામાં જીવ પ્રાણી માત્ર ત્રિવિધી તાપમાં આધિ વ્યાધિને ઉપાધિમાં ઉછળ્યાં કરે છે.

**ખારૂં કર્યું એમાં ખોળીને, વણ વૈરાગ્યે વણસાડ;**
**રૂડું જાણી નવ રોપીએ, ઘર આંગણે ગરલનું ઝાડ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, “રૂપાળું જાણીને ઘરનાં આંગણામાં ઝેરનું ઝાડ નવ રોપીએ, એમાંથી કાંઈ ફળ ફુલ નહિ મળે, મહેનત જાશે, અને કોઈક ખાશે તો પ્રાણ જાશે, એમાંથી સુખ નહિ થાય, ઝેર વવાય નહિ, ખવાય નહિ, ઝેરને વેર રખાય નહિ, વેર હશે તો ભગવાન યાદ બરાબર નહિ આવે, વેરી અખંડ યાદ આવ્યા જ કરશે, માટે વેર રાખવું નહિ, પણ નવાઈની વાત છે, બ્રહ્માનંદ સ્વામી વેર રાખ્યાની છુટ આપે છે.

**ઓરા આવો મારા લેરખડા લહેરી,**
**કીધો તમ સારૂં મેં જગ વેરી. ઓરા.**
**કાજુ નૌતમ જામા જરકશીયા,**
**શોભે પાઘડલી શીર સોનેરી. ઓરા.**

બ્રહ્માનંદ સ્વામી કહે છે, “વેર રાખવામાં ફાયદો છે, આ જગત આખું દુગુણોથી માયાથી, પ્રપંચોથી ભર્યું છે, કામ, ક્રોધ, લોભ, મોહ માયા, આશા, તૃષ્ણા વિગેરે શત્રુઓથી વેર રાખવું, પણ કોઈ માણસ સાથે વેર ઝેર રાખવું નહિ, અંતરશત્રુથી વેર હોય તો જલ્દી આપણી પાસે એ આવે નહિ, સ્વભાવિક રીત છે જે માણસ ને જેના સાથે વેર હોય તેને એ દીઠો ન ગમે, સામે પણ ન જુવે, જો અંતર શત્રુથી વેર રાખશું તો એ ઊંચી આંખ કરીને આપણી સામે જોશે નહિ.

આ સારસિધ્ધિનો સિધ્ધાંત એક જ છે, પ્રભુને પકડો બીજી માથાકુટ બધી મૂકી

દો. અંતરશત્રુને આદર ન દેવો, ધકો દેવો.

**એમ એક પ્રભુને પરહરી, જન જે જે કરે છે ઉપાય;**
**તેમાં સર્વે રીતે સંકટ છે, માની લેજો જન મન માંય.**

એક પરમાત્માને પરહરી એટલે છોડીને માણસ જે જે ઉપાય કરે છે એમાં સર્વે રીતે સંકટ છે, સ્વામી કહે છે, શાંતિ જોઈતી હોય તો ભગવાનનું ભજન કરો,

આ જગતમાં નવાઈની વાત તો એ છે કે માણસને નવરાશ મળતી નથી, લંડન બાજુ જુવો તો કોઈને નવરાશ ન મળે. સમૃધ્ધિ, સુખ અને સાધન પુષ્કળ પણ શાંતિ નહિ, એક કુંટુંબ હોય છતાં સાથે બેસીને જમવાનો સમય ન મળે, સાથે બેસીને વાત કર્યાની પણ વાર ન હોય, માણસો મોહ માયમાં એટલા બધા ડૂબ્યા છે કે ન પુછો વાત.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અસત્ય સુખને પરહરી ભગવાન ભજે છે તેને શુધ્ધ વૈરાગ્યવાન કહેવાય.

**શુધ્ધ વૈરાગ્ય કરી સેવીએ, પ્રેમે પ્રભુના પાય;**
**માયિક સુખ નવ માગીએ, મોહ કરી મનમાંય ... શુધ્ધ ...**

સાચા ભકતજનો માયિક સુખ માગતા નથી, દુનિયાદારીનાં સુખથી જીવને સંતોષ થતો નથી, પુત્ર મળે તો પૌત્ર ની ઈચ્છા થાય, પૈસા મળે તો બંગલાની ઈચ્છા થાય, એક પછી એક સુખ મળતા આવે છતાં નાશવંત સુખની તૃપ્તિ થતી નથી.

જેમ કરોળીયો બહુ મહેનત કરી જાળું બાંધે છે, પણ ઘરને સાફ સૂફ કરનાર સહેજમાં તેના જાળાને સાફ કરી નાખે છે, તેમ કાળ ઘડીકવારમાં માણસોનો નાશ કરી નાખે છે, માટે નાશવંત સુખમાં લોભાવું નહિ.

**નિષ્કામી જનની નાથને સારી લાગે છે સેવ**
**જે મોક્ષ આદી નથી માગતા, નથી તજતા તે ટેવ ... શુધ્ધ ...**

નિષ્કામીજનની નાથને સારી લાગે છે સેવ, પ્રેમી ભકતની સેવા ભગવાનને બહુ ગમે છે,

## જયાં પ્રેમ હોય ત્યાં માગી ખાવાની ઈચ્છા થાય

ગામ ભાડેરમાં શ્રીજી મહારાજ પાતળભાઈને ઘેર પધાર્યા, પોતે હતા નહિ

પણ એમનાં પત્નિ હતાં, જયાં પ્રેમ હોય ત્યાં માગી ખાવાની ઈચ્છા થાય, શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ભુખ બહુ લાગી છે, કાંઈક જમવાનું હોય તો આપો, પ્રેમને આધીન થયેલાં પાતળભાઈનાં પત્નિ તરત દૂધને બદલે ખાટી છાશનો વાટકો ભરીને આપ્યો, પ્રભુ પ્રેમથી પી ગયા, ત્યાં પાતળભાઈ આવ્યા, ‘‘પગે લાગીને બેઠા, મહારાજ આજની રાત આંહી રોકાઈ જાવ, ‘‘કાલે જાજો’’ શ્રીજી મહારાજે કહ્યું, ‘‘બીજી વખત રોકાઈશું, આજે જવું છે. પાતાળભાઈ કહે, તો હું તમારી સાથે ચાલુ છું, પ્રભુ કહે તમે બહારથી આવો છો, ભુખ્યા હશો, માટે જમી લો, પછી અમારી સાથે ચાલજો, પાતળભાઈ જમવા બેઠા, પોતાનાં પત્નિને કહ્યું, ‘‘દેવી દૂધ આપો, જયાં દૂધ લેવા જાય ત્યાં ખબર પડી કે ભુલ થઈ ગઈ કે શ્રીજી મહારાજને દૂધને બદલે ખાટી છાશ અપાઈ ગઈ છે. પ્રભુને કહ્યું, હું સાવ ગાંડી છું. ત્રણ દિવસની છાશ તમને આપી અને દૂધ એમનું એમ પડયું છે, મહારાજ તમે પણ કાંઈ બોલ્યા નહિ.

શ્રીજી મહારાજ કહે, ‘‘બહેન તમારો ભાવ દૂધનો હતો તેથી મને છાશમાંથી દૂધનો સ્વાદ આવ્યો, તમે ચિંતા ન કરો, હું કોઈ પદાર્થનો ભુખ્યો નથી, હું તો ભાવનો ભુખ્યો છું.’’ ભકતનો ભાવ જાગે તે ભગવાનને ભુખ લાગે, પરમાત્માને શું અર્પણ કરો છો એ મહત્વનું નથી, પણ કેવા ભાવથી અર્પણ કરો છો તે બહુ મહત્વનું છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘સકામ ભકતથી શ્રીહરિ પરહરે છે દૂર, જાણે માયિક સુખ માગશે જડબુધ્ધિ જરૂર.’’ આ જગતની અંદર જડબુધ્ધિવાળા ભકતો ભગવાનની થોડી સેવા કરીને ઘણી માંગણી કરે છે, આવા માંગણથી પ્રભુ દૂર રહે છે.

ભગવાન બધું જાણે છે, એ વગર માગે બધું આપતા જાય છે, નિષ્કામ ભાવથી કરેલી સેવાથી ભગવાન રીઝે છે.

**દેવતીર્થે દ્વીજે મન્ત્રે દૈવજ્ઞે ભેષજે ગુરૌ ।**
**યાદશી ભાવના યસ્ય સિધ્ધિ ર્ભવતિ તાદશી ।**

દેવતા, તીર્થ, બ્રાહ્મણ, મંત્ર, ઔષધ અને ગુરૂને વિશે જેવી ભાવના હોય છે તેવી સિધ્ધિ થાય છે. બીજું કંઈ ન થાય તો કાંઈ વાંધો નહિ, પણ દંભ, કપટ અને સ્વાર્થ છોડીને ભગવાનને પામવા સાચા નિષ્ઠાવાન ભકત થવું.

**વૈરાગ્યવાનનું વર્તવું વખાણુંજી,**
**જેને માયિક સુખ સૌ સરખું જણાણુંજી;**

**લોકા લોકે જેનું મન ન લોભાણુંજી,**
**એક હરિ ચરણે ઠીક મન કે ઠેરાણુંજી.**

ખરેખરા વૈરાગ્યવાનનાં વખાણ કરતાં સ્વામી કહે છે, જેનું ભગવાનનાં ચરણમાં મન ચોંટી જાય તેનાં લક્ષણો કેવાં હોય ! વર્તન કેવું હોય એ બાબત તે સમજાવતાં કહે છે, કોઈ લોકમાં કોઈ પદાર્થમાં એનું મન લોભાય નહિ.

**ખાતા ન થાય ખરખરો, જેવું અન્ન જડે તેવું જમે;**
**સૂકું લુખું સ્વાદુ નિઃસ્વાદુ, ખાઈ ને દિન નિર્ગમે.**

સ્વાદ જીતવા માટે સ્વામિનારાયણ ભગવાને રસકસ ન ખાવાનાં સંતોને નિયમ આપેલાં, ખારૂં, ખાટું, તીખુ, ગળ્યું વિગેરે જમવું નહિ, સાદુ ભોજન જમવું.

નંદ સંતો ભિક્ષા લેવા જાય, જે કાંઈ મળે તે કપડાંમાં બાંધીને જળમાં બોળે, રસ જળદેવતાને આપી દે પછી નીરસ ભોજન જમી ભજન કરે, આ કથા એ બતાવે છે કે સાદા ભોજનથી શરીર સારૂં રહે છે અને સાત્વિકતા આવે છે, ભગવાનનાં ભકતને બહુ સ્વાદીયા ન થાવું. ટાંણે જે મળે દાળ ભાત રોટલી તે જમી લેવું, કયારેક શાક ન હોય તો છાશ ને રોટલી જમી લેવી, પેટનો ખાડો જ ભરવો છે ને ! બહુ સ્વાદીયા ન થાવું. કયારેક રોટલાનો મેળ ન હોય તો ફળ ફૂલ ખાઈ લેવાં, પણ જમવા ટાણે ડખો ન કરવો, પણ સંતોષ રાખવો. કપડાં જેવાં મળે તેવાં પહેરી લેવાં, પણ બહુ શોખીન ન થાવું, સુવા માટે સાદડી મળે તો ચલાવી લેવું, પણ ઉડાવ ન થાવું અને લોભીયા પણ ન થાવું, રસાસ્વાદ વાળો માણસ ખૂબ દુઃખી થાય છે.

આપણા ઈષ્ટદેવ નીલકંઠ વર્ણી વનમાં હાથનું ઓશીકું કરી જમીન પર સૂઈ જતા, આ ગ્રંથ આખો વૈરાગ્યથી ભર્યો છે, વૈરાગ્યવાનને કેમ રહેવું તે બાબત સ્વામી સમજાવે છે, નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યની મૂર્તિ છે.

**કોઈ નંદે કોઈ વંદે, કોઈ ન આપે ખાવા અન્ન;**
**કોઈ ગૃહ પથ્થર ગોબર, નાખે, તોય સદાય રાજી રહે મન.**

ખરેખરા વૈરાગ્યવાન ભકત ને જગતથી કાંઈ લેવા દેવા હોય નહિ, કોઈ વંદન કરે તો ફુલાઈ જાય નહિ, કોઈ દ્રોહ કરે, નીંદા કરે તો કરમાઈ જાય નહિ, એ એમ માની લે છે કે આ વંદન કરે છે તે મારા પ્રભુને કરે છે, દુનિયાતણા દો રંગના ધોખા કદી ધરશો નહિ.

## દુનિયાતણા દો રંગના ધોખા કદી ધરશો નહિ

એકનાથજી મહારાજ પરમ ભકત હતા. એક વખત દક્ષિણ ભારતની યાત્રા કરવા શ્રી રંગક્ષેત્રમાં આવ્યા, ત્યાં કાવેરી નદી વહે છે, વહેલી સવારે સ્નાન કરવા જાય છે ત્યાં જ યુવાનીયા બેઠા હતા. તેણે કહ્યું, ''આ ભગતડો લાગે છે, દેખાવમાં ઠંડા સ્વભાવનો છે પણ પરીક્ષા કરીએ તો ખબર પડે કે ઠંડા છે કે ગરમ. ધારીએ તો મગજ છટકાવી દઈએ.''

મૂર્ખાને ખબર નથી કે ભકતની પરીક્ષા કરાય નહિ, જુવાની એવી છલકદાર છે કે ધ્યાન ન રાખે તો વૃધ્ધ સંતોનું, વૃધ્ધ માવીત્રોનું અપમાન કરી બેસે છે, એકનાથજીની ઉંમર ૮૦ વરસની છે, લાકડીના ટેકે સ્નાન કરીને ચાલ્યા આવે છે ત્યાં આ ઉધ્ધત યુવાનીયાઓ એકનાથજી મહારાજ ઉપર થૂંકયા, ભગત કાંઈ બોલ્યા નહિ, ફરીથી સ્નાન કરી, અને પાછા એજ રસ્તે ચાલતા આવે છે ત્યાં વળી મૂર્ખાઓ ભગત ઉપર થૂંકયા એમ વારંવાર થૂંકયા કરે અને ભગત સ્નાન કરવા જાય, બપોરનાં બાર વાગી ગયા, યુવાનીયા કહે જોઈએ કેટલી વાર એકનાથજી ચુપ રહે છે, ''બહુ હેરાન કર્યા, પણ જેના હૃદયમાં ભગવાન બેઠા છે એને કાંઈ થયું નહિ, ૧૦૮ વખત સ્નાન કરવા ગયા. છતાં પણ ભગવાનનાં જપ કરે છે, શ્રી કૃષ્ણં શરણં મમ. શ્રી કૃષ્ણં શરણં મમ... જપ ચાલુ છે, વારંવાર સંતને જોવાથી યુવાનીયાનાં હૃદયમાં પ્રકાશ થયો, કે આપણે કેવા પાપી છીએ કે સંતને મદદ ન કરીએ તો વાંધો નહિ પણ હેરાન કરીએ છીએ, બીચારા વૃધ્ધ સંત કયારે પૂજા કરશે ને કયારે ભોજન જમશે, બહુ ખોટું કર્મ કરીએ છીએ, રડી પડ્યા.

દોડીને સંતનાં ચરણમાં યુવાનીયાઓ ઢળી પડ્યા. બાપજી ''અમે પાપી છીએ, નિર્લજ છીએ તમારા જેવા પવિત્ર સંતને દુઃખ દેવામાં કાંઈ બાકી નથી રાખ્યું છતાં તમે એક શબ્દ પણ બોલતા નથી, ધન્ય છે તમારી ધીરજતાને.

અમને પાપની સજા થવી જ જોઈએ, તમે જે ચાખડી પહેરી છે તે અમારા માથા ઉપર મારો જેથી અમારી ભૂલ અમને બરાબર સમજાઈ જાય. ભૂલની સજા થવી જ જોઈએ તો જ માણસ ભૂલ કરતાં બચી શકે.

ત્યારે એકનાથ મહારાજે કહ્યું, ''ભાઈ, તમે ચિંતા ન કરો તમે પાપી નથી, પણ પુણ્યશાળી છો, અને ઉપકારી છો, હું પહેલી વાર દક્ષિણ ભારતની યાત્રા કરવા

આવ્યો છું મેં નકકી કર્યું હતું કે એક વખત કાવેરી ગંગામાં સ્નાન કરી પૂજા પાઠ કરી બીજે ગામ જઈશ.

પણ તમે મને ૧૦૮ વખત ગંગામાં નવડાવ્યો, નહિંતર હું એક જ વાર સ્નાન કરત, તમારા લીધે મને ૧૦૮ વખત ન્હાવાનું પુણ્ય મળ્યું, તમે તો મારા મિત્ર છો, તમને કેવી રીતે મરાય ?

આ સાંભળી યુવાનોનાં રૂવાડાં ઉભાં થઈ ગયાં. એકનાથજી મહારાજને બાથમાં લઈને ભાવથી ભેટી પડ્યા, બાપજી તમે અમારી આંખ ઉઘાડી દીધી.

સંતનો ગુણ આવ્યો તેથી પાપ બળી ગયાં, યુવાનો બે હાથ જોડીને કહ્યું, બાપજી અમને તમારા શિષ્ય બનાવો. તમારી સાથે રહીને ભગવાનનું ભજન કરશું. ૪ યુવાનો એકનાથજી સાથે રહી ભજન કરી જીવન સફળ કર્યું.

સંતો પાપીને પુનિત કરે છે. નિંદા કરે તોય ભલે અને વંદન કરે તોય ભલે. સાચા સંતને કાંઈ થતું નથી. તેઓ અલમસ્ત ભજન કરતા રહે છે. અજ્ઞાની માણસો ગમે તેટલા ભકતજનોને હેરાન કરે, ગારો નાખે કે ગાળો આપે છતાં પણ મૂંઝાય નહિ ઝંખવાય નહિ.

## સત્સંગનો ખપ હોય, તેનાથી શું ન થાય ?

જેને ભગવાનનો ખપ હોય તે સુખ, દુઃખ, માન, અપમાન બધુ જ સહન કરી શકે. સંસ્કૃતમાં કહેવત છે બુભુક્ષિતં ન પ્રતિભાતિ કિંચિત્, ભૂખ્યા માણસોને કાંઈ નજરમાં ન આવે, જે મળે તે ખાઈ લે એમાં નાના સંતોને ભૂખ બહુ લાગે.

જામનગરની ડોળી તળાવને કાંઠે ‘‘એક વખત અદ્‌ભુતાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીને પૂછયું, આ તળાવની ખારી ખરવટ ચાટીએ ? વિચાર કરો, સંતો કેટલા ભૂખ્યા હશે કે તળાવની માટી ચાટવા તૈયાર થયા, સ્વામીએ કહ્યું, ‘‘સારૂં માટી ચાટો, ચાર દિવસ સુધી સંતો માટી ચાટીને રહ્યા, પાંચમે દિવસે બપોરે લોટના ગોળા જમ્યા અને પાણી પીને તળાવને કાંઠે બેઠા બેઠા ભજન કરે છે, ત્યાંથી જામનગરના જામ સાહેબ પસાર થયા, પોતાના જાસૂસને પૂછયું, આ કોના સાધુઓ છે ? ‘‘રાજનએ સ્વામિનારાયણના સાધુ છે. દયાળુ રાજાએ કહ્યું, ‘‘આ બધા સંતો કયાં જમે છે, ‘‘સાહેબ તેઓ શહેરમાં ભિક્ષા માગીને જમે છે, દયાળુ રાજા જામસાહેબ સાધુ પાસે ગયા, અને કહ્યું, કાલે અમારા તરફથી રસોઈ છે, સ્વરૂપાનંદ સ્વામીએ

કહ્યું, અન્નદાતા તમારા આમંત્રણને શિર સાટે સ્વીકારીએ છીએ, પણ માફ કરજો, અમારા ગુરૂદેવની આજ્ઞા નથી, રાજાએ ઘણો આગ્રહ કર્યો, કાલે અમારી રસોઈ લેવી જ પડશે, સંતો એ કહ્યું, ''કાલે અમે બીજે ગામ જતા રહીશું.'' સાધુ તો નિજાનંદી હોય છે, સાચા સાધુ રાજાની શેહ શરમમાં લોભાઈ જાય નહિ.

ત્યારે રાજાએ કહ્યું, '' અમારૂં અનાજ તમારા જેવા સાધુનાં મુખમાં જાય એવો ઉપાય બતાવો,'' ત્યારે સ્વરૂપાનાંદ સ્વામીએ કહ્યું, ''અમારા સાધુ શહેરમાં ભિક્ષા માગવા આવે ત્યારે અન્નદાન કરજો'' રાજા રાજી થયા.

બીજે દિવસે રાજાએ દરેકનાં ઘરના દરવાજે પોતાનાં નોકરોને ગોળ, ઘી, લોટની મોટી મોટી ગાંસડી બાંધીને ઉભા રાખ્યા, સવારે સંતો ભિક્ષા માટે આવ્યા કે ગોળની ભીલીયું, લોટના ડબા, ઘીના ઘડા સંતોને અર્પણ કર્યા.

આ બધો રસકસ નોકરો દ્વારા સંતોના નિવાસ સ્થાને પહોંચાડ્યો. સંતો કુલેર બનાવી ઠાકોરજીને ધરાવીને જમ્યા, આવી રીતે છ દિવસ પસાર થયા પછી સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું, ''હે સંતો હવે આ ગામમાં માન સનમાન અને ખાવા પીવાનું ખૂબ વધ્યું છે, તેથી ચાલો બીજે ગામ જતા રહીએ.

વિચાર કરો, આપણા નંદસંતો મૂળાનાં પાકેલ પાંદડાં ખાઈને અગવડ વેઠીને, અપમાન સહન કરીને સત્સંગનો પાયો નાખેલો છે. આવા વૈરાગ્યવાન સંતોને નિષ્કુળાનંદ સ્વામી બિરદાવે છે.

**વારી વારી જાઉં એ વૈરાગ્યને, જેણે જગ સુખ દુઃખ જાણ્યું સહી;**
**નિષ્કુળાનંદ નિરવેદ જેવું, બીજુ હોય તો દેખાડો કહી.**

સ્વામી કહે છે, આવા વૈરાગ્યવાન ઉપર હું વારી જાઉં છું. ધન્ય છે એવા સંતને કે જગ સુખના પ્રલોભનમાં લોભાયા નથી. જેમનો નિશ્ચય મેરૂ સમાન હોય તે દુઃખમાં ડગી જાય નહિ.

**મેરૂ ડગે જેનાં મનડાં ડગે નહીં, ભલે ભાંગી પડે બ્રહ્માંડ જી;**
**સુખ દુઃખની જેને ના આવે હેડકી ને,**
**આઠે પહોર આનંદની લહેર જી. મેરૂ.**
**નિત્ય રહે સત્સંગમાં એ તો, તોડ રે માયા કેરી જાળજી. મેરૂ.**

*મેરૂ પર્વત ડગે કદાચ પણ સાચા ભકતજનોનાં મન કયારેય પણ હટી જતા*

*નથી, લડવૈયા જેમ સામે પગલે શત્રુ સાથે લડે અને પોતાના દેશની આઝાદી ઈચ્છે, તેમ સાચા સંતો અંતઃશત્રુ સાથે લડે અને પોતાના આત્મારૂપી દેહને મોક્ષ ધામમાં પહોંચાડે છે.*

**બારણે કાઢી જેણે દેહ બુધ્ધિ, સુધી વાત તે સમજયા સહી;**
**આપે મનાણું આતમા, કહ્યું કલેવર હું કેદી નહિ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેને સાચી સમજણ આવી જાય તેને પોતાના દેહમાંથી દેહ બુધ્ધિ ટળી જાય છે, એવા જે ભકતજનો છે તેને કાયમ અંતરમાં મનાઈ ગયું છે, કે સુખ દુઃખ જે કાંઈ અંતરમાં થાય છે, તે દેહને થાય છે, આત્માને કાંઈ થાતું નથી, આપણા સત્સંગમાં પ્રસિધ્ધ કથા છે.

ગઢપુરના દાદાખાચરની સમજણ માગી લે એવી પરીક્ષા શ્રીજી મહારાજે લીધી.

## તમે મારા ને હું તમારો

ગઢપુર છોડીને શ્રીજી મહારાજ એક વખત રવાના થયા, દાદાખાચરને ખબર પડી. પ્રભુ પાછળ દોડતા જાય અને હાથ ઉંચો કરી કહેતા જાય, "હે મહારાજ ઉભા રહો, ઉભા રહો, શ્રીજી મહારાજે ઊભવાને બદલે પથ્થર એવો જોરથી ફેંકયો, દાદાના કપાળમાં વાગ્યો, તમ્મર આવી ગઈ. પૃથ્વીપર બેસી ગયા, થોડી વાર પછી પાછા શ્રીજી પાછળ દોડ્યા. જેમ નાનું બાળક એની મા પાછળ દોડે તેમ દોડ્યા. શ્રીજીને આંબી ગયા.

બે હાથ જોડીને કહ્યું, પ્રભુ તમે ગમે તેમ પથ્થર મારો, તિરસ્કાર કરશો પણ હું તમને છોડીશ નહિ. જયાં કાયા ત્યાં છાયા, માણસની સાથે પડછાયો હોય તેમ તમે મારી સાથે જ છો, ગાય નાનાં વાછરડાંને લાત મારે તો પણ ગાયને જ વળગે, ગાયને છોડીને કયાંય જાય નહિ, તેમ તમને મૂકીને અમે કયાંય જવાના નથી, તમે મારા ને હુ તમારો.

**તમે મારા થયા હું તમારો થયો બહુ નામી,**
**આવો આવો સહજાનંદ સ્વામી.**
**પ્રભુ હું છું તમારો બાળક, તમે છો જન પ્રતિપાલક;**
**દિવસે રેણ નહિ, હૈયે ચેન નહિ ... બહુ નામી ...**

શ્રીજી મહારાજ આવી સમજણ જોઈને દાદાખાચરને બાથમાં લઈને વહાલથી ભેટ્યા. કપાળમાં હાથ ફેરવ્યો, ધન્ય છે દાદા તમારી સમજણને, તમો સદાય આત્મારૂપે વર્તો છો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘જેમ પોતાની જાતને માણસ ઓળખી રાખે છે, કે હું જ્ઞાતિએ પટેલ છું, હું ઠકકર છું, હું વાણિયો છું, હું સ્ત્રી છું, હું પુરૂષ છું. આમ પોતાની જાતને જાણે છે, તેમ ભગવાનમાં રસબસ થયેલા બ્રહ્મભાવવાળા ભકતો સદાય મનમાં જાણી રાખે છે કે હું દેહ નથી, હું આત્મા છું, હું કણબી નથી, હું બ્રહ્મરૂપ છું, દેહને દુઃખ થાય, આત્માને કાંઈ ન થાય, દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે, દેહ નાશવંત છે, આત્મા અવિનાશી છે, દેહ અસત્ય છે, આત્મા સત્ય છે, આવી સતત એમને જાગૃતિ રહેલી હોય છે.

**એમ વૈરાગ્યવાનને વરતે, અખંડ એવો વિચાર;**
**કેને વખાણે કેને વગોવે, દેખે માયિક સુખ એક હાર.**

વૈરાગ્યવાનને અખંડ એવો વિચાર રહે છે. કોઈ મને વખાણે કે કોઈ મને વગોવે, મારે કાંઈ કોઈથી લેવા દેવા નથી, તુકારામ કેવા પરમ ભકત હતા, અજ્ઞાની માણસોએ બધા ભેગા થઈને ગધેડા ઉપર બેસાડીને આખા ગામમાં ફેરવ્યા, બીજાના ભલા માટે પોતે પોતા ઉપર કલંક લઈ લીધું, ખુબ વગોણું કર્યું, છતાં પણ મનમાં કચવાણાં નહિ, નિરાશ થયા નહિ, પણ આનંદથી હરિ ભજન શરૂ રાખ્યું.

**ભગવંત ભજશે નર નીરમોહીજી,**
**જેને હરિ વિના વહાલું નથી કોઈજી;**
**અખંડ રહ્યા છે એક હરિ ને જોઈજી,**
**એવા જન જેહ તેહ હરિના હોઈજી.**

ભગવાન ભજશે નર નીર્મોહી તે જ લાગશે હરિને વહાલા, કોણ લાગશે હરિને વહાલા ? જે અખંડ હરિને જોઈ રહેશે તે. મનથી હરિને અખંડ અંતરમાં ધારી રાખવા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘મોહનો ક્ષય થાય તો જ મોક્ષ થાય, જયાં સુધી મોહ જીતાણો નથી, ત્યાં સુધી કોઈ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત થતી નથી, મતલબ કે સંસારથી મન ન્યારું રાખવું.

## સંતોને ભગવાન વહાલા હોય છે.

આ જગતનાં તમામ પદાર્થમાંથી પરિવારમાંથી માયા તોડીને ભગવાનમાં માયા રાખવી. જગતની માયા તરફ જે વહેણ છે તેને વળાંક દઈને ભગવાન તરફ વાળવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. વળાંક દેતાં આવડી જાય તો ભવસાગર તરી જાય અને મહાસુખીયો થઈ જાય. પુત્ર પરિવાર સાથે જેટલો સંબંધ રાખવો ઘટે તેટલો રાખવો પણ મોક્ષ બગડી જાય ત્યાં સુધી મધની જેમ ચોંટી જાવું નહિ.

રાજા જનક રાજ્ય કરતા, સોનાનાં સિંહાસનમાં બેસતા, અનેકને ન્યાય નીતિ આપતા,પણ મનથી નહિ, મન તો સદાય મોહનવરમાં જ રમતું, પુત્ર પરિવાર ધન માલ વહાલા નહોતા એટલા ભગવાન વ્હાલા હતા.

પ્રેમાનંદ સ્વામી ગાય છે.

**નવલ સનેહી નાથજી, રૂપાળા રાજીવનેણ વ્હાલા લાગો છો.**
**હસતા હસતા હેતમાં બોલો છો, મીંઠા વેણ વ્હાલા લાગો છો.**
**કરૂણાનીધિ કરૂણા કરી, છોગાળા રંગ છેલ વ્હાલા લાગો છો.**
**પ્રેમાનંદ કહે અખંડ રહો, આંખડલીમાં અલબેલ વ્હાલા લાગો છો.**

જેને ભગવાન વ્હાલા લાગે તેને જગતના લોચા સાંભળવા ગમે નહિ, જેવા તેવા પાપીની સોબત ગમે નહિ, જેવું તેવું ખોટું બોલવું ગમે નહી, જયાં ત્યાં રખડવું ગમે નહી, જે તે જગતનાં તુચ્છ ગંધ સૂંઘવા ગમે નહિ, બધી વૃતિ સમેટી ને ભગવાનના સ્વરૂપમાં રાખે, ખરેખરા વૈરાગ્યવાનની વાત જુદી હોય છે, તે આ લોકનાં ભોગસુખમાં કયાંય બંધાય નહિ. આ જગતના ત્રિવિધી તાપ એને તપાવી શકે નહિ, જેને જે વસ્તુ વહાલી હોય તેને તે જ વસ્તુ આંખ્યું આગળ દેખાય.

**મન બુધ્ધિ ચિત અહંકાર જે તે અંતઃકરણ કહેવાય;**
**અતિ થયાં છે આળસુ, અસત્ય મારગ માંય.**

નિષ્કુળાનંદ સ્વામી જોરદાર વાત કરે છે, સાચા ભકતજનો અસત્ય માર્ગમાં આળસુ થાય છે, પણ નવાઈની વાત એ છે કે આપણે બધા સત્ય માર્ગમાં આળસુ થઈએ છીએ.

એક ભકત હતા. સારા પ્રમાણિક વૃત્તિવાળા. ખેતીવાડીનો ધંધો કરે. શિયાળાના

દિવસ. સાંજે ઘરે આવ્યા. મૂઠડી લઈ મંદિરે જવા તૈયાર થયા. એમનાં પત્નિએ કહ્યું, “કયાં જાવ છો ? મંદિરે જાઉં છું ! ત્યારે એમનાં પત્નીએ કહ્યું ખેતરમાં કામ કરી કરીને થાકી ગયા છો, ખીચડી ખાઈને સુઇ જાવ, મંદિરે નથી જવું, મંદિરે જાશો ને માંદા થાશો તો ચાકરી નહિ કરૂં, સ્ત્રી ગરમ થઈ ગઈ, તો આ ભાઈ નરમ થઈ ગયા, મંદિરે ન ગયા, સૂઈ ગયા, સત્યમાર્ગમાં આળસ અને અસત્ય માર્ગમાં પાંખું આવી જાય, સવારે વહેલા ઉઠીને વાડીએ ગયા. દશ વખત ભુજ દોડવું હોય તો દોડે, પણ કથા સાંભળવા જવું હોય તો કહેશે વાર નથી, થાકી જઈએ તેથી નથી જાતા. અરે સાવ નવરા ઓટા માથે બેઠા બેઠા ગપ્પા મારે પણ સત્સંગમાં ન જાય, કેટલી હદે માણસની અવળાઈ છે. ખબર પડતી નથી, અભાગી જીવની સાચી બાબત સમજાતી નથી.

ભગવાનનાં માર્ગમાં આળસ અને સંસારીક કાર્યમાં તત્પર, એને બધી ખબર છે કે આ બધું મારા સાથે કાંઈ નહિ ચાલે, દાન, પુણ્ય, ભજન ભકિત જીવ સાથે જાશે, સમજે છતાં ન કરે, કેટલી હદે જીવની અવળાઈ છે.

જેને કલ્યાણનો ખપ હોય, મહા અલૌકિક સુખને પામવું હોય, આ લોક અને પરલોકમાં સુખી થવું હોય તેને ભગવાનની ભકિત વિના વ્યર્થ સમય બગાડવો નહિ.

**વ્યર્થકાલો ન નેતવ્યો, ભકિત ભગવતો વિના ।**
**કૃષ્ણે ભકિતશ્ચ સત્સંગોન્યથા યાંતિ વિદોપ્યધઃ ॥**
**વૈરાગ્યવંતને અત્યંત સુખજી, જેની ભાગી ગઈ સર્વે ભુખજી;**
**કોઈ વાતનું રહ્યું નહિ દુઃખજી, સદાય રહ્યા છે હરિસનમુખજી.**

વૈરાગ્યવાન અંતરથી ઘણા સુખી હોય છે, શા માટે વૈરાગ્યવંત સુખી હોય છે ? તો જેની ભાંગી ગઈ સર્વે ભૂખજી, કોઈ પણ પદાર્થ ની તેને હોતી નથી, માણસ જમી લીધા પછી તૃપ્ત થઈ જતો નથી. જમી લઈએ એટલે થોડી વાર લાગે કે ભૂખ ગઈ, પણ ભૂખ ગઈ હોય તો પાછી કેમ આવે, પાંચ છ કલાક થાય એટલે આવી જાય. આ દુનિયામાં માણસ માયાવી પદાર્થ પાછળ ઝાપટા માર્યા કરે છે, ધરાતો નથી. બ્રહ્માનંદ સ્વામી કહે છે.

**એક મીલે દશ વીશ કું ઈચ્છત, વીશ મીલે શત સહસ્ત્ર ચૈએ;**
**સહસ્ત્ર મીલે લખકોટી અર્બલ, ભુમિ સબે રાજહિ પહીએ.**
**સોપી મીલે સુર લોક વિધિ લગી, પુરન તેં મનમેં નહિ લહીએ;**

**એક સંતોષ વિના બ્રહ્માનંદ તેરી ક્ષુધા કબ્બહુ નહિ જાહીએ.**

એક રૂપિયો મળે તો દશ રૂપિયાની ઈચ્છા થાય, દશ મળે તો સો રૂપિયાની ઈચ્છા થાય, સો મળે તો હજારની, અને હજાર મળે તો લાખની, લાખ મળે તો કરોડ રૂપિયાની ઈચ્છા થાય અને કરોડ મળે તો અબજની અરે આખી દુનિયામાં જે સંપત્તિ છે તે એક વ્યકિતને મળે તો પણ માનવીને સંતોષ થાતો નથી, અને જો પૂર્ણ વૈરાગ્ય વૃત્તિ હોય તો જે મળે તેમાં સંતોષ માની લે છે.

આનો અર્થ એમ નથી કે પુરુષાર્થ ન કરવો, આળસુ થઈને બેસી રહેવું, એમ કાંઈ ભગવાન ગાંઠડા બાંધીને ઘરે દેવા આવવાના નથી, પુરુષાર્થ કરતાં જે મળે તેમાં શાંતિ રાખી ભગવાનનું ભજન કરવું.

ગમે તેટલા સંસારના ભોગ ભોગવશો તો પણ ભૂખ જશે નહિ, ભોગોનો ત્યાગ કરવાથી સુખી થવાય છે. કેવળ વૈરાગ્યથી સુખી નહિ થઈ શકાય. વૈરાગ્યની સાથે ભકિતનો સહારો જોઈશે, વૈરાગ્ય છે તે માયાથી છૂટા પાડે છે, અને ભકિત છે તે ભગવાનમાં જોડે છે. માટે વૈરાગ્યની સાથે ભકિત અવશ્ય જોઈએ, તો જ સુખી થાય છે.

**હરિ સનમુખ રહે સદા, જેણે આપદા અળગી કરી;**
**સાજી ન રાખી શરીર શું, ગયા અહંમમતા માયા તરી.**

વૈરાગ્યને કારણે ભકતની સદાયને માટે આપદા પ્રભુ અળગી કરી દે છે,

**શ્રીજી કહે આ તો મારો દાદો છે.**

દુનિયામાં બધાના દિવસો સરખા જતા નથી, કયારેક અણધાર્યું દુઃખ આવી પડે, કયારેક અણધાર્યું સુખ આવી પડે.

એક સમયે દાદાખાચરના વસમા દિવસો આવ્યા. દેશકાળ વિપરીત આવી ગયા. ઘરમાં મૂઠી અનાજ નથી, જીવાખાચર હંમેશાં દાદાખાચર ઉપર દ્વેષ રાખે, દાદાખાચરને હેરાન કરવાના પ્રયાસો કરે, ખળવાડમાં દાદાખાચરનું ઘણું બધું અનાજ હતું, પણ રાગદ્વેષના કારણે જીવાખાચરે સિપાહી બેસાડી દીધા. કોઈને અનાજ લેવા ન દે, હવે શું કરવું ? દાદાનું હૃદય ભરાઈ આવ્યું. પ્રાણ પ્યારા શ્રીજીને તથા સંતોને શું જમાડીશું ? દેશકાળ ખરાબ છે, ઘરમાં મૂઠી દાણા નથી. આ વાતની મુકતાનંદ

સ્વામીને ખબર પડી, તેથી શ્રીજી મહારાજને કહ્યું, મહારાજ અમે સૌ સંતો સુરત જતા રહીએ. દાદાને તાણ છે, તેથી વધારે દુઃખી ન કરાય, આ સાંભળી લાડુબા, જીવુબા, દાદાખાચર રડતા હૃદયે કહ્યું, ''મહારાજ ! આપ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો, દેવને વંદનીય સંતો અહીં પધાર્યા છે. અને અમે કર્મનાં ફુટેલાં જે તમારી સેવા કરી શકતાં નથી, તેથી સંતો સુરત જવાની વાત કરે છે, ધ્રૂસકે ધ્રૂસકે મુકીને લાડુબા અને જીવુબા રડી પડ્યાં.

મુકતાનંદ સ્વામીએ કહ્યું, ''હે પ્રભુ આપ અહીં ગઢપુરમાં રહો, જેથી દાદાખાચરને આશ્વાસન મળશે. અને અમે બીજે ગામ ચાલ્યા જઈએ. પ્રભુની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. થોડીવાર કંઈ બોલ્યા નહિ, ઉદાસ થઈ ગયા, દાદાખાચરે જલ્દી પાણી લાવીને શ્રીજીને આપ્યું, મહારાજે મુખ ધોઈને પાણી પીધું, પછી ધીરેથી બોલ્યા, ''દુઃખના દિવસમાં દાદાને છોડીને ચાલ્યા જઈએ તો તો આપણે બધા કૃતઘ્ન કહેવાઈએ'' એમ કહી શ્રીજી મહારાજ એક સાખી બોલ્યા.

**''દાહ જલે ડુંગર જલે, જલે સબ વનરાઈ;**
**હમ જલે તુમ કાં જલો, હમારે પાંખો નાઈ.''**

તે સાંભળી મુકતાનંદ સ્વામીએ કહ્યું, ''હે મહારાજ આ સાખીનો અર્થ બરાબર સમજાયો નહિ, સરખી રીતે સમજાવો તો ખબર પડે.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું.

એક વનમાં મોટો ઘેઘૂર વડલો હતો, તે વડ ઉપર અનેક પક્ષીઓના માળા હતા. બધા પક્ષીઓ દિવસે ચણ ચણીને માળામાં આરામ કરે. ટેટા ખાય અને મીઠો મધુર કલરવ કરે. તેમાં એક વખત વનમાં દાવાનળ લાગ્યો, આખું વન વનરાઈ અને ડુંગરો સળગવા લાગ્યા, છતાં પક્ષીઓ વડલા ઉપર બેઠાં છે. ત્યારે વડલાએ કહ્યું, ''હે પક્ષીઓ તમોને ભગવાને પાંખો આપી છે, તો ઉડી જાવ, નહિંતર બળી જશો.'' ત્યારે પક્ષીઓએ સરસ જવાબ આપ્યો, વડદાદા આજ સુધી તમારા ઉપર અમે માળા બાંધીને રહ્યા, ટેટા ખાધા, તમારી લીલી છત્ર છાયામાં અમે મોટા થયાં. મીઠો કલરવ કર્યો અને હવે તમને દુઃખ પડ્યું, તેથી ઉઠીને ભાગી જઈએ. તો તો અમારૂં જીવતર લાજે. પક્ષીઓની હિંમત અને હિતકારી વૃત્તિ જોઈને પ્રભુએ દયા કરી દાવાનળ ધીમો થયો, અને વડલાને આંચ ન આવી.

શ્રીજી મહારાજે આંખ લુછતાં કહ્યું, ''પક્ષીઓ ગુણ ભુલતા નથી તો આ તો

મારો દાદો છે. દુષ્કાળમાં આપણને બધાને ઘણો સાથ દીધો છે, ખૂબ જમાડ્યા છે, રમાડ્યા છે અને ઉત્સવો કર્યા છે. હવે દુઃખી સ્થિતિમાં દાદાને મૂકીને ચાલ્યા જઈએ તો ગુણચોર કહેવાઈએ. દુઃખી સ્થિતિમાં ભેગા રહીએ તો દાદાને લાડુબા-જીવુબાને, સોમાદેવી અને સુરપ્રભાદેવીને સોમાફઈબાને બધાંને ધીરજ રહેશે, દુઃખમાં છોડીને જવાય નહિ.

ત્યાં તો સિપાઈઓ કહેવા આવ્યા, ખળવાળમાં જે તમારૂં અનાજ છે, તે ગાડા લઈને આવો ઉપાડી જાવ, તરત દાદાએ ગાડાં જોડીને અનાજ ઘરે લઈ આવ્યા. અંત્યના અગિયારમાં વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું કે દેહને વિશે જેવી આત્મબુધ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભકતમાં આત્મબુધ્ધિ થાય તો તેને કોઈ રીતનું વિધ્ન લાગે નહિ. ગમે તેવા ભુંડા દેશકાળમાં પણ દાદાખાચરની જેમ રક્ષા થાય. આપણે બધા ભગવાન પાસે પ્રાર્થના કરીએ કે ગમે તેવી વિપરીત પરિસ્થિતિ કદાચ આવે તો હે પ્રભુ તમે દુઃખ ભોગવવાની શકિત આપજો. દેશકાળ વિપરીત આવે ત્યારે સહનશકિત રાખીને ધૈર્ય રાખીને પ્રભુની ભકિત કરવી.

**જેમ ચકોરની દષ્ટિ ચંદ્ર મુકી, અરૂ પરૂ પેખે નહિ;**
**તેમ વૈરાગ્યવાનની વૃતિ, હરિ મૂર્તિ વિના દેખે નહિ.**

ચકોર પક્ષી ચંદ્ર મુકીને બીજે આજુ બાજુ કાંઈ જુવે નહિ, એક નજરે ચંદ્રને જોયા કરે. તેમ ભગવાનના ખરેખરા ભકતો હરિ મૂર્તિ વિના કયાંય જુવે નહિ, ગમે તે ધંધો કરતા હોય પણ મનમાં ભગવાનને જોતા હોય, મા જેમ ગમે તે ઘરનું કામકાજ કરતી હોય પણ વૃત્તિ બાળકમાં હોય, ભગવાન સાંભરે તેટલો સત્સંગ બાકી બધો કુસંગ છે.

ગાય છે તે વાછરડાની માતા કહેવાય પણ શીંગડાં સાથે મોઢું ભટકાડે તો દૂધ મળે નહિ, દૂધ તો આંચળમાંથી આવે, તેમ આખો સત્સંગ ભગવાનનું સ્વરૂપ છે. સુખનું મૂળ છે. ચકોર પક્ષીની જેમ એક ધારી હરિની મૂર્તિને નીરખીને હ્રદયમાં ઉતારવી. મનોહર મૂર્તિનું વર્ણન કરતાં બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**જોઈ મુરતિ મનોહર તારી માવા રે, મારાં નેણાં લોભાણાં;**
**પાઘડલી ઉપર શોભે છે, નવલ કલંગી અતિસારી. માવા રે મારા.**
**હેત કરી હૈડા ઉપર રાખું, પહેરાવું મોતીની માળા ભારી. માવા રે.**

**અતિશે શોભે છાતી ઉપડતી, ચાલ જગતથી ન્યારી ... માવા રે ...**
**બ્રહ્માનંદ કહે સરવસ લઈને, નાખું તમ પર વારી ... માવા રે ...**

સ્વામી કહે છે, તમારી મૂર્તિમાં મારાં નેણાં લોભાઈ ગયાં છે, હેત કરીને હૈડામાં રાખીશ, આપણે પણ હરિને હૈયામાં રાખવા હોય તો વહેમી નહિ પણ પ્રભુ પ્રેમી બનવું, દ્વેષી નહિ પણ દયાળુ થવું, ક્રોધી નહિ પણ કરૂણાદ્ર બનવું, સંશયશીલ નહિ પણ શ્રધ્ધાવાન બનવું, તો શ્રધ્ધાની દોરી થી બંધાઈ શ્રીજી આપણને દર્શન દેવા પધારશે, જયાં પ્રેમ હોય ત્યાં પ્રભુ રહે છે, અને જયાં દ્વેષ હોય ત્યાંથી દૂર ખસી જાય છે. સર્વ શાસ્ત્રનો સાર માત્ર એટલો જ છે ભગવાનનાં સ્વરૂપમાં જોડાવું.

**જેમ જળનું ઝષ જળમાં રહે, બહારે નીસરતાં બળે ઘણું;**
**તેમ વૈરાગ્યવાનની વૃત્તિ, હરિ વિના સુખને પામે અણું.**

પાણી માછલાના જીવન પ્રાણ છે, તેને બહાર કાઢો તો તે તરફડી તરફડીને મરી જાય. તેમ ભગવાનના ભકતને ભગવાન છે તે જ સાચી હકીકતમાં જીવન છે. ભગવાનમાં વૃત્તિ ન રહે, ત્યારે માછલાંની માફક તરફડે. જરાય ગમે જ નહિ. ગમે તેવા વૈભવો આપો છતાં પણ મન કયાંય ચોંટે નહિ એનું જીવન જગતથી ન્યારૂં હોય છે.

## યોગ્ય મૂરતિયો ગોતી લીધો છે.

સથવારા જ્ઞાતિના રામબાઈ હતાં. પરમ ભકત, પણ બચપણમાં જ માતા પિતા ગુજરી ગયેલાં, નોધારાં બની ગયાં, તેને અલૈયાખાચરે દીકરી તરીકે પોતાને ઘરે રાખ્યાં, અવાર નવાર રામબાઈ ગઢપુર જાય, લાડુબા, જીવુબાનો સમાગમ કરે, તેથી અંતર શ્રીજીના રંગે રંગાવા લાગ્યું તેથી સંસાર તરફથી વૈરાગ્ય વૃતિ થઈ ગઈ.

ઉંમર લાયક થયાં ત્યારે અલૈયાખાચરે કહ્યું, ‘‘બેટા રામુ, મારી ફરજ છે, કે સારી જગ્યાએ તારા લગ્ન કરીએ. જેથી મને ચિંતા મટે.’’ ત્યારે રામબાઈએ સરસ જવાબ આપ્યો, પિતાજી મારી ચિંતા ન કરજો, મેં યોગ્ય મૂરતિયો ગોતી લીધો છે. મન, કર્મ, વચને હું વનમાળી સાથે વરી ચુકી છું.

**વર્યા મેં તો વનમાળી રે શિરને સાટે,**
**તનડાની આશા ત્યાગી, લગની એ સાથે લાગી;**

**મોહી હું તો ભુધર ભાળી રે ... શિર ને ...**
**સંસારનાં સુખ એવાં, ઝાંઝવાનાં પાણી જેવાં;**
**તુચ્છ જાણી આશા ટાળી રે ... શિર ને ...**
**પરણું પ્રીતમ પ્યારો, અંખડ સોહાગ મારો;**
**રંડાપાની બીક ટાળી રે ... ... શિર ને ...**

અનંતકોટી રાજાના પણ રાજા શ્રીજી મહારાજ સાથે મારૂં સગપણ થઈ ગયું છે, અલૈયાખાચરે કહ્યું, ''ત્યાગનો માર્ગ તલવારની ધાર જેવો કઠણ છે, હું તને હીર ચીરનાં વસ્ત્ર આપીશ, સોનાંનાં ખુબ દાગીનાં આપીશ. દાસ, દાસી, ગામ ગરાસ વિગેરે ખુબ કરીયાવર આપીશ.''

ત્યારે રામબાઈએ કહ્યું, ''લૌકિક પદાર્થને હું શું કરૂં, ભૌતિક સંપત્તિ તો પૃથ્વીનો વિકાર છે, ધૂળમાંથી ઉત્પન્ન થાય છે અને ધૂળમાં મળી જાય છે. સ્વામિનારાયણનું શરણું એજ મારી સાચી મુડી છે.''

સાપ જેમ કાંચડી ઉતારે તેમ રામબાઈએ તમામ સૌભાગ્યનો શણગાર નાકની વાળી, કાનનાં એરીંગ, ગળાનો મંગળસૂત્ર, પગનાં ઝાંઝર, હાથની સોનાની વિગેરે ઉતારીને વરરાજાના પગમાં ઢગલો કરી દીધો, ''લે ભાઈ તારી બહેનનું આ હાથગરણું.''

વરરાજા આભો બની ગયો, આ શું કરે છે ? ચોક્કસ આ કોઈ વૈરાગ્યની મૂર્તિ લાગે છે, તુરંત વરરાજાએ જવાબ દીધો, આ મારી બહેનની ભેટ મારાથી લેવાય નહિ, તમે લઈ લ્યો ધર્મના કાર્યમાં વાપરજો, મારા સદ્‌ભાગ્ય કે સતિની સાથે ચાર ફેરા ફરવાનો મને લાભ મળ્યો, વરરાજાની આવી સમજણ જોઈને અલૈયાખાચર રાજી થયા, પછી રામબાઈ ગઢપુર આવ્યાં અને લાડુબા અને જીવુબા સાથે રહીને ભજન ભકિત કરે. વૈરાગ્ય હૃદયમાંથી જાગે તો જીવનું કામ થઈ જાય છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અનળ પક્ષી આકાશે રહે છે, એને આકાશમાં ફરવાની અને ઉડવાની મજા આવે છે, એ દુઃખી થાવા શા માટે ધરતી પર આવે એને આકાશની હવામાં મજા છે. તેમ વૈરાગ્યવાનને ભગવાનના સ્વરૂપમાં ફરવાની મજા આવે છે,

**તેમ વૈરાગ્યવાનની વરતિ, હરિ મૂરતિમાંથી રહે વસી;**
**તેને દેહમાં આવે દુઃખ ઉપજે, જે વાલમમાં રહ્યા વિલસી.**

વૈરાગ્યવાનની વૃત્તિ હરિ મૂરતિમાં જ વસીને રહે છે, જેમ અન્ન શરીરનો ખોરાક છે, તેમ ભગવાનની પૂજા કરવી, ધ્યાન કરવું, ભગવાનના નામનો જપ કરવો, તે આત્માનો ખોરાક છે, વહેલી પ્રભાતમાં વાતાવરણ શાંત હોય ત્યારે નિરાંતે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરવું.

શરીરને સ્વચ્છ રાખવા આપણે સ્નાન કરીએ છીએ, તેમ મનને સ્વચ્છ રાખવા માટે હરિનું ધ્યાન કરવું જોઈએ.

**જેમ ભૂપ ભામિની ભવન તજી, રડવડે એકલી અરણ્ય;**
**ભવન ભવન હીંડે ભીખતી, તેને વદવી વાઘરણ.**

રાજાની રાણી હોય એના મહેલમાં ખૂબ ખાન પાનને વૈભવો હોય, પાણી માગે તો દૂધ મળે, સેવા માટે અનેક દાસ દાસીઓ હોય, જમવા માટે મીષ્ટાન્ન ને મેવાના થાળ ભર્યા હોય, સુવા માટે સોના ચાંદીના પલંગ હોય, એને તજીને જો રાજરાણી રણમાં એકલી રખડતી ભીખ માગે કે કોઈક બટકું રોટલો દેજો, તો કેવી હલકી કહેવાય ! વાઘરણ કહેવાય, તેમ અનંતકોટી બ્રહ્માંડના રાજા સ્વામિનારાયણ ભગવાન તેના આપણે આશ્રિત થયા છીએ. આવો સર્વોપરી સત્સંગ મળ્યો, પૂજા, પાઠ, ધ્યાન ભજન, કથા કીર્તનરૂપી વૈભવ મળ્યો, તેને તજીને જયાં ત્યાં ઘરોઘર રખડ્યા કરે, પૈસા દેજો, પુત્ર દેજો, પત્ની દેજો એવી ભીખ માગ્યા કરે તેને વાઘરણ કહેવાય, ભીખારણ માગે શેઠ કોઈ દિવસ માગે નહિ, શેઠ જેવા થાવું, માયાની ભીખ માગવી નહિ.

**વહાલીનિધિ તો વૈરાગ્ય છે, જન જાણો જરૂર;**
**તે વિના સર્વે તપાસીયું, રાખે હરિથી દૂર ... વહાલી ...**
**અનેક ગુણ હોય જો અંગમાં, પણ એક ન હોય વૈરાગ્ય;**
**તો તન અભિમાન ટળે નહિ, પાળ્યો પય પાઈ નાગ ... વહાલી.**

અનેક ગુણ હોય પણ વૈરાગ્ય ન હોય તો વાસના અને અભિમાન જાય નહિ. સ્વામી દષ્ટાંત આપે છે, પાળ્યો પય પાઈ નાગ, નાગને તમે દૂધ પાવ તો એને ગુણ

ન હોય, કે આ મને દૂધ પાય છે, તેથી કરડું નહિ, દૂધ પાનારને જ ડંસ મારે, તેમ અભિમાન છે તે કાળાનાગ જેવો છે, પોતામાં જ અહંબ્રહ્માસ્મિ કરી બેઠો હોય, અમે સારા બ્રહ્મ છીએ.

અમદાવાદમાં દરિયાખાનના ઘુંઘટમાં મુકતાનંદ આદિક સંતો ભજન ભકિત કરે. ત્યાં અચાનક અભિમાની માણસો આવ્યા, સ્વામી મુકતાનંદની સામે વિવાદે ચડ્યા, કે તમે ખોટા છો ! અને અમે સાચા બ્રહ્મ છીએ, આવી વાત કરે છે. ત્યાં અચાનક આંબલીના મોટા ઝાડ પરથી એક મોટો સર્પ જમીન ઉપર પડ્યો, અજ્ઞાની માણસો દૂર ભાગ્યા. પણ ધીર ગંભીર આપણા સંતો જેમ બેઠા છે તેમના તેમ બેઠાં રહ્યા. ભજન કીર્તન કરે છે. ત્યાં ધીમે ધીમે સર્પ અદ્‌ભુતાનંદ સ્વામી પલાંઠી વાળીને બેઠા છે તેના ખંભા પર ચડીને એક બાજુથી ઉતરી ગયો. કોઈ સંતના હાથ ઉપર, કોઈ સંતના પગ ઉપર, કોઈના સાથળ ઉપર એમ આંટા મારીને પછી સચ્ચિદાનંદ સ્વામીના ગળામાં આંટો દઈને માથા ઉપર ફેંણ ઉંચી કરીને શેષનાગની જેમ છાયા કરી બેઠો છે, સંતો ભગવાનના નામની ધૂન્ય કરે છે.

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ.

સર્પ સચ્ચિદાનંદ સ્વામીના માથા ઉપર ડોલતો જાયને જીભ કાઢતો જાય. સંતો આંખ બંધ કરી સ્થિરતાથી ભજન કરે છે. થોડી વાર પછી સર્પ નીચે ઉતરીને આંબલી ઉપર ચડી ગયો.

આ જોઈને અજ્ઞાની માણસો જે અમે સાચા બ્રહ્મ છીએ, તેવું કહેતા હતા તે નવાઈ પામી ગયા. તરત દોડીને સંતોના ચરણમાં નમી પડ્યા. ‘‘સ્વામીજી અમે તમારા શરણે આવ્યા છીએ, સાચા બ્રહ્મ તો તમે છો.’’ અમે તો અભિમાની છીએ, અમારો અપરાધ માફ કરો. સંતોને થયું આ મુમુક્ષુ આત્માઓ છે એવું જાણીને ઉપદેશ આપ્યો, અને સત્સંગનાં નીતિ નિયમો બધા શીખવાડ્યાં.

નિષ્કુળાનંદ સ્વામી દષ્ટાંત આપે છે, કુરકટનાં ફુલથી કપડાં ધૂવે તો મેલ ધોવાઈ જાય અને વૈરાગ્યરૂપી ઔષધથી આત્માનો મેલ ધોવાઈ જાય. જેના જીવનમાં વૈરાગ્ય પ્રગટી જાય તેના ભાગ્ય ઉઘડી જાય એટલે તે જગ જીતી જાય છે.

## માયાનાં તાડાં ઉઘડી ગયાં

જેને એકવાર ભગવાનની મસ્તી ચડી જાય તેને કોઈ પદાર્થમાં મોહ ન થાય,

મસ્તી ચડી જાય તેની વાત ન્યારી છે, તેનાં સર્વે સુખ અને દુઃખ ભાગી જાય, આ કામ મરજીવાનું છે, મવાલીનું કામ નથી, આ સાર સિધ્ધિની કથા નિષ્કુળાનંદ સ્વામી ખુમારી થી લખી છે.

બે શેર સોનું પહેરનાર લાડુદાનજીનો ભવ્ય સત્કાર વડોદરા, જુનાગઢ, જામનગર અને ભાવનગરના મહારાજાઓએ કરેલો. રાજાઓનો સત્કાર સ્વીકારનારા કવિ સમ્રાટ લાડુદાનજીને જ્યારે સ્વામિનારાયણ ભગવાન ઓળખાણા ત્યારે તે સર્વેનો ત્યાગ કરીને પ્રભુના ચરણે સમર્પીત થઈ ગયા. અને હૃદયમાં તેજ છવાઈ ગયું, ત્યારે લાડુદાનજીનું હૃદય છલકતું કહે છે.

**આજની ઘડી રે ધન્ય આજની ઘડી,**
**મેં નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી;**
**જ્ઞાન ગુરૂ ગમસેં ગયાં તાળાં ઉઘડી,**
**લાડુદાન નિહાળતાં ઠરી આંખડી. આજની૦**

લાડુદાનજી કહે છે, ‘‘સહજાનંદ નિહાળતાં, અંતરનાં તાળાં ઉઘડી ગયાં, હવે મારે ઘરે નથી જવું, મારે સાધુ થઈને સ્વામિનારાયણની સેવામાં રહેવું છે.’’ ભાગ્યશાળી હોય તે સ્વામિનારાયણની વૈરાગ્યરૂપી ચુંદડી પહેરી શકે.

**તીવ્ર વૈરાગ્યની ધાર છે તીખીજી, નથી કહેવાતું એ વાતને શીખીજી;**
**કાળ જ કંપે છે દિશ એની દેખીજી, મોટપ એની નથી જતી લેખીજી.**

તીવ્ર વૈરાગ્યની ધાર તીખી છે, વૈરાગ્યની તીખી ધારથી માયા, મમતા અને મોહનાં બંધન કપાઈ જાય છે, અને બ્રહ્મ ભાવ આવી જાય છે, કે આત્માનો કોઈ બાપ નથી, મા નથી, આત્માનાં કોઈ સ્ત્રી છોકરાં નથી, આત્મા સ્ત્રી નથી અને પુરૂષ પણ નથી. આત્મા અજર અમર અને નિર્લેપ છે, ભગવાનની પાસે આત્મા જાય છે, દેહ અહીં જ રહી જાય છે. આવો ભાવ આવા વિચાર સદાય જાગતો જ રહે છે. નિરંતર ઉંડાણમાં ભગવાન સંભાળે. ખરેખરા વૈરાગ્યવાન હોય ને ભગવાનમાં જ ગુલતાન થઈ જાય છે.

**જેના પંડમાં એ પ્રગટે છે, રટે નિરંતર રામ;**
**અંતરમાં ઉંડા ઉતરી, સમરે છે સુંદર શ્યામ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઉંડા ઉતરીને અંતરથી ભકિત કરવી, ત્યારે મોટે ભાગે માણસો દેખાવડી ભકિત કરે છે, માનીયા ને તાનીયા બહુ ભકત દેખાવામાં આવે છે.

એક ભકતને જનમંગલનાં જપ કરવાની તપ કરવાની ઈચ્છા થઈ પણ મનમાં થયું કે ઘરમાં બેઠા બેઠા જપ કરીશ તો બીજાને કેમ ખબર પડશે કે હું જપ કરૂં છું, માટે મંદિરમાં બેસીને જપ કરૂં, સારી વાત છે મંદિરમાં બેસીને જપ કરે તો અનેક ઘણું પૂન્ય મળે બરાબર છે, પણ મનમાં આ ભકતને જગતમાં ઉપસવાની તીખી ભૂખ છે, તેથી મંદિરમાં બેસીને પાઠ કરે ૫-૬ કલાક બેસે. બધા જુવે તો મજા આવે, બધા ભકતો કહેતા જાય કેવા પ્રેમી ભકત છે. તટસ્થ બેસીને પાઠ કરે છે. તેથી જપ કરનારના હ્દયમાં ટાઢા શેરડા પડે કે આ બધા મારા વખાણ કરે છે રાજી થાય, કોઈક ભકતો મોડા દર્શન કરવા આવે ત્યારે તેની બાજુમાં જઈને કહે, તમને ખબર છે હું જનમંગલના દશહજાર પાઠ કરૂં છું. આવી રીતે પ્રખ્યાત થવાની ભકતોને ખુબજ તાન હોય એને તાનીયા ને માનીયા ભકત કહેવાય. મારી વાહ વાહ બોલાવી જોઈએ, એને ઉપરછલી ભકિત કહેવાય. અંતરમાં ઉંડા ઉતરી સંભારવા સુંદર શ્યામ.

જેની ઉંડાણવાળી ભકિત હોય તે વસ્તીની વચ્ચે બેસીને ભજન કરતા હોય તો પણ ભાન ન હોય કે વસ્તીમાં બેઠો છું કે રણમાં બેઠો છું, બંગલામાં બેઠો છું કે જંગલમાં બેઠો છું, કાંઈ ભાન હોય નહિ. ભગવાનમાં ગુલતાન થઈ તેને હું કોણ છું તે પણ ભૂલાઈ જાય. વર્ણ આશ્રમથી પર બની એક ભગવાનનું જાણપણું રહે છે.

**હાણ વૃધ્ધિ હાર્યા જીત્યા, ખાટયા ખોયાનું નથી ખરૂં;**
**હરિ મૂરતિમાં વૃતિ વળગી, તેણે વિસરી ગયું પરૂં.**

જે ભગવાનના સ્વરૂપમાં તલ્લીન બની જાય, તેની સ્થિતિ કાંઈક જુદી જ હોય છે, ગોવર્ધન ભાઈ અલૌકિક સ્થિતિવાળા મહાન ભકત હતા. તેઓ જાતના વણીક હતા.

## આ તો આત્મદર્શીની વાત છે

એક વખત ગોવર્ધનભાઈ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા ગઢપુર પધાર્યા. પ્રભુને પગે લાગીને બેસવાની તૈયારી કરે છે,ત્યારે શ્રીજી મહારાજે કહ્યું,

‘‘ગોવર્ધનભાઈ, આ ઢોલીયા ઉપર બેસી જાવ, તરત શ્રીજીની બાજુમાં ઢોલીયા ઉપર બેસી ગયા. કાઠી હરિ ભકતો કહે, ‘‘ગોવર્ધનભાઈ ભગવાનને વાંસો વાળીને ન બેસાય, સરખા બેસો, ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ‘‘જેમ બેઠા છે તેમ બેસવા દો, એને ચારે બાજુ ભગવાન જ દેખાય છે. જયાં જોઉં ત્યાં રામજી ભાસે રે.

શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ગોવર્ધનભાઈ તમે પગે ચાલીને આવ્યા છો, તેથી થાકી ગયા હશો, આ ઢોલીયા પર સૂઈ જાવ, એમ કહી શ્રીજી મહારાજ એક પડખે થઈ ગયા. ગોવર્ધનભાઈ સૂઈ ગયા, શ્રીજી મહારાજે કહ્યું, તમે બધા ગોવર્ધનભાઈના પગ દાબો, એટલે બધા ભકતો મંડ્યા પગ દબાવવા. સાથે મુકતાનંદ સ્વામી પણ ગોવર્ધનભાઈના પગ દાબવા લાગ્યા, ત્યારે કાઠી હરિભકતોએ કહ્યું, અલ્યા ગોવર્ધન ગાંડા, બેઠો થઈને જોતો ખરો, કાંઈક શરમ રાખ શરમ. શ્રીજીના ઢોલીયા ઉપર ચડીને સૂતો છે ને મુકતાનંદ સ્વામી તારા પગ દાબે છે. કાંઈ ખબર પડે છે કે નહિ. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ‘‘સુવા દો, અવાજ ન કરો, એ તો અખંડ અમારી મૂર્તિમાં લીન છે. એને મૂર્તિ સિવાય કાંઈ દેખાતું નથી. ગોવર્ધનભાઈને મીઠું અને સાકર બે સરખાં છે. ત્યારે કેટલાક ભકતોને થયું કે મીઠું ને સાકર સરખું કેમ હોય ? ખવડાવીએ તો ખબર પડે, અને એના સાચા ખોટાની પરીક્ષા થઈ જાય, એક થાળીમાં મીઠું ને સાકર જુદા જુદા રાખ્યા અને કહ્યું, આ ખાઈ જા. ગોવર્ધનભાઈ એક મુઠી મીઠું એક મુઠી સાકર ખાતા જાય ને હરિ સ્મરણ કરતા જાય. થાળી ખાલી થઈ ગઈ. બધા ભકતો નવાઈ પામી ગયા કે આવી રીતે દેહ ભાન ભૂલીને ખાઈ જાવું તે સહેલી વાત નથી.

બ્રહ્મરૂપ થઈ ગયા હોય તેનાથી જ આવું થઈ શકે બાકી તો ચપટી મીઠું શાકમાં વધુ પડી જાય તો મોઢું બગડી જાય અને કેટલી ધમાલ કરે. બીજો કોઈ આ રીતે મીઠું ખાય તો જીવનો જાય.

આ તો આત્મદર્શીની વાત છે, અલૌકિક સ્થિતિની વાત છે, ભકિતની શકિતની વાત જુદી છે. નિષ્કુળાનંદ સ્વામી દ્દષ્ટાંત આપે છે,

‘‘આકાશમાં બહુ ઉંચે જાય તેને સૃષ્ટિમાં કોઈ આકાર દેખાય નહિ, તેમ જે ભકતની આકાશની જેમ વ્યાપક દ્દષ્ટિ થઈ જાય. જયાં નજર કરે ત્યાં ભગવાન દેખાય એવી દ્દષ્ટિ કેળવાઈ જાય પછી તેને કોઈ આકાર કે પદાર્થ દેખાતો નથી. મનમાં ભગવાન વસી જાય તો માયા દૂર ખસી જાય.’ પ્રેમાનંદજી સુંદર કીર્તન ગાય છે.

**મન વસિયો મન વસિયો, વ્રજરાજ કુંવર મારે મન વસિયો;**
**છેલ છોગાળો વહાલો અતિ મરમાળો, રંગભીનો રસનો રસીયો. વ્ર**
**હળવે શું વહાલો હેત કરીને, મુજ સામું જોઈને હસીયો. વ્રજરાજ૦**
**પ્રેમાનંદનો નાથ છબીલો, સોળ કળા પૂરણ શશિયો. વ્રજરાજ૦**

વ્યાસ નારાયણ કહે છે, સર્વશાસ્ત્રોને વારંવાર વાંચી, વિચારીને નિશ્ચય કર્યો છે કે ભગવાનનું જ નિરંતર ધ્યાન કરવું.

**આલોડ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ ।**
**ઈદમેકં સુનિષ્પન્નં ધ્યેયો નારાયણઃ સદા ॥**

ધ્યાન કરવાથી ચિત્તને વિશે જે વિષય વાસનાના તરંગો ઉઠે છે તે શાંત થાય છે અને આત્માને વિશે બ્રહ્મના ગુણો પ્રગટ થાય છે.

**તીવ્ર વૈરાગ્ય છે સુખની સીમાજી, અતિ આનંદ રહ્યો છે તેમાંજી;**
**અણું ભાર એક નથી દુઃખ એમાંજી,**
**તેતો તેહ જાણે જન પ્રગટયો છે જેમાંજી.**

તીવ્ર વૈરાગ્ય જેને પ્રગટે તેને અનુભવ થાય છે કે ભગવાનનાં સ્વરૂપમાં વૃત્તિ રાખવામાં કેટલો આનંદ છે, એ આનંદથી એને માયા સ્પર્શી શકતી નથી. સોનામાંથી કુંદન કરવું હોય તો તેને તપાવવું પડે, પછી ભેળસેળ બધું નીકળી જાય ત્યારે કુંદન કહેવાય, તેમ તીવ્ર વૈરાગ્યના તાપથી આત્મામાં જે ભેળસેળ ભળી ગયો છે, માયા, મમતા અને અહંભાવ નીકળી જાય તો કુંદન જેવું ચળકતું જીવન થઈ જાય.

એક વખત ધર્મપુરનાં કુશળકુંવરબાએ શ્રીજી મહારાજ માટે ચોખા મોકલાવ્યા. શ્રીજી મહારાજે સભામાં કહ્યું, આ શું છે ? બધા ભકતો કહે ચોખા છે. શ્રીજી મહારાજે કહ્યું, આવા ચોખા થાશો ત્યારે ભગવાનના ધામમાં જાશો.

**વિશલ્યકર્ણિ ઔષધી વડે, શલ્ય નીસરી જાય શરીરથી;**
**તેમ તીવ્ર વૈરાગ્ય તેણે કરી, જાય વિષય શલ્ય અચિરથી.**

શરીરમાં બાણ વાગ્યાં હોય અને વિશલ્ય કર્ણી ઔષધી ઘસો તો જે બાણ શરીરમાં વાગ્યાં હોય તે નીસરી જાય છે. તેમ જો તીવ્ર વૈરાગ્ય હૃદયમાં પ્રગટ થાય તો જીવને વિષયરૂપી બાણ વાગ્યા છે તે બધાં નીકળી જાય.

વિશલ્ય કર્ણી ઔષધી તમને એમ થશે કે કયાં હશે. વિશલ્ય કર્ણી ઔષધી એ આ સાર સિધ્ધિની કથા છે. પ્રેમભાવથી કથા સાંભળો, સંત સમાગમ કરો, પ્રભુનું નામ સ્મરણ સાથે કીર્તન ભજન કરો તો જે માયામાં મમતાના બાણ વાગ્યાં છે તે નિકળી જાય.

જેમ સાબુથી વસ્ત્રનો મેલ નિકળી જાય છે, તેમ ભજન સ્મરણથી ઈંદ્રિયોમાં જે મેલ ચડ્યો છે તે નિકળી જાય છે, અને જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન પ્રગટ થવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**સુખ દુઃખનાં શલ્ય શરીરે, ક્ષણું ક્ષણું ખટકે ખરાં;**
**તે તીવ્ર વૈરાગ્યના વેગ વિના, પંડમાંથી ન થાય પરાં.**

શરીરના ગમે તે ભાગમાં કાંટો વાગે તો કેવો ખટકે છે ? કયાંય સુખ થાય નહિ જયારે કાંટો નિકળે ત્યારે સુખ શાંતિ થાય, તેમ આ જગતની અંદર જીવ પ્રાણી માત્રને મોહ માયાને મમતાનાં કાંટા વાગ્યા છે તે ખટક્યા કરે છે.

નારદજીને અહંકાર રૂપી કાંટો વાગતો હતો તેને ભગવાને સરખી રીતે કાઢી દીધો તેની કથા સાંભળો.

## પથ્થર કરૂણાથી પીગળી ગયો

વીણા વગાડવામાં નારદજીની તોલે કોઈ ન આવે, એના જેવી કુશળતા, એમના જેવી એક ધ્યાનતા અને એના જેવી ઝણઝણારી બીજું કોઈ કરી શકે નહિ, ચારે કોર એમના વખાણ થતા હતા, નારદજી જયારે વીણા વગાડે ત્યારે સાંભળનારાનાં હૈયાં ડોલી ઉઠે, એક સાથે બોલી ઉઠે ધન્ય હો... નારદજી ધન્ય હો.....

નારદજીની પ્રસંશા થવાથી નારદજીને અભિમાન આવી ગયું, મારા જેવો વીણામાં કુશળ બીજો કોઈ નથી. કોઈ મારી તોલે આવી શકે નહિ, હંમેશા ફુલાતા ફરે.

આ વાતની ભગવાનને ખબર પડી, નારદ જેવા મહાન બ્રહ્મવેતા સંતને અભિમાન આવે તે ઠીક નહિ. ભગવાન ગર્વ ગંજન છે, ગમે તે દ્વારા એ ગર્વ ઉતારે છે. એક વખત નારાયણ નારાયણ કરતા નારદજી નારાયણ પાસે આવ્યા, નમસ્કાર કરીને બેઠા, એક બાજુ હનુમાનજી બેઠા છે.

ભગવાને કહ્યું, ‘‘નારદજી તમારી વીણાના ઘણા બધા વખાણ સંભળાય છે,

આજે સંભળાવો તો ખરા '' નારદજી તરત વીણા નાદ શરૂ કર્યો, બધા મુગ્ધ બની ગયા, વાતાવરણ સુરથી ભરાઈ ગયું. નારદજીએ ગર્વથી ભગવાન સામે જોયું, પણ ભગવાન જેમ બેઠા છે તેમ બેઠા છે, વખાણ કર્યા નહિ અને રાજીપો પણ બતાવ્યો નહિ, ભગવાને હનુમાનજીને પૂછ્યું, ''બજરંગબલી તમને સંગીત કેવું લાગ્યું, હનુમાનજીએ કાંઈ જવાબ આપ્યો નહિ, ફકત સ્મિત કર્યું. નારદજીને જરાય ગમ્યું નહિ. આવેશથી બોલ્યા.

પ્રભુ આ સભામાં સંગીતના નિષ્ણાત ઘણા બધા બેઠા છે, તેમને પૂછવું જોઈએ, તેના બદલે હનુમાનજીને પૂછ્યું. એને સંગીતની શું ખબર પડે. ભરી સભામાં તમે મારી મશ્કરી કરી.

પ્રભુ બોલ્યા, ''નારદજી મેં મશ્કરી નથી કરી, એમાં મોઢું શું બગાડો છો. હનુમાનજી પણ સરસ વીણા વગાડી જાણે છે, લાવો તમારી વીણા. મહારાજ મારી વીણા હનુમાનજીને ન દેવાય, તાર તોડી ફોડી નાખે તો.

પ્રભુ બોલ્યા, ''દો તો ખરા ... વીણા બગડે તો અમારી જવાબદારી. કચવાતા હૈયે નારદજીએ વીણા હનુમાનજીને આપી. હનુમાનજીએ સંગીત શરૂ કર્યું, ખૂબ જ ભકિત ભાવથી હરિ ભજન ગાવા લાગ્યા. એમાં ઝણઝણાટ ન હતો ઝંકાર ન હોતો, શબ્દનો ટંકાર નહોતો, હતો માત્ર એક હૃદયની ભાવની ઉર્મીઓ, શ્રોતાઓનાં હૃદય હચમચી ગયાં અને કરૂણારસ થી પથ્થર પીગળી ગયા.

સંગીત પુરૂં થયું એટલે બધા બોલ્યા, ધન્ય છે હનુમાનજી તમને, આવા કરૂણારસમાં બધાને હરિમાં તલ્લીન કરી દીધા.

નારદજી પણ ચકિત થઈ ગયા. પ્રભુ માફ કરો મને એમ હતું કે મારા જેવું સંગીત કોઈને નથી આવડતું, પણ હનુમાનજી તો હનુમાનજી છે. પ્રભુ મારી ભુલ મને સમજાણી. હવે મારા પણાનો અહંકાર કયારેય નહિ કરૂં. હવે મારી વીણા મને આપો.

પ્રભુએ કહ્યું આ રહી લઈ લ્યો જયાં નારદજી વીણા ઉપાડી ત્યાં વીણા અધર થતી નથી, આ શું હશે. વીણા પથ્થર સાથે ચોંટી ગઈ હવે શું કરવું.

પ્રભુએ કહ્યું, ''નારદજી ! હનુમાનજીએ ભાવ ભર્યું સંગીત કર્યું છે, જેથી ભાવભીના ભજનથી પથ્થર પણ કરૂણાથી પીગળી ગયો છે, અને વીણા ચોંટી ગઈ

છે. પ્રભુએ કહ્યું, ‘‘નારદજી હવે તમે એક કામ કરો તમે એવું ભાવભર્યું ભજન ગાવ કે પથ્થર પાછો પીગળી જાય અને વીણા બહાર નીકળે.’’ નારદજીએ ખુબ ગાયું, ખુબ પ્રયાસો કર્યા. પણ પથ્થર પીગળી ન શકયો ને વીણા અધર ન થઈ. નારદજી ઉદાસ થઈ ગયા બે હાથ જોડી પ્રભુને કહ્યું, ‘‘પ્રભુ તમે કાંઈક કરો બાકી મારા હાથની વાત નથી.’’

ભગવાને હનુમાનજીને કહ્યું, ‘‘હનુમાનજી’’ તમે ફરીથી હરિ ભજન ગાવ. હનુમાનજી ભાવ વિભોર બની ભજન કીર્તન શરુ કર્યા.

પથ્થર પીગળી ગયો અને વીણા ઉંચકીને નારદજીને કહ્યું, ‘‘ લ્યો નારદજી આ તમારી વીણા, નારદજી ભાવથી હનુમાનજીને બાથમાં લઈ ભેટી પડ્યા. ધન્ય છે હનુમાનજી તમને કે ભાવભીની ભકિતથી પથ્થરને પીગળાવી દીધો.

નારદજીનું અભિમાન ઓગળી ગયું, પ્રભુ તમે બહુ સારૂં કર્યું, મને મારી ભુલ સમજાવી. જગતમાં જુવો નારદજીનાં મંદિર કયાંય નહિ હોય. પણ રામ ભકત હનુમાનજીનાં મંદિર ગામો ગામ હશે જ. નારદજીનો અભિમાનરૂપી કાંટો ભગવાને કાઢી નખાવ્યો. અહંનો કાંટો, મોહનો કાંટો આપણામાં રહી ન જાય, તેની કાળજી રાખવી, એજ આ કથાનો સાર છે.

**બૃહદ વૈરાગ્યની વાત છે મોટીજી, તે વિના સર્વે સમજણ ખોટીજી;**
**શીદને મરીએ એમાં શીર કુટીજી, બહાર હૈયાની આંખ કેમ ફુટીજી.**

નિષ્કુળાનંદ સ્વામી કડક થઈને કહે છે, બહારની અને અંદરની આંખ કેમ ફૂટી ગઈ છે ? સાચી સમજણ સમજતા નથી. આ જગતની અંદર માણસો વિના કારણે એક બીજાથી બાઝીને દુઃખી થાય છે, ને હેરાન કરે છે બીજાને.

## અકસીર દવા ક્ષમા છે

ભવિષ્યનો વિચાર કરવો કે હું ખિજાઈને કાંઈ અનર્થ કરીશ તો ખરાબ અસર થશે અને પરિણામ સારું નહિ આવે.

એક ગામમાં સારા હરિભકત રહેતા હતા, તેનાથી કોઈ ક્રોધાવેશમાં અઘટીત પાપ થઈ ગયેલું, તેથી મનમાં ખટકયા કરે, તેથી તે ભકત એક સંત પાસે આવ્યા, પગે લાગીને રડી પડ્યા. સંતે પૂછયું, ‘‘ શું દુઃખ છે ભગત ત્યારે ભગતે રડતે હૃદયે

વાત કરી કે સ્વામીજી મારા જેવો કોઈ પાપી નહિ હોય. મારાથી મહાપાપ થઈ ગયું છે, મને પ્રાયશ્ચિત આપો. મને રાત દિવસ શાંતિ નથી, શાંતિ નથી તો સુખ કયાંથી હોય હ્રદય બળે છે, જમવાનું ભાવતું નથી ને ઉંઘ પણ આવતી નથી.

સંતે કહ્યું, ‘‘બોલો શું પાપ થઈ ગયું છે ? મારી એકની એક દીકરીનાં લગ્ન થવાનાં હતાં, દીકરીએ નાનું સરખું દાગીનું માગ્યું, કે બાપુજી મને એક સોનાની ચેન બનાવી દેજો, મેં તરત દીકરીને પાંચશેરી તોલવાનું વજનીયું માર્યું, દીકરીના કપાળમાંથી લોહીની ધાર થઈ. ‘‘લાખો રૂપીયાનો આસામી છું, છતાં લોભીયા સ્વભાવને લીધે મેં પાપ કર્યું. પછી પાટાપીંડી કરી દવા લગાવી દીકરીના લગ્ન કરી સાસરે મોકલી છે પણ દીકરીની મગજ શકિત ઓછી થઈ ગઈ તેથી ગાંડી થઈ ગઈ છે. જમી શકતી નથી. બહુ રીબાય છે. હું તેડવા ગયો કે દીકરી ચાલ આપણા ઘરે. દીકરીએ ના કહી કે, હવે તમારે ઘરે નહિ આવું, રીબાઈ રીબાઈ અહીં પ્રાણ છોડી દઈશ, પણ તમારો ઉંબરો નહી ચડું. આટલું બોલતાં તે ભાઈ રડી પડ્યા.

સ્વામીએ કહ્યું, ‘‘એનું પ્રાયશ્ચિત અમે ન આપી શકીએ, એની સજા તો યમરાજા યમપુરીમાં કરશે, વિચાર કરો અતિ આવેશ આવવાથી કેવું ખરાબ પરિણામ આવે છે, તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બહારની ને અંદરની આંખ કેમ ફૂટી ગઈ છે ! જગતમાં કેમ જીવવું તે તો બરાબર શીખવું જોઈએ ને કાંઈ પણ નુકશાન થઈ જાય તો વાતને જતી કરી દેવી પણ પકડી ન રાખવી, ફરીથી નુકશાન ન થાય ભૂલ ન થાય તેની કાળજી રાખવી. એ આ સાર સિધ્ધિનો સારાંશ છે.

**જેમ જુવતિને પામવા, જોઈએ બીજો કરતલ મેળાપ;**
**તેમ જનને જગદીશ મળવા, બ્રહત વૈરાગ્ય મેળવે આપ.**

વૈરાગ્ય છે તે ગોરનું કામ કરે છે, મુમુક્ષુનો હાથ જગતના માલિક પુરૂષોતમ નારાયણના હાથમાં સોંપે છે, સ્ત્રી પુરૂષનું સગપણ કરવું હોય તો કોઈક બીજો માણસ જોઈએ, બીજો માણસ મેળાપ કરાવી દે તેમ આત્માને પરમાત્માને મળવું હોય તો વૈરાગ્ય જોઈએ. આત્મારૂપી સુંદરી પરમાત્મારૂપી વરને વરે છે, ત્યારે મહાસુખને પામે છે. ભગવાનને વરવામાં આનંદ છે, તેવો બીજા સ્ત્રી કે પુરૂષને વરવામાં આનંદ નથી. ભગવાનનો રંગ લાગી જાય તો જીવનું કામ થઈ જાય.

## ચોથો ફેરો ફરજે નહિ

મયારામ ભટ્ટ નાની ઉંમરમાં ઘરભંગ થયા, બીજી સ્ત્રી કરવાની ઈચ્છા હતી, સગા સંબંધીનો પણ ઘણો આગ્રહ હતો. મનમાં નક્કી કર્યું કે, મારા ગુરૂ રામાનંદ સ્વામી જો હા પાડશે તો જ બીજી પત્ની કરીશ. પછી મયારામ લોજ આવ્યા, ત્યાં રામાનંદ સ્વામી કથા વાંચે છે. આજુ બાજુ અનેક સંતો અને ભકતો બેઠા છે, ત્યાં સ્વામીએ અંતરયામી શકિતથી જાણી લીધું કે મયારામને આ પ્રશ્ન પૂછવો છે, કે બીજી પત્ની કરું કે નહિ, તેથી પૂછયા પહેલાં જ સ્વામીએ વાત કરી કે કોઈ ભકતે લગ્નના ત્રણ ફેરા ફર્યા હોય અને ચોથો ફર્યા પહેલાં અમને પૂછે તો હું તરત જવાબ આપું કે ચોથો ફેરો ફરજે નહિ. એમાં સુખ નથી, સુખ તો શ્રીજીના ચરણમાં છે. અંતરયામીપણે ગુરૂદેવે જવાબ આપી દીધો, પછી મયારામજીએ નક્કી કરી લીધું કે હવે બીજી સ્ત્રી કરવી નથી. ભગવાન ભજવા છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**ચોકસ ઓઢી જેણે ચુંદડી, અખંડ વરની અંગ;**
**એવા જન જે જગતમાં, તેનો રહી ગયો રંગ.**

વૈરાગ્યરૂપી જેણે ચુંદડી ઓઢી તેનો અખંડ રંગ રહી ગયો. એ જીવ ભગવાનને સમર્પીત થઈ ચૂકયો. મોહનવરની મૂર્તિ જીવડલામાં જડાઈ જાય તેને ભકિતની ઝડી લાગી જાય અને જન્મ સુધરી જાય, બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**લાગેલ રંગ ઝડીને મારે રસિયાજી શું લાગેલ રંગ ઝડી;**
**મોહન લાલ રંગીલાની મૂરતિ, જીવડલામાં જડી રે ... મારે ...**
**પ્રાણજીવન પાતળિયાની આગે, હાથ જોડીને ખડી રે ... મારે ...**
**મીટ થકી ક્ષણ દુર ન મેલું, પ્રેમને પાશ પડી રે ... મારે ...**
**બ્રહ્માનંદના નાથને ભેટી, ધન્ય ધન્ય આજ ઘડી રે ... મારે ...**
**બૃહદ્ વૈરાગ્ય છે વણ મુલું ઘરેણુંજી, સર્વથી સરસ સદા સુખદેણુંજી;**
**પહેરતાં ઉતરે માથેથી ભવ મેણુંજી, તે પામીએ હોય પૂરણ જો લેણુંજી.**

કેવી સરસ પંકિતમાં નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે, બૃહદ્ વૈરાગ્યરૂપી ઘરેણું જો પહેરી લીધું, તો માથેથી ભવનું મેણું ઉતરી જાય. ઉત્તમ સુકૃત ભેગાં થાય તો આવું કિંમતી ઘરેણું પહેરી શકાય. બૃહદ્ વૈરાગ્યરૂપી ઘરેણું પહેરવાથી જીવન શોભી

ઉઠે છે.

જુવો ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વિગેરે સંતો આ ઘરેણું પહેરીને કેવા શોભાના શિરોમણી સંત થયા. કે તમામ શાસ્ત્રોમાં એમના ગુણો સોનેરી અક્ષરોથી લખાયા.

**શુધ્ધ વૈરાગ્યે શોભા ઘણી, હરિજનની જાણો જરૂર;**
**વૈરાગ્ય વિના લાગે વરવું, એ પણ વિચારવું ઉર.**

વૈરાગ્ય વિના ભગવાનને વરે તો તે ઉધઈ ખાઈ ગયેલા મકાન જેવો હોય, ઉપરથી મકાન બરાબર સરસ લાગે, પણ પાયા ખવાઈ ગયા હોય, ધર્મ જ્ઞાન વૈરાગ્ય કાંઈ જીવનમાં હોય નહિ, કેવળ ભગવાં કપડાં પહેરીને ફરો, પણ અંતરમાં અવિનાશીની બીક બીલકુલ હોય નહિ, મન ફાવે તેમ કરો, વર્તન અને વિવેક બીલકુલ હોય નહિ, ઉધઈ ચડેલા મકાનની ભીંતમાં જરાક ગોદો મારો તો કાણું થઈ જાય. તેમ ઉધઈ જેવા અસંતમાં વૈરાગ્ય હોય નહિ અને કોઈ સાચા સંતો કાંઈ દોષ દેખે ને ટાળવાનું કહે તો સંતને ન બોલવાનું બોલીને દ્રોહ કરે, નિંદા કરે. છતાંય સંતોષ થાય નહિ. ભલું કર્યું હોય તેનું ભલું ન કરે તો ભલું નથી કર્યું તેનું શું ભલું કરે ?

**વણ વૈરાગ્યવાન વિલોકીને, હરિ રાજી નથી થાતા રતિ;**
**એવા અસંતને જોઈને, ભગવાન રાજી થતા નથી રતિ.**

તો કેવા વૈરાગ્યવાનને જોઈને ભગવાન રાજી થાય છે, તે સાંભળો !

**શુક ભરત સનકાદિક શોભ્યા, બૃહત્ વૈરાગ્ય ઘરેણે ઘણું;**
**જનક જયદેવ કદરજનું કહું, મુખ લાગ્યું સોહામણું,**

વૈરાગ્યરૂપી ઘરેણાંથી શુક્રદેવજી શોભ્યા, સનકાદિક શોભ્યા, જનકરાજા શોભ્યા, જયદેવ શોભ્યા, કદરજ શોભ્યા, લાડુબા, જીવુબા, રાજબા, શોભ્યા. એમના જીવન ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, દયા અને ક્ષમાની ખાણ હતી. ગમે તેવાં દુ:ખનાં વાવાઝોડાં આવ્યાં છતાં સ્થિતિથી ડગ્યા નહિ. જનક રાજાને શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ યાદ કર્યા છે, સોનાનાં સિંહાસનમાં બેસે, ચક્રવર્તિ રાજ્યનું સંચાલન કરે. આખી જનકપુરી સળગતી હતી છતાં કહ્યું, મારૂં કાંઈ બળતું નથી, રાજયમાં મારા પણાની બીલકુલ ગંધ નહિ.

**કોઈ સો સો શણગાર સજે શરીરે, કાછ શૃંખલા કથિરના;**
**પણ કંચન વિના કેમ કહીએ, એ શોભાડનારા શરીરના.**

કોઈ ભલેને કોડીના શંખલાના મોતીના કંઠમાં હાર બાંધે, પણ સોના જેવા શોભે નહિ. સોનું તો સોનું જ છે, તેમ વૈરાગ્ય છે તે સાડા સોળવલા સોના જેવો છે. શ્રીજી મહારાજ વારંવાર કહે છે, હે ભકતજનો ! ભલા થઈને અમારી સોનાની ચુંદડીમાં ડાઘ લગાવશો નહિ. સત્સંગ વગોવાય નહિ એવી રીતે ધર્મ નિયમનું પાલન કરજો. સત્સંગમાં સુગંધ ભળે અને અરસ પરસ સુહૃદ્ ભાવ રહે તેવી રીતે એકતા રાખજો, સત્સંગ કરજો ને કરાવજો.

**તીવ્ર વૈરાગ્ય તડોવડે, નાવે સો સો સાધન;**
**જપ તપ તીરથ જોગ જે, કરે કોઈ જન જગન ... તીવ્ર ...**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "તીવ્ર વૈરાગ્યની તોલે કોઈ સાધન આવી શકતા નથી. જપ કરે, તપ કરે, તીર્થ કરે, યોગ યજ્ઞ કરે, સારી વાત છે. આવું બધું કરવું જોઈએ. ભગવાનને પામવાનાં સાધન છે. હિમાળે દેહ ગાળે પણ જગતથી જો નિર્વાસનિક ન થવાય, તો તેનો કોઈ અર્થ નથી. વાસના એને રોકી રાખે છે અને જન્મ મરણના ફેરામાં ફેરવે છે.

ભકિત માર્ગમાં ઈશ્વરના સ્વરૂપની તોલે કોઈ સાધન આવે નહિ, ભગવાનમાં નિષ્ઠા અથવા બ્રહ્મચર્યરૂપી અનેક સદ્‌ગુણો, મહાપ્રયાસે મેળવ્યા હોય, તપ, ત્યાગ, દાન, પુન્ય, સેવા, યોગ, યજ્ઞ વિગેરે કર્યા હોય પણ જો કામ, ક્રોધ, લોભ, માન, મોહ, મમતા, વાસના, તૃષ્ણા આદિક આંતરિક દોષો ઉપર વિજય ન મેળવ્યો હોય તો અધ્યાત્મિક મૂડી વિનાશ પામી જાય છે.

સાર સિધ્ધિનો સિધ્ધાંત સ્વામી સ્પષ્ટ બતાવે છે કે, "મિથ્યા મોહવશ થઈ મલિન વાતાવરણમાં ઘસડાઈ જાવું નહિ. નિર્દોષ અને નિર્વાસનિક થયા પછી જ ભગવદ્ ભકિતની સફળતા તથા પ્રભુના માર્ગનો અલૌકિક આનંદ મેળવી શકાય છે.

**જેને ઉર ઉપજયો બૃહત્ વૈરાગ્યજી,**
**તેનાં ઉઘડીયાં મહા મોટાં ભાગ્યજી;**
**નથી એવો લાભ બીજો કહ્વા લાગજી,**
**જે થકી જડે છે મહાસુખમાં જાગ્યજી.**

બૃહત્ વૈરાગ્ય ઉર ઉપજી જાય તો એના જેવો બીજો કોઈ લાભ નથી. મહા ભાગ્યશાળીને વૈરાગ્ય ઉપજે છે. સાચો ભાગ્યશાળી કોણ કહેવાય ખબર છે ?

આ જગતમાં જેની પાસે ઘણા પૈસા હોય, ગાડી ને બંગલા હોય, પુત્ર પરિવાર હોય તેને જગતના જીવ ભાગ્યશાળી માને છે. પણ નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યવાનને ભાગ્યશાળી કહે છે.

## આટલું બચ્યું છે તે ઉપાડીને લાવ્યો છું.

ગઢાળીના આંબા શેઠને એક દિવસ વિચાર થયો કે શ્રીજી મહારાજની દરેક પ્રકારે સેવા કરી. પણ કોઈ દિવસ શય્યા આપી નથી. પછી એક દિવસ સવારના વહેલા ઉઠી ગાદલું, ગાલમસુરિયાં અને ઢોલીયો પોતાના માથા ઉપર ઉપાડીને ગઢપુર આવ્યા. એ વખતે શ્રીજી મહારાજ સભામાં બિરાજમાન હતા. શ્રીજી મહારાજે પૂછયું, ‘‘આંબા શેઠ આ શું લઈ આવ્યા ?’’ આંબા શેઠે કહ્યું, ‘‘મહારાજ ગામમાં આગ લાગીને બધું બળીને ભસ્મ થઈ ગયું, કાંઈ બાકી નથી રહ્યું, આટલું બચ્યું છે તે ઉપાડીને લાવ્યો છું.

શ્રીજી મહારાજે કહ્યું, બધું બળી ગયું, કાંઈ બાકી નથી રહ્યું ! આંબા શેઠે સરસ જવાબ આપ્યો, પ્રભુ બધું બળી ગયું છે, આટલું લઈને માંડ માંડ નીકળી શકાયું છે સભામાં બેઠેલા બધા નવાઈ પામી ગયા.

ત્યારે ધીરેથી આંબા શેઠ બોલ્યા, ‘‘પ્રભુ તમારા કામમાં ન આવે એ બધું બળી ગયું જ કહેવાય, તમારા ઉપયોગમાં આવે એ જ બચ્યું કહેવાય, પછી નીંબતરૂ નીચે ઢોલીયો પાથરી દીધો, તેના ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન થયા, આવી રીતે આંબા શેઠ રાત્રી દિવસ પ્રભુ પ્રેમમાં મસ્ત રહેતા, પૂર્વનાં પૂન્ય હોય તે ભકતજનને આવી અલૌકિક સમજણ પ્રાપ્ત થાય છે. તેથી તે મહા સુખીયા થાય છે. મુકતાનંદ સ્વામી સરસ મજાનું કીર્તન ગાય છે,

**મહા સુખ મુજને રે આપ્યું, સંકટ જન્મ મરણ દુ:ખ કાપ્યું . મહા૦**
**પુન્ય પુર્વનાં રે ફળીયાં, મળતાં તાપ હ્દયનાં ટળીયાં ... મહા૦**
**દર્શન દુર્લભ રે પામી, હવે મારી સકળ વેદના વામી ... મહા૦**
**આનંદ ઉરમાં રે ભારી, હવે હું ન રહું કોઈની વારી ... મહા૦**

સ્વામી કહે છે, હરિકૃપા વિના વૈરાગ્ય મળતો નથી, વરસાદ ધમધોકાર વરસે તો નદીએ પૂર આવે. એ વિના આશા ન રખાય. કુવામાં એન્જીન ગોઠવી ને પાણી કાઢો તો પુર ન આવે. નદી નાળા છલકાય નહિ. તેમ હૃદયમાંથી બૃહદ્ વૈરાગ્ય ઉપજે તો પ્રભુ પ્રેમમાં આનંદ છલકાય.

**જેમ નર નારી વિના ન ઉપજે, બાળક તે બીજી પેર**
**તેમ બૃહદ્ વૈરાગ્ય તો ઉપજે, જો હરિ હરિજન મહેર.**

માતા પિતા વિના બાળક ઉપજે નહિ એમ હરિ અને હરિજન વિના વૈરાગ્ય ઉપજે નહિ, સ્વામી કહે છે, “હરિ અને હરિજન સાથે સાચો મીઠો સંબંધ રાખવો” આ જગતની અંદર માણસો શ્રીમંત, શેઠીયા અને સરકારનાં મીનીસ્ટર, કલેકટર, સાથે સારો સંબંધ રાખે છે, શું કામ ? તો એનાથી મીઠાશ રાખશું તો એ આપણું અટકયું કામ કરી દેશે, ગામ ગરાસ, ધન માલ વિગેરે વ્યવહારિક કાર્યમાં કાંઈ અડચણ હોય તો તે તરત કામ પતાવી દે.

તેવી રીતે ભગવાન અને સંત સાથે સારા સારી રાખી હોય તો અલૌકિક કામ થઈ જાય, જન્મ મરણ લખ ચોરાસીની અડચણ ટાળી દે. તેથી ભગવાન અને સાચા સંતોમાં આત્મબુધ્ધિ રાખવી, સાચા સંતો આત્મામાં પરમાત્મા પધરાવી દે, પૃથ્વી અને બીજ વિના અનાજ ઉપજે નહિ, હરિ અને હરિનાં જન વિના વૈરાગ્ય ઉપજે નહિ, વૈરાગ્ય વિના નિર્દોષ બની શકાતું નથી, નિર્દોષ થયા સિવાય પ્રભુ ના પદની પ્રાપ્તિ થતી નથી, ભગવાનની સાચી ઓળખાણ વિના અખંડ અવિનાશી સુખ મળતું નથી.

**જેમ પામવા ઈચ્છે કોઈ પ્રાપ્તિ, તેને અણ ગરજુ ન રહેવું અંગ;**
**દાસ ના દાસ થઈ રહી, રહીએ વૈરાગ્ય વાન ને સંગ**

જો ભગવાનને પામવાની ખરેખરી તાલાવેલી જાગી હોય તો તેને સત્સંગમાં ગરજવાન થઈને દાસના દાસ થઈને રહેવું. વૈરાગ્યવાનને સંગ. શ્રીજીમહારાજે એક વખત સોમલાખાચરને કહ્યું, “અડધો અમારો સંગ કરો છો અને અડધો જગતનો સંગ કરો છો, તેથી ભગવાનમાં જોઈએ તેવી પ્રીતિ થતી નથી, દાસના દાસ થઈને સંત નો સંગ કરવો.

# પરણો ભાઈ પરણો

એક વખત શ્રીજીમહારાજ ગણોદ પધાર્યા, તે વખતે અલીભાઈ પરણવા જતા હતા, એને ખબર પડી કે શ્રીજી મહારાજ બગીચામાં સંતો ભકતોની સાથે સભામાં બેઠા છે, તેથી મંગળ પ્રસંગે પ્રભુનાં દર્શન કરવા આવ્યા, અને મનમાં વિચાર થયો કે મહારાજની આજ્ઞા લઈને પરણવા જાઉં, શ્રીજી સન્મુખ બે હાથ જોડીને ઊભા રહ્યા, પ્રભુએ અલીભાઈ સામું જોયું નહિ. વાત કરતા હતા તેમજ વાત કરતા રહ્યા ત્યારે પાર્ષદે કહ્યું, ‘‘પ્રભુ અલીભાઈ આપની આજ્ઞા માગે છે,’’ તો પણ શ્રીજીમહારાજ કાંઈ બોલ્યા નહિ, અલીભાઈ બે હાથ જોડી આજ્ઞાની રાહ જોઈ સ્થિર ઊભા છે, ત્યારે પાર્ષદે કહ્યું, મહાપ્રભુ જાન બહાર ઊભી છે, જાનૈયા ઉતાવળ કરે છે અલીભાઈ આપની આજ્ઞા વિના અહીંથી જશે નહિ, માટે રાજી થઈ રજા આપો.

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ‘‘ પરણો ભાઈ પરણો’’ આ જગતમાં પ્રભુ ભજવા કોઈ નવરો નથી, જીંદગીભર માયા મમતામાં ગુંચાઈને જીવન પસાર કરી દે છે, પરણો ભાઈ પરણો આવી રીતે ત્રણ વાર કહ્યું, ‘‘ અલીભાઈ સમજી ગયા કે સંસારમાં રહી તમામ જવાબદારી નીભાવતાં નીભાવતાં ભગવાનનું અખંડ ભજન કરવું એવો હાર્દ શ્રીજીમહારાજનો થાય છે.

કમળ જળમાં રહે પણ જળથી અલિપ્ત રહે છે, તેવી રીતે અલિપ્ત રહી ભગવાનનું ભજન કરશું, પછી ધામધૂમથી લગ્ન થયાં, અલીભાઈ મુસલમાન હોવા છતાં સત્સંગનાં બધા નિયમોનું પાલન કરતા, અખંડ હરિને હૈયામાં ધારીને ભજન કિર્તન પાઠ-પૂજા કરે.

તેમને ત્યાં એક દીકરો હતો તે પણ ભારે સંસ્કારી થયો, ભજન ભકિત સારી રીતે કરે, ઉંમર લાયક થયો ત્યારે પરણાવ્યો, અને ધંધો બધો શીખવાડયો, દીકરો બહુ જ કહ્યાગરો ને વિવેકી, દરરોજ સારા સંસ્કાર આપવાથી દીકરામાં બાપ જેવા ગુણ ઉતર્યા.

એક વખતે અલીભાઈ એ પોતાના દીકરાને કહ્યું, ‘‘ દીકરા મેં તારી ૧૮ વરસ સુધી સેવા કરી, રમાડયો, ભણાવ્યો, પરણાવ્યો અને મારી જે કાંઈ મિલ્કત છે તે તને સોંપી દઉં છું, ગરાસ છે તે વાવજે ને આખા કુટુંબની સંભાળ રાખજે.

મારી ૧૮ વરસ સુધી તું સેવા કરજે, હું ફકત એક વખત ઘરે જમવા આવીશ બાકીનો સમય ભજન ભકિતમાં વીતાવીશ, ૧૮ વરસ પછી હું જીવતો રહીશ તો આપણે સાથે મળીને ધંધો કરીશું.

દીકરાએ સરસ જવાબ આપ્યો, “ પિતાજી આપની સેવા કરવી એ મારી ફરજ છે, આપ સુખેથી ભજન ભકિત કરો, તેમાં મારો ભાગ છે, પછી અલીભાઈ બાકીની જીંદગી પ્રભુ ભજનમાં વિતાવી, ઉત્તમ ગતિને પામ્યા.

આવી રીતે જો સાવધાન થઈને ભજન ભકિત કરે તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે તન મનમાં વિકાર સર્વે ટળી જાય છે.

**રતિ કષ્ટ તેને કેમ રહે, જેને થાય મોટાની મહેર;**
**સંત શ્રી હરિ સિંધુ ની જેને, ઢળી વળી આવી લહેર.**

સ્વામી કહે છે, બૃહદ્ વૈરાગ્ય રૂપી સંપત્તિ મળે તો એક રતિ પણ કષ્ટ રહે નહિ, જો મોટા સંતની મહેર થઈ જાય તો તેને દુઃખ રહેતું નથી, લીલા લહેર થઈ જાય જે ઠંડા પાણીનાં ધોધમાં ડૂબકી મારે તેને કોઈ ત્રિવિધી તાપ નડે નહિ.

## ઈતરડી ની જેમ લોહી પીવે છે.

સ્વામી કહે છે જયાં ત્યાં વિચાર્યા વિના માથાં મારવા નહિ, વાછરડું ગાયના પગમાં માથાં મારે તો દૂધ ન મળે પણ આંચળ મોઢામાં લઈને ચૂસે તો દૂધ મળે. ઘણા માણસો સત્સંગમાં માથા જ માર માર કરે છે, સુખ લેતા નથી, નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ગાયના આઉમાં ઈતરડી હોય તે લોહી જ પીવે, દૂધ ન પીવે. તેમ ઘણા માણસો સત્સંગમાં આવીને ઈતરડીની જેમ લોહી જ પીતા હોય છે. બધા સાધુ સંતોમાંથી ખોટ કાઢયા કરે, અભાવ લે, દ્રોહ કરે, એ લોહી પીવે છે, સત્સંગમાં સાધુ સંત અને હરિભકતો નો ગુણ લે તો દૂધ પીધું કહેવાય પણ મોટે ભાગે ઈતરડીની જેમ લોહી જ પીવે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સમુદ્રમાં મોતી છે પણ એમનને એમ ન મળે, તન મન આપ્યા વિના કેદી ન થાય આપણા, તેમ આ સત્સંગ સિંધુમાં અનેક કિંમતી સંતરૂપી રત્નો છે, પણ તન મન અર્પણ કર્યા સિવાય તેમાં આત્મબુધ્ધિ થતી નથી, દરિયા કીનારે શહેરને ગામ ઘણા હોય, દરિયા કીનારે ફરવા ઘણા માણસો જાય તો

ત્યાં શંખલા ને કોડી જોવા મળે, પણ રત્ન ન મળે, રત્ન મેળવવા માટે મહેનત કરવી પડે, તેમ સત્સંગમાં મહેનત કરવી પડે, ભજન ભકિત જપ, તપ, સેવા, સત્સંગ વિગેરે ધર્મ નિયમનું પાલન કરવું પડે તો જ કલ્યાણ રૂપી રત્ન મેળવી શકે.

**હરિ સાગર છે સુખના, નથી કોઈ વાતની એમાં ખોટ;**
**તેમાં નિષ્કામી માગે નિરવેદને, સકામ માગે માયા સુખ મોટ.**

નિષ્કામી ભકત ભગવાન સંબંધી સુખને ઈચ્છે છે, અને સકામ ભકત માયાનું સુખ ઈચ્છે છે, માયાનું સુખ બધાને ગમે છે, માયાની મોટપ બધાને ગમે છે, એને ખબર નથી કે માયામાં સુખ નહિ, કેવળ દુઃખ જ હોય. માયાનું સુખ સોમલાખાચર જેવું છે, ભગવાનનું સુખ સાકર જેવું છે. સાકર મુકીને જગતના જીવ ઝેર ખાવા દોડે છે. નિષ્કામ ભકત હોય એની રીત-ભાત જુદી હોય છે.

## સજા ભોગવવાનો વારો આવી ગયો.

બે પટેલ હતા એકનું નામ નરોત્તમદાસ, બીજાનું નામ નાગરદાસ, પૈસાનું અભિમાન ઘણું, મારા જેવો કોઈ હોશિયાર નહિ, રહેવા દે રહેવા દે, વટ ન કર તારૂં અભિમાન ઉતારનારા ભગવાન બેઠા છે, ખોટી બડાઈ ન માર. આ પટેલ પોતે ભકિત કરે નહિ ને બીજા કરતા હોય તો નિંદા કરે, જરાય ભગવાનની બીક નહિ.

ખૂબ નિંદા વધી તેથી પાપ ભોગવવાનો વારો આવી ગયો, છ ભૂતો શરીરમાં પ્રવેશ કરી ગયાં, રાત દિવસ હેરાન કરે, બચકા ભરાવે તેથી બરાડા પાડે, બે ત્રણ માણસ ખાય એટલું એકલો ખાઈ જાય, કયારેક ભૂત જેમ તેમ દોડાવે, ત્યારે ઘરનાં માણસો પકડીને બેસાડે, કયારેક ખડખડાટ દાંત કાઢે, આમ ભૂત દિવસને રાત પજવ્યા કરે, પીડા સહન થતી નથી, ડોકટરે જાય તો પીડા વધી જાય, પછી તો ભૂવાને ઝાલ્યા, જાત જાતના ભૂવા આવે. એક જાયને બીજો આવે, ધૂણતા જાય ને પૈસા લેતા જાય અને કહેતા જાય મટી જાશે, એમ કરતાં ઘરમાં પૈસા ખૂટી ગયા, પણ ભૂત નીકળ્યા નહિ, હવે શું કરવું ? છ મહિના સુધી ખૂબ રીબાયો, કરેલા કર્મ ભોગવે છે. હસી હસી કર્યા જે પાપ રે રોઈ રોઈ ભોગવજો આપ રે, સાચા નિષ્ઠાર્થી ભકતોએ કહ્યું, દર્શન કરવા ગઢડા તેડી જાવ તો ભૂત નીકળશે, પછી બે પટેલ ગઢડા આવ્યા.

પ્રભુ સભામાં બિરાજમાન છે, સભામાં દર્શન થતાં ભૂત કાળી ચીસ પાડીને

મંડયો રડવા, બળી જાવું છું બળી જાઉં છું, ફટોફટ નીકળી ગયા ભૂત, હૃદયમાં શાંતિ થઈ ગઈ, આ છે સભાનાં દર્શનનો પ્રતાપ.

ભગવાન દયાળુ છે, મીઠો આવકાર આપી પોતાને શરણે લીધા, અને કંઠી બાંધી હવે ભૂતની શી તાકાત ? જેના કંઠમાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી હોય તેના શરીરમાં ભૂત પ્રેત પ્રવેશી શકે નહિ, કંઠી પવિત્ર રાખેલી હોય તો ભૂત પ્રેત, ગ્રહ એવું બધું કાંઈ નડે નહિ, પણ જો કંઠી અપવિત્ર બની જાય, તો ભૂત પ્રેત આદિક બધા ડખા પ્રવેશ કરી જાય, દારૂ પીએ, બીડી પીવે, ડુંગળી લસણ વિગેરે તમોગુણી પદાર્થ ખાય અને સાધુ સંત ને દેવની નિંદા કરે તો કંઠી અપવિત્ર બની જાય છે. નિંદા કરવાથી નીચ ગતિને પામે છે.

**માટે વહાલો કરી વૈરાગ્યને, રાખવો તે રૂડી રીત;**
**નિષ્કુળાનંદ એ નરની, તો જરૂર જાણો થાય જીત.**

જીવપ્રાણી માત્રે આ દુનિયામાં અનેક વખત જન્મ લીધા છે. ગણાતાં પાર આવે નહિ, કૈકવાર સત્યલોકમાં દેવતા થયો છે, અનેકવાર કૈલાસમાં ફરી આવ્યો છે, કેટલીકવાર આ જીવ ઈંદ્ર રાજા થઈ સ્વર્ગનું સુખ ભોગવી આવ્યો છે, છતાં પણ વિષય સુખની તૃષ્ણા ટળી નથી. અનેકવાર વિમાનમાં બેસીને અપ્સરા સાથે વિહાર કર્યો છે, અનેક વખત રાજા મહારાજા થઈ આવ્યો છે, અનેક વખત ધનવાન, અનેક વખત આ જીવ પુરાણી, પંડિત અને ગવૈયો થઈ આવ્યો છે, અનેક વખત આ જીવ ધ્યાન, જ્ઞાની અને કવિ થઈ આવ્યો છે.

**એમ અનેક વાર પામીયો, ભોમે વ્યોમે અવતારને;**
**પણ એક ન પામ્યો વૈરાગ્યને ત્યારે શું પામ્યો જન સારને,**

આ જીવ અનેકવાર આકાશમાં ઉડનાર પક્ષી થઈ આવ્યો છે, અનેકવાર ભૂમિ ઉપર જન્મ લીધેલા છે, આ જીવ અનાદિ કાળથી જન્મ મરણના ચકકરમાં ભટકયા જ કરે છે, અનેક શરીર બદલી ગયાં છે, ને હજુ જો ભગવાન નહિ ભજાય તો ખોળીયું તૈયાર જ હશે, જેવાં કર્મ તેવાં ખોળીયાં તૈયાર જ હોય છે.

**સર્વે વાતનું શોધી લીધું સારજી, નથી કોઈ બૃહદ્ વૈરાગ્યની હારજી;**
**અંતર વીટાયું વારમ વારજી, શુધ્ધ વૈરાગ્ય તો સૌને પારજી**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે વારંવાર વિચારી જોયું વૈરાગ્યની હારે કોઈ કાંઈ આવી શકતું નથી, આ સારસિધ્ધિનો આખો ગ્રંથ વૈરાગ્યથી ભર્યો છે.

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય જાણવો, ભગવાન વિના બીજામાં જેને પ્રીતિ છે તેનો પાયો કાચો છે, પાયો દઢ કરવાની બાબત નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે.

## નટ બોલ ઢીલો ન થઈ જાય

જીંદગીના પથ પર ધ્યાન રાખીને ચાલવું પડે, તમે રેલવેમાં ઉચ્ચ વર્ગમાં પ્રવાસ કરતા હો તેમાં કેવી સરસ સગવડ હોય, મોટા સોફા હોય, પંખા લાઈટને ઉજાસ હોય, વિગેરે સરસ મજાની સગવડ હોય, પણ રેલ્વે તંત્રવાળાને કાયમ સજાગ રહેવું પડે, રેલ્વે પાટાનું ફીટીંગ બહુ મજબુત હોય છતાં પાટાનો સાંધો ઢીલો ન પડી જાય તે વારં વાર તપાસતાં રહેવું પડે, જો એકાદ નટબોલ ઢીલો થઈ જાય તો ડબ્બા બધા ઉથલી પડે.

આપણે બધા ભકત સાચા, સત્સંગી સાચા, પણ સાવધાની રાખજો એકાદ નટબોલ ઢીલો ન થઈ જાય તેની સાવધાની રાખવી પડે, સતત જાગૃત રહેવું પડે.

તમને બધાને અનુભવ છે કે સોનાંના દાગીના કાયમ સાચવવા પડે. સત્સંગના સદગુણો સોના જેવા છે, જો જરાક ઢીલા થશો તો ભગવાનનો અભાવ ભકતોનો અભાવ, સંતોનો અભાવ બુધ્ધિમાં કોઈ ત્રાસવાદી નાખી દેશે તો મોક્ષ બગડી જશે, માટે ચેતવા જેવું છે, જીંદગીની ચાકી અવડી ફેરવીને ઢીલી ન થઈ જાય.

**વૈરાગ્ય માગવો વિકટ છે, જેમ નાખવો કલેજે હાથ;**
**જીવવા ન દીયે જીવથી, રહેવા ન દીયે કોઈનો સાથ**

જેનો સમજણપૂર્વક વૈરાગ્ય હોય તે કોઈ મમતામાં બંધાય નહિ, ત્રણ સગાભાઈ હતા, શામજી, પિતાંબર, અને શોભારામ, એક માતા પિતા થકી જન્મ થયો હોય છતાં પણ બધાં ભાઈ સરખા ન હોય, પ્રકૃતિમાં ફેર હોય. શામજી અને પિતાંબર સારા નિષ્ઠાવાન સત્સંગી અને શોભારામ પાકો કુસંગી એવો અભાગિયો કે સંતોની નિંદા કાયમ દાઢે ચડી ગઈ, નિંદા કરે તો જ રોટલો ભાવે, ભાઈ સાધુ પાસે જાય તો શોભારામ એવો ખરાબ કે બે ત્રણ તમાચા મારી લે, સાધુડા શું તારા બદલામાં કામ

કરવા આવવાનાં છે? જેથી તેની પાછળ પાછળ ફરે છે. ખૂબ અવળાઈ કરે, છતાં પિતાંબર અને શામજી સત્સંગ છોડે નહિ.

એક વખત સંતો એ શોભારામને ઘણો સમજાવ્યો તને ભજન ભકિત કે સત્સંગમાં શ્રધ્ધા ન હોય તો કંઈ નહિ, પણ જે ભજન કરતા હોય એ જોઈને રાજી થવું જોઈએ, કે મારાથી ભજન થતું નથી પણ મારા ભાઈ ભજન કરે છે, ભકતોનો ગુણ રાખે તો પણ તારૂં કલ્યાણ થાય, સંતોએ ઘણો સમજાવ્યો પણ કાળા પથ્થર હૃદયનાને કાંઈ અસર થઈ નહિ, આ વાતથી માને એવો નથી. લાતથી માને એવો પાપી છે.

સંતોએ કહ્યું, "શું કામ તારા ભાઈથી આડાઈ કરે છે ? ભલામાં ભાગ રાખે તો કોઈક દિવસ તારૂં ભલું થશે." છતાં પણ નિંદા કરતા અટક્યો નહિ. સંતોએ કહ્યું, "શોભારામ જો તું ભકતોની નિંદા કરીશ તો નરકમાં જાવું પડશે જમપુરીમાં જમ તને બરાબર સજા આપશે, હેરાન થઈશ માટે ચેતી જા.

શોભારામ ઉન્મતાઈથી બોલ્યો યમપુરી બમપુરી કાંઈ દુનિયામાં છે જ નહિ, એ તો તમે ભગતડાઓ ભેગા થઈને ઉભી કરી છે, ડરી જાય એ બીજા, સંતોએ દષ્ટિ કરી ત્યાં તુરંત સમાધિ થઈ ગઈ, પહોંચી ગયો યમપુરીમાં બરાબર જેવો યમદૂતોએ ધોકાવ્યો, દંડાથી બરાબર પીટ્યો, રાડ માથે રાડ કરે બચાવો કોઈ બચાવો. પણ યમપુરીમાં કોણ બચાવે ? બે ત્રણ કલાક સુધી બરાબર જેવો માર્યો પછી સમાધિ ઉતરી ગઈ. સીધો દોર થઈ ગયો, સંતના ચરણમાં માફી માગી સ્વામીજી મને માફ કરો, જયાં સુધી જીવીશ ત્યાં સુધી મારા હાડકાં દુઃખશે, એવી માર કઠણ છે, માટે આજથી પ્રતિજ્ઞા લઉં છું કોઈ દિવસ કોઈની નિંદા નહિ કરૂં, મને વર્તમાન ધરાવી કંઠી પહેરાવો, સંતોએ કંઠી બાંધી ધર્મ નિયમની બધી રીત ભાત શીખવાડી.

## સંતો માયામાં ફસાયેલા જીવને બંધનથી મુકત કરે છે.

**સગ્ય ચડી જાય રે શુધ્ધ વૈરાગ્યથી રે.**
**શું કહું બૃહદ્ વૈરાગ્યની વડાઈ રે, તીવ્ર વૈરાગ્યરે તે વડે તનમાં રે;**
**કસર રહેવા ન દીયે કાંઈ રે ... સગ્ય ચડી૦**
**તીવ્ર વૈરાગ્યરે તીખી તરવાર છે રે, અતિશે સજેલ આકરી ધાર રે;**
**અડતામાં કરે રે સર્વે વેગળું રે,**

**લેશ ન રહેવા દીયે સંસાર રે ... સગ્ય ચડી૦**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે તીવ્ર વૈરાગ્ય તીખી તરવાર છે, એની ધાર એવી આકરી છે કે મોહ, માયા, મમતા, તૃષ્ણા અને વાસના વિગેરે દુષણોને કાપી નાખે છે, સંસારને અલગ કરી નાખે, ખરાબ વિચાર આવે તો તરત કાપી નાખે છે. એવો વૈરાગ્યમાં ગુણ છે.

## આનંદનો અખૂટ સમુદ્ર ભરેલો છે.

**જે હરિ સિંધુ સર્વે સુખના, સદા સર્વદા સુંદર શ્યામ;**
**જેને પામી ન રહે પામવું, પામી થવાય પુરણ કામ.**

સદાય સુખના સાગર ભગવાન છે. એને પામીને પછી કાંઈ બાકી રહેતું નથી. પૂર્ણકામ થઈ જાય છે, ભગવાનનો આનંદ બહુ શ્રેષ્ઠ છે, એ આનંદનો અખૂટ સમુદ્ર ભરેલો છે. તેમાંથી થોડાંક ટીપા જેટલો આનંદ આ દુનિયામાં આવેલો છે. તે આનંદનું પાન કરીને મુક્તો આનંદમુગ્ધ બને છે.

જે માણસને મોટા રાજાના દરબારમાં જવાની રજા હોય તેને કેટલો બધો આનંદ હોય છે ! ત્યારે રાજાના પણ રાજા ભગવાનની હજુરમાં જઈ શકતા જે ભકતો તેને કેટલો બધો આનંદ હોય તે વિશે જરા વિચાર કરો. એને કોઈ વાતની કમી રહેતી નથી.

સર્વ શકિતમાન મહા પ્રભુની હજુરમાં અખંડ આનંદ ભોગવવા માટે કેવી રીતે જઈ શકાય ? તેના જવાબમાં સંતો કહે છે, ભકિતનાં બળથી, જ્ઞાનના બળથી તથા સેવાના બળથી, પરમાત્માની હજુરમાં જઈ શકાય છે.

અગ્નિ પાસે બેસે તેને ગરમી મળે છે, સૂર્ય પાસે જાય તેની પાસે અંધકાર રહેતો નથી, જે તળાવમાં પડે તે તરસ્યો રહે નહિ. તેમ આનંદ સ્વરૂપ પરમાત્મા પાસે જાય તે આનંદરૂપ થયા વિના રહે નહિ. પરમાત્માનો આનંદ અલૌકિક છે. તેની સરખામણી બીજા કોઈ પણ સાથે થઈ શકે તેમ નથી.

**સમજી વિચારી ઘનશાંમની, ભકિત કરો ભાવે કરી;**
**ભાવ વિનાની ભકિતએ, રાજી નહિ થાય શ્રીહરિ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''સમજી વિચારીને ભાવ સહિત ભકિત કરે તો ભગવાન રાજી થાય છે. ભાવ વિના કોઈ કાર્યની સિધ્ધિ થતી નથી.'' ગમે તેટલા

સાધનો કરો પણ ભાવ વિના ફળતાં નથી ભગવાન ભાવના ભૂખ્યા છે, ભોજનના ભૂખ્યા નથી.

## પ્રેમને વશ થઈ જાય

વડતાલમાં કાશીરામ ભકત રહેતા હતા, સેવા ભાવી બહુ સારા. ભગવાનને અંતરમાં ધારીને એકાગ્ર વૃત્તિથી માળા ફેરવે.

અલૌકિક સંપત્તિ ઘણી પણ લૌકિક સંપત્તિ બહુ ઓછી. સુદામા જેવો વ્યવહાર, અંતરમાં એક આશા સદાય રહ્યા કરે કે આપણે શ્રીજી મહારાજને થાળ જમાડીએ તો જન્મ સફળ થાય. પણ ઘરમાં કાંઈ નથી, શું જમાડવું પોતાનાં પત્નીને વાત કરી, પત્ની સારાં સુશીલ અને ભગવદ્ભકત હતાં. તેણે કહ્યું, ‘‘પતિદેવ તમે ચિંતા ન કરો આપણી સ્થિતિનો સવાલ છે. યથા દેહે તથા દેવે, જે આપણે જમીએ છીએ તે ભગવાનને જમાડશું, પછી ભાવથી કોદરાનો રોટલો ને મઠની દાળનું શાક બનાવીને કહ્યું, ‘‘લ્યો પતિદેવ શ્રીજી મહારાજને જમાડવા માટે થાળ લઈ જાઓ. કાશીરામને થયું આવો હલકો થાળ કેમ શ્રીજીને અપાય ? મુંઝાય છે.

આ બાજુ મુકુંદ બ્રહ્મચારીએ કહ્યું, ‘‘હે પ્રભુ થાળ તૈયાર થઈ ગયો છે, આપ જમવા પધારો. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘અમે મિષ્ટાંન મેવા જમી જમીને થાકી ગયા છીએ, આજે તમારો થાળ નથી જમવો પણ કાશીરામ વિપ્રનો થાળ જમવો છે. પ્રેમને વશ થયેલા શ્રીજી દોડતા કાશીરામને ઘરે પધાર્યા.

**પ્રેમને વશ થઈ જાય, વહાલો મારો પ્રેમને વશ થઈ જાય;**
**દોડીને સામો જાય, વહાલો મારો પ્રેમને વશ થઈ જાય;**
**ગઢપુર ગામનાં જીવુબાના, દુધના કટોરા પી જાય. વહાલો મારો.**

શ્રીજીએ દરવાજો ખખડાવ્યો, કાશીરામે દરવાજો ખોલ્યો, જયાં જુવે ત્યાં શ્રીજી મહારાજ. તુરંત દંડવત્ પ્રણામ કર્યા. પધારો પધારો પ્રભુ, ખાટલા ઉપર તુટેલ ફાટેલ ગોદડું પાથરી દીધું. મહારાજ બેઠા. પછી બોલ્યા, ‘‘ભગત ભૂખ બહુ લાગી છે જમવાનું આપો. તરત કોદરાનો રોટલો અને મઠની દાળ પીરસી. પ્રભુ પ્રેમથી જમતા જાય અને કહેતા જાય, કાશીરામ તમે બહુ સરસ થાળ બનાવ્યો છે. મિષ્ટાંન જમીને અરુચી થઈ હતી તે તમે અમારી ઈચ્છા પૂરી કરી. અમને કોદરાના રોટલાની જ

ઈચ્છા હતી.

કાશીરામના આનંદનો પાર ન રહ્યો, હરિ હેતમાં હૈયું છલકાવા લાગ્યું. ભગવાનની ભક્તિ ભાવથી કરે, તો ભક્તિ દિવ્ય બની જાય છે. એક જન્મમાં સંસારનાં સુખ ન મળે તો કાંઈ નહિ ! કરોડો કરોડો જન્મમાં આપણે માયાનાં સુખો ભાગવ્યાં છે, ઘણા મોજ શોખ લાખો જન્મમાં કુરબાન કર્યા છે. હવે આ એક છેલ્લો જન્મ હરિ માટે કુરબાન કરવામાં વાંધો શું છે ? ઘણા સાધારણ ભકતો કહેતા હોય છે, હમણાંથી શું ભગવાન ભજવાની તાણ રાખવી, ઘરડા થાશું ત્યારે ભક્તિ કરશું. એ ગલત વિચાર છે.

**પછી ઘઢપણમાં ગોવિંદ ભજાશે નહિ,**
**ધન દોલત ને વૈભવ તજાશે નહિ;**
**બનો આજથી પ્રભુમાં મસ્તાન ... જીવન થોડું રહ્યું.**
**તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું.**

## પરણવું નથી ને ગાદીએ બેસવું નથી.

સગર રાજાના ૬૦ હજાર દીકરા હતા, તે મરીને ભૂત થયા. ઋષિએ કહ્યું, તપ કરી ગંગાજીને લાવો તો તમારા દીકરા ભૂત થયા છે તેનો ઉધ્ધાર થાય. તેના પુત્રે તપ કર્યું, તપ કરીને મૃત્યુ થઈ ગયું છતાં ગંગાજી પ્રસન્ન થયા નહિ, તેનો પુત્ર થયો આવી રીતે રાજપાટ ખાન પાન બધું ભોગવી પછી તેનો દીકરો થાય તેને ગાદીએ બેસાડી પછી તપ કરવા જાય એવી રીતે તપ કરી કરીને ખતમ થઈ ગયા પણ ગંગાજી પ્રસન્ન ન થયાં. આ રીતે છ પેઢી સુધી તપ કર્યું, પછી સાતમી પેઢીએ ભગીરથ રાજા થયા એણે નાનપણમાં આ બધી વાતની ખબર પડી કે તપ કરીને પિતૃનો ઉધ્ધાર કરવો છે. પરણવું પછી ગાદીએ બેસું ને રાજપાટ ભોગવું ખાન પાન બરાબર જેવા ખાઈ પી વિષયવાસના ભોગવી ને પછી તપ કરવા જાવું, એનાથી ગંગાજી પ્રસન્ન થાય નહિ. મારે કાંઈ કરવું જ નથી, પરણવું નથી ને ગાદીએ બેસવું નથી. સંસાર વ્યવહાર કાંઈ નથી કરવું.

ઘાટા જંગલમાં જઈ ભગીરથ રાજાએ તપ કર્યું, બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી અખંડ હરિને ધારી તપ કર્યું, ત્યારે આ ધરતી ઉપર ગંગાજી આવ્યાં. અસદ્‌ગતિ

થયેલા પિતૃઓની ભસ્મને ગંગાજળ સ્પર્શ થયું તેથી સદ્‌ગતિ થઈ ગઈ.

આપણે અનેક જન્મમાં ઘણા સંસારના ખાન પાનને રાજને રાજપાટ ભોગવ્યા છે. હવે આ એક જન્મ ભગવાનને અર્થે ભજન ભકિતમાં વિતાવીશું તો શું ખામી આવશે ? ઉંડાણમાંથી વિચાર કરો. હજુ કેટલા સંસારના નાશવંત સુખ ભોગવવાં છે. હજી ધરાયા નથી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સમો જોઈને શ્રીજી મહારાજની સેવા કરી લેવી.

**વળી જેમ વાળે તેમ વળવું, તજી દેવી તનમન તાણ;**
**અન્ય ભરોંસો અળગો કરી, થઈ રહેવું હરિના વેચાણ.**

ભગવાન જેમ વાળે તેમ વળવું. મોટા સંતો જેમ કહે તેમ તનમનની તાણ તજીને સેવા કરવી.

એક વખત શ્રીજી મહારાજ કારીયાણીમાં વસ્તાખાચરને ત્યાં પધાર્યા દરબારમાં બિરાજમાન થયા. વસ્તાખાચર પગે લાગીને કહ્યું, ‘‘પ્રભુ આજની રાત અહીં રોકાઈ જાઓ.’’ મહારાજે કહ્યું અમારાથી રોકાવાશે નહિ. રામનવમીનો સમૈયો નજીક આવે છે, તમે પણ અમારા સાથે ચાલો, અનેક ભકતજનનાં દર્શન થશે.

શ્રીજી મહારાજે કહ્યું, ‘‘વડતાલ જવાની ઉતાવળ છે. સમૈયો થઈ જશે પછી કારીયાણી આવીશું.’’

## થઈ ને રહેવું હરિના વેંચાણ

વસ્તાખાચરે કહ્યું, ‘‘મહારાજ મારાથી સમૈયામાં નહિ આવી શકાય, હમણાં હું નવરો નથી, નવા ઓરડા બનાવ્યા છે તેના ઉપર નળીયાં ચડાવવાનાં છે, શ્રીજી મહારાજે કહ્યું, ‘‘એ બધું વ્યવહારનું કાર્ય થયા કરશે, ચાલો અમારી સાથે, વસ્તાખાચરે કહ્યું, કામ પુરું થઈ જશે પછી સમૈયામાં આવીશું. અત્યારે મારાથી તમારી સાથે નહિ આવી શકાય.

પછી શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા, હરિ ઈચ્છાથી અકસ્માત વરસાદ થયો માટીના બનાવેલા ઓરડા પડી ગયા, વળી પાછા બનાવવાના શરૂ કર્યા, ત્યાં સમૈયો પુરો થઈ ગયો. વસ્તાખાચર વડતાલ જઈ શકયા નહિ. પછી શ્રીજી મહારાજ સમૈયો કરી ગઢપુર જતાં રસ્તામાં કારીયાણી આવ્યા. દરબારમાં બિરાજમાન થયા. શ્રીજી

મહારાજે કહ્યું, ''દરબાર સમૈયામાં કેમ ન આવ્યા ?'' મહારાજ ઓચિંતો વરસાદ થયો ને ઓરડા પડી ગયા તેથી રોકાઈ ગયો. શ્રીજી મહારાજે કહ્યું, ''અમારી આજ્ઞા માની નહિ તેથી ઈંદ્ર કોપાયમાન થઈને તમને ખર્ચામાં ઉતારી દીધા, ને બરાબર જેવા ધંધે લગાડી દીધા. હવે એવાં દર્શન ફરીથી થશે નહિ. તમને બે વાતે નુકસાન થયું.

સમૈયાનાં દર્શન ન થયાં અને ઘર પણ પડી ગયાં. ડબલ ખર્ચો થયો, સમો સાચવી લે તે સેવક સાચો, હવે શું કરશો ? વસ્તાખાચર કહે પ્રભુ મારી ભુલ થઈ. મૂળ કહેવાનો હેતુ વસ્તાખાચર શ્રીજી મહારાજની મરજી સાચવી શકયા નહિ. આ જીવને અનાદિ કાળથી પોતાના મનનું ગમતું કરવાનું જ તાન છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે તજી દેવી તનમન તાણ, થઈને રહેવું હરિનાં વેંચાણ, સમજી વિચારીને ભકિત કરવી.

**ભકિત હરિની સહુથી અતિ સારીજી,**
**જનને કરવી તે મનમાં વિચારીજી;**
**હિતની વાત હૈયામાં ધારીજી, તક જોઈને રહેવું તરત તૈયારીજી.**

નિષ્કુળાનંદ સ્વામી ભકિતનું અદ્ભુત વર્ણન કરે છે, ભકિત કરવી પણ સમજી વિચારીને કરવી, હૈયામાં હેત વધારીને ભકિત કરવી, સમય ઉપર સાવધાન રહેવું.

પ્રગટ પ્રભુની સેવા પૂજા કરવી હોય ત્યારે આપણે એમ કહીએ કે અત્યારે ટાઢ વાય છે, તડકો છે. સેવા પછી કરીશ તે ન ચાલે.

એક વૃધ્ધ ગુરૂએ એમના શિષ્યને કહ્યું, ''સૂવાનું ટાણું થયું છે ને દીવો બળે છે, તે ઓલાવી નાખ, નકામું દીવલ બળી જાશે.'' શિષ્યને એમ કે ઉઠવું પડશે. ઘણા માણસ આળસુ બહુ હોય. આળસુ શિષ્ય ઊઠ્યો નહિ, અને કહ્યું, ''ગુરૂદેવ માથા ઉપર ગોદડી ઓઢી સૂઈ જાવ, દીવો નહિ દેખાય,'' થોડી વાર પછી ગુરૂએ કહ્યું, ''બેટા બહાર જો તો વરસાદ આવે છે કે કેમ ?'' ત્યારે શિષ્યે કહ્યું, આ બિલાડી બહારથી આવે છે તેના ઉપર હાથ ફેરવી જુઓ, જો ભીની હશે તો વરસાદ વરસતો હશે અને કોરી હશે તો નહિ વરસતો હોય, પછી ગુરૂએ ત્રીજી આજ્ઞા કરી, ''દરવાજો ખુલ્લો છે તો બંધ કરી આવ.'' ત્યારે શિષ્યે કહ્યું, બે કામ મેં કર્યાં, હવે ત્રીજું કામ તમે કરો. આવો ભગવાનને ભકત ભટકાઈ જાય અને ગુરૂને શિષ્ય ભટકાઈ જાય અને બાપને દીકરો ભટકાઈ જાય તો એમાંથી શું વળે ?

## સેવા કરતાં સેવકને, પંડ સુખ સામે પેખવું નહિ;
## સમે સમાજ સારે સેવવા, તે વિના સુખ લેખવું નહિ.

જેને સેવા કરવી હોય તેને દેહના દુઃખ સુખ સામે જોવું નહિ, સેવક ધર્મ બરાબર નીભાવ્યો, સેવકનો ધર્મ શું ? જેમ સ્વામી કહે તેમ કરવું તે.

સેવા મુકિતશ્ચ ગમ્યતામ્, સેવાનો અર્થ શું થાય ? કોઈ પણ વ્યકિતની સેવા આશા વગર નિઃસ્વાર્થપણાથી કરવામાં આવે તેને સેવા કહેવાય. ભાવથી સેવા કરવી. જો પ્રેમ ભાવ સિવાય સેવા કરે તેને સેવા ન કહેવાય, એને વેઠ કહેવાય.

સેવામાં ખૂબ સાવધાની રાખવી. સેવા સાથે અનુવૃત્તિ પણ રાખવી. સમો જોઈને જમાડવા, ગરમા ગરમ ભોજન ન જમાડવું, સમો જોઈને હાર પહેરાવવા, શિયાળામાં હાર પાણીથી પલળેલા હોય, ટાઢા હોય, તો ન પહેરાવવા, શિયાળામાં ભગવાનને ગરમ આભૂષણ ધરાવવાં. ઉનાળામાં પાતળાં સુવાળાં વસ્ત્ર પહેરાવવાં.

ઋતુ પ્રમાણે શાકભાજી જમાડવાં. અંદર જીવજંતુ હોય તો સાફ કરીને થાળ બનાવવો, ભાવથી સ્તુતિ કરવી, સમે ઉતારવી આરતી, સમે કરવી સ્તુતિ કર જોડ; સદા દીન આધીન રહેવું, કહેવું બક્ષજે ગુન્હા કરોડ.

ભગવાન આગળ ઊભીને કેવાં કીર્તન ગાવાં જોઈએ તે જોવું પડે ! સવારે કેવાં કીર્તન ગવાય, સાજે કેવાં કીર્તન ગવાય તેનો વિવેક જોઈએ. સમે પ્રભુને પોઢાડવા, સમે નાખવો પંખે પવન; સમે ચરણ ચાંપવા, એમ કરવા પ્રભુને પ્રસન્ન. જે ટાણે ભગવાનને જેમ ગમે તેમ તે ટાણે કરવું. મન ફાવે ત્યારે જમાડે ને મન ફાવે ત્યારે પોઢાડે, એમ ન ચાલે.

## રસોઈ દીધાથી વિશેષ રાજી થાશું

શ્રીજી મહારાજ ગઢપુરમાં ગોપીનાથજીનું મંદિરનું બાંધકામ કરાવતા હતા. કડીયા, શિલ્પી, કારીગરો અને મજુરોના પગાર ચડી ગયા હતા. પૈસાની તાણ હતી. હકીકતમાં સ્વયં શ્રીજી મહારાજ લક્ષ્મીનાપતિ છે. પૈસાની ખેંચ હોય નહિ. અષ્ટ સિધ્ધિ ને નવ નિધિ હાજરા હજુર છે. આજ્ઞા કરે તો કુબેર ભંડારી ધનના ઢગલા કરી જાય, પણ લીલા વિસ્તારવાને માટે આવી લીલા કરતા હોય છે. તે વખતે એક હરિભકત સંતોને રસોઈ આપવા માટે આવ્યા, શ્રીજી મહારાજ પાસે ત્રણ સો રૂપીયા

મૂકીને કહ્યું, "મહારાજ મારે સંતોને રસોઈ આપવી છે." શ્રીજીએ કહ્યું, "અત્યારે રસોઈ રહેવા દો, કડીયાના પગાર દેવાયા નથી, તો આ પૈસામાંથી બધાના પગાર ચૂકવી દઈએ તો ચાલશે." ત્યારે ભગતે કહ્યું, મહારાજ ! મારે તો રસોઈ જ દેવી છે. શ્રીજી મહારાજે કહ્યું, "અમે રસોઈ દીધાથી વિશેષ રાજી થાશું, પગાર ચુકવવામાં વાપરીએ તો શું વાંધો છે !" ત્યારે ભગતે કહ્યું, "મારો સંકલ્પ અધૂરો રહી જાય, ગમે તેમ થાય મારે તો રસોઈ જ દેવી છે," શ્રીજી મહારાજે બે ત્રણ વાર સમજાવ્યા પણ પોતાની વાત મૂકી નહિ. પોતાનું ધાર્યું કર્યું, પણ ભગવાનનું ધાર્યું ન કર્યું.

આપણું મન જયાં ત્યાં ભમતું હોય, જેવા તેવા સંકલ્પ કરતું હોય અને ભગવાનની સેવા કરીએ બહારથી બરાબર ભગત દેખાય, પણ મનથી બરાબર ન હોય, તન સેવામાં છે પણ મન સેવામાં નથી, તો તેનો કોઈ અર્થ નથી. માટે સ્વામી કહે છે, મન કર્મ વચનથી સેવા કરવી, તે જ મોટો લાહ્વો છે.

**પામી પ્રભુ પ્રગટને, જેણે લીધો છે મોટો લાવો;**
**મોટો લાભ મળી ગયો, ટળી ગયો પુરણ દાવો.**

સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ પ્રગટ અને પ્રગટ જ છે, શ્રીજી મહારાજે સ્વયં પોતાના મુખે કહ્યું છે કે મારા હાથે પધરાવેલાં મૂર્તિઓમાં હું અખંડ નિવાસ કરીને રહીશ. એમાં રહીને ભકતજનોના મનોરથ પુરા કરીશ. ભુજમાં પધરાવેલ શ્રીજી હસ્તે નરનારાયણદેવ સાક્ષાત્ મૂર્તિમાંથી બોલ્યા તે સત્ય ઘટનાની કથા સાંભળીએ.

## પ્રભુ સદાય પ્રગટ છે

એક ભકત હતા, તે પરદેશથી કમાઈને ઘરે આવતા હતા, રસ્તામાં તેમની બહેનને ઘરે આવ્યા. જેટલી કમાણી હતી તે બધી બહેનને સાંચવવા આપી. પછી પ્રેમથી બધાં ભેગાં બેસીને જમ્યા અને સુખ દુઃખની વાતો કરી. રાત્રી પડી એટલે ભાઈ નીરાંતે સૂઈ ગયો. થાકને લીધે તરત ઘસઘસાટ ઉંઘ આવી ગઈ. પૈસા જોઈને બહેનની દાનત બગડી. રાત્રે પોતાના પતિને જગાડીને કહ્યું, "મારા ભાઈને મારી નાખીએ તો પૈસા આપણને મળી જાય, પતિ દયાળુ હતો, તેણે કહ્યું, પૈસા માટે સગા ભાઈને મારી નાખવો એ મોટું પાપ છે, માટે એવી રીતે આપણાથી કરાય નહિ. આ

પાપણી છટકીને કહ્યું, "આવ્યો મોટો દયાળુ એમ કહીને પાપણી સ્ત્રીએ કુહાડાથી ભરનીદ્રામાં સૂતેલા ભાઈની ડોક કાપી નાખી, ને ઘાસ રાખવાના ઘરમાં સંતાડી દીધો. પણ ખ્યાલ રાખજો પાપ છાનું રહેતું નથી.

**સાંખી :– પાપ કરે અંધારે છાંનું કરો કે ચોકમાં,**
**અંતે પોકારી ઉઠશે, આ લોક કે પરલોકમાં.**

પાછી બહેનને ખુબ પસ્તાવો થયો. અરે મેં બહુ ખોટું કર્યું, પૈસા સારૂં મેં ભાઈનું ખુન કર્યું. ખુબ પસ્તાય છે. પછી વિચાર આવ્યો કે પુણ્યે કરીને પાપ ઠેલાય છે તેથી તે પૈસામાંથી ભુજ શ્રી નારાયણદેવને રસોઈ દેવા આવી. બ્રહ્મચારીએ થાળ બનાવ્યો. થાળ જમાડવા ગયા ત્યાં નરનારાયણ દેવે થાળને ધક્કો દીધો તેથી થાળ પડી ગયો. આવી રીતે ત્રણ દિવસ સુધી થયું, બ્રહ્મચારી વિચારમાં પડી ગયા, કે હું પવિત્રાથી રસોઈ બનાવી ઠાકોરજીને જમાડવા જાંઉ છું ને આવી રીતે કેમ થતું હશે, ત્યારે નરનારાયણ દેવ બોલ્યા, "બ્રહ્મચારીજી ! તમારો કંઈ વાંક નથી, પણ પાપી સ્ત્રી પોતાના ભાઈને મારી નાખેલ છે, તે પાપને છાનું રાખી અમને જમાડવા આવી છે, એવા પાપીનો થાળ અમે જમતા નથી.

હવે તમે નાહી ધોઈને ભંડારો લીંપીને ફરીથી રસોઈ બનાવો તો જમીશું. પછી બ્રહ્મચારી નાહી ધોઈને પવિત્ર પણે રસોઈ બનાવીને ભગવાનને જમાડ્યા. આ વાતની પેલી પાપણી બેનને ખબર પડી પસ્તાવાનો પાર ન રહ્યો.

મૂળ વાત કહેવાનો હેતુ એ છે કે, "ભગવાનની મૂર્તિ ધાતુની હોય કે પથ્થરની હોય, ચિત્રામણની કે સોનાની હોય પણ પ્રત્યક્ષ ભાવ રાખીને જો સેવક સેવા કરે તો ભગવાન તેમાં રહીને પ્રગટ પણે બધી સેવા સ્વીકાર કરે છે."

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રગટ ભાવ લાવ્યા વિના જે ભકત પૂજા પાઠ કરે છે, તે કેવળ કુસકા ખાંડે છે, કુસકા ખાંડવાથી કણ નીકળે નહિ. કેવળ મૂર્તિ માનશો તો કાંઈ સાર નીકળશે નહિ. આ મૂર્તિમાં મારા ભગવાન સાક્ષાત્ બિરાજમાન છે આવો ભાવ રાખીને જો સેવા કરવામાં આવે તો ભગવાન સેવા સ્વીકારે છે.

દુધમાં ઘી છે, પણ દૂધ પીવાથી ઘીનો સ્વાદ ન આવે. આ જગતમાં સાક્ષાત્ ભગવાન રહ્યા છે. જેમ દૂધમાં ઘી છે તેમ કેવળ દૂધ પીવાથી ઘી મળે નહિ, દૂધને પહેલાં મેળવવું પડે, પછી વલોવવું પડે, પછી માખણ કાઢવું પડે, પછી માખણને

તાવવું પડે પછી ઘી બને.

એમ ભગવાન સર્વે સ્થળે બિરાજે છે, પણ એમને એમ પ્રગટ થતા નથી. વૈરાગ્યરૂપી મેળવણે કરીને ભકિતરૂપી દહીં જમાવવું પડે, ભકિત બરાબર જામીજાય અંદર વૃત્તિરૂપી દોરડીથી વલોવીએ ત્યારે જ્ઞાનરૂપી માખણ બને. પછી સંયમરૂપી તાપમાં તાવવું પડે, પછી ભગવાન ધ્યાનરૂપી ઘીથી સાક્ષાત્કાર થાય છે. આ રીતે પ્રભુને પ્રગટ ભાવથી ભજે તેના સુખનો કોઈ પાર આવે નહિ. પ્રત્યક્ષ એટલે આપની સામે જે દેખાય છે તે. અને પરોક્ષ એટલે નજર સામે ભગવાન ન દેખાય તે.

**દંતી ગયા દાંત રહ્યા, કેમ ભાંગે કોટ કમાડ;**
**નિષ્કુળાનંદ પરોક્ષ ભકિતને પ્રિછજો એક પાડ.**

નિષ્કુળાનંદ સ્વામી દાખલો આપે છે. એક રાજા પાસે મોટો જોરાવર હાથી હતો. કોઈ રાજા લડાઈ કરવા આવે તો કોઈ પણ સૈનિકને લડવા જવું પડે નહિ આ જોરદાર હાથીને રણમેદાનમાં લડવા મૂકે. હાથી એવો જોરાવર કે આડો અવડો દોડી દોડીને દાંત એવા ભરાવે કે લડવૈયા સંગ્રામ છોડીને ભાગી જાય. એકલો હાથી જીત કરી આવે.

એમ કરતાં હાથીનું મરણ થયું. પછી બધાએ વિચાર કર્યો કે હવે શું કરશું કોઈ રાજા લડવા આવતો ત્યારે હાથી બધાના ભૂકા કાઢી નાખતો, જીત થતી અને રાજય નિર્ભય રહેતું, હવે હાથી નથી, શું કરશું.

તેમાં દોઢ ડાહ્યા હતા, તેમણે કહ્યું, ‘‘શા માટે મુંઝાવ છો, મરેલા હાથીના દાંત કાઢી લ્યો, જયારે લડાઈ થાય ત્યારે દાંત રણસંગ્રામમમાં મૂકી દેશું, તેથી જીત થઈ જાશે. વિચાર કરો એવી રીતે કાંઈ જીત થતી હશે. તેમ પ્રગટ ભાવ લાવ્યા સિવાય જો ભગવાનની સેવા પૂજા કરે તો હાથીના દાંતના જેવું કહેવાય. પ્રત્યક્ષ હાથીથી જીત થાય, કેવળ દાંતથી જીત ન થાય. તેમ પ્રત્યક્ષ ભાવથી પ્રભુ પ્રગટ થાય છે.

શ્રીજી મહારાજના વખતમાં સત્સંગ ઘી જેવો હતો. પછી ધીરે ધીરે માખણ જેવો થયો. પછી દહીં જેવો થયો, પછી હળવે છાશ જેવો થયો. સત્સંગ સભામાં ઘણા ભકતજનો ભેગા થાય. પણ ખરેખરા ભકતજનો ગણ્યા ગાંઠ્યા મળે, ઉપરછલો સત્સંગ વધારે દેખાય છે, તેથી સંતોનો દ્રોહ કરતાં વાર ન લાગે. કોઈને ઉતારી પાડવામાં પાર ન લાગે. બીજાના દોષ જોવામાં ઝપાટો કરે. માન, મોટપ ને આદર-

સત્કાર અને વખાણ કરવામાં જ મોટાઈ માને. આમાં કોઈનો વાંક નથી. સમય સંજોગે આવું બધું ચાલ્યા કરે છે.

**પરોક્ષ ભકત રે પામે નહિ પ્રાપ્તિ રે, જીવની જરાય જંપે નહિ ઝાળ રે;**
**પુરાણ થયાની રે પ્રીતિ નવ પડે રે, સંશયવત રહે સદા કાળ રે. પરો.**

આ અદ્‌ભુત પદ છે, પરોક્ષ ભકતથી જરાય ઝાળ જંપે નહિ, માયિક વિષયની જે ભૂખ છે તે જંપે નહિ.

**विषया विनिवर्तन्ते निराहारस्य देहीन ।**
**रसं वर्ज्य रसोप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥**

બહાર પંચવિષય પ્રાપ્ત ન થાય તો મનમાં ઉપભોગ થાય. મનની અંદર એનું ચિંતવન કર્યા કરે. પંચવિષયનું ચિંતવન કર્યા સિવાય એક સેકન્ડ પણ રહી શકતો નથી. જીવને પંચવિષય વિના એક પળ પણ ચાલતું નથી. આંખરૂપનો આહાર કરે છે. કાન શબ્દનો આહાર કરે છે. ત્વચા સ્પર્શનો આહાર કરે છે.

## મન ઝાંખું પડે નહિ

નાસીકાને ગંધનો આહાર છે, જીભને રસનો આહાર છે, આ પંચવિષયને જો ભગવાનમાં જોડે તો માયિક વિષયની ઝાળ જંપી જાય.

અંધારૂં ઘર હોય એમાં કોઠી ને ડબા જેવી વસ્તુ પડી હોય. એ બધી વસ્તુ આપણને દેખાય નહિ. પણ આછી ખબર પડે કે કાંઈક છે ખરું. જયારે પ્રકાશ થાય ત્યારે બરાબર દેખાય. તેમ જયારે પ્રગટ ભાવ ભગવાનમાં થશે ત્યારે સાક્ષાત્કાર થશે.

ભગવાન અણુમાત્ર મારાથી દૂર નથી, એવું જે હંમેશા માને તેને નિષ્ઠા કહેવાય. નિષ્ઠાવાન ભકતને કોઈ દિવસ સંકલ્પ ન થાય કે ભગવાન તમે આમ કેમ કરો છો ? ગમે તેટલા બિમાર થાય કે આપત્તિ આવે કે ધંધામાં ખોટ જાય, કે હળાહળ અપમાન થાય, છતાં પણ કોઈ દિવસ ભગવાનને એમ ન કહે કે ભગવાન તમે આમ કેમ કરો છો.

એ સદાય વિચારે કે ભગવાન કોઈ દિવસ કોઈનું બગાડે નહિ, ભગવાન સદાય સર્વેનું હિત કરનારા છે, ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ મન ઝાંખું પડે નહિ. તેને નિષ્ઠાર્થી કહેવાય. દિલમાં લેશ માત્ર ડગમગાટ થાય નહિ.

**ધર્મે બોલવું ધર્મે ડોલવું, ધર્મે જોવું દૃષ્ટે કરી;**
**સુતા બેઠા જાગતાં, ધર્મ નેમ રહેવું ધરી.**

ધર્મે બોલવું એટલે ગાળ ન બોલવી, ફીલ્મી ગીત ન ગાવાં એલફેલ ન બોલવું, કડવાં વચન બોલી કોઈની આંતરડી દુભાવવી નહિ. ઘણા માણસો સત્તાવાળાને છતી આંખે અંધાપો આવી જાય છે. તેથી ગરીબને ખખડાવીને રડાવે છે. ન બોલવાનું બોલી હડધૂત કરતા હોય છે. આવા માણસોને અધર્મી કહેવાય. અધર્મીના માથા ઉપર બોર્ડ ન હોય. એની જીભ કરવતનું કામ કરતી હોય છે. નિયમમાં દૃષ્ટિ રાખીને જોવું તેને ધર્મે જોયું કહેવાય. નામ સ્મરણ કરતાં કરતાં સુવું, તેને ધર્મે સુતા કહેવાય. મર્યાદાથી બેસવું, ગમે ત્યાં બેસો ત્યારે સ્ત્રી હોય તેમને પુરુષને અડીને બેસવું નહિ કારણ કે તેમાંથી માનસિક પાપ થવાનો સંભવ છે. નીતિ નિયમનું પાલન કરવું તેને ધર્મે બેઠા કહેવાય. દૃષ્ટિ નીચી રાખીને ચાલવું, ફાટી દૃષ્ટિએ ન ચાલવું તેને ધર્મે ચાલ્યા કહેવાય. પવિત્ર પણે રસોઈ બનાવી, ભગવાનને જમાડીને જમવું, તેને ધર્મે જમ્યા કહેવાય. દારૂ મિશ્રિત દવા પણ ખાવી નહિ.

એક ઘૂંટડો દારૂ પીવે છે તે દસ હજાર વરસ સુધી નર્ક માં દુઃખી થાય છે. ગમે તેવા સુખ દુઃખમાં મૂંઝાઈને ધર્મ મૂકી દેવો નહિ.

## હું ભારત માતાનું સંતાન છું

**સુખ દુઃખના સમૂહ માંહી, મૂંઝાઈ ધર્મ મૂકવો નહિ;**
**નિષ્કુળાનંદ નિશ્ચય કરી, ધાર્યો ધર્મ તે ચૂકવો નહિ.**

ગમે તેવા રાજપાટ કે માલ મિલકત મળે તો પણ પદાર્થને લાલચે કરીને ધર્મ ચૂકી જવો નહિ.

આજથી બસો વરસ પહેલાં આપણા ભારત દેશમાં દિલ્હીમાં ઔરંગઝેબ બાદશાહ થઈ ગયો. જેટલી સાડીમાં ભાત એટલાં એનાં પાપ હતાં. પાપનો પર્વત હતો. જરાય દિલમાં દયા નહિ. ઈસ્લામ ધર્મ વધારવા માટે હિંદુઓને મુસલમાન બનાવતો. કેટલાય હિંદુને મારી નાખેલા. જે હિંદુ મુસલમાન બનવા તૈયાર ન થાય તેને જીવથી મારી નાખતો.

મહારાષ્ટ્ર દેશના છત્રપતિ શિવાજીને કોણ નહિ ઓળખતું હોય? સમગ્ર ભારત

દેશ એમને ઓળખે છે જેમણે હિંદુ ધર્મને બચાવ્યો છે, એને કેમ ભૂલી શકાય ? એક વખત છત્રપતિ શિવાજીના પુત્ર શંભાજીને મુસલમાન બાદશાહે પકડ્યો, પકડીને રાજમહેલમાં લઈ ગયો અને કહ્યુંતું હિંદુ ધર્મને મૂકી દે અને મુસલમાન બની જા. અને મારી દીકરી સાથે પરણી જા. તો ગામ, ગરાસ, ધન, માલ, હીરા માણેક અને અડધું રાજ્ય આપીશ, આખી જીંદગી તને કમાવું નહિ પડે, મારું વચન માનને લગ્ન કરવાની હા પાડ, નહિંતર મારી નાખીશ.

ત્યારે જેના જીવનમાં નસે નસમાં ધર્મ ધબકે છે એવા યુવાન શંભાજીએ સિંહની જેમ ગર્જના કરીને જવાબ આપ્યો, "અરે નાયલાક નરાધમ, તારી દીકરી પરણાવી મને મુસલમાન કરવા માગે છે ? પરંતુ યાદ રાખજે હું છત્રપતિ શિવાજીનો સુપુત્ર છું, હિંદુ ધર્મ એ તો મારી મા છે, ભારત માતાનું હું સંતાન છું, તારી દીકરી સાથે હું પરણવા માગતો નથી. મોત સ્વીકારવા તૈયાર છું પણ ધર્મ છોડવા તૈયાર નથી.

મુસ્લીમ રાજાને અતિશે ક્રોધ ચડ્યો. મારા વચનને ઠુકરાવનાર તું કોણ ? હમણાં હતો ન હતો કરી નાખીશ. સત્તાના મદથી આંધળા થયેલા બાદશાહે તરત સૈનિકો દ્વારાએ શંભાજીને પકડીને દબાવ્યો, ત્યારે શંભાજીએ મનમાં ભગવાનને યાદ કર્યા. નરાધમ પાપી બાદશાહે શંભાજીની બન્ને આંખોમાં ડામ દીધા અને માર મારી રીબાવીને મૃત્યુ પમાડી દીધો. ધર્મને માટે શંભાજીએ કુરબાની કરી લીધી. પણ ધર્મ છોડ્યો નહિ. શાબાશ છે ભારત માતાના સંતાન શંભાજીને. ધર્મવાળાને ગમે તેવું દુઃખ આવે છતાં પણ ધર્મ તજતા નથી.

**ધર્મ ગયે ધરા ધામ મળે, ધર્મ ગયે મળે સુત વામ;**
**ધર્મ ગયે ખાન પાન મળે, તે સરવે કરવું હરામ.**
**ધર્મ ગયે સુખ સંપત્તિ મળે, ધર્મ ગયે મળે રાજ પાટ;**
**ધર્મ ગયે મોટપ મળે, બળી વળી થઈ સઈ ખાટ.**

ગમે તેટલી સુખ સંપત્તિ મળે, ખાન પાન મળે, રાજપાટ મળે, માન મોટપ મળે છતાં પણ ધર્મ છોડવો નહિ. ધર્મને પકડી રાખવો, ધર્મ તમે સાચવશો તો ધર્મ તમને સાચવશે. જેમ પ્રાણ વિનાના શરીરને શબ કહેવાય છે, તેમ ધર્મ વિનાને જીવતાં મરેલો કહેવાય છે. જેમ દેહ જીવને આધારે છે, તેમ જીવ ધર્મને આધારે છે. ધર્મ વિના જીવવું તે જીવનને પણ ધિક્કાર છે. વિશ્વવિહારીજી ગાય છે.

**ધિક્ ધિક્ રે પ્રભુ ભજયો નહિ આ ટાણે.**
**તને ડાહ્યા જનો શું વખાણે રે ધિક્ ધિક્ રે પ્રભુ ...**
**મળ્યો મનુષ્યનો દેહ નાવ જેવો, ભવસિંધુ તરી શકાય તેવો;**
**રહ્યો આળસુ તું એવોને એવો રે ધિક્ ધિક્ રે પ્રભુ ...**
**વિશ્વવિહારી લાલજી ભજીશ, સહેજે સંસાર સિંધુ તરીશ;**
**જઈ અક્ષરમાં વાસ તું કરીશ રે ધિક્ ધિક્ રે પ્રભુ ...**

ધર્મ પાળનાર ભકતજનને સંજોગ વસાત્ એવો પ્રસંગ આવે કે અધર્મ કરે તો જ ધન મળે નહિંતર ન મળે, અને ધર્મનું પાલન કરે તો ભિખારીની જેમ ભિક્ષા માગીને પેટ ભરવાનો પ્રસંગ આવે, તો તેવા સમયમાં શું કરવું ? ભિખ માગવી કે પછી ધર્મ છોડીને રૂપીયા ભેગા કરવા ? તો શ્રીહરિ તેનો જવાબ આપે છે, તે સાંભળો.

**નાવસીદતિ ચેદ્ધર્મઃ કપાલે નાપિ જીવતા ।**
**આઢ્યાસ્મીત્યેવ મન્તવ્યં ધર્મ વિતા હિ સાધવઃ ।।**

ધર્મ પાળતાં પાળતાં ભિક્ષા માગવાનો પ્રસંગ આવે તો ભીખ માગીને પણ પોતાને હું ધનવાન છું એમ માનવું. કારણ કે ધર્મ છે તે જ સાચું ધન છે એમ મહાપુરુષોએ કહેલું છે. ધર્મને જે સાચું ધન માને છે તેઓ અત્યારે સુખી છે અને ભવિષ્યમાં પણ સુખી થશે.

ધર્મ છે તે પરમાત્માનું હૃદય છે, ધર્મની સ્થાપના કરવા માટે ભગવાન ધર્મને ઘરે પ્રગટ થયા છે. ધર્મને ધારણ કરાવનારા સંતો છે, તેથી હંમેશાં સંતનો સમાગમ કરવો.

**પરમ ધર્મે કરી હરિને ગમવુંજી, ગમતું જોઈને દેહને દમવુંજી;**
**તેમાં સુખ દુઃખ આવે તે ખમવુંજી, ભૂલી બીજી વાત કેદી ન ભમવુંજી.**

ધર્મને પરમ કરી રાખીએ તો હરિને ગમીએ, સત્સંગી હોય એને બધાને ઈચ્છા થાય કે આપણે ભગવાનને ગમીએ. જગતમાં કોઈ મોટો માણસ હોય તેને દેખીને આપણને એમ ઈચ્છા થાય કે મને ઓળખે તો સારું. મારા ઉપર દયા દૃષ્ટિ કરે તો સારું. મને જોઈને જરા હસે તો સારું, મને પ્રેમથી બોલાવે તો સારું, આપણને આવી ઈચ્છા થાય. ત્યારે આ જગતના નાથ પરબ્રહ્મ પરમાત્માથી કોઈ મોટું નથી, તે આપણા

ઉપર કયારે રાજી થાય, આપણે શું કરીએ તો ભગવાનને વહાલા લાગીએ, આપણે એની આજ્ઞા પાળીએ તો વહાલા લાગીએ. સ્વાભાવિક રીત છે કે ગુરુ જેમ કહે તેમ શિષ્ય કરે તો ગુરુને વહાલો લાગે. માતા પિતા જેમ કહે તેમ દીકરો કરે તો દીકરો મા બાપને વહાલો લાગે. પતિ જેમ કહે તેમ પત્ની કરે તો પત્ની પતિને વહાલી લાગે. શેઠ જેમ કહે તેમ નોકર કરે તો શેઠને નોકર વહાલો લાગે. તેમ ભગવાન જેમ કહે તેમ ભકત કરે તો ભગવાનને વહાલો લાગે.

પ્રભુનું ગમતું કરવું હોય તો દેહને દમવું, તેમાં સુખ દુઃખ આવે તે ખમવું. નિષ્કુળાનંદ સ્વામી સરસ બાબત રજૂ કરે છે.

**આગન્યામાં વશ્ય અહોનીશ રહી, જેમ વાળે તેમ વળવું;**
**તર્ક ન કરવો તને મને, શ્રધ્ધાએ સેવામાં ભળવું.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે શ્રધ્ધાએ સેવામાં ભળવું. ભગવાનના માર્ગમાં ત્રણ વસ્તુની જરૂર પડે છે. ભગવાનમાં પ્રીતિ જોઈએ, ભગવાનમાં વિશ્વાસ જોઈએ અને ત્રીજી બાબત ભગવાનમાં શ્રધ્ધા જોઈએ.

## ભકતની શ્રધ્ધાને જોઉં છું

એક વખત નારદજી વૈકુંઠમાં જતા હતા, રસ્તામાં ઘાઢ જંગલ આવ્યું, ત્યાં આંબલીના વૃક્ષ નીચે બે તપસ્વી તપ કરતા હતા. નારદજીને જોયા કે તુરંત બોલાવ્યા અને કહ્યું, ''આપ ત્રિલોકમાં ફરનારા છો, ભગવાનની પાસે જાઓ છો. પૂછતા આવજો કે અમને દર્શન દેવા કયારે પધારશો ?''

નારદજી વૈકુંઠમાં આવ્યા. ભગવાનને નમસ્કાર કરી પગે લાગીને બેઠા, પછી વાત કરી કે, ''મહાપ્રભુ, બે તપસ્વી જંગલમાં તપ કરે છે, તેમને દર્શન દેવા આપ કયારે પધારશો ?'' ભગવાને કહ્યું કે જે આંબલીના વૃક્ષ નીચે તપ કરે છે, તે વૃક્ષનાં પાંદડે પાંદડે હજાર વરસ પુરાં થશે ત્યારે દર્શન દેવા આવીશ. નારદજી કહે એમ કહી દોને કે દર્શન દેવાં નથી. આંબલીનાં પાંદડાં ગણ્યા ગણાય નહિ. પાછાં એક એક પાંદડે હજાર વરસ કયારે પુરાં થાય ને કયારે દર્શન દેવા પધારો.

સંદેશો લઈને નારદજી આવ્યા તપસ્વી પાસે અને કહ્યું કે આ આંબલીનાં પાંદડાં છે. પાંદડે પાંદડે હજાર વરસપુરાં થશે ત્યારે દર્શન દેવા ભગવાન આવશે.

આવું સાંભળીને એક તપસ્વી હિંમત હારી ગયા, ઊંડો નિસાસો નાખીને બોલ્યા, આટલાં વરસ કયારે પુરાં થાય ? ભગવાનને દર્શન દેવાની ઈચ્છા લાગતી નથી. આવું બોલીને તરત રવાના થઈ ગયા. મારે હવે તપ કરવું નથી.

બીજા તપસ્વી હતા તે હિંમતવાળા ને શ્રધ્ધાળુ હતા. તે રાજી રાજી થઈ ગયા. ગમે ત્યારે દર્શન દેવા ભગવાન આવશે તો ખરા ને ! આવી દ્રઢ શ્રધ્ધા જોઈને ભગવાન તરત પ્રગટ થયા. તરત તપસ્વીએ દોડીને પ્રભુનાં પગ પકડી લીધા. વાહ મહારાજ વાહ, મારી ઈચ્છા તમે પુરી કરી. નારદજી આ જોઈને સ્તબ્ધ થઈ ગયા. પ્રભુને કહ્યું, ''મહારાજ તમે પણ ખોટું બોલતા શીખી ગયા છો. મને કહે આંબલીનાં પાંદડાં જેટલાં વરસ જશે ત્યારે દર્શન દેવા આવીશ અને એટલીવારમાં દર્શન દેવા આવી ગયા.'' પહેલાં કહેવું હતું ને, ઓલ્યો તપસ્વી બીચારો નિરાશ થઈને ચાલ્યો ગયો. ત્યારે ભગવાને સરસ જવાબ દીધો. નારદજી હું તપ, જપ કે ધ્યાન ધારણા સામે જોતો નથી. પણ ભકતની શ્રધ્ધાને જોઉં છું.

**શ્રધ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમચિરેણાધિગચ્છાતિ ॥**

શ્રધ્ધાવાન ભકત જ્ઞાનને પામે છે. તેથી તત્કાળ પરમપદને પામી શકે છે. અતિશે શ્રધ્ધાવાન હોય તેને વહેલી સાધનની સમાપ્તિ થાય છે. જેની શ્રધ્ધા બળવાન હોય, તે હમણાં તરત સત્સંગી થયો હોય તો પણ અતિશે સરસ થઈ જાય છે.

**બેસ કહે તો બેસવું, ઉઠ કહે તો ઉઠવું વળી;**
**ચાલ કહે તો ચાલવું, સુણ વચનને જાવું મળી.**
**બોલ કહે તો બોલવું, રહે મુન્ચ કહે તો રહેવું મુન્ચ;**
**આગન્યાથી ઉપરાંત બીજું, જાણવું નહિ પાપ પુન્ચ.**

ભગવાન જેમ કહે તેમ કરવું, મોટા સંતો જેમ કહે તેમ કરવું, ઊઠ કહે તો ઊઠવું, ચાલ કહે તો ચાલવું, બેસ કહે તો બેસવું, મૌન રહે કહે તો મૌન રહેવું.

શ્રીજી મહારાજે મગ્નિરામની નિર્માનીપણાની પરીક્ષા લીધી, ત્યારે મગ્નીરામને કહ્યું, ''સાધુઓના જોડાનું પોટલું બાંધી માથા ઉપર રાખીને આ સભાને પાંચ પ્રદક્ષિણા કરો. તો તમને સાધુ કરીએ.'' તરત લાજ શરમ મૂકીને જોડા માથા ઉપર રાખીને

પ્રદક્ષિણા ફર્યા. "મહારાજ હવે મને સાધુ કરો." શ્રીજી કહે આ તમારી જટા બહુ મોટી છે, તેને ઉતારીને સાધુના સ્નાન કરવા જવાના રસ્તામાં ફેંકી દો, તો અમે તમને નિર્માની થયા જાણીએ. મગ્નીરામને ગરજ હતી, કે મારી ગમે તેવી પરીક્ષા લેશે છતાં પણ સાધુ થઈને શ્રીજી અને સંતની સેવામાં જીવન વીતાવવું છે. તેથી તરત વાતને સ્વીકારી લીધી. જટા રસ્તામાં ફેંકી દીધી. આવા ખપવાળા જાણીને શ્રીજી મહારાજે મગ્નીરાને સાધુ કર્યા. નામ રાખ્યું અદ્વૈતાનંદ સ્વામી. ભગવાનને મળવાનો ખપ હોય તેનાથી શું ન થાય !

**ધર્મ ધર્મ સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે;**
**પ્રગટ પ્રભુનાં વચન પાળે, એથી મોટો કોઈ ધર્મ છે ?**

પ્રગટ પ્રભુનાં વચન પાળવાં એ જ ધર્મ છે, ગમે તેવી સમ વિષમ પરિસ્થિતિ ઊભી થાય છતાં ધર્મમાંથી ડગવું નહિ.

**ધર્મ છે ધામ રે સર્વે સુખનું રે, રાખજો જન કરીને જતન રે;**
**ધર્મ ધારીને રે સંત સુખીયા થયા રે,**
**વહાલપે વસ્યા હરિને વચન રે. ધર્મ.**

તમામ સુખનું ઘર ધર્મ છે. તેને જતન કરીને રાખજો. જે કોઈ સુખીયા થયા છે તે ધર્મ ધારીને જ સુખીયા થયા છે. બગામણા બોર હોય તે શિયાળાની ઠંડીથી ઉપર ઉપર લાલ દેખાય. અંદર સાવ કાચા હોય. આ જગતની અંદર ઘણા ધર્મો છે, પણ સનાતન ધર્મ જેવો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી. બીજા ઘણા બધા સદ્‌ગુણો હોય પણ જો ધર્મ ન હોય તો સદ્‌ગુણો નકામા થઈ જાય છે.

ધર્મ રાખે તેને ધર્મી કહેવાય. આ જગતની અંદર ઘણા માણસો એમ માનતા હોય છે કે સવારે નહાવું ધોવું, પૂજા, પાઠ, તિલક ચાંદલો કરવાથી ધર્મિષ્ઠ કહેવાઈએ. પણ ધર્મની સૂક્ષ્મ રીત જુદી છે. કોઈ ગરીબને રીબાવી ધમકાવીને હેરાન કરી પૈસા પડાવી લેવા એ મોટો અધર્મ છે.

## મારું ખેતર પચાવી જાશો !

એક વૃધ્ધ માજી હતાં, ૮૦ વરસની ઉંમર, સાવ ગરીબ પરિસ્થિતિ. એક અપંગ દીકરી હતી, દીકરા નહોતા. ગામની નજીક એક ખેતર હતું તેમાંથી જે કાંઈ

ધાન્ય થાય તેમાંથી ગુજરાન ચલાવે. તેવામાં એવું બન્યું કે સત્તાના મદથી રાજાની દાનત બગડી કે આ ડોસીમાનું ખેતર લઈ લઈએ. એની આજુ બાજુ કોઈ છે નહિ એટલે દબાવીને લઈ લેશું તો કોઈ ઉપરાણ કરશે નહિ. તેથી એક દિવસે ડોસીમાને કહ્યું, ''આ ખેતર રાજદરબારનું છે. તમારો તેમાં કોઈ હક્ક નથી. હવેથી વાવવા જશો નહિ. અને આ વાત કોઈને કહેશો નહિ. કહેશો તો મા દીકરીને જેલમાં પુરી દેશું.'' ડોસીએ કહ્યું, ''કાંઈ વાંધો નહિ, પણ મને એક ટોપલો મારા ખેતરમાંથી માટી ઉપાડવા દેજો.'' રાજા કહે ભલે. પછી રાજા ખેતરમાં આવ્યો. ડોસીમાએ માટીનો ટોપલો ભર્યો અને કહ્યું, ''અન્નદાતા આ ટોપલો માટીનો ઊંચો કરાવી મારા માથા ઉપર ચડાવો.'' રાજા કહે ડોસીમા આવડો ટોપલો માટીનો વજનદાર તમારાથી ઉપડશે નહિ. દબાઈ જાશો માટે રહેવા દો. ત્યારે ડોસીમાએ રડતાં રડતાં કહ્યું, ''એક ટોપલો માટી મારાથી નહિ ઉપડે તો તમારાથી આવડું મોટું ખેતર કેમ ઉપડશે.'' મારા જેવી રાંકડી વિધવાનું ખેતર પચાવી જાશો તે કેમ પચશે, વિચાર કરો રાજન્ હું તો રડતે કકડતે સહન કરી જઈશ પણ ઈશ્વર માફ નહિ કરે. કોઈને રડાવીને ઘરમાં સંપત્તિ લાવો એ સંપત્તિ કયારેય પણ સુખી કરશે નહિ. કોઈને દુઃખી કરીને તમે સુખી થવા ઈચ્છો છો એનો બદલો કુદરત જરૂર લેશે. બીજાને રડાવી તમે હસશો તો એક દિવસ એવો આવશે કે તમારાં આંસુ લૂછનાર કોઈ નહિ મળે.

ડોસીમાની કાલીઘેલી સાંભળી રાજા ઢીલા થઈ ગયા. અંતરની આંખ ઉઘડી ગઈ. બે હાથ જોડી રાજા બોલ્યા. ''ડોસીમા તમે રડો નહિ, હું તમારું ખેતર નહિ લઈ લઉં. તમે રાજીપે રહીને હરિ ભજન કરો.''

દુઃખી જોઈને દિલ દ્રવી જાય. બનતી કોશીશે મદદ કરે, સાથો સાથ ધર્મ નિયમનું પાલન કરે તેને સાચી હકીકતમાં ધર્મી કહેવાય. પરમાત્માની આજ્ઞાને મોટા મોટા પણ ઈચ્છે છે.

**મોટા મોટા ઈચ્છે છે, મનમાં આજ્ઞા સારૂં ઉરમાંય;**
**એવા પ્રભુની આગન્યા, મળવી મોંઘી સહુને સદાય.**

વાંદરાં જેમ મૂઠી ચણા મળતાં હાથમાં આવેલું કીંમતી વસ્તુ છોડી દે છે. તેમ આપણે પણ નજીવી બાબતો પાછળ પોતાની મહામોંઘી જીંદગી ગુમાવી દઈએ છીએ.

## અમૂલ્ય તક ગુમાવી નાખીએ છીએ

પરમ કૃપાળુ પરમાત્માએ જગતના માણસો ઉપર ઘણી દયા કરેલી છે. તેમાં પણ મનુષ્ય જાત ઉપર તો પરમાત્માએ પોતાની કૃપાનો બેહદ વરસાદ વરસાવેલો છે. ભજન ભકિત કરી પ્રભુની નજીક જઈ શકાય તેમ છે, છતાં પણ અફસોસની વાત એ છે કે આપણે અજ્ઞાનપણાને લીધે અમૂલ્ય તક ગુમાવી નાખીએ છીએ અને હાથમાં આવેલી ઉતમ વસ્તુને ફેંકી દઈએ છીએ. તેના બદલે નજીવી નકામી વસ્તુઓથી રાજી થઈ જઈએ છીએ.

મથુરા બાજુ વાંદરા ઘણા હોય. ધ્યાન ન રાખો તો વસ્તુ ઉપાડી જાય. પૈસાનું પાકીટ હોય કે દાગીનાનું પોટલું હોય જે મળે તે ઉપાડી જાય. આવી બધી કીમતી વસ્તુ વાંદરાને કાંઈ કામ આવે નહિ. પછી વાંદરાને જો મૂઠી ચણા દો તો રાજી રાજી થઈ જાય અને કીમતી વસ્તુ ફેંકી દે.

તેમ આપણે બધા કીમતી વસ્તુને ફેંકી ને નકામી નજીવી વસ્તુને પકડી રાખીએ છીએ. મોહ, માયા, મારું, તારું, આળસ, અજ્ઞાન, અદેખાઈ આદિ નજીવી વસ્તુ પકડીને બેઠા છીએ. વાંદરા મૂઠી ચણાથી રાજી થઈ જાય તેમ આપણે માલ મિલ્કત, પૈસા, પુત્ર, પરિવાર મળવાથી રાજી થઈએ છીએ ને કીમતી તક ફેંકી દઈએ છીએ. મોંઘી કીમતી વસ્તુ સત્સંગ છે તેને મૂકી દઈને વાંદરાની જેમ રખડ્યા કરીએ છીએ.

**જેમ મોર પત્નિ બિંદુ આવતાં, રત લીયે છે રસે ભરેલડાં;**
**તેનો મયૂર થાય તદવત, થાય પડતાં બિંદુનાં ઢેલડાં.**

મોર કળા કરે ત્યારે તેની આંખમાંથી આંસુ પડે તેને ઢેલ અધ્ધરથી ઝીલી લે તો એને મોર જન્મે. નીચે પડેલું બિદુ પીવે તો ઢેલડાં થાય. દૃષ્ટાંત આપી નિષ્કુળાનંદ સ્વામી કહે છે ભગવાનના ભકતને ભગવાનની આજ્ઞા અધ્ધરથી ઝીલી લેવી. આજે આજ્ઞા કરી તો આજે જ કરવું. મહિના પછી નહિ. ગરમા ગરમ ભોજન આવે તો આપણે તરત જમી લઈએ. મોડું થાશે તો ઠરી જાશે. તરત જીવનમાં આજ્ઞા ઉતારવી. આળસ રાખવી નહિ.

**અંગો અંગ અવલોકીને, નખશીખ જોયા નાથ નીરખી;**
**એથી પર નથી પામવું, એમ હૈયામાં ધારવું હરખી.**

ભગવાનના ભકતને નીરખીને અંગો અંગનું ધ્યાન કરવું. મુમુક્ષુ ભકતો સહેલાઈથી ચિતવૃત્તિનો નિરોધ કરી મૂર્તિમાં જોડાઈ શકે એવા હેતુથી શ્રીજી મહારાજે દિવસમાં પાંચ વખત માનસી પૂજા કરવાની પ્રણાલિકા ચાલુ કરી. માનસી પૂજા દ્વારા ધ્યાનનો અભ્યાસ વધે છે. દરરોજ સવારે ભગવાનનું બરાબર એકાગ્રતાથી ધ્યાન અને પૂજા પાઠ કરે. થોડીવાર યાદ કરે તો ભગવાન એને આખો દિવસ યાદ કરે છે.

## મનથી માને હું મહાન છું

જેને ભગવાનનો સાક્ષાત્કાર થયો હોય તેને જ્ઞાની કહેવાય. પછી ભલેને એને બોલતાં આવડે અથવા ન આવડે. વિદ્વાન્ હોય કે ન હોય. ભણેલા હોય કે અભણ હોય. પણ જેને પરમાત્મા સાથે એકતા થઈ છે, તેનું નામ જ્ઞાની. જેના હૃદયમાં ચોવીસે કલાક અખંડ ભગવાનનો આનંદ રહ્યા કરે અને જગત વિસરાઈ જાય તેને જ્ઞાની કહેવાય. બાકી પાંચ દશ શ્લોક આવડી જાય. બે પાંચ કીર્તન આવડી જાય. પાંચ દશ વાર્તા આવડી જાય. રાગ તાલ અને ભાષણ આવડી જાય ને બીજા સાંભળે ને તાલી પાડે એટલે એને થાય કે હું જ્ઞાની છું.

એક પંડિત એક મહાત્માજી પાસે આવ્યા. મહાત્માજી સૂતા હતા. ભરપુર ઊંઘમાંથી જગાડ્યા અને કહ્યું, ''મહાત્માજી તમે કથા સારી વાંચો છો. મને શીખવાડો.'' ત્યારે મહાત્માજીએ કહ્યું, ''હું કોઈ પાસેથી શીખ્યો નથી, મારા હૃદયમાંથી જે ભગવાન બોલાવડાવે છે તેવું હું બોલું છું.'' ત્યારે પંડિતે કહ્યું, ''હું પણ કથા કરું છું,'' મારાથી મોટા મોટા પંડિતો અને વિદ્વાનો કથા કરે ત્યારે કોઈ તાળી પાડતા નથી. પણ હું કથા કરું છું. ત્યારે માણસો તાળીના ગળગળાટ કરીને મારી વાતને વધાવી લે છે. ધીરેથી જો તાલી પાડે તો હું જોરથી તાલી પાડવાનું કહી દઉં.

મહાત્માજીને થયું આને અભિમાને પકડી લીધો છે તેથી પોતાના વખાણ ગમે છે. તેથી ભાષણ શીખશે બીજું શું કરશે ? આવી પ્રવૃત્તિ જેની થઈ જાય એને મનથી મનાઈ જાય કે હું જ્ઞાની છું. ચાર પાંચ ચેલા થઈ જાય એટલે મનમાં થઈ જાય કે હું મહાન સંત છું. એ બધા મને બહુ માને છે તેથી હું મહાન છું. હકીકતમાં તેને જ્ઞાની ન કહેવાય. એ માહિતગાર કહેવાય.

આ સાર સિધ્ધિનો ગ્રંથ ભગવાનમાં જોડવાનો જબરદસ્ત પ્રયત્ન કરે છે. તેથી

ભગવાનનો મહિમા વારં વાર વર્ણવે છે.

**ચરણ જુવે તો ચરણ જોઈ રહે, ચિહ્ન જુવે તો જોઈ રહે ચિહ્ન;**
**નખ જુવે તો નખ જોઈ રહે, રહે ગર્ક મહા જળે જેમ મીન.**

માછલીને પાણીમાં આનંદ આવે, તેમ ભકતને ભગવાનનું ધ્યાન કરવામાં આનંદ આવે. ભગવાનનાં ચરણમાં સોળ ચિહ્ન છે. તેજસ્વી નખ છે, દરેક અંગને સારી પેઠે નીરખવાં, ઘુંટી, પેની, જંઘા અને નાભીને નીરખીને હૃદયમાં ઉતારવાં.

ધ્યાન છે તે બહુ અગત્યની આરાધના છે, અગત્યની ભકિત છે. ધ્યાનમાં એકાગ્રતા ન રાખે તો મન આડું અવળું ડોલી જાય. ભગવાનનું સ્વરૂપ હૃદયમાં સ્થિર કરવું હોય તો બહુ એકાગ્ર થવું પડે. ધ્યાન રાત્રે થઈ શકે, બપોરે થઈ શકે, સાંજ સવારે ગમે ત્યારે ભગવાનના સ્વરૂપનું ધ્યાન થઈ શકે. દરરોજ ભગવાનનાં સ્વરૂપ સામે જોઈ રાખવું, મુખ સામે જુવો કે ચરણ સામે જુઓ, તમને ઠીક લાગે એવા એક અંગ સામે જોઈ રહો. ટેવ પાડો, પાંચ મીનીટ, દસ મીનીટ, પંદર મીનીટ અને મનમાં એક જ ઉચ્ચારણ ચાલુ રાખો સ્વામિનારાયણ સ્વામિનારાયણ. હૃદયમાં આકાર સાકાર થઈ જાય પછી સાક્ષાત્કાર થાય છે. પ્રભુના નામની રટના સાથે એ સ્વરૂપ સામે જોયા કરો, જોયા કરો, ઉતાવળ કરવી નહિ, ધ્યાન એવી આરાધના છે, એમાં ઉતાવળ ચાલે નહિ, ભગવાનનાં નેત્ર સામે કે હસ્તકમળ સામે કે ચરણ સામે જોયા જ કરો જોયા જ કરો.

હૃદયમાં એટલો ભાગ સ્થિર થઈ જાય પછી બીજું અંગ નીરખવું, ધીમે ધીમે આ રીતે ધ્યાનમાં આગળ વધાય છે.

**એમ અખંડ એક વરતિ, મૂર્તિની મુકતી નથી;**
**જેમ સરીતા સાગરમાંઈ, સનમુખ ચાલતાં ચુકતી નથી.**

નિષ્કુળાનંદ સ્વામી દષ્ટાંત આપે છે, જેમ નદી સાગર સન્મુખ ચાલવામાં પાછી પડતી નથી, એની એક ધારી ગતિ સમુદ્ર તરફ છે, જોરભેર વહેતી જાય છે, ખાડા આવે, ટેકરા આવે, ઝાડ આવે, પહાડ આવે, ગમે તે આડું આવે તોડી, ફોડી, વાંકી, ચૂંકી, રસ્તો શોધતી સમુદ્રમાં ભળે ત્યારે એને શાંતિ થાય છે. એમ ભગવાનના ભકત ને ગમે તેટલા સુખ દુઃખ આવે, અપમાન, હાની, લાભ, ગમે તેવી વિટંબણા આવે તેને તોડી ફોડીને ભગવાનમાં ગરકાવ થઈ જાય, ત્યારે જ શાંતિ થાય, ભગવાન

વિના જેને રંચમાત્ર કયાંય મમતા કે મોહ નથી એજ જ્ઞાની અને એજ ધ્યાની છે. નિષ્કુળાનંદ સ્વામી હવે સંતનો મહિમા કહે છે,

**કામદુધા કહુ શી કલ્પતરૂ, કહું નવનિધિ સિધ્ધિ સમીત;**
**પારસ કહું કે ચિંતામણી, વજ્રમણી ઘણી કહું સિત.**

કામદુધા, કલ્પતરુ, નવનિધિ, અષ્ટ સિધ્ધિ, પારસમણી, ચિંતામણી, આર્કમણી, ઈંદ્રમણી આ બધાને સેવે તો નાશવંત ફળ મળે પણ શાશ્વત ફળ મળે નહિ. પણ જો સાચા સંતને સેવે અને સમાગમ કરે તો શાશ્વત ફળ મળે છે.

**ગંગા પાપં શશી તાપં દૈત્યં કલ્પદ્રુમસ્તથા;**
**પાપં તાપં ચ દૈત્યં હન્તિ સાધુ સમાગમ.**

ગંગાજી પાપીઓનાં પાપ હરે છે. ચંદ્ર તાપને હરે છે, કલ્પવૃક્ષ દીનતાને હરે છે. પરંતુ સાધુ સંતોનો સમાગમ પાપ, તાપ અને દીનતા એ ત્રણેને હરે છે. કામદુધા ગાય અને કલ્પતરુ જેને આંગણે હોય તેના સર્વે સંકલ્પ સિધ્ધ થાય. પારસમણિ લોઢાને સોનું કરે. ચિંતામણી તમે જે ચિંતવો તે આપે છતાં પણ સંતની સાથે સરખાવાય નહિ. સંતો એના કરતાં પણ ઘણા મહાન છે.

## ભગવાનને રહેવા માટે જગ્યા જોઈએ

જેમ હાથીના પગમાં સર્વે પગલાં સમાઈ જાય છે, તેમ સંત સેવતાં સર્વે વાત સિધ્ધ થાય છે, જપ, તપ, તીર્થ, વ્રત બધું જ સંત રાજી થાય તો પુરું થાય છે, તેને કાંઈ કરવું બાકી રહેતું નથી, મોક્ષના દાતા ભગવાન અને ભગવાનનાં સાચા સંત છે. સિંહણનું દૂધ સોળવલા સોનાનાં પાત્રમાં રહે છે, તેમ જેનું હૃદય સોળવલા સોના જેવું પવિત્ર હોય તેના હૃદયમાં ભગવાન કાયમ રહે છે. આઠે પહોર જેના હૃદયમાં આનંદ હોય એવા સંતમાં રહીને ભગવાન દર્શન આપે છે. વરસાદનાં પાણીને રહેવા ખાડો જોઈએ, ખાડો હોય તો પાણી ભરાય, ને ન હોય તો પાણી વહી જાય. તેમ ભગવાનને રહેવા માટે જગ્યા જોઈએ.

એક વાત ખાસ ધ્યાન રાખજો. સંતની આગળ માયાની માંગણી કરજો નહિ. તમારા વ્યવહારની માથાકુટ સંતને શું કામ કરવાની. ખોટી માથાકુટ કરાવવી નહિ. જગતની માથાકુટ મુકીને હરિ ભજવા આવ્યા છે, તેને ખોટી મગજમારી કરાવવી

નહિ. સંસારીને આ વાત સમજી રાખવી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**જેમ સુગંધી રહી છે શ્રીખંડમાંય, રહ્યો ઈક્ષુમાંઈ જેમ રસ;**
**તમે હરિજન માંહી હરિ, હળી મળી રહ્યા એક રસ.**

સંતમાં ભગવાન કેવી રીતે રહ્યા છે ? જેમ ચંદનના લાકડામાં સુગંધ રહેલી છે. જેમ શેરડીમાં રસ રહેલ છે. તેમ ભગવાન એકાંતિક ભકત એક રસ થઈને રહ્યા છે.

## પેટમાં જરાય ભૂખ નથી

ખંભાતના એક સત્સંગી સુતરફેણીની માટલી ભરીને વડતાલ આવ્યા. શ્રીજી મહારાજ ગોમતીજીને કાંઠે સભામાં બીરાજમાન હતા. ખંભાતના ભકત થાળીમાં સુતરફેણી લઈને ભગવાનને જમાડવા માટે લાવ્યા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, આજે ગોવર્ધનભાઈ જમાડે તો એના હાથે જમીએ.

ગોવર્ધનભાઈ આવ્યા, અને પોતે જમવા બેસી ગયા. થાળી ખાલી થઈ ગઈ. પછી ગોવર્ધનભાઈએ શ્રીજી મહારાજને કહ્યું, “મહારાજ સુતરફેણી જમશો ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું તમારી ઈચ્છા. આવું કહેતા જાયને ગોવર્ધનભાઈ પોતે સુતરફેણી જમતા જાય. ગોવર્ધનભાઈને ભાન ન રહ્યું કે હું જમું છું, ને ભગવાનને ખાલી પૂછું છું. આવું કાંઈ ભાન નહિ. દશ શેર સુતરફેણી ગોવર્ધનભાઈ જમી ગયા. પછી મુકુંદબ્રહ્મચારીએ શ્રીજી મહારાજને કહ્યું. પ્રભુ થાળ જમવા પધારો. શ્રીજી મહારાજે કહ્યું અમારા પેટમાં જરાય ભૂખ નથી. અમે સુતરફેણી સારી પેઠે જમ્યા છીએ. પણ આ ગોવર્ધનભાઈ ભૂખ્યા છે. તેને જમવા માટે તેડી જાવ.

બ્રહ્મચારી નવાઈ પામી ગયા. નજર સામે ગોવર્ધનભાઈ જમે છે અને પ્રભુ કહે છે અમે જમ્યા છીએ. આવું કેમ થતું હશે. વળી વિચાર આવ્યો. પ્રભુની લીલા અદ્‌ભુત છે. પછી બ્રહ્મચારી ગોવર્ધનભાઈને જમવા તેડી ગયા. ગોવર્ધનભાઈ ફરીથી પેટ ભરીને જમ્યા. ગજબની વાત છે. જમ્યા ગોવર્ધનભાઈ અને પેટ ભરાઈ ગયું શ્રીજી મહારાજનું. આનું નામ કહેવાય એકતા. જેમ શેરડીમાં રસ ને સુખડમાં સુગંધ છે, તેમ હરિજનમાંહી હરિ હળી મળી રહ્યા એક રસ.

**સુખ અંતરે રે સાચા ભોગવે રે, કાચાને કેદીયે ન આવે કામ રે;**
**જેમ સાજો જમે રે સુંદર સુખડી રે, માંદાને મગ ઉદકે આરામ રે. સુખ**

સાજો સુખડી જમે, માંદો જમે તો રોગ વધી જાય, માંદાને મગના પાણીથી આરામ થાય. સત્સંગ, સમૈયા, સેવા પૂજા એ સુખડી જેવા છે. તે ખરેખરા ભકત હોય તે હોંશે હોંશ લાભ લઈ શકે, પણ જે માંદા જેવા ભકત હોય, સમજણથી નબળા હોય, જેને સત્સંગ સંબંધી બળ ન હોય તેને માંદા કહેવાય. માંદો સુખડી જમી શકે નહિ, એવા નબળા આત્માવાળા હોંશે હોંશે કથા સાંભળી શકે નહિ. પરાણે પરાણે કથામાં જાય. પરાણે પરાણે પૂજા કરે, એને રોગ થયો છે. ભવસાગરનો તેથી સાચી વાત સમજતા નથી. એને માયાને મમતાનું પાણી ભાવે.

દેહ ભલેને અલમસ્ત હોય તેથી શું ? સત્સંગ વિના જીવ બળીયો થાય નહિ. બળીયો થયા વિના માયાના પ્રપંચોમાંથી મન પાછું હટે નહિ. મન પાછું હટ્યા વિના ભજન ભકિતમાં મન જોડાય નહિ. ભગવાનમાં મન જોડાયા વિના વાસના બળે નહિ. વાસના બળ્યા વિના ભગવાન પાસે રહેવાય નહિ. સદાય સુખના મેવા તો સાચા ભકતજન જ માણી શકે છે. કવિ ગાય છે :-

**સમજીને સત્સંગી થઈએ, લાભ અલૌકિક લેવાજી;**
**હરિ કથા ને કીર્તન કરીએ, સદાય સુખના મેવાજી.**
**તન મન અંતર સ્વચ્છ કરીને, સાચા સેવક થઈએજી;**
**દાસ નારાયણ હરિ ભજીને, હરિ સમીપે જઈએજી.**

ભમરો અલમસ્ત થઈને ચંદનની સુગંધમાં ગુંજારવ કરે છે. એને ચંદનની સુગંધ બહુ ગમે છે. પણ માખી ચંદનની સુગંધ જરાય ગમે નહિ. ચંદનનો વાટકો ભર્યો હોય તો એક પણ માખ વાટકામાં બેસે નહિ. સ્વામી દષ્ટાંત સરસ આપે છે. તેમ માખી જેવા જીવ કથામાં ન બેસે, પૂજા પાઠ કરવા ન બેસે, મંદિરમાં ન બેસે, પણ કયાં બેસે ? હોટલમાં ને કલબમાં બેસે. પાપી જીવને ચંદન જેવી સુગંધ સત્સંગની ગમે નહિ. ગીંગાને ગોળ ગમે નહિ, એને નર્ક ગમે. તેમ ગીંગા જેવા પાપીને લસણ, ડુંગળી, બીડી ને તમાકુ ને દારૂ આદિ ગંધારી વસ્તુ ગમે. એને ગોળ જેવો સત્સંગ ગમે નહિ. ‘‘ગીંગા જેવા ન થાજો, ગરૂડ જેવા થાજો.’’

જવાસાને વરસાદનું પાણી ગમે નહિ, ચકવા પક્ષીને ચંદ્ર ગમે નહિ અને ઘુવડને અજવાળું ગમે નહિ, તેમ અધર્મીને સત્સંગ ગમે નહિ. પૂજા પાઠ કરવા ગમે નહિ. કીર્તન ગાવાં ગમે નહિ. રાસ રમવો ગમે નહિ. સાવ નવરા બેઠા હોય. યુવાન કાયા

હોય છતાં રાસ ન રમે. કેટલી અવડાઈ છે જીવની. અભાગીને ડીસ્કો કરવો ગમે પણ મંડળીમાં ઉત્સવ કરવો ગમે નહિ. બરાબર ધ્યાન દેજો આપણી જ કથા છે. આપણો નંબર ગીંગામાં આવે છે કે ભમરમાં તે વિચારજો. સંત અને અસંતની રીત જુદી હોય છે.

**જેમ શોખે રાખે કોઈ સિંહને, પાળતાં પુરણ પાપ છે;**
**એમ ભાવ સુખને ભોગવતાં, મહા મોટો સંતાપ છે.**

કોઈ બહુ શોખીન હોય અને સિંહ રાખે તો, મરવાનો વારો આવે. વગર મોતે મરી જાય. નિષ્કુળાનંદ સ્વામી આગવી ચેતવણી આપે છે. સંસારિક સુખના બહુ શોખીન થવું નહિ. બહુ પ્રવૃત્તિ વધારવી નહિ. ઘણી પ્રવૃત્તિ બંધનકારી છે. તમે નોકરી કરતા હો, ઘણા ડાહ્યા હો, હોશિયાર હો પણ અઠાવન વરસ થાય એટલે સરકારના નિયમ પ્રમાણે ફરજીયાત નિવૃત્તિ લેવી પડે. એ નિવૃત્તિ એટલે આપે છે હવે જીવનની મર્યાદા પૂરી થઈ છે. જે પ્રવૃત્તિ વિસ્તારી છે તે સમેટી લઈને હરિ સ્મરણ કરો. શાંતિથી બેસીને પૂજા કરો. પુન્યનું ભાતું બાંધી લો. ઓચિંતા ભગવાન કહેશે, ચાલો ભગત અમે તેડવા આવ્યા છીએ. તે વખતે જો વાસના રહી જશે તો હેરાન થાવું પડશે.

## મને તેમાં રહેવા મળ્યું નહિ

એક શેઠ હતા. ખૂબ પૈસા ભેગા કરેલા. ઊંધું ચતું કરીને વગર મહેનતે પૈસા ભેગા કરીને બંગલા બનાવ્યા. ૪ બંગલા તૈયાર છે ને પાંચમો ચાલુ છે. તેમાં સરસ મજાનું કોતરકામ, કમાન ને રૂપાળા થાંબલા બનાવતા હતા. જે કોઈ જોવા આવે તેને શેઠ બતાવે જુવો આ થાંભલા મારબલના છે. આખા ગામમાં મારા જેવો બંગલો કોઈનો નથી. કેવા સરસ મજાનાં ઝુમર છે. મને ગામમાં વટ રાખવો છે. એવો બંગલો બનાવીશ. જુવો આ મારો સીટીંગ રૂમ છે. આ મારો જમવા માટેનો રૂમ છે.

બંગલામાં પૈસા વાપરે પણ કોઈ સાધુ સંત કે ગરીબને ટકો ન આપે. બંગલા બાંધવામાં ઉદાર પણ દાન પુન્યમાં કંજૂસ. રાત દિવસ બંગલાનું ને પૈસાનું જ ચિંતવન કર્યા કરે. બંગલો પુરો થયો ત્યારે બ્રાહ્મણોને વાસ્તુ પૂજન કરવા બોલાવ્યા. તેમાં એવું બન્યું કે બંગલો પુરો થયોને શેઠની આયુષ્ય પણ પુરી થઈ. શેઠનું ઓચિંતું મૃત્યુ

થઈ ગયું. અંતે યા મતિઃ સા ગતિઃ, બંગલામાં વાસના રહેવાથી કૂતરાનો જન્મ આવ્યો. બંગલાની સામે જોયા કરે. જરાક દરવાજો ખુલ્લો રહી જાય તો કૂતરું અંદર ઘુસી જાય, અને ફળીયું બગાડે. એક દિવસ તેના દીકરાએ કૂતરાને જોયો અને ખીજ ચડી દોડીને એવી જોરથી લાકડી મારી બરાબર કમરમાં વાગી, વોં વોં કરતો ચાલુ વરસાદમાં ઢસડાતો ઢસડાતો સામે શેરીમાં જઈને બેઠો બેઠો રોયા કરે અને મનમાં પસ્તાવો થાય કે, મહા મહેનતે મેં બંગલો બનાવ્યો પણ મને તેમાં રહેવા મળ્યું નહિ. બંગલાના ફળીયામાં ગયો તો માર ખાવી પડી. આવી રીતે કૂતરું બંગલાને જુવે ને રૂવે. મેં મારી જીંદગી બરબાદ કરી નાખી ખૂબ પસ્તાય. પણ પછી પસ્તાવાથી શું વળે ! તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે, દેહ છતાં વાસનાને તજી દેવી. હવે નિષ્કુળાનંદ સ્વામી દેહભિમાનીની વાત કરે છે. દેહાભિમાનીને પોતાપણાની ખુમારી બહુ હોય. એને પોતાના દેહનો મહિમા બહુ હોય.

**તેશું મન મેળવતાં મળે નહિ, ભેળું ભળતાં પણ ન ભળાય;**
**નિષ્કુળાનંદ કહે તે નોખા રહે, તોય તેલને ન્યાય.**

સાચા સંતને દેહાભિમાની સાથે મનમેળ થતો નથી. ભેળું ભળાય નહિ. કારણકે સંત ખોટા દોષ દેખે તો તરત ટોકે તો ટોકર ખમાય નહિ. તેથી અવગુણ લે અને સાચા સંતથી એનું મન જુદું થઈ જાય. દેહદર્શી અને આત્મદર્શી બેનું ભેગું કયારેય ભળે નહિ. તોય તેલને ન્યાય. પાણી ને તેલને ભેગું કરો તો પાણી જુદું જ રહેશે, ભળશે નહિ. આત્મદર્શી અને દેહદર્શી ભલે ભેગા રહેતા હશે પણ એમનાં અંતર નોખાં થઈ જાય. ભલે ભેગા રહે પણ મેળ થાય નહિ. શા માટે ભેગા ભળે નહિ ? તેની નિષ્કુળાનંદ સ્વામી ચોખવટ કરે છે.

**એક સુખ ઈચ્છે શરીરમાં, એક ન ઈચ્છે સુખ શરીરનું;**
**એક ઈચ્છે નિરસ અન્નને, એક ખાવા ઈચ્છે ખીરનું.**
**એક ઈચ્છે પુરાણું પટ પહેરવા, એક ઈચ્છે અંબર નવીન;**
**એક ઈચ્છે અંતરે રહેવા ઉજળા, એક રહે મને મલીન.**
**એક ઈચ્છે લેવા સુખ લોકનાં, એક લોક સુખ તે લેખે નહિ;**
**એક ઈચ્છે માયિક મોટપને, એક માયિક મોટપને દેખે નહિ.**

બેના માર્ગ જુદા છે, ભલે સત્સંગમાં ભેગા હોય છતાં સ્વભાવ પ્રકૃતિ અલગ હોય છે. દેહદર્શી શરીરનાં સુખ ઈચ્છે. આત્મદર્શી દેહના સુખને ઈચ્છે નહિ. દેહદર્શીને સારું સારું તીખું તમતમતું સ્વાદિષ્ટ ભોજન જમવા માટે જોઈએ. આત્મદર્શીને સાદું, રસ વિનાનું જે મળે તે જમી લે, વધાર્યા વિનાનું શાક પણ જમી લે. દેહદર્શીને મલીન સંકલ્પો થયા કરે, આત્મદર્શીને ભગવાન ભજવાના પવિત્ર સંકલ્પ થાય.

દેહદર્શીને આ લોકનાં સુખ મીઠાં લાગે, આત્મદર્શીને આ લોકનાં સુખ કડવા ઝેર જેવાં લાગે. દેહદર્શીને આ જગતની માન મોટાઈ જોઈએ, આત્મદર્શીને માન મોટાઈની કાંઈ ઝંખના જ નહિ. દેહદર્શીને જગ જાણીતું થાવું છે, આત્મદર્શીને આવું બધું કાંઈ નહિ, ભગવાન ભલાને ભકિત ભલી.

દેહદર્શીને માયાનું વિષય સુખ જોઈએ, આત્મદર્શી વિષય સુખથી ઉદાસ રહે. દેહદર્શીને સત્સંગના ભીડામાં ગમે નહિ, આત્મદર્શીને સત્સંગની ભીડ બહુ ગમે. દેહદર્શી સંતનો અવગુણ લેવામાં ઝપાટો કરે, ગમે તેવી ભીડામાં લે છતાંય આત્મદર્શી સંતનો અવગુણ કયારે પણ લે નહિ.

**એમ દાસ અદાસ હોય ને, ભેળું રેહવામાં ભાળે રોળ છે;**
**નિષ્કુળાનંદ કહે નથી કહેવાતું, પણ તપાસે દુઃખ અતોળ છે.**

દાસ ભાવે રહેતા હોય અને અદાસ ભાવે રહેતા હોય તેને ભેળું રહેવામાં રોળ છે. એક ગુરુમુખી થઈને જેમ સંત કહે તેમ કરે છે, એક મનમુખી છે તે પોતાનું મન કહે તેમ કરે છે. બેયની વિચારધારા જુદી છે. દેહદર્શી હોય તે રાત દિવસ દેહના સુખની જ વાત કરતા હોય. સ્વામી કહે તેને શું ઉપદેશ આપીએ. દેહને પોષવા માટે પાંખુ આવી જાય અને જીવ માટે કાંઈ કરવું હોય ત્યારે પાંગળો બની જાય છે.

## અજ્ઞાનીને ઊંધું સમજાય

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**ગોળ તજી ખાય છે ખોળને, તૂપ તજી ખાય છે તેલ;**
**તે પણ કોપલ કણઝી તણું, ભુંડી ગંધે દુઃખનું શું ભરેલ.**

ગોળ તજીને ખોળ કોણ ખાય ? ઘી તજીને તેલ કોણ પીએ ? દૂધપાક તજીને ગંદી ડુંગળી કોણ ખાય ? એવી રીતે ભગવાનનો અમૃતસર મૂકીને માયાના ગંદવાળામાં

ડૂબકી કોણ મારે ? મૂર્ખ હોય તે અમૃત મૂકીને ગંદવાડામાં ડૂબકી મારે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે સાચી વાત અનાડીને કડવી લાગશે અને અવળી પણ લાગશે. સત્યાસત્યનું જેને ભાન ન હોય તેને ઉંધું સમજાય.

એક ગામમાં કથા વંચાતી હતી, સાસુ વહુ દરરોજ કથા સાંભળવા જાય. તે વખતે દ્રૌપદીજીની વાત આવી કે દ્રૌપદીજીના પાંચ પતિ હતા. તેથી સતી કહેવાણી. તે વાત સાંભળી વહુના મનમાં થયું કે દ્રૌપદીજીએ પાંચ પતિ કર્યા તો પણ સતી કહેવાણાં, માટે આપણે પણ પાંચ પતિ કરશું, ને જલસા કરશું. છતાં પણ સતી કહેવાશું. કથા સાંભળી ઘરે આવ્યાં ત્યારે સાસુએ પૂછયું, વહુ બેટા કથા બરાબર સાંભળીને ! હા બાઈજી, બરાબર ધ્યાન પૂર્વક સાંભળી. સાસુએ કહ્યું કથામાંથી શું સમજ્યાં ? વહુએ કહ્યું, ‘‘પાંચ પતિ કરીએ તો દ્રોપદીજીની જેવાં સતી કહેવાઈએ.’’ સાસુ પણ ઊંધા મગજની તેણે ટેકો દીધો કે દ્રૌપદીજીએ પાંચ પતિ કર્યા તો સતી કહેવાણાં, અને એનાથી વધારે પતિ કરે તો તેનાથી મોટાં સતી કહેવાઈએ. અજ્ઞાનીને ઊંધું સમજાય છે.

**જેમ નર્તકી નારી થયો, પણ ઘર કેનું ચલાવશે;**
**તેને જાણે છે જે યોષિતા, એ વાત કેમ બંધ બેસશે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘ખેલમાં ભવાયાએ નારીનો વેશ લીધો, ખેલ શરૂ થયો. સરસ મઝાનાં કપડાં પહેર્યાં લાંબો ચોટલો, કપાળમાં ચાંદલો, પગમાં ઝાંઝર ને ચટકતી લટકતી ચાલે ભવાયો આવ્યો મંચ ઉપર. બધા જોનારા અભા બની ગયા. એક જણાને મનમાં ઈચ્છા થઈ કે આ નારી મને વરે તો મજા આવે. ઘોડો તૈયાર કરી રાખ્યો, જેવો ભવાયો સ્ત્રીના વેશમાં આવ્યો કે તુરંત રૂપાળી જાણીને ઘોડા માથે બેસાડી દીધી. ભવાયને થયું કાંઈ વાંધો નહિ, ખબર પડશે ઘરે જાશે ત્યારે. સ્ત્રીને ધીરે ધીરે ઘોડેથી નીચી ઉતારી ઘરમાં લઈ ગયો ત્યાં ભવાયાએ કપડાં ઉતારીને મોઢું દેખાડ્યું, ‘‘અરે આ તો ઠગાયા, આ સ્ત્રી નથી પણ મારા જેવો પુરુષ છે. પુરુષ પુરુષને વરે તો સંસાર કેમ ચાલે ?’’ તરત હાથ ઝાલીને ભવાયાને રવાનો કરી દીધો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, નર્તકી નર નારી થયો તે ઘર કેનું ચલાવશે. આ તો દ્દષ્ટાંત છે, એનો સિધ્ધાંત તો એ છે કે, આ જગતની અંદર કોઈ પુરુષ છે જ નહિ,

પુરુષ તો એક પુરુષોત્તમ નારાયણ છે. તેથી બ્રહ્માનંદ સ્વામી ગાય છે, અબળા અબળાને શું પરણું રે રઢ લાગી, માટે બળીયાનું લીધું મેં શરણું રે રઢ લાગી.

જેમ ભવાયો ખેલ કરે ત્યારે ઘડીકમાં સ્ત્રી થાય, ઘડીકમાં પુરુષ થાય તેમ આ જગતની અંદર કયારે જીવાત્માને સ્ત્રીનો દેહ આવે કયારે પુરૂષનો દેહ મળે. બાકી આત્માની કોઈ નાત જાત નથી. આત્મા સ્ત્રી નથી, આત્મા પુરૂષ નથી, આત્મા પશુ નથી ને પક્ષી પણ નથી. આત્મા કેવળ ચૈતન્યરૂપ અજર અમર છે. આવી રીતે જે સમજી રાખે તેને માયાનું બંધન નડતું નથી.

જનક રાજાના દરબારમાં એક વખત ચર્ચા ચાલી કે શુકદેવજી અને નારદજી બેય બ્રહ્મચારી છે. જ્ઞાની છે, ભકતિમાર્ગના આચાર્ય છે, પણ બેમાંથી શ્રેષ્ઠ કોણ હશે ? તેની પરીક્ષા કરવી છે. પછી મહારાણી સુનયના એ બન્નેને પોતાના મહેલમાં બોલાવ્યા અને હીંડોળા પર બેસાડ્યા. પછી મહારાણી સુનયના દેવી સુંદર શણગાર સજીને આવ્યાં, અને બન્ને વચ્ચે બેસી ગયાં ત્યારે નારદજીને સંકોચ થયો કે હું બ્રહ્મચારી છું, તપસ્વી છું, અને આ સ્ત્રી મને અડી જશે તો કદાચ મારા મનમાં વિકાર આવશે તો ! તેથી સહેજ દૂર ખસી ગયા. પણ શુકદેવજી તો જેમ બેઠા હતા તેમજ બેઠા છે, એને સ્ત્રી પુરૂષનું ભાન નથી, તેઓ દૂર ન ખસ્યા. ત્યારે મહારાણીએ નિર્ણય કર્યો કે બન્ને યોગીમાંથી શુકદેવજી શ્રેષ્ઠ છે. એમને સ્ત્રીત્વ કે પુરૂષત્વનું ભાન નથી. ડોંગરેજ મહારાજ ભાગવતમાં લખે છે કે સ્ત્રી અને પુરૂષત્વનું ભાન ન જાય ત્યાં સુધી ઈશ્વર મળતા નથી, સ્ત્રી અને પુરૂષત્વનું ભાન ભુલાય ત્યારે ભકિત સ્થિર થઈ એમ માનવું.

**ઝાઝું કહેતાં જોખો ઉપજે, તેને કહેવું તે કળે કળે;**
**સહેજે સહેજે કામ સારવું, પણ બહુ તો ન બોલવું બળે.**
**જેમ સિંહ સમીપે બકરી, તે બીતી બીતી બોલી શકે;**
**તેમ અનાડી નરને આગળે, કેમ બોલાય વણ તકે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે ઝાઝું બોલવામાં માલ નથી. ભલે કલ્યાણની બાબત હોય, પણ ઝાઝું બોલાય નહિ, શા માટે ? તો કે અનાડી માણસને તરત ઉંધું પડે, સાદી સીધી બાબત પણ એને ગમે નહિ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઝાઝું કહેતાં ધોખો ઉપજે. શ્રીજી મહારાજ પણ વચનામૃતમાં કહે છે, જીવને ધામમાં પહોંચાડતાં અમને આવડે છે, અને હવે તો વધુ

અમે નહિ કહીએ, ને જો બોલીએ તો બોલતાં બોલતાં વધુ બોલાઈ જાય. સ્વામી કહે છે સમજી વિચારીને બોલવું. સ્વામી દૃષ્ટાંત આપે છે, જેમ સિંહ સમીપે બકરી તે બીતી બીતી બોલી શકે, તેમ અનાડી નર આગળે બોલતાં અમે કરીએ છીએ. કોણ જાણે, અવળું સમજશે તો મૂળગેથી જાશે.

કચ્છ દેશમાં બે ભાઈ સારા સત્સંગી હતા. ખેતાભાઈ અને ભીમજીભાઈ એકાંતિક ભકત. શ્રીજી મહારાજનું અખંડ ભજન કરે, સાધુ સંતની મહીમાએ સહિત સેવા કરે. શરણે આવેલાને સત્સંગ પણ કરાવે. એક વખત એમાનાં મા બીમાર થયાં, ઘણી દવા કરાવી પણ દર્દ મટ્યું નહિ. ભગવાનનું સ્મરણ કરતાં કરતાં પ્રાણ નીકળી ગયા, તેથી ખેતા ભાઈ કહે, હું મા પાસે બેસુંને ભીમજી તું શ્રીજી મહારાજને બોલાવી આવ.

ભીમજી ભગત આવ્યા શ્રીજી મહારાજ પાસે, અને વાત કરી કે, ''હે પ્રભુ આપ અમારા ઘરે પધારો, પ્રભુ તરત ભકત સાથે ચાલ્યા. ત્યાં રસ્તામાં ઘાંચણ મળી, શ્રીજી મહારાજને ઘાંચણે કહ્યું, ''પાછા વળો પાછા, ભીમાની માનું મૃત્યું થયું છે, હવે તમે જઈને શું કરશો. શું શ્વાસ ઘાલીને જીવતાં કરશો ? શ્રીજી મહારાજે સરસ જવાબ દીધો. હું શ્વાસ ઘાલીને જીવતાં નહિ કરૂં તો શું તું જીવતાં કરીશ. ઘાંચણ જોતી જ રહી ગઈ. શ્રીજી મહારાજ કડક છે હો. જોઈએ તો ખરા, જેવું બોલે તેવું કરી શકે છે. શ્રીજી મહારાજ ભીમજી ભગતને ઘેર આવી મૃત શરીર સામે નજર કરી અને કહ્યું, ''બાળકો નાનાં છે, એમને માની જરૂર છે, માટે બેઠાં થઈ જાવ.'' ત્યાં તો મૃત શરીરમાં સળવળાટ થયો અને તુરંત બેઠાં થઈ ગયાં. શ્રીજી મહારાજે કહ્યું, અમારા સ્વરૂપને અંતરમાં ધારીને ભજન ભકિત કરજો અને બીજાને કરાવજો.

આટલું કહી શ્રીજી મહારાજ પોતાના ઉતારે પધાર્યા. ઘાંચણને ખબર પડી કે, શ્રીજી મહારાજે ભીમાની માને જીવતી કરી, તેથી ગુણ આવ્યો કે સ્વામિનારાયણ ભગવાન સાચા છે. મરેલાને જીવતા કોઈ કરી શકે નહિ, તેથી ઘાંચણ પણ ભગવાનનું ભજન કરવા લાગી. ભીમાની માને દસ વરસ પછી શ્રીજી મહારાજ અક્ષરધામમાં તેડી ગયા.

**જેમ કાળા સર્પનો કંડીયો, તે ઢાંકી રાખવો ઢાંકણે**
**તેને ઉઘાડતાં દુઃખ ઉપજે, રખે ઉઘાડતા ભોળાપણે.**

સ્વામી કહે છે, કાળો સર્પ કંડીયામાં હોય, તેને જો બહાર કાઢો તો તરત ડંશ મારે હેરાન કરે. સર્પ જેવાં ઝેરીલાં ને વેરીલાં માણસ સાથે વ્યવહાર કરવો નહિ. એનો કોઈ ભરોસોં નહિ, કયારે વેર વાળે.

## હું મફત પૈસા નથી માગતો

વડોદરાના નાથ ભકત હતા. પરમ એકાંતિક સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હતા. ધર્મ, ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય કરીને સમૃધ્ધ હતા પણ આ લોકની આર્થિક સ્થિતિ નબળી હતી. ઘણી વખત જમ્યા વગરનાં બાળકો ભૂખ્યાં રહી જતાં. ભૂખ્યાં બાળકોને જોઈને નાથ ભકત રડી પડે. હવે શું કરવું. નાથ ભકતનાં પત્નિની પણ ધીરજ ખૂટી ગઈ તેથી તેણે પતિને કહ્યું, “પતિદેવ જમવા માટે ઘરમાં કાંઈ નથી, તો એમ કરો આપણી દુઝણી ભેંસ છે, તેને વેંચી નાખીએ અને એ પૈસામાંથી અનાજ લઈએ તો બાળકો અને આપણે ખાધા પીધા ભેગા થઈએ.

વડોદરાના દીવાનજીએ ભેંસ નાથ ભકત પાસેથી વેંચાતી લીધી. પણ બન્યું એવું કે દશ દિવસ થયા પણ પૈસા આપ્યા નહિ. નાથ ભકતનું કુટુંબ ભૂખ્યું દુખ્યું ટળવળે છે. મોટા માણસ પાસે પૈસા કેમ માગવા, પણ ન છુટકે નાથ ભકતે હિંમત કરી અને મંદિરના ઓટલે દીવાનજીની વાટ જોઈને બેઠા. દીવાનજીનું નિયમ હતું, દરરોજ દર્શન કરવા આવે. દીવાનજી ચોકીદારો અને અંગરક્ષકોની સાથે ઘોડા ગાડીમાંથી નીચે ઉતરી દર્શન કરવા મંદિર માં આવે છે. ત્યાં નાથ ભકતે બે હાથ જોડી જય સ્વામિનારાયણ કહી બોલ્યો, “અમારી ભેંસ તમે વેંચાતી લીધી છે, તેના પૈસા મને આપો તો મારા બાળકો કાંઈક ખાધા ભેગા થાય. આટલું બોલી નાથ ભકતનું હૈયું ભરાઈ આવ્યું. દુઃખીયાનું દીલ જલ્દી ભરાઈ જાય. ગરીબાઈ કેવી દુઃખકારી છે તેની ખબર ગરીબને જ પડે. ત્રણ ટાઈમ ભરપેટ જમીલેનારા શ્રીમંતને ખબર ન પડે કે ગરીબાઈ કેવી ભુંડી છે. દીવાનજી આ વાત સાંભળી, લાલ પીળો થઈ ગયો. અરે મૂર્ખ, ભીખારી તું કોની સામે ઉઘરાણી કરે છે, પૈસા માંગતા શરમાતો નથી. નાથ ભકતે કહ્યું હું મફત પૈસા નથી માગતો. તમે ભેંસ વેંચાતી લીધી તેના પૈસા માગું છું. દીવાનને સત્તાનું અભિમાન હતું તેથી કડકાઈથી બોલ્યો, “હમણાં તારી ખબર કાઢી લઉં, રસ્તામાં પૈસા માગે છે.” એમ કહી પોતાના પગમાંથી મોજડી કાઢીને નાથભકત

સામે ઉગામી, લે પૈસા જોઈએ છીએને. નાથ ભકત ધ્રુજતા ધ્રૂજતા ડુસ્કો મૂકી રડી પડ્યા. સામે સભા મંડપમાં ગોપાળાનંદ સ્વામી બેઠા હતા, તેની નજર નાથ ભકત ઉપર હતી. સ્વામીએ પડકાર કર્યો, સત્તાથી અંધ થયેલ નારૂપંત દીવાન સબુર કરો ! રહેવા દેજો, જો નાથભકતને મોજડી મારશો તો તમારૂં સત્યાનાશ નીકળી જાશે. ભૂખે મરવાનો વારો આવશે, મોજડીનો ઘા નાથભકત ઉપર નથી કરતા પણ ભગવાન સામે કરો છો. સત્તાના ગર્વથી ગરીબને મારવા દોડો છો, પણ ધ્યાન રાખજો ભગવાન તમને નહિ છોડે, બરાબર જેવો બદલો લેશે.

ગોપાળાનંદ સ્વામીની હાકલથી દીવાનજીએ મોજડી પગમાં પહેરી લીધી. પણ ધ્યાન રાખજો, કર્યા કરમના બદલા દેવા પડે છે. થોડા સમય પછી દીવાનજી અને રાજા સાથે કાંઈક તકરાર થઈ. રાજાએ દીવાનને કડકાઈથી કહી દીધું, મારા રાજયમાંથી જતા રહો. પહેરેલે કપડે દીવાન બીજા દેશમાં રવાનો થઈ ગયો. નાથ ભકતને દુઃખી કર્યા તો પોતાને દુઃખી થવું પડયું. હાથમાં રામ પતર લઈ દીવાનજી ઘરો ઘર ભીખ માગે છતાં પણ પેટ પુરતું પણ ખાવા મળતું નથી. આખી જીંદગી રીબાઈ રીબાઈને મરી ગયો. ગરીબને કલ્પાવે તેના ઉપર ઈશ્વર નારાજ થાય છે. કોઈનું ભલું થાય તો ભલું કરજો પણ કોઈની હાય લેશો નહિ.

## જીવના સાચા સગા સંત છે.

**સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત;**
**દયા રહી છે જેના દીલમાં, નથી ઘટમાં ઘાત ... સંત ...**
**જેમ જનની ને હૈયે હેત છે, સદા સુતની સાથ**
**અરોગી કરવા અર્ભકને, પાયે કળવેરા કવાથ ... સંત ...**

સાચી વાત સાચા સંતો જ કહેશે, સંતોનાં દીલમાં દયા છે, એના હ્રદયમાં કોઈ સ્વાર્થ નથી. જેમ જનેતા માવડીને પોતાના બાળક સાથે હેત છે. તેથી તે બાળકને રોગથી મુકત કરવા કડવી દવા પાય છે. તેમ સંતો છે તે જન્મ મરણના રોગથી મુકત કરવા કડવાં વચન રૂપી દવા પાય છે. ટકોરે છે. ભુલ બતાવે છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે જે ટકોરે ભૂલ થતી અટકાવે તેવા સંત પાસે રહેવું, પણ જેમ કરે તેમ કરવા દે, જેમ બોલે તેમ બોલવા દે, અધર્મના માર્ગે ચાલે છતાં પણ ગુરૂ શિષ્યને

વાળે નહિ, તેવા ગુરૂથી તેવા સંતથી કાંઈ સુધારો થશે નહિ. પણ જે પાપને પોષે નહિ તેવા સંતથી ધ્યેય સુધી પહોંચાશે.

અજ્ઞાનરૂપી અંધારામાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લઈ જાય અને માયામાં રમતા મનને મોહનવરમાં રમતું કરી દે તેવા સંતથી અનેક જીવનાં કામ થઈ જાય છે.

**જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટવા ઈયળનું અંગ;**
**તેમ સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ ... સંત ...**

ભમરી ઈયળને ઝાલી આવે પછી દરમાં પુરીને એવા ચટકા ભરાવે કે ઈયળ ફફડી જાય અને સતત ભમરીને યાદ કરે, સતત ઈયળ ભમરીનું સ્મરણ કરતાં કરતાં ઈયળ મટીને ભમરી બની જાય છે, તમે જો સંતના ચટકા સહન કરે. માન, અપમાન, સહન કરે. કટુ વચન હીતકારી હોય છતાં મુંઝાય નહિ તો તે સાવ બધ્ધ જેવો જીવ હશે તો પણ તે મુકત થઈ જશે. અને આજ્ઞા ઉપાસના રૂપી પાંખો મળવાથી ભગવાનના મોક્ષધામમાં એ મહા સુખને પામે છે.

**જાણો સંત છે સહુના, જીવ જરૂર જાણ;**
**નિષ્કુળાનંદ નિર્ભય કરે, આપે પદ નીરવાણ ... સંત ...**

જીવના સાચા સગા સંત છે, સંત સમાગમ કરવાથી જ ભવસાગર તરી શકાય છે. જન્મ મરણથી નિર્ભય થવાય છે. આ જગતની અંદર પરમાર્થી કેટલા છે ? તે વાત સ્વામી સમજાવે છે.

**જેમ વિટપ બહુ પરમારથી, પરમાર્થી પાથ ને પૃથવી;**
**દાન પવન પરમારથી, તેમ પરમાર્થી રાકેશ રવિ.**

એક કવિએ ઉપકારી આત્મા વિશેનું સરસ વર્ણન કરેલું છે.

**હેલી ઓલ્યાં ઝાડવાં પોતાનાં ફળ નથી ખાતાં રે ઉપકારી એનો આત્માહોજી;**
**હેલી ઓલ્યાં તલાવડાં પોતાનું પાણી નથી પીતાં રે ઉપકારી એનો આત્માહોજી**

ઝાડ ઉપકારી છે. પોતે તાપ સહન કરીને બીજાને છાયા આપે છે. ઝાડનાં પાંદડાં, ડાળખીયું ને મૂળીયાંમાંથી ઔષધી બને છે. ઝાડમાંથી સરસ મજાનું લાકડું બને. તેમાંથી અનેક જાતનાં ફર્નીચર બને. બારી બારણા બને. સિંહાસન બને. મૂર્તિ બને અને અંતે અગ્નિ સંસ્કાર કરવા માટે પણ લાકડાની જરૂર પડે. પૃથ્વી પણ ઉપકારી છે.

**ધરતી ખેડાતી ને ધાન્ય મીઠું આપતી, હે જી ઓલી ધરતી પોતાનું અન્ન નથી ખાતી રે ઉપકારી એનો આત્માજી.**

ધરતી ન હોય તો આપણે રહીએ કયાં. ધરતીમાંથી અનેક પ્રકારનાં અનાજ પાકે છે. ધરતીમાંથી વૃક્ષ વેલી પેદા થાય છે. ધરતીમાંથી પથ્થરા, લોઢું, સોનું, ચાંદી અને વસ્ત્ર તમામ વસ્તુ ધરતી માતા આપે છે. છ રસ ધરતીમાંથી જ ઉત્પન્ન થાય છે. ખારૂં, ખાટું, તીખું, મીઠું, કડવું અને તૂરુ ધરતીમાંથી જ ઉત્પન્ન થાય છે.

ધરતીમાં આપે પાણી પાઈએ તો મરચું તીખુ જ થાય, લીંબુ ખાટું થાય, કેરી મીઠી થાય, કારેલું કડવું જ થાય, શેરડી મીઠી જ થાય, ધરતીમાં રસ રહ્યા કરે છે. ધરતી માથે જ મકાન બાંધી શકાય. ધરતી માતા આખા જગતને ધારણ કરે છે.

ઘન એટલે વરસાદ, વરસાદ અને પવન પણ ઉપકારી છે. સૂર્ય અને ચંદ્ર પણ ઉપકારી છે. તેમ સંતો પણ ઉપકારી છે. કવિ ગાય છે.

**કાગ એવા સંતો ભળ્યા, ખંભે છે ઉચાળા;**

**હેજી એ તો અલૌકિક સુખ આપનારા રે ઉપકારી એનો આત્મા હોજી.**

ઉપકાર એટલે શું ? દુઃખીયાનું દુઃખ ટાળવું, ભયાતુરનો ભય ટાળવો. શરણાગતને શરણું દેવું. યાચકને કાંઈ પણ આવી સંતુષ્ટ કરવો. કોઈ પણ પ્રકારે સહાય કરી કોઈને મદદગારી બનવું તેને ઉપકારી કહેવાય છે.

અવિદ્યામાં અથડાતા જીવાત્માને સદાચારી બનાવવા એ સંતો કરે છે. સંતો તીર્થના પણ તીર્થ છે. તીર્થોના સેવનથી પાવન થવાય છે, પણ ઘણા કાળે કરીને પાવન થવાય પણ સંતોનાં દર્શન કરવાથી જ પાવન થઈ જવાય છે. આજે એવો સરસ અવસર આવ્યો છે. ભગવાને મોક્ષનાં પગથીયાની નજીક આપણને મૂકી દીધા છે. હવે ચડવું કે પડવું એ આપના હાથમાં છે.

## અવસર આવ્યો રે સારો

**સાચા સંતથી સરી ગયાં અનેક જીવનાં કાજ;**
**એવા સંતને સેવવાનો અવસર આવ્યો છે આજ.**

સંતો અલૌકિક સુખ આપનારા છે. સાચા સંતોના યોગથી અનેક પામર જીવ માયાથી મુકત થઈ જાય છે. જેમ પારસમણીના સ્વલ્પ સ્પર્શથી લોખંડ સુવર્ણ થઈ

જાય છે. નારદજીના સ્વલ્પ સમાગમથી હિંસક વાલીયો ભીલ મહાન વાલ્મીક ઋષિ બની ગયા. સંતો સંસાર સાગરની દીવાદાંડી છે. અનેક જીવને સાચો રાહ બતાવે છે. જીવના સાચા સગા અને મોક્ષ માર્ગના ખરા ભોમીયા પણ સંત છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મારી વાત મનાય તો માનજો આવો અવસર મળ્યો છે એવો વારંવાર મળતો નથી. બ્રહ્માનંદ સ્વામી ગાય છે,

**અવસર આવ્યો રે સારો, વરીએ નટવર નંદદુલારો... અવસર...**
**અંતર વિચારી રે જોવું, ખોટા સંગ ન જીવતર ખોવું... અવસર...**
**તુચ્છ જગ સુખને રે તજીએ, ભવદુઃખ મેટણ નટવર ભજીએ...**
**ધડક ન મનમાં રે ધરીએ, સગપણ શામળીયા સાથે કરીએ ...**

જેના અંતરમાં આત્મા પરમાત્માનું જ્ઞાન થઈ ગયું છે. જળકમળ વત જેનું જીવન છે. તે બધાને ખબર હશે કે સોનાને કાટ ચડે નહિ. તેમ જેનું મન ભગવાન સાથે જોડાઈને સોના જેવું પવિત્ર, નિર્મળ, જીવન હોય તેની વૃતિ અખંડ ભગવાનમય બની જાય છે. ભગવાનનો આકાર એના હૃદયમાં સાકાર બનીને સાક્ષાત્કાર થઈ જાય છે. તેને માયાનો કાટ ચડતો નથી. એની વેદના સર્વે સમી જાય છે. એને કોઈ રીતની ખામી રહેતી નથી.

નિષ્કુળાનંદ સ્વામી સંતનો મહિમા કહે છે, કે પ્રભુના પ્રસંગથી સંતો નિષ્પાપ બની જાય છે. શ્રી હરિના શબ્દ સાંભળ્યા છે એના એ બે કાન છે. સ્વામી કહે છે, “મેં પ્રગટ પ્રભુનો સ્પર્શ કર્યો છે. બાથમાં લઈને ભગવાન મને ભેટ્યા છે. મારા આ હાથે મેં પ્રભુને ચંદન ચરચ્યું છે. સરસ મજાના ફુલના હાર પહેરાવ્યા છે. પ્રભુની એકા એક આજ્ઞાને શીરોમાન્ય કરી છે. મારા હાથેથી મેં ભગવાનને જમાડ્યા છે. પાણી પાયાં છે. સ્પર્શ કર્યો છે. એ રીતે પ્રભુના પ્રસંગથી સંતોનું શરીર પવિત્ર થયેલું છે. સ્વામી કહે છે, એવા સંતમાં હેત કરો, સ્પર્શ કરો અને એની વાતને માનો.

**એમ અંગો અંગ અવિનાશીને, સ્પર્શી કર્યા છે પવિત્ર;**
**તેને તોલે ત્રિલોકમાં આવે અંગ કેમ ઈત્ર.**
**એવા સંત સંસારમાં, પછી જોતા પણ જડશે નહિ;**
**માટે હળી મળી હેત કરો, તે વિના પાર પડશે નહિ.**

નિષ્કુળાનંદ સ્વામી ચોખવટ કરીને વાત કરે છે, દાદાખાચર જેવા ભકત, ગોપાળાનંદ અને મુકતાનંદ સ્વામી જેવા સંત, અને રઘુવીરજી જેવા આચાર્ય મળશે નહિ, બીજા ગુણવાન ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ. એવા સંતના સંબંધથી અનેકના પાપ બળેલ.

## સંતમાં અદ્ભુત શકિત છે.

સદ્ગુરૂ ગુણાતિતાનંદ સ્વામી વધારે પડતા જુનાગઢમાં રહેતા. તેથી તેના સમાગમથી ભકતોને સારો સત્સંગનો લાભ મળે. સ્વામીની ભકિતની શકિત અમોઘ અને અમાપ હતી, સ્વામી પ્રત્યે હિંદુઓ તો પૂજય ભાવ રાખતા પણ મુસલમાનોને પણ સ્વામી પ્રત્યે અનેરો ભાવ હતો. દેશદેશાંતરથી રાજા મહારાજાઓ, શ્રીમંતો અને શાહુકારો પણ ખેંચાઈ ખેંચાઈને સ્વામીનો સમાગમ કરવા આવતા. સ્વામી એવી બળભરી ભગવાનની વાત કરે, કે હરિભકતોના હૃદયમાં ઉતરી જાય અને ભગવાનના રંગે રંગાઈ જાય.

એક વખત સ્વામી મંડળ સહિત કાલસરી ગામમાં પધાર્યા. ત્યાંના સત્સંગીઓને આનંદનો પાર ન રહ્યો. પાર્ષદ ડુંગરજી ભકત પ્રેમમાં ગાંડા બની ગયા અને આગ્રહ કરી સ્વામીને કહ્યું, ‘‘સ્વામીજી આપ બે ત્રણ દિવસ અહીં રોકાવ તો સત્સંગીને સારો લાભ મળે.’’ સ્વામીએ કહ્યું, ‘‘ બહું સારૂ અમે જરૂર રોકાઈશું.’’

બીજે દિવસે સ્વામી નદીમાં સ્નાન કરી અને પછી મંદિરની વાડીએ પધાર્યા. ત્યાં સરસ બાજરાનો પોંક કરીને સ્વામીને ડુંગરજી ભકતે આપ્યો. સ્વામીએ ઠાકોરજીને જમાડી બધા ભકતજનોને પ્રસાદી આપી. ત્યારે ડુંગરજી ભકતે સ્વામીને વાત કરી કે, સ્વામી ! આ વાડી મંદિરની છે. તેમાં આ ગોવિંદ ભકત સેવા સારી કરે છે, કાંઈ મજુરી લેતા નથી, પણ એક વાતની ખામી છે. તેમને ત્યાં દીકરો કે દીકરી કશું નથી. ઘર સુનું છે તેથી આપ દયા કરો તો તેની આશા પુરી થાય.

સ્વામીએ કહ્યું, ‘‘પાણી લઈ આવો. ડુંગરજી ભગતે સ્વામીને પાણી આપ્યું, સ્વામીએ ટીંબળવાનું મોટું ઝાડ હતું તેને પાણી છાંટી વર્તમાન ધરાવ્યાં.

**કાળ માયા પાપ કર્મ યમદુત ભયાદહમ્ ।**
**શ્રીકૃષ્ણં દેવં શરણં પ્રપનોસ્મિ સ પાતુ મામ્ ॥**

સ્વામીએ કહ્યું, ''ડુંગરજી ભગત'' આ ટીંબરવાનો જીવ ગોવિંદરામને ત્યાં દીકરો થઈને આવશે. તે લાકડાને મંદિરમાં લઈ જજો અને પાટડા તરીકે ગોઠવીને ઉપર નળીયા રાખીને સરસ મજાનું મંદિર બનાવજો. લાકડું મંદિરના ઉપયોગમાં લેજો. આટલું કહી સ્વામી સત્સંગ કરાવી ને જુનાગઢ ગયા. સ્વામીના વચન પ્રમાણે બરાબર નવ મહિના પછી ગોવિંદરામ ભકતને ત્યાં દીકરાનો જન્મ થયો. ગોવિંદરામ રાજી થઈ ગયા. આખા ગામમાં સાકર વહેંચી આનંદ વ્યકત કર્યો. દીકરાનું નામ રાખ્યું ભીમજી.

ગોવિંદરામે દીકરાને ખુબ સારા ધર્મના સંસ્કાર આપ્યા અને હંમેશાં વાત કરે છે. ''બેટા, તું આગલા જન્મમાં ઝાડ હતો, ગુણાતિતાનંદ સ્વામીએ તને ઝાડમાંથી માનવ બનાવ્યો છે. આવા સંતો સાથે આત્મબુધ્ધિ રાખીને ભજન ભકિત કરજે અને સંતોની સેવા કરજે. આપણે સંતોના ઋણી છીએ. એમના ઉપકારનો કોઈ પાર નથી.

ભીમજી ભગત દરરોજ મંદિરે દર્શન કરવા આવે ત્યારે શ્રીજી મહારાજની મૂર્તિ સામે એક પગે ઉભા રહીને માળા ફેરવે, અને અંતરાત્માને ઉપદેશ આપે કે, ''હે જીવડા ! તારો દેહ ઝાડવાનો હતો. સંતની કૃપાથી તને માણસ બનાવ્યો છે. હવે જો સંસારની મમતામાં લોભાઈને ભગવાનને ભૂલી જઈશ તો પાછા આવાં અનંત શરીર ધરવાં પડશે. અને દુ:ખ વેઠવું પડશે. માટે ભજન ભકિત, દાન પૂન્ય કરીને ભવનું ભાતુ બાંધી લેજે. સાથે કાંઈ નહિ ચાલે, એકલો આવ્યો ને એકલો જવાનો છો.

**હંસલો ચાલ્યો જવાનો એકલો રે, સંગમાં આવે છે પૂન્ય ને પાપ.હંસલો**
**ભાતું ભકિતનું સાથે બાંધજો રે, ત્યાં નથી વાણીયા કેરાં હાટ. હંસલો**
**પ્રેમથી સાચા સંતને સેવજો રે, એ તો ઉતારશે ભવપાર. હંસલો.**
**દયાનંદ ના સ્વામી શામળા રે, એ છે મુક્તિ ના દેનાર. હંસલો.**

ભીમજી ભગત જાતના કોળી હોવા છતાં સત્સંગના ધર્મ નિયમનું પાલન કરીને અનેકને સત્સંગનો રંગ ચડાવ્યો. ભગવાન અને મહાપુરૂષો ધારે તે કરી શકે. ઝાડવામાંથી મનુષ્ય બનાવે. પારસમણિનો સ્પર્શ થતાં લોઢું સોનું થઈ જાય. તેમ શ્રીહરિના મહાન સંતોના યોગમાં આવનાર જીવાત્મા બ્રહ્મરૂપ બની જાય છે. ભરાડી ભગત બની જાય છે.

**આંખ ઉઘડે અનુભવની, તે તો સાચા સંતજનને સંગે;**
**ઉતરે મેલ માયા તણો, ચિંત રંગાઈ જાય હરિ ને રંગે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સાચા સંતના સંબંધથી અનેક જીવના ભવ બંધન છુટી જાય છે અને માયાનો મેલ ધોવાઈને ચિત રંગાઈ જાય હરિને રંગે અનુભવની આંખ ઉઘડે તો જ અજ્ઞાન રૂપી અંધારૂં નાશ થાય છે. આંખ ઉઘાડનારા સંતો છે. ખરેખરા સંતનો સંગ થાય તો માયિક ગંધ રહે નહિ. સંતોમાં માનવ બૃધ્ધિ કરવી નહિ.

**જેમ ચંદન વાસે વૃક્ષ બીજાં, ચંદન સરીખાં થાય છે;**
**તેમ શ્રીહરિના સંબંધથી, સંત કલ્યાણકારી કહેવાય છે.**

જંગલમાં જંગલી ઝાડ ઘણાં હોય પણ તેમાં જો એક બે ઝાડ ચંદનનાં હોય તો આખા જંગલમાં સુગંધ ફેલાઈ જાય તેમ સંતો જયાં હોય ત્યાં ભજન, ભકિત, જ્ઞાન વૈરાગ્યની સુગંધ ફેલાઈ જાય છે.

ગામનું પાણી ગંગાજીમાં ભળતાં ગંગારૂપ થઈ જાય છે, તેમ સંત શ્રીહરિના સબંધથી ગંગાજી જેવા પવિત્ર થઈ જાય છે. વાલીયો લુંટારો ગંગાજી જેવો પવિત્ર વાલ્મીક ઋષિ થઈ ગયા. જોબન લુંટારો શ્રી હરિના સંબંધથી ગંગાજી જેવો પવિત્ર થઈ ગયો. સંતના સંબંધથી આત્મા શુધ્ધ થઈ પહોંચે હરિ સમીપે હજુર, મોક્ષનું દ્વાર સંતો થકી જ ખુલ્લું થાય છે. સંતના સહારા સિવાય સાચી સમજણ આવતી જ નથી. સાચા સંતથી જ કલ્યાણ થાય છે બાકી બીજા સંત દુનિયામાં ઘણા છે.

**સંત બહુ બીજા સંસારમાં, તેને તોલે રખે ત્રેવડો તમે;**
**હંસ જો બક બરોબર બેઉ, સમઝવા નહિ કોઈ સમે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હંસ અને બગલો દેખાવમાં સરખા જ હોય. હંસ પણ ધોળો અને બગલો પણ ધોળો હોય. હંસ મોતીનો ચારો કરે ને બગલો માછલાંને મારીને ખાઈ જાય. શ્રીજી મહારાજ વચનામૃતમાં વારંવાર બોલે છે, હે પરમ હંસો તમે આગળ આવો, મારે તમને એક વાત કહેવી છે. પરમહંસની ઉપમા સંતોને આપે છે. દૂધ અને પાણી ભેગું હોય તો હંસ દૂધનું પાન કરશે ને પાણીને પડતું મૂકશે, તેમ હંસ જેવા સંત છે તે પ્રભુની ભકિતરૂપી દૂધનું પાન કરે છે ને સંસારની માયા મમતારૂપી છે ઝાંઝવાનું પાણી છે તેને પડતું મૂકે છે.

હંસ હંમેશાં માનસરોવરના કિનારે રહે છે. તેમ સાચા સંતો છે તે સત્સંગરૂપી માનસરોવરના કિનારે રહે છે. સમજી વિચારીને સંતનો સંગ કરજો. બગલા જેવા સ્વાર્થીલા હોય, પાપમાં પ્રવૃત્ત હોય, વાણીમાં વિવેક ન હોય, ક્રોધી હોય તે પોતે ભવસાગર તરી ન શકે તો બીજાને કેમ તારશે. પાણા સાથે પાણો બંધાય તો ડૂબે, તરે નહી. સ્વામી કહે છે.

પોતે તરે ને બીજાને તારે, પોતે ધર્મનું પાલન કરે ને બીજાને કરાવે તેનું નામ સંત, માયામાં રમતા અજ્ઞાની જીવાત્માને જ્ઞાનના પ્રકાશમાં રમતું કરી દે તેનું નામ સંત. સહન કરે એનું નામ સંત. સંત શબ્દ બહુ મહાન છે. તે જેને તેન ટચ ન થાય.

## કોઈની પાસે નથી તે સંત પાસે છે.

**જેમ ચક્રવર્તી ભૂપાળ બાળને, ગરીબ કંગાલ ગણવો નહિ;**
**નિષ્કુળાનંદ કહે એ નરેશ છે, ભૂલે બીજો ભણવો નહિ.**

ચક્રવર્તી રાજાનો દીકરો ભલે રાજા નથી, રાજાનો દીકરો છે. તેમ સંતો ભલે ભગવાન નથી, પણ ભગવાનના દીકરા ચોક્કસ છે. રાજાના દીકરાને કંગાલ ગણાય નહિ. તેમ સંતો કંગાલ નથી. એમની પાસે ભગવાન છે, ધર્મ ભકિત, જ્ઞાન, વૈરાગ્ય, ક્ષમા, શીલ, સંતોષ, દયા વિગેરે અલૌકિક સંપત્તિ છે. કોઈની પાસે નથી તે સંત પાસે છે.

કોઈ વડાપ્રધાન હશે એમની પાસે બંગલા, ગાડી, લાડી, પુત્ર પરિવાર, માલ મિલ્કત, માન, મોટાઈ, મોભો બધું હશે પણ એ બધી સંપત્તિ નાશવંત છે, અલૌકિક સંપત્તિ નથી. એ લૌકિક સંપત્તિ છે, પણ એક વાત જરૂર સમજી રાખજો અનંતકોટી બ્રહ્માંડનો નાથ સંત છે. ભલે જગતના અજ્ઞાની માણસોને એમ લાગે કે સંત પાસે કાંઈ નથી. એનાં કોઈ સગાં નથી, એની અડખે પડખે કોઈ નથી, એની પાસે પૈસા નથી, ભીખારી જેવા બાવા છે. આવું સમજતા નહિ, જે કોઈની પાસે નથી તે સંત પાસે છે.

જેને જગત સુખની કાંઈ પડી નથી એવા સંતને સ્વામી કહે છે, શેની ઉપમા દઈએ. જેમ દરિયો અતિ અગાધ ઉંડો ને ગંભીર છે. અગાધ નીરથી ભરેલો છે. સૂર્યના તાપથી તે તપતો નથી, અને દુષ્કાળ પડે તો પાણી ઓછું થતું નથી, દરિયાની

તોલે નદી, તળાવ કે સરોવર આવી શકે નહિ. વરસાદ ન વરસે તો નદી સુકાઈ જાય, સરોવર શોષાઈ જાય, પણ દરિયો કોઈ દિવસ સુકાય નહિ, ને શોષાય નહિ. એવોને એવો ખુમારી ભર્યો ધુંધવાયા કરે.

**તેમ સંત ગંભીર ગરવા ઘણું, તપે નહિ ત્રણે તાપે કરી;**
**અતિ પરમાર્થી પ્રાણધારીના, શોક સંશય સર્વે લીયે હરી.**

સાચા સંતનો મુખ્ય ગુણ ગંભીરતા છે. સંતો બહુ બોલે નહિ, વિચારીને જોઈતું જ બોલે. બીજાનું હીત થાય તેવું બોલે. કોઈ દિવસ કોઈથી બાઝે નહિ, કોઈ ની નિંદા કરે નહિ, જગતમાં ઉપસેવાની મમતા હોય નહિ, માનથી ફુલાઈ જાય નહિ, અપમાનથી શોષાઈ જાય નહિ, ગંભીર બનીને ભગવાનનું ભજન કરે, ગમે તેટલા સદ્‌ગુણો હોય છતાં છલકાઈ જાય નહિ, ગમે તેટલી ધન, સંપતિ, માલ મીલ્કત મળે તો લોભાઈ જાય નહિ, તટસ્થ પણે રહીને સંસારથી વિરકત રહે.

સાગર પાર કરવા જેમ નૌકાની જરૂર પડે છે. તેમ સંસાર સાગર તરવા માટે સંતની જરૂર પડે. જેમ ચિંતામણીમાંથી તમામ સંપત્તિ મળે તેમ સંતો અને સત્સંગ ચિંતામણી જેવા છે. સત્સંગની છાયા નીચે આપણે બધા બેઠા છીએ. જેવું ચિંતવશું તેવું મળશે. સંતમાં હેત થાય તો જન્મ સુધરી જાય.

**સર્વે વાત જાય સુધરી, જો થાય સંત શું પ્રીત;**
**ન્યુન ન રહે તેહ જનને, જાણો જોરે થઈ જાય જીત.**

સંતમાં હેત થાય તો જન્મ સુધરી જાય. જીવન પરિવર્તન થઈ જાય. માનવ તો ઠીક છે સુધરી જાય, પણ સંતની કૃપાથી સંતનું વચન મનાઈ જાય તો સર્પ જેવા ઝેરીલા સર્પનું પણ કલ્યાણ થાય છે. સત્ય બનેલી ઘટના છે.

## સંત તો વિશ્વનો શ્વાસ છે

ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ખુશાલ ભટ્ટ હતું, ટોડલા ગામમાં એક વખત એક નાનો બ્રાહ્મણનો દીકરો પીપળા પાસે રમતો હતો. અચાનક થડના પોલાણમાંથી કાળો સર્પ નીકળ્યો, અને છોકરાને કરડ્યો, જોત જોતામાં ઝેર આખા શરીરમાં ચડી ગયું, બેભાન થઈ પૃથ્વી ઉપર પડી ગયો. મા બાપને ખબર પડી તેથી દોડતાં આવીને ખુશાલભાઈને વાત કરી. “ખુશાલભાઈ અમારા દીકરાને કાંઈક

વળગી ગયું છે. આપ તો દયાળુ છો, કાંઈક કરો જેથી સારૂં થઈ જાય.'' ખુશાલભાઈ આવીને પાણી છાંટ્યું, કે તુરંત પાપ બળી ગયાં. પૂછયું તું આ છોકરાને શા માટે કરડ્યો ? સંત દર્શનથી સર્પને વાચા આવી, મને દબાવ્યો એટલે હું કરડ્યો. વિચાર કરો સંત પાણી છાંટે તો પણ પાપ બળી જાય. તો ભાવથી દર્શન કરે, સેવા કરે, જમાડે તો શું ન થાય. સંત તો વિશ્વનો શ્વાસ છે.

સર્પે કહ્યું, ''પૂર્વ જન્મમાં હું વર્ણશંકર હતો. મારી મા વાણીયાણી હતી, મારો બાપ મુસલમાન હતો. મેં મારા જીવનમાં ખુબ પાપ કરી પૈસા ભેગા કર્યા. પાપને લીધે મને સદાય ક્રોધ રહ્યા કરતો. વાતની વાતમાં હું છટકતો, ક્રોધમાં મારો દેહ પડ્યો તેથી બીજો જન્મ મને સર્પનો આવ્યો. તમારાં દર્શન કરવાથી મને ગતજન્મની ખબર પડે છે.''

સર્પ કહે છે, ''હે સ્વામીજી હવે હું તમારે શરણે આવ્યો છું મારી ઉપર કૃપા કરો, મને સર્પ યોનીથી મુકત કરો, હું બહુ દુઃખી છું. ખુશાલભાઈએ છોકરાના શરીર ઉપર હાથ ફેરવ્યો કે ઝેર તુરંત ઉતરી ગયું. ખુશાલભાઈએ સર્પને કહ્યું, તું હવે કોઈને કરડજે નહિ. પીપળાનાં થડમાં રહેજે, આ છોકરો દરરોજ પ્રસાદીનું પાણી અને સંતોનું જમેલું ઉચ્છીષ્ટ અન્ન થડમાં રેડી જશે, તે ખાજે અને ભગવાનનું મનથી નામ લેજે, શ્રી સ્વામિનારાયણ શ્રી સ્વામિનારાયણ બોલ્યા કરજે, કોઈને કરડજે નહિ. સંતનું ઉચ્છીષ્ટ જમવાથી સર્પનો સ્વભાવ સુધરી ગયો. સર્પની સાથે ગામનાં છોકરા રમે, ગેલ કરે, કોઈ પુંછડું ઝાલે છતાં પણ કોઈને કરડે નહિ.

વિચાર કરો સાચા સંતમાં ભકિતની શકિત કેવી ગજબની હોય છે. ખુશાલભાઈની કૃપાથી સર્પનો બીજો જન્મ ચારણ જ્ઞાતિમાં થયો. સ્વામી કહે છે પાર આવી જાય સર્વે પંથનો, સરી જાય સહુ કામ; સંત સેવ્યાથી પમાય પુરણ પરમધામ.

**અનુપ સંતને આપું ઉપમા, એવું નથી જો એક;**
**જોઈ જોઈ જોયું મેં જીવમાં, કરી ઉંડો વિવેક ...અનુપ...**
**સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, શોધે ન આવે સંતોને તોલ;**
**દીઠા સુંણ્યા તે તો દોષે ભર્યા, સંત અતિ અમળ અમોલ. અનુપ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં જે લોકો છે, જે જે

પદાર્થ છે, તે બધા દોષથી ભરેલા છે. સંતને તેની ઉપમા હું શું આપું એવા દોષવાળાની સાથે સંતોની ઉપમા ઘટતી નથી. સાતે દષ્ટાંતે સુચવી જુવો તો પણ સંત તોલે કોઈ ન આવી શકે.

**જેવા સંત કહીએ શીરોમણી, તેવા હરિ સહુ શિરમોડ;**
**નિષ્કુળાનંદ નીહાળતાં, ન જડે એ બેની જોડ ... અનુપ ...**

ભગવાન અને ભગવાનના સંતો એ બેની જોડ છે. તમામ ધર્મના સનાતન શાસ્ત્રમાં ભગવાનનો અને ભગવાનના ભકતનો મહિમા અપાર ગવાય છે. સંતમાં ભગવાન રહે છે અને ભગવાનમાં સંત રહે છે. એવી રીતે બન્ને એક બીજામાં ઓત પ્રોત છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહ્યું છે કે સંતની સેવા કરે તો સાક્ષાત્ ભગવાનની સેવાનું ફળ મળે છે. જેમ સંતને ભગવાન વિના રહેવાતું નથી એમ ભગવાનને પણ એવા સંત વિના રહેવાતું નથી.

**જોડ નથી જડતી જગમાંયે જોતેજી, ઘણી રીતે ઘટમાં ગરી ગોતેજી;**
**બીજા અવતારના અવતારી પોતેજી, આપે આવીયા સર્વે સામર્થી સોતેજી.**

નિષ્કુળાનંદ સ્વામી મહિમા લખે છે, ભગવાનના મહિમા વિના સર્વે લુખુ કહેવાય. બ્રહ્માની પચાસ વરસની આવરદાએ પ્રભુ પોતે આ જગતમાં પધારી અને સર્વે સામર્થીએ સહિત પોતાના પ્રતાપથી અનેક જીવનો ઉધ્ધાર કર્યો. ખગ, મૃગ, નર, નિરજર, ભુત ભૈરવ આદિક સ્થાવર જંગમ દેવી અને આસુરી અનેક જીવને પ્રભુએ મોક્ષનો માર્ગ બતાવ્યો. કોઈની કરણી જોઈ નહિ. એવી વર્તાવી રીત. તમોગુણી રજોગુણી ને તારીયા, સત્વગુણીને આપીયાં સુખ. શરણાગતનું આ સમે રહેવા દીધુ નહિ દુઃખ, પામર નરને ભવપાર કર્યા એવી વર્તાવી રીત.

## દરવાજો બહુ સરસ છે

ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનું મંદિર અતિ સુંદર અને સોહામણું શ્રીજી મહારાજે બનાવ્યું. ત્યાં એક વખત આટકોટ ગામેથી એક ભરવાડ કોઈ કામ પ્રસંગે ગઢપુર આવ્યો. ગોપીનાજી મહારાજનાં દર્શન કરી બહુ રાજી થયો. એના મનમાં મંદિરનો દરવાજો ખૂંચી ગયો. કેવો સરસ રૂપાળો ને કોતરકામ કરેલો દરવાજો છે. આવો દરવાજો મેં કયાંય જોયો નથી. મંદિરનો દરવાજો યાદ આવ્યા કરે. ચિતમાં

ચોંટી ગયેલી વાત ન સંભાળો તો પણ પોતાની મેળે યાદ આવ્યા જ કરે. જે કોઈ મળે તેને ભરવાડ કહેતો જાય, તું ગઢપુર ગયો છે ? ન ગયો હોય તો જરુર જજે. મંદિરનો દરવાજો જોઈશ તો તને ખબર પડશે કે શું એની શોભા છે. આવી રીતે મંદિરના દરવાજાના વખાણ કર્યા કરે. એમ કરતાં દેહનું આયુષ્ય પુરું થયું. ભગવાન તેડવા આવ્યા, ચાલો ભગત અમે તેડવા આવ્યા છીએ. ભરવાડ આભો બની ગયો અને કહ્યું પ્રભુ મેં કાંઈ ભજન, ભકિત કે પાઠ, પૂજા કાંઈ કર્યું નથી. છતાં પણ તમે તેડવા આવ્યા છો. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, ભલે તમે કાંઈ જપ, તપ નથી કર્યાં, પણ અમારા મંદિરના દરવાજાના વખાણ કર્યા છે. દરવાજો બહુ સરસ છે તેથી તેડવા આવ્યા છીએ. વિમાનમાં બેસાડી ભગવાન ભરવાડને ધામમાં તેડી ગયા. ભરવાડનું કામ થઈ ગયું. ગજબની વાત છે. ભગવાનને પામવા માટે અનેક સાધન કરે ત્યારે ભગવાનને પમાય છે, પણ આ સમે શ્રીજીની કાંઈક અલૌકિક લીલા છે.

**તેમ દૈવી મુમુક્ષુ જીવ તારે, તેનું આશ્ચર્ય શું જાણીએ;**
**પણ આસુરી પામર નર તરે, તેથી વાત બીજી શું વખાણીએ.**
**આ સમાના અવતારની, મોટપ મુખે કહેવાતી નથી;**
**નિષ્કુળાનંદ કહે જન મને, વિચારી જુવો વિધ વિધથી.**

સ્વામિનારાયણ ભગવાને કેવા જીવાત્માને તાર્યો, સ્વામી કહે છે, જેનામાં ધર્મ નહિ, ભકિત નહિ, વૈરાગ્ય નહિ એવા આસુરી પામર નરને પણ તાર્યા છે. લોઢા જેવા કટાયેલાને પણ તાર્યા છે.

પહેલાના અવતાર જે થયા તેણે દૈવીને તાર્યાને આસુરીને માર્યા. નિષ્કુળાનં સ્વામી કહે છે, આ અવતારની શું મુખે મોટપ કહું ! જડ વસ્તુમાં ચૈતન્ય મૂકીને અનેક પામરને તારી દીધા છે. કોઈ કાળે આસુરીનો ઉધ્ધાર થઈ શકે નહિ તેવાને ભવપાર કર્યા છે.

ગઢપુરમાં શ્રીજી મહારાજે કહ્યું, હે સંતો આપે બધા એક ઠેકાણે બેસી રહેશું તો સત્સંગ કઈ રીતે વિકાસ પામશે. માટે ગામો ગામ અને દેશો દેશમાં વિચરણ કરો, અને મુમુક્ષુઓને મોક્ષ માર્ગ બતાવો. સંતો શ્રીજી મહારાજને પગે લાગીને કહ્યું, ‘‘હે મહારાજ આ જગતમાં અજ્ઞાનીઓને કઈ રીતે ઓળખાણ કરાવીએ. સાવ જંગલી

જેવાને ધર્મને માર્ગે વાળવો બહુ કઠણ પડે. પથ્થર ઘડવો સહેલો પણ જંગલી જેવા માણસની ઘડતર કરવી બહુ કઠણ.''

શ્રીજી મહારાજે કહ્યું, ''સંતો તમે ચિંતા ન કરો. પોતે પહેરેલો હાર ઉતારીને કહ્યું લ્યો હું તમને પ્રસાદીનો હાર આપું છું. એ હારનાં જે દર્શન કરશે તેને સત્સંગનો રંગ ચડશે.'' સંતો હાર લઈને સત્સંગ કરાવવા રવાના થયા. જે ગામમાં જાય ત્યાં આંખ બંધ કરી ભગવાનને હૃદયમાં ધારીને સ્થિર બેસીને કીર્તન બોલે.

**જાના હે નર જાના હૈ, ઘર છોડી અકીલા જાના હે;**
**મેડી મંદિર છોડ ચલોંગે, એક દિન ભોંય બીછાના હે. ઘર છોડી.**

સંતોમાં રહી ભગવાન બોલે, સંતોમાં રહી ભગવાન જમે, મીઠો મધુરો સ્વર સાંભળીને અનેક માણસો ભેગા થઈ ગયા. કીર્તન પુરું થયું સંતોએ આંખ ખુલ્લી ત્યાં અનેક માણસો બેઠા છે. સંતોએ હારનાં દર્શન કરાવ્યાં. દર્શન કરતાની સાથે સમાધિ થઈ ગઈ. અક્ષરધામનું સુખ જોઈને રાજી રાજી થઈ ગયા, સાચી સમજણ આવી કે માનવ દેહ ભગવાને આપ્યો છે તે ભોગ ભોગવવા માટે નથી. પણ ભગવાનને ભજવા માટે છે. સમાધિથી બહાર આવી વંદન કરીને બોલ્યા હે મહાત્માજી અમને વર્તમાન ધરાવીને સત્સંગની રીતભાત શીખવો. જેથી અક્ષરધામમાં જઈ શકાય અને સદાય અલૌકિક સુખને માણી શકાય.

આવી રીતે પ્રસાદીના હાર દ્વારાએ શ્રીજી મહારાજે અનેકનો ઉદ્ધાર કરેલ છે. ને વર્તમાનકાળમાં પણ કરે છે. સ્વામિનારાયણ ભગવાને અલૌકિક સુખ આપ્યું અને માયિક સુખ આપ્યું.

**અલૌકિક સુખ અવલોકી ને, જન આશ્ચર્ય પામે ઉર;**
**અનેક ધામ ધામી સહિત, હરિએ દેખાડ્યા હજુર.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે આ અવતારે ભગવાને જે જે લીલા કરી છે તે આશ્ચર્યકારી છે. જે ભકતને જેવા સંકલ્પ થાય તે સંકલ્પ પ્રભુ પુરા કરે. પર્વત ભાઈને સંકલ્પ થયો, નરસિંહ અવતાર કેવો હશે! તો તુરંત મૂર્તિમાન ૨૪ અવતારનાં દર્શન થયાં, અને પાછા ચોવીસે અવતાર શ્રીજી મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા.

શ્રીજી મહારાજે મેઘપુરમાં છ મહિના સુધી ચોરાસી કરીને અનેક બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. પછી શ્રીજી મહારાજે સમાધિ દ્વારાએ અનેકને અક્ષરધામનાં દર્શન

કરાવ્યાં, યોગીઓ યોગ કરી મરી જાય છતાં સમાધિ ન થાય. તપ કરીને રાફડા વળી જાય છતાં સમાધિ ન થાય. રાત દિવસ પ્રાણાયામ કરી અષ્ટાંગ યોગ સાધે છતાં સમાધિ ન થાય તેને વિના સાધને સ્વામિનારાયણ ભગવાને સમાધિ કરાવીને પોતાનો નિશ્ચય કરાવ્યો. પાત્ર કુપાત્ર જે હોય તે બધાને સમાધિમાં મૂકી દે.

**જેને જેને સમાધિ કરાવે, એને ઓરડામાં ખડકાવે;**
**કોથળાની થપ્પીઓ જેમ, જનને ખડકાવતા તેમ.**
**પક્ષ માસ છ માસ પર્યંત, સમાધિમાં રાખે ભગવંત.**

સમાધિમાંથી કોઈ એક મહિના પછી જાગે કોઈ બે મહિના પછી જાગે, કોઈ છ મહિના સમાધિમાં સુખ ભોગવે. જેને સમાધિ થઈ જાય તેને કોથળાની થપ્પીની જેમ ખડકી મૂકે. જ્યારે શ્રીજી મહારાજ બોલાવે ત્યારે થપ્પીમાંથી નીકળી બહાર આવી શ્રીજી મહારાજને પગે લાગે. ત્યારે શ્રીજી મહારાજ પૂછે તમે સમાધિમાં શું જોયું ! ત્યારે કહે જે

**શ્વેતદ્વીપ અને વાસુદેવ, જોયા અસંખ્ય મુકતને એવ;**
**છુટે તેજના અંબાર ઝાઝા, જાણે સાગરે મૂકી છે માઝા.**
**જાણે અમૃત ઝરણાં ઝરે છે, તેમ અક્ષર મુકત ફરે છે;**
**નથી તાપને નથી તડકો, નથી શીતલ નથી ભડકો.**
**અતિ શાંત તેજ સુખકારી, જાય લોકપતિ બલીહારી.**

ગજબની વાત છે, શતાનંદ સ્વામી હમીરસરોવરમાં ડુબકી મારીને પહોંચી ગયા બદ્રીકાશ્રમમાં.

**ભૌતિક દેહ ભૂમિમાં, કરે પાણીમાં પ્રવેશ;**
**આડ રહિત અટકે નહિ, નવ રહ્યું આવરણ લેશ.**

બીજા અનેક અવતાર પ્રભુએ ધર્યા પણ સહજાનંદ પ્રભુ પર વારી વારી જાઉં વારણે. નિષ્કુળાનંદ સ્વામીએ આ સારસિધ્ધિ નામના ગ્રંથમાં શ્રીજી મહારાજનો સર્વોપરી મહિમા ગાય છે. સ્વામીએ જેવું અનુભવ્યું છે તેવું લખ્યું છે. હે પ્યારા પ્રાણજીવન ઘનશ્યામ તમે નીજજનને મહાસુખ આપનારા છો. આ અવતાર પહેલાં તમે મત્સ્ય, કચ્છ, વરાહ અને નરસિંહ અવતાર ધારણ કર્યા હતા. એમાં ઘણાય

તમારા આશ્રિતનાં કાર્ય કર્યાં. પણ એમાં જોઈએ તેવો લાભ લેવાયો નહિ. કારણ કે એ અવતાર એવા હતા. વરાહ સ્વરૂપ ભુંડનું હતું. પૃથ્વી ખોળીને કાઢી પણ લોકો એને સેવી શકે તેવું બને નહિ. કચ્છ, મચ્છરૂપે તમો પાણીમાં ફર્યા, નરસિંહ સિંહરૂપે થયા, નજીક જાતા બીક લાગે, તો સેવા પૂજા કેમ થાય ?. વામનરૂપે બલી રાજાનું કામ કર્યું. એ રૂપ અનુપમ હશે પણ એને સેવીને સંતોની ભકતોની ઈચ્છા પુરી થઈ નહિ. પરશુરામરૂપે તમો આખા જગતમાં ફરશી ફેરવી આ પૃથ્વીને ભૂપ રહિત કરી નાખી. તેને પણ સત્વગુણી સાધુ સેવીને બહુ સુખ લઈ શકયા નહિ.

**રામ પ્રભુ તે રાજા થયા, તેને ગરીબ કેમ પૂજી શકે;**
**દુર્બળ જાય કોઈ દરશને, તો દ્વારપાળ મારે ધકે.**

ગરીબ દર્શન કરવા જાય તો દ્વારપાળ અટકાવી દે, તું કયાંથી આવ્યો ? અત્યારે પ્રભુ પોઢ્યા છે. અંદર આવવા નહિ મળે. અત્યારે પ્રભુ રાજદરબારમાં રાજકારણીઓ સાથે ચર્ચા કરે છે. આવી રીતે રાજા પાસે જલ્દી જવાય નહિ, તેથી નાના માણસને ગરીબને બરાબર જોઈએ તેવો લાભ મળી શકયો નહિ. પછી પ્રભુ

**કૃષ્ણરૂપે અનુપ આપે થયા, કર્યા અનેક જીવનાં કાજ;**
**પણ એમનું એમ રાખ્યું નહિ, પછી થયા રાજ અધિરાજ.**

૧૧ વરસ સુધી ગોકળ વૃંદાવનમાં અલૌકિક ભકતજનોને સુખ આપ્યું પણ પછી તો રાજાધીરાજ થયા. દ્વારિકાના રાજા થયા, તેથી ગરીબ ભકતજનોને મળવાનો, જમાડવાનો, પૂજા કરવાનો બરાબર યોગ મળ્યો નહિ. રાજાધિરાજ પાસે ગમે ત્યારે મળવા જવાય નહિ. તેથી મળવું મોઘું થયું. પછી પ્રભુએ બુધ્ધાવતાર લીધો. પવિત્ર બોધ આપી અનેક જીવનો ઉધ્ધાર કર્યો. હવે ભૂમિ પર જયારે પાપનો ભાર વધશે ત્યારે ભગવાન કલ્કી અવતાર ધારણ કરશે અને પાપીનો સંહાર કરી ધર્મની સ્થાપના કરશે.

**એવા સર્વે અવતાર સૂચવી, ભાવે પ્રભુના ભાખીયા;**
**પણ આજ સંતને સુખ આપતાં, કોઈ રીતે ઉણા ન રાખીયા.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હે મહારાજ સંતોને સુખ આપવામાં કાંઈ બાકી રાખ્યું નથી. અનેકને પોતાના સ્વરૂપમાં ગરકાવ કર્યા છે.

એક વખત જોધો ભરવાડ ગાયો દોહતો હતો. ગાયો દોહતા દોહતા કીર્તન બોલે અને ભગવાનને યાદ કરે. એની ટેવ હતી અખંડ ભગવાનને સંભારવાની. સરસ મજાનું કીર્તન બોલે છે.

**કાનુડો રે કાનુડો જળ જમુનાને આરે પાણીલાં વારે રે બેની કાનુડો;**
**કાનુડો રે કાનુડો ઓંચીતાનો આવે, આવી બોલાવે રે બેની કાનુડો.**
**કાનુડો રે કાનુડો ફોડે જાળની હેલું, બોલે ઘેલું રે બેની કાનુડો.**

તે સમયે શ્રીજી મહારાજ દરબાર તરફ જતા હતા. સ્મિત હાસ્ય કરતા પૂછયું કયા કાનુડાને યાદ કરો છો ! ત્યારે જોધા ભરવાડે સેડ શ્રીજી મહારાજ સામે મુકીને કહ્યું, આ કાનુડાને યાદ કરું છું. તરત જોધા ભરવાળે સેડ કઢું દૂધ કપડાંથી ગાળીને તાંસળી ભરીને શ્રીજી મહારાજને આપ્યું. લ્યો મહારાજ દૂધ પીઓ. શ્રીજી મહારાજ દરબારમાં ઉભા ઉભા દૂધ પીને પછી અક્ષર ઓરડીએ ધાર્યા, સ્વપનામાં જલદી પ્રભુનાં દર્શન થાય નહિ તે પ્રત્યક્ષ ભગવાનને દૂધ પાઈને સહજાનંદ સ્વામીની સાથે આનંદ લે છે.

**એમ અનેક પ્રકારે આશ્રિતજનને, આપ્યો અખંડ આનંદ;**
**નિષ્કુળાનંદ સુખદ સહુના, સ્વામી તે સહજાનંદ.**

અનેક પ્રકારે પોતાના આશ્રિતને સુખ આપ્યાં છે.

ગઢપુરમાં મંદિરનું કામકાજ જોશભેર ચાલતું હતું. જેની જેવી શકિત તે પ્રમાણે સૌ સેવા કરે. સેવા કરતા જોઈને શ્રીજી મહારાજ ખૂબ રાજી થાય. કડીયા મંદિરનું કામકાજ કરતા હતા. તેના નીચે જે ચૂનો ઢોળાય તેની સફાઈ ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી સાવરણો લઈને કરતા હતા. તેથી બ્રહ્મચારીના વાસા ઉપર ચુનો પડેલો જોઇને શ્રીજીમહારાજે પોતાના હાથે તેમના વાસા ઉપરથી ચુનો ખંખેરી નાખ્યો, અને બોલ્યા, બ્રહ્મચારીજી આવો આપણે મળીએ, એમ કહી બાથમાં લઈ ભેટીને સેવાનો આનંદ વ્યકત કરી રાજીપો દર્શાવ્યો.

સહજાનંદ સ્વામી જેને સેવ્યા તેને બીજું કાંઈ કરવાનું રહેતું નથી. સર્વોપરીની ઉપમા કોઈ અવતારની તુલ્ય થાય નહિ. ધરતી ઉપર પરમાત્માએ ઘણા અવતાર ધર્યા, ચૌદ લોકમાં બધે જોઈ વળ્યા પણ આ સર્વોપરી સહજાનંદ જેને મળ્યા તેની

અલૌકિક વાત છે. અઢળ ઢળયા અલબેલ, હળ્યા મળ્યા હરિ હેતે કરી વાળી રંગડાની રેલ.

## મીંદડો બધા રોટલા ખાઈ ગયો.

**જમ્યા રમ્યા જોડે રહ્યા, દયા કરી દીન દયાળ;**
**સમે સમે સુખ આપીયાં, કાપીયાં દુઃખ વિશાળ.**

દાદાખાચરના ફૂઈ, પ્રભુ પ્રેમી અને ભાવિક હતાં. નામ હતું સોમાબાઈ સ્વભાવના ભોળાં. જેનામાં કપટ, છળ, દગો કે અભિમાન ન હોય એનામાં પ્રભુ પ્રત્યે પ્રેમ હોય.

બોલે બીજું ને કરે બીજું એવા કપટીથી પ્રભુ હજારો ગાઉ દૂર રહે છે. પ્રભુ પ્રત્યે પુરેપુરો પ્રેમ જાગે તો પ્રભુ દોડતાં આવે. સોમાફઈની દરરોજની ટેવ હતી. પ્રભુનું સ્મરણ કરતાં કરતાં રસોઈ બનાવે. પછી ઠાકોરજીને જમાડીને જમે. સત્સંગી અને કુસંગીમાં ઘણો ફરક હોય છે. સત્સંગી દરેક ક્રિયામાં ભગવાનને સાથે રાખે, યાદ કરે અને કુસંગી હોય તે સગાંને યાદ કરે. પણ શ્રી હરિને યાદ કરે નહિ.

સોમાફઈને મનમાં થયું કે આજે શ્રીજી મહારાજ જમે એવા રોટલા થયા છે. રોટલા ગોખલામાં રાખીને બજારમાં ગયાં કાંઈ વસ્તુ લેવા માટે. ઘર બંધ કરી હાથમાં લાકડી લઈ રવાનાં થઈ ગયાં. પ્રેમને વશ થયેલા પરમાત્મા દોડીને સોમાફઈના ઘરની સાંકળ ઉઘાડીને અંદર ગયા. ગોખલામાં જે રોટલા હતા તેની વટ વટ જમ્યા ને પછી એક ખુંણામાં સંતાઈ ગયા.

સોમાફઈ ગામમાંથી આવ્યાં, અને ગોખલો ઉઘાડી રોટલા જમવા બેઠાં ત્યાં રોટલાને અડખે પડખે છુંદેલો જોયો. તે જોઈ સોમાફઈ બોલ્યાં મારો પીટ્યો મીંદડો બધા રોટલાની વટ વટ ખાઈ ગયો. અને રોટલા અભડાવી ગયો. કાલે આવે ત્યારે વાત. બરાબર લાકડીથી મારીશ. તે સાંભળી શ્રીજી મહારાજે કહ્યું, “સોમાફઈ કોને ગાળું દો છો ?” સોમાફઈએ કહ્યું, “મીંદડાને ગાળું દઉં છું, રોટલાને જેમ તેમ છુંદી ગયો છે. હવે ઈ રોટલા અમને કામ નહિ આવે. બીજા બનાવવા પડશે.”

શ્રીજી મહારાજે કહ્યું, “ફઈબા રોટલા મીંદડો નથી ખાઈ ગયો, અમે ખાઈ ગયા છીએ.” સોમાફઈ કહે તો તો રોટલા પ્રસાદીના થઈ ગયા. બહુ સારૂં થયું બીજા

બનાવવા નહિ પડે. ભાગ્યશાળીને પ્રસાદી મળે. ફઈબા રાજી રાજી થઈ ગયાં. પછી કહ્યું બીજું બધું ઠીક પણ "મહારાજ હું તમને જેમ તેમ બોલી તેનું શું ! આંખમાં આંસું આવી ગયાં, રડતે રડતે કહ્યું, "પ્રભુ હું સાવ ગાંડી છું મારા ગુન્હા સામે નહિ જોતાં આવાંને આવાં દર્શન દેતા રહેજો ને ઘરે આવતા જજો.

શ્રીજી મહારાજની આવી રીતે અનેક લીલાઓ છે.

**અનેક પ્રતાપ અનેક પરચા, અનેક ઉધ્ધારીયા જન;**
**કોઈ વાતની કસર નહિ, એવા સહજાનંદ ભગવાન.**

આ અવતારે શ્રીજી મહારાજે કોઈ વાતની કસર રહેવા દીધી નથી. શ્રી હરિના સંબંધથી અનેકનો ઉધ્ધાર થાય છે ને થશે. અનેક શકિતના ધારનાર. અનંત ધામના ધામી જેનો કોઈ આધાર નહિ. સર્વેના આધાર સહજાનંદ સ્વામી છે. એણે અનેક જનને સુખી કર્યા છે.

**સુખી કર્યા જન જગમાં, પ્રભુ પ્રગટી આ વાર;**
**નિવાસી કર્યા બ્રહ્મ મહોલના, અગણિત નરનાર...સુખી...**

એક વખત શ્રીજી મહારાજ વડતાલમાં સ્નાન કરતા હતા. તે પવિત્ર પાણીનો પ્રવાહ જતો હતો. તે પ્રસાદીના પાણીમાં નાનાં નાનાં છોકરાંઓ નહાતાં હતાં, કલરવ સાંભળીને શ્રીજીએ પૂછયું, "આ શેનો અવાજ આવે છે ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું તમે જે સ્નાન કરેલું પાણી છે તેમાં છોકરાંને રમત થાય છે. તેથી ખોબા ભરી ભરીને નહાય છે. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, "તે છોકરાઓ બીજે જન્મે ઈંદ્રરાજા થશે." વિચાર કરો કાંઈ જપ, તપ, વ્રત કે સાધના નથી કરી ને સીધું ઈંદ્રપદ. આજે કેટકેટલી મહેનત કરે, ત્યારે એક દેશનો એક તાલુકાના મંત્રી કે તંત્રી બનવા મળે. આતો રાજાની વાત. શ્રીજી મહારાજે કહ્યું, "એ છોકરા ઈંદ્ર થશે દેવલોકના. જો મહિમા સહિત સ્નાન કર્યું હોત તો અક્ષરધામના મુકત થાત પણ મહિમા વગર સ્નાન કર્યું છે તેથી ઈંદ્રરાજા થશે. વિચાર કરો પ્રભુના પ્રસંગથી જીવ કેટલી ઉંચી કક્ષાએ પહોંચી જાય છે, અને સુખીયો થાય છે.

એ સુખ અજ, ઈશ, ચંદ્ર વિગેરે દેવોને મળ્યું નથી, તે સુખ ભગવાન સ્વામિનારાયણે પોતાના દાસને આપ્યું છે.

**ધામી વિના એહ ધામનું, કોણ સુખ દેનાર;**
**માટે આપે આવી આપીયું, અખંડ સુખ અપાર...સુખી કર્યા...**
**એહ સુખથી જે સુખી થયા, રહ્યાં દુઃખ તેથી દુર;**
**નિષ્કુળાનંદ નિર્ભય થઈ, રહ્યા હરિને હજુર... સુખી કર્યા...**

સહજાનંદ સ્વામીએ એક મોટો સમુદાય ઉભો કર્યો, પોતાના ઉત્તમ ભકતજનોને સદગુણોનો શણગાર સજાવી, અખંડ બ્રહ્મચર્ય પળાવી નિસ્નેહી, નિર્માની, નિષ્કામી, નિસ્વાદી આ બધા વર્તમાન રખાવી ભકતજનોના જીવન સંગ્રામથી દોષો ઉપર વિજય મેળવાવીને અંતઃશત્રુઓ પર વિજય ધ્વજ રોપાવીને સુખીયા કર્યા. આ દુનિયામાં જે કુરીવાજો તથા કુવિચારો હતા તેને સરખી રીતે સમજાવીને રિવાજો ને સુધારીને જીવન ઘડતર કર્યું, સંપ્રદાયની પુષ્ટિ તેમજ શુધ્ધિ અને વૃધ્ધિ કરીને ભકતજનોને ધોરી માર્ગ બતાવ્યો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, "પોતાના દાસને ભગવાને એવું સુખ આપ્યું છે કે એ સુખ કોઈ દિવસ નાશ થાય નહિ."

**નાશ ન થાય કોઈ દિને, એવું અવિનાશી એહ સુખ છે,**
**તેહ વિના તપાસી જોયું, જયાં જયાં જાય ત્યાં દુઃખ છે.**

ભગવાન અને ભગવાનની મૂર્તિનું સુખ અવિનાશી છે. બાકી જયાં જવાય ત્યાં દુઃખ છે.

ભગવાનના ભજનનું ફળ બહુ મોટું છે. કરોડો વરસ સુધી સુખ ભોગવે છતાં પણ ખૂટે નહિ. એવું અવિનાશી અને અચળ સુખ છે. આ દુનિયાનું સુખ તુચ્છ અને નાશવંત છે. આ અસાર સંસારમાં જરા પણ સુખ નથી, છતાં માયાના આવરણથી એને સુખ લાગે છે. જીવનો અવળો સ્વભાવ છે, જે ખોટાને સાચું માની તેમાં લુબ્ધ થાય છે, અને પૈસા મેળવવા માટે અન્યાય, અધર્મ કરીને પાપનાં પોટલાં બાંધે છે. એને બધી ખબર પડે છે કે એક દિવસ એકલું જવું પડશે. સાથે કાંઈ નહિ ચાલે, છતાં પણ સંસારનાં ઝાંઝવા જેવાં સુખ માટે દોડ્યાજ કરે છે. પાછુ વળીને જોતો નથી. જે હું શું કરવા આવ્યો છું ને શું કરૂં છું.

**સંસારીનાં સુખ એવાં, ઝાંઝવાનાં પાણી જેવાં;**
**તેને તુચ્છ જાણી ફરીએ રે, ચતુરવર વરીએ તો શામળીયો વરીએ રે.**

જયાં સુધી ભગવાનના મહિમાની અને નિશ્ચયની ખામી છે, ત્યાં સુધી નાશવંત પદાર્થમાંથી ચિત્ત ઉખડતું નથી અને શાશ્વત ભગવાનમાં ચિત્ત ચોંટતું નથી. નાત, જાત, બાળ, બચ્ચાં, સ્ત્રી, પુત્ર અને સગાસંબંધી સાથે સંબંધ રાખવો ઘટે તેટલો જ રાખવો, પણ પરલોક બગડી જાય એવો સંબંધ રાખવો નહિ. જનક રાજા રાજય કરતા હતા પણ દેહથી રાજ કરતા હતા, મનથી નહિ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાન સંબંધી સુખ જેને તેને મળતું નથી. કેટલી મહેનત કરે ત્યારે પૈસા મળે છે. જો માયિક સુખ મળવું મોંઘુ છે તો અમાયિક અને અલૌકિક સુખ તે કાંઈ નમાલા, આળસુ અને દુર્ગુણોથી ખદબદતા માણસોને મળતું નથી. જેને જગતનું સુખ ભોગવવું હોય તેને ભગવાનનો આનંદ હાથમાં નહિ આવે. એ સુખ તો ખરેખરા વીરલા હોય તેને જ મળે છે.

**જેહ સુખ જેને ઘરે, તે તો તેનું દીધું દેવાય;**
**તેહ વિના તોળી તપાસીયું, લેશ પણ આપણે ન લેખાય.**

અલૌકિક સુખ તો ભગવાન આપે ત્યારે લેવાય. સુખ એના ઘરનું છે. એ સુખ ઉછી-ઉધાર ન મળે. જેની પાસે જે હોય તે આપી શકે. તમે કોઈ ગરીબ પાસે જાવ અને કહો કે મને મોટર ગાડી દે, તો એ કયાંથી આપે ? એની પાસે છે જ નહિ તો શું દે ? જેની પાસે જે છે ત્યાં જાય તો એ વસ્તુ મળે. તેમ મોક્ષની લગામ ભગવાન પાસે જ છે, સુખના સાગર ભગવાનના ચરણમાં છે, એના થઈ જઈએ તો એ સુખ મળે, બાકી કોઈને ન મળે.

## ભગવાનને મળવાની ભૂખ લાગવી જોઈએ.

તમને મહિને પાંચ હજાર રૂપિયા મળી જાય તો પણ કાંઈ નથી મળ્યું. તમને મહિને પાંચ લાખ રૂપિયા મળી જાય તો પણ કાંઈ નથી મળ્યું. તમને મહિને કરોડ રૂપિયા મળી જાય તો પણ કાંઈ નથી મળ્યું. કારણ કે એ ધન નાશવંત છે. તે અહિનું અહિ જ રહી જાય. તેને જો સાથે લઈ જવું હોય તો ગરીબને અર્થે વાપરો, સાધુ સંતને અર્થે વાપરો, દેવાલય બંધાવો, વૃક્ષારોપણ કરાવો, ધર્મશાળા બંધાવો, વિદ્યાલયોમાં મદદ કરો તો એ ધન તમારું તમારી સાથે ચાલશે. તેનું ફળ તમને પરલોકમાં જરૂર મળશે.

આ જગતની અંદર અજ્ઞાની મનુષ્ય સમજે છે કે જીંદગી મજા લેવાની છે, પણ થોડાક બુધ્ધિમાન થાઓ ને ઘરડા થાઓ ત્યારે ખબર પડે કે જીંદગી દુઃખરૂપ છે.

જીંદગી દુઃખરૂપ પણ નથી ને જીંદગી સુખરૂપ પણ નથી. જીંદગી જીવતાં આવડી જાય તો જીંદગી આનંદરૂપ છે. ભગવાનને પામવા જેવી છે. જેના જીવનમાં સત્સંગ નથી, જેના જીવનમાં સંત સાન્નિધ્ય નથી, એને કાંઈ ખબર નથી. દરરોજ એકવીશ હજાર છસો શ્વાસ વેડફી નાખે છે. ૫૦ વરસમાં ૩૮ કરોડ ને કેટલાય લાખ વેડફાઈ ગયા. આટલા બધા શ્વાસ લીધા એમાં તમે ભેગું શું કર્યું ? તમને મલ્યું શું ? જે નથી સાથે ચાલવાનું તેને ભેગું બહુ કર્યું, ને જે સાથે ચાલવાનું છે, તેનું કાંઈ નહિ. માણસની મોટામાં મોટી ભૂલ આ છે.

જે પરા ભકિત સુધી પહોંચી જાય. તો તેને ભગવાનનાં સાક્ષાત્કાર દર્શન થાય. તોય બરાબર અને ન થાય તો પણ સદૈવ આનંદરૂપની લહેરમાં મસ્ત રહે છે.

**ભાંગી ભૂખ ભૂખ્યાતણી, ઘણી ઘનશામે કરી મહેર;**
**એવો કોણ અભાગીયો, જે દુઃખી રહેશે આ વેર.**

જેને ભગવાનને મળવાની ભૂખ હતી, તેની ભૂખને પ્રભુએ શાંત કરેલી છે.

એક ભુલાભાઈ હતા. નામે ભુલાભાઈ ને હૃદયના પણ ભોળા. એને ભગવાનનાં દર્શન કરવાની ભૂખ જાગી ગમે તેમ થાય મારે ભગવાનને મળવું છે. જેને ભૂખ લાગે તે બરાબર જેવી મહેનત કરીને પણ પેટ ભરે ત્યારે શાંતિ થાય. આ ભુલાભાઈને કોઈકે કહ્યું. “ માનવ દેહે પ્રભુ અત્યારે ભુજ ગંગારામને ઘરે બીરાજે છે.”

આ વાત સાંભળતાંની સાથે રવાના થઈ ગયા, ભૂખ લાગે ને ભોજન મળે તો વાટ ન જુવે. તરત જમવા મંડી પડે. તેમ ભુલાભગતને ખબર પડતાં ચાલતા થઈ ગયા. એને ખબર નથી ભુજ કઈ બાજુ છે. કોઈ સથવારો નહિ, જમવા માટે કાંઈ નાસ્તો નહિ, દેહની કોઈ પરવા નહિ, કે રસ્તામાં શું જમીશ ને કયાં જઈશ. કોઈ વિચાર જ નહિ પણ એકજ લગની કે જલદી ભગવાનને મળું, અને દર્શન કરું.

પગે ચાલ્યા જાય છે, થાકી જાય તો ઝાડ નીચે વીસામો લે. વળી પાછા ચાલતા થાય. ભગવાનને ખબર પડી મારો ભોળો ભુલકો ભગત ભૂખ્યો તરસ્યો મને મળવા આવે છે. તેથી ભગવાન બ્રાહ્મણના રૂપે મદદમાં આવી ગયા.

ભુલા ભગત કઈ બાજુ જાઓ છો ? ભગતે કહ્યું, “ભુજ ભગવાનને મળવા

જાઉં છું.'' બ્રાહ્મણના રૂપે ભગવાન બોલ્યા, ''અમે પણ ભુજ જઈએ છીએ.'' બે જણનો સથવારો સારો મળ્યો, સાંજ પડી ત્યારે બ્રાહ્મણના રૂપે ભગવાન બોલ્યા, ''ભુલા ભગત લ્યો આ ટીમણ છે તે આપણે જમીએ. ઝાડ નીચે બેસીને ભગવાન અને ભગત જમ્યા. આવી રીતે ૧૫ દિવસ સુધી ભગવાન ભુલા ભગત ભેળા રહીને જમાડે, પાણી પીવડાવે અને રાત પડી ત્યારે બ્રાહ્મણના રૂપમાં ભગવાને કહ્યું, ''ભુલા ભગત તમે ચાલી ચાલીને થાકી ગયા હશો, લ્યો પગ દાબી દઉં, એમ કહી ભગવાને પગ દબાવવાનું શરૂ કર્યું, ત્યારે ભુલાએ કહ્યું, તમે બ્રાહ્મણ છો તેથી તમારા માથે ભાર ચડાવાય નહિ. ને પગ દબાવાય નહિ. આ રીતે ભગવાને સંભાળ રાખતા રાખતા ભુજમાં ગંગારામને ઘરે પહોંચતા કર્યા, અને કહ્યું, ''ભગત આ ગંગારામ ભાઈના ઘરમાં ભગવાન બીરાજે છે, તમે દર્શન કરો. મને ઉતાવળ છે તેથી જાઉં છું.'' આટલું કહી ભગવાન અદશ્ય થઈ ગયા.

ભુલાએ ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કર્યાં. દર્શન કરતાંની સાથે હૃદયમાં શાંતિ છવાઈ ગઈ. જેને મળવું હતું તે મળી ગયું. પેટ ભરીને નીરખી નીરખીને દર્શન કર્યાં. ત્યારે આત્માને સંતોષ થયો કે આજે મારૂં જીવન સફળ થયું.

પછી ભગવાને ભુલા ભગતને પૂછયું, તમે કોની સાથે અહિ આવ્યા ? ભુલાએ કહ્યું, ''એક ભકત બ્રાહ્મણ ભેળો હતો, તે અન્ન જળ આપતો.'' મહારાજ ! તે મને રસ્તામાં મળ્યો અને અહિ પહોંચતો કર્યો, અને મને કહ્યું તમે દર્શન કરો મને ઉતાવળ છે તેથી જાઉં છું. એ બ્રાહ્મણ નવરો થશે ત્યારે આવશે.''

શ્રીજી મહારાજે કહ્યું, ''એ બ્રાહ્મણ નહોતો પણ અમે બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા હતા.'' ભુલો કહે ''અણસાર બ્રાહ્મણ જેવો જ આવે છે, મહારાજ તમારા વિના અમારી સંભાળ કોણ લે !''

જેને ભગવાનને મળવાની ભૂખ લાગે તો ગમે તેવી કઠણાઈ આવે છતાં પણ એ કાંઈ નહિ ગણકારતાં લક્ષ સુધી પહોંચી જાય છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''ભગવાનને મળવાની ભકિત કરવાની ભૂખ લાગવી જોઈએ. ભૂખ લાગે તો ત્રણ દિવસનો સૂકો રોટલો પણ ભાવી જાય, અને ભૂખ ન લાગી હોય તો મેવા મિષ્ટાંનના થાળ ભર્યા હોય તો પણ ભાવે નહિ.''

ભગવાનનો મહિમા સમજાઈ જાય તો જીવનું કામ થઈ જાય. તો તે દિવ્ય

ગતિને પામી જાય છે. સ્વામી કહે છે ભગવાનનો મહિમા તમને કેટલો સંભળાવું.

**કથી નથી કહેવાતી વણ જાણે વાતજી,**
**કહેશે કોઈ સંત જે જાણે છે સાક્ષાતજી**
**બીજા બહુને છે એ વાત અખ્યાતજી,**
**દીઠા ભેટ્યા વિના ભાખશે કોણ ભાતજી**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે મેં તો જેવા છે તેવા શ્રીજી મહારાજને જાણ્યા છે. માનવ દેહે સ્વામી ૩૦ વરસ સુધી શ્રીજી મહારાજ સાથે રહ્યા તેથી કહે છે કે, જેણે અનુભવ્યા નથી, જેણે દીઠા નથી, તેઓ જુદી જુદી રીતે વર્ણન કરશે.

કોઈ કહે છે ભગવાનને હજાર હાથ છે. કોઈ કહે ભગવાનને આઠ હાથ છે. કોઈ કહે ચાર હાથ છે. આમ કાનથી સાંભળેલી વાત કરે છે. પણ નજરો નજર ભગવાન જોયા નથી. કોઈ એમ કહે છે, ભગવાનને રૂપ નથી અરૂપ છે. કોઈ કહે રૂપ નથી પણ ખાલી તેજોમય છે. કોઈ કહે ભગવાન આખા વિશ્વમાં વ્યાપીને રહ્યા છે. કોઈ કહે આત્મામાં પરમાત્મા છે. કોઈ કહે :-

**પ્રભુને પડછાયો નહિ, કોઈ કહે ન ધરા ધરે પાવ;**
**દીઠા વિના આપ ડહાપણે, અમથા કરે છે ઉઠાવ.**

કોઈ કહે છે ભગવાનને પડછાયો ન હોય. કોઈ કહે પ્રભુ ચાલે ત્યારે પૃથ્વી ઉપર પગલાં ન પડે. અધ્ધર ચાલે છે. સ્વામી કહે અમથા અમથા મન ઉઠાવી વાત કરે છે. પણ મને બરાબર ખબર છે. મેં સાક્ષાત્ માનવ દેહે ભગવાનનાં દર્શન કર્યાં છે, તેથી હું તમને ચોખી વાત કહું છું કે ભગવાન કેવા છે !

**પણ જાણો હરિને બે હાથ છે, બે પાવલીયા છે પુનિત;**
**શ્રવણ નયન નાસીકા, સુખે બોલે છે રૂડી રીત.**
**જમે રમે નીજજન ભેળા, લીયે દોયે પૂજા જે દાસ;**
**હસે વસે સેવક સંગે, અલબેલો આપે અવિનાશ.**

## ઘરડી ગાયને શૂરાતન ચડ્યું છે

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, “ભગવાનને સુંદર મજાના બે હાથ છે. પવિત્ર કોમળ બે ચરણ છે. બે કાન છે. બે કમળ સરીખા નિર્મળ નેત્ર છે. પોપટના જેવી

નાસીકા છે. મધુરને મીઠું બોલે છે. ભકત જનોને પ્રેમ આપવા ને પ્રેમ લેવા આ પૃથ્વી ઉપર પધારે છે.

એક વખત વસંત પંચમીના દિવસે ગઢપુરમાં શ્રીજી મહારાજ સંતો અને હરિભકતોના સાથે રંગે રમ્યા. એક બાજુ સંતો ને બીજી બાજુ ભકતજનો વચમાં શ્રીજી મહારાજ અરસ પરસ ખૂબ રંગે રમીને બધાને રસબોળ કરી દીધા. પછી શ્રીજી મહારાજ ઓરડાની ઓસરીમાં બેઠા હતા. ત્યારે ગોપાળાનંદ સ્વામીના મનમાં વિચાર થયો કે બધા સંતો શ્રીજી મહારાજ સાથે રંગે રમ્યા ને હું એકલો રહી ગયો. બાજુમાં રંગનું તપેલું ભર્યું હતું તેમાંથી પિચકારી ભરીને શ્રીજી મહારાજની પાછળ ઉભા રહીને વિચાર કરે કે પિચકારી શ્રીજી મહારાજ માથે ઉડાડવી છે. પણ છાતીમાં પીચકારી મૂકું તો અપરાધ લાગે, તેથી પાછળ વાંસામાં રંગ ઉડાળ્યો.

શ્રીજી મહારાજે પાછું વળીને જોયું તો ગોપાળાનંદ સ્વામીના હાથમાં પિચકારી દીઠી. શ્રીજી મહારાજે હસીને કહ્યું, ઘરડી ગાયને આજે શૂરાતન ચડ્યું છે. એમ કહીને રાજીપો વ્યકત કરીને સૌની સાથે ઘેલા નદીમાં સ્નાન કરવા પધાર્યા. આ રીતે ભગવાન દાસ સાથે રમે છે, જમે છે, હસે છે અને અનેક પ્રકારની લીલાઓ કરે છે. ભગવાન કેવા છે !

**સાકાર સુંદર મુરતિ, સુખદાયી સહજાનંદ;**
**તેને જાણ્યા વિના જડમતિ, નીરાકાર કહે નરમંદ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે આ જગતની અંદર જડબુધ્ધિવાળા એમ કહે છે કે ભગવાન નિરાકાર છે. અવળું સમજીને બીજાને ગૂંચવણીમાં ગૂંચવે છે. સાચી હકીકત એને સમજાણી નથી. સાચી હકીકતમાં ભગવાન નિરાકાર નથી, ભગવાન સદાય સાકાર છે, પ્રેમાનંદ સ્વામી ગાય છે.

**બલિહારી શ્રી ગોરધરલાલની રે, વહાલો તેજોનિધિ સુખકંદ;**
**સદા સાકાર બીરાજે બ્રહ્મમોહલમાં રે.**
**વહાલો દ્વિભુજ ચતુર્ભુજ શ્રીહરિ રે, સદા સેવિત શ્રીનંદસુનંદ. સદા.**
**શંખ ચક્ર ગદા પદ્મને ધરે રે, યોગેશ્વર રી જગદીશ... સદા...**

ભગવાન સદાય સાકાર છે. એક દૃષ્ટાંત આપી નિષ્કુળાનંદ સ્વામી સમજાવે

છે કે એક પતિવ્રતા નારી હતી. તે દરરોજ ગરમા ગરમ સરસ મજાની રસોઈ બનાવીને એના પતિને જમાડીને પછી જમે. આવો એનો નિયમ હતો. એમ કરતાં એનો પતિ કમાવા માટે પરદેશ ગયો. તેથી એના ફોટાને જમાડીને જમે. બે વરસ થયાં એટલે પતિ કમાઈને ઘરે આવ્યો. પછી પતિવ્રતા નારી એના પતિના ફોટાને જમાડશે કે સાક્ષાત પતિને જમાડશે ?

સાક્ષાત્ પતિને જમાડશે. ફોટાને નહિ જમાડે. તેમ સ્વામી કહે છે. પ્રગટ ભગવાન મલ્યા છે. તો એને જમાડવા. એની પૂજા કરવી. એની આરતી ઉતારવી. એની સાથે હેત કરવું. આપણો ઉધ્ધવ સંપ્રદાય પ્રગટનો છે. ભગવાનની મૂર્તિ જે મંદિરમાં બીરાજે છે, તે સદાય સાકાર અને પ્રગટ અને પ્રગટ છે. તમામ ધર્મગ્રંથોનો સિધ્ધાંત આ છે. પ્રગટ ભગવાન અને પ્રગટ સંતથી જ કલ્યાણ થાય છે.

**આળ પંપાળમાં આવરદા ન ખોવીજી, એ પણ વાત વિચારીને જોવીજી;**
**હીરો હાથ આવ્યો ધૂળને ન ધોવીજી, દિનમાં સૂઈ રહી રાત ન ડોવીજી.**

આળ પંપાળમાં જ આયુષ્ય પુરું ન થઈ જાય, ખ્યાલ રાખજો. આવી રીતે ભજન ભકિત કરશું, કાલે કરશું, પછી કરશું, કયાં મોડું થાય છે, આવી રીતે માયાની જંજાળમાં જ રહી ન જવાય. વિચારજો હીરો હાથમાં આવ્યો છે. એ હીરાને ધૂળથી ધોવાય નહિ. ધૂળથી વધારે મેલો થાય તેમ વધારે માયા ને મમતામાં રચ્યા પચ્યા રહેશો તો સંસારમાં મોહ વધશે, ઘટશે નહિ.

ઘણા માણસોને માનવ દેહરૂપની કીંમત સમજાતી નથી. આખી જીંદગી પૈસા કમાવામાં ને કુટુંબ કબીલામાં જ ગુમાવી દે છે.

સ્વામી કહે છે પહેલું ઠેઠનું કરો, પછી પેટનું કરો. પછી શેઠનું કરો. પહેલું ઠેઠનું એટલે ભગવાનનું કરો. પૂજા કરો, દર્શન કરો, દાન પુન્ય કરો. એ બધું ઠેઠ સુધી ભેગું ચાલશે. પછી પેટનું કરો. એટલે બરાબર ભગવાનને જમાડીને તમે પેટ ભરીને જમો. જમ્યા પહેલાં દોડા દોડ ન કરો. નિરાંતે જમીને પછી શેઠનું કરો, એટલે વેપાર-ધંધો જે કરતા હો તે ન્યાય પૂર્વક કરો.

## દિનમાં સૂઈ રહે રાત ન ડોવીજી

આખો દિવસ યુવાની અવસ્થા હોય ત્યારે સૂઈ જાય. ધંધો ન કરે અને રાતના

દોડા દોડ કરે એને નકામો કહેવાય, તેમ યુવાનીમાં ભજન, કીર્તન, સત્સંગ કાંઈ સત્કર્મ કરે નહિ ને પછી વૃધ્ધ અવસ્થામાં કહેશે, પગે ચલાતું નથી. મંદિરે જવાતું નથી. ત્યારે ભગવાન કહેશે. જયારે પગમાં શકિત હતી ત્યારે ગામમાં નકામા આટાં મારતો હતો, પણ મંદિરે નહોતું અવાતું. ને હવે પગ નરમ-ઢીલા થઈ ગયા ત્યારે મંદિરે જવાની વાત કરે છે. તકે સાવધાન થવું જોઈએ. જયારે કાનમાં શકિત હતી સાંભળવાની ત્યારે કથા સાંભળી નહિ. આંખમાં શકિત હતી જોવાની ત્યારે નીરખીને ભગવાનનાં દર્શન કર્યાં નહિ. ને હવે ખાટલામાં બેઠા બેઠા પપડાટ કરે છે કે ચલાતું નથી. સંભળાતું નથી. દેખાતું નથી. બરાબર ખવાતું નથી.

**ટાણે ટેવ રાખી નહિ, કરે કટાંણે કોઈ ઉધમ;**
**તેમાં જ પડે પાંશરૂં, પડે તેમાં તે પુરણ શ્રમ.**

ટાણું સાંચવી લે તેને ડાહ્યો કહેવાય. તેમ અત્યારે એવું સરસ ટાણું આવ્યું છે હરિ ભજવાનું કે જો ખટકો રાખીને ભગવાન ભજે તો સો જન્મે કસર ટળવાની હોય તો આ જ જન્મે તમામ કસર ટાળીને મુકિત થઈ જાય.

## અમુલ્ય અલૌકિક ચાવી

જીવાત્માને સદાય સુખી થાવાની અંતરમાં અભિલાષા હોય છે. સુખી થવા માટે દોડી દોડીને હાંફી જાય છે. જીવ તાળવે ચોંટી જાય છે, છતાં પણ જોઈએ તેવી સુખની પ્રાપ્તિ થતી નથી. આ નાશવંત સંસારનું ચક્ર એવું છે કે જેમાં દુઃખ તો વણમાગે આવવાનું જ છે. દુઃખની પ્રાપ્તિ માટે કોઈને પ્રયત્ન કરવો પડતો નથી. દુઃખને કોઈ આમંત્રણ પણ આપતું નથી. છતાં દુઃખ આંગણે આવીને ઉભું રહી જાય છે. દુઃખને કોણ દૂર કરી શકે. કયા જીવાત્માની તાકાત છે કે દુઃખને હડસેલી શકે.

આજે અનેક લોકો પુછે છે કે દુઃખ દૂર કરવાની કોઈ ઔષધી કે કોઈ જડીબુટી છે ? જવાબમાં કહ્યું છે કે ( હા જડીબુટી છે ) તે છે શિક્ષાપત્રી. શ્રીજી મહારાજે આપણને કહે છે કે આ કરવું ને આ ન કરવું. વિધિ નિષેધ દર્શાવ્યા છે. એનું જો અડગપણે અક્ષરસઃ પાલન કરવામાં આવે તો દુઃખ નજીક આવી શકે નહિ. ખટકો રાખીને નિયમ ધર્મનું પાલન કરે તો તે જીવ મહાસુખીયો થાય છે. સુખી થાવાની અલૌકિક ચાવી આ છે.

ખટકો રાખવો એટલે શું ? ખટકો રાખવો એટલે ધ્યાન રાખવું ગાફલાઈ ન રાખવી. શ્રી હરિની આજ્ઞાને શ્રધ્ધાપૂર્વક અનુસરવું. શ્રીહરિની આજ્ઞામાં વિશ્વાસ રાખીને સમો સાચવી લેવો.

**માટે સમો સાંચવવો, પ્રગટ શું કરવી પ્રીત;**
**તો પુરણ તક પાકે ખરી, વળી થાય જગત માંહી જીત.**

નિષ્કુળાનંદ સ્વામી અદ્‌ભુત વાત લખે છે. ગમે તેટલું દુઃખ પડે, તે બધું સહન કરીને પ્રગટમાં પ્રીત કરી લેવી. મનગમતું મુકીને, સ્વભાવ છોડીને, નિર્માની થઈને જગતનાં અપમાન અને મહેણાં સહીને ભગવાન ભજી લેવા.

**એટલું કર્યું તો સર્વે કર્યું, કેડે કરવું ન રહ્યું કાંઈ;**
**મનુષ્ય દેહનો લાભ મળ્યો, આવી આ ભવ માંઈ.**
**સર્વે સિંધ્ધાંતનું સિધ્ધાંત એ છે, રહેવું પ્રગટ પ્રભુ પરાયણ;**
**મન વચને કર્મે કરી, ભજવા સ્વામિનારાયણ.**

પ્રગટ ભગવાનનું ભજન કર્યું તેણે બહુ જ કર્યું, સર્વે સિધ્ધાંતનો સિધ્ધાંત એ છે કે મન વચન અને કર્મે કરીને ભગવાનને ભજી લેવા. આ વાતને હૃદયમાં ઠીકાઠીક ઠેરાવીને ભગવાનમાં આસ્થા રાખવી.

## ભગવાને આ દુનિયા વિચારી ને બનાવી છે

ભગવાનમાં સદાય આસ્તિક ભાવ રાખવો. બે ભણેલા મિત્રો હતા. એક આસ્તિક હતો બીજો નાસ્તિક હતો. બન્ને મિત્રો એકવાર ફરવા નિકળ્યા. સુંદર નદીના કિનારે એક આંબાનું ઝાડ હતું, તેની નીચે બેઠા. નજીકમાં ભગવાનનું મંદિર હતું. આસ્તિક મિત્રે કહ્યું, ‘‘ચાલને મિત્ર આપણે દર્શન કરી આવીએ,’’ નાસ્તિકે કહ્યું, ‘‘હું ભગવાનને માનતો નથી, તને જવું હોય તો જા,’’ આસ્તિકે કહ્યું, ‘‘કેમ ભગવાનને માનતો નથી ! તું એક નહિ માને તેનાથી ભગવાનનો મહિમા ઘટી નહિ જાય.’’ નાસ્તિકે કહ્યું, ‘‘ભગવાન સાવ ગાંડા ને પાગલ છે. એને માનવાથી શું ફાયદો થાય. આ શબ્દ આસ્તિકને લાગી ગયા. મારા ભગવાનને આ મૂરખો કહે છે ! આસ્તિક મિત્રને દુઃખ લાગ્યું.

સુપાત્ર પુત્ર હોય એને કોઈક જડમતિવાળો એમ કહે કે તારો બાપ ગાંડો ને

પાગલ છે તો પુત્રને કેવું દુઃખ લાગે. પણ કુપાત્ર હોય તો તો પોતેજ બોલતો હોય કે બાપુજી તમે પાગલ થઈ ગયા છો ! જેમ ફાવે તેમ બોલે.

આસ્તિકને આ ગમ્યું નહિ તેથી કડકાઈથી કહ્યું, ''ભગવાનને પાગલ કહેવાનો તારો અધિકાર નથી. મોઢું સંભાળીને બોલજે. નહિંતર મારી ને તારી મિત્રતા નહિ ટકે. ત્યારે નાસ્તિક યુવાનીના છકમાં બોલ્યો, ભગવાન ગાંડા જ છે. જોને આ નદીના પેટાળમાં પાતળી વેલ છે. પાતળી ડાળખીયું છે, તેમાં તડબુચ થાય છે. તેમાં વીસ વીસ કીલાનાં તડબુચ લટકાવ્યાં છે, અને આ આંબાનું ઝાડ છે, તે કેવું મજબુત, જાડું અને તોતીંગ છે. ડાળખીયું પણ જાડી જોરદાર છે, છતાં સાવ નાની કેરી લટકાવી છે. તેથી ગાંડા નહિં તો શું ! આંબામાં કેરી ૫૦ કિલાની હોવી જોઈએ.

આવી વાત કરે છે ત્યાં અચાનક પવનની લહેર આવી તેથી ઉપરથી કેરી નીચે પડી ને નાસ્તિકના નાકમાં વાગી. વાગતાની સાથે લોહીની ધારા થઈ. હોઠનું પાપ હૈયે લાગ્યું. સાચી ભાન આવી કે ભગવાને જે કર્યું છે તે સમજી વિચારીને જ કર્યું છે. જો આંબામાં મોટી વજનદાર કેરી બનાવી હોત તો મારૂં માથું ફાટી જાત અને કમોતે મરી જાત. પછી ભગવાન ઉપર આસ્થા બેઠી કે ભગવાનના કાર્યમાં દોઢ ડહાપણ કરવા જેવું નથી. તેથી નાસ્તિક મટીને આસ્તિક થયો. હવે તો પૂજા પાઠ કરે. દેવ દર્શન કરવા જાય. સત્સંગમાં જાય અને બીજાને સત્સંગ કરાવે.

ઘણા માણસોની સમજણ અવળી હોય છે. પરંતુ જયારે જીવનમાં ઠોકર વાગે ત્યારે બરાબર ખ્યાલ આવે છે અને ખટકો રાખીને શ્રીજીનું સ્મરણ કરીને પરમાત્માને પામે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જો મોટા સંતપુરૂષોનો ઉપદેશ માનશો તો સુખી થશો.

**સાર સિધ્ધિ સુંદર ગ્રંથ છે સારોજી, સહુ શાણા મનમાં વિચારોજી**
**પ્રગટ ઉપાશીને લાગશે પ્યારોજી, દુઃખ ટળી સુખનો આવશે વારોજી,**

સ્વામી કહે છે, ''આ ગ્રંથ પ્રગટ ઉપાસકને સારો લાગશે,'' પ્રગટ ભગવાનને પામવાની હૃદયમાં ઝંખના હશે તો આ ગ્રંથ પ્યારો લાગશે, જો શાસ્ત્રમાં ભાવ થશે તો જન્મ મરણના ફેરા ટળી જશે. જગત સુખથી મન ઉતારીને જો પ્રગટ પ્રભુમાં સુખ મનાઈ જાય તો જીવ સુખીયો થઈ જાય.

આ ગ્રંથ જે વાંચશે, સાંભળશે એને પ્રભુ પ્રગટમાં ભાવ અને શ્રધ્ધા વધતી

જાશે. આ ગ્રંથમાં જગત સુખના અભાવની વાત વૈરાગ્ય દ્વારાએ મેં બહુ વર્ણવી છે. બહુ ઉંડી વાત નથી. સરળ છે ને અદ્‍ભુત છે.

શ્વાસો શ્વાસ જેમ સ્વામિનારાયણનું ચિંતન થાય, એમ કડવે કડવે સ્વામિનારાયણનું સ્મરણ કરાવે એવી આ સાર સિધ્ધિની કથા છે.

ભકિતની ધર્મની અને જ્ઞાનની ચોખ્ખે ચોખ્ખી બાબત નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં વર્ણવી છે. સ્વામી તો વૈરાગ્યની મૂર્તિ છે. સ્વામિનારાયણ ભગવાનના નામ ઉપર જેણે જીવન કુરબાન કર્યું એમણે જે શાસ્ત્રો રચ્યાં છે તે વાંચીને હ્રદય પુલકિત થઈ જાય એવું સ્વામીએ લખ્યું છે.

સ્વામી કહે છે સાર સાર શોધીને લખ્યું છે. તેથી આ ગ્રંથનું નામ સાર સિધ્ધિ રાખ્યું છે. મને જે જાણ્યામાં આવ્યું તે તપાસીને મેં તમારા આગળ કહ્યું.

**ખરા ખપવાળા ખોળતાં, માનો વાત આવી તે મળે નહિ;**
**ત્યારે તરછટ તાંદુલા, કરી દીધા છે સુંદર લહિ.**

ખરા ખપવાળા આ કથાનો તરત સ્વીકાર કરી લેશે. તૈયાર ચોખા રાંધીને તમારી આગળ પીરસી દીધા છે. તૈયાર ભોજન રાખ્યું છે.

**આ ગ્રંથ ગાશે સુંણશે, રહેશે એમાં કહ્યું એવી રીત**
**નિષ્કુળાનંદ એ નરનાં, ઉઘડશે ભાગ્ય અમિત.**

સ્વામી આશીર્વાદ આપે છે. આ ગ્રંથનો પાઠ કરશે, વાંચશે, સાંભળશે તેને કયારે પણ ત્રિવિધી તાપ નહિ નડે. આ સાર સિધ્ધિની કોઈ કથા કરાવશે તો એને કષ્ટમાંથી મુકિત મળશે અને એના જીવનમાં સુખ-સંપત્તિ બહુ જ આવશે. કારણ કે આ સાર સિધ્ધિ ગ્રંથ સર્વોપરી છે. ભાગ્યશાળી આવો લાભ લઈ શકશે.

**ભાગ્ય જાગ્યાં આજ જાણવાં, થયાં કોટી કલ્યાણ;**
**ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ...ભાગ્ય...**
**અનાથ પણાંનું મહેણું ઉતર્યું, સદા થયા સનાથ;**
**ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિ એ હાથ...ભાગ્ય...**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે આજે આપણાં બધાનાં ભાગ્ય જાગી ગયાં છે. જો ખરેખરો ભગવાનનો નિશ્ચય થઈ જાય તો અનાથ પણાનું મહેણું ઉતરી જાય.

## સદા થયા સનાથ.

અનાથ કેને કહેવાય ? જેનો કોઈ ધણી ન હોય માલિક ન હોય તેને અનાથ કહેવાય. સદા થયા સનાથ એટલે ધણીયાતા થયાં, હવે કોઈનો ડર ન રહ્યો. ધણીયાતાને બીક ન હોય. નધણીયાતાને બીક હોય. નધણીયાતાને ગ્રહ નડે, પનોતી નડે, શનિ નડે, મંગળ નડે, બધું નડે, પણ જેણે પૂર્ણપુરુષોત્તમ ભગવાનને સમર્પણ જીવન કર્યું હોય, એને કોઈ લપ નડે નહિ. એનાથી બધા ડરે. ભગવાનના થઈ જાય તેનાથી કાળ ડરે, જમદૂતો ડરે, કારણ કે એના ઉપર માલિક છે. નધણીયાતું ઢોર રખડું હોય. જેનાં તેનાં ખેતરમાં ખાઈ આવે. પછી ખેતરનો માલિક એને મારી કૂટીને ડબામાં પુરે. તેમ જે નધણીયાતા માણસો હોય, ભગવાનનું શરણું ન લીધું હોય, પૂજા પાઠ ન કરતા હોય, દેવ દર્શન કરવા ન જતા હોય, એકાદશીના દિવસે ફરાળ ન કરતા હોય, ન ખાવાનું ખાતા હોય, ન પીવાનું પીતા હોય, આજ્ઞા અને નીતિ નિયમનું કાંઈ ઠેકાણું ન હોય તે બધા માણસો નધણીયાતા કહેવાય. નધણીયાતા ઢોર છે. રખડું જનાવર છે. એને યમના દૂતો બરાબર મારી કૂટીને યમપુરીમાં પૂરીને બરાબર જેવા ધોકા લગાવે. પાપીને પાપ ભોગવવાની જે જેલ છે તેનું નામ યમપુરી છે. સ્વામી કહે છે, જે સનાથ થયા છે, જેને સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો છે, તે મહાભાગ્યશાળી છે.

**રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મ કહેશો કંગાલ;**
**નિરધનયાં તો અમે નથી, મહા મલ્યો છે માલ...ભાગ્ય જાગ્યા...**

સ્વામી કહે છે, "જેને રોમે રોમમાં સહજાનંદની મસ્તી ચડી જાય, ખુમારી ચડી જાય. આવા પરમાત્માના આશરાવાળા જીવાત્માનું કામ થઈ જાય." શી કહુ સુખની સીમાય. સ્વામી કહે છે, ''અમે કંગાલ નથી. અમને મહામોંઘો માલ મળ્યો છે. આ ફેરો અમારો સફળ થયો છે, અમને કોઈ કંગાલ કહી શકે નહિ."

આવ્યું અણચિંતવ્યું સુખ, અમને ખબર નહોતી કે મનુષ્ય લોકમાં માણસનો જન્મ મળશે, અને ભગવાન ભેળું રહેવા મળશે. આવી કાંઈ ખબર નહોતી. ભગવાનની કૃપાથી માણસનો જન્મ મળ્યો. અને સાક્ષાત્ પ્રગટ પુરુષોતમ નારાયણ મલ્યા, આવો ભાગ્યશાળી કોણ હોય !

ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખો મુખ, સ્વામીએ નિષ્ઠા ઉપર વજન આપ્યું છે. આ કથા સાંભળીને હૃદયમાં નિષ્ઠા ધારણ કરવી. ભગવાન પોતાથી છેટા છે, એમ ન સમજવું. સદાય મારી સાથે ભગવાન છે. એવી રીતે સમલગ્ન થઈને મૂર્તિ ધારીને અતિ આનંદમાં રહેવું.

**આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;**
**અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય...ભાગ્ય...**
**આજ અમૃતની એલી થઈ, રહી નહીં કાંઈ ખોટ;**
**એક કલ્યાણનું કયાં રહ્યું, થયાં કલ્યાણ કોટ...ભાગ્ય...**

સ્વામી કહે છે, ભગવાનના સ્વરૂપના આનંદમાં ખેલતા રહો. આનંદમાં રહીને ભજન કરશું તો કાંઈ ખોટ રહેવાની નથી. સ્વામિનારાયણ ભગવાન આ સત્સંગમાં સાક્ષાત્ વિચરે છે. તેના આપણે આશ્રિત છીએ, સર્વોપરી ભગવાનની ઉપાસના, એની કંઠી, એનો તિલક ચાંદલો, એની કથા, એના ભકતો સાથે એકતા, એના સંતનો સમાગમ, એનાં મંદિરો, એના આચાર્ય, એનું જ્ઞાન, એના વિચારો, અને એનાં શાસ્ત્રો, આપણને મળ્યાં છે. દુનિયામાં આપણા જેવો કોઈ મહા ભાગ્યશાળી નથી. અણચિંતવ્યું સુખ આવ્યું છે. ખબર નહોતી કે આવા ભગવાન મળશે.

**ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળ્યા મહારાજ;**
**નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ...ભાગ્ય...**

શ્રી હરિના સંબંધને પામેલી પ્રસાદીની વસ્તુના એક કકડામાં કેટલું ઐશ્વર્ય હોય છે. એ આપણે સૌ જાણીએ છીએ. તો શ્રીજી મહારાજે આપણને ભુજમાં નરનારાયણ રૂપથી પોતાનું જ સ્વરૂપ પધરાવ્યું છે, તેમાં કેટલું ઐશ્વર્ય હોય ! એ સ્વરૂપની આપણને પ્રાપ્તિ થઈ છે. આપણે એમના થઈને રહીએ. એમની આજ્ઞા પ્રમાણે ચાલીએ. સત્સંગનો ખપ રાખીને સત્સંગ કરતા રહીએ એવું સ્વામિનારાયણ ભગવાન પાસે માગતા રહેવું.

ઝાડને પાણી પાઈએ તો ઝાડ લીલુંછમ રહે છે. સત્સંગનું પણ એવું જ છે. સત્સંગ નિયમિત કરીએ તો લીલો રહે અને ભકિતનું પાણી ન પાઈએ તો સૂકાઈ જાય. જેમ રૂપિયાનો મહિમા સમજાયો છે. તો કમાવાની મજા આવે છે. તેમ કથાનો

મહિમા સમજાયો હોય તો કથા સાંભળવાની મજા આવે, શાસ્ત્ર વાંચવાની મજા આવે.

માનવી માત્રના હૃદયમાં દાવાનળરૂપી ત્રિવિધિ તાપ સળગ્યા કરે છે. તે તાપને શાંત કરવા માટે આ સાર સિધ્ધિનો ગ્રંથ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે આ સાર સિધ્ધિ ગ્રંથનું શ્રવણ, મનન અને નિત્ય અભ્યાસ કરવાથી તમામ વાસનાને ઠારીને હૈયું ટાઢું કરી નાખે છે. આત્મા નિર્મળ થાય છે. ત્યારે તેમાં પ્રભુનાં દર્શન થાય છે. આ કથા ધ્યાનથી વાંચે અથવા સાંભળે, અને મનન કરી તે પ્રમાણે વર્તે તો પ્રભુનો સાક્ષાત્કાર જરૂર થાય છે. આટલા આશીર્વાદ આપી નિષ્કુળાનંદ સ્વામી સાર સિધ્ધિના રસામૃતની અમૃતધારા શ્રીજીના ચરણમાં સમર્પિત કરે છે.

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતા સાર સિધ્ધિની અમૃતધારા સંપૂર્ણા**

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ;**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ.**

"હે ભગવાન તમે જ અમારા માતા છો, તમે જ અમારા પિતા છો, તમે જ અમારા બંધુ છો, તમે જ અમારા મિત્ર છો, તમે જ અમારી વિદ્યા છો, તમે જ અમારું ધન છો, તમે જ હે દેવોના દેવ અમારું સર્વસ્વ છો."

**કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।**
**કરોમિ યદ્ યદ્ સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥**

શરીરથી, વાણીથી, મનથી, ઈંદ્રિયોથી, બુધ્ધિથી, પ્રકૃતિના સ્વભાવથી જે કાંઈ કર્યું છે તે નારાયણના ચરણમાં સમર્પણ કરું છું.

**જીવનનું સાચું ધન શાંતિ અને આનંદ છે.**

**શ્રીસ્વામિનારાયણ ભગવાનની જય**

**શ્રીનરનારાયણદેવની જય.**

**શ્રી સારસિધ્ધિની અમૃસધારા સંપૂર્ણા.**

**સ્નેહગીતા - વચનવિધિ - સારસિદ્ધિ અમૃતધારા સમાપ્ત**